# શ્રીમદ્ ભગવદ્ ગીતા





# શ્રીમદ્ ભગવદ્ ગીતા

-: પ્રેરક :-

**વૈષ્ણવાચાર્ય શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી**

(કડી – અમદાવાદ)


-: પ્રકાશક એવમ્ પ્રાપ્તિસ્થાન :-

**ભક્તિધામ સેવા ટ્રસ્ટ**

**આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘ**

ભક્તિધામ માર્ગ, વિજયસેલ્સની પાછળ, બોપલઘુમા રોડ,
બોપલ, અમદાવાદ. Ph. : 9998887514, 9998912663

YouTube : Shri Dwarkeshlalji - International Vaishnav Sangh

: Shri Dwarkeshlalji - International Vaishnav Sangh

-: મુદ્રક :-

નિલકંઠ એન્ટરપ્રાઈઝ (હેમાંગ બી. સુખડીઆ) અમદાવાદ.





# ANTARRASHTRIYA VAISHNAV SANGH TRUST

(Reg. No. E/13091, 80 G)

Founder & President : **VAISHNAVACHARYA SHRI DWARKESHLALJI MAHODAYSHRI** (Kadi-Ahmedabad)

## પ્રસ્તાવના

**વૈષ્ણવાચાર્ય શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)**ના શુભ સંકલ્પથી **"ગ્રંથોત્સવ"** અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આપશ્રીનો સંકલ્પ છે કે વિશ્વમાં વસતા પ્રત્યેક વૈષ્ણવના ઘરે આ અલૌકિક ગ્રંથોનો વાસ થાય તે માટે વિના મૂલ્યે વૈષ્ણવોના ઘરે આ ગ્રંથો પધરાવવામાં આવે **"ઘર ઘર ગ્રંથ"** એ મંત્ર સાથે આપશ્રીએ આ વૈશ્વીક અભીયાનની શરૂઆત કરી છે.

"ગ્રંથોત્સવ"ના અભિયાન હેઠળ **"શ્રીમદ્ ભગવદ્ગીતા"** ગ્રંથ પ્રકાશીત થવા જઈ રહ્યો છે. જેમાં ભરૂચ નિવાસી પ.ભ.વૈકુંઠભાઈ ભગત દ્વારા સંકલીત આ ગ્રંથનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. વૈષ્ણવ સમાજમાં **"શ્રીમદ્ ભગવદ્ ગીતા"** પ્રત્યે જાગૃતી પ્રગટે તે હેતુ સાથે આ ગ્રંથનું વિતરણ થશે. વિશ્વને પ્રેરણા આપનારો આ ગ્રંથ સમગ્ર વૈષ્ણવી સૃષ્ટિને પણ પ્રેરીત કરશે. તેવી આશા સહ, પ્રભુને વંદન.

**આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘ**



શ્રીનાથજી



# શ્રીયમુનાજી



શ્રીમહાપ્રભુજી

## આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘ દ્વારા સંચાલીત

# ગ્રંથોત્સવ

## "ઘર ઘર ગ્રંથ"

(૧ સેટમાં ત્રણ પુસ્તક)

**ગ્રંથ વિતરણના મનોરથી બનવા**

૧ સેટ - ૪૦૦ રૂા.

૧૦૦ સેટ - ૪૦,૦૦૦ રૂા.

૧૦૦૦ સેટ - ૪,૦૦,૦૦૦ રૂા.

## અન્ય પ્રવૃત્તિ

- વિદ્યાર્થી સહાય યોજના
- ગૌ સેવા
- ભક્તિ રેડિયો દ્વારા ભક્તિ પ્રચાર
- અન્નદાન યોજના
- વસ્ત્રદાન અભિયાન
- આરોગ્ય સહાય યોજના
- ગ્રંથ પ્રકાશન

# અનુક્રમણિકા


❖ પ્રથમ અધ્યાય ............................ ૧ – ૩૩
❖ દ્વિતિય અધ્યાય ........................... ૩૪ – ૮૮
❖ તૃતિય અધ્યાય ............................ ૮૯ – ૧૧૯
❖ ચતુર્થ અધ્યાય ............................. ૧૨૦ – ૧૫૧
❖ પંચમ અધ્યાય ............................. ૧૫૨ – ૧૭૩
❖ ષષ્ઠમ અધ્યાય ............................૧૭૪ – ૨૦૯
❖ સપ્તમ અધ્યાય ............................ ૨૧૦ – ૨૩૧
❖ અષ્ટમ અધ્યાય ............................ ૨૩૨ – ૨૫૪
❖ નવમ અધ્યાય .............................. ૨૫૫ – ૨૮૧
❖ દશમ અધ્યાય .............................. ૨૮૨ – ૩૧૦
❖ એકાદશ અધ્યાય ........................... ૩૧૧ – ૩૫૭
❖ દ્વાદશ અધ્યાય ............................. ૩૫૮ – ૩૭૩
❖ ત્રયોદશ અધ્યાય ........................... ૩૭૪ – ૩૯૯
❖ ચતુર્દશ અધ્યાય ........................... ૪૦૦ – ૪૧૯
❖ પંચદશ અધ્યાય ............................ ૪૨૦ – ૪૩૬
❖ ષોડશ અધ્યાય ............................. ૪૩૭ – ૪૫૪
❖ સપ્તદશ અધ્યાય ........................... ૪૫૫ – ૪૭૪
❖ અષ્ટાદશ અધ્યાય .......................... ૪૭૫ – ૫૨૮

॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ॥ શ્રીમદ્ ભગવદ્ ગીતા ॥

॥ વિસ્તૃત વિવરણ ॥
(સંધિવિગ્રહ, શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ સહ અનુવાદ)

## પ્રથમ અધ્યાય (પહેલો અધ્યાય) - અર્જુન વિષાદ યોગ

**અથ પ્રથમોધ્યાય । અથ પ્રથમઃ અધ્યાય ।**

**ધૃતરાષ્ટ્ર ઉવાચ ।** ધૃતરાષ્ટ્રઃ + ઉવાચ । ધૃતરાષ્ટ્ર બોલ્યા

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।**
**મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥૧॥**

**સંધિવિગ્રહ : સમવેતા યુયુત્સવઃ** – સમવેતાઃ + યુયુત્સવઃ; **પાંડવાશ્ચૈવ** – પાંડવાઃ + ચ + એવ; **કિમકુર્વત** – કિમ્ + અકુર્વતઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ – સંજય** – હે સંજય; **ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે** – ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં; **યુયુત્સવઃ** – યુદ્ધ કરવાની ઈચ્છાવાળા; **સમવેતાઃ** – એકત્ર થયેલા; **મામકાઃ** – મારા; **ચ** – અને; (એવ – આ શ્લોકમાં 'એવ'નો સામાન્ય અર્થ ન કરતાં 'ચ'ના અર્થમાં

જ - સમુચ્ચય વાચકમાં - કરવાનો છે.) **પાંડવાઃ** - પાંડુના પુત્રો (પાંડવો)એ; **કિમ્** - શું; **અકુર્વત** - કર્યું;

**ભાવાર્થ :** હે સંજય ! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકત્ર થયેલા મારા અને પાંડુનાં પુત્રો (પાંડવો) એ શું કર્યું ? (૧)

**સંજય ઉવાચ          સંજયઃ + ઉવાચ          સંજય બોલ્યા**

**દૃષ્ટ્વા તુ પાણ્ડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા ।**
**આચાર્યમુપસંગમ્ય રાજા વચનમબ્રવીત્ ॥૨॥**

**સંધિવિગ્રહ : પાંડવાનીકં** - પાંડવ + અનીકં; અનીક શબ્દના એક કરતાં વધુ અર્થ થાય છે - (૧) લશ્કર, સેના (૨) યુદ્ધ, (૩) સમૂહ; (અનીકનો આ શ્લોકમાં અર્થ 'સેના' કરવાનો છે.); **દુર્યોધનસ્તદા** - દુર્યોધનઃ + તદા; **આચાર્યમુપસંગમ્ય** - આચાયમ્ + ઉપસંગમ્ય; **વચનમબ્રવીત્** - વચનમ્ + અબ્રવીત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તદા** - તે વેળા, ત્યારે; **રાજા દુર્યોધનઃ** - રાજા દુર્યોધને; **વ્યૂઢં** - વ્યૂહરચનાયુક્ત; **પાંડવ અનીકં** - પાંડવોની સેનાને; **દૃષ્ટ્વા** - જોઈને; (તુ - તો/અને); **આચાર્ય** - આચાર્ય દ્રોણાચાર્યની; **ઉપસંગમ્ય** - પાસે જઈને; (આ) **વચનમ્** - વચન; **અબ્રવીત્** - કહ્યું (આ પ્રમાણે કહ્યું);

**ભાવાર્થ :** ત્યારે રાજા દુર્યોધને પાંડવોની વ્યૂહરચના યુક્ત સેનાને જોઈને આચાર્ય દ્રોણાચાર્ય પાસે જઈને આ પ્રમાણે કહ્યું (૨)

**પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામાચાર્ય મહતીં ચમૂમ્ ।**
**વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા ॥૩॥**

**સંધિવિગ્રહ : પશ્યૈતાં** - પશ્ય + એતાં; **પાંડુપુત્રાણામાચાર્ય** - પાંડુપુત્રાણામ્ + આચાર્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આચાર્ય** - હે દ્રોણાચાર્ય; **તવ** - આપના; **ધીમતા** - બુદ્ધિમાન; **શિષ્યેણ** - શિષ્ય; **દ્રુપદપુત્રેણ** - દ્રુપદ રાજાના પુત્ર / ધૃષ્ટદ્યુમ્ન દ્વારા; **વ્યૂઢાં** - વ્યહાકારે ગોઠવાયેલી; **પાંડવાનાં** - પાંડવોની; **એતાં** - આ; **મહતીં** - મોટી / ભારે; **ચમૂં** - સેનાને; **પશ્ય** - જુઓ;

**ભાવાર્થ :** હે દ્રોણાચાર્ય ! આપના બુદ્ધિમાન શિષ્ય ધૃષ્ટદ્યુમ્ન દ્વારા ગોઠવાયેલી પાંડવોની આ મોટી સેના (આપ) જુઓ. (૩)

(પાંડવોની સેનાના મુખ્ય યોદ્ધાઓનાં નામ)

**અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ ।**
**યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુદ્ધિ** શૂરાઃ + મહેષ્વાસાઃ + ભીમાર્જુનસમાઃ + યુધિઃ (મહેષ્વાસ - મહા + ઈષ્વાસ; ઈષ્વાસના બે અર્થ થાય છે (૧) ધનુર્ધારી લડવૈયો (૨) ધનુષ્ય; (અહીં ધનુર્ધારી અર્થ લેવાનો છે.) **યુયુધાનો વિરાટશ્ચ** - યુયુધાનઃ + વિરાટઃ + ચ; **દ્રુપદશ્ચ** - દ્રુપદઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અત્ર** - અહીં (આ સૈન્યમાં); **મહેષ્વાસાઃ** - મોટા ધનુર્ધારી; **ચ** - અને; **યુધિ** - યુદ્ધમાં, **ભીમાર્જુનસમાઃ** - ભીમ અને અર્જુન જેવા; **શૂરા** - શૂરવીરો; (**ચ** - અને); **યુયુધાનઃ** - યુયુધાન (સાત્યકિ); (**ચ** - અને) **વિરાટઃ** - વિરાટ; (**ચ** - અને) **મહારથઃ દ્રુપદઃ** - મહારથી દ્રુપદ (છે);

**ભાવાર્થ :** અહીં આ સૈન્યમાં મોટા ધનુર્ધારી અને ભીમ તથા અર્જુન જેવા શૂરવીરો તથા સાત્યકિ, વિરાટ તથા મહારથી દ્રુપદ રાજા છે. (૪)

**ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્ ।**
**પુરુજિત્કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુઙ્ગવઃ ।।૫।।**

**સંધિવિગ્રહ : ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ** - ધૃષ્ટકેતુઃ + ચેકિતાનઃ; **કાશિરાજશ્ચ** - કાશિરાજઃ + ચ; **પુરુજિત્કુંતિભોજશ્ચ** - પુરુજિત્ + કુંતિભોજઃ + ચ; **શૈબ્યશ્ચ** - શૈબ્યઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ધૃષ્ટકેતુઃ** - ધૃષ્ટકેતુ; **ચેકિતાનઃ** - ચેકિતાન; **ચ** - અને; **વીર્યવાન્** - બળવાન; **કાશિરાજઃ** - કાશિરાજ; **પુરુજિત્** - પુરુજિત; **ચ** - અને; **કુંતિભોજઃ** - કુંતિભોજ; **ચ** - અને; **નરપુંગવઃ** - મનુષ્યોમાં શ્રેષ્ઠ (એવા); **શૈબ્યઃ** - શૈબ્ય (છે); (આ બધા નામ જે તે યોદ્ધાઓનાં છે)

**ભાવાર્થ :** ધૃષ્ટકેતુ, ચેકિતાન, બળવાન કાશિરાજ, પુરુજિત, કુંતિભોજ અને મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા શૈબ્ય (જેવા

યોદ્ધાઓ છે) (૫)

**યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।**
**સૌભદ્રૌ દ્રાપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ ॥૬॥**

**સંધિવિગ્રહ : યુધામન્યુશ્ચ** - યુધામન્યુઃ + ચ; **વિક્રાંત ઉત્તમૌજાશ્ચ** - વિક્રાંતઃ + ઉત્તમૌજાઃ + ચ; (**ઉત્તમૌજ** - ઉત્તમ + ઓજ; **ઓજ** - પરાક્રમ); **સૌભદ્રા દ્રૌપદેયાશ્ચ** - સૌભદ્રઃ + દ્રૌપદેયાઃ - ચ; **સર્વ એવ** - સર્વે + એવ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : વિક્રાંત** - પરાક્રમી; **યુધામન્યુઃ** - યુધામન્યુ; **ચ** - અને; **વીર્યવાન્** - બળવાન; **ઉત્તમૌજાઃ** - પરમ તેજસ્વી; **સૌભદ્રઃ** - સુભદ્રનો પુત્ર - (અભિમન્યુ); **ચ** - અને; **દ્રૌપદેયાઃ** - દ્રૌપદીના (પાંચ) પુત્રો; (આ) **સર્વે એવ** - આ બધા જ; **મહારથાઃ** - મહારથીઓ છે;

**ભાવાર્થ :** પરાક્રમી યુધામન્યુ અને પરાક્રમી (બળવાન) અને પરમ તેજસ્વી અભિમન્યુ (સુભદ્રાનો પુત્ર) તથા દ્રૌપદીના (પાંચ) પુત્રો - આ બધા જ મહારથીઓ છે. (૬)

**અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ ।**
**નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે ॥૭॥**

**સંધિવિગ્રહ : વિશિષ્ટા યે** - વિશિષ્ટાઃ + યે; **તાન્નિબોધ** - તાન્ + નિબોધ; (દ્વિજોત્તમ - દ્વિજ + ઉત્તમ); **નાયકા મમ**

- નાયકાઃ + મમ; **તાન્બ્રવીમિ** - તાન્ + બ્રવીમિ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : દ્વિજોત્તમ** - દ્વિજો (બ્રાહ્મણો)માં ઉત્તમ (દ્રોણાચાર્ય); **અસ્માકં** - આપણા (પક્ષે); **તુ** - તો; **યે** - જે; **વિશિષ્ટાઃ** - મુખ્ય (છે); **તાન્** - તેમને; **નિબોધ** - (આપ) જાણી લો; **તે** - આપની; **સંજ્ઞાર્થ** - જાણકારી માટે; **મમ સૈન્યસ્ય** - મારી સેનાના; **નાયકાઃ** - (જે) સેનાપતિઓ છે; **તાન્** - તેમને (તેમનાં નામ); (આપને); **બ્રવીમિ** - કહું છું;

**ભાવાર્થ :** હે બ્રાહ્મણોમાં ઉત્તમ દ્રોણાચાર્ય ! આપણા પક્ષે જે મુખ્ય છે તેમને આપ જાણી લો; તે આપની જાણકારી માટે છે, મારી સેનાના જે સેનાપતિઓ છે તેમનાં નામ આપને કહું છું. (૭)

**ભવાન્ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ ।**
**અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ ॥૮॥**

**સંધિવિગ્રહ : ભવાન્ભીષ્મશ્ચ** - ભવાન્ + ભીષ્મઃ + ચ; **કર્ણશ્ચ** - કર્ણઃ + ચ; **કૃપશ્ચ** - કૃપઃ + ચ; **વિકર્ણશ્ચ** - વિકર્ણઃ + ચ; **સૌમદત્તિસ્તથૈવ** - સૌમદત્તિઃ + તથા + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભવાન્** - આપ (દ્રોણાચાર્ય); **ભીષ્મ** - ભીષ્મ પિતામહ; **કર્ણઃ** - કર્ણ; **ચ** - અને; **સમિતિઞ્જયઃ** - યુદ્ધમાં વિજયી; **કૃપઃ** - કૃપાચાર્ય; **તથા એવ** - તેમજ; **અશ્વત્થામા વિકર્ણઃ** - અશ્વત્થામા અને વિકર્ણ; (અને) **સૌમદત્તિઃ** - સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા;

**ભાવાર્થ :** આપ દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, કર્ણ અને યુદ્ધમાં વિજયી કૃપાચાર્ય તેમજ અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા છે. (૮)

**અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।**
**નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ ॥૯॥**

**સંધિવિગ્રહ : શૂરા મદર્થે** - શૂરાઃ + મદર્થે; (મદર્થે - મત્ + અર્થે);

**શબ્દાર્થ, અન્વયાર્થ : (ચ** - અને) **અન્યે** - બીજા; **ચ** - અહીં 'ચ'નો અર્થ 'પણ' કરવાનો છે; **મદર્થે** - મારા માટે (મારે ખાતર); **ત્યક્તજીવિતાઃ** - જીવન બલિદાન (કુરબાન) કરવા તત્પર; **બહવઃ શૂરાઃ** - ઘણા યે શૂરવીરો - જે શૂરવીરો; **નાનાશસ્ત્રપ્રહરણાઃ** - અનેક પ્રકારના શસ્ત્રોથી સુસજ્જ; **સર્વે** - બધા યે; **યુદ્ધવિશારદાઃ** - યુદ્ધમાં પ્રવીણ છે;

**ભાવાર્થ :** અને બીજા પણ મારે ખાતર પોતાનાં જીવન બલિદાન આપવા તત્પર એવા ઘણાયે શૂરવીરો અનેક પ્રકારનાં શસ્ત્રોથી સુસજ્જ છે તેમ જ બધા યે યુદ્ધમાં પ્રવીણ છે. (૯)

**અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્ ।**
**પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : તદસ્માકં** - તત્ + અસ્માકં; (ભીષ્માભિરક્ષિતં - ભીષ્મ + અભિરક્ષિતં); **ત્વિદમેતેષાં** - તુ + ઇદમ્ + એતેષાં;

(**ભીમાભિરક્ષિતં** - ભીમ + અભિરક્ષિતમ્)

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભીષ્માભિરક્ષિતં** - ભીષ્મ પિતામહ દ્વારા રક્ષિત; **અસ્માકં** - અમારી / આપણી; **તત્** - તે; **બલં** - સેના; **અપર્યાપ્તં** - અમાર્યાદિત (અપાર) છે; **તુ** - તો (જ્યારે); **ભીમાભિરક્ષિતં** - ભીમ દ્વારા રક્ષિત; **એતેષાં** - આમની (પાંડવોની); **ઈદં** - આ; **બલં** - સેના; **પર્યાપ્તં** - (મર્યાદિત) જીતવામાં સુગમ છે.

**ભાવાર્થ :** ભીષ્મપિતામહ દ્વારા રક્ષિત આપણી સેના અમર્યાદિત છે, જ્યારે ભીમ દ્વારા રક્ષાયેલી આમની (પાંડવોની) આ સેના મર્યાદિત અથવા તો જીતવામાં સુગમ છે. (૧૦)

**અયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ ।**
**ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : યથાભાગમવસ્થિતાઃ** - યથાભાગં + અવસ્થિતાઃ; **ભીષ્મમેવાભિરક્ષન્તુ** - ભીષ્મમ્ + એવ + અભિરક્ષન્તુ; **સર્વ એવ** - સર્વે + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી) **સર્વેષુ** - સર્વ; **અયનેષુ** - મોરચાઓ પર; **યથાભાગં** - (પોતાના) સ્થાન (મોરચા) પર; **અવસ્થિતાઃ** - રહેલા; **ભવન્તઃ** - આપ; **સર્વે એવ** - સર્વે જ; **હિ** - નિઃશંક; **ભીષ્મં** - ભીષ્મ પિતામહનું; **એવ** - જ, પણ; **અભિરક્ષન્તુ** - સર્વ તરફથી રક્ષણ કરો.

**ભાવાર્થ :** તેથી બધા ય મોરચાઓ પર પોતપોતાના સ્થાન (મોરચા) પર રહેલા આપ સર્વે નિ:શંક ભીષ્મ પિતામહનું જ (પણ) સર્વ તરફથી રક્ષણ કરો. (૧૧)

**તસ્ય સંજનયન્હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।**
**સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શંખં દધ્મૌ પ્રતાપવાન્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : સંજન્યહર્ષં** - સંજયન્ + હર્ષં; **વિનદ્યોચ્ચૈ** - વિનદ્ય + ઉચ્ચૈઃ (**ધ્મા** (ધાતુ)નો અર્થ ફૂંકવું - વગાડવું; **દધ્મૌ** - વગાડ્યો)

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુરુવૃદ્ધઃ** - કૌરવોમાં વૃદ્ધ (એવા); **પ્રતાપવાન્** - ખૂબ પ્રભાવશાળી; **પિતામહઃ** - ભીષ્મ પિતામહે; **તસ્ય** - તેનાં (દુર્યોધનનાં) (હૃદયમાં) **હર્ષં** - હર્ષ; **સંજનયન્** - ઉત્પન્ન કરતા; **ઉચ્ચૈઃ** - ઉચ્ચ સ્વરોથી; **સિંહનાદં** - સિંહની ગર્જના (ત્રાડ) સમાન; **વિનદ્ય** - ગર્જના કરીને; (**નદ્** - ગર્જના કરવી); **શંખં દધ્મૌ** - શંખ વગાડવો;

**ભાવાર્થ :** (પછી) કૌરવોમાં વૃદ્ધ એવા ખૂબ જ પ્રભાવશાળી ભીષ્મ પિતામહે દુર્યોધનનાં હૃદયમાં હર્ષ ઉત્પન્ન કરતા ઉચ્ચ સ્વરોથી સિંહની ત્રાડ સમાન ગર્જના કરીને શંખ વગાડ્યો. (૧૨)

**તતઃ શઙ્ખાશ્ચ ભેર્યશ્ચ પણવાનકગોમુખાઃ ।**
**સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોડભવત્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : શંખાશ્ચ** - શંખાઃ + ચ; **ભેર્યશ્ચ** - ભેર્યઃ

+ ચ; **સહસૈવાભ્યહન્યન્ત** - સહસા + એવ + અભ્યહન્યન્ત; **સ શબ્દસ્તુમુલોઽભવત્** - સઃ + શબ્દઃ + તુમુલઃ + અભવત્; (**પણવાનક** - પણવ + આનક);

**શબ્દાર્થ, અન્વયાર્થ : તતઃ** - ત્યાર પછી; **શંખાઃ** - શંખ; **ભેર્યઃ** - નગારા (નોબત); **ચ** - તથા; **પણવ** - નાનું ઢોલ / પડઘમ; **આનક** - ગૌમુખી નગારું / રણશિંગુ; **સહસા** - તરત જ, (અહીં સહસાનો અર્થ 'એક સાથે' કરવો) **એવ** - જ; **અભ્યહન્યન્ત** - વાગવા માંડ્યા; **સઃ શબ્દ** - તે (જે) અવાજ; **તુમુલઃ** - ભયંકર; **અભવત્** - થયો;

**ભાવાર્થ :** ત્યાર પછી શંખ, નોબત, પડઘમ, મૃદંગ તથા રણશિંગા એકાએક સાથે જ વાગવા માંડ્યા જેનો અવાજ ખૂબ જ ભયંકર થયો. (૧૩)

**તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।**
**માધવઃ પાણ્ડવશ્ચૈવ દિવ્યૌ શઙ્ખૌ પ્રદધ્મતુઃ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : શ્વેતૈર્હયૈર્યુક્તે** - શ્વૈતૈઃ + હયૈઃ + યુક્તે; **પાંડવશ્ચૈવ** - પાંડવઃ + ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તતઃ** - પછી; **શ્વેતૈઃ હયૈઃ** - સફેદ ઘોડાઓ; **યુક્તે** - (યુક્ત)વાળા; **મહતિ** - ઉત્તમ; **સ્યંદને** - રથમાં; **સ્થિતૌ** - રહેલા (બેઠેલા); **માધવઃ** - શ્રીકૃષ્ણે; **ચ** - અને; **પાંડવઃ** - અર્જુને; **એવ** - પણ; **દિવ્યૌ** - દિવ્ય (અલૌકિક); **શંખૌ** -

શંખ; **પ્રદધ્મતુઃ** - વગાડ્યા;

**ભાવાર્થ :** ત્યાર પછી સફેદ ઘોડાઓવાળા ઉત્તમ રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને પણ દિવ્ય શંખો વગાડ્યા. (૧૪)

**પાઞ્ચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનઞ્જયઃ ।**
**પૌણ્ડ્રં દધ્મૌ મહાશઙ્ખં ભીમકર્મા વૃકોદરઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : હૃષીકેશો દેવદત્તં** - હૃષીકેશઃ + દેવદત્તં; (**હૃષીકેશ** - હૃષીક + ઈશ; **હૃષીક** - ઈન્દ્રિય; **ઈશ** - સ્વામી); (**વૃકોદર** - વૃક + ઉદર)

**શબ્દાર્થ, અન્વયાર્થ : હૃષીકેશઃ** - શ્રીકૃષ્ણે; **પાંચજન્યં** - પાંચજન્ય નામનો; (તથા) **ધનંજયઃ** - અર્જુને; **દેવદત્તં** - દેવદત્ત નામનો (તથા) **ભીમકર્મા** - ભયાનક કર્મવાળા; **વૃકોદરઃ** - ભીમે; **પૌંડ્રં** - પૌંડ્ર નામનો; **મહાશંખં** - મોટો શંખ; **દધ્મૌ** - વગાડ્યો;

**ભાવાર્થ :** શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો, અર્જુને દેવદત્ત નામનો તથા ભયાનક કર્મવાળા ભીમે પૌંડ્ર નામનો મોટો શંખ વગાડ્યો. (૧૫)

**અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ ।**
**નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ** - કુંતીપુત્રઃ + યુધિષ્ઠિરઃ; **સહદેવશ્ચ** - સહદેવઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુંતીપુત્રઃ** - કુંતીના પુત્ર; **રાજા** - રાજા; **યુધિષ્ઠિરઃ** - યુધિષ્ઠિરે; **અનંતવિજયં** - અનંતવિજય નામનો શંખ; **ચ** - તથા; **નકુલઃ** - નકુલ; **ચ** - અને; **સહદેવઃ** - સહદેવે; **સુઘોષમણિપુષ્પકૌ** - સુઘોષ અને મણિપુષ્પક નામના (શંખ વગાડ્યા);

**ભાવાર્થ :** કુંતીના પુત્ર રાજા યુધિષ્ઠિરે અનંતવિજય નામનો તથા નકુલ અને સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા. (૧૬)

**કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથઃ ।**
**ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ ॥૧૭॥**

**દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે ।**
**સૌભદ્રશ્ચ મહાબાહુઃ શઙ્ખાન્દધ્મુઃ પૃથક્ પૃથક્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : કાશ્યશ્ચ** - કાશ્યઃ + ચ; **પરમેષ્વાસઃ** - પરમ + ઈષ્વાસ; **ઈષ્વાસ** - ધનુર્ધારી; **ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ** - ધૃષ્ટદ્યુમ્નઃ + વિરાટઃ + ચ; **સાત્યકિશ્ચપરાજિતઃ** - સાત્યકિઃ + ચ + અપરાજિતઃ; **દ્રુપદો દ્રૌપદેયાશ્ચ** - દ્રુપદઃ + દ્રૌપદેયાઃ + ચ; **સૌભદ્રશ્ચ** - સોભદ્રઃ + ચ; **શંખાન્દધ્મુઃ** - શંખાન્ + દધ્મુઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરમેષ્વાસઃ** - શ્રેષ્ઠ ધનુર્ધારી; **કાશ્યઃ** - કાશિરાજ; **ચ** - અને; **મહારથઃ** - મહારથી; **શિખંડી** -

શિખંડી; **ચ** - અને; **ધૃષ્ટદ્યુમ્નઃ** - ધૃષ્ટદ્યુમ્ન; **ચ** - અને; **વિરાટઃ** - વિરાટ રાજા; **ચ** - અને; **અપરાજિતઃ** - અજેય (જીતી ન શકાય તેવો); **સાત્યકિઃ** - સાત્યકિ; **દ્રુપદઃ** - દ્રુપદ રાજા; **દ્રૌપદેયાઃ** - દ્રૌપદીના (પાંચ) પુત્રો; **ચ** - અને; **મહાબાહુઃ** - વિશાળ ભૂજા (હાથ) વાળો; **સૌભદ્રઃ** - સુભદ્રાનો પુત્ર અભિમન્યુ; **પૃથિવીપતે** - હે રાજન !; **સર્વશઃ** - સર્વ બાજુએથી; **પૃથક્ પૃથક્** - અલગ અલગ; **શંખાન્** - શંખો; **દધ્મુઃ** - વગાડ્યા;

**ભાવાર્થ :** શ્રેષ્ઠ ધનુર્ધારી કાશિરાજ, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ રાજા, અજેય સાત્યકિ, દ્રુપદ રાજા, દ્રૌપદીના પાંચ પુત્રો અને વિશાળ ભૂજાઓવાળો સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, હે રાજન ! સર્વ બાજુએથી આ બધાએ શંખો વગાડ્યા. (૧૭, ૧૮)

**સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્ ।**
**નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં** - સઃ + ઘોષઃ + ધાર્તરાષ્ટ્રાણામ્; **નભશ્ચ** - નભઃ + ચ; **ચૈવ** - ચ + એવ; **તુમુલો વ્યનુનાદયન્** - તુમુલઃ + વ્યનુનાદયન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - તથા; **સઃ** - તે; **તુમુલઃ** - ભયંકર; **ઘોષઃ** - અવાજે; **નભઃ** - આકાશ; **ચ** - તેમજ; **પૃથિવીં** - પૃથ્વીને; **એવ** - પણ; **વ્યનુનાદયન્** - ગુંજાવતાં (ગુંજારવ કરાવતાં);

**ધાર્તરાષ્ટ્રાણાં** - ધાર્તરાષ્ટ્રૌ - (કૌરવો) નાં; **હૃદયાનિ** - હૃદયોને; **વ્યદારયત્** - ચિરાવ્યાં;

**ભાવાર્થ :** તથા તે ભયંકર અવાજે જે આકાશ તેમજ પૃથ્વીને પણ ગુંજાવતાં કૌરવોનાં હૃદયોને ચિરાવ્યાં. (૧૯)

**અથ વ્યવસ્થિતાન્દષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ।**
**પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ ॥૨૦॥**
**હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।**

**સંધિવિગ્રહ : વ્યવસ્થિતાન્દષ્ટ્વા** - વ્યવસ્થિતાન્ + દષ્ટ્વા; **ધાર્તરાષ્ટ્રાન્કપિધ્વજઃ** - ધાર્તરાષ્ટ્રાન્ + કપિધ્વજઃ; **ધનુરુદ્યમ્ય** - ધનુઃ + ઉદ્યમ્ય; **વાક્યમિદમાહ** - વાક્યમ્ + ઈદમ્ + આહ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહીપતે** - હે રાજા !; **અથ** - ત્યારપછી; **કપિધ્વજઃ** - (કપિ / હનુમાન) કપિધ્વજ; **પાંડવઃ** - અર્જુને; **વ્યવસ્થિતાન્** - (મોરચો જમાવીને) ગોઠવાયેલા; **ધાર્તરાષ્ટ્રાન્** - કૌરવોને; **દષ્ટ્વા** - જોઈને, **તદા** - ત્યારે; **શસ્ત્રસંપાતે** - શસ્ત્રો ચલાવવાની તૈયારીના; **પ્રવૃત્તે** - સમયે; **ધનુઃ** - ધનુષ્યઃ; **ઉદ્યમ્ય** - ઊઠાવીને; **હૃષીકેશં** - શ્રીકૃષ્ણને; **ઈદ્ વાક્યં** - આ વચન; **આહ** - કહ્યું (આ પ્રમાણે કહ્યું);

**ભાવાર્થ :** હે રાજા ! ત્યાર પછી કપિધ્વજ અર્જુને મોરચો જમાવીને ગોઠવાયેલા કૌરવોને જોઈને (ત્યારે) હૃષીકેશ શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું (૨૦ ૧/૨).

**અર્જુન ઉવાચ** ।અર્જુનઃ + ઉવાચ। અર્જુન બોલ્યા।

**સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત ॥૨૧॥**

**સંધિવિગ્રહ : સેનયોરુભયોર્મધ્યે** - સેનયોઃ + ઉભયોઃ + મધ્યે; **મેઽચ્યુત** - મે + અચ્યુત;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અચ્યુત** - હે અચ્યુત (કૃષ્ણ); **મે** - મારા; **રથં** - રથને; **ઉભયોઃ સેનયોઃ** - બન્ને સેનાઓની; **મધ્યે** - વચમાં; **સ્થાપય** - ઊભો કરોજી (ગોઠવોજી);

**ભાવાર્થ :** હે અચ્યુત (કૃષ્ણ) ! મારા રથને આપ બન્ને સેનાઓની વચમાં ઊભો રાખોજી. (૨૧)

**યાવદેતાન્નિરીક્ષેઽહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।**
**કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્ રણસમુદ્યમે ॥૨૨॥**

**સંધિવિગ્રહ : યાવદેતાન્નિરીક્ષેઽહં** - યાવત્ + એતાન્ + નિરીક્ષે + અહં; **યોદ્ધુકામાનવસ્થિતાન્** - યોદ્ધુકામાન્ + અવસ્થિતાન્; કૈર્મયા - કૈઃ + મયા; **યોદ્ધવ્યમસ્મિન્નણસમુદ્યમે** - યોદ્ધવ્યમ્ + અસ્મિન્ + રણસમુદ્યમે;

**શબ્દાર્થ : યાવત્** - જ્યાં સુધી (ત્યાં સુધી) (તો); **અહં** - હું; **અવસ્થિતાન્** - (રણ મેદાનમાં) (મોરચે) ગોઠવાયેલા; **યોદ્ધુકામાન્** - યુદ્ધ કરવાની ઈચ્છાવાળા; **એતાન્** - આ (પ્રતિપક્ષના યોદ્ધાઓને); **નિરીક્ષે** - સારી પેઠે જોઈ લઉં;

**અસ્મિન્** - આ; **રણસમુદ્યમે** - યુદ્ધરૂપી પ્રવૃત્તિમાં; **મયા** - મારે; **કૈઃ સહ** - કોની કોની સાથે; **યોદ્ધવ્યં** - યુદ્ધ કરવું યોગ્ય છે;

**ભાવાર્થ :** ત્યાં સુધી હું રણભૂમિમાં મોરચે ગોઠવાયેલા યુદ્ધ કરવાની ઈચ્છાવાળા આ (પ્રતિપક્ષના યોદ્ધાઓને) સારી પેઠે જોઈ લઉં; આ યુદ્ધરૂપી પ્રવૃત્તિમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવું યોગ્ય છે. (૨૨)

**યોત્સ્યમાનાનવેક્ષેઽહં ય એતેઽત્ર સમાગતાઃ ।**
**ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : યોત્સ્યમાનાનવેક્ષેઽહં** - યોત્સ્યમાનાન્ + અવેક્ષે + અહં; **ય એતેઽત્ર** - યઃ + એતે + અત્રઃ; **દુર્બુદ્ધેર્યુદ્ધે** - દુર્બુદ્ધેઃ + યુદ્ધે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દુર્બુદ્ધેઃ ધાર્તરાષ્ટ્રસ્ય** - દુર્બુદ્ધિવાળા દુર્યોધનનું; **યુદ્ધે** - યુદ્ધમાં; **પ્રિયચિકીર્ષવઃ** - હિત ચાહનારા; **યે** - જે જે; **એતે** - આ (રાજા/લોકો); **અત્ર** - આ (સેનામાં); **સમાગતાઃ** - આવ્યા છે; (તે) **યોત્સ્યમાનાન્** - યુદ્ધ કરનારાઓને; **અહં** - હું; **અવેક્ષે** - જોઉં;

**ભાવાર્થ :** દુર્બુદ્ધિવાળા દુર્યોધનનું યુદ્ધમાં હિત ચાહનારા જે જે આ રાજા / લોકો આ સેનામાં આવ્યા છે તે યુદ્ધ કરનારાઓને હું જોઉં. (૨૩)

**સંજય ઉવાચ ।** સંજયઃ ઉવાચ । સંજય બોલ્યા ।

**એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।**
**સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન** – એવમ્ + ઉક્તઃ + હૃષીકેશઃ + ગુડાકેશેન; **સેનયોરુભયોર્મધ્યે** – સેનયોઃ + ઉભયોઃ + મધ્યે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** – હે ધૃતરાષ્ટ્ર !; **ગુડાકેશેન** – અર્જુન દ્વારા; **એવં** – આ પ્રમાણે; **ઉક્તઃ હૃષીકેશઃ** – કહેવાયેલા શ્રીકૃષ્ણે; **ઉભયોઃ** – બન્ને; **સેનયોઃ** – સેનાઓની; **મધ્યે** – વચમાં; **રથોત્તમં** – ઉત્તમ રથને; **સ્થાપયિત્વા** – ઊભો કરીને; (૨૫મો શ્લોક સાથે લેવાનો)

**ભાવાર્થ :** હે ધૃતરાષ્ટ્ર ! અર્જુન દ્વારા આ પ્રમાણે કહેવાતાં શ્રીકૃષ્ણે બન્ને સેનાઓની વચમાં ઉત્તમ રથને ઊભો કર્યો. (૨૪)

**ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતમ્ ।**
**ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરુનિતિ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : પશ્યૈતાન્સમવેતાન્કુરુનિતિ** – પશ્ય + એતાન્ + સમવેતાન્ + કુરૂન્ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભીષ્મદ્રોણપ્રમુખતઃ** – ભીષ્મ અને દ્રોણની સામે; **ચ** – તથા; **સર્વેષાં** – સર્વ; **મહીક્ષિતાં** –

રાજાઓની સામે ઉત્તમ રથ ઊભો (કરીને); **ઈતિ** - આમ; **ઉવાચ** - કહ્યું (કે); **પાર્થ** - હે પાર્થ: **સમવેતાન્** - એકત્ર થયેલા; **એતાન્** - આ; **કુરુન્** - કૌરવોને; **પશ્ય** - (તું) જો;

**ભાવાર્થ :** ભીષ્મ અને દ્રોણની તથા સર્વ રાજાઓની સામે ઉત્તમ રથ ઊભો કરીને આમ કહ્યું કે હે પાર્થ (અર્જુન) ! એકત્ર થયેલા આ કૌરવોને તું જો. (૨૫)

**તત્રાપશ્યત્સ્થિતાન્પાર્થઃ પિતૃનથ પિતામહાન્ ।**
**આચાર્યાન્માતુલાન્ભાતૃન્પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા॥ ૨૬॥**
**શ્વશુરાન્સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।**

**સંધિવિગ્રહ : તત્રાપશ્યત્સ્થિતાન્પાર્થઃ** - તત્ર + અપશ્યત્ + સ્થિતાન્ + પાર્થ; **પિતૃનથ** - પિતૃન્ + અથ; **આચાર્યાન્માતુલાન્ભ્રાતૃન્પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા** - આચાર્યન્ + માતુલાન્ + ભાતૃન્ + પુત્રાન્ + પૌત્રાન્ + સખીન્ + તથા; **શ્વશુરાન્સુહૃદશ્ચૈવ** - શ્વસુરાન્ + સુહૃદઃ + ચ + એવ; **સેનયોરુભયોરપિ** - સેનયો + ઉભયો + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથ** - ત્યાર પછી; **પાર્થઃ** - પૃથાના પુત્ર અર્જુને; **તત્ર** - ત્યાં; (તે) **ઉભયોઃ એવ** - બન્ને જ સેનાઓમાં; **સ્થિતાન્** - ઊભેલા (આવેલા); **પિતૃન્** - મોટા કાકાઓને; **પિતતામહાન્** - દાદાઓને, પરદાદાઓને; **આચાર્યાન્** - ગુરુઓને; **માતુલાન્** - મામાઓને; **ભ્રાતૃન્** - ભાઈઓને;

**પુત્રાન્** - પુત્રો; (અને) **પૌત્રાન્** - પૌત્રોને, **તથા** - તેમ જ; **સખીન્** - સખાઓને; **શ્વશુરાન્** - સસરાઓને; **ચ** - અને; **સુહૃદઃ** - મિત્ર સખાઓને; **અપિ** - પણ; **અપશયત્** - જોયા;

**ભાવાર્થ :** ત્યાર પછી અર્જુને ત્યાં તે બન્ને સેનાઓમાં ઊભેલા (આવેલા) મોટા કાકાઓ, દાદા પરદાદાઓ, ગુરુઓ, મામાઓ, ભાઈઓ, પુત્રો અને પૌત્રો તેમજ મિત્રો, સસરાઓ અને મિત્ર-સખાઓને પણ જોયા. (૨૬)

**તાન્સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્બન્ધૂનવસ્થિતાન્ ॥૨૭॥**
**કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।**

**સંધિવિગ્રહ : તાન્સમીક્ષ્ય** - તાન્ + સમીક્ષ્ય; **સર્વાન્બન્ધૂનવસ્થિતાન્** - સર્વાન્ + બંધૂન્ + અવસ્થિતાન્; **પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્** - પરયા + આવિષ્ટઃ + વિષીદન્ + ઈદમ્ + અબ્રવીત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તાન્** - તે; **અવિસ્થતાન્** - ઉપસ્થિત (હાજર); **સર્વાન્** - તમામ; **બંધૂન્** - ભાઈઓ (બાંધવો)ને; **સમીક્ષ્ય** - જોઈને, **સઃ કૌંતેયઃ** - તે કુંતાનો પુત્ર અર્જુન; **પરયા** - ખૂબ જ; **કૃપયા** - કરુણાથી, **આવિષ્ટઃ** - યુક્ત થઈને; **વિષીદન્** - વિષાદ કરતો (વિષાદ - શોક); **ઈદમ્** - આ (વાક્ય) (આ પ્રમાણે); **અબ્રવીત્** - બોલ્યો;

**ભાવાર્થ :** (ત્યાં) તે હાજર રહેલા તમામ બાંધવોને

જોઈને તે કુંતાનો પુત્ર અર્જુન ખૂબ જ કરુણાયુક્ત થઈને શોક કરતો આ (વચન) બોલ્યો. (૨૭)

**અર્જુન ઉવાચ** ।અર્જુનઃ + ઉવાચ ।   અર્જુન બોલ્યા ।

**દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥૨૮॥**
**સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।**
**વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥૨૯॥**

**સંધિવિગ્રહ : દૃષ્ટ્વેમં** - દૃષ્ટ્વા + ઈમં; **વેપથુશ્ચ** - વેપથુઃ + ચ; **રોમહર્ષશ્ચ** - રોમહર્ષઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ !; **સમુપસ્થિતં** - એકત્ર થયેલા; **યુયુત્સું** - યુદ્ધ કરવાની ઈચ્છાવાળા; **ઈમં** - આ; **સ્વજનં** - સ્વજન (સ્વજનોના સમૂહને); **દૃષ્ટ્વા** - જોઈને, **મમ ગાત્રાણિ** - મારા શરીનાં ગાત્રો (અંગો); **સીદન્તિ** - શિથિલ થઈ રહ્યાં છે; **ચ** - અને; **મુખં પરિશુષ્યતિ** - મોં સૂકાવા માંડ્યું છે. (મોમાં શોષ પડે છે); **ચ** - અને; **મે શરીરે** - મારા શરીરમાં; **વેપથુઃ** - કંપ (કાંપવું); **ચ** - અને; **રોમહર્ષઃ જાયતે** - રોમાંચ ખડાં થઈ રહ્યાં છે;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! એકત્ર થયેલા, યુદ્ધ કરવાની ઈચ્છાવાળા આ સ્વજનોના સમૂહને જોઈને મારા શરીરનાં ગાત્રો શિથિલ થઈ રહ્યાં છે અને મોંમાં શોષ પડે છે; અને મારું શરીર કાંપવા માંડ્યું છે તથા રોમાંચ ખડાં થઈ રહ્યાં છે. (૨૮, ૨૯)

**ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે ।**
**ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : હસ્તાત્ત્વકચૈવ** - હસ્તાત્ + ત્વક્ + ચ + એવ; **શક્નોમ્યવસ્થાતું** - શક્નોમિ + અવસ્થાતું; **ભ્રમતીવ** - ભ્રમતિ + ઈવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ) **હસ્તાત્** - હાથમાંથી; **ગાંડીવં** - ગાંડીવ ધનુષ્ય; **સ્રંસતે** - પડી રહ્યું છે; **ચ** - અને; **ત્વક્** - ત્વચા (ચામડી); **પરિદહ્યતે** - ખૂબ જ બળી રહી છે; **ચ** - અને; **મે મનઃ** - મારું મન; **ભ્રમતિ ઈવ** - જાણે કે ભ્રમિત થઈ રહ્યું છે (ભમી રહ્યું છે); (તેથી) **ચ** - પણ; **અવસ્થાતું** - ઊભા રહેવાની પણ; **ન શકનોમિ** - શક્તિ નથી;

**ભાવાર્થ :** તેમજ હાથમાંથી ગાંડીવ સરી રહ્યું છે અને ચામડી ખૂબ જ બળી રહી છે અને મારું મન ભમવા માંડ્યું છે, તેથી પણ મારામાં ઊભા રહેવાની પણ શક્તિ નથી. (૩૦)

**નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।**
**ન ચ શ્રેયોડનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥૩૧॥**

**સંધિવિગ્રહ : શ્રેયોડનુપશ્યામિ** - શ્રેયઃ + અનુપશ્યામિ; **સ્વજનમાહવે** - સ્વજનં + આહવે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કેશવ** - હે કેશવ (કૃષ્ણ); **નિમિત્તાનિ** - ભવિષ્યસૂચક લક્ષણો; **ચ** - પણ; **વિપરીતાનિ** - વિપરીત

(ઊલટાં) **પશ્યામિ** - જોઈ રહ્યો છું (તેમ જ) **આહવે** - યુદ્ધમાં; **સ્વજનં** - સ્વજનોના સમુદાયને; **હત્વા** - મારીને; **શ્રેયઃ** - કલ્યાણ; **ચ** - પણ; **ન અનુપશ્યામિ** - જોતો નથી;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! (હું) ભવિષ્યસૂચક લક્ષણો પણ ઊલટાં જોઈ રહ્યો છું; તેમ જ યુદ્ધમાં સ્વજનોના સમુદાયને મારીને કલ્યાણ પણ જોતો નથી. (૩૧)

**ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।**
**કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥૩૨॥**

**સંધિવિગ્રહ : નો રાજ્યેન** - નઃ + રાજ્યેન; **ભોગૈર્જીવિતેન** - ભોગૈઃ + જીવિતેન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ; (હું) **વિજયં ન કાંક્ષે** - ન તો વિજયની આકાંક્ષા રાખું છું; **ચ** - તેમજ; **ન રાજ્યં ચ સુખાનિ** - રાજ્ય અને સુખોની પણ (આકાંક્ષા રાખતો નથી); **ગોવિંદ** - હે ગોવિંદ; **નઃ** - અમારે; **રાજ્યેન** - (આવા) રાજ્યથી; **કિં** - શું પ્રયોજન; **વા** - અથવા (આવા); **ભોગૈઃ** - ભોગો (તથા); **જીવિતેન** - જીવનથી (પણ); **કિં** - શો લાભ ?;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! હું ન તો વિજયની યા રાજ્ય અને સુખોની પણ આકાંક્ષા રાખતો નથી; હે ગોવિંદ ! અમારે આવા રાજ્યથી શું પ્રયોજન ? અથવા (આવા) ભોગો તથા જીવનથી પણ શો લાભ ? (૩૨)

**યેષામર્થે કાઙ્ક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।**
**ત ઈમેડવસ્થિતા યુદ્ધે પ્રાણાંસ્ત્યકત્વા ધનાનિ ચ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : યેષામર્થે** - યેષામ્ + અર્થે; **નો રાજ્યં** - નઃ + રાજ્યં; **ઈમેડવસ્થિતા** - ઈમે + અવસ્થિતાઃ; **યુદ્ધે** - યુદ્ધમાં; **પ્રાણાંસ્ત્યકત્વા** - પ્રાણાન્ + ત્યક્ત્વા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નઃ** - અમને (અમે); **યેષાં** - જેમને; **અર્થે** - માટે; **રાજ્યં** - રાજ્ય; **ભોગાઃ** - ભોગ; **ચ** - અને; સુખો(ની); **કાંક્ષિતં** - આકાંક્ષા (ઈચ્છા) રાખીએ છીએ; **તે** - તેઓ (તો); **ઈમે** - આ સર્વ; **ધનાનિ** - ધન; **ચ** - તથા; **પ્રાણાન્ ત્યકત્વા** - જીવવાની આશા ત્યજીને; **યુદ્ધે** - યુદ્ધમાં; **અવસ્થિતાઃ** - (યુદ્ધભૂમિમાં આવીને) ઊભા છે.

**ભાવાર્થ :** અમે જેમને માટે રાજ્ય, ભોગ અને સુખોની આકાંક્ષા રાખીએ છીએ તેઓ તો આ સર્વ ધન તથા જીવવાની આશા ત્યજીને યુદ્ધભૂમિમાં આવીને ઊભા છે. (૩૩)

**આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ ।**
**માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્તથા ॥૩૪॥**

**સંધિવિગ્રહ : પુત્રાસ્તથૈવ** - પુત્રાઃ + તથા + એવ; **સમ્બન્ધિનસ્તથા** - સંબંધિનઃ + તથા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આચાર્યાઃ** - ગુરુજનો; **પિતરઃ** - મોટા કાકા; **પુત્રાન્** - પુત્રો; **ચ** - તથા **એવ** - તેમજ;

**પિતામહાઃ** – દાદાઓ; **માતુલાઃ** – મામાઓ; **શ્વશુરાઃ** – સસરા; **પૌત્રાઃ** – પૌત્રો; **શ્યાલાઃ** – સાળાઓ; **તથા** – તેમજ; **સંબંધિનઃ** – સંબંધી લોકો છે.

**ભાવાર્થ :** ગુરુજનો, મોટા કાકા, પુત્રો, તેમજ દાદાઓ, મામાઓ, સસરા, પૌત્રો તેમજ સંબંધી લોકો છે. (૩૪)

**એતાન્ન હન્તુમિચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન ।**
**અપિ ત્રૈલોકયરાજયસ્ય હેતોઃ કિં નુ મહીકૃતેઃ ॥૩૫॥**

**સંધિવિગ્રહ : એતાન્ન** – એતાન્‌ + ન; **હન્તુમિચ્છામિ** – હન્તુમ્‌ + ઇચ્છામિ; **ઘ્નતોઽપિ** – ઘ્નતઃ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મધુસૂદન** – હે મધુસૂદન કૃષ્ણ; **ઘ્નતઃ અપિ** – મારવા છતાં પણ; **ત્રૈલોક્યરાજયસ્ય** – ત્રણે લોકના રાજ્ય; **હેતોઃ** – માટે; **અપિ** – પણ; **એતાન્‌** – આ સૌને; **હંતુમ્‌** – મારવા(ની); **ન ઈચ્છામિ** – ઈચ્છા રાખતો નથી; **મહીકૃતે** – પૃથ્વી માટે તો; **નુ કિમ્‌** – ખરેખર શું (શું કહેવાનું રહે છે ?);

**ભાવાર્થ :** હે મધુસૂદન કૃષ્ણ ! મને મારવા છતાં (મારા પર હુમલો કરવા છતાં) પણ ત્રણે લોકના રાજ્ય માટે પણ આ સૌને મારવાની ઈચ્છા રાખતો નથી; તો પછી પૃથ્વીના રાજ્ય માટે તો ખરેખર કહેવાનું જ શું રહે છે ? (૩૫)

**નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન ।**
**પાપમેવાશ્રયેદસ્માન્‌ હત્વૈતાનાતતાયિનઃ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : ધાર્તરાષ્ટ્રન્** - ધાર્તરાષ્ટ્રન્ + નઃ; **સ્યાજ્જનાર્દન** - સ્યાત્ + જનાર્દન; **પાપમેવાશ્રયેદસ્માન્ હત્વૈતાનાતતાયિનાઃ** - પાપમ્ + એવ + આશ્રયેત્ + અસ્માન્ + હત્વા + એતાન્ + આતતાયિનઃ; (આતતાયી - ભયંકર પાપ કરનાર);

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનાર્દન** - હે જનાર્દન કૃષ્ણ; (જનાર્દન - જન + અર્દન; અર્દનના અનેક અર્થ થાય (૧) પીડા કરવી (૨) વિનંતી કરવી); **ધાર્તરાષ્ટ્રાન્** - ધૃતરાષ્ટ્રના પુત્રોને; **નિહત્ય** - મારીને; **નઃ** - અમને; **કા** - શી; **પ્રીતિઃ સ્યાત્** - પ્રસન્નતા થશે; **એતાન્** - આ; **આતતાયિનઃ** - ભયંકર પાપીઓને; **હત્યા** - મારીને (પણ); **અસ્માન્** - અમને; **પાપં એવ** - પાપ જ; **આશ્રયેત્** - લાગશે;

**ભાવાર્થ :** હે જનાર્દન કૃષ્ણ ! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને અમને શી પ્રસન્નતા થશે ? આ ભયંકર પાપીઓને મારીને પણ આપણને તો પાપ જ લાગશે. (૩૬)

**તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્સ્વબાન્ધવાન્ ।**
**સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : તસ્માન્નાર્હા વયં** - તસ્માત્ + ન + અર્હાઃ + વયં; **ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાન્ધવાન્** - ધાર્તરાષ્ટ્રાન્ + સ્વબાન્ધવાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **માધવ** - હે માધવ

(કૃષ્ણ); **સ્વબાંધવાન્** - અમારા જ બાંધવ; **ધાર્તરાષ્ટ્રાન્** - ધૃતરાષ્ટ્રના પુત્રોને; **હન્તું** - મારવા; **વયં** - અમે; **અર્હાઃ ન** - યોગ્ય નથી; **હિ** - કેમ કે; **સ્વજનં** - અમારા જ સ્વજનને; **હત્વા** - મારીને; (અમે); **કથં** - કેવી રીતે; **સુખિનઃ** - સુખી; **સ્યામ** - થઈશું;

**ભાવાર્થ :** હે માધવ (કૃષ્ણ) ! અમારા જ બાંધવો ધૃતરાષ્ટ્રનાં પુત્રોને મારવા અમે યોગ્ય નથી, કેમ કે અમારા જ સ્વજનોને મારીને અમે કેવી રીતે સુખી થઈશું ? (૩૭)

**યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।**
**કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ॥૩૮॥**

**કથં ન જ્ઞેયમસ્માભિઃ પાપાદસ્માન્નિવર્તિતુમ્ ।**
**કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્‌ભિર્જનાર્દન ॥૩૯॥**

**સંધિવિગ્રહ : યદ્યપ્યેતે** - યદિ + અપિ + એતે; (**લોભોપહતચેતસઃ** - લોભ + ઉપહતચેતસઃ); **જ્ઞેયમસ્માભિઃ** - જ્ઞેયમ્ + અસ્માભિઃ; **પાપાદસ્માન્નિવર્તિતુમ્** - પાપાત્ + અસ્માત્ + નિવર્તિતું; **પ્રપશ્યદ્‌ભિર્જનાર્દન** - પ્રપશ્યદ્‌ભિઃ + જનાર્દન; (**ઉપહત** - ભ્રષ્ટ)

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદ્યપિ** - જો કે; **લોભ ઉપહતચેતસઃ** - લોભથી ભ્રષ્ટ થયેલા ચિત્તવાળા; **એતે** - આ (લોકો); **કુલક્ષયકૃતં** - કુલના નાશથી ઉત્પન્ન થતા; **દોષં** - દોષને; **ચ**

- તેમ જ; **મિત્રદ્રોહે** - મિત્રોનો વિશ્વાસઘાત કરવામાં થતાં; **પાતકં** - પાપને; **પશ્યન્તિ ન** - જોતા નથી (તોપણ); **જનાર્દન** - હે જનાર્દન (કૃષ્ણ); **કુલક્ષયકૃતં** - કુલના નાશથી ઉત્પન્ન થતા; **દોષં** - દોષને; **પ્રપશ્યદ્‌ભિઃ** - જાણનારા; **અસ્માભિઃ** - અમારે; **અસ્માત્ પાપાત્** - આ પાપથી; **નિવર્તિતું** - પાછા હઠવા; **કથં** - શા માટે; **ન જ્ઞેયં** - વિચાર ન કરવો જોઈએ;

**ભાવાર્થ :** જો કે લોભથી ભ્રષ્ટ થયેલા ચિત્તવાળા આ લોકો કુલના નાશથી ઉત્પન્ન થતા દોષને તેમજ મિત્રોનો વિશ્વાસઘાત કરવામાં થતાં પાપને જોતા નથી, તો પણ હે કૃષ્ણ ! કુલના નાશથી ઉત્પન્ન ઉત્પન્ન થતા દોષને જાણનારા અમારે આ પાપમાંથી પાછા હઠવા શા માટે વિચાર ન કરવો જોઈએ. (૩૮, ૩૯)

**કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।**
**ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત ॥૪૦॥**

**સંધિવિગ્રહ : કૃત્સ્નમધર્મોઽભિભવત્યુત** - કૃત્સ્નં + અધર્મઃ + અભિભવતિ + ઉત;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુલક્ષયે** - કુલના નાશથી; **સનાતનાઃ** - સનાતન; **કુલધર્માઃ** - કુલધર્મો; **પ્રણશ્યન્તિ** - સંપૂર્ણ નાશ પામે છે; **ધર્મે નષ્ટે** - ધર્મનો નાશ થતાં; **કૃત્સ્નં** - સંપૂર્ણ; **કુલં** - કુલમાં; **અધર્મઃ** - અધર્મ; **ઉત** - પણ; **અભિભવતિ** - ખૂબ જ ફેલાઈ જાય છે;

**ભાવાર્થ :** કુલનાશથી સનાતન કુલધર્મો સંપૂર્ણ નાશ પામે છે (તથા) ધર્મનો નાશ થતાં સંપૂર્ણ કુલમાં અધર્મ (પાપ) પણ અતિશય ફેલાઈ જાય છે. (૪)

**અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ**
**સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસઙ્કરઃ ॥૪૧॥**

**સંધિવિગ્રહ : અધર્માભિભવાત્કૃષ્ણ** - અધર્મ + અભિભવાત્ + કૃષ્ણ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ; **અધર્મઅભિભવાત્** - પાપ અધિક વધવાથી; **કુલસ્ત્રિયઃ** - કુલની સ્ત્રીઓ; **પ્રદુષ્યન્તિ** - અત્યંત દોષવાળી થઈ જાય છે; **વાર્ષ્ણેય** - હે વાર્ષ્ણેય (**વાર્ષ્ણેય** – વૃષ્ણિ (યાદવ) કુલના વંશજ); **સ્ત્રીષુ દુષ્ટાસુ** – સ્ત્રીઓ દુષ્ટ થતાં; **વર્ણસંકરઃ** - વર્ણશંકર (પ્રજા); **જાયતે** - ઉત્પન્ન થાય છે;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! અધિક પ્રમાણમાં પાપ વધવાથી કુલની સ્ત્રીઓ અત્યંત દોષવાળી થઈ જાય છે; હે વૃષ્ણિકુલના વંશજ (કૃષ્ણ) ! સ્ત્રીઓ દુષ્ટ થતાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. (૪૧)

**સઙ્કરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।**
**પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : સંકરો નરકાયૈવ** – સંકરઃ + નરકાય + એવ; **પિતરો હ્યેષાં** - પિતરઃ + હિ + એષાં; (**લુપ્તપિંડોદક** -

લુપ્તપિંડ + ઉદક)

**શબ્દાર્થ, અન્વયાર્થ : સંકરઃ** - વર્ણસંકર; **કઘ્નાનાં** - કુલને હણનારા (કુલનો નાશ કરનાર)ઓને; **ચ** - અને; **કુલસ્ય** - કુલને; **નરકાય** - નરકમાં લઈ જવા માટે; **એવ** - જ (હોય છે); **લુપ્તપિંડોદયક્રિયાઃ** - પિંડ અને જળની ક્રિયાવાળા એટલે શ્રાદ્ધ અને તર્પણ વગરના (નહીં પામેલા); **એષાં** - એમના; **પિતરઃ** - પિતૃઓ; **હિ** - પણ; **પતન્તિ** - અધોગતિને પામે છે;

**ભાવાર્થ :** વર્ણસંકર, કુલનો નાશ કરનારાઓને તથા કુલને નરકમાં લઈ જવા માટે જ હોય છે; શ્રાદ્ધ અને તર્પણ નહીં પામેલા એમના પિતૃઓ પણ અધોગતિને પામે છે. (૪૨)

**દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસઙ્કરકારકૈઃ ।**
**ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥૪૩॥**

**સંધિવિગ્રહ : દોષૈરેતૈઃ** - દોષૈઃ + એતૈઃ; **કુલધર્માશ્ચ** - કુલધર્માઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એતૈઃ** - આ; **વર્ણસંકરકારકૈઃ** - વર્ણસંકરકારક; **દોષૈઃ** - દોષોથી; **કુલઘ્નાનાં** - કુલનો નાશ કરનારાઓના; **શાશ્વતાઃ કુલધર્માઃ** - સનાતન કુલધર્મ; **ચ** - અને; **જાતિધર્માઃ** - જાતિ ધર્મ (પણ); **ઉત્સાદ્યન્તે** - નાશ પામે છે.

**ભાવાર્થ :** આ વર્ણસંકરકારક દોષોથી કુલનો નાશ કરનારાઓના સનાતન કુલધર્મ અને જાતિધર્મ (પણ) નાશ

પામે છે. (૪૩)

**ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન ।**
**નરકેऽનિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥**

**સંધિવિગ્રહ : નરકેऽનિયતં** - નરકે + અનિયતં; **વાસો ભવતીત્યનુશુશ્રુમ** - વાસઃ + ભવતિ + ઈતિ + અનુશુશ્રુમ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનાર્દન** - હે જનાર્દન (કૃષ્ણ); **ઉત્સન્નકુલધર્માણાં** - જેમનો કુલધર્મ નાશ પામ્યો છે (તેવા); **મનુષ્યાણાં** - મનુષ્યોનો; **અનિયતં** - અનિશ્ચિત સમય સુધી; **નરકે** - નરકમાં; **વાસઃ ભવતિ** - વાસ થાય છે; **ઈતિ** - એવું (અમે); **અનુશુશ્રુમ** - સાંભળતા આવ્યા છીએ;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! જેમનો કુલધર્મ નાશ પામ્યો છે તેવા મનુષ્યોનો અનિશ્ચિત સમય સુધી નરકમાં વાસ થાય છે. એવું અમે સાંભળ્યું છે. (૪૪)

**અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।**
**યદ્રાજયસુખલોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥૪૫॥**

**સંધિવિગ્રહ : મહત્પાપં** - મહત્ + પાપં; **વ્યવસિતા વયં** - વ્યવસિતાઃ + વયં; **યદ્રાજયસુખલોભેન** - યત્ + રાજ્યસુખલોભેન; **સ્વજનમુદ્યતાઃ** - સ્વજનમ્ + ઉદ્યતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહો બત** - અરેરે !; **વયં** - અમે

(બુદ્ધિમાન હોવા છતાં); **મહત્** - મહાન; **પાપં** - પાપ; **કર્તું** - કરવા; **વ્યવસિતાઃ** - તૈયાર થઈ ગયા છીએ; **યત્** - જે; **રાજ્યસુખલોભેન** - રાજ્ય મેળવવા તથા સુખના લોભથી; **સ્વજનં** - સ્વજનોને; **હન્તું** - મારવા; **ઉદ્યતાઃ** - તત્પર થઈ ગયા છીએ;

**ભાવાર્થ :** અરેરે ! અમે બુદ્ધિમાન હોવા છતાં મોટું પાપ કરવા તૈયાર થઈ ગયા છીએ જે રાજ્ય મેળવવા તથા સુખના લોભથી સ્વજનોને મારવા તત્પર થઈ ગયા છીએ. (૪૫)

**યદિ મામપ્રતીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।**
**ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥**

**સંધિવિગ્રહ : મામપ્રતીકારમશસ્ત્રં** - મા + અપ્રતીકારમ્ + અશસ્ત્રં; **ધાર્તરાષ્ટ્રા રણે** - ધાર્તરાષ્ટ્રાઃ + રણે; **હન્યુસ્તન્મે** - હન્યુઃ + તત્ + મે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદિ** - જો; **મામ્** - મને; **અશસ્ત્રં** - શસ્ત્રરહિત (તેમજ); **અપ્રતીકારં** - સામનો ન કરનારા (મને); **શસ્ત્રપાણયઃ** - હાથમાં શસ્ત્રોવાળા; **ધાર્તરાષ્ટ્રાઃ** - ધૃતરાષ્ટ્રના પુત્ર; **રણે** - યુદ્ધભૂમિમાં; **હન્યુઃ** - મારી કાઢે (તો પણ); **તત્** - તેમનું મને મારવું પણ; **મે** - મારે માટે; **ક્ષેમતરં ભવેત્** - અધિક કલ્યાણકારક થશે;

**ભાવાર્થ :** જો શસ્ત્રરહિત અને સામનો ન કરનારા એવા મને હાથમાં શસ્ત્રોવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર યુદ્ધભૂમિમાં મારી

કાઢે તો પણ તેમનું મારવાનું કાર્ય પણ મારા માટે તો અધિક કલ્યાણકારક થશે. (૪૬)

**સંજય ઉવાચ** ।સંજયઃ + ઉવાચ ।    સંજય બોલ્યા ।

**એવમુકત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।**
**વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥૪૭॥**

**સંધિવિગ્રહ : એવમુકત્વાર્જુનઃ** - એવમ્ + ઉકત્વા + અર્જુનઃ; **રથોપસ્થ ઉપાવિશત્** - રથોપસ્થે + ઉપાવિશત્ (**રથોપસ્થ** - રથ + ઉપસ્થ; **ઉપસ્થ** - પાછલો ભાગ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : સંખ્યે** - યુદ્ધભૂમિમાં; **શોકસંવિગ્ન** - શોકથી ઉદ્વિગ્ન; **માનસઃ** - મનવાળો; **અર્જુનઃ** - અર્જુન; **એવં** - આ પ્રમાણે; **ઉક્ત્વા** - બોલીને; **સશરં** - બાણસહિત; **ચાપં** - ધનુષ્યોનો; **વિસૃજ્ય** - ત્યાગ કરીને; **રથોપસ્થે** - રથના પાછલા ભાગમાં; **ઉપાવિશત્** - બેસી ગયો;

**ભાવાર્થ :** યુદ્ધભૂમિમાં શોકથી ઉદ્વિગ્ન મનવાળો અર્જુન આ પ્રમાણે બોલીને બાણ સહિત ધનુષ્યનો ત્યાગ કરીને રથના પાછલા ભાગમાં બેસી ગયો. (૪૭)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદેડર્જુનવિષાદયોગો નામ પ્રથમોડધ્યાયઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : ઓમ્ તત્ + સત્ + ઈતિ શ્રીમત્ + ભગવત્ + ગીતાસુ + ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે + અર્જુન વિષાદયોગઃ - અર્જુનવિષાદયોગ નામનો પ્રથમઃ + અધ્યાય;**

**ભાવાર્થ :** ઓમ્ તત્સત્ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાના યોગશાસ્ત્રમાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં અર્જુનવિષાદયોગ નામનો પહેલો અધ્યાય પૂર્ણ થયો.

**॥ અર્જુન વિષાદયોગ નામનો પહેલો અધ્યાય સમાપ્ત ॥**

●

# દ્વિતીય અધ્યાય

## (બીજો અધ્યાય) - સાઙ્ખ્યયોગ

**અથ દ્વિતીયોઽધ્યાયઃ ।અથ દ્વિતીયઃ + અધ્યાય ।**

**સંજય ઉવાચ ।**સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા ।

**તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।**
**વિષીદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણં** - કૃપયા + આવિષ્ટં + અશ્રુપૂર્ણા + કુલેક્ષણં; **વિષીદન્તમિદં** - વિષીદન્ત + ઈદં; **વાક્યમુવાચ** - વાક્યમ્ + ઉવાચ; (**અશ્રુપૂર્ણાકુલેક્ષણમ્** – અશ્રુપૂર્ણા + આકુલ + ઈક્ષણં)

**શબ્દાર્થ, અન્વયાર્થ : તથા** - તે પ્રકારે; **કૃપયા** - કરુણાથી; **આવિષ્ટં** - વ્યાપ્ત (ભરાયેલા); **અશ્રુપૂર્ણા** - આંસુઓથી પૂર્ણ; **આકુળ** - વ્યાકુળ; **ઈક્ષણં** - નેત્રોવાળા; **વિષીદન્તં** - શોક કરતા; **તં** - તે અર્જુનને; **મધુસૂદનઃ** - ભગવાન શ્રીકૃષ્ણે; **ઈદં વાક્યં** - આ વચન; **ઉવાચ** - કહ્યું;

**ભાવાર્થ :** તે પ્રકારે કરુણાથી ભરાયેલા તથા આંસુઓથી પૂર્ણ એવા વ્યાકુળ નેત્રોવાળા, શોક કરતા તે અર્જુનને ભગવાન કૃષ્ણે આ વચન કહ્યું. (૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।**
**અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમકીર્તિકરમર્જુન ॥૨॥**

**સંધિવિગ્રહ : કુતસ્ત્વા** - કુતઃ + ત્વા; **કશ્મલમિદં** – કશ્મલમ્ + ઈદં; **અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમકકીર્તિકરમર્જુન** - અનાર્યજુષ્ટમ્ + અસ્વગ્યમ્ + અકીર્તિકરમ્ + અર્જુન; (**અનાર્યજુષ્ટ** - અન્ + આર્યજુષ્ટં; **જુષ્ટ** - આચરિત);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **ત્વા** - તને; (આ); **વિષમે** – અસમયે; **ઈદં** - આ; **કશ્મલં** - મોહ; **કુતઃ** - શા માટે; **સમુપસ્થિતં** - પ્રાપ્ત થયો; (કારણ કે) **અનાર્યજુષ્ટં** - ન તો આ ઉત્તમ પુરુષો દ્વારા આચરિત છે; **અસ્વર્ગ્યં** - ન તો સ્વર્ગ આપનારું છે; (તેમજ) **અકીર્તિકરં** - ન તો કીર્તિ કરાવનાર છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! તને આ અસમયે આવો મોહ શા માટે પ્રાપ્ત થયો ? કારણ કે ન તો આ ઉત્તમ પુરુષો દ્વારા આચરિત છે, ન તો સ્વર્ગ દેનારું છે; યા ન તો કીર્તિ કરાવનાર છે. (૨)

**ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।**
**ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ ॥૩॥**

**સંધિવિગ્રહ : નૈતત્ત્વય્યુપપદ્યતે** - ન એતત્ + ત્વયિ - ઉપપદ્યતે; **ત્યકત્વોત્તિષ્ઠ** – ત્યક્ત્વા + ઉત્તિષ્ઠ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **ક્લૈબ્યં** - નપુંસકતા; **મા સ્મ ગમઃ** - પ્રાપ્ત ના કર; **ત્વયિ** - તારે માટે

(તારામાં); **એતત્** - આ; **ન ઉપપદ્યતે** - ઉચિત લાગતું નથી; **પરંતપ** - હે પરંતપ; (**પરંતપ** - (૧) શત્રુઓને પીડનાર (૨) અર્જુન); **ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં** - હૃદયની તુચ્છ દુર્બળતા; **ત્યક્ત્વા** - છોડીને (ત્યજીને); **ઉત્તિષ્ઠ** - યુદ્ધ માટે તૈયાર જઈ જા; (અર્જુન ગુપ્તવાસ વખતે વિરાટ રાજાને ત્યાં બૃહન્નલા (હીજડો) બનીને રહ્યો હતો.)

**ભાવાર્થ :** હે અર્જુન ! નપુંસકતા પ્રાપ્ત ના કર, તારે માટે આ ઉચિત લાગતું નથી. હે પરંતપ – અર્જુન ! હૃદયની તુચ્છ દુર્બળતા ત્યજીને યુદ્ધ માટે તૈયાર થઈ જા. (૩)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા

**કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન ।**
**ઈષુભિઃ પ્રતિ યોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન ॥૪॥**

**સંધિવિગ્રહ : ભીષ્મમહં** - ભીષ્મમ્ + અહં; **પૂજાર્હાવરિસૂદન** - પૂજાર્હૌ + અરિસૂદન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મધુસૂદન** - હે મધુસૂદન (કૃષ્ણ); **અહં** - હું; **સંખ્યે** - રણભૂમિમાં; **કથં** - કેવી રીતે; **ઈષુભિઃ** - બાણોથી; **ભીષ્મં** - ભીષ્મની; **ચ** - તથા; **દ્રોણં** - દ્રોણની; **પ્રતિ** - વિરુદ્ધ; **યોત્સ્યામિ** - લડું; (કારણ કે); **અરિસૂદન** - હે અરિસૂદન! (**અરિ** - શત્રુ); (તૌ) **પૂજાર્હૌ** - તે બંનેય પૂજ્ય છે.

**ભાવાર્થ :** હે મધુસૂદન ! હું રણભૂમિમાં કેવી રીતે

બાણોથી ભીષ્મપિતામહ તથા દ્રોણાચાર્યની વિરુદ્ધ લડી શકું; હે અરિસૂદન ! તે બન્નેય પૂજ્ય છે. (૪)

**ગુરુનહત્વા હિ મહાનુભાવાન્ શ્રેયો ભોક્તું**
**ભૈક્ષ્યમપીહ લોકે ।**
**હત્વાર્થકામાંસ્તુ ગુરુનિહૈવ ભુઞ્જીય**
**ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ।।૫।।**

**સંધિવિગ્રહ : ગુરુનહત્વા** - ગુરુન્ + અહત્વા; **શ્રેયો ભોક્તું** - શ્રેયઃ + ભોક્તું; **ભૈક્ષ્યમપીહ** - ભૈક્ષ્યમ્ + અપિ + ઈહ; **હત્વાર્થકામાંસ્તુ** - હત્વા + અર્થકામાન્ + તુ; **ગુરુનિહૈવ** - ગુરુન્ + ઈહ + એવ; **ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્** - ભોગાન્ + રુધિરપ્રદિગ્ધાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી આ); **મહાનુભાવાન્** - મહાશય; **ગુરુન્** - ગુરુજનોને; **અહત્વા** - નહીં મારીને; (હું) **ઈહ** - આ; **લોકે** - લોકમાં; **ભૈક્ષ્યં** - ભિક્ષાનું અન્ન; **અપિ** - પણ; **ભોક્તું** - ખાઉં (તે); (મારે માટે); **શ્રેયઃ** - કલ્યાણકારી છે (એમ માનું છું); **હિ** - કારણ કે; **ગુરુન્** - ગુરુજનોને; **હત્વા** - મારીને; **અપિ** - પણ; **ઈહ** - આ લોકમાં; **રુધિર પ્રદિગ્ધાન્** - લોહીથી ખરડાયેલા; **અર્થકામાન્** - અર્થ અને કામરૂપ; **ભોગાન્ એવ** - ભોગો પણ; **તુ** - તો; **ભુંજીય** - ભોગવીશ;

**ભાવાર્થ :** તેથી આ મહાશય ગુરુજનોને નહીં મારીને

હું આ લોકમાં ભિક્ષાનું અન્ન પણ ખાઉં તે મારે માટે તો કલ્યાણકારી છે એમ માનું છું કારણ કે ગુરુજનોને મારીને પણ આ લોકમાં લોહીથી ખરડાયેલા અર્થ અને કામરૂપ ભોગો પણ (તો) હું ભોગવીશ. (૫)

**ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયો યદ્વા જયેમ**
**યદિ વા નો જયેયુઃ ।**
**યાનેવ હત્વા ન જિજીવિષામસ્તેઽવસ્થિતાઃ**
**પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ ॥૬॥**

**સંધિવિગ્રહ : ચૈતદ્વિદ્મઃ** - ચ + એતત્ + વિદ્મઃ; **કતરન્નો ગરીયો યદ્વા** – કતરત્ + નઃ + ગરીયઃ + યત્ + વા; **નો જયેયુ** - નઃ + જયેયુ; **યાનેવ** - યાન્ + એવ; **જિજીવિષામસ્તેઽવસ્થિતાઃ** - જિજીવિષામઃ + તે + અવસ્થિતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ) **એતત્** - આ; **ચ** - પણ; **ન વિદ્મઃ** - અમે જાણતા નથી (કે); **ન** - અમારે યુદ્ધ કરવું કે ન કરવું (આ); **કતરત્** - બેમાંથી કયું – (**કતર** - બેમાંથી એક); **ગરીય** - શ્રેષ્ઠ છે; **યત્ વા** - અથવા (આ પણ જાણતા નથી કે); **જયેમ** - અમે એમના પર વિજય મેળવીશું; **યદિ, વા** - અથવા; **ન** - અમને (તેઓ) (અમારા પર); **જયેયુઃ** - વિજય મેળવશે; **યાન્** - જેમને; **હત્વા** - મારીને (અમે); **ન જિજીવિષામઃ** - જીવવા પણ માંગતા નથી; **તે** - તે; **એવ** - જ (અમારા પોતાના);

**ધાર્તરાષ્ટ્રાઃ** - ધૃતરાષ્ટ્રના પુત્ર; **પ્રમુખે** - અમારી સામે યુદ્ધમાં; **અવસ્થિતાઃ** - ઊભા છે;

**ભાવાર્થ :** તેમજ આ પણ અમે જાણતા નથી કે અમારે યુદ્ધ કરવું કે ન કરવું; બેમાંથી કયું શ્રેષ્ઠ છે અથવા આ પણ અમે જાણતા નથી કે અમે એમના પર વિજય મેળવીશું અથવા તો તેઓ અમારા ઉપર વિજય મેળવશે; જેમને મારીને અમે જીવવા પણ માંગતા નથી તે જ અમારા પોતાના ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સાથે યુદ્ધમાં ઊભા છે. (૬)

**કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં**
**ધર્મસંમૂઢચેતાઃ ।**
**યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે શિષ્યેસ્તેઽહં**
**શાધિ માં ત્વાં પ્રપન્નમ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : દોષોપહત** – દોષ + ઉપહત; (કાર્પણ્યનો અર્થ અહીં કાયરતા કરવાનો છે); **યચ્છ્રેયઃ** - યત્ + શ્રેયઃ; **સ્યાન્નિશ્ચિતં** - સ્યાત્ + નિશ્ચિતં; **તન્મે** - તત્ + મે; **શિષ્યસ્તેઽહં** - શિષ્યઃ + તે + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી જ તો) **કાર્પણ્ય** - કાયરતા રૂપી; **દોષ** - દોષથી; **ઉપહત** - વિપરીત અસર પામેલા; **સ્વભાવઃ** - સ્વભાવવાળા (તેમજ); **ધર્મસંમૂઢચેતાઃ** - ધર્મના વિષયમાં મારું ચિત્ત મોહ પામ્યું છે તેવો હું; **ત્વાં** - આપને; **પૃચ્છામિ**

- પૂછું છું (કે); **યત્** - જે (સાધન); **નિશ્ચિતં** - નિશ્ચિત; **શ્રેયઃ** - કલ્યાણકારી; **સ્યાત્** - હોય; **તત્** - તે; **મે** - મને; **બ્રૂહિ** - કહો; **અહં** - હું; **ત્વાં** - આપના; **પ્રપન્નં** - શરણે આવ્યો છું (તો); **મામ્** - મને; **શાધિ** - શિક્ષા (ઉપદેશ) આપો (ઉપદેશ કરો);

**ભાવાર્થ :** તેથી જ તો કાયરતારૂપી દોષથી વિપરીત અસર પામેલા સ્વભાવવાળા તેમજ ધર્મના વિષયમાં પણ મારું ચિત્ત મોહ પામ્યું છે તેવો હું આપને પૂછું છું કે જે સાધન નિશ્ચિત (રૂપે) કલ્યાણકારી હોય તે મને આપ કહો, આપનો શિષ્ય હું આપના શરણે આવ્યો છું તો મને આપ ઉપદેશ કરો. (૭)

**ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્**
**યચ્છોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્ ।**
**અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં રાજ્યં**
**સુરાણામપિ ચાધિપત્યમ્ ॥૮॥**

**સંધિવિગ્રહ : મમાપનુદ્યાત્** - મમ + અપનુદ્યાત્; **યચ્છોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્** - યત્ + શોકં + ઉચ્છોષણં + ઇન્દ્રિયાણાં; **ભૂમાવસપત્નમૃદ્ધં** - ભૂમૌ + અસપત્નમ્ + ઋદ્ધં; **સુરાણામપિ** - સુરાણામ્ + અપિ; **ચાધિપત્યમ્** - ચ + આધિપત્યમ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; **ભૂમૌ** - ધરતીમાં; **અસપત્નં** - કંટકરહિત; **ઋદ્ધં** - ધનધાન્યથી સંપન્ન; **રાજ્યં** -

રાજ્યને; **ચ** - તથા; **સુરાણાં** - દેવોનાં; **આધિપત્યં** - સ્વામિપણાને; **અવાપ્ય** - પ્રાપ્ત કરીને; **અપિ** - પણ (હું); **તત્** - તે (ઉપાય)ને; **ન પ્રપશ્યામિ** - જોતો નથી; **યત્** - જે; **મમ** - મારી; **ઈન્દ્રિયાણાં** - ઈન્દ્રિયોને; **ઉચ્છોષણં** - સુકવનારા; **શોકં** - શોકને; **અપનુદ્યાત્** - દૂર કરી શકે;

**ભાવાર્થ :** કારણ કે ધરતીમાં કંટકરહિત તેમજ ધનધાન્યથી સંપન્ન રાજ્યને તથા દેવોના આધિપત્યને (સ્વામિપણાને) પ્રાપ્ત કરીને પણ હું તે ઉપાયને જોતો નથી જે મારી ઈન્દ્રિયોને સુકવનારા શોકને દૂર કરી શકે. (૮)

**સંજય ઉવાચ ।** સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા ।

**એવમુક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરંતપ ।**
**ન યોત્સ્ય ઈતિ ગોવિન્દમુક્ત્વા તૂષ્ણીં બભૂવ હ ॥૯॥**

**સંધિવિગ્રહ : એવમુકત્વા** - એવમ્ + ઉકત્વા; **યોત્સ્ય ઈતિ** - યોત્સ્યે + ઈતિ; **ગોવિન્દમુક્ત્વા** - ગોવિંદમ્ + ઉક્ત્વા; **ગુડાકેશ** - ગુડાકા + ઈશ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ** - હે રાજા; **ગુડાકેશઃ** - નિદ્રાને જીતનારા અર્જુનઃ; **હૃષીકેશં** - શ્રીકૃષ્ણને; **એવમ્** - આ પ્રમાણે; **ઉકત્વા** - કહીને; (પછી); **ગોવિંદં** - શ્રીકૃષ્ણ ભગવાનને; **ન યોત્સ્યે** - હું યુદ્ધ નહીં કરું; **ઈતિ** - એમ; **હ** - સ્પષ્ટ રીતે; **ઉક્ત્વા** - કહીને; **તૂષ્ણીં** - ચૂપ; **બભૂવ** - થઈ ગયો;

**ભાવાર્થ :** હે રાજા (ધૃતરાષ્ટ્ર) ! નિદ્રાને જીતનારા અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહીને (પછી) શ્રીકૃષ્ણ ભગવાનને 'હું યુદ્ધ નહીં કરું' એમ સ્પષ્ટ રીતે કહીને (અર્જુન) ચૂપ થઈ ગયો. (૯)

**તમુવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત ।**
**સેનયોરુભયોર્મધ્યે વિષીદન્તમિંદ વચઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : તમુવાચ** - તમ્ + ઉવાચ; **પ્રહસન્નિવ** - પ્રહસન્ + ઈવ; **સેનયોરુભયોર્મધ્યે** - સેનયોઃ ઉભયોઃ + મધ્યે; **વિષીદન્તમિંદં** - વિષીદંતમ્ + ઈદમ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર; **હૃષીકેશઃ** - શ્રીકૃષ્ણે; **ઉભયોઃ સેનયોઃ** - બન્ને સેનાઓની; **મધ્યે** - વચમાં; **વિષીદન્તં** - શોક કરતાં; **તં** - તે (અર્જુનને); **પ્રહસન્ ઈવ** - હસતા હોય તેમ; **ઈદં** - આ; **વચઃ** - વચન; **ઉવાચ** - કહ્યું;

**ભાવાર્થ :** હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર ! શ્રીકૃષ્ણે બન્ને સેનાઓની વચમાં શોક કરતાં તે અર્જુનને હસતા હોય તેમ આ વચન કહ્યું. (૧૦)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।**
**ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : અશોચ્યાનન્વશોચસ્ત્વં** - અશોચ્યાન્ +

અન્વશોચઃ + ત્વં; **પ્રજ્ઞાવાદાંશ્ચ** - પ્રજ્ઞાવાદાન્ + ચ; **ગતાસૂનગતાસૂંશ્ચ** - ગતાસૂન્ + અગતાસૂન્ + ચ (**ગતાસૂન્** - ગત + અસૂન્; **અગતાસૂન્** - અગત + અસૂન); **નાનુશોચન્તિ** - ન + અનુશોચન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે અર્જુન !); **ત્વં** - તું; **અશોચ્યાન્** - શોક ન કરવા યોગ્ય મનુષ્યો માટે; **અન્વશોચઃ** - શોક કરે છે; **પ્રજ્ઞાવાદાન્** - બુદ્ધિશાળીઓના (જેવા વચનો); **ભાષસે** - કહે છે (પણ); **ગતઅસૂન્** - જેમના  પ્રાણ ચાલ્યા ગયા છે તેમને માટે; **ચ** - તેમજ; **અગત અસૂન્** - જેમના પ્રાણ ચાલ્યા ગયા નથી તેમને માટે; **પંડિતાઃ** - પંડિત (બુદ્ધિશાળી લોકો); **ન અનુશોચન્તિ** - શોક કરતા નથી;

**ભાવાર્થ :** (હે અર્જન !) તું શોક ન કરવા યોગ્ય મનુષયો માટે શોક કરે છે, બુદ્ધિશાળીઓની માફક વચનો બોલે છે, પણ જેમના પ્રાણ ચાલ્યા ગયા છે તેમને માટે તેમજ જેમના પ્રાણ ચાલ્યા ગયા નથી તેમને માટે બુદ્ધિશાળી લોકો શોક કરતા નથી. (૧૧)

**ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ ।**
**ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : ત્વેવાહં** - તુ + એવ + અહં; **નાસમ્** - ન + આસમ્; **નેમે** - ન + ઈમે; **ચૈવ** - ચ + એવ; **વયમતઃ** - વયં + અત;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ન તુ** - ન તો; (આવું - છેકે;

**એવ** - જ; **અહં** - હું; **જાતુ** - કોઈપણ કાળમાં / કદી પણ; **ન આસમ્** - હતો (હું હતો); **ત્વં** - તું; **ન** - **(આસીઃ)** - (પણ) નહોતો; **ઈમે** - આ; **જનાધિપાઃ** - રાજાઓ (પણ); **ન (આસન્)** - નહોતા; **ચ** - તથા; **ન** - **(એવં)** ન આવું; **એવ** - જ છે; **અતઃ** - આથી; **પરં** - આગળ; **વયં** - આપણે; **સર્વે** - સર્વે; **ન ભવિષ્યામઃ** - હોઈશું નહીં;

**ભાવાર્થ :** ન તો આવું જ છે કે હું કોઈપણ કાળમાં (કદી પણ) ન હતો, તું પણ નહોતો, આ રાજાઓ પણ નહોતા તથા આવું જ છે; આથી આગળ (હવે પછી) આપણે સર્વે (પણ) હોઈશું નહીં. (૧૨)

**દેહિનોઽસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।**
**તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : દેહિનોઽસ્મિન્યથા** - દેહિનઃ + અસ્મિન્ + યથા; **દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર** - દેહાંતરપ્રાપ્તિઃ + ધીરઃ + તત્ર; **(દેહાંતર** - દેહ + અંતર);

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પણ) **યથા** - જેમ; **દેહિનઃ** - જીવાત્માને; **અસ્મિન્** - આ; **દેહે** - દેહમાં; **કૌમારં** - બાળપણ; **યૌવનં** - યુવાની; (તથા) **જરા** - ઘડપણ (હોય છે); **તથા** - તેવી જ રીતે; (**દેહાંતર** - અન્ય દેહ); **દેહાંતરપ્રાપ્તિ** - અન્ય દેહની પ્રાપ્તિ હોય છે; **તત્ર** - ત્યાં (તે વિષયમાં); **ધીરઃ** - ધીર

પુરુષ; **ન મુહ્યતિ** - મોહ પામતો નથી;

**ભાવાર્થ :** પણ જેમ જીવાત્માને આ દેહમાં બાળપણ, યુવાની તથા ઘડપણ હોય છે તેવી જ રીતે અન્ય દેહની પ્રાપ્તિ થાય ત્યારે ધીર પુરુષ મોહ પામતો નથી. (૧૩)

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।**
**આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥૧૪॥**

**સંધિવિગ્રહ : માત્રાસ્પર્શાસ્તુ** - માત્રાસ્પર્શાઃ + તુ; **આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ** - આગમાપાયિનઃ + અનિત્યાઃ + તાન્ + તિતિક્ષસ્વ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : માત્રાસ્પર્શાઃ** - બાહ્ય ભૌતિક પદાર્થોનો ઇંદ્રિય સાથેનો સંયોગ; **કૌંતેય** - હે કૌંતેય (અર્જુન); **શીતોષ્ણસુખદુઃખદાઃ** - ઠંડી, ગરમી તેમજ સુખ યા દુઃખ દેનારા; **માત્રાસ્પર્શાઃ** - બાહ્ય ભૌતિક પદાર્થોનો ઇંદ્રિય સાથે સંયોગ; **તુ** - તો; (**આગમાપાયિનઃ** - આગમ; **અપાયિનઃઆગમ** - ઉત્પત્તિ; **અપાયિન્** - ક્ષણિક, નાશવંત) **આગમ અપાયિન્** - ઉત્પત્તિ તથા નાશવંત; (તેમજ); **અનિત્યાઃ** - અનિત્ય છે; (તેથી જ); **ભારત** - હે ભારત; **તાન્** - તે; (તું) **તિતિક્ષસ્વ** - સહન કર.

**ભાવાર્થ :** હે કૌન્તેય ! ઠંડી, ગરમી, સુખ યા દુઃખ દેનારા બાહ્ય ભૌતિક પદાર્થોનો ઇંદ્રિય સાથે સંયોગ તો ઉત્પત્તિ તથા નાશવંત તેમજ અનિત્ય છે. તેથી જ હે ભારત ! તે તું

સહન કર. (૧૪)

**યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।**
**સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ॥૧૫॥**

**સંધિવિગ્રહ : વ્યથયન્ત્યેતે** - વ્યથયન્તિ + એતે; **પુરુષર્ષભ** - પુરુષ + ઋષભ; **સોઽમૃતત્વાય** - સઃ + અમૃતત્વાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; **પુરુષષર્ભ** - હે પુરુષોમાં શ્રેષ્ઠ; **સમદુઃખસુખં** - દુઃખ અને સુખને સમાન સમજનારા; **યં** - જે; **ધીરં પુરુષં** - ધીર પુરુષને; **એતે** - આ (બાહ્ય ભૌતિક પદાર્થોનો ઇન્દ્રિય સાથે સંયોગ); **ન વ્યથયન્તિ** - વ્યથિત કરતો નથી; **સઃ** - તે; **અમૃતત્વાય** - મોક્ષને; **કલ્પતે** - યોગ્ય હોય છે;

**ભાવાર્થ :** કારણ કે પુરુષોમાં શ્રેષ્ઠ ! દુઃખ અને સુખને સમાન સમજનારા જે ધીર પુરુષને આ બાહ્ય ભૌતિક પદાર્થોનો ઇન્દ્રિય સાથે સંયોગ વ્યથિત કરતો નથી, તે મોક્ષને યોગ્ય હોય છે. (૧૫)

**નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।**
**ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : નાસતો વિદ્યતે** - ન + અસત્ઃ + વિદ્યતે; **ભાવો ના ભાવો વિદ્યતે** - ભાવઃ + ન + અભાવઃ + વિદ્યતે; **ઉભયોરપિ** - ઉભયોઃ + અપિ; **દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ** - દૃષ્ટઃ

+ અંતઃ + તુ + અનયોઃ + તત્ત્વદર્શિભિઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : (અસત્** - અવ્યક્ત વસ્તુ); **અસત્** - અવ્યક્ત વસ્તુની (તો); **ભાવઃ** - સત્તા (જ); **ન વિદ્યતે** - નથી; **તુ** - તેમજ; **સત્** - વ્યક્ત (સત્ય)નો; **અભાવઃ** - અભાવ; **ન વિદ્યતે** - નથી; (આમ) **અનયોઃ ઉભયોઃ** - આ બન્નેનો; **અપિ** – પણ; **અન્તઃ** - અંત; **તત્ત્વદર્શિભિઃ** - તત્ત્વજ્ઞાનીઓ દ્વારા; **દૃષ્ટઃ** - જોવાયો છે.

**ભાવાર્થ :** અવ્યક્ત વસ્તુનો તો ભાવ (સત્તા) જ નથી, તેમજ વ્યક્ત (સત્ય)નો પણ અભાવ નથી; આમ આ બંનેનો પણ અંત તત્ત્વજ્ઞાનીઓ દ્વારા જોવાયો છે. (૧૬)

**અવિનાશી તુ તદ્વિધ્ધિ યેન સર્વમિદં તતમ્ ।**
**વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : તદ્વિધ્ધિ** - તત્ + વિદ્ધિ; **સર્વમિદં** - સર્વમ્+ ઈદં; **વિનાશમવ્યયસ્યાસ્ય** - વિનાશમ્ + અવ્યયસ્ય + અસ્ય; **કશ્ચિત્કર્તુમર્હતિ** – કશ્ચિત્ + કર્તુમ્ + અર્હતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અવિનાશી** – નાશરહિત; **તુ** - તો; **તત્** - તેને; **વિદ્ધિ** - જાણ; **યેન** - જેનાથી; **ઈદં** - આ; **સર્વ** - સર્વ જગત (દૃશ્યમાન); **તતં** - વ્યાપ્ત છે; **અસ્ય** - આ; **અવ્યવસ્ય** - અવિનાશીનો; **વિનાશં** - વિનાશ; **કર્તું** - કરવા; **કશ્ચિત્** - કોઈપણ; **ન અર્હતિ** - યોગ્ય (સમર્થ) નથી;

**ભાવાર્થ :** નાશરહિત તો તેને જાણ જેનાથી આ સર્વ દૃશ્યમાન જગત વ્યાપ્ત છે, આ અવિનાશીનો વિનાશ કરવા કોઈપણ સમર્થ નથી. (૧૭)

**અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।**
**અનાશિનોऽપ્રમેયસ્ય તસ્માદ્યુધ્યસ્વ ભારત ॥૧૮॥**

**સંધિવિગ્રહ : અન્તવન્ત ઈમે** - અંતવંતઃ + ઈમે; **દેહા નિત્યસ્યોક્તાઃ** - દેહાઃ + નિત્યસ્ય + ઉક્તાઃ; **અનાશિનોऽપ્રમેયસ્ય** - અનાશિનઃ + અપ્રમેયસ્ય; **તસ્માદ્યુધ્યસ્વ** - તસ્માત્ + યુધ્યસ્વ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનાશિનઃ** - નાશરહિત; **અપ્રમેયસ્ય** - અપ્રમેય (અગમ્ય/અતુલ); **નિત્યસ્ય** - નિત્યસ્વરૂપ; **શરીરિણઃ** - જીવાત્માના; **ઈમે** - આ (સર્વે); **દેહાઃ** - શરીર; **અંતવંતઃ** - નાશવંત; **ઉક્તાઃ** - કહેવામાં આવેલાં છે; **તસ્માત્** - તેથી; **ભારત** - હે ભારત/અર્જુન; **યુધ્યસ્ય** - તું યુદ્ધ કર;

**ભાવાર્થ :** નાશરહિત, અપ્રમેય, નિત્યસ્વરૂપ જીવાત્માના આ સર્વ શરીર નાશવંત કહેવામાં આવેલાં છે, તેથી હે અર્જુન ! તું યુદ્ધ કર. (૧૮)

**ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।**
**ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥૧૯॥**

**સંધિવિગ્રહ : ય એનં** - યઃ + એનં; **યશ્ચૈનં** - યઃ + ચ + એનં; **નાયં** - ન + અયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **એનં** - આ (આત્મા)ને; **હંતારં** - મારનારો; **વેત્તિ** - જાણે છે; **ચ** - અને; **યઃ** - જે; **એનં હતં** - આ આત્માને મરેલો (હણાયેલો); **મન્યતે** - માને છે; **તૌ ઉભૌ** - તે બન્ને (પણ); **ન વિજાનીતઃ** - જાણતા નથી; (કારણ કે) **અયં** - આ આત્મા; **ન હન્તિ** - હણતો નથી (અન્ય કોઈને પણ હણતો નથી); (તેમજ) **ન હન્યતે** - ન તો અન્ય કોઈ દ્વારા હણાતો પણ નથી;

**ભાવાર્થ :** જે આ આત્માને હણનારો જાણે છે અને જે આ આત્માને હણાયેલો માને છે તે બન્ને પણ (વાસ્તવિક રીતે) જાણતા નથી કારણ કે આ આત્મા અન્ય કોઈને પણ હણતો નથી તેમજ ન તો અન્ય કોઈ દ્વારા હણાતો પણ નથી. (૧૯)

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં**
**ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન**
**હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥**

**સંધિવિગ્રહ : કદાચિન્નાયં** - કદાચિત્ + ન + અયં; **અજો નિત્યઃ** - અજઃ + નિત્ય; **શાશ્વતોડયં** - શાશ્વતઃ + અયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અયં** - આ આત્મા; **કદાચિત્** -

કદી પણ; **ન જાયતે** - ન જન્મે છે; **વા** - અથવા (તો); **ન મ્રિયતે** - મરતો પણ નથી; **વા** - અથવા; **ન ભૂત્વા** - (આ) ન તો ઉત્પન્ન થઈને; **ભૂયઃ** - ફરીથી; **ભવિતા** - થનારો છે; (કારણ કે) **અયં** - આ (આત્મા); **અજઃ** - અજન્મા (જેનો જન્મ થતો નથી તે); **નિત્યઃ** - નિત્ય; **શાશ્વતઃ** - સનાતન (તેમજ); **પુરાણઃ** - પુરાતન છે; **શરીરે હન્યમાને** - શરીર મરવા છતાં પણ; **ન હન્યતે** - મરાતો (હણાતો) નથી;

**ભાવાર્થ :** આ આત્મા કદી પણ જન્મતો નથી અથવા તો કદી પણ મરતો નથી; અથવા ન તો ઉત્પન્ન થઈને ફરીથી થનારો (પણ) નથી; કારણ કે આ આત્મા અજન્મા છે; નિત્ય, સનાતન અને શાશ્વત તેમજ પુરાતન છે; શરીર હણાવા છતાં પણ તે હણાતો નથી. (૨૦)

**વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ્ ।**
**કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : વેદાવિનાશિનં** - વેદ + અવિનાશિનં; **ય એનમજમવ્યયમ્** - યઃ + એનમ્ + અજમ્ + અવ્યયં; **સ પુરુષઃ** - સઃ + પુરુષઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ (અર્જુન); **યઃ** - જે; **પુરુષઃ** - પુરુષ; **એનમ્** - આ (આત્મા)ને; **અવિનાશિનં** - અવિનાશી; **નિત્યં** - નિત્યં; **અજં** - અજન્મ; (અથવા)

**અવ્યયઃ** - અવ્યય; **વેદ** - જાણે છે; **સઃ** - તે (પુરુષ); **કથં** - કેવી રીતે; **ઘાતયતિ** - હણાવે છે; (અથવા તો) (કેવી રીતે) **હન્તિ** - હણે છે;

**ભાવાર્થ :** હે પાર્થ (અર્જુન) ! જે પુરુષ આ આત્માને અવિનાશી, નિત્ય, અજન્મા અથવા અવ્યય જાણે છે તે પુરુષ (અન્યને) કેવી રીતે હણાવે છે અથવા તો કેવી રીતે હણે છે. (૨૧)

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ**
**ગૃહ્ણાતિ નરોડપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ**
**સંયાતિ નવાનિ દેહી ॥૨૨॥**

**સંધિવિગ્રહ : નરોડપરાણિ** - નરઃ + અપરાણિ; **જીર્ણાન્યન્યાનિ** - જીર્ણાનિ + અન્યાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જે પ્રકારે; **નરઃ** - મનુષ્ય; **જીર્ણાનિ** - જૂનાં; **વાસાંસિ** - વસ્ત્રો; **વિહાય** - ત્યજીને; **અપરાણિ** - બીજાં; **નવાનિ** - નવાં; **ગૃહ્ણાતિ** - ધારણ કરે છે; **તથા** - તે પ્રકારે; **દેહી** - જીવાત્મા; **જીર્ણાનિ શરીરાણિ** - જૂનાં શરીર; **વિહાય** - ત્યજીને; **અન્યાનિ નવાનિ** - બીજાં નવાં (શરીરો); **સંયાતિ** - પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :** જે પ્રકારે મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજીને બીજાં નવાં વસ્ત્રો ધારણ કરે છે તે જ પ્રકારે જીવાત્મા જૂનાં શરીર ત્યજીને

બીજાં નવાં શરીરો પ્રાપ્ત કરે છે. (૨૨)

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : નૈનં** - ન + એનં; **ચૈનં** - ચ + એનં; **ક્લેદયન્ત્યાપો** - ક્લેદયન્તિ + આપઃ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એનં** - આ (આત્મા)ને; **શસ્ત્રાણિ** - શસ્ત્રો; **ન એનં** - તેમજ એને; **છિન્દન્તિ** - ન તો કાપી શકે છે; **પાવકઃ ન દહતિ** - અગ્નિ દઝાડતો નથી; **એનં** - એને; **આપઃ** - પાણી; **ક્લેદયન્તિ** - ભીંજવી શકતું નથી; **ચ** - તેમજ; **મારુતઃ** - પવન; (તેને) **ન શોષયતિ** - સૂકવી શકતો નથી;

**ભાવાર્થ :** આ આત્માને ન તો શસ્ત્રો કાપી શકે છે, અગ્નિ દઝાડતો નથી, પાણી ભીંજવી શકતું નથી, તેમજ પવન પણ તેને સૂકવી શકતો નથી. (૨૩)

**અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ ।**
**નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ** - અચ્છેદ્યઃ + અયમ્ + અદાહ્યઃ + અયમ્ + અક્લેદ્યઃ + અશોષ્યઃ + એવ; **સ્થાણુરચલોઽયં** - સ્થાણુઃ અચલઃ + અયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અયં** - આ (આત્મા); **અચ્છેદ્યઃ**

- અચ્છેદ્ય (કાપી ન શકાય તેવો); **અદાહ્યઃ** - દઝાડી ન શકાય તેવો; **નિત્યઃ** - નિત્ય; **સ્વર્ગતઃ** - સર્વવ્યાપી; **સ્થાણું** - સ્થિર રહેનાર; **અચલઃ** - અચલ; **ચ** - તથા; **સનાતનઃ** - સનાતન છે;

**ભાવાર્થ :** આ આત્મા કાપી ન શકાય તેવો, દઝાડી ન શકાય તેવો, ભીંજવી ન શકાય તેવો, સૂકવી ન શકાય તેવો, નિત્ય, સર્વવ્યાપી, સ્થિર રહેનાર, અચલ તથા સનાતન છે. (૨૪)

**અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમવિકાર્યોઽયમુચ્યતે ।**
**તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુમર્હસિ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમવિકાર્યોઽયમુચ્યતે** - અવ્યક્તઃ + અયમ્ + અચિન્ત્યઃ + અયમ્ + અવિકાર્યઃ + ઉચ્યતે; **તસ્માદેવ** - તસ્માત્ + એવ; **વિદિત્વૈનં** - વિદિત્વા + એનં; **નાનુશોચિતુમર્હસિ** - ન + અનુશોચિતુમ્ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : અયં** - આ આત્મા; **અવ્યક્તઃ** - અવ્યક્ત; **અચિંત્યઃ** - અચિંત્ય છે; **અવિકાર્યઃ** - વિકારરહિત છે; **તસ્માત્** - તેથી (હે અર્જુન); **એનં** - આ આત્મા; **એવં** - આ પ્રકારે; **વિદિત્વા** – (આવો છો) એમ જાણીને; **અનુશોચિતુમ્** - શોક કરવો; **ન અર્હસિ** - તારે માટે ઉચિત નથી;

**ભાવાર્થ :** આ આત્મા અવ્યક્ત, અચિંત્ય, વિકારરહિત છે તેથી હે અર્જુન ! આ આત્મા આ પ્રકારે આવો છે એમ

જાણીને તારે શોક કરવો ઉચિત નથી. (૨૫)

**અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ ।**
**તથાપિ ત્વં મહાબાહો નૈવં શોચિતુમર્હસિ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : ચૈનં** - ચ + એનં; **તથાપિ** - તથા + અપિ; **નૈવં** - ન + એવં; **શોચિતુમર્હસિ** - શોચિતું + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (**અથ** - પરંતુ; **ચ** - અને); **અથ ચ** - પણ જો; (ત્વં - તું); **એનં** - આ આત્માને; **નિત્યજાતં** - સદા જન્મનાર; **વા** - (તથા); **નિત્યં** - સદા; **મૃતં** - મરનાર; **મન્યસે** - માને છે; **તથાપિ** - તો પણ; **મહાબાહો** - હે મહાબાહુ (અર્જુન); **એવં** - આ પ્રકારે; **શોચિતું** - શોક કરવો (તે); **(ત્વં)** - તું (તારે માટે); **ન અર્હસિ** - ઉચિત નથી;

**ભાવાર્થ :** પણ જો તું આ આત્માને નિત્ય જન્મનારો તથા સદા મરનારો માને છે તો પણ એ મહાબાહુ અર્જુન ! આ પ્રકારે શોક કરવો તે તારે માટે ઉચિત નથી. (૨૬)

**જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।**
**તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : ધ્રુવો મૃત્યુર્ધ્રુવં** - ધ્રુવઃ + મૃત્યુઃ + ધ્રુવં; **તસ્માદપરિહાર્યેઽર્થે** - તસ્માત્ + અપરિહાર્યે + અર્થે; **શોચિતુમર્હસિ** - શોચિતુમ્ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે (આ માન્યતા પ્રમાણે); **જાતસ્ય** - જેનો જન્મ થાય છે તેનું; **મૃત્યુઃ** - મરણ; **ધ્રુવં** - નિશ્ચિત છે; **ચ** - અને; **મૃતસ્ય** - મરી ગયેલાનો; **જન્મ** - જન્મ; **ધ્રુવં** - નિશ્ચિત છે; **તસ્માત્** - તેથી; (આ) **અપરિહાર્યે** - નિરુપાય; **અર્થે** - વિષયમાં; **ત્વં** - તું (તારે); **શોચિતું** - શોક કરવો; **ન અર્હસિ** - ઉચિત નથી;

**ભાવાર્થ :** કેમ કે આ માન્યતા પ્રમાણે જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ (પણ) નિશ્ચિત (નક્કી જ) છે; તેમ જ મરી ગયેલાનો (ફરી) જન્મ થવો પણ નિશ્ચિત (નક્કી) છે; તેથી આ નિરુપાય વિષયમાં તારે શોક કરવો ઉચિત નથી. (૨૭).

**અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।**
**અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥૨૮॥**

**સંધિવિગ્રહ : અવ્યક્તનિધનાન્યેવ** - અવ્યક્તનિધનાનિ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; **ભૂતાનિ** - પ્રાણીઓ; **અવ્યક્તાદીનિ** - જન્મતાં પહેલાં અપ્રકટ હતાં; **અવ્યક્તનિધનાનિ એવ** - મરી ગયા પછી પણ અપ્રકટ થઈ જનારા છે; (માત્ર) **વ્યક્તમધ્યાનિ** - વચમાં પ્રકટ (વ્યક્ત) (રહે) (છે); **તત્ર** - ત્યારે (તેવી સ્થિતિમાં); **કા** - શીદને (શા માટે); **પરિદેવના** - શોક કરવો ?

**ભાવાર્થ :** હે અર્જુન ! પ્રાણીઓ જન્મતાં પહેલાં અપ્રકટ હતાં અને મરી ગયા પછી પણ અપ્રક્ટ થનારાં છે - માત્ર વચમાં (તે દરમિયાન) જ પ્રકટ રહે છે તેવી સ્થિતિમાં શા માટે (તેને માટે) શોક કરવો ? (૨૮)

**આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેનમાશ્ચર્યવદ્‌વદતિ**
**તથૈવ ચાન્યઃ ।**
**આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શ્રુણોતિ શ્રુત્વાપ્યેનં**
**વેદ ન ચૈવ કશ્ચિત્ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : આશ્ચર્યવત્પશ્યતિ** - આશ્ચર્યવત્ + પશ્યતિ; **કશ્ચિદેનમાશ્ચર્યવદ્‌વદતિ** - કશ્ચિત્ + એનં + આશ્ચર્યવત્ + વદતિ; **તથૈવ** - તથા + એવ; **ચાન્યઃ** - ચ + અન્ય; **આશ્ચર્યવચ્ચૈનમન્યઃ** - આશ્ચર્યવત્ + ચ + એનં + અન્યઃ; **શ્રુત્વાપ્યેનં** - શ્રુત્વા + અપિ + એનં; **ચૈવ** - ચ + એવ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : કશ્ચિત્** - કોઈ એક (મહાપુરુષ જ); **એનં** - આ આત્માને; **આશ્ચર્યવત્** - આશ્ચર્ય રીતે; **પશ્યતિ** - જુએ છે; **ચ** - અને; **તથા** - તેમ; **એવ** - જ; **અન્ય** - બીજા કોઈ (મહાપુરુષ જ); (**એનં** - આ તત્ત્વને); **આશ્ચર્યવત્** - આશ્ચર્ય રીતે; **વદતિ** - કહે છે (વર્ણન કરે છે); **ચ** - તથા; **અન્યઃ** - બીજો કોઈ (અધિકારી) પુરુષ જ; **એનં** - એને (આત્માને); **આશ્ચર્યવત્** - આશ્ચર્ય રીતે; **શ્રુણોતિ** - સાંભળે છે; **ચ** - અને; **કશ્ચિત્** -

કોઈ કોઈક તો; **શ્રુત્વા અપિ** - સાંભળવા છતાં; **એનં** - એને; **ન એવ વેદ** - જાણતો પણ નથી.

**ભાવાર્થ :** કોઈ એક મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્ય પામીને જુએ છે, અને તેમજ બીજો કોઈ મહાપુરુષ એના તત્ત્વનું આશ્ચર્ય પામીને વર્ણન કરે છે, તથા અન્ય કોઈ અધિકારી પુરુષ જ એ આત્માને આશ્ચર્ય પામીને સાંભળે છે અને કોઈ કોઈક તો સાંભળવા છતાં પણ એને જાણતો પણ નથી. (૨૯)

**દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત ।**
**તસ્માત્સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : નિત્યમવધ્યોઽયં** - નિત્યમ્ + અવધ્યઃ + અયં; **તસ્માત્સર્વાણિ** - તસ્માત્ + સર્વાણિ; **શોચિતુમર્હસિ** - શોચિતુમ્ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; **અયં દેહી** - આ આત્મા; **સર્વસ્ય** - સર્વના; **દેહે** - શરીરોમાં; **નિત્યં** - સદાયે; **અવધ્યઃ** - અવધ્ય (મારી ન શકાય તેવો) છે; **તસ્માત્** - તેથી; **સર્વાણિ ભૂતાનિ** - સર્વ પ્રાણીઓ માટે; **ત્વં** - તું (તારે); **શોચિતું** - શોક કરવો; **ન અર્હસિ** - ઉચિત નથી;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ આત્મા સર્વનાં શરીરોમાં સદાયે અવધ્ય (મારી ન શકાય તેવો) છે; તેથી સર્વ પ્રાણીઓ માટે તારે શોક કરવો ઉચિત નથી. (૩૦)

**સ્વધર્મમપિ  ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ ।**
**ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ॥૩૧॥**

**સંધિવિગ્રહ : સ્વધર્મમપિ** - સ્વધર્મ + અપિ; **ચાવેક્ષ્ય** - ચ + અવેક્ષ્ય; **વિકમ્પિતુમર્હસિ** - વિકંપિતું + અર્હસિ; **ધર્મ્યાદ્ધિ** - ધર્મ્યાત્‌ + હિ; **યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય** - યુદ્ધાત્‌ + શ્રેયઃ + અન્યત્‌ + ક્ષત્રિયસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - તેમજ; **સ્વધર્મ** - પોતાના ધર્મને; **અવક્ષ્ય** - જોઈને; **અપિ** - પણ; **વિકંપિતું** - ભય પામવો; **ન અર્હસિ** - (તારે માટે) ઉચિત નથી; **હિ** - કેમકે; **ક્ષત્રિયસ્ય** - ક્ષત્રિયને માટે; **ધર્મ્યાત્‌ યુદ્ધાત્‌** - ધર્મયુક્ત યુદ્ધથી (વધીને); **અન્યત્‌** - અન્ય કોઈ પણ; **શ્રેયઃ** - કલ્યાણકારી કર્તવ્ય; **ન વિદ્યતે** - નથી;

**ભાવાર્થ :** તેમજ પોતાના ધર્મને જોઈને પણ (આ પ્રમાણે) ભય પામવો તે તારે માટે ઉચિત નથી; કેમ કે  ક્ષત્રિયને માટે તો ધર્મયુક્ત યુદ્ધથી ચડિયાતું અન્ય કોઈપણ કલ્યાણકારી કર્તવ્ય નથી. (૩૧)

**યદૃચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્‌ ।**
**સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમીદૃશમ્‌ ॥૩૨॥**

**સંધિવિગ્રહ : ચોપપન્નં** - ચ + ઉપપન્નં; **સ્વર્ગદ્વારમપાવૃતમ્‌** - સ્વર્ગદ્વારમ્‌ + અપાવૃત્તં; **યુદ્ધમીદૃશમ્‌** - યુદ્ધમ્‌ + ઈદૃશં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન ! **યદૃચ્છયા** -

પોતાની મેળે જ; **ઉપપન્નં** - પ્રાપ્ત થયેલું; **ચ** - તથા; **અપાવૃતં** - ખૂલેલું; **સ્વર્ગદ્વારં** - સ્વર્ગનાં દ્વાર રૂપ; **ઈદશં** - આ પ્રકારના; **યુદ્ધં** - યુદ્ધનો; **સુખિનઃ ક્ષત્રિયાઃ** - ભાગ્યવાન ક્ષત્રિયો; (જ); **લભન્તે** - પ્રાપ્ત કરે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! પોતાની મેળે જ પ્રાપ્ત થયેલું તેમ જ ખૂલી ગયેલું સ્વર્ગનાં દ્વારરૂપ આ પ્રકારના યુદ્ધને સુખી - ભાગ્યવાન ક્ષત્રિયો જ પ્રાપ્ત કરે છે. (૩૨)

**અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામ ન કરિષ્યસિ ।**
**તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : ચેત્ત્વમિમં** - ચેત્ + ત્વમ્ + ઈમં; **પાપમવાપ્સ્યસિ** - પાપમ્ + અવાપ્સ્યસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથ** - પરંતુ; **ચેત્** - જો; **ત્વં** - તું; **ઈમં** - આ; **ધર્મ્યં** - ધર્મયુક્ત; **સંગ્રામં** - યુદ્ધ; **ન કરિષ્યસિ** - નહીં કરે; **તતઃ** - તો; **સ્વધર્મં** - સ્વધર્મ; **ચ** - અને; **કીર્તિ** - કીર્તિ; **હિત્વા** - ખોઈને; **પાપં** - પાપ (જ); **અવાપ્સ્યસિ** - પ્રાપ્ત કરશે;

**ભાવાર્થ :** પરંતુ જો તું ધર્મયુક્ત યુદ્ધ નહીં કરે તો સ્વધર્મ અને કીર્તિ ખોઈને (ગુમાવીને) પાપ જ પ્રાપ્ત કરશે. (૩૩)

**અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્ ।**
**સમ્ભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે ॥૩૪॥**

**સંધિવિગ્રહ : ચાપિ** - ચ + અપિ; **તેઽવ્યાયામ્** - તે + અવ્યયાં; **ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે** - ચ + અકીર્તિઃ + મરણાત્ + અતિરિચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - તેમજ; **ભૂતાનિ** - (બધા) લોકો; **તે** - તારી; **અવ્યયાં** - ઘણા સમય સુધી (યાદ રહે) તેવી; **અકીર્તિઃ** - અપયશને; **અપિ** - પણ; **કથયિષ્યન્તિ** - કહ્યાં (ગાયા) કરશે; **ચ** - અને; **સંભાવિતસ્ય મરણાત્ અપિ** - માનવીય પુરુષ માટે મરણથી (પણ); **અતિરિચ્યતે** - ચડિયાતી છે;

**ભાવાર્થ :** તેમ જ બધા લોકો લાંબા સમય સુધી યાદ રહે તેવી તારી અપકીર્તિને કહ્યા (ગાયા) જ કરશે અને માનનીય પુરુષ માટે તો આવી અપકીર્તિ મરણથી પણ ચડિયાતી છે. (૩૪)

**ભયાદ્રણાદુપરતં મંસ્યન્તે ત્વાં મહારથાઃ ।**
**યેષાં ચ ત્વં બહુમતો ભૂત્વા યાસ્યસિ લાઘવમ્ ॥૩૫॥**

**સંધિવિગ્રહ : ભયાદ્રણાદુપરતં** - ભયાત્ - રણાત્ + ઉપરતં; **બહુમતો ભૂત્વા** - બહુમતઃ + ભૂત્વા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - તથા; **યેષાં** - જેમની દૃષ્ટિએ; **ત્વં** - તું; **બહુમતઃ** - ખૂબ જ સન્માનિત; **ભૂત્વા** - થઈને (હવે); **લાઘવં** - લઘુતાને (અવગણના, તુચ્છતા); **યાસ્યસિ** - પ્રાપ્ત થશે; **મહારથાઃ** - તે મહારથી લોકો; **ત્વાં** - તને; **ભયાત્** - ભયથી; **રણાત્** - યુદ્ધ (ભૂમિમાંથી); **ઉપરતં** - ખસી ગયેલો (ભાગી

ગયેલો); **મંસ્યતે** - માનશે;

**ભાવાર્થ :** તથા જેમની દૃષ્ટિએ તું ખૂબ જ સન્માનિત હોવા છતાં હવે અવગણનાને પ્રાપ્ત થશે. તે મહારથી લોકો તને ભયને કારણે યુદ્ધભૂમિમાંથી ભાગી ગયેલો માનશે. (૩૫)

**અવાચ્યવાદાંશ્ચ બહૂન્વદિષ્યન્તિ તવાહિતાઃ ।**
**નિન્દન્તસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : અવાચ્યવાદાંશ્ચ** અવાચ્યવાદાન્ + ચ; **બહૂન્વદિષ્યન્તિ** - બહૂન્ + વદિષ્યન્તિ; **તવાહિતાઃ** - તવ + અહિતા; **નિન્દન્તસ્તવ** - નિન્દન્તઃ + તવ; **તતો દુઃખતરં** - તતઃ + દુઃખતરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તવ** - તારા; **અહિતાઃ** - વેરી લોકો (દુશ્મનો); **તવ** - તારા; **સામાર્થ્યં** - સામર્થ્યની (બળની); **નિન્દન્તઃ** - નિન્દા કરતાં; **બહૂન્** - ઘણાં; **અવાચ્યવાદાન્** - ન કહેવાં યોગ્ય વચન; **ચ** - પણ; **વદિષ્યન્તિ** - કહેશે; **તતઃ** - તેનાથી; **દુખતરં** - વધારે દુઃખ - અપમાન; **કિં** - બીજું શું હશે ?

**ભાવાર્થ :** તારા દુશ્મનો તારા સામર્થ્યની નિંદા કરતા ઘણાં યે ન કહેવા યોગ્ય વચનો પણ કહેશે. તેનાથી વધારે મોટું દુઃખ-અપમાન બીજું શું હોઈ શકે ? (૩૬)

**હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।**
**તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : હતો વા** - હતઃ + વા; **તસ્માદુત્તિષ્ઠ** - તસ્માત્ + ઉત્તિષ્ઠ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વા** - અથવા; (ક્યાં તો); (**તું** - યુદ્ધમાં); **હતઃ** - હણાઈને; **સ્વર્ગ** - સ્વર્ગ; **પ્રાપ્યસિ** - પ્રાપ્ત કરશે; વા અથવા તો; **જિત્વા** - (શત્રુઓને) જીતીને; **મહીં** - પૃથ્વીને (પૃથ્વીના રાજ્ય); **ભોક્ષ્યશે** - ભોગવશે; **તસ્માત્** - તેથી; **કૌંતેય** - હે અર્જુન; **યુદ્ધાય** - યુદ્ધ કરવાનો; **કૃતનિશ્ચયઃ** - નિશ્ચય કરીને; **ઉત્તિષ્ઠ** - ઊભો થા (તૈયાર થઈ જા);

**ભાવાર્થ :** ક્યાં તો તું આ યુદ્ધમાં હણાઈને સ્વર્ગ પ્રાપ્ત કરશે અથવા તો શત્રુઓને જીતીને પૃથ્વીનું રાજ્ય ભોગવશે; તેથી હે અર્જુન ! તું યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને ઊભો થા (તૈયાર થઈ જા). (૩૭)

**સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।**
**તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : નૈવં** - ન + એવં; **પાપમવાપ્સ્યસિ** - પાપં + અવાપ્સ્યસિ; **તતો યુદ્ધાય** - તતઃ + યુદ્ધાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જયાજયૌ** - જય કે પરાજય; **લાભાલાભૌ** - લાભ કે હાનિ; **સુખદુઃખે** - સુખ યા દુઃખને; **સમે** - સમાન; **કૃત્વા** - ગણીને; **તતઃ** - ત્યાર પછી; **યુદ્ધાય** - યુદ્ધ કરવા; **યુજ્યસ્વ** - તૈયાર થઈ જા; **એવં** - આમ (યુદ્ધ

કરવાથી); (તને) **પાપં** - પાપ; **ન અવાપ્સ્યસિ** - પ્રાપ્ત નહીં થાય (પાપ લાગશે નહીં)

**ભાવાર્થ :** જય કે પરાજય, લાભ કે હાનિ (યા) સુખ કે દુ:ખને સમાન ગણીને યુદ્ધ કરવા તું તૈયાર થઈ જા; આમ યુદ્ધ કરવાથી તેને પાપ લાગશે નહીં. (૩૮)

**એષા તેઽભિહિતા સાઙ્ખ્યે બુદ્ધિર્યોગે ત્વિમાં શ્રુણુ ।**
**બુદ્ધયા યુક્તો યયા પાર્થ કર્મબન્ધં પ્રહાસ્યસિ ॥૩૯॥**

**સંધિવિગ્રહ : તેઽભિહિતા** - તે + અભિહિતા; **બુદ્ધિર્યોગે** - બુદ્ધિ: + યોગે; **ત્વિમાં** - તુ + ઈમામ્; **યુક્તો યયા** - યુક્ત: + યથા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **એષા બુદ્ધિઃ** - આ (આવી) બુદ્ધિ; **તે** - તારે માટે; **સાંખ્યે** - સાંખ્યયોગના વિષયમાં; **અભિહિતા** - કહેવામાં આવી છે; **તુ** - તો (હવે); **ઈમાં** - તેને (આને); **યોગે** - (કર્મ)યોગના વિષયમાં; **શ્રુણુ** - સાંભળ; **યયા બુદ્ધ્યા** - જે બુદ્ધિથી; **યુક્તઃ** - યુક્ત થયેલો (તું); **કર્મબંધં** - કર્મોનાં બંધનને; **પ્રહાસ્યસિ** - સારી રીતે ત્યજી દેજે (સર્વથા નાશ કરી દેજે);

**ભાવાર્થ :** હે અર્જુન ! આ પ્રકારની બુદ્ધિ તારે માટે જ્ઞાનયોગના વિશે કહેવામાં આવી છે, તો હવે તું આને કર્મયોગના વિશે સાંભળ; જે બુદ્ધિથી યુક્ત થયેલો તું કર્મોનાં બંધનને સારી રીતે ત્યજી દેજે (સર્વથા નાશ કરી દેજે). (૩૯)

**નેહાભિક્રમનાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।**
**સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : નેહાભિક્રમનાશોઽસ્તિ** - ન + ઈહ + અભિક્રમનાશઃ + અસ્તિ; **પ્રત્યવાયો ન :** પ્રત્યવાયઃ + ન; **સ્વલ્પમપ્યસ્ય** - સ્વલ્પમ્ + અપિ + અસ્ય; **મહતો ભયાત્** - મહતઃ + ભયાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ); **ઈહ** - આ (કર્મયોગ)માં; **અભિક્રમનાશઃ** - (**અભિક્રમ** - આરંભ) આરંભમાં એટલે બીજનો નાશ; **ન અસ્તિ** - થતો નથી; (તેમજ); **પ્રત્યુવાય** - ઊલટો માર્ગ (ફળરૂપી દોષ) પણ; **ન વિદ્યતે** - થતો નથી; **અસ્ય** - આ કર્મયોગીરૂપી; **ધર્મસ્ય** - ધર્મના; **સ્વલ્પં** - અપિ થોડા પણ (જન્મ મૃત્યુરૂપી સાધન); **મહત્તઃ** - મહાન; **ભયાત્** - ભયથી; **ત્રાયતે** - રક્ષણ કરે છે;

**ભાવાર્થ :** તેમજ આ કર્મયોગમાં આરંભમાં એટલે બીજનો નાશ થતો નથી, તેમજ ઊલટો માર્ગ (ફળરૂપી દોષ) પણ થતો નથી; આ કર્મયોગરૂપી ધર્મના થોડા પણ જન્મમૃત્યુ રૂપી સાધન મહાન ભયથી રક્ષણ કરે છે. (૪૦)

**વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।**
**બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥૪૧॥**

**સંધિવિગ્રહ : (વ્યવસાયાત્મિકા** - વ્યવસાય +

આત્મિકા; અહી વ્યવસાયનો અર્થ નિશ્ચય કરવાનો છે); **બુદ્ધિરેકેહ** - બુદ્ધિઃ + એકા + ઈહ; **બહુશાખા હ્યનન્તાશ્ચ** - બહુશાખાઃ + હિ + અનંતાઃ + ચ; **બુદ્ધયોઙવ્યવસાયિનામ્** - બુદ્ધયઃ + અવ્યવસાયિનાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુરુનંદન** - હે અર્જુન; **ઈહ** - આ (કર્મયોગ)માં; **વ્યવસાયાત્મિકા** - નિશ્ચયાત્મક; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **એકા** - એક જ; (**ભવતિ** - થાય છે/હોય છે); (પણ) **અવ્યવસાયિનાં** - અસ્થિર વિચારવાળા, વિવેકહીન સકામ મનુષ્યોની; **બુદ્ધયઃ** - બુદ્ધિ; **હિ** - ખરેખર; **બહુશાખાઃ** - ઘણા વિભાગોવાળી; **ચ** - અને; **અનંતાઃ** - અનંત હોય છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ કર્મયોગમાં નિશ્ચયાત્મક બુદ્ધિ એક જ હોય છે, પણ અસ્થિર વિચારવાળા વિવેકવાળા વિવેકહીન અને સકામ મનુષ્યોની બુદ્ધિ ખરેખર તો ઘણા વિભાગોવાળી અને અનંત હોય છે. (૪૧)

**યામિમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ ।**
**વેદવાદરતાઃ પાર્થ નાન્યદસ્તીતિ વાદીનઃ ॥૪૨॥**

**કામાત્માનઃ સ્વર્ગપરા જન્મકર્મફલપ્રદામ્ ।**
**ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ ॥૪૩॥**

**ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાપહૃતચેતસામ્ ।**
**વ્યવસાયાત્મિકા બુદ્ધિ સમાધૌ ન વિધીયતે ॥૪૪॥**

**સંધિવિગ્રહ : યામિમાં** - યામ્ + ઇમાં; **પ્રવદન્ત્યવિપશ્ચિતઃ** - પ્રવદન્તિ + અવિપશ્ચિતઃ; **નાન્યદસ્તીતિ** - ન + અન્યત્ + અસ્તિ + ઇતિ; **સ્વર્ગપરા જન્મકર્મફલપ્રદામ્** - સ્વર્ગપરાઃ + જન્મકર્મફલપ્રદાં; (**ભોગૈશ્વર્યગતિં** - ભોગ + ઐશ્વર્યગતિં); **તપાપહ્યતચેતસામ્** - તયા + અપહૃતચેતસાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **કામાત્માનઃ** - જે ભોગોમાં જ તન્મય રહે છે તેવા; **વેદવાદરતાઃ** - જે કર્મફલના પ્રશંસક વેદવાક્યોમાં જ પ્રીતિ રાખનારા; **સ્વર્ગપરાઃ** - જેમની દૃષ્ટિએ; સ્વર્ગ જ પરમ પ્રાપ્ય વસ્તુ છે. (તથા સ્વર્ગથી ચડિયાતું; **અન્યત્** - અન્ય (બીજી) કોઈપણ વસ્તુ; **ન અસ્તિ** - નથી; **ઈતિ** - એમ; **વાદિનઃ** - કહેનારા છે; (તે); **અવિપશ્ચિતઃ** - અવિવેકી મનુષ્યો; **ઈમાં** - આ પ્રકારની; **યાં** - જે; **પુષ્પિતાં** - દેખાડાવાળી (આડંબરભરી) શોભાયુક્ત; **વાચં** - વાણીને; **પ્રવદન્તિ** - કહ્યા કરે છે (જો કે); **જનકર્મફલપ્રદાં** - જન્મરૂપ કર્મફળ દેનારી (તેમજ); **ભોગેશ્વર્યગતિં પ્રતિ** - ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ માટે; **ક્રિયાવિશેષબહુલાં** - અનેક પ્રકારની ઘણી ક્રિયાઓનું વર્ણન કરે છે; **તથા** - તે વાણી દ્વારા; **અપહૃતચેતસાં** - જેમનાં ચિત્ત હરાઈ ગયાં છે; **ભોગૈશ્વર્યપ્રસકતાનાં** - જે ભોગ અને ઐશ્વર્યમાં ખૂબ જ આસક્ત છે તે પુરુષોની; **સમાધૌ** - સમાધિમાં (અહીં પરમાત્મામાં અર્થ લેવાનો છે); **વ્યવસાયાત્મિકા** - નિશ્ચયપૂર્વકની; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **ન વિધીયતે** - હોતી નથી;

**ભાવાર્થ :** હે અર્જુન ! જે ભોગોમાં જ તન્મય રહે છે તેવા, જે વેદવાક્યોમાં જ પ્રીતિ રાખનારા છે; જેમની દષ્ટિએ સ્વર્ગ જ પરમ પ્રાપ્ય વસ્તુ છે તેમજ સ્વર્ગથી ચડિયાતી અન્ય બીજી કોઈપણ વસ્તુ નથી એમ કહેનારરા છે તે અવિવેકી મનુષ્યો આ પ્રકારની જે દેખાડાવાળી (આડંબરી) શોભાયુક્ત વાણી કહ્યા કરે છે તેમજ તે વાણી દ્વારા જેમનાં ચિત્ત હરાઈ ગયાં છે, જે ભોગ અને ઐશ્વર્યમાં ખૂબ જ આસક્ત છે તે પુરુષોની પરમાત્મામાં નિશ્ચયપૂર્વકની બુદ્ધિ હોતી નથી. (૪૨, ૪૩, ૪૪)

**ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ।**
**નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ॥૪૫॥**

**સંધિવિગ્રહ : ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન** ત્રૈગુણ્યવિષયાઃ + વેદાઃ + નિસ્ત્રૈગુણ્યઃ + ભવ + અર્જુન; **નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્** - નિર્દ્વન્દ્વઃ + નિત્યસત્ત્વસ્થઃ + નિર્યોગક્ષેમઃ + આત્મવાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **વેદાઃ** - વેદો; **ત્રૈગુણ્યવિષયાઃ** - ત્રણ ગુણોના કાર્યરૂપ સમસ્ત ભોગ તેમજ તેનાં સાધનોનું પ્રતિપાદન કરે છે (માટે તારે); **નિસ્ત્રૈગુણ્યઃ** - તે ભોગ તથા તેનાં સાધનોમાં આસક્તિરહિત; **નિર્દ્વન્દ્વઃ** - હર્ષશોકથી રહિત; **નિત્યસત્ત્વસ્થઃ** - નિત્ય વસ્તુ પરમાત્મામાં રહેલ; **નિર્યોગક્ષેમઃ** - યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) અને ક્ષેમ (પ્રાપ્ત

વસ્તુનું રક્ષણ)ને ન ચાહનાર (તથા); **આત્મવાન્** - સ્વાધીન અંતઃકરણવાળા હોય છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! વેદો ત્રણે ગુણોના કાર્યરૂપ સમસ્ત ભોગ તેમજ તેનાં સાધનોનું પ્રતિપાદન કરે છે; (માટે તારે) તે ભોગ તથા તેનાં સાધનોમાં આસક્તિરહિત હર્ષશોકરૂપી દ્વન્દ્વરહિત થવું તેમ જ યોગ તથા ક્ષેમને ન ચાહનાર સ્વાધીન અંતઃકરણવાળા થવું. (૪૫)

**યાવાનર્થ ઉદપાને સર્વતઃ સમ્પ્લુતોદકે ।**
**તાવાન્સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ॥૪૬॥**

**સંધિવિગ્રહ : યાવનર્થ ઉદપાને** - યાવાન્ + અર્થઃ + ઉદપાને; (**સમ્પ્લુતોદક** - સમ્પ્લુત + ઉદક); **તાવાન્સર્વેષુ** - તાવાન્ + સર્વેષુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વતઃ** - ચારે (બધી) તરફથી; **સમ્પ્લુતોદકે** - ભરપૂર જળાશય; (પ્રાપ્ત થતાં); **ઉદપાને** - નાના જળાશયમાં (મનુષ્યને); **યાવાન્** - જેટલું; **અર્થઃ** - પ્રયોજન (હોય છે); (તેટલું જ); **વિજાનતઃ** - તત્ત્વથી જાણનારા; **બ્રાહ્મણસ્ય** - બ્રાહ્મણને; **સર્વેષુ વેદેષુ** - સર્વ વેદોમાં; **તાવન્** - તેટલું જ (પ્રયોજન) (રહે છે);

**ભાવાર્થ :** ચારે તરફથી ભરપૂર જળાશય પ્રાપ્ત થતાં નાના જળાશયમાં જેટલું પ્રયોજન હોય છે; તેમ તત્ત્વથી જાણનારા બ્રાહ્મણને સર્વ વેદોમાં તેટલું જ પ્રયોજન રહે છે. (૪૬)

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।**
**મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ ॥૪૭॥**

**સંધિવિગ્રહ : કર્મણ્યેવાધિકારસ્તે** - કર્મણિ + એવ + અધિકારઃ + તે; **કર્મફલહતુર્ભૂર્મા** - કર્મફલહેતુઃ + ભૂઃ + મા; **સઙ્ગોઽસ્ત્વકર્મણિ** - સંગઃ + અસ્તુ + અકર્મણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે** - તારો; **કર્મણિ** - કર્મ (કરવામાં જ); **અધિકારઃ** - અધિકાર છે; **ફલેષુ** - ફળમાં; (ફળ પ્રાપ્ત કરવામાં); **કદાચન** - કદી પણ; **મા** - નથી; (તેથી); **કર્મફલહેતુઃ** - કર્મના ફળ માટે (ફળ પ્રાપ્ત કરવામાં); **તે** - તારી; **અકર્મણિ** - કર્મ ન કરવામાં (પણ); **સંગઃ** - આસક્તિ; **મા અસ્તુ** - ન હોવી જોઈએ;

**ભાવાર્થ :** તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળ પ્રાપ્ત કરવામાં કદી પણ નથી, તેથી ફળ પ્રાપ્ત કરવામાં પણ તારી આસક્તિ ન હોવી જોઈએ. (૪૭)

**યોગસ્થ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનઞ્જય ।**
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥૪૮॥**

**સંધિવિગ્રહ : સમો ભૂત્વા** - સમઃ + ભૂત્વા; **યોગ ઉચ્યતે** - યોગઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ધનંજય** - હે ધનંજય (અર્જુન);

**સંગં** - આસક્તિ; **ત્યકત્વા** - ત્યજીને (તેમજ); **સિદ્ધયસિદ્ધયોઃ** - સિદ્ધિ અને અસિદ્ધિમાં; (તારે); **સમ** - સમાન (બુદ્ધિવાળા); **ભૂત્વા** - થઈને; **યોગસ્થઃ** - યોગમાં સ્થિતિ કરીને (રહીને); **કર્માણિ** - કર્મ; **કુરુ** - કરવાં; **સમત્વં** - સમત્વ જ (સમાન બુદ્ધિવાળા થવું તેને જ); **યોગઃ** - યોગ; **ઉચ્યતે** - કહેવાય છે.

**ભાવાર્થ :** હે અર્જુન ! આસક્તિ છોડીને તેમજ સિદ્ધિ અને અસિદ્ધિમાં તારે સમાન બુદ્ધિવાળા થઈને યોગમાં રહીને કર્મ કરવાં; સમાન બુદ્ધિવાળા થવું તેને જ યોગ કહેવાય છે. (૪૮)

**દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનઞ્જય ।**
**બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥૪૯॥**

**સંધિવિગ્રહ : હ્યવરં** - હિ + અવરં; **બુદ્ધિયોગાદ્ધનઞ્જય** - બુદ્ધિયોગાત્ + ધનંજય; **શરણમન્વિચ્છ** - શરણમ્ + અન્વિચ્છ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (આ સમાન બુદ્ધિવાળો યોગ); **બુદ્ધિયોગાત્** - બુદ્ધિયોગથી; **કર્મ** - (સકામ) કર્મ; **દૂરેણ** - અત્યંત (જ); **અવરં** - નિમ્ન કક્ષાનો છે (તેથી); **ધનંજય** - હે ધનંજય; **બુદ્ધૌ** - સમબુદ્ધિમાં (જ); **શરણં** - શરણ (રક્ષણ)નો ઉપાય; **અન્વિચ્છ** - શોધ (બુદ્ધિયોગનો જ આશ્રય કર); **હિ** - કેમ કે; **ફલહેતવઃ** - ફળનો હેતુ બનનારા (ફળની અપેક્ષા રાખનારા) જનો; **કૃપણાઃ** - અત્યંત દીન છે. (કૃપણનો અર્થ અહીં 'દીન' કરવો); (અત્યંત દયાને પાત્ર છે);

**ભાવાર્થ :** બુદ્ધિયોગથી સકામ કર્મ કરવાં તે અત્યંત જ નિમ્ન કક્ષાનાં છે, તેથી હે અર્જુન ! સમબુદ્ધિમાં શરણનો ઉપાય શોધ; કેમ કે ફળનું પ્રયોજન બનનારા (ફળની અપેક્ષા રાખનારા) અત્યંત દયાને પાત્ર છે. (૪૯)

**બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।**
**તસ્માદ્યોગાય યુજ્યસ્ય યોગઃ કર્મસુ કૌશલમ્ ॥૫૦॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિયુક્તો જહાતીહ** - બુદ્ધિયુક્તઃ + જહાતિ + ઈહ; **તસ્માદ્યોગાય** - તસ્માત્ + યોગાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : બુદ્ધિયુક્તઃ** - સમબુદ્ધિવાળો (પુરુષ); **સુકૃતદુષ્કૃતે ઉભે** - પુણ્ય અને પાપ બન્ને; **ઈહ** - આ લોકમાં (જ); **જહાતિ** - ત્યજી દે છે; **તસ્માત્** - તેથી (તું); **યોગઃ** - સમત્વ રૂપી યોગ માટે; **યુજયસ્વ** - લાગીજા (પ્રવૃત્ત થઈ જા) (કારણ કે); **યોગઃ** - સમત્વરૂપી યોગ જ; **કર્મસુ** - કર્મોમાં; **કૌશલં** - કુશળતા છે; (એટલે કે કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે)

**ભાવાર્થ :** સમબુવાળો મનુષ્ય પાપ અને પુણ્ય બન્નેને આ લોકમાં ત્યજી દે છે; તેથી તું સમત્વરૂપી યોગ માટે પ્રવૃત્ત થઈ જા, કારણ કે સમત્વરૂપી યોગ જ કર્મોમાં કુશળતા છે (એટલે કે કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે. (૫૦)

**કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યકત્વા મનીષિણઃ ।**
**જન્મબન્ધવિનિર્મુક્તાઃ પદં ગચ્છન્ત્યનામયમ્ ॥૫૧॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિયુક્તા હિ** - બુદ્ધિયુક્તાઃ + હિ; **ગચ્છન્ત્યનામયમ્** - ગચ્છન્તિ + અનામયમ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **બુદ્ધિયુક્તાઃ** - સમબુદ્ધિવાળા; **મનીષિણઃ** - જ્ઞાનીજનો; **કર્મજં** - કર્મોથી પ્રાપ્ત થનારા; **ફલં** - ફળને; **ત્યકત્વા** - ત્યજીને; **જન્મબન્ધવિનિર્મુક્તાઃ** - જન્મરૂપી બંધનમાંથી મુક્ત થઈ શકે; (તેમજ તેથી); **અનામયં** - નિર્વિકારી; **પદં** - (પરમ) પદને; **ગચ્છન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** કેમકે સમબુદ્ધિવાળા જ્ઞાનીજનો કર્મોથી પ્રાપ્ત થનારા ફળને ત્યજીને જન્મરૂપી બંધનમાંથી મુક્ત થાય (થઈ શકે) – તેમજ તેથી નિર્વિકારી પરમ પદને પામે છે. (૫૧)

**યદા તે મોહકલિલં બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ ।**
**તદા ગન્તાસિનિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ॥૫૨॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ** - બુદ્ધિઃ + વ્યતિતરિષ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદા** - જ્યારે; **તે** - તારી; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **મોહ-કલિલં** – મોહરૂપી કળણને (કલિલ – કળણ); **વ્યતિતરિષ્યતિ** - સારી રીતે ઓળંગી જશે; **તદા** - ત્યારે; **શ્રુતસ્ય** - (તું) સાંભળેલા; **ચ** - અને; **શ્રોતસ્ય** - સાંભળવા બાકી રહેલા આ લોક તેમજ પરલોક સંબંધી બધાય ભોગો પ્રત્યે; **નિર્વેદં** - વૈરાગ્ય; **ગંતાસિ** - પામશે;

**ભાવાર્થ :** જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કળણ (ફસામણ)ને સારી રીતે ઓળંગી જશે ત્યારે તું સાંભળેલા અને સાંભળવા બાકી રહેલા આ લોક તેમજ પરલોક સંબંધી બધાય ભોગો પ્રત્યે વૈરાગ્ય પામીશ. (૫૨)

**શ્રુતિવિપ્રતિપન્ના તે સદા સ્થાસ્યતિ નિશ્ચલા ।**
**સમાધાવચલા બુદ્ધિસ્તદા યોગમવાપ્સ્યસિ ॥૫૩॥**

**સંધિવિગ્રહ : સમાધાવચલા** - સમાધૌ + અચલા; **બુદ્ધિસ્તદા** - બુદ્ધિઃ + તદા; **યોગમવાપ્સ્યસિ** - યોગમ્ + અવાપ્સ્યસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : શ્રુતિ** - (અનેક પ્રકારનાં વચનો) સાંભળવાથી; **વિપ્રતિપન્ના** - વિચલિત થયેલી; **તે** - તારી; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **યદા** - જ્યારે; **સમાધૌ** - પરમાત્મામાં; **નિશ્ચલા** - નિશ્ચલ; (અને) **અચલા** - સ્થિર; **સ્થાસ્યસિ** - થઈ જશે; **તદા** - ત્યારે (તું); **યોગં** - યોગને; **અવાપ્સ્યસિ** - પ્રાપ્ત કરશે. (તારો પરમાત્મા સાથે નિત્ય સંયોગ થઈ જશે.)

**ભાવાર્થ :** અનેક પ્રકારનાં વચનો સાંભળવાથી વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે પરમાત્મામાં નિશ્ચલ અને સ્થિર થઈ જશે ત્યારે તું યોગને પ્રાપ્ત કરીશ (તારો પરમાત્મા સાથે નિત્ય સંયોગ થઈ જશે.) (૫૩)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા

**સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।**
**સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥૫૪॥**

**સંધિવિગ્રહ : કિમાસીત** - કિં + આસીત;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કેશવ** - હે કેશવ; **સમાધિસ્થસ્ય** - સમાધિમાં સ્થિત; **સ્થિતપ્રજ્ઞસ્ય** - પરમાત્માને પામેલા સ્થિર બુદ્ધિવાળા પુરુષની (પુરુષનું); **કા** - કઈ (શું); **ભાષા** - ભાષા; (લક્ષણ છે); **સ્થિતધીઃ** - સ્થિર બુદ્ધિવાળો પુરુષ; **કિં** - કેવી રીતે; **પ્રભાષેત** - બોલે છે; (અને); **કિં આસીત** - કેવી રીતે બેસે છે; (અને) **કિં વ્રજેત** - કેવી રીતે ચાલે છે;

**ભાવાર્થ :** હે કેશવ ! સમાધિમાં સ્થિત પરમાત્માને પામેલા સ્થિર બુદ્ધિવાળા પુરુષનું શું લક્ષણ છે ? સ્થિર બુદ્ધિવાળો પુરુષ કેવી રીતે બોલે, બેસે અને ચાલે છે ? (૫૪)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**પ્રજહાતિ યદા કામાન્સર્વાન્પાર્થ મનોગતાન્ ।**
**આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥૫૫॥**

**સંધિવિગ્રહ : કામાન્સર્વાન્પાર્થ** - કામાન્ + સર્વાન્ + પાર્થ; **આત્મન્યેવાત્મના** - આત્મનિ + એવ + આત્મના; **સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે** - સ્થિતપ્રજ્ઞઃ + તદા + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન ! **યદા** - જ્યારે

(આ) (પુરુષ); **મનોગતાન્** - મનમાં રહેલી; **સર્વાન્** - સર્વ; **કામાન્** - કામનાઓને; **પ્રજહાતિ** - સારી પેઠે ત્યજી દે છે; **આત્મના** - (અને) આત્માથી; **આત્મનિ એવ** - આત્મામાં જ; **તુષ્ટઃ** - સંતુષ્ટ (રહે છે); **તદા** - ત્યારે (તે) (તેને); **સ્થિતપ્રજ્ઞઃ ઉચ્યતે** - સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

**ભાવાર્થ :** હે અર્જુન ! જ્યારે આ પુરુષ મનમાં રહેલી સર્વ કામનાઓને સારી પેઠે ત્યજી દે છે અને આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે છે ત્યારે (તે) તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. (૫૫)

**દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।**
**વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૫૬॥**

**સંધિવિગ્રહ : દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ** - દુઃખેષુ + અનુદ્વિગ્નમનાઃ; **સ્થિતધીર્મુનિરુચ્યતે** - સ્થિતધીઃ + મુનિઃ ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ) **દુઃખેષુ** - દુઃખો (આવી પડે ત્યારે); **અનુદ્વિગ્નમનાઃ** - જેના મનાં ઉદ્વેગ (વ્યાકુળતા) થતો નથી; **સુખેષુ** - સુખો પ્રાપ્ત થતાં; **વિગતસ્પૃહઃ** - જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હોય છે (તથા); **વીતરાગભયક્રોધઃ** - જેના રાગ (આસક્તિ); ભય અને ક્રોધ નાશ પામ્યા છે (તેવા); **મુનિઃ** - મુનિ; **સ્થિતધીઃ** - સ્થિરબુદ્ધિ; **ઉચ્યતે** - કહેવામાં આવે છે (કહેવાય છે);

**ભાવાર્થ :** તેમજ દુઃખો આવી પડે ત્યારે જેના મનમાં ઉદ્વેગ થતો નથી તથા સુખો પ્રાપ્ત થતાં જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ

હોય છે તથા જેવા રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે તેવા મુનિને સ્થિરબુદ્ધિ કહેવામાં આવે છે. (૫૬)

**યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।**
**નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥**

**સંધિવિગ્રહ : સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય** - સર્વત્ર + અનભિસ્નેહઃ + તત્ + તત્ + પ્રાપ્ય; (**શુભાશુભમ્** - શુભ + અશુભમ્); **નાભિનન્દતિ** - ન + અભિનન્દતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે (પુરુષ); **સર્વત્ર** - સર્વત્ર; **અનભિસ્નેહઃ** - સ્નેહરહિત થયેલો; **તત્ તત્** - તે તે; **શુભાશુભં** - શુભ યા અશુભ; **પ્રાપ્ય** - મેળવીને; **ન અભિનન્દતિ** - પ્રસન્ન થતો નથી (કે); **ન દ્વેષ્ટિ** - દ્વેષ કરતો નથી; **તસ્ય** - તેની; **પ્રજ્ઞા** - બુદ્ધિ; **પ્રતિષ્ઠિતા** - સ્થિર છે;

**ભાવાર્થ :** જે પુરુષ સર્વત્ર સ્નેહરહિત (થયેલો હોય છે) તે તે શુભ યા અશુભ મેળવીને (પ્રાપ્ત કરીને) પણ નથી પ્રસન્ન થતો યા નથી દ્વેષ કરતો તેની બુદ્ધિ સ્થિર છે. (૫૭)

**યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥**

**સંધિવિગ્રહ : ચાયં** - ચ + અયં; **કૂર્મોઽઙ્ગાનીવ** - કૂર્મઃ + અંગાનિ + ઈવ; **ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય** - ઈન્દ્રિયાણિ

+ ઈન્દ્રિયાર્થેભ્યઃ + તસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - અને; **કૂર્મઃ** - કાચબો; **સર્વશઃ** - બધી બાજુએથી (પોતાનાં); **અંગાનિ** - અંગોને; **ઈવ** - જેમ; **સંહરતે** - સંકોરી લે છે; (તેમજ); **યદા** - જ્યારે; **અયં** - આ (પુરુષ); **ઈન્દ્રિયાર્થેભ્યઃ** - ઈન્દ્રિયોના વિષયોમાંથી; **ઈન્દ્રિયાણિ** - (પોતાની) ઈન્દ્રિયોને; **સંહરતે** - સર્વ પ્રકારથી હટાવી (ખેંચી) લે છે; (ત્યારે); **તસ્ય** - તેની; **પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા** - બુદ્ધિ સ્થિર થાય છે (એમ સમજવું);

**ભાવાર્થ :** (અને) કાચબો બધી બાજુએથી પોતાનાં અંગોને જેમ સંકોરી લે છે તેમ જ જ્યારે આ પુરુષ (પણ) ઈન્દ્રિયોના વિષયોમાંથી પોતાની ઈન્દ્રિયોને સર્વ પ્રકારે ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે (એમ સમજવું). (૫૮)

**વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥૫૯॥**

**સંધિવિગ્રહ : વિષયા વિનિવર્તન્તે** - વિષયાઃ + વિનિવર્તન્તે; **નિરાહારસ્ય** - નિઃ + આહારસ્ય; **રસોઽપ્યસ્ય** - રસઃ + અપિ + અસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નિરાહારસ્ય** - (અહીં આહારનો અર્થ 'વિષય' છે); (ઈન્દ્રિયો દ્વારા) વિષયોને ગ્રહણ ન કરનાર; **દેહિનઃ** - પુરુષના (યે); **વિષયાઃ** - વિષયો (તો); **વિનિવર્તન્તે**

- નિવૃત્ત થઈ જાય છે (પરંતુ તેમાં રહેલી); **રસવર્જ** - આસક્તિ નિવૃત્ત થતી નથી; **અસ્ય** - આ (સ્થિતપ્રજ્ઞ પુરુષની તો); **રસઃ** – આસક્તિ; **અપિ** - પણ; **પરં** - પરમાત્માને(નો); **દૃષ્ટ્વા** - જોઈને (સાક્ષાત્કાર કરીને); **નિવર્તતે** - નિવૃત્ત થઈ જાય છે; (પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી એની સંસાર પ્રત્યે લેશમાત્ર આસક્તિ રહેતી નથી);

**ભાવાર્થ :** ઈન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ ન કરનાર પુરુષના વિષયો તો નિવૃત્ત થઈ જાય છે, પરંતુ તેમાં રહેલી આસક્તિ નિવૃત્ત થતી નથી. આ સ્થિતપ્રજ્ઞ પુરુષની તો આસક્તિ પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને નિવૃત્ત થઈ જાય છે. (સંસાર પ્રત્યે લેશમાત્ર આસક્તિ રહેતી નથી.) (૫૯)

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।**
**ઈન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥૬૦॥**

**સંધિવિગ્રહ : યતતો હ્યપિ** - યતતઃ + હિ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે અર્જુન; **હિ** - આસક્તિનો નાશ ન થવાને કારણે; **પ્રમાથિની** - મંથન કરી નાંખવાના સ્વભાવવાળી (આ); **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયો; **યતતઃ** - યત્ન કરનારા; **વિપશ્ચિતઃ** - બુદ્ધિમાન; **પુરુષસ્ય** - પુરુષના; **મનઃ** - મનને; **અપિ** - પણ; **પ્રસભં** - પરાણે; **હરન્તિ** - હરી લે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! આસક્તિનો નાશ ન થવાને

કારણે મંથન કરી નાખવાના સ્વભાવવાળી આ ઈન્દ્રિયો પ્રયત્ન કરનારા બુદ્ધિમાન મનુષ્યનાં મનને પણ પરાણે (બળજબરીથી) હરી લે છે. (૬૦)

**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૧॥**

**સંધિવિગ્રહ : યુક્ત આસીત** - યુક્તઃ + આસીત; **યસ્યેન્દ્રિયાણિ** - યસ્ય + ઈન્દ્રિયાણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તાનિ** - તે; **સર્વાણિ** - તમામ (ઈન્દ્રિયોને); **સંયમ્ય** - વશ કરીને; **યુક્તઃ** - એકાગ્ર ચિત્તવાળો (પુરુષ); **મત્પરઃ** - મારામાં પરાયણ થઈને; **આસીત** - (ધ્યાનમાં) બેસે; **હિ** - કારણ કે; **યસ્ય** - જેની; **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયો; **વશે** - વશમાં હોય છે; **તસ્ય** - પુરુષની; **પ્રજ્ઞા** - બુદ્ધિ; **પ્રતિષ્ઠિતા** - સ્થિર થાય છે;

**ભાવાર્થ :** તે તમામ ઈન્દ્રિયોને વશ કરીને એકાગ્ર ચિત્તવાળો પુરુષ મારામાં પરાયણ થઈને ધ્યાનમાં બેસે; કારણ કે જેની ઈન્દ્રિયો વશમાં હોય છે તે પુરુષની બુદ્ધિ સ્થિર થાય છે. (૬૧)

**ધ્યાયતો વિષયાન્ પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે ।**
**સઙ્ગાત્સઞ્જાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥૬૨॥**

**સંધિવિગ્રહ : ધ્યાયતો વિષયાન્ પુંસઃ** - ધ્યાયતઃ +

વિષયાન્ + પુંસઃ; **સઙ્ગસ્તેષૂપજાયતે** - સંગઃ + તેષુ + ઉપજાયતે; **સઙ્ગાત્સઞ્જાયતે** - સંગાત્ + સંજાયતે; **કામાત્ક્રોધોઽભિજાયતે** - કામાત્ + ક્રોધઃ + અભિજાયતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિષયાન્** - વિષયોનું; **ધ્યાયતઃ** - ધ્યાન (ચિંતન) કરનારા; **પુંસઃ** - પુરુષોને; **તેષુ** - તે વિષયોમાં; **સંગઃ** - આસક્તિ; **ઉપજાયતે** - ઉત્પન્ન થાય છે; **સંગાત્** - આસક્તિથી; **કામઃ** - (તે વિષયોની) કામના;

**સંજાયતે** - ઉત્પન્ન થાય છે (અને); **કામાત્** - કામનામાંથી (વિઘ્ન આવવાથી); **ક્રોધઃ** - ક્રોધ; **અભિજાયતે** - ઉત્પન્ન થાય છે;

**ભાવાર્થ :** વિષયોનું ચિંતન કરનારા પુરુષને તે વિષયોમાં આસક્તિ ઉત્પન્ન થાય છે; આસક્તિથી તે વિષયોની કામના ઉત્પન્ન થાય છે અને કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. (૬૨)

**ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥૬૩॥**

**સંધિવિગ્રહ : ક્રોધાદ્ભવતિ** - ક્રોધાત્ + ભવતિ; **સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ** - સંમોહાત્ + સ્મૃતિવિભ્રમઃ; **સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશોબુદ્ધિનાશાત્પ્રણશ્યતિ** - સ્મૃતિભ્રંશાત્ + બુદ્ધિનાશઃ + બુદ્ધિનાશાત્ + પ્રણશ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ક્રોધાત્** - ક્રોધથી; **સંમોહઃ** -

અતિશય મૂઢતા; **ભવતિ** - ઉત્પન્ન થાય છે; **સંમોહાત્** - અતિશય મૂઢતાથી; **સ્મૃતિવિભ્રમઃ** - સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે; **સ્મૃતિભ્રંશાત્** - સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી; **બુદ્ધિનાશઃ** - જ્ઞાનશક્તિનો નાશ થાય છે; **બુદ્ધિનાશાત્** - અને બુદ્ધિનો નાશ થવાથી; **પ્રણશ્યતિ** - પુરુષનું પોતાના સ્થાનમાંથી પતન થાય છે;

**ભાવાર્થ :** ક્રોધથી અતિશય મૂઢતા ઉત્પન્ન થાય છે અને તેનાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે; સ્મૃતિભ્રમ ઊભો થવાથી જ્ઞાનશક્તિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી પુરુષનું પોતાના સ્થાનમાંથી પતન થાય છે. (૬૩)

**રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।**
**આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥૬૪॥**

**સંધિવિગ્રહ : રાગદ્વેષવિયુક્તૈસ્તુ** - રાગદ્વેષવિયુક્તૈઃ + તુ; **વિષયાનિન્દ્રિયૈશ્ચરન્** - વિષયાન્ + ઈન્દ્રિયૈઃ + ચરન્; **આત્મવશ્યૈર્વિધેયાત્મા** - આત્મવશ્યૈઃ + વિધેયાત્મા; **પ્રસાદમધિગચ્છતિ** - પ્રસાદમ્ + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **વિધેયાત્મા** - સ્વાધીન અંતઃકરણનો સાધક; **આત્મવશ્યૈઃ** - પોતાના વશમાં કરેલી; **રાગદ્વેષવિયુક્તૈઃ** - રાગદ્વેષરહિત; **ઈન્દ્રિયૈઃ** - ઇંદ્રિયો દ્વારા; **વિષયાન્** - વિષયોમાં; **ચરન્** - વિચરણ કરતો હોવા છતાં અંતઃકરણની; **પ્રસાદં** - આધ્યાત્મિક પ્રસન્નતા; **અધિગચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** પરંતુ સ્વાધીન અંતઃકરણનો સાધક પોતાના વશમાં કરેલી રાગદ્વેષરહિત ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં વિચરણ કરતો હોવા છતાં અંતઃકરણની આધ્યાત્મિક પ્રસન્નતા પામે છે. (૬૪)

**પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।**
**પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૬૫॥**

**સંધિવિગ્રહ : હાનિરસ્યોપજાયતે** - હાનિઃ + અસ્ય + ઉપજાયતે; **પ્રસન્નચેતસો હ્યાશુ** - પ્રસન્નચેતસઃ + હિ + આશુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રસાદે** - અંતઃકરણ પ્રસન્ન થતાં; **અસ્ય** - આનાં; **સર્વદુઃખાનાં** - સર્વ દુઃખોનો; **હાનિઃ** - અભાવ; **ઉપજાયતે** - થઈ જાય છે (અને તે); **પ્રસન્નચેતસઃ** - પ્રસન્નચિત્ત કર્મયોગીની; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **આશુ** - તરત જ; **હિ** - બધી બાજુએથી દૂર થઈને એક પરમાત્મામાં જ; **પર્યવતિષ્ઠતે** - સારી પેઠે સ્થિર થઈ જાય છે;

**ભાવાર્થ :** અંતઃકરણ પ્રસન્ન થતાં આનાં સર્વદુઃખોનો અભાવ થઈ જાય છે અને તે પ્રસન્નચિત્ત કર્મયોગીની બુદ્ધિ તરત જ બધી વસ્તુઓથી દૂર થઈને એક પરમાત્મામાં જ સારી પેઠે સ્થિર થઈ જાય છે. (૬૫)

**નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।**
**ન ચાભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખમ્ ॥૬૬॥**

**સંધિવિગ્રહ : નાસ્તિ** - ન + અસ્તિ; **બુદ્ધિરયુક્તસ્ય** -

બુદ્ધિઃ + અયુક્તસ્ય; **ચાયુકતસ્ય** - ચ + અયુક્તસ્ય; **ચાભાવયતઃ** ચ + અભાવયતઃ; **શાન્તિરશાન્તસ્ય** - શાંતિઃ + અશાંતસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અયુક્તસ્ય** - (જે પુરુષે) મન અને ઈન્દ્રિયોને જીત્યાં નથી તેનામાં; **બુદ્ધિઃ** - નિશ્ચયાત્મિકા બુદ્ધિ; **ન અસ્તિ** - હોતી નથી; **ચ** - તેમજ; **અયુક્તસ્ય** - તે અયુક્ત પુરુષનાં અંતઃકરણમાં; **ભાવના ન** - ભાવના પણ થતી નથી; **ચ** - અને; **અભાવયતઃ** - ભાવના વગરના પુરુષોને; **શાંતિઃ ન** - શાંતિ મળતી નથી; (તથા) **અશાંતસ્ય** - શાંતિવિહોણાને; **સુખં** - સુખ; **કુતઃ** - ક્યાંથી મળે;

**ભાવાર્થ :** જે પુરુષે મન અને ઈન્દ્રિયોને જીત્યાં નથી તેનામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ હોતી નથી તેમજ તે અયુક્ત પુરુષના અંતઃકરણમાં ભાવના પણ થતી નથી; અને ભાવના વગરના પુરુષને શાંતિ મળતી નથી તથા શાંતિવિહોણાને સુખ ક્યાંથી મળે ? (૬૬)

**ઈન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોઽનુવિધીયતે ।**
**તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥૬૭॥**

**સંધિવિગ્રહ : યન્મનોઽનુવિધીયતે** - યત્ + મનઃ + અનુવિધીયતે; **તદસ્ય** - તત્ + અસ્ય; **વાયુર્નાવમિવામ્ભસિ** - વાયુઃ + નાવમ્ + ઈવ + અમ્ભસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; **ઈવ** - જેમ;

**અમ્ભસિ** - પાણીમાં (ચાલનારી); **નાવં** - નૌકાને; **વાયુઃ** - પવન; **હરતિ** - ખેંચી જાય છે (તે જ પ્રમાણે); **ચરતાં** - વિષયોમાં વિચરતી; **ઈન્દ્રિયાણાં** - ઈન્દ્રિયોમાંથી; **યત્‌** - જે ઈન્દ્રિયની; **અનુ** - સાથે; **મનઃ** - મન; **વિધીયતે** - રહે છે; **તત્‌** - તે (એકલી ઈન્દ્રિય); **અસ્ય** - આ (અયુક્તં પુરુષ)ની; **પ્રજ્ઞાં** - બુદ્ધિને; **હરતિ** - હરી લે છે;

**ભાવાર્થ :** કારણ કે જેમ પાણીમાં ચાલનારી નૌકાને પવન ખેંચી જાય છે તે જ પ્રમાણે વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોમાંથી જે ઈન્દ્રિયની સાથે મન રહે છે તે એકલી ઈન્દ્રિય આ અયુક્ત પુરુષની બુદ્ધિને હરી લે છે. (૬૭)

**તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૮॥**

**સંધિવિગ્રહ : તસ્માદ્યસ્ય** - તસ્માત્‌ + યસ્ય; **ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય** - ઈન્દ્રિયાણી + ઈન્દ્રિયાર્થેભ્યઃ + તસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્‌** - તેથી; **મહાબાહો** - હે મહાબાહુ (અર્જુન); **યસ્ય** - જે (પુરુષની); **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયો; **ઈન્દ્રિયાર્થેભ્યઃ** - ઈન્દ્રિયોના વિષયોથી; **સર્વશઃ** - સર્વ પ્રકારે; **નિગૃહીતાનિ** - નિગ્રહ કરાયેલી છે; **તસ્ય** - તેની; **પ્રજ્ઞા** - બુદ્ધિ; **પ્રતિષ્ઠિતા** - સ્થિર છે;

**ભાવાર્થ :** તેથી હે મહાબાહુ અર્જુન ! જે પુરુષની ઈન્દ્રિયો ઈન્દ્રિયોનાં વિષયોથી સર્વ પ્રકારે નિગ્રહ કરાયેલી છે તેની બુદ્ધિ સ્થિર છે. (૬૮)

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥૬૯॥**

**સંધિવિગ્રહ : પશ્યતો મુનેઃ** - પશ્યતઃ + મુનેઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વભૂતાનાં** - સર્વ પ્રાણીઓ માટે; **યા** – જે; **નિશા** - રાત્રિ (સમાન) છે; **તસ્યાં** - તે (નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિમાં; **સંયમી** - સ્થિતપ્રજ્ઞ યોગી; **જાગર્તિ** - જાગે છે; (અને) **યસ્યાં** - જે નાશવંત સંસારનાં સુખોની પ્રાપ્તિમાં; **ભૂતાનિ** - સર્વ પ્રાણીઓ; **જાગર્તિ** - જાગે છે (તે); **પશ્યત** - પરમાત્માના તત્ત્વને જાણનારા; **મુનેઃ** - મુનિ માટે; **સા નિશા** - તે રાત્રિ સમાન છે;

**ભાવાર્થ :** સર્વ પ્રાણીઓ માટે જે રાત્રિ સમાન છે તે નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાનંદની પ્રાપ્તિમાં સ્થિતપ્રજ્ઞ યોગી જાગે છે અને જે નાશવંત સંસારનાં સુખોની પ્રાપ્તિમાં સર્વ પ્રાણીઓ જાગે છે તે પરમાત્માના તત્ત્વને જાણનારા મુનિ માટે તે રાત્રિ સમાન છે. (૬૯)

**આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં સમુદ્રમાપઃ**
**પ્રવિશન્તિ યદ્વત્ ।**

**તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે સ**
**શાન્તિમાપ્નોતિ ન  કામકામી ॥૭૦॥**

**સંધિવિગ્રહ : આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં** - આપૂર્યમાણં + અચલપ્રતિષ્ઠ; **સમુદ્રમાપઃ** - સમુદ્રં + આપઃ; (**યદ્વત્** - યત્ + વત્); (**તદ્વત્** - તત્ + વત્); **તદ્વત્કામા યં** - તદ્વત્ + કામાઃ + યં; **સ શાન્તિમાપ્રોતિ** - સઃ + શાંતિ + આપ્નોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદ્વત્** - જે પ્રમાણે; (અનેક નદીઓનાં); **આપઃ** - જળ; **આપૂર્યમાણં** - ચારે બાજુથી ભરપૂર; **અચલપ્રતિષ્ઠં** - અચલ પ્રતિષ્ઠાવાળા; **સમુદ્રં** - સમુદ્રમાં તેને વિચલિત કર્યા વિના; **પ્રવિશન્તિ** - પેસે છે, (સમાઈ જાય છે); **તદ્વત્** - તે જ પ્રમાણે; **સર્વે કામાઃ** - સર્વ ભોગો; **યં** - જે સ્થિતપ્રજ્ઞ પુરુષમાં (કોઈપણ પ્રકારનો વિકાસ ઉત્પન્ન કર્યા વગર); **પ્રવિશન્તિ** - સમાઈ જાય છે; **સઃ** - તે જ પુરુષ; **શાંતિં** - પરમ શાંતિ; **આપ્નોતિ** - પામે  છે; **કામકામી** - ભોગોને ઈચ્છનારો; **ન** - નહીં;

**ભાવાર્થ :** જે પ્રમાણે અનેક નદીઓનાં જળ, ચારે બાજુથી ભરપૂર અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં તે (સમુદ્ર)ને વિચલિત કર્યા વિના સમાઈ જાય છે, તે જ પ્રમાણે સર્વ ભોગો જે સ્થિતપ્રજ્ઞ પુરુષમાં કોઈપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વગર સમાઈ જાય છે – તે જ પુરુષ પરમ શાંતિ પામે છે. ભોગોને ઈચ્છનારો નહીં (૭૦)

**વિહાય કામાન્યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥૭૧॥**

**સંધિવિગ્રહ : કામન્યઃ** - કામાન્ + યઃ; **સર્વાન્ પુમાંશ્ચરતિ** - સર્વાન્ + પુમાન્ + ચરતિ; **નિર્મમો નિરહઙ્કારઃ** - નિર્મમઃ + નિરહંકારઃ; **સ શાન્તિમધિગચ્છચિ** - સઃ + શાંતિં + અભિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **પુમાન્** - પુરુષ; **સર્વાન્ કામાન્** - સર્વ કામનાઓને; **વિહાય** - ત્યજીને; **નિર્મમ** - મમતા વિનાનો; **નિરહંકાર** - અહંકાર વિનાનો; (અને) **નિઃસ્પૃહઃ** - સ્પૃહા (ઝંખના) વિનાનો થઈને; **ચરતિ** - વિચરે છે; **સઃ** - તે; (જ); **શાંતિમ્ અધિગચ્છતિ** - શાંતિ આપે છે;

**ભાવાર્થ :** જે પુરુષ સર્વ કામનાઓને ત્યજીને મમતા વિનાનો, અહંકાર વિનાનો અને સ્પૃહા વિનાનો થઈને વિચરે છે તે જ શાંતિ પામે છે. (૭૧)

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પ્રાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।**
**સ્થિત્વાસ્યામન્તકાલેડપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥૭૨॥**

**સંધિવિગ્રહ : નૈનાં** - ન + એનાં; **સ્થિત્વાસ્યામન્તકાલેડપિ** - સ્થિત્વા + અસ્યાં + અન્તકાલે + અપિઃ **બ્રહ્મનિર્વાણમૃચ્છતિ** - બ્રહ્મનિર્વાણમ્ + ઋચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **એષા** - આ; **બ્રાહ્મી સ્થિતિઃ** - બ્રહ્મને પામી ચૂકેલા પુરુષની સ્થિતિ છે; **એનાં** - આને; **પ્રાપ્ય** - પ્રાપ્ત કરીને (પામીને) (યોગી કદી પણ); **ન વિમુહ્યતિ** - મોહ પામતો નથી; **અંતકાલે** - અંત સમયે; **અપિ** - પણ; **અસ્યાં** - આ બ્રાહ્મી સ્થિતિમાં; **સ્થિત્વા** - સ્થિત થઈને (રહીને); **બ્રહ્મનિર્વાણં** - બ્રહ્માનંદને; **ઋચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ બ્રહ્મને પામી ચૂકેલા પુરુષની સ્થિતિ છે, આને પામીને યોગી કદી પણ મોહ પામતો નથી, (તેમજ) અંત સમયે પણ આ બ્રાહ્મી સ્થિતિમાં સ્થિત થઈને બ્રહ્માનંદને પામે છે. (૭૨)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગો નામ દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥**

**॥ સાંખ્યયોગ નામનો બીજો અધ્યાય સમાપ્ત ॥**

•

# તૃતીય અધ્યાય

## (ત્રીજો અધ્યાય)

**અથ તૃતીયોઽધ્યાયઃ ।** **અથ તૃતીયઃ + અધ્યાયઃ ।**

**અર્જુન ઉવાચ** ।અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા

**જયાયસી ચેત્કર્મણરસ્તે મતા બુદ્ધિર્જનાર્દન ।**
**તત્કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ ॥૧॥**

**સંધિવિગ્રહ : ચેત્કર્મણસ્તે** - ચેત્ + કર્મણઃ + તે; **બુદ્ધિર્જનાર્દન** - બુદ્ધિઃ + જનાર્દન; **તત્કિં** - તત્ + કિં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનાર્દન** - હે જનાર્દન; **ચેત્** - જો; **તે** - આપને (આપ); **કર્મણઃ** - કર્મ કરતાં; **બુદ્ધિઃ** - જ્ઞાન(ને); **જયાયસી** - ચડિયાતું; **મતા** - માન્ય છે (માનો છો); **તત્** - તો (પછી); **કેશવ** - હે કેશવ; **માં** - મને; **ઘોરે કર્મણિ** - ભયંકર કર્મ (આ યુદ્ધરૂપી ઘોર કર્મ)માં; **કિં** - શા માટે; **નિયોજયસિ** - જોડો છે;

**ભાવાર્થ :** હે જનાર્દન ! જો આપ એમ માનો છો કે કર્મ કરતાં જ્ઞાન ચડિયાતુ છે તો પછી હે કેશવ ! મને આ યુદ્ધરૂપી ઘોર કર્મમાં શા માટે જોડો છો ? (૧)

**વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયસીવ મે ।**
**તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્ ॥૨॥**

**સંધિવિગ્રહ : વ્યામિશ્રેણેવ** - વ્યામિશ્રેણ + ઈવ;

**મોહયસીવ** - મોહયસિ + ઈવ; **તદેકં** - તત્ + એકં; **શ્રેયોડહમાપ્નુયામ્** - શ્રેયઃ + અહમ્ + આપ્નુયામ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વ્યામિશ્રેણ ઈવ** - (તમે) ભળતાં જેવાં; **વાક્યેન** - વચનોથી; **મે** - મારી; **બુદ્ધિં** - બુદ્ધિને; **મોહયસિ ઈવ** - જાણે ભરમાવી રહ્યા છો; **તત્** - (તો), તેવી; **એકં** - એક (જ) વાતને; **નિશ્ચિત્ય** - નિશ્ચય કરીને; **વદ** - (મને) કહો; (કે) **યેન** - જેનાથી; **અહં** - હું; **શ્રેયઃ** - કલ્યાણ; **આપ્નુયામ્** - પ્રાપ્ન કરું (પામું);

**ભાવાર્થ :** તમે તો ભળતાં જેવાં વચનોથી મારી બુદ્ધિને ભરમાવી રહ્યા છો, તો તેવી એક જ વાત નિશ્ચય કરીને મને કહો કે જેનાથી હું કલ્યાણ પામું. (૨)

**શ્રીભગવાન ઉવાચ** । ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**લોકેડસ્મિન્દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ ।**
**જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્ ॥૩॥**

**સંધિવિગ્રહ : લોકેડસ્મિન્દ્વિવિધા** લોકે + અસ્મિન્ + દ્વિવિધા; **મયાડનઘ** - મયા + અનઘ; (**અનઘ** - અન્ + અઘ; **અઘ** – પાપ; **અનઘ** - નિષ્પાપ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનઘ** - હે નિષ્પાપ (અર્જુન); **અસ્મિન્** - આ; **લોકે** - લોકમાં; **દ્વિવિધા** - બે પ્રકારની; **નિષ્ઠા** - નિષ્ઠા; **મયા** - મારા વડે; **પુરા** - (આ) પહેલાં; **પ્રોક્તા** -

કહેવાઈ ગઈ છે; (તેમનાથી); **સાંખ્યાનાં** - સાંખ્યયોગીઓની (નિષ્ઠા); **જ્ઞાનયોગેન** - જ્ઞાનયોગ દ્વારા; (અને) **યોગિનાં** - યોગીઓની (નિષ્ઠા); **કર્મયોગેન** - કર્મ યોગ દ્વારા થાય છે;

**ભાવાર્થ :** હે નિષ્પાપ (અર્જુન) ! આ લોકમાં બે પ્રકારની નિષ્ઠા મારા વડે આ પહેલાં કહેવાઈ ચૂકી છે, તેમનામાંથી સાંખ્યયોગીઓની નિષ્ઠા જ્ઞાન યોગ દ્વારા અને યોગીઓની નિષ્ઠા કર્મયોગ દ્વારા થાય છે. (૩)

**ન કર્મણામનારમ્ભાન્નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।**
**ન ચ સંન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥૪॥**

**સંધિવિગ્રહ : કર્મણામનારમ્ભાન્નૈષ્કર્મ્યં** - કર્મણામ્ + અનારંભાત્ + નૈષ્કર્મ્યં; **પુરુષોઽશ્નુતે** - પુરુષઃ + અશ્નુતે; **સંન્યસનાદેવ** - સંન્યસનાત્ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પુરુષ** - પુરુષ; **ન** - ન (તો); **કર્મણાં** - કર્મોનો; **અનારંભાત્** - આરંભ કર્યા વિના; **નૈષ્કર્મ્યં** - નિષ્કર્મતાને (યોગનિષ્ઠાને); **અશ્નુતે** - પ્રાપ્ત કરે છે (પામી શકે છે); (**નોંધ : અશ્** ધાતુ બે જુદા જુદા ગણોમાં વપરાય છે – **અશ્** - પાંચમા ગણમાં પ્રાપ્તિના અર્થમાં અને **અશ્** નવમાં ગણમાં ખાવું – ભોગવવુંના અર્થમાં વપરાય છે; **અશ્** અહીં પાંચમાં ગણમાં હોઈ 'પ્રાપ્તિ'નો અર્થ કરવો); **ચ** - અને; **ન** - ન તો; (કર્મણાં); **સંન્યાસનાત્ એવ** - કર્મોના કેવળ ત્યાગ માત્રથી;

**સિદ્ધિં** - સિદ્ધિ (સાંખ્યનિષ્ઠાને); **સમધિગચ્છતિ** - પામી શકે છે;

**ભાવાર્થ :** પુરુષ ન તો કર્મોનો આરંભ કર્યા વિના નિષ્કર્મતા (યોગનિષ્ઠા)ને પ્રાપ્ત કરે છે અને ન તો કર્મોના કેવળ ત્યાગમાત્રથી સિદ્ધિ (સાંખ્યનિષ્ઠા)ને પામી શકે છે. (૪)

**ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ ।**
**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : કશ્ચિત્ક્ષણમપિ** - કશ્ચિત્ + ક્ષણં + અપિ; **તિષ્ઠત્યકર્મકૃત્** – તિષ્ઠતિ + અકર્મકૃત; **હ્યવશઃ** - હિ + અવશઃ; **પ્રકૃતિજૈર્ગુણૈઃ** – પ્રકૃતિજૈઃ + ગુણૈઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - ખરેખર; (નિઃસંદેહ); **કશ્ચિત્** - કોઈપણ પુરુષ; **ક્ષણમ્ અપિ** - ક્ષણમાત્ર પણ (કદી યે); **અકર્મકૃત્** - કર્મ કર્યા વિના; **ન તિષ્ઠતિ** - રહેતો નથી; **હિ** - કારણ કે; **સર્વઃ** - સમગ્ર (માનવ સમુદાયે); પ્રકૃતિજનિત (સ્વભાવથી ઉત્પન્ન થયેલા); **ગુણૈઃ** - ગુણો વડે; **અવશઃ** - પરવશ થઈને; **કર્મ** - કર્મ તો; **કાર્યતે** - કરવું (જ) પડે છે;

**ભાવાર્થ :** ખરેખર કોઈપણ પુરુષ ક્ષણમાત્ર પણ કદી યે કર્મ કર્યા વિના રહેતો નથી કારણ કે સમગ્ર માનવ સમુદાયે ઉત્પન્ન થયેલા ગુણો વડે પરવશ થઈને કર્મ તો કરવું જ પડે છે. (૫)

**કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।**
**ઈન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥૬॥**

**સંધિવિગ્રહ : ય આસ્તે** - યઃ + આસ્તે; **ઈન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા** - ઈન્દ્રિયાર્થાન્ + વિમૂઢાત્મા; **સ ઉચ્યતે** - સઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **વિમૂઢાત્મા** - મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય; **કર્મેન્દ્રિયાણિ** - તમામ ઈન્દ્રિયોને (હઠપૂર્વક ઉપર ઉપરથી); **સંયમ્ય** - રોકીને; **મનસા** - મનથી; **ઈન્દ્રિયાર્થાન્** - (તે) ઈન્દ્રિયોના વિષયોનું; **સ્મરન્** - ચિંતન કર્યા કરે છે; **સ** - તે; **મિથ્યાચારઃ** - મિથ્યાચારી અથવા તો દંભી; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** જે મૂઢબુદ્ધિવાળો મનુષ્ય તમામ કર્મેન્દ્રિયોને હઠપૂર્વક ઉપર ઉપરથી રોકીને મનથી તો તે ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન કર્યા કરે છે તે મિથ્યાચારી અથવા તો દંભી કહેવાય છે. (૬)

**યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન ।**
**કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમસક્તઃ સ વિશિષ્યતે ॥૭॥**

**સંધિવિગ્રહ : યસ્ત્વિન્દ્રિયાણિ** - યઃ + તુ + ઈન્દ્રિયાણિ; **નિયમ્યારભતેઽર્જુન** - નિયમ્ય + આરભતે + અર્જુન; **કર્મયોગમસક્તઃ** - કર્મયોગમ્ + અસક્તઃ; **સ વિશિષ્યતે** - સઃ + વિશિષ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **અર્જુન** - હે અર્જુન; **યઃ** - જે (પુરુષ); **મનસા** - મનથી; **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયોને; **નિયમ્ય** - વશ કરીને; **અસક્ત** - અનાસક્ત થઈને; **કર્મેન્દ્રિયૈઃ** - બધી ઈન્દ્રિયો દ્વારા; **કર્મયોગં** - કર્મયોગ(નું); **આરભતે** - આચરણ કરે છે; **સઃ** - તે (જ); **વિશિષ્યતે** - (યોગી) શ્રેષ્ઠ છે;

**ભાવાર્થ :** પરંતુ હે અર્જુન ! જે પુરુષ મનથી ઈન્દ્રિયોને વશ કરીને અનાસક્ત થઈને બધી ઈન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે (જ) યોગી શ્રેષ્ઠ છે. (૭)

**નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।**
**શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધયેદકર્મણઃ ॥૮॥**

**સંધિવિગ્રહ : જ્યાયો હ્યકર્મણઃ** - જ્યાયઃ + હિ + અકર્મણઃ; **શરીરયાત્રાણિ** - શરીરયાત્રા + અપિ; **પ્રસિદ્ધયેદકર્મણઃ** - પ્રસિદ્ધયેત્ + અકર્મણઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી); **ત્વં** - તું; **નિયતં** - શાસ્ત્રવિહિત (શાસ્ત્રે નક્કી કરેલાં); **કર્મ** - (સ્વધર્મરૂપી) (કર્તવ્ય) કર્મ; **કુરુ** - કર; **હિ** - કારણ કે; **અકર્મણઃ** - કર્મ ન કરવા કરતાં; **કર્મ** - કર્મ કરવાં (તો); **જયાય** - શ્રેષ્ઠ છે; **ચ** - તથા; **અકર્મણઃ** - કર્મ ન કરવાથી; **તે** - તારો; **શરીરયાત્રા અપિ** - શરીર નિર્વાહ પણ; **ન પ્રસિદ્ધયેત્** - સિદ્ધ નહીં થાય;

**ભાવાર્થ :** તેથી તું શાસ્ત્રવિહિત સ્વધર્મરૂપી કર્તવ્યકર્મ

કર, કારણ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવા તે શ્રેષ્ઠ છે તથા કર્મ ન કરવાથી તારો શરીરનિર્વાહ પણ સિદ્ધ નહીં થાય. (૮)

**યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધનઃ ।**
**તદર્થં કર્મ કૌન્તેય મુક્તસઙ્ગઃ સમાચરઃ ॥૯॥**

**સંધિવિગ્રહ : યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર** - યજ્ઞાર્થાત્ + કર્મણઃ + અન્યત્ર; **લોકોઽયં** - લોકોઃ + અયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યજ્ઞાર્થાત્** - યજ્ઞ માટે કરવામાં આવતા; **કર્મણઃ** - કર્મો; **અન્યત્ર** - (સિવાયનાં) બીજાં કર્મોમાં (જોડાઈને); **અયં** - આ લોક, માનવ સમુદાય; **કર્મબંધન** - કર્મોથી બંધાય છે, માટે; **કૌંતેય** - હે અર્જુન!; (તું) **મુક્તસંગઃ** - સંગ (આસક્તિ) વિનાનો થઈને; **તદર્થં** - તે યજ્ઞ નિમિત્તે; **કર્મ** - કર્તવ્ય, કર્મ; **સમાચર** - સારી રીતે કર;

**ભાવાર્થ :** યજ્ઞ માટે કરવામાં આવતાં કર્મો સિવાયનાં બીજા કર્મોમાં જોડાઈને આ લોક (માનવ સમુદાય) કર્મોથી બંધાય છે, માટે હે અર્જુન ! તું આસક્તિ વિનાનો થઈને તે યજ્ઞ નિમિત્તે કર્તવ્ય કર્મ સારી રીતે કર. (૯)

**સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।**
**અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : પુરોવાચ** - પુરા + ઉવાચ;

**પ્રસવિષ્યધ્વમેષ વોડસ્ત્વિષ્ટકામધુક્** - પ્રસવિષ્યધ્વં + એષ: + વ: + અસ્તુ + ઈષ્ટકામધુક્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રજાપતિઃ** - પ્રજાપતિ બ્રહ્માએ; **પુરા** - કલ્પની શરૂઆતમાં (કલ્પ - બ્રહ્માનો દિવસ - ૧૦૦૦ યુગનો); **સહયજ્ઞાઃ** - યજ્ઞ સહિત; **પ્રજાઃ** - પ્રજાઓને; **સૃષ્ટ્વા** - સર્જીને; (તે પ્રજાઓને); **ઉવાચ** - કહ્યું (કે); તમે; **અનેન** - આ યજ્ઞ દ્વારા; **પ્રસવિષ્યધ્વં** - વૃદ્ધિ પામો (અને); **એષઃ** - આ યજ્ઞ; **વઃ** - તમને (સહુને); **ઈષ્ટકામધુક્** - ઈચ્છિત ભોગ દેનાર; **અસ્તુ** - થાઓ;

**ભાવાર્થ :** પ્રજાપતિ બ્રહ્માએ કલ્પની શરૂઆતમાં યજ્ઞ સહિત પ્રજાઓને સર્જીને તે પ્રજાઓને કહ્યું કે તમે આ યજ્ઞ દ્વારા વૃદ્ધિ પામો અને આ યજ્ઞ તમને સહુને ઈચ્છિત ભોગ દેનાર થાઓ. (૧૦)

**દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : દેવાન્ભાવયતાનેન** - દેવાન્ + ભાવયત + અનેન; **દેવા ભાવયન્તુ** - દેવાઃ + ભાવયન્તુ; **પરમવાપ્સ્યથ** - પરમ્ + અવાપ્સ્યથ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનેન** - આ યજ્ઞ દ્વારા; **દેવાન્** - દેવતાઓને; **ભાવયત** - (તમે) ઉન્નત કરો; (અને) **તે દેવાઃ** - તે દેવતાઓ; **વઃ** - તમને સર્વેને; **ભાવયન્તુ** - ઉન્નત કરો; (તથા આ પ્રમાણે); (નિઃસ્વાર્થ ભાવે); **પરસ્પરં** - એકબીજાને;

**ભાવયન્તુઃ** - ઉન્નત કરતાં કરતાં; (તમે); **પરં શ્રેયઃ** - પરમ કલ્યાણ; **અવાપ્સ્યથ** - પામશો;

**ભાવાર્થ :** આ યજ્ઞ દ્વારા દેવતાઓને તમે ઉન્નત કરો અને તે દેવો તમને સર્વને ઉન્નત કરે તથા આ પ્રમાણે નિઃસ્વાર્થભાવે એકબીજાને ઉન્નત કરતાં કરતાં તમે પરમ કલ્યાણ પાશશો. (૧૧)

**ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।**
**તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્કતે સ્તેન એવ સઃ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : ઈષ્ટાન્ભોગાન્હિ** - ઈષ્ટાન્ + ભોગાન્ + હિ; **વો દેવા દાસ્યન્તે** - વઃ + દેવાઃ + દાસ્યન્તે; **તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુઙ્કતે** - તૈઃ + દત્તાન્ + અપ્રદાય + એભ્યઃ + યઃ + ભુંકતે; **સ્તેન એવ** - સ્તેનઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યજ્ઞભાવિતાઃ** - યજ્ઞ દ્વારા વૃદ્ધિ (ઉન્નતિ) પામેલાં; **દેવાઃ** - દેવતાઓ; **વઃ** - તમને બધાને (માગ્યા વગર જ); **ઈષ્ટાન્** - ઈચ્છિત; **ભોગાન્** - ભોગો; **હિ** - અવશ્ય; **દાસ્યન્તે** - આપતાં રહેશે; **તૈઃ** - (આ રીતે) તે દેવતાઓ દ્વારા; **દત્તાન્** - અપાયેલા ભાગોને; **યઃ** - જે પુરુષ; **એભ્યઃ** - એમને (તે દેવતાઓને); **અપ્રદાય** - નહીં આપીને; **ભુંકતે** - (પોતે) ભોગવે છે; **સઃ** - તે; **સ્તેનઃ એવ (અસ્તિ)** – ચોર જ છે;

**ભાવાર્થ :** યજ્ઞ દ્વારા ઉન્નતિ પામેલા દેવતાઓ તમને બધાને માગ્યા વગર જ ઈચ્છિત ભોગો અવશ્ય આપતા રહેશે; આ

રીતે તે દેવતાઓ દ્વારા અપાયેલા ભોગોને જે પુરુષ તે દેવતાઓને નહીં આપીને પોતે જાતે જ ભોગવે છે તે ચોર જ છે. (૧૨)

**યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।**
**ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : યજ્ઞશિષ્ટાશિનઃ** - યજ્ઞશિષ્ટ + આશિનઃ - (આશિન - ખાનારા); **સન્તો મુચ્યન્તે** - સંતઃ + મુચ્યન્તે; **ત્વઘં** - તુ + અઘં; **પાપા યે** - પાપાઃ + યે; **પચન્ત્યાત્મકારણાત્** - પચન્તિ - આત્મકારણાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યજ્ઞશિષ્ટ આશિનઃ** - યજ્ઞ કરતાં વધેલા અન્નને ખાનારા; **સન્તઃ** - શ્રેષ્ઠ પુરુષો; **સર્વકિલ્બિષૈઃ** - સર્વ પાપોમાંથી; **મુચ્યન્તે** - મુક્ત થઈ જાય છે (અને); **યે** - જે; **પાપાઃ** - પાપ કરનારાઓ; **આત્મકારણાત્** - પોતાના શરીરના પોષણ માટે જ; **પચન્તિ** - (અન્ન) રાંધે છે; **તે** - તેઓ; **તુ** - તો; **અઘં** - પાપ (જ); **ભુંજતે** - ખાય છે;

**ભાવાર્થ :** યજ્ઞ કરતાં વધેલા અન્નને ખાનારા શ્રેષ્ઠ પુરુષો સર્વ પાપોમાંથી મુક્ત થઈ જાય છે અને જે પાપ કરનારાઓ પોતાના શરીરનાં પોષણ માટે જ અન્ન રાંધે છે તેઓ તો પાપ જ ખાય છે. (૧૩)

**અન્નાદ્ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદન્નસંભવઃ ।**
**યજ્ઞાદ્ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥૧૪॥**

**કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।**
**તસ્માત્સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિમ્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : અન્નાદ્ભવન્તિ** - અન્નાત્ + ભવન્તિ; **પર્જન્યાદન્નસંભવઃ** - પર્જન્યાત્ + અન્નસંભવઃ; **યજ્ઞાદ્ભવતિ** - યજ્ઞાત્ + ભવતિ; **પર્જન્યો યજ્ઞ** - પર્જન્યઃ + યજ્ઞઃ; (**બ્રહ્માક્ષરસમુદ્ભવં** - બ્રહ્મ + અક્ષરસમુદ્ભવં); **તસ્માત્સર્વગતં** - તસ્માત્ + સર્વગતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભૂતાનિ** - (સર્વ) પ્રાણીઓ; **અન્નાત્** - અન્નથી; **ભવન્તિ** - ઉત્પન્ન થાય છે; **અન્નસંભવઃ** - અન્નની ઉત્પત્તિ; **પર્જન્યાત્** - વરસાદથી (થાય છે); **પર્જન્યઃ** - વરસાદ; **યજ્ઞાત્** - યજ્ઞથી; **ભવતિ** - થાય છે; (અને); **યજ્ઞઃ** - યજ્ઞ; **કર્મસમુદ્ભવઃ** - વિહિત કર્મોથી ઉત્પન્ન થાય છે; **કર્મ** - કર્મ સમુદાયને; (તું); **બ્રહ્મોદ્ભવં** - બ્રહ્મ (વેદ)માંથી ઉત્પન્ન થયેલા; (અને); **બ્રહ્મ** - બ્રહ્મ(વેદ)ને; **અક્ષરસમુદ્ભવઃ** - અવિનાશી પરમાત્માથી ઉત્પન્ન થયેલો; **વિદ્ધિ** - જાણ; **તસ્માત્** - તેથી (આ સિદ્ધ થાય છે કે); **સર્વગતં** - સર્વવ્યાપી; **બ્રહ્મ** - પરમ અક્ષર પરમાત્મા; **નિત્યં** - સદાયે; **યજ્ઞે** - યજ્ઞમાં; **પ્રતિષ્ઠિતં** - પ્રતિષ્ઠિત છે;

**ભાવાર્થ :** સર્વ પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્નની ઉત્પત્તિ વરસાદથી (ઉત્પન્ન) થાય છે, કર્મસમુદાયને તું બ્રહ્મ (વેદ)માંથી ઉત્પન્ન થયેલા અને બ્રહ્મ (વેદ)ને અવિનાશી પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલો જાણ, તેથી આ સિદ્ધ થાય છે

કે સર્વવ્યાપી પરમ અક્ષર પરમાત્મા સદાયે યજ્ઞમાં (જ) પ્રતિષ્ઠિત છે. (૧૪, ૧૫)

**એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।**
**અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : નાનુવર્તયતીહ** - ન + અનુવર્તયતિ + ઈહ; **અઘાયુરિન્દ્રિયારામો મોઘં** - અઘાયુઃ + ઈન્દ્રિયારામઃ + મોઘં; **સ જીવતિ** - સઃ + જીવતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **યઃ** - જે પુરુષ; **ઈહ** - આ લોકમાં; **એવં** - આ પ્રમાણે; (પરંપરાથી); **પ્રવર્તિતં** - પ્રચલિત; **ચક્રં** - સૃષ્ટિચક્રને; **ન અનુવર્તયતિ** - અનુસરતો નથી (એટલે કે પોતાનાં કર્તવ્યનું પાલન નથી કરતો); **સઃ** - તે; **ઈન્દ્રિયારામઃ** - ઈન્દ્રિયો દ્વારા ભોગોમાં રમનારો; **અઘાયુઃ** - પાપી આયુષ્યવાળો પુરુષ; **મોઘં** - વ્યર્થ જ; **જીવતિ** - જીવે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! જે પુરુષ આ લોકમાં, આ પ્રમાણે પરંપરાથી પ્રચલિત સૃષ્ટિચક્રને અનુસરતો નથી, (પોતાનાં કર્તવ્યનું પાલન કરતો નથી) તે ઈન્દ્રિયો દ્વારા ભોગોમાં રમનારો પાપી આયુષ્યવાળો પુરુષ વ્યર્થ જ જીવે છે. (૧૬)

**યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચ માનવઃ ।**
**આત્મન્યેવ ચ સંતુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧૭॥**

**સંધિવિગ્રહ : યસ્ત્વાત્મરતિરેવ** - યઃ + તુ + આત્મરતિઃ

+ એવ; **સ્યાદાત્મતૃપ્તશ્ચ** - સ્યાત્ + આત્મતૃપ્તઃ + ચ; **આત્મન્યેવ** - આત્મનિ + એવ; **સંતુષ્ટસ્તસ્ય** - સંતુષ્ટ + તસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યઃ** - જે; **માનવ** - માનવ; **આત્મરતિઃ એવ** - આત્મામાંજ રમણ કરનારો (હોય); **ચ** - અને; **આત્મતૃપ્તઃ** - આત્મામાંજ તૃપ્ત; **ચ** - તેમજ; **આત્મનિ એવ** - આત્મામાં જ; **સંતુષ્ટઃ સ્યાત્** - સંતુષ્ટ હોય; **તસ્ય** - તેને; **કાર્યં** - કશું પણ કર્તવ્ય; **ન વિદ્યતે** - બાકી રહેતું નથી;

**ભાવાર્થ :** પરંતુ જે માનવ આત્મામાં જ રમણ કરનારા તથા આત્મામાં જ તૃપ્ત અને આત્મામાં જ સંતુષ્ટ હોય તેને કશું પણ કર્તવ્ય કરવાનું રહેતું નથી. (૧૭)

**નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।**
**ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : નૈવ** - ન + એવ; **કૃતેનાર્થો નાકૃતેનેહ** - અકૃતેન + અર્થઃ + ન + અકૃતેન + ઈહ; **ચાસ્ય** - ચ + અસ્ય; **કશ્ચિદર્થવ્યપાશ્રયઃ** - કશ્ચિત્ + અર્થવ્યપાશ્રયઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્ય** - તે મહાપુરુષને; **ઈહ** - આ લોકમાં (સંસાર)માં; **ન કૃતેન** - ન (તો) કર્મ કરવાથી; **કશ્ચન** - કશું; **અર્થઃ** - પ્રયોજન (રહે છે અને); **ન અકૃતેન** - ન તો કર્મ ન કરવાથી; **એવ** - જ; (કોઈ પ્રયોજન રહે છે); **ચ** - તથા; **સર્વભૂતેષુ** - સર્વ જીવો સાથે પણ; **અસ્ય** - આ મહાપુરુષ;

**કશ્ચિત્** - લેશ માત્ર પણ (કંઈક પણ); **અર્થવ્યાપશ્રયઃ ન** - સ્વાર્થનો સંબંધ રહેતો નથી;

**ભાવાર્થ :** તે મહાપુરુષને આ સંસારમાં ન તો કર્મ કરવાથી કશું પ્રયોજન રહે છે અને ન તો કર્મ ન કરવાથી યે કોઈ પ્રયોજન રહે છે; તથા સર્વ જીવો સાથે પણ આ મહાપુરુષને કંઈક પણ સ્વાર્થનો સંબંધ રહેતો નથી. (૧૮)

**તસ્માદસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર ।**
**અસકતો હ્યાચરન્કર્મ પરમાપ્નોતિ પુરુષઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : તસ્માદસક્તઃ** - તસ્માત્ + અસક્તઃ; **અસક્તો હ્યાચરન્કર્મ** - અસક્તઃ + હિ + આચરન્ + કર્મ; **પરમાપ્નોતિ** - પરમ્ + આપ્નોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી (તું); **સતતં** - નિરંતર; **અસક્તઃ** - આસક્તિ વિનાનો થઈને; (સદાસર્વદા); **કાર્યં કર્મ** - કર્તવ્ય કર્મ; **સમાચાર** - સારી રીતે કરતો રહે; **હિ** - કેમ કે; **અસક્તઃ** - આસક્તિ વિનાનો થઈને; **કર્મ આચરન્** - કર્મ કરતો; **પુરુષઃ** - પુરુષ; **પરં** - પરમાત્માને; **આપ્નોતિ** - પામે છે;

**ભાવાર્થ :** તેથી તું નિરંતર આસક્તિ વિનાનો થઈને સદાસર્વદા કર્તવ્ય કર્મ સારી રીતે કરતો રહે, કેમ કે આસક્તિ વિનાનો થઈને કર્મ કરતો પુરુષ પરમાત્માને પામે છે. (૧૯)

**કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ।**
**લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્કર્તુમર્હસિ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : કર્મણૈવ** - કર્મણા + એવ; **સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ** - સંસિદ્ધમ્ + આસ્થિતાઃ + જનકાદયઃ; **લોકસંગ્રહમેવાપિ** - લોકસંગ્રહમ્ + એવ + અપિ; **સંપશ્યન્કર્તુમર્હસિ** - સંપશ્યન્ + કર્તુમ્ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનકાદયઃ** - જનક વગેરે (જ્ઞાનીજનો પણ); **કર્મણા** - (આસક્તિ રહિત) કર્માચરણ દ્વારા; **એવ** - જ; **સંસિદ્ધિં** - પરમ સિદ્ધિ; **આસ્થિતાઃ** - પામ્યા હતા; **હિ** - તેથી; (તેમજ); **લોકસંગ્રહં** - લોકસંગ્રહને; **સંપશ્યન્** - જોતા હોવા છતાં; **અપિ** - પણ (તું); **કર્તું** - કર્મ કરવાને; **એવ** - જ; **અર્હસિ** - યોગ્ય છે (તારા માટે કર્મ કરવું તે જ ઉચિત છે);

**ભાવાર્થ :** જનક વગેરે જ્ઞાનીજનો પણ આસક્તિ રહિત કર્માચરણ દ્વારા પરમ સિદ્ધિ પામ્યા હતા તેથી તેમજ લોકસંગ્રહને તું જોતો હોવા છતાં પણ તું કર્મ કરવાને જ યોગ્ય છે (તારા માટે કર્મ કરવું તે જ ઉચિત છે.) (૨૦)

**યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।**
**સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥૨૧॥**

**સંધિવિગ્રહ : યદ્યાદાચરતિ** - યત્ + યત્ + આચરતિ; **શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ** - શ્રેષ્ઠઃ + તત્ + તત્ + એવ +

ઈતરઃ + જનઃ; **સ યત્પ્રમાણં** - સઃ + યત્ + પ્રમાણં; **લોકસ્તદનુવર્તતે** - લોકઃ + તત્ + અનુવર્તતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : શ્રેષ્ઠઃ** - શ્રેષ્ઠ પુરુષ; **યત્ યત્** - જે જે; **આચરતિ** - આચરે છે; **ઈતરઃ** - અન્ય; **જનઃ** - પુરુષ (પણ); **તત્ તત્** - તેને તેને; **એવ** - જ; (આચરે છે); **સઃ** - તે; **યત્** - જે કાંઈ; **પ્રમાણં કુરુતે** - પ્રમાણ કરે છે; **લોકઃ** - બધા લોકો; **તત્** - તે જ પ્રમાણે; **અનવર્તતે** - વર્તન કરે છે;

**ભાવાર્થ :** શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે તેને અન્ય પુરુષ પણ તેને (તેને) જ આચરે છે, તે જે કાંઈ પ્રમાણ કરે છે તેને બધા લોકો તે જ પ્રમાણે વર્તન કરે છે. (૨૧)

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિઞ્ચન ।**
**નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : પાર્થાસ્તિ** - પાર્થ + અસ્તિ; **નાનવાપ્તમવાપ્તવ્યં** - ન + અનવાપ્તં + અવાપ્તવ્યં; **વર્ત એવ** - વર્તે + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **મે** - મારે; **ત્રિષુ લોકેષુ** - (આ) ત્રણેય લોકમાં; **ન કિંચન** - ન તો કશું; **કર્તવ્યં** - કર્તવ્ય; **અસ્તિ** - છે; **ચ** - અને; **ન અવાપ્તવ્યં** - ન કશીયે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ; **અનવાપ્તં** - અપ્રાપ્ત છે; (તો પણ હું) **કર્મણિ એવ** - કર્મ કરવામાં જ; **વર્તે** - વર્તુ છું;

**ભાવાર્થ :** હે અર્જુન ! મારે આ ત્રણેય લોકમાં ન તો કશું કર્તવ્ય છે અને ન કશી યે પ્રાપ્ત કરવા જેવી વસ્તુ અપ્રાપ્ય છે, તો પણ હું કર્મ કરવામાં જ વર્તું છું. (૨૨)

**યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : હ્યહં** - હિ + અહં; **કર્મણ્યતન્દ્રિતઃ** - કર્મણિ + અતન્દ્રિતઃ; **વર્ત્માનુવર્તન્તે** - વર્ત્મ + અનુવર્તન્તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **પાર્થ** - હે પાર્થ; **યદિ** - જો; **જાતુ** - કદાચ; **અહં** - હું; **અતંદ્રિતઃ** - સાવધાન થઈને; **કર્મણિ** - કર્મમાં; **ન વર્તેયં** - ન વર્તું; (તો ભારે હાનિ થઈ જાય) (કારણ કે); **મનુષ્યાઃ** - મનુષ્યો; **સર્વશઃ** - સર્વ પ્રકારે; **મમ વર્ત્મ** - મારા જ માર્ગનું; **અનુવર્તન્તે** - અનુસરણ કરે છે;

**ભાવાર્થ :** કેમ કે હે પાર્થ ! જો કદાચ હું સાવધાન થઈને કર્મમાં ન વર્તું તો ભારે હાનિ થઈ જાય કારણ કે મનુષ્યો તો સર્વ પ્રકારે મારા જ માર્ગનું અનુસરણ કરે છે. (૨૩)

**ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।**
**સઙ્કરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : ઉત્સીદેયુરિમે** - ઉત્સીદેયુઃ + ઈમે; **લોકા ન** - લોકાઃ + ન; **ચેદહમ્** - ચેત્ + અહં; **સ્યામુપહન્યામિમાઃ**

- સ્યામ્ + ઉપહન્યામ્ + ઈમાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચેત્** - જો; **અહં** - હું; **કર્મ** - કર્મ; **ન કુર્યાં** - ન કરું; (તો); **ઈમે લોકાઃ** - આ બધા લોકો; **ઉત્સીદેયુઃ** - નષ્ટભ્રષ્ટ થઈ જાય; **ચ** - અને; (હું); **સંકરસ્ય** - સંકરપણાનો (વર્ણસંકરતાનો); **કર્તા** - કરનાર; **સ્યામ્** - થાઉં; (તથા) **ઈમાઃ પ્રજાઃ** - આ સમસ્ત પ્રજાને; **ઉપહન્યાં** - નષ્ટ કરનારો બનું;

**ભાવાર્થ :** (આથી) જો હું કર્મ ન કરું તો આ બધા લોકો નષ્ટભ્રષ્ટ થઈ જાય અને હું વર્ણસંકરતાનો કરનાર થાઉં તથા આ સમસ્ત પ્રજાને નષ્ટ કરનારો બનું. (૨૪)

**સકતાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।**
**કુર્યાદ્વિદ્વાંસ્તથાસકતશ્ચિકીર્ષુર્લોકસંગ્રહમ્ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : કર્મણ્યવિદ્વાંસો યથા** - કર્મણિ + અવિદ્વાંસઃ + યથા; **કુર્યાદ્વિદ્વાંસ્તથાસકતશ્ચિકીર્ષુર્લોકસંગ્રહમ્** - કુર્યાત્ + વિદ્વાન્ + તથા + અસક્તઃ + ચિકીર્ષુઃ + લોકસંગ્રહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી) **ભારત** - હે ભારત (અર્જુન); **કર્મણિ** - કર્મમાં; **સકતાઃ** - આસક્ત થયેલા; **અવિદ્વાંસઃ** - અજ્ઞાની જનો; **યથા** - જેવી રીતે; (કર્મ); **કુર્વન્તિ** - કરે છે; **અસકતઃ વિદ્વાન્** - આસક્તિ રહિત વિદ્વાન (પણ); **લોકસંગ્રહં** - લોકસંગ્રહથી; **ચિકીર્ષુઃ** - ઈચ્છા કરનાર; **તથા** - તે જ પ્રકારે; (કર્મ) **કુર્યાત્** - કરે;

**ભાવાર્થ :** હે અર્જુન ! કર્મમાં આસક્ત થયેલા અજ્ઞાનીજનો જેવી રીતે કર્મ કરે છે (તે જ પ્રમાણે) આસક્તિરહિત વિદ્વાન પણ લોકસંગ્રહની ઈચ્છા કરનાર તે જ પ્રમાણે કર્મ કરે. (૨૫)

**ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।**
**જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : જનયેદજ્ઞાનાં** - જનયેત્ + અજ્ઞાનાં; **જોષયેત્સર્વકર્માણિ** - જોષયેત્ + સર્વકર્માણિ; **વિદ્વાન્યુક્તઃ** - વિદ્વાન્ + યુક્તઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યુક્તઃ** - પરમાત્માના સ્વરૂપમાં અચળ ભાવે સ્થિત થયેલો; **વિદ્વાન્** - જ્ઞાની પુરુષ; **કર્મસંગિનાં** - શાસ્ત્રવિહિતકર્મોમાં આસક્તિ રાખનારા; **અજ્ઞાનાં** - અજ્ઞાનીઓની; **બુદ્ધિભેદં** - બુદ્ધિમાં ભ્રમ (એ કર્મોમાં અશ્રદ્ધા); **ન જનયેત્** - ન ઉપજાવે; (પણ પોતે); **સર્વકર્માણિ** - શાસ્ત્રવિહિત સર્વ કર્મો; **સમાચરન્** - સારી પેઠે કરતો રહી; **જોષયેત્** - (એમની પાસે પણ તે જ કર્મો) કરાવે;

**ભાવાર્થ :** પરમાત્માનાં સ્વરૂપમાં અચળ ભાવે સ્થિત થયેલો જ્ઞાની પુરુષ શાસ્ત્રવિહિત કર્મોમાં આસક્તિ રાખનારા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભ્રમ (એ કર્મોમાં અશ્રદ્ધા) ન ઉપજાવે; પણ પોતે પણ શાસ્ત્રવિહિત સર્વ કર્મો સારી પેઠે કરતો રહી એમની પાસે પણ તે જ કર્મો કરાવે. (૨૬)

**પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।**
**અહઙ્કારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥૨૭॥**

**સંધિવિગ્રહ : કર્તાહિમિતિ** - કર્તા + અહં + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ) (વાસ્તવમાં) (હે અર્જુન); **કર્માણિ** - સર્વ કર્મો; **પ્રકૃતેઃ** - પ્રકૃતિના; **ગુણૈઃ** - ગુણો દ્વારા; **ક્રિયમાણાનિ** - કરવામાં આવે છે (તો પણ); **અહંકારવિમૂઢાત્મા** - અહંકારથી મોહિત થયેલા (અંતઃકરણનો અજ્ઞાની); **અહં કર્તા** - હું કર્તા છું; **ઈતિ મન્યતે** - એમ માને છે;

**ભાવાર્થ :** તેમજ વાસ્તવમાં હે અર્જુન ! સર્વ કર્મો પ્રકૃતિનાં ગુણો દ્વારા જ કરવામાં આવે છે તો પણ અહંકારથી મોહિત થયેલા અંતઃકરણનો અજ્ઞાની 'હું જ કર્તા છું' એમ માને છે. (૨૭)

**તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।**
**ગુણા ગુણેષુ વર્તન્ત ઈતિ મત્વા ન સજ્જતે ॥૨૮॥**

**સંધિવિગ્રહ : તત્ત્વવિત્તુ** - તત્ત્વવિત્ + તુ; **ગુણા ગુણેષુ** - ગુણાઃ + ગુણેષુ; **વર્તન્ત ઈતિ** - વર્તન્તે + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **મહાબાહો** - હે મહાબાહુ અર્જુન; **ગુર્ણકર્મવિભાગયોઃ** - ગુણવિભાગ અને કર્મવિભાગના; (ગુણ વિભાગ - પાંચ મહાભૂત, મન, બુદ્ધિ, અહંકાર તેમજ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને શબ્દ વગેરે પાંચ

વિષયો - આ સર્વના સમૂહનું નામ ગુણ વિભાગ; અને એમની પરસ્પરની ચેષ્ટાઓનું નામ 'કર્મવિભાગ' છે); **તત્ત્વવિત્** - તત્ત્વને જાણનાર યોગી તો; **ગુણાઃ** - સર્વ ગુણો (જ); **ગુણેષુ** - ગુણોમાં; **વર્તન્તે** - વર્તી રહ્યા છે; **ઈતિ મત્વા** - એમ માનીને; (તેમનામાં); **ન સજ્જતે** - આસક્ત થતો નથી;

**ભાવાર્થ :** પરંતુ હે મહાબાહુ અર્જુન ! ગુણ વિભાગ અને કર્મ વિભાગમાં તત્ત્વને જાણનારા જ્ઞાનયોગી તો સર્વ ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ માનીને તેમનામાં આસક્ત થતો નથી. (૨૮)

**પ્રકૃતેર્ગુણસમ્મૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ ।**
**તાનકૃત્સ્નવિદો મન્દાન્કૃત્સ્નવિન્ન વિચાલયેત્ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : પ્રકૃતેર્ગુણસમ્મૂઢાઃ** - પ્રકૃતેઃ + ગુણસંમૂઢાઃ; **તાનકૃત્સ્નવિદો મન્દાકૃત્સ્નવિન્ન** - તાન્ + અકૃત્સ્નવિદઃ + મન્દાન્ + કૃત્સ્નવિત્ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રકૃતેઃ** - પ્રકૃતિના; **ગુણસંમૂઢાઃ** - ગુણોથી અતિશય મોહિત થયેલો મનુષ્ય; **ગુણકર્મસુ** - ગુણો અને કર્મમાં; **સજ્જન્તે** - આસક્ત રહે છે; **તાન્** - તેવા; **અકૃત્સ્નવિદ્** - સંપૂર્ણપણે જ સમજનાર; **મંદાન્** - મંદ બુદ્ધિના અજ્ઞાનીઓને; **કૃત્સ્નવિત્** - સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની; **ન વિચાલયેત્** - વિચલિત ન કરે;

**ભાવાર્થ :** પ્રકૃતિનાં ગુણોથી અતિશય મોહિત થયેલો મનુષ્ય ગુણો અને કર્મમાં જ આસક્ત રહે છે તેવા સંપૂર્ણપણે ન સમજનાર મંદબુદ્ધિનાં અજ્ઞાનીઓને સંપૂર્ણપણે જાણનાર જ્ઞાની વિચલિત ન કરે. (૨૯)

**મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।**
**નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : સંન્યસ્યાધ્યાત્મચેતસા** - સંન્યસ્ય + અધ્યાત્મચેતસા; **નિરાશીર્નિર્મમો ભૂત્વા** - નિરાશીઃ + નિર્મમઃ + ભૂત્વા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અધ્યાત્મચેતસા** - મુજ (મારા) અંતર્યામી પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત દ્વારા; **સર્વાણિ કર્માણિ** - સર્વ કર્મો; **મયિ** - મારામાં; **સન્યસ્ય** - અર્પણ કરીને; **નિરાશીઃ** - આશારહિત; **નિર્મમઃ** - મમત્વ વિનાનો; (અને) **વિગતજ્વરઃ** - સંતાપ વિનાનો; **ભૂત્વા** - થઈને; **યુધ્યસ્વ** - યુદ્ધ કર;

**ભાવાર્થ :** મુજ અંતર્યામિ પરમાત્મામાં પરોવાયેલા ચિત્ત દ્વારા સર્વ કર્મો સમર્પીને આશારહિત અને મમત્વ વિનાનો અને સંતાપ વિનાનો થઈને યુદ્ધ કર. (૩૦)

**યે મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ ।**
**શ્રદ્ધાવન્તોઽનસૂયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ ॥૩૧॥**

**સંધિવિગ્રહ : મતમિંદં** - મતમ્ + ઇદં; **નિત્યમનુતિષ્ઠન્તિ**

- નિત્યં + અનુતિષ્ઠન્તિ; **શ્રદ્ધાવન્તોઽનસૂયન્તો મુચ્યન્તે** - શ્રદ્ધાતવન્તઃ + અનસુયન્તઃ + મુચ્યન્તે; **તેઽપિ** - તે + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે માનવાઃ** - જે માનવો; **અનસૂયન્તઃ** - દોષદષ્ટિ વિનાના; (અને) **શ્રદ્ધાવન્તઃ** - શ્રદ્ધાયુક્ત થઈને; **મે** - મારા; **ઈદં મતં** - આ મતને; **નિત્યં** - હંમેશા; **અનુતિષ્ઠન્તિ** - અનુસરે છે; **તે અપિ** - તેઓ પણ; **કર્મભિઃ** - સર્વ કર્મોમાંથી; **મુચ્યન્તે** - મુક્ત થઈ જાય છે;

**ભાવાર્થ :** જે માનવો દોષદષ્ટિ વિનાનાં અને શ્રદ્ધાળુ થઈને મારા આ મતને હંમેશા અનુસરે છે તેઓ પણ સર્વ કર્મોમાંથી મુક્ત થઈ જાય છે. (૩૧)

**યે ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્ ।**
**સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્વિદ્ધિ નષ્ટાનચેતસઃ ॥૩૨॥**

**સંધિવિગ્રહ : ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ** - તુ + એતત્ + અભ્યસૂયન્તઃ + ન + અનુતિષ્ઠન્તિ; **સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્વિદ્ધિ** - સર્વજ્ઞાનવિમૂઢાન્ + તાન્ + વિદ્ધિ; **નષ્ટાનચેતસ** - નષ્ટાન્ + અચેતસઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યે** - જે માનવો; (મારામાં); **અભ્યસૂયન્તઃ** - દોષદષ્ટિ (દોષારોપણ) કરીને; **મે** - મારા; **એતત્** - આ; **મતં** - મત; **ન અનુતિષ્ઠન્તિ** - અનુસાર ચાલતા નથી; **તાન્** - તે; **અચેતસઃ** - મૂર્ખાઓને; (તો, તું);

**સર્વજ્ઞાનવિમૂઢાન્** - સર્વ જ્ઞાનમાં મોહિત થયેલા અને નાશ પામેલા; **વિદ્ધિ** - (જ) જાણ સમજ;

**ભાવાર્થ :** પરંતુ જે માનવો મારામાં દોષારોપણ કરીને મારા આ મત અનુસાર ચાલતા નથી તે મૂર્ખાઓને તો તું સર્વ જ્ઞાનમાં મોહિત થયેલા અને નાશ પામેલા સમજ. (૩૨)

**સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : પ્રકૃતેર્જ્ઞાનવાનપિ** - પ્રકૃતેઃ + જ્ઞાનવાન્ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભૂતાનિ** - સર્વ પ્રાણીઓ; **પ્રકૃતિં યાન્તિ** - પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે; **જ્ઞાનવાન્ અપિ** - જ્ઞાની પણ; **સ્વસ્યાઃ** - પોતાની; **પ્રકૃતેઃ** - પ્રકૃતિ; **સદૃશં** - અનુસાર; **ચેષ્ટતે** - ચેષ્ટા કરે છે (તેમાં); **નિગ્રહઃ** - (કોઈની) હઠ (હઠ – દુરાગ્રહ); **કિં કરિષ્યતિ** - શું કરવાની;

**ભાવાર્થ :** સર્વ પ્રાણીઓ પોતાના સ્વભાવને વશ થઈને કર્મો કરે છે, જ્ઞાની પણ પોતાની પ્રકૃતિઅનુસાર ચેષ્ટા કરે છે, તેમાં કોઈની પણ હઠ શું કરવાની ? (૩૩)

**ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે** - ઈન્દ્રિયસ્ય +

ઈન્દ્રિયસ્ય + અર્થે; **તયોર્ન** - તયોઃ + ન; **વશમાગચ્છેત્તૌ** - વશં + આગચ્છેત્ + તૌ; **હ્યસ્ય** - હિ + અસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈન્દ્રિયસ્ય ઈન્દ્રિયસ્ય** - ઈન્દ્રિય ઈન્દ્રિયના; **અર્થે** - અર્થમાં (પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં); **રાગદ્વેષૌ** - રાગ અને દ્વેષ; **વ્યવસ્થિતૌ** - છૂપાઈને રહેલા છે (માનવે); **તયો** - તે બન્નેને; **ન વશં આગચ્છન્** - વશ ન થવું; **હિ** - કેમ કે; **તૌ** - તે બન્ને(ય); **અસ્ય** - એના (માનવના, જીવના) કલ્યાણ માર્ગમાં); **પરિપન્થિનૌ** - વિઘ્ન કરનારા મહાન શત્રુઓ છે;

**ભાવાર્થ :** પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છૂપાઈને રહેલા છે, માનવે તે બન્નેને વશ ન થવું કેમ કે તે બન્નેય એ (જીવ)ના કલ્યાણ માર્ગમાં વિઘ્ન કરનારાં મહાન શત્રુઓ છે. (૩૪)

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥૩૫॥**

**સંધિવિગ્રહ : શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ** - શ્રેયાન્ + સ્વધર્મઃ + વિગુણઃ **પરધર્માત્સ્વનુષ્ઠિતાત્** - પરધર્માત્ + સુ + અનુષ્ઠિતાત્; **પરધર્મો ભયાવહઃ** - પરધર્મઃ + ભયાવહઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સુ અનુષ્ઠિતાત્** - સારી રીતે આચરવામાં આવતા; **પરધર્માન્** - અન્યના ધર્મ કરતાં; **વિગુણઃ** - ગુણ વિનાનો (હોવા છતાં); (પણ); **સ્વધર્મઃ** – પોતાનો

ધર્મ; **શ્રેયાન્** - ચડિયાતો છે; **સ્વધર્મે નિધનં** - પોતાના ધર્મમાં મરણ (મરવું) (પણ); **શ્રેયઃ** - કલ્યાણકારી છે; (જ્યારે) **પરધર્મઃ** - અન્યનો ધર્મ (તો); **ભયાવહઃ** - ભયપ્રદ છે;

**ભાવાર્થ :** સારી રીતે આચરવામાં આવતાં અન્યનાં ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ચડિયાતો છે; પોતાના ધર્મમાં મરવું પણ કલ્યાણકારી છે; જ્યારે અન્યનો ધર્મ ભયપ્રદ છે. (૩૫)

**અર્જુન ઉવાચ।** અર્જુનઃ + ઉવાચ। અર્જુન બોલ્યા

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : પ્રયુક્તોઽયં** - પ્રયુક્તઃ + અયં; **અનિચ્છન્નપિ** - અનિચ્છન્ + અપિ; **બલાદિવ** - બલાત્ + ઈવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વાર્ષ્ણેય** - હે વૃષ્ણિકુળમાં જન્મેલા (કૃષ્ણ); **અથ** - (તો) પછી; **અયં પુરુષઃ** - આ માનવ; **અનિચ્છન્** - (જાતે) ઈચ્છતો ન હોવાં છતાં; **અપિ** - પણ; **બલાત્** - પરાણે; **નિયોજિત ઈવ** - જોડાયો હોય તેમ; **કેન** - કોનાથી; **પ્રયુક્તઃ** - પ્રેરાઈને; **પાપં ચરતિ** - પાપનું આચરણ કરે છે;

**ભાવાર્થ :** હે વાર્ષ્ણેય – કૃષ્ણ ! તો પછી આ માનવ જાતે ઈચ્છતો ન હોવા છતાં પણ પરાણે જોડાયો હોય તેમ હોવાથી પ્રેરાઈને પાપ કરે છે. (૩૬)

**શ્રીભગવાન ઉવાચ** । ભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ** - કામઃ + એષઃ + ક્રોધઃ + એષઃ + રજોગુણ સમુદ્ભવઃ; **મહાશનો મહાપાપ્મા** - મહાશનઃ + મહાપાપ્મા; **વિદ્ધ્યેનમિહ** - વિદ્ધિ + એનમ્ + ઈહ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રજોગુણસમુદ્ભવઃ** - રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો; **એષઃ કામઃ** - આ કામ (જ); **ક્રોધઃ** - ક્રોધ છે; **એષઃ** - આ; **મહાશનઃ** - બહુ ખાનારો; (અને) **મહાપાપ્મા** - મહાપાપી છે; **એનં** - આને (જ) તું; **ઈહ** - આ બાબતમાં; **વૈરિણં** - વૈરી; **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો આ કામ જ ક્રોધ છે, આ બહુ ખાનારો અને મહાપાપી છે; આને જ તું આ બાબતમાં વેરી જાણ. (૩૭)

**ધૂમેનાવ્રિયતે વહ્નિર્યથાદર્શો મલેન ચ ।**
**યથોલ્બેનાવૃતો ગર્ભસ્તથા તેને દમાવૃતમ્ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : ધૂમેનાવ્રિયતે** - ધૂમેન + આવ્રિયતે; **વહ્નિર્યથાદર્શો મલેન** - વહ્નિઃ + યથા + આદર્શઃ + મલેન;

**યથોલ્બેનાગવૃતો ગર્ભસ્તથા** - યથા + ઉલ્બેન + આવૃતઃ + ગર્ભઃ + તથા; **તેનેદમાવૃતમ્** - તેન + ઈદમ્ + આવૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જેવી રીતે; **ધૂમેન** - ધૂમાડાથી; **વહ્નિઃ** - અગ્નિ; (અને) **મલેન** - મેલથી; (જેમ) **આદર્શઃ** - દર્પણ (ઢંકાઈ જાય છે); (તથા) (જેમ) **ઉલ્બેન** - ઓરથી; **ગર્ભઃ** - ગર્ભ; **તથા** - તે જ પ્રમાણે; **ઈદં** - આ જ્ઞાનઃ **તેન** - તેનાથી (કામથી); **આવૃતં** - ઢંકાયેલું રહે છે;

**ભાવાર્થ :** જેમ ધૂમાડાથી અગ્નિ, મેલથી દર્પણ ઢંકાઈ જાય છે તથા જેમ ઓરથી ગર્ભ (ઢંકાયેલો) (રહે છે) તેમજ આ જ્ઞાન તે કામથી ઢંકાયેલું રહે છે. (૩૮)

**આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।**
**કામરૂપેણ કૌન્તેય દુષ્પૂરેણાનલેન ચ ॥૩૯॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનમેતેન** - જ્ઞાનં + એતેન; **જ્ઞાનિનો નિત્યવૈરિણા** - જ્ઞાનિનઃ + નિત્યવૈરિણા; **દુષ્પૂરેણાનલેન** - દુષ્પૂરેણ + અનલેન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - અને; **કૌંતેય** - હે અર્જુન; **એતેન** - આ; **અનલેન** - અગ્નિની; (પેઠે કદી); **દુષ્પૂરેણ** - પૂર્ણ ન થનારા; **કામરૂપેણ** - કામરૂપી; **જ્ઞાનિનઃ** - જ્ઞાનીઓના; **નિત્યવૈરિણા** - નિત્ય વેરી દ્વારા; (મનુષ્યનું); **જ્ઞાનં** - જ્ઞાન; **આવૃતં** - ઢંકાયેલું છે;

**ભાવાર્થ :** અને હે અર્જુન ! આ અગ્નિની પેઠે કદી પૂર્ણ ન થનારા કામરૂપી જ્ઞાનીઓના નિત્ય વૈરી દ્વારા મનુષ્યનું જ્ઞાન ઢંકાયેલું છે. (૩૯)

**ઈન્દ્રિયાણિ મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમૂચ્યતે ।**
**એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમુચ્યતે** - મનઃ + બુદ્ધિઃ + અસ્ય + અધિષ્ઠાનમ્+ ઉચ્યતે; **એતૈર્વિમોહ્યત્યેષ જ્ઞાનમાવૃત્ય** - એતૈઃ + વિમોહ્યતિ + એષઃ + જ્ઞાનમ્ + આવૃત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈન્દ્રિયાણિ મનઃ બુદ્ધિઃ** - ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ (આ સર્વ); **અસ્ય** - આનું; **અધિષ્ઠાનં** - વાસસ્થાન; **ઉચ્યતે** - કહેવાય છે; **એષ** - આ (કામ); **એતૈઃ** - આ (મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો) દ્વારા (જ); **જ્ઞાનં** - જ્ઞાનને; **આવૃત્ય** - ઢાંકી દઈને; **દેહિનઃ** - જીવાત્માને; **વિમોહ્યતિ** - મોહિત કરે છે;

**ભાવાર્થ :** ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ આ સર્વ આનું વાસસ્થાન કહેવાય છે, આ કામ એ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ દ્વારા જ જ્ઞાનને ઢાંકી દઈને જીવાત્માને મોહિત કરે છે. (૪૦)

**તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।**
**પાપ્માનં પ્રજેહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ ॥૪૧॥**

**સંધિવિગ્રહ : તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ** - તસ્માત્ + ત્વમ્ + ઈન્દ્રિયાણિ + આદૌ; (**ભરતર્ષભ** - ભરત + ઋષભ;

**ઋષભ** - શ્રેષ્ઠ); **હ્યેનં** - હિ + એનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **ભરતર્ષભ** - હે ભરતર્ષભ - અર્જુન; **ત્વં** - તું; **આદૌ** - પહેલાં; **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયોને; **નિયમ્ય** - વશ કરીને; **એનં** - આ; **જ્ઞાનવિજ્ઞાનનાશનં** - જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા; **પાપ્માનં** - (આ) મહાપાપી (કામ)ને; **હિ** - અવશ્ય; **પ્રજહિ** - બળપૂર્વક મારી કાઢ;

**ભાવાર્થ :** તેથી હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! તું પહેલાં ઈન્દ્રિયોને વશ કરીને, જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનારા આ મહાપાપી કામને બળપૂર્વક મારી કાઢ. (૪૧)

**ઈન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।**
**મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ** - પરાણિ + આહુઃ + ઈન્દ્રિયેભ્યઃ; **મનસસ્તુ** - મનસઃ + તુ; **બુદ્ધિર્યો બુદ્ધેઃ** - બુદ્ધિઃ + યઃ + બુદ્ધેઃ; **પરતસ્તુ** - પરતઃ + તુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયોને; (સ્થૂળ શરીર કરતાં); **પરાણિ** - પર (શ્રેષ્ઠ, બળવાન અને સૂક્ષ્મ); **આહુ** - કહે છે; **ઈન્દ્રિયેભ્યઃ** - (તે) ઈન્દ્રિયો કરતાં; **મનઃ** - મન; **પરં** - પર (શ્રેષ્ઠ) છે; **તુ** - અને; **ય** - જે; **બુદ્ધેઃ** - બુદ્ધિ કરતાં; **હિ** - પણ; **પરતઃ** - અત્યંત શ્રેષ્ઠ છે; **સ** - તે (આત્મા) છે;

**ભાવાર્થ :** ઈન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર (શ્રેષ્ઠ)

બળવાન અને સૂક્ષ્મ કહે છે; તે ઈન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે અને મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, પણ જે બુદ્ધિ કરતાં પણ અત્યંત શ્રેષ્ઠ છે તે આત્મા છે. (૪૨)

**એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।**
**જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ॥૪૩॥**

**સંધિવિગ્રહ : સંસ્તભ્યાત્માનમાત્મના** - સંસ્તભ્ય + આત્માનમ્ + આત્મના;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** આ પ્રમાણે; **બુદ્ધેઃ** - બુદ્ધિ કરતાં; **પરં** - પર (સૂક્ષ્મ બળવાન અને અત્યંત શ્રેષ્ઠ આત્માને); **બુદ્ધ્વા** - ઓળખીને; **આત્મના** - બુદ્ધિ દ્વારા; **આત્માનમ્** - મનને; **સંસ્તભ્ય** - વશ કરીને; **મહાબાહો** - હે મહાબાહુ અર્જુન; (તું આ) **કામરૂપં** - કામરૂપી; **દુરાસદં** - દુર્જય; **શત્રું** - શત્રુને; **જહિ** - મારી કાઢ;

**ભાવાર્થ :** આ પ્રમાણે બુદ્ધિ કરતાં, પણ સૂક્ષ્મ, બળવાન અને શ્રેષ્ઠ આત્માને ઓળખીને બુદ્ધિ દ્વારા મનને વશ કરીને તું આ કામરૂપી દુર્જય શત્રુને મારી કાઢ. (૪૩)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મયોગો**
**નામ તૃતીયોઽધ્યાયઃ ॥૩॥**

**॥ કર્મયોગ નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત ॥**

# ચતુર્થ અધ્યાય (ચોથો અધ્યાય)

## જ્ઞાનકર્મ સન્યાસ યોગ

**અથ ચતુર્થોડધ્યાયઃ ।** **અથ** ચતુર્થઃ + અધ્યાય ।

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્ ।**
**વિવસ્વાન્મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેડબ્રવીત્ ॥૧॥**

**સંધિવિગ્રહ : પ્રોક્તવાનહમવ્યયમ્** - પ્રોક્તવાન્ + અહમ્ + અવ્યયં; **વિવસ્વાન્મનવે** - વિવસ્વાન્ + મનવે; **મનુરિક્ષ્વાકવેડબ્રવીત્** - મનુઃ + ઈક્ષ્વાકવે + અબ્રવીત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈમં** - આ; **અવ્યયં યોગં** - અવિનાશી યોગ; **અહં** - મેં; **વિવસ્વતે** - સૂર્યને; **પ્રોક્તવાન્** - કહ્યો હતો; **વિવસ્વાન્** - સૂર્ય **મનવે** (પોતાના પુત્ર વૈવસ્વત;) - મનુને; **પ્રાહ** - કહ્યો; (અને) **મનુઃ** - મનુએ; **ઈક્ષ્વાકવે** - પોતાના પુત્ર ઈક્ષ્વાકુને; **અબ્રવીત્** - કહ્યો;

**ભાવાર્થ :** આ અવિનાશી યોગ મેં સૂર્યને કહ્યો હતો; સૂર્યે પોતાના પુત્ર વૈવસ્વત મનુને કહ્યો અને મનુએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુને કહ્યો. (૧)

**એવં પરમ્પરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુઃ ।**
**સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ ॥૨॥**

**સંધિવિગ્રહ : પરમ્પરાપ્રાપ્તમિમં** - એવં + પરંપરાપ્રાપ્તમ્ + ઈમં; **રાજર્ષયોઃ વિદુઃ** - રાજર્ષયઃ + વિદુઃ; **સ કાલનેહ** - સઃ કાલેન + ઈહ; **યોગો નષ્ટઃ** - યોગઃ + નષ્ટઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ** - હે પરંતપ અર્જુન; **એવં** - આ પ્રમાણે; **પરંપરાપ્રાપ્ત** - પરંપરાથી પ્રાપ્ત; **ઈમં** - આ યોગને; **રાજર્ષયઃ** - રાજર્ષિઓએ; **વિદુઃ** - જાણ્યો; (પરંતુ ત્યાર પછી); **સઃ યોગઃ** - તે યોગ; **મહતા કાલેન** - ઘણા સમયથી; **ઈહ** - આ પૃથ્વી લોકમાં; **નષ્ટઃ** - લગભગ લુપ્તપ્રાય (નષ્ટ) થઈ ગયો;

**ભાવાર્થ :** હે પરંતપ અર્જુન ! આ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત આ યોગને રાજર્ષિઓએ જાણ્યો; પરંતુ ત્યાર પછી તે યોગ ઘણા સમયથી આ પૃથ્વી લોકમાં લગભગ લુપ્તપ્રાય નષ્ટ થઈ ગયો. (૨)

**સ એવાયં મયા તેડદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ ।**
**ભક્તોડસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ॥૩॥**

**સંધિવિગ્રહ : સ એવાયં** - સઃ + એવ + અયં; **તેડદ્ય** - તે + અદ્ય; **ભક્તોડસિ** - ભક્તઃ + અસિ; **ચેતિ** - ચ + ઈતિ; **હ્યેતદુત્તમમ્** - હિ + એતત્ + ઉત્તમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તું) **મે** - મારો; **ભક્તઃ** - ભક્ત; **ચ** - અને; **સખા અસિ** - પ્રિય સખા છે; **ઈતિ** - (માટે); **સઃ એવ** - તે જ; **અયં** - આ; **પુરાતન યોગ** - પુરાતન યોગ; **અદ્ય** -

આજે; **મયા** - મેં; **તે** - તને; **પ્રોક્ત** - કહ્યો છે; **હિ** - કેમ કે; **એતત્** - આ; **ઉત્તમં** - ઘણું ઉત્તમ; **રહસ્યં** - રહસ્ય છે (ગુપ્ત રાખવા યોગ્ય વિષય છે);

**ભાવાર્થ :** તું મારો ભક્ત અને પ્રિય સખા છે માટે તે જ પુરાતન યોગ આજે મેં તને કહ્યો છે, કેમ કે આ ઘણું ઉત્તમ રહસ્ય છે. (ગુપ્ત રાખવા યોગ્ય). (૩)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ ।**
**કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાનિતિ ॥૪॥**

**સંધિવિગ્રહ : ભવતો જન્મઃ** - ભવતઃ + જન્મઃ **કથમેતદ્વિજાનીયાં** - કથમ્ + એતત્ + વિજાનીયાં; **ત્વમાદૌ** - ત્વમ્ + આદૌ; **પ્રોક્તવાનિત** - પ્રોક્તવાન્ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભવતઃ** - આપનો; **જન્મઃ** - જન્મ (તો); **અપરં** - અર્વાચીન, હાલનો છે; (જ્યારે) **વિવસ્વતઃ** - સૂર્યનો; **જન્મઃ** - જન્મ (તો); **પરં** - ઘણો પહેલાંનો છે (કલ્પના આરંભે થયેલો છે); **ઈતિ** - (તો હું) આને (આ વાતને); **કથં** - કેમ; **વિજાનીયાં** - સમજું (કે); **ત્વં** - તમે જ; **આદૌ** - કલ્પના આરંભે; (સૂર્યને); **એતત્** - આ (યોગ); **પ્રોક્તવાન્** - કહ્યો હતો;

**ભાવાર્થ :** આપનો જન્મ તો હાલમાં થયેલો છે, જ્યારે સૂર્યનો જન્મ તો ઘણો પહેલાંનો છે; (કલ્પના આરંભે થયેલો

છે) તો હું આ વાતને કેવી રીતે સમજું કે તમે જ કલ્પના આરંભે સૂર્યને આ યોગ કહ્યો હતો. (૪)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।**
**તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ ॥૫॥**

**સંધિવિગ્રહ : ચાર્જુન** - ચ + અર્જુન; **તાન્યહં** - તાનિ - અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ અર્જુન** - હે પરંતપ અર્જુન; **મે** - મારા; **ચ** - અને; **તવ** - તારા; **બહૂનિ જન્માનિ** - ઘણા બધા જન્મો; **વ્યતીતાનિ** - થઈ ચૂક્યા છે; **તાનિ** - તે; **સર્વાણિ** - સર્વને; **ત્વં** - તું; **ન વેત્થ** - જાણતો નથી; (પણ) **અહં વેદ** - હું જાણું છું;

**ભાવાર્થ :** હે પરંતપ અર્જુન ! મારા અને તારા ઘણા બધા જન્મો થઈ ચૂક્યા છે, તે સર્વને તું જાણતો નથી, પણ હું જાણું છું. (૫)

**અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્ ।**
**પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥૬॥**

**સંધિવિગ્રહ : અજોઽપિ** - અજઃ + અપિ; **સન્નવ્યયાત્મા** - સન્ + અવ્યયાત્મા; **ભૂતાનામીશ્વરોઽપિ** - ભૂતાનામ્ + ઈશ્વરઃ + અપિ; **સ્વામધિષ્ઠાય** - સ્વામ્ + અધિષ્ઠાય;

**સંભવામ્યાત્મમાયયા** - સંભવામિ + આત્મમાયયા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** – હું; **અજ** - અજન્મા; (અને); **અવ્યયાત્મા** - અવિનાશી સ્વરૂપ; **સન્ અપિ** - હોવા છતાં; (તથા) **ભૂતાનાં** - (બધાય) પ્રાણીઓનો; **ઈશ્વર** - ઈશ્વર; **સન્ અપિ** - હોવા છતાં; **સ્વાં પ્રકૃતિ** - પોતાની પ્રકૃતિને; **અધિષ્ઠાય** - આધીન કરીને; **આત્મમાયયા** - પોતાની (યોગ) માયાથી; **સંભવામિ** - પ્રકટ થાઉં છું;

**ભાવાર્થ :** હું અજન્મા અને અવિનાશી સ્વરૂપ હોવા છતાં તથા બધા ય પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને આધીન કરીને પોતાની યોગમાયાથી પ્રક્ટ થાઉં છું. (૬)

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : ગ્લાનિર્ભવતિ** - ગ્લાનિઃ + ભવતિ; **અભ્યુત્થાનમધર્મસ્ય** - અભ્યુત્થાનમ્ + અધર્મસ્ય; **તદાત્માનં** - તદા + આત્માનં; **સૃજામ્યહમ્** - સૃજામિ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભારત (અર્જુન); **યદા યદા** - જ્યારે જ્યારે; **ધર્મસ્ય** - ધર્મની; **ગ્લાનિઃ** - હાનિ (પતન); (અને) **અધર્મસ્ય** - અધર્મની; **અભ્યુત્થાનં** - વૃદ્ધિ; **ભવતિ** - થાય છે; **તદા** - ત્યારે; **હિ** - જ; **અહં** - હું; **આત્માનં** - પોતાના રૂપને; **સૃજામિ** - સર્જું છું; (એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ

પ્રકટ થાઉં છું);

**ભાવાર્થ :** હે ભારત (અર્જુન) ! જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે જ હું પોતાના રૂપને સર્જું છું. (સાકારરૂપે પ્રકટ થાઉં છું.) (૭)

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥૮॥**

**સંધિવિગ્રહ : ધર્મસંસ્થાપનાર્થાય** - ધર્મસંસ્થાપના + અર્થાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સાધૂનાં** - સાધુ પુરુષોનો; **પરિત્રાણાય** - ઉદ્ધાર કરવા માટે; **દુષ્કૃતાં** - પાપકર્મ કરનારાઓનો; **વિનાશાય** - વિનાશ કરવા માટે; **ચ** - અને; **ધર્મસંસ્થાપનાર્થાય** - ધર્મની સમ્યક્ (ઉચિત) રીતે સ્થાપના કરવા માટે; **યુગે યુગે** - પ્રત્યેક યુગમાં; **સંભવામિ** - હું પ્રકટ થાઉં છું;

**ભાવાર્થ :** સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવાં, પાપ કર્મ કરનારાઓનો વિનાશ કરવાં અને ધર્મની સમ્યક્ (ઉચિત) રીતે સ્થાપના કરવાં પ્રત્યેક યુગમાં હું પ્રકટ થાઉં છું. (૮)

**જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥૯॥**

**સંધિવિગ્રહ : દિવ્યમેવં** - દિવ્યમ્ + એવં; **પુનર્જન્મ** -

પુનઃ + જન્મ; **નૈતિ** - ન + એતિ; **મામેતિ** - મામ્ + એતિ; **સોઽર્જુન** - સઃ + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **મે** - મારા; **જન્મ** - જન્મ; **ચ** - અને; **કર્મ** - કર્મ; **દિવ્યં** - દિવ્ય (નિર્મલ અને અલૌકિક) છે; **એવં** - એમ; **ય** - જે મનુષ્ય; **તત્ત્વતઃ** - તત્ત્વથી (પરમેશ્વર જેવું સુહૃદ્ પ્રેમી અને પતિતપાવન બીજું કાંઈપણ નથી); **વેત્તિ** - જાણે છે; **સઃ** - તે; **દેહં ત્યક્ત્વા** - ત્યજીને; **પુનઃ જન્મ** - પુનર્જન્મ; **ન એતિ** - પામતો નથી; (પણ) **મામ્ એવ** - મને જ; **એતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! મારા જન્મ અને કર્મ દિવ્ય છે એમ જે મનુષ્ય તત્ત્વથી (પરમેશ્વર જેવું સુહૃદ, પ્રેમી અને પતિતપાવન બીજું કાંઈ નથી) જાણે છે તે દેહ ત્યજીને પુનર્જન્મ પામતો નથી, પણ મને જ પામે છે. (૯)

**વીતરાગભયક્રોધા મન્મયા મામુપાશ્રિતાઃ ।**
**બહવો જ્ઞાનતપસા પૂતા મદ્‌ભાવમાગતાઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : વીતરાગભયક્રોધા મન્મયા મામુપાશ્રિતાઃ** - વીતરાગભયક્રોધાઃ + મન્મયાઃ + મામ્ + ઉપાશ્રિતાઃ; **બહવો જ્ઞાનતપસા** - બહવઃ + જ્ઞાન + તપસા; **પૂતા મદ્‌ભાવમાગતાઃ** - પૂતાઃ + મદ્‌ભાવં + આગતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને હે અર્જુન ! પહેલાં પણ);

**વીતરાગભયક્રોધાઃ** - જેમના રાગ, ભય અને ક્રોધ સર્વથા નાશ પામ્યા છે; (અને) (જેઓ) **મન્મયા** - મારામાં અનન્ય ભાવ રાખતા હતા (તેવા); **મામ્** - મારે; **ઉપાશ્રિતાઃ** - આશ્રયે રહેનારા; **બહવઃ** - ઘણાય (ભક્તો); **જ્ઞાનતપસા** - જ્ઞાનરૂપી તપ વડે; **પૂતાઃ** - પવિત્ર થઈને; **મદ્ભાવમ્** - મારા સ્વરૂપને; **આગતાઃ** - પામી ચૂક્યા છે;

**ભાવાર્થ :** આ પહેલાં પણ જેમના રાગ, ભય અને ક્રોધ નાશ પામ્યા છે અને જેઓ મારામાં અનન્ય ભાવ રાખતાં હતાં તેવાં મારા આશ્રયે રહેનારાં ઘણાય ભક્તો જ્ઞાનરૂપી તપ વડે પવિત્ર થઈને મારા સ્વરૂપને પામી ચૂક્યા છે. (૧૦)

**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : તાંસ્તથૈવ** - તાન્ + તથા + એવ; **ભજામ્યહમ્** - ભજામિ + અહં; **વર્ત્માનુવર્તન્તે** - વર્ત્મ + અનુવર્તન્તે;

**ભાવાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **યે** - જે (ભક્તો); **માં** - મને; **યથા** - જેવા ભાવથી; **પ્રપદ્યન્તે** - ભજે છે; **તાન્** - તેમને; **અહં** - હું (પણ); **તથા એવ** - તેવા જેવા ભાવથી, **ભજામિ** - ભજું છું; (કેમ કે); **મનુષ્યાઃ** - સર્વ મનુષ્યો; **સર્વશઃ** - સર્વ પ્રકારે; **મમ વર્ત્મ** - મારા (જ) માર્ગને; **અનુવર્તન્તે** - અનુસરે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! જે ભક્તો મને જેવા ભાવથી ભજે છે તેમને હું પણ તેવા ભાવથી ભજું છું, કેમ કે સર્વ મનુષ્યો સર્વ પ્રકારે મારા જ માર્ગને અનુસરે છે. (૧૧)

**કાઙ્‌ક્ષન્તઃ કર્મણાં સિદ્ધિં યજન્ત ઈહ દેવતા ।**
**ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ભવતિ કર્મજા ॥૧૨॥**

**સંધિવિગ્રહ : યજન્ત ઈહ** - યજન્તે + ઈહ; **સિદ્ધિર્ભવતિ** - સિદ્ધિઃ + ભવતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈહ** - આ (લોકમાં); **માનુષે લોકે** - મનુષ્ય લોકમાં; **કર્મણાં** - કર્મોનાં; **સિદ્ધિં** - ફળને; **કાંક્ષન્તઃ** - ઈચ્છનારા (લોકો); **દેવતા** - (અન્ય) દેવતાઓનું; **યજન્તે** - પૂજન કરતા રહે છે; **હિ** - કેમ કે (તેમને); **કર્મજા** - કર્મોથી ઉત્પન્ન થનારી; **સિદ્ધિઃ** - સિદ્ધિ; **ક્ષિપ્રં** - શીઘ્ર; **ભવતિ** - મળી જાય છે;

**ભાવાર્થ :** આ મનુષ્ય લોકમાં કર્મોનાં ફળને ઈચ્છનારા લોકો અન્ય દેવતાઓનું પૂજન કરતાં રહે છે; કેમ કે તેમને કર્મોથી ઉત્પન્ન થનારી સિદ્ધિ શીઘ્ર (તરત જ) મળી જાય છે. (૧૨)

**ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ ।**
**તસ્ય કર્તારમપિ માં વિદ્ધયકર્તારમવ્યયમ્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : કર્તારમપિ** - કર્તારમ્ + અપિ;

**વિદ્ધ્યકર્તારમવ્યયમ્** - વિદ્ધિ + અકર્તારમ્ + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચાતુર્વર્ણ્યં** - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણોના સમૂહ; **ગુણકર્મવિભાગશઃ** - ગુણ અને કર્મોના વિભાગ પ્રમાણે છે; **મયા** - મારા દ્વારા; **સૃષ્ટં** - સર્જાયેલો છે; (આ પ્રમાણે); **તસ્ય** - તે સૃષ્ટિરચના વગેરે કર્મનો; **કર્તારં અપિ** - કર્તા હોવા છતાં; **અપિ** - પણ; **માં** - મને; **અવ્યયં** - અવિનાશી પરમેશ્વરને (તું વાસ્તવમાં); **અકર્તારં** - અકર્તા (જ); **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણોનો સમૂહ ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે મારા દ્વારા સર્જાયેલો છે; આ પ્રમાણે સૃષ્ટિ રચના વગેરે કર્મનો કર્તા હોવા છતાં પણ મને અવિનાશી પરમેશ્વરને વાસ્તવમાં અકર્તા જ જાણ. (૧૩)

**ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા ।**
**ઈતિ માં યોઙભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : યોઙભિજાનાતિ** - યઃ + અભિજાનાતિ; **કર્મભિર્ન** - કર્મભિઃ + ન; **સ બધ્યતે** - સઃ + બધ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કારણ કે); **કર્મફલે** - કર્મોના ફળમાં; **મે** - મારી; **સ્પૃહા** - સ્પૃહા; **ન** - નથી (તેથી); **માં** - મને; **કર્માણિ** - કર્મો; **ન લિમ્પન્તિ** - લિપ્ત કરતાં નથી; **ઈતિ** - એમ (આ

પ્રમાણે); **યઃ** - જે; **મામ્** - મને; **અભિજાનાતિ** - તત્ત્વથી જાણી લે છે; **સઃ** - તે (પણ); **કર્મભિઃ** - કર્મોથી; **ન બધ્યતે** - બંધાતો નથી;

**ભાવાર્થ :** કારણ કે કર્મોના ફળમાં મારી સ્પૃહા (તૃષ્ણા) નથી, તેથી મને કર્મો લિપ્ત કરતાં નથી; આ પ્રમાણે જે મને તત્ત્વથી જાણી લે છે તે પણ કર્મોથી બંધાતો નથી. (૧૪)

**એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ ।**
**કુરુ કર્મૈવ તસ્માત્ત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : પૂર્વૈરપિ** - પૂર્વૈઃ + અપિ; **કર્મૈવ** - કર્મ + એવ; **તસ્માત્ત્વં** - તસ્માત્ + ત્વં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પૂર્વૈઃ** - પૂર્વે થઈ ગયેલા; **મુમુક્ષુભિઃ** - મુમુક્ષુ (મોક્ષની ઈચ્છા રાખનારા)ઓએ; **અપિ** - પણ; **એવં** - આ પ્રમાણે; **જ્ઞાત્વા** - જાણીને (જ); **કર્મ કૃતં** - કર્મ કર્યાં છે; **તસ્માત્** - તેથી; **ત્વં** - તું (પણ); **પૂર્વૈઃ** - પૂર્વજો દ્વારા; **પૂર્વતરં** - સદા કાળથી; **કૃતં** - આચરવામાં આવેલાં; **કર્મ** - કર્મ; **એવ** - જ; **કુરુ** - કર;

**ભાવાર્થ :** પૂર્વે થઈ ગયેલા મુમુક્ષુઓએ પણ આ પ્રમાણે જાણીને જ કર્મ કર્યાં છે, તેથી તું પણ પૂર્વજો દ્વારા સદાકાળથી આચરવામાં આવેલા કર્મ જ કર. (૧૫)

**કિં કર્મ કિમકર્મેતિ કવયોઽપ્યત્ર મોહિતાઃ ।**
**તત્તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : કિમકર્મેતિ** - કિં + અકર્મ + ઇતિ;

**કવયોઽપ્યત્ર** - કવયઃ + અપિ + અત્ર; **તત્તે** - તત્ + તે; **યજ્જ્ઞાત્વા** - યત્ + જ્ઞાત્વા; **મોક્ષ્યસેઽશુભાત્** - મોક્ષ્યસે + અશુભાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કર્મ કિં** - કર્મ શું (છે); (અને) **કિમ્ અકર્મ** - અકર્મ શું (છે); **ઈતિ** - એમ (એનો); **અત્ર** - અહીં (આ બાબતમાં); (નિર્ણય કરવામાં); **કવયઃ અપિ** - બુદ્ધિશાળી મનુષ્યો પણ; **મોહિતાઃ** - મોહિત થઈ જાય છે; **તત્** - (માટે) તે; **કર્મ** - કર્મતત્ત્વ; (હું); **તે** - તને; **પ્રવક્ષ્યામિ** - સારી રીતે સમજાવીને કહુ છું; **યત્** - જે; **જ્ઞાત્વા** - જાણીને (તું); **અશુભાત્** - અશુભથી (કર્મબંધનમાંથી); **મોક્ષ્યસે** - મુક્ત થઈ જશે;

**ભાવાર્થ :** કર્મ શું છે ? અને અકર્મ શું છે ? એનો આ બાબતમાં નિર્ણય કરવામાં બુદ્ધિશાળી મનુષ્યો પણ મોહિત થઈ જાય છે, માટે તે કર્મતત્ત્વ હું તને સારી રીતે સમજાવીને કહું છું, જે જાણીને તું (અશુભ) કર્મબંધનોમાંથી મુક્ત થઈ જશે. (૧૬)

**કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ।**
**અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : કર્મણો હ્યપિ** - કર્મણઃ + હિ + અપિ; **અકર્મણશ્ચ** - અકર્મણઃ + ચ; **કર્મણો ગતિઃ** - કર્મણઃ + ગતિઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કર્મણઃ** - કર્મનું (સ્વરૂપ); **અપિ** - પણ; **બોદ્ધવ્યં** - જાણવું જોઈએ; **ચ** - અને; **અકર્મણઃ** -

અકર્મનું (સ્વરૂપ) (પણ); **બોદ્ધવ્યં** - જાણવું જોઈએ; (તેમજ); **વિકર્મણઃ** - વિકર્મનું સ્વરૂપ (પણ જાણવું જોઈએ); **હિ** - કેમ કે; **કર્મણઃ ગતિ** - કર્મની ગતિ; **ગહના** - ગહન છે;

**ભાવાર્થ :** કર્મનું સ્વરૂપ પણ, અકર્મનું સ્વરૂપ પણ તથા વિકર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ કેમ કે કર્મની ગતિ ગહન છે. (૧૭)

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।**
**સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : કર્મણ્યકર્મ** - કર્મણિ + અકર્મ; **પશ્યેદકર્મણિ** - પશ્યેત્ + અકર્મણિ; **સ બુદ્ધિમાન્મનુષ્યેષુ** - સઃ + બુદ્ધિમાન્ + મનુષ્યેષુ; **સ યુક્તઃ** - સઃ + યુક્તઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ય** - જે (મનુષ્ય); **કર્મણિ** - કર્મમાં; **અકર્મ** - અકર્મ; **પશ્યેત્** - જુએ છે; **ચ** - અને; **ય** - જે; **અકર્મણિ કર્મ** - અકર્મમાં કર્મ (જુએ છે); **સઃ** - તે (મનુષ્ય); **મનુષ્યોનું** - સર્વ મનુષ્યોમાં; **બુદ્ધિમાન્** - બુદ્ધિશાળી (છે) (તથા); **સઃ** - તે; **યુક્તઃ** - યોગી (મનુષ્ય); **કૃત્સ્નકર્મકૃત્** - સમસ્ત કર્મો કરનારો છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય કર્મમાં અકર્મ જુએ અને અકર્મમાં કર્મ જુએ તે મનુષ્ય સર્વ મનુષ્યોમાં બુદ્ધિશાળી છે અને તે યોગી મનુષ્ય સમસ્ત કર્મ કરનારો છે. (૧૮)

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : તમાહુઃ** - તમ્ + આહુઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યસ્ય** - જેનાં; **સર્વે સમારંભા** - (શાસ્ત્ર સંમત) સર્વકર્મો; **કામસંકલ્પવર્જિતાઃ** - કામના કે સંકલ્પ વિના થાય છે (તથા); **જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં** - જેનાં સર્વ કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયા છે; **તમ્** - તે (મહાપુરુષ)ને; **બુધાઃ** - જ્ઞાનીજનો (પણ); **પંડિતમ્ આહુઃ** - પંડિત કહે છે;

**ભાવાર્થ :** જેમાં શાસ્ત્રસંમત સર્વ કર્મો કામના કે સંકલ્પ વિના થાય છે તથા, જેનાં સર્વ કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે તે મહાપુરુષને જ્ઞાનીજનો પણ પંડિત કહે છે. (૧૯)

**ત્યક્ત્વા કર્મફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિંચિત્કરોતિ સઃ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : કર્મફલાસંગં** - કર્મફલ + અસંગં; **નિત્યતૃપ્તો નિરાશ્રયઃ** - નિત્યતૃપ્તઃ + નિરાશ્રયઃ (**નિરાશ્રયઃ** - નિઃ + આશ્રયઃ); **કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ** - કર્મણિ + અભિપ્રવૃત્તઃ + અપિ; **નૈવ** - ન + એવ; **કિઞ્ચિત્કરોતિ** - કિંચિત્ + કરોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે પુરુષ); **કર્મફલાસંગં** - સર્વ કર્મો પ્રત્યેની તેમ જ તેમનાં ફળ પ્રત્યેની આસક્તિને; (સર્વથા)

**ત્યક્ત્વા** - ત્યજીને; **નિરાશ્રયઃ** - સંસારમાં આશ્રયરહિત થઈ ગયો છે; (તથા) **નિત્યતૃપ્તઃ** - પરમાત્મામાં સદાય તૃપ્ત છે; **સઃ** - તે; **કર્મણિ** - કર્મોમાં; **અભિપ્રવૃત્તઃ** - યોગ્ય રીતે વર્તતો; **અપિ** - હોવા છતાં પણ; (વાસ્તવમાં); **કિંચિત્ એવ** - કંઈક પણ; **ન કરોતિ** - કરતો નથી;

**ભાવાર્થ :** જે પુરુષ સર્વ કર્મો પ્રત્યેની તેમજ તેનાં ફળની આસક્તિને સર્વથા ત્યજીને સંસારમાં આશ્રયરહિત થઈ ગયો છે તથા પરમાત્મામાં સદાયે તૃપ્ત છે; તે કર્મોમાં યોગ્ય રીતે વર્તતો હોવાં છતાં પણ વાસ્તવમાં કંઈક પણ કરતો નથી. (૨૦)

**નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ ।**
**શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : નિરાશીર્યતચિત્તાત્મા** - નિરાશીઃ + યતચિત્તાત્મા; (**નિરાશીઃ** - નિઃ + આશીઃ); **કુર્વન્નાપ્નોતિ** - કુર્વન્ + ન + આપ્નોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નિરાશીઃ** - જેને કશાયની આશા નથી; **યતચિત્તાત્મા** - જેનું અંતઃકરણ અને ઈન્દ્રિયો સહિત જેણે શરીર જીત્યું છે; **ત્યક્તસર્વપરિગ્રહઃ** - (તેમજ) સમસ્ત ભોગોની સામગ્રીની જેણે પરિત્યાગ કરી દીધો છે એવો; **કેવલં શરીરં કર્મ** - (સાંખ્ય યોગી) કેવળ શરીર સંબંધી કર્મ; **કુર્વન્** - કરતો હોવા છતાં; **અપિ** - પણ; **કિલ્બિષં** -

પાપને; **ન આપ્નોતિ** - પામતો નથી;

**ભાવાર્થ :** જેને કશાયની ખેવના (તૃષ્ણા) નથી, જેનું અંતઃકરણ અને ઈન્દ્રિયો સહિત જેણે શરીર જીત્યું છે, તેમજ સમસ્ત ભોગોની સામગ્રીનો જેણે પરિત્યાગ કરી દીધો છે એવા સાંખ્યયોગી કેવળ શરીર સંબંધી કર્મ કરતો હોવા છતાં પણ પાપને પામતો નથી. (૨૧)

**યદચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥૨૨॥**

**સંધિવિગ્રહ : યદચ્છાલાભસંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ** - યદચ્છાલાભ + સંતુષ્ટઃ + દ્વન્દ્વાતીતઃ + વિમત્સરઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદચ્છાલાભસંતુષ્ટો** - જે ઈચ્છા વિના આપોઆપ મળેલા પદાર્થમાં સદાય સંતુષ્ટ રહે છે; **વિમત્સરઃ** - ઈર્ષ્યા (અદેખાઈ)નો જેનામાં સર્વથા અભાવ થઈ ગયો છે; **દ્વન્દ્વાતીતઃ** - હર્ષ શોક વગેરે દ્વન્દ્વોથી જે સંપૂર્ણપણે અતીત થઈ ગયો છે એવો; **સિદ્ધૌઅસિદ્ધૌ** - સિદ્ધિમાં અને અસિદ્ધિમાં; **સમ** - એક સરખો રહેનાર (કર્મયોગી); **કૃત્વાઅપિ** - (કર્મ) કરવા છતાં પણ; **ન નિબધ્યતે** - (કર્મોથી) બંધાતો નથી;

**ભાવાર્થ :** જે ઈચ્છા વિના આપોઆપ મળેલા પદાર્થોમાં સદાય સંતુષ્ટ રહે છે, ઈર્ષ્યાનો જેનામાં સર્વથા અભાવ થઈ ગયો છે (જે ઈર્ષ્યારહિત છે); હર્ષ શોક વગેરે દ્વન્દ્વોથી જે

સંપૂર્ણ રીતે અતીત થઈ ગયો છે એવો અને સિદ્ધિમાં તથા અસિદ્ધિમાં એક સરખો રહેનાર કર્મયોગી કર્મ કરવા છતાં પણ કર્મથી બંધાતો નથી. (૨૨)

**ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।**
**યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ॥૨૩॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનાવસ્થિતચેતસઃ** - જ્ઞાન + અવસ્થિતચેતસઃ); **યજ્ઞાયાચરતઃ** - યજ્ઞાય + આચરતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ગતસંગસ્ય** - જેની આસક્તિ સર્વથા નાશ પામી છે; **મુક્તસ્ય** - જે દહાભિમાન અને મમત્વ વિનાનો થઈ ગયો છે; **જ્ઞાનાવસ્થિતચેતસઃ** - જેનું ચિત્ત નિરંતર પરમાત્માના જ્ઞાનમાં રહે છે; (તેવા કેવળ); **યજ્ઞાય** - યજ્ઞ સંપાદન માટે (કર્મ); **આચરતઃ** - કરનાર મનુષ્યનાં; **સમગ્રં કર્મ** - સમગ્ર કર્મ; **પ્રવિલીયતે** - સારી પેઠે વિલીન થઈ જાય છે;

**ભાવાર્થ :** જેની આસક્તિ સર્વથા નાશ પામી છે, જે દેહાભિમાન અને મમત્વરહિત થઈ ગયો છે, અને જેનું ચિત્ત નિરંતર પરમાત્માના જ્ઞાનમાં રહે છે તેવો કેવળ યજ્ઞ સંપાદન માટે કર્મ કરનાર મનુષ્યનાં સમગ્ર કર્મ સારી પેઠે વિલીન થઈ જાય છે. (૨૩)

**બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।**
**બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥૨૪॥**

**સંધિવિગ્રહ : બ્રહ્માર્પણં** - બ્રહ્મ + અર્પણં; **હવિર્બ્રહ્માગ્નૌ** - હવિઃ + બ્રહ્મ + અગ્નૌ; **બ્રહ્મૈવ** - બ્રહ્મ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્પણં** - (જે યજ્ઞમાં) અર્પણ કરવાનાં ઉપકરણ (સુવા - સવા - યજ્ઞમાં હોમવાનાં વનસ્પતિનાં બીજ) (સુવા વગેરે ઉપકરણ પણ); **બ્રહ્મ** - બ્રહ્મ છે; **હવિઃ** - હવન કરવા માટેનું યોગ્ય દ્રવ્ય (પણ); **બ્રહ્મ** - બ્રહ્મ છે (તથા); **બ્રહ્મણા** - બ્રહ્મરૂપી કર્તા (હોતા) દ્વારા; **બ્રહ્મ અગ્નૌ** - બ્રહ્મરૂપી અગ્નિમાં; **હુતં** - હોમરૂપી ક્રિયા (પણ બ્રહ્મ છે) **તેન બ્રહ્મકર્મસમાધિના** - તે બ્રહ્મકર્મમાં રહેનારા એ યોગીને; **ગંતવ્યં** - પ્રાપ્ત થનારું (ફળ પણ); **બ્રહ્મ એવ** - બ્રહ્મ જ છે;

**ભાવાર્થ :** જે યજ્ઞમાં અર્પણ કરવાનાં (સુવા વગેરે ઉપકરણ પણ) બ્રહ્મ છે, હવન કરવા માટેનું દ્રવ્ય પણ બ્રહ્મ છે તથા બ્રહ્મરૂપી હોતા (કર્તા) દ્વારા બ્રહ્મરૂપી અગ્નિમાં રૂપી હોમવા ક્રિયા પણ બ્રહ્મ છે તે બ્રહ્મકર્મમાં રહેનારા એ યોગીને પ્રાપ્ત થનારાં ફળ પણ બ્રહ્મ છે. (૨૪)

**દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।**
**બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : દૈવમેવાપરે** - દૈવમ્ + એવં + અપરે; **બ્રહ્માગ્નાવપરે** - બ્રહ્માગ્નૌ + અપરે; **યજ્ઞેનૈવોપજુહ્વતિ** - યજ્ઞેન + એવ + ઉપજુહ્વતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અપરે** - બીજા; **યોગિનઃ** - (કેટલાક) યોગીજનો; **દૈવં** - દેવતાઓની પૂજારૂપી; **યજ્ઞં** - યજ્ઞનું; **એવ** - જ; **પર્યુપાસતે** - સમ્યક્ (ઉચિત) રીતે અનુષ્ઠાન કરે છે (અને); **અપરે** - અન્ય (યોગીજનો); **બ્રહ્માગ્નૌ** - પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં; (અભેદ દર્શન રૂપી); **યજ્ઞેન** - યજ્ઞ દ્વારા; **એવ** - જ; **યજ્ઞં** - આત્મા રૂપી યજ્ઞનો; **ઉપજુહ્વતિ** - હોમ કરે છે;

**ભાવાર્થ :** બીજા કેટલાક યોગીજનો દેવતાઓની પૂજા રૂપી યજ્ઞનું જ ઉચિત રીતે અનુષ્ઠાન કરે છે અને અન્ય યોગીજનો પરબ્રહ્મ પરમાત્મા રૂપી અગ્નિમાં અભેદ દર્શનરૂપી યજ્ઞ દ્વારા જ આત્મારૂપી યજ્ઞનો હોમ કરે છે. (૨૫)

**શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયામાગ્નિષુ જુહ્વતિ ।**
**શબ્દાદિન્વિષયાનન્ય ઈન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે** - શ્રોતાદીનિ + ઈન્દ્રિયાણિ + અન્યે; (**સંયમાગ્નિષુ** - સંયમ + અગ્નિષુ); **શબ્દાદિન્વિષયાનન્ય ઈન્દ્રિયાગ્નિષુ** - શબ્દાદીન્ + વિષયાન્ + અન્યે + ઈન્દ્રિય + અગ્નિષુ)

**શબ્દાર્થ, અન્વયાર્થ : અન્યે** - અન્ય (કેટલાક યોગીજનો) **શ્રોત્રાદિનિ** - શ્રોત્ર (કાન) વગેરે; **ઈન્દ્રિયાણિ** - સમસ્ત ઈન્દ્રિયોને; **સંયમાગ્નિષુ** - સંયમરૂપી અગ્નિઓમાં; **જુહ્વતિ** - હોમે છે

(જ્યારે); **અન્યે** - બીજા કેટલાક યોગીજનો; **શબ્દાદીન્** - શબ્દ વગેરે; **વિષયાન્** - સર્વ વિષયોમાં; **ઈન્દ્રિયાગ્નિષુ** - ઈન્દ્રિયોરૂપી અગ્નિઓમાં; **જુહ્વતિ** - હોમે છે;

**ભાવાર્થ :** અન્ય કેટલાંક યોગીજનો શ્રોત્ર (કાન વગેરે સમસ્ત ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિઓમાં હોમે છે જ્યારે બીજા કેટલાંક યોગીજનો શબ્દ વગેરે સર્વ વિષયોને ઈન્દ્રિયોરૂપી અગ્નિઓમાં હોમે છે. (૨૬)

**સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।**
**આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥૨૭॥**

**સંધિવિગ્રહ : સર્વાણીન્દ્રિયકર્માણિ** - સર્વાણિ + ઈન્દ્રિયકર્માણિ; **ચાપરે** - ચ + અપરે; (**આત્મસંયમયોગાગ્નૌ** - આત્મસંયમયોગ + અગ્નૌ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અપરે** - બીજાના (કેટલાક યોગીજનો); **સર્વાણિ** - સર્વ; **ઈન્દ્રિયકર્માણિ** - ઈન્દ્રિયોની સર્વ ક્રિયાઓને; **ચ** - અને; **પ્રાણકર્માણિ** - પ્રાણોની સર્વ ક્રિયાઓને; **જ્ઞાનદીપિતે** - જ્ઞાન વડે પ્રજવલિત; **આત્મસંયમયોગાગ્નૌ** - આત્મસંયમ યોગરૂપી અગ્નિમાં; **જુહ્વતિ** - હોમી દે છે;

**ભાવાર્થ :** બીજા કેટલાક યોગીજનો ઈન્દ્રિયોની સર્વ ક્રિયાઓને પ્રાણોની સર્વ ક્રિયાઓને જ્ઞાન વડે પ્રજવલિત આત્મસંયમ યોગરૂપી અગ્નિમાં હોમી દે છે. (૨૭)

**દ્રવ્યજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે ।**
**સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : દ્રવ્યજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે** - દ્રવ્યયજ્ઞાઃ + તપોયજ્ઞ : + યોગયજ્ઞાઃ + તથા + અપરે; **સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ** - સ્વાધ્યાયજ્ઞાન-યજ્ઞાઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અપરે** - બીજા કેટલાક; **દ્રવ્યયજ્ઞાઃ** - દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે; **તથા** - તેમજ; **અપરે** - બીજા કેટલાક મનુષ્યો; **તપોયજ્ઞાઃ** - તપરૂપી યજ્ઞ કરનારા છે; (તેમજ બીજા કેટલાક મનુષ્યો); **યોગયજ્ઞાઃ** - યોગરૂપી યજ્ઞ કરનારા છે; **ચ** - અને (વળી); (કેટલા મનુષ્યો); **સંશિતવ્રતાઃ** - અહિંસા વગેરે લોકોત્તર વ્રતો પાળનારા; **અતયઃ** - પ્રયત્નશીલ મનુષ્યો; **સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાઃ** - સ્વાધ્યાયરૂપી જ્ઞાનયજ્ઞ કરનારા છે;

**ભાવાર્થ :** બીજા કેટલાક મનુષ્યો દ્રવ્યસંબંધી યજ્ઞ કરનારા છે, તેમ જ બીજા કેટલાક તપરૂપી યજ્ઞ કરનારા છે; તેમજ બીજા કેટલાક મનુષ્યો યોગરૂપી યજ્ઞ કરનારા છે, અને વળી કેટલાયે મનુષ્યો અહિંસા વગેરે લોકોત્તર વ્રતો પાળનારા પ્રયત્નશીલ મનુષ્યો સ્વાધ્યાય રૂપી જ્ઞાનયજ્ઞ કરનારા છે. (૨૮)

**અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાપરે ।**
**પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ॥૨૯॥**

**અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ ।**
**સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : પ્રાણેઽપાનં** - પ્રાણે + અપાનં; **તથાપરે** - તથા + અપરે; **પ્રાણાન્પ્રાણેષુ** - પ્રાણાન્ + પ્રાણેષુ; **સર્વેઽપ્યેતે** - સર્વે + અપિ + એતે; **યજ્ઞવિદોઃ યજ્ઞક્ષપિતકલ્મષાઃ** - યજ્ઞવિદઃ + યજ્ઞક્ષપિતકલ્મષાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અપરે** - બીજા (કેટલાય યોગીજનો); **અપાને** - અપાન વાયુમાં; **પ્રાણં** - પ્રાણવાયુને; **જુહ્વતિ** - હોમે છે; **તથા** - તેમજ (અન્ય યોગીજનો); **પ્રાણે** - પ્રાણવાયુમાં; **અપાનં** - અપાન વાયુને (હોમે છે) (તથા); **અપરે** - અન્ય કેટલાયે; **નિયતાહારાઃ** - નિયમ પ્રમાણે આહાર કરનારા; **પ્રાણાયામપરાયણાઃ** - પ્રાણાયામપરાયણ (પુરુષો); **પ્રાણાપાનગતી** - પ્રાણવાયુ અને અપાનવાયુની ગતિને; **રુદ્ધ્વા** - રોકીને; **પ્રાણાન્** - પ્રાણોને; **પ્રાણેષુ** - પ્રાણોમાં (જ); **જુહ્વતિ** - હોમે છે; **એતે** - આ; **સર્વે અપિ** - સર્વ સાધકો પણ; **યજ્ઞક્ષપિતકલ્મષાઃ** - યજ્ઞો દ્વારા પાપોના નાશ કરનારા (તેમજ); **યજ્ઞવિદઃ** - યજ્ઞોને જાણનારા છે;

**ભાવાર્થ :** બીજા કેટલાય યોગીજનો અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે તેમજ અન્ય યોગીજનો પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે; તથા અન્ય કેટલાય નિયમ પ્રમાણે આહાર કરનારા પ્રાણાયામપરાયણ પુરુષો પ્રાણવાયુ અને

અપાનવાયુની ગતિને રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હોમે છે; આ સર્વ સાધકો પણ યજ્ઞો દ્વારા પાપોના નાશ કરનારા તેમજ યજ્ઞોને જાણનારા છે. (૨૯, ૩૦)

**યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।**
**નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ્ ॥૩૧॥**

**સંધિવિગ્રહ : યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ** - યજ્ઞશિષ્ટામૃતભુજઃ + યાન્તિ; (**યજ્ઞશિષ્ટામૃતભુજઃ** - યજ્ઞશિષ્ટ + અમૃતભુજઃ); **નાયં** - ન + આયં; **લોકોઽસ્ત્યયજ્ઞસ્ય** - લોકઃ + અસ્તિ + અયજ્ઞસ્ય; **કુતોઽન્યઃ** - કુતઃ + અન્યઃ;

**ભાવાર્થ, અન્વયાર્થ : કુરુસત્તમ** - હે કુરુશ્રેષ્ઠ અર્જુન; **યજ્ઞશિષ્ટામૃતભુજઃ** - યજ્ઞમાંથી બચેલા અમૃતનો અનુભવ કરનારા (યોગીજનો); **સનાતનં બ્રહ્મઃ** - સનાતન પરબ્રહ્મ પરમાત્માને; **યાન્તિ** - પામે છે; (જ્યારે) **અયજ્ઞસ્ય** - યજ્ઞ ન કરનાર મનુષ્ય માટે (તો); **અયં લોકઃ** - આ (મનુષ્ય) લોક (સુખદાયક); **ન અસ્તિ** - નથી; (તો પછી); **અન્યઃ** - પરલોક; **કુતઃ** - ક્યાંથી (સુખદાયક) હોય;

**ભાવાર્થ :** હે કુરુશ્રેષ્ઠ અર્જુન ! યજ્ઞમાંથી બચેલા અમૃતનો અનુભવ કરનારા યોગીજનો સનાતન પરબ્રહ્મ પરમાત્માને પામે છે, જ્યારે યજ્ઞ ન કરનાર મનુષ્ય માટે તો આ મનુષ્યલોક જો સુખદાયક નથી તો પછી પરલોક ક્યાંથી સુખદાયક હોય? (૩૧)

**એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।**
**કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાનેવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ॥૩૨॥**

**સંધિવિગ્રહ : બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે** - બહુવિધાઃ + યજ્ઞાઃ + વિતતા + બ્રહ્મણઃ + મુખે; **કર્મજાન્વિદ્ધિ** - કર્મજાન્ + વિદ્ધિ; **તાન્સર્વાનેવં** - તાન્ + સર્વાન્ + એવં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એવં** - આ પ્રકારે (બીજા પણ); **બહુવિધા** - અનેક પ્રકારના; **યજ્ઞાઃ** - યજ્ઞો; **બ્રહ્મણઃ** - વેદની; **મુખે** - વાણીમાં; **વિતતાઃ** - વિસ્તારપૂર્વક કહેવાયેલા છે; **તાન્** - તે; **સર્વાન્** - સર્વને; (તું) **કર્મજાન્** - મન, ઈન્દ્રિય અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા; **વિદ્ધિ** - જાણ; **એવં** - આ પ્રકારે (તત્ત્વથી); **જ્ઞાત્વા** - જાણીને (એમના અનુષ્ઠાન દ્વારા તું) (કર્મબંધનથી); **વિમોક્ષ્યસે** - પૂર્ણ રીતે મુક્ત થઈ જશે.

**ભાવાર્થ :** આ પ્રકારે બીજા પણ અનેક પ્રકારના યજ્ઞો વેદની વાણીમાં વિસ્તારપૂર્વક કહેવાયેલા છે, તે સર્વને તું મન, ઈન્દ્રિય અને શરીરની ક્રિયા દ્વારા સંપન્ન થનારા જાણ; આ પ્રકારે તત્ત્વથી જાણીને એમના અનુષ્ઠાન દ્વારા તું કર્મબંધનથી પૂર્ણ રીતે મુક્ત થઈ જશે. (૩૨)

**શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ પરન્તપ ।**
**સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ॥૩૩॥**

**સંધિવિગ્રહ : શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ** શ્રેયાન્

+ દ્રવ્યમયાત્ + યજ્ઞાત્ + જ્ઞાનયજ્ઞઃ; **કર્માખિલં** - કર્મ + અખિલં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરન્તપ** - પાર્થ, હે પરંતપ; **દ્રવ્યમયાત્** - દ્રવ્યમય; **યજ્ઞાત્** - યજ્ઞના કરતાં; **જ્ઞાનયજ્ઞઃ** - જ્ઞાનયજ્ઞ; **શ્રેયાન્** - ઘણો ચડિયાતો છે; (તથા) **પાર્થ** - હે પાર્થ; **અખિલં સર્વં કર્મ** - સર્વકર્મ; **જ્ઞાને** - જ્ઞાનમાં; **પરિસમાપ્યતે** - સમાપ્તિને પામે છે;

**ભાવાર્થ :** હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞના કરતાં જ્ઞાનયજ્ઞ ઘણો ચડિયાતો છે તથા હે પાર્થ ! સર્વ કર્મ જ્ઞાનમાં સમાપ્તિને પામે છે. (૩૩)

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : તદ્વિદ્ધિ** - તત્ + વિદ્ધિ; **જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ** - જ્ઞાનિનઃ + તત્ત્વદર્શિન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્** - તે (જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને); **વિદ્ધિ** - જાણી લે; **પ્રણિપાતેન** - (તેમને યોગ્ય રીતે); દંડવત્ પ્રણામ કરવાથી (તથા) (તેમની); **સેવયા** - સેવા કરવાથી તથા કપટ છોડીને; **પરિપ્રશ્નેન** - સરળતાથી પ્રશ્ન પૂછવાથી; **તે** - તેવું; **તત્ત્વદર્શિનઃ** - પરમાત્મ તત્ત્વને યોગ્ય રીતે જાણનારા (ઓળખનારા); **જ્ઞાનિનઃ** - જ્ઞાની મહાત્માઓ (તને તે); **જ્ઞાનં** - તત્ત્વજ્ઞાનનો; **ઉપદેક્ષ્યન્તિ** - ઉપદેશ કરશે;

**ભાવાર્થ :** તે જ્ઞાનને તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈને જાણી લે; તેમને યોગ્ય રીતે પ્રણામ કરવાથી તથા તેમની સેવા કરવાથી તથા કપટ છોડીને સરળતાથી પ્રશ્ન પૂછવાથી તે પરમાત્મ તત્ત્વને યોગ્ય રીતે ઓળખનારા જ્ઞાની મહાત્માઓ તને તે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરશે. (૩૪)

**યજજ્ઞાત્વા ન પુનર્મોહમેવં યાસ્યસિ પાણ્ડવ ।**
**યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ॥૩૫॥**

**સંધિવિગ્રહ : યજજ્ઞાત્વા** - યત્ + જ્ઞાત્વા; **પુનર્મોહમેવં** - પુનઃ + મોહમ્ + એવં; **ભૂતાન્યશેષણ** - ભૂતાનિ + અશેષેણ; **દ્રક્ષ્યસ્યાત્મન્યથો** - દ્રક્ષ્યસિ + આત્મનિ + અથો;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્** - જેને; **જ્ઞાત્વા** - જાણીને; **પુનઃ** - ફરીથી; **એવં** - આ રીતે; **મોહં** - મોહ; **ન યાસ્યસિ** - પામશે નહીં (તેમજ); **પાંડવ** - હે પાંડુપુત્ર (અર્જુન); **યેન** - જે (જ્ઞાન) દ્વારા; **ભૂતાનિ** - સર્વ ભૂતોને; **અશેષેણ** - નિઃશેષ ભાવથી (પહેલાં); **આત્મનિ** - પોતાનામાં (અને); **અથઃ** - પછી; **મયિ** - મુજ; **સચ્ચિદાનંદઘન** - પરમાત્મામાં; **દ્રક્ષ્યસિ** - જોશે;

**ભાવાર્થ :** જેને જાણીને ફરીથી આ રીતે તું મોહ પામશે નહીં, તેમજ હે પાંડુપુત્ર અર્જુન ! જે જ્ઞાન દ્વારા તું સર્વ ભૂતોને નિ:શેષ ભાવથી પહેલાં પોતાનામાં અને પછી મુજ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જોશે. (૩૫)





**અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ ।**
**સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સન્તરિષ્યસિ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : ચેદસિ** - ચેત્ + અસિ; **જ્ઞાનપ્લવેનૈવ** - જ્ઞાનપ્લેવેન + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચેત્** - જો (તું અન્ય); **સર્વેભ્યઃ** - સર્વ; **પાપેભ્ય** - પાપીઓ કરતાં; **અપિ** - પણ; **પાપકૃતમઃ** - વધારે પાપ કરનાર; **અસિ** - હોય; (તોપણ તું); **જ્ઞાનપ્લેવેન** - જ્ઞાનરૂપી નૌકા દ્વારા (પ્લવ - નૌકા); **એવ** - નિઃસંદેહ; **સર્વં** - આખા યે; **વૃજિનં** - પાપ સમુદ્રને; **સંતરિષ્યસિ** - સારી રીતે પાર કરી જઈશ;

**ભાવાર્થ :** જો તું અન્ય સર્વ પાપીઓ કરતાં પણ વધારે પાપ કરનાર હોય તો પણ તું જ્ઞાનરૂપી નૌકા દ્વારા આખા યે પાપસમુદ્રને સારી રીતે પાર કરી જઈશ. (૩૬)

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેઽર્જુન ।**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥૩૭॥**

**સંધિવિગ્રહ : યથૈધાંસિ** - યથા + એધાંસિ (**એધસ્** - ઇંધણ); **સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેઽર્જુન** - સમિદ્ધઃ + અગ્નિઃ + ભસ્મસાત્ + કુરુતે + અર્જુન; **ભસ્મસાત્કુરુતે** - ભસ્મસાત્ + કુરુતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કારણ કે) **અર્જુન** - હે અર્જુન; **યથા** - જેવી રીતે; **સમિદ્ધ** - પ્રજ્વલિત (ભડભડતો); **અગ્નિઃ** - અગ્નિ; **એધાંસિ** - ઘણાં બધા ઈંધણોને; **ભસ્મસાત્ કુરુતે** - ભસ્મીભૂત કરી નાંખે છે; **તથા** - તેવી જ રીતે; **જ્ઞાનાગ્નિઃ** - જ્ઞાનરૂપી અગ્નિ; **સર્વકર્માણિ** - સમગ્ર કર્મોને; **ભસ્મસાત્ કુરુતે** - ભસ્મીભૂત કરી નાંખે છે;

**ભાવાર્થ :** કારણ કે હે અર્જુન ! જેવી રીતે ભડભડતો અગ્નિ ઘણાં બધાં ઈંધણોને ભસ્મીભૂત કરી નાંખે છે તેવી રીતે જ જ્ઞાનરૂપી અગ્નિ પણ સમગ્ર કર્મોને ભસ્મીભૂત કરી નાંખે છે. (૩૭)

**ન હિ જ્ઞાનેન સંદશં પવિત્રમિહ વિદ્યતે ।**
**તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : પવિત્રમિહ** - પવિત્રં + ઈહ; **તત્સ્વયં** - તત્ + સ્વયં; **કાલેનાત્મનિ** - કાલેન + આત્મનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી); **ઈહ** - અહીં (આ સંસારમાં); **જ્ઞાનેન સદશં** - જ્ઞાનનાં જેવું; **પવિત્રં** - પાવન કરનારું; **હિ** - નિઃસંદેહ (ખરેખર); **ન વિદ્યતે** - (બીજું કાંઈપણ) છે જ નહીં; **તત્** - તે જ્ઞાનને; **કાલેન** - (ઘણા) સમય સુધી; **યોગસંસિદ્ધઃ** - કર્મયોગ આચરીને શુદ્ધ થયેલા અંતકરણવાળો મનુષ્ય; **સ્વયં** - આપ મેળે જ; **આત્મનિ** - આત્મામાં; **વિન્દતિ** - પામી લે છે;

**ભાવાર્થ :** તેથી આ સંસારમાં જ્ઞાનના જેવું પાવન

કરનારું નિઃસંદેહ બીજું કાંઈ પણ (સાધન) નથી, તે જ્ઞાનને ઘણા સમય સુધી કર્મયોગ આચરીને શુદ્ધ થયેલાં અંતઃકરણવાળો મનુષ્ય આપમેળે જ આત્મામાં પામી લે છે. (૩૮)

**શ્રદ્ધાવાઁલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥૩૯॥**

**સંધિવિગ્રહ : શ્રદ્ધાવાંલ્લભતે** - શ્રદ્ધાવાન્ + લભતે; (**સંયતેન્દ્રિયઃ** - સંયત + ઇન્દ્રિયઃ); **શાન્તિમચિરેણાધિગચ્છતિ** - શાંતિમ્ + અચિરેણ + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સંયતેન્દ્રિયઃ** - જિતેન્દ્રિય; **તત્પરઃ** - સાધનપરાયણ (અને); **શ્રદ્ધાવાન્** - શ્રદ્ધાવાન (મનુષ્ય); **જ્ઞાનં લભતે** - જ્ઞાન પામે છે; (અને) (**તત્** - તે) તે જ્ઞાનને; **લબ્ધ્વા** - પામીને; **અચિરેણ** - વિના વિલંબે (તત્કાળ જ); **પરાં શાંતિં** - (ભગવત્પ્રાપ્તિ રૂપી) પરમ શાંતિ; **અધિગચ્છતિ** - પ્રાપ્ત કરે છે;

**ભાવાર્થ :** જિતેન્દ્રિય, સાધનપરાયણ અને શ્રદ્ધાવાન મનુષ્ય જ્ઞાન પામે છે અને તે જ્ઞાન પામીને વિના વિલંબે તત્કાળ જ ભગવતપ્રાપ્તિ રૂપી પરમ શાંતિ પ્રાપ્ત કરે છે. (૩૯)

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।**
**નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ** - અજ્ઞઃ + ચ +

અશ્રદ્ધાનઃ + ચ; (**અશ્રદ્દધાન્** - અશ્રત્ + દધાન); (**સંશયાત્મા** - સંશય + આત્મા); **નાયં** - ન + અયં; **લોકોઽસ્તિ** - લોકઃ + અસ્તિ; **પરો** - પરઃ + ન; (**સંશયાત્માનઃ** - સંશય + આત્મનઃ)

**શબ્દાર્થ, અન્વયાર્થ : અજ્ઞઃ** - (પરંતુ), વિવેકહીન; **અશ્રદ્દધાનઃ** - અશ્રદ્ધાળુ; **ચ** - અને; **સંશયાત્મા** - સંશયગ્રસ્ત મનુષ્ય; **વિનશ્યતિ** - પરમાર્થથી નિશ્ચયપણે ભ્રષ્ટ થઈ જાય છે; (આવા) **સંશયાત્મના** - સંશયગ્રસ્ત મનુષ્ય માટે; **અયં લોકઃ ન** - આ લોક (પણ) નથી; **તથા** - (તેમજ); **ન પરલોકઃ અસ્તિ** - પરલોક પણ નથી; **ન ચ સુખં** - અને સુખ પણ નથી;

**ભાવાર્થ :** પરંતુ વિવેકહીન, અશ્રદ્ધાળુ અને સંશયગ્રસ્ત મનુષ્ય પરમાર્થથી નિશ્ચયપણે ભ્રષ્ટ થઈ જાય છે; આવા સંશયગ્રસ્ત મનુષ્ય માટે આ લોક પણ નથી; તેમજ પરલોક અને સુખ પણ નથી. (૪૦)

**યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।**
**આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય ॥૪૧॥**

**સંધિવિગ્રહ :**

**શબ્દાર્થ, અન્વયાર્થ : (ધનંજય** - હે ધનંજય); **યોગસંન્યસ્તકર્માણં** - જેણે કર્મયોગના આચરણ દ્વારા સમસ્ત કર્મો પરમાત્મામાં અર્પણ કરી દીધાં છે (અને); **જ્ઞાનસંછિન્નસંશયમ્** - જેણે વિવેક દ્વારા (સમસ્ત સંશયોને

નાશ કરી દીધો છે (એવા); **આત્મવન્તં** - વશ કરેલ અંતઃકરણવાળા મનુષ્યને; **કર્માણિ** - કર્મો; **ન નિબધ્નન્તિ** - બાંધતાં નથી;

**ભાવાર્થ :** હે ધનંજય ! જેણે કર્મયોગના આચરણ દ્વારા સમસ્ત કર્મો પરમાત્મામાં અર્પણ કરી દીધાં છે અને જેણે વિવેક દ્વારા સમસ્ત સંશયોનો નાશ કરી દીધો છે તેવા વશ કરેલ અંતઃકરણવાળા મનુષ્યને કર્મો બાંધતાં નથી. (૪૧)

**તસ્માદજ્ઞાનસમ્ભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ ।**
**છિત્ત્વૈનં સંશયં યોગમાતિષ્ઠોત્તિષ્ઠ ભારત ॥૪૨॥**

**સંધિવિગ્રહ : તસ્માદજ્ઞાનસમ્ભૂતં** - તસ્માત્ + અજ્ઞાનસંભૂતં; (**હૃત્સ્થં** - હૃદ્ + સ્થં); **જ્ઞાનાસિનાત્મનઃ** - જ્ઞાનાસિના + આત્મનઃ; **છિત્ત્વૈનં** - છિત્ત્વા + એનં; **યોગમાતિષ્ઠોત્તિષ્ઠ** - યોગમ્ + આતિષ્ઠ + ઉત્તિષ્ઠ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **ભારત** - હે ભારતવંશમાં જન્મેલા અર્જુન (તું); **હૃત્સ્થં** - હૃદયમાં રહેલા; **એનં** - આ; **અજ્ઞાનસંભૂતં** - અજ્ઞાનમાંથી જન્મેલા; **આત્મનઃ** - પોતાના; **સંશયં** - સંશયને; **જ્ઞાનાસિના** - (જ્ઞાન + અસિના) / (**અસિ** - તલવાર) વિવેકજ્ઞાન રૂપી તલવાર દ્વારા; **છિત્વા** - છેદીને; **યોગં** - સમત્વરૂપી કર્મયોગમાં; **આતિષ્ઠ** - સ્થિર થઈ જા; (અને યુદ્ધ કરવા); **ઉત્તિષ્ઠ** - ઊભો (તૈયાર) થઈ જા;

**ભાવાર્થ :** તેથી હે ભરત વંશમાં જન્મેલા અર્જુન ! તું હૃદયમાં રહેલા આ અજ્ઞાનમાંથી જન્મેલા પોતાના સંશયને વિવેકજ્ઞાનરૂપી તલવાર દ્વારા છેદીને સમત્ત્વરૂપી કર્મયોગમાં સ્થિર થઈ જા અને યુદ્ધ કરવા ઊભો (તૈયાર) થઈ જા. (૪૨)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**જ્ઞાનકર્મસંન્યાસયોગો નામ ચતુર્થોઽધ્યાયઃ ॥૩॥**

**॥ જ્ઞાનકર્મસંન્યાસયોગ નામનો**
**ચોથો અધ્યાય સમાપ્ત ॥**

●

# પંચમ અધ્યાય (પાંચમો અધ્યાય)

## કર્મ સન્યાસ યોગ

**અથ પંચમોऽધ્યાયઃ ।** **અથ પંચમઃ + અધ્યાય ।**

**અર્જુન ઉવાચ** ।અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા

**સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ ।**
**યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ॥૧॥**

**સંધિવિગ્રહ : પુનર્યોગં** - પુનઃ + યોગં; **યચ્છ્રેય એતચોરેકં** - યત્ + શ્રેયઃ + એતયોઃ + એકં; **તન્મે** - તત્ + મે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ; (આપ); **કર્મણાં** - (એક બાજુ) કર્મોના; **સંન્યાસં** - સંન્યાસની; **ચ** - અને; (બીજી બાજુ); **પુનઃ** - વળી; **યોગં** - કર્મયોગની; **શંસસિ** - પ્રશંસા કરો છો; (તો) **એતયોઃ** - આ બેમાંથી; **યત્** - જે; **એકં** - એક; **મે** - મારે માટે; **સુનિશ્ચિતં** - ચોક્કસપણે; **શ્રેયઃ** - કલ્યાણકારી સાધન હોય; **તત્** - તે; **બ્રૂહિ** - (મને) કહો;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! આપ એક બાજુ કર્મોનાં સંન્યાસની અને વળી બીજી બાજુ કર્મયોગની પ્રશંસા કરો છો તો આ બેમાંથી જે એક સાધન મારે માટે ચોક્કસપણે કલ્યાણકારી સાધન હોય તે મને કહો. (૧)

**સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।**
**તયોસ્તુ કર્મસંન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે ॥૨॥**

**સંધિવિગ્રહ : કર્મયોગશ્ચ** - કર્મયોગઃ + ચ; **નિઃશ્રેયસકરાવુભૌ** - નિઃશ્રેયસકરૌ + ઉભૌ; **તયોસ્તુ** - તયોઃ + તુ; **કર્મસંન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે** - કર્મસંન્યાસાત્ + કર્મયોગઃ + વિશિષ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સંન્યાસઃ** - કર્મસંન્યાસ (મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા થતા સર્વ કર્મોમાં કર્તાપણાનો ત્યાગ); **ચ** - અને; **કર્મયોગઃ** - કર્મયોગઃ (સમત્વબુદ્ધિથી ભગવાન માટે જ કર્મ કરવાં); **ઉભૌ** - આ બન્નેય; **નિઃશ્રેયસકરૌ** - પરમ કલ્યાણ કરનારા છે; **તુ** - પરંતુ; **તયોઃ** - તે બંનેમાં; (પણ); **કર્મસંન્યાસાત્** - કર્મસંન્યાસ કરતાં; **કર્મયોગઃ** - કર્મયોગ સાધનમાં સુગમ હોવાથી; **વિશિષ્યતે** - શ્રેષ્ઠ છે;

**ભાવાર્થ :** કર્મસંન્યાસ (મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા થતા સર્વ કર્મોમાં કર્તાપણાનો ત્યાગ) અને કર્મયોગ (સમત્વબુદ્ધિથી ભગવાન માટે જ કર્મ કરવાં); આ બન્નેય પરમ કલ્યાણ કરનારાં છે, પરંતુ તે બંનેમાં પણ કર્મસંન્યાસ કરતાં કર્મયોગ સાધનમાં સુગમ હોવાથી શ્રેષ્ઠ છે. (૨)

**જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ ।**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બન્ધાત્પ્રમુચ્યતે ॥૩॥**

**સંધિવિગ્રહ : સ નિત્યસંન્યાસી** - સઃ + નિત્યસંન્યાસી; **યો ન** - યઃ + ન; **નિર્દ્વન્દ્વો હિ** - નિદ્વન્દ્વઃ + હિ; **બન્ધાત્પ્રમુચ્યતે** - બન્ધાત્ + પ્રમુચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ (અર્જુન); **ય** - જે મનુષ્ય; **ન** - ન (તો કોઈનો પણ); **દ્વેષ્ટિ** - દ્વેષ કરે છે; **ન કાંક્ષતિ** - ન તો કશાયની આકાંક્ષા કરે છે; **સઃ** - તે (કર્મયોગી); **નિત્યસંન્યાસી** - સદા સંન્યાસી જ; **જ્ઞેયઃ** - સમજવા યોગ્ય છે; **હિ** - કેમકે; **નિર્દ્વન્દ્વઃ** - રાગ દ્વેષ વગેરે દ્વન્દ્વો રહિત; (મનુષ્ય) **સુખં** - સુખપૂર્વક; **બન્ધાત્** - સંસારનાં બંધનમાંથી; **પ્રમુચ્યતે** - મુક્ત થઈ જાય છે;

**ભાવાર્થ :** હે મહાબાહુ (અર્જુન) ! જે મનુષ્ય ન (તો કોઈનો પણ) દ્વેષ કરે છે યા ન તો કશાયની આકાંક્ષા કરે છે તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે કેમ કે તે રાગ, દ્વેષ વગેરે દ્વન્દ્વો રહિત મનુષ્ય સંસારનાં બંધનમાંથી મુક્ત થઈ જાય છે. (૩)

**સાંખ્યયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદન્તિ ન પણ્ડિતાઃ ।**
**એકમપ્યાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ્ ॥૪॥**

**સંધિવિગ્રહ : પૃથગ્બાલાઃ** - પૃથક્ + બાલાઃ; **એકમપ્યાસ્થિતઃ** - એકમ્ + અપિ - આસ્થિતઃ; **સમ્યગુભયોર્વિન્દતે** - સમ્યક્ + ઉભયોઃ + વિન્દતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (ઉપર્યુક્ત) **સાંખ્યયોગૌ** - સંન્યાસ

અને કર્મયોગને; **બાલાઃ** - મૂર્ખ લોકો (બાળક, બુદ્ધિવાળા મનુષ્યો); **પૃથક્** - અલગ અલગ; (ફળ આપનારા); **પ્રવદન્તિ** - કહે છે; **ન પંડિતાઃ** - પંડિતો (શાણા મનુષ્યો); નહીં; **હિ** - કેમ કે; (બંનેમાંથી); **એકં અપિ** - એકમાં પણ; **સમ્યક્** - સમ્યક (ઉચિત) રીતે; **આસ્થિતઃ** - રહેતો મનુષ્યઃ **ઉભયોઃ** - બન્નેનાં; **ફલં** - ફળરૂપ (પરમાત્માને); **વિન્દતે** - પામે છે;૧

**ભાવાર્થ :** ઉપર કહેલા સંન્યાસ અને કર્મયોગને બાળ બુદ્ધિવાળા મનુષ્યો અલગ અલગ ફળ આપનારા કહે છે; શાણા પંડિતો નહીં; કેમ કે બંનેમાંથી એકમાં પણ ઉચિત રીતે રહેતો મનુષ્ય બન્નેનાં ફળસ્વરૂપ પરમાત્માને પામે છે. (૪)

**યત્સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપિ ગમ્યતે ।**
**એકં સાઙ્ખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૫॥**

**સંધિવિગ્રહ : યત્સાઙ્ખ્યૈઃ** - યત્ + સાંખ્યૈઃ; **તદ્યૌગૈરપિ** - તત્ + યોગૈઃ + અપિ; **સ પશ્યતિ** - સઃ + પશ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સાંખ્યૈ** - જ્ઞાનયોગીઓ દ્વારા; **યત્** - જે; **સ્થાનં** - પરમ ધામ; **પ્રાપ્યતે** - પ્રાપ્ત કરાય છે; **યોગૈઃ** - કર્મયોગીઓ દ્વારા; **અપિ** - પણ; **તત્** - તે જ; **ગમ્યતે** - પ્રાપ્ત કરાય છે; **યઃ** - જે મનુષ્ય; **સાંખ્યં ચ યોગં** - જ્ઞાનયોગ અને કર્મયોગને (ફળરૂપે); **એકં** - એક (જ); **પશ્યતિ** - જુએ છે; **આ** - તે (જ); **પશ્યતિ** - યથાર્થ રીતે જુએ છે;

**ભાવાર્થ :** જ્ઞાનયોગીઓ દ્વારા જે પરમ ધામ પ્રાપ્ત કરાય છે, કર્મયોગીઓ દ્વારા પણ તે જ પ્રાપ્ત કરાય છે; જે મનુષ્ય જ્ઞાનયોગ અને કર્મયોગને ફળ રૂપે એક જ જુએ છે તે જ યથાર્થ રીતે જુએ છે. (૫)

**સંન્યાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુમયોગતઃ ।**
**યોગમુક્તો મુનિર્બ્રહ્મ નચિરેણાધિગચ્છતિ ॥૬॥**

**સંધિવિગ્રહ : સંન્યાસસ્તુ** - સંન્યાસઃ + તુ; **દુઃખમાપ્તુમયોગતઃ** - દુઃખમ્ + આપ્તુમ્ + અયોગતઃ; **યોગયુક્તો મુનિર્બ્રહ્મ** - યોગયુક્તઃ + મુનિઃ + બ્રહ્મ; **નચિરેણાધિગચ્છિતિ** - નચિરેણ + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **મહાબાહો** - હે મહાબાહુ અર્જુન; **અયોગતઃ** - કર્મયોગ વગર; **સંન્યાસઃ** - સંન્યાસ (મન, ઈન્દ્રિય અને શરીર દ્વારા થતાંસઘળાં કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ); **આપ્તુ** - પ્રાપ્ત થવો; **દુઃખ** (અહીં 'દુઃખ' અવ્યય તરીકે છે, મહામુશ્કેલીએ) મુશ્કેલ છે; **મુનિઃ યોગયુક્તઃ** - ભગવત્સ્વરૂપનું મનન કરનાર યોગયુક્તઃ કર્મયોગી; **બ્રહ્મ** - પરબ્રહ્મ પરમાત્માને; **નચિરેણ** - શીઘ્ર જ (વિના વિલંબે); **અધિગચ્છતિ** - પામી જાય છે;

**ભાવાર્થ :** પરંતુ હે મહાબાહુ અર્જુન ! કર્મયોગ વગર સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે; ભગવત્સ્વરૂપનું મનન કરનાર

કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામે છે. (૬)

**યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેન્દ્રિયઃ ।**
**સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ॥૭॥**

**સંધિવિગ્રહ : યોગયુક્તો વિશુદ્ધાત્મા** - યોગયુક્તઃ વિશુદ્ધાત્મા; **કુર્વન્નપિ** - કુર્વન્ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિજિતાત્મા** - જેનું મન પોતાને વશ છે; **જિતેન્દ્રિયઃ** - જે જિતેન્દ્રિય છે; **વિશુદ્ધાત્મા** - જેનું અંતઃકરણ વિશુદ્ધ છે; **સર્વભૂતાત્મ ભૂતાત્મા** - સર્વ પ્રાણીઓના આત્મા સ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે એવો; **યોગયુક્તઃ** - કર્મયોગી (કર્મ); **કુર્વન્ અપિ** - કરતો હોવા છતાં પણ; **ન લિપ્યતે** - તેનાથી લેપાતો નથી.

**ભાવાર્થ :** જેનું મન પોતાને વશ છે, જે જિતેન્દ્રિય છે અને જેનું અંતઃકરણ વિશુદ્ધ છે; તથા સર્વ પ્રાણીઓના આત્મા સ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે એવો કર્મયોગી છે એવો કર્મયોગી કર્મ કરતો હોવા છતાં તેનાથી બંધાતો નથી. (૭)

**નૈવ કિંચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્ ।**
**પશ્યઞ્શ્રૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્ ॥૮॥**

**પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ ।**
**ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્તે ઈતિ ધારયન્ ॥૯॥**

**સંધિવિગ્રહ : નૈવ કિંચિત્કરોમીતિ** - ન + એવ + કિંચિત્ + કરોમિ + ઈતિ; **યુક્તો મન્યેત** - યુક્તઃ + મન્યેત; **પશ્યઞ્શ્રૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્નશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્** - પશ્યન્ + શ્રૃણ્વન્ + સ્પૃશન્ + જિઘ્રન્ + અશ્નન્ + ગચ્છન્ + સ્વપન્ + શ્વસન્; **પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ** - પ્રલપન્ + વિસૃજન્ + ગૃહ્ણન્ + ઉન્મિષન્ + નિમિષન્ + અપિ; **ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ** - ઈન્દ્રિયાણિ + ઈન્દ્રિયાર્થેષુ; **વર્તન્ત ઈતિ** - વર્તન્તે + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્ત્વવિત્** - તત્ત્વને જાણનારો; **યુક્તઃ** - સાંખ્યયોગી તો; **પશ્યન્** - જોતો; **શ્રુણ્વન્** - સાંભળતો; **સ્પૃશન્** - સ્પર્શ કરતો; **જિઘ્રન્** - સુંઘતો; **અશ્નન્** - ખાતો; **ગચ્છન્** - જતો (ચાલતો); **સ્વપન્** - ઊંઘતો; **શ્વસન્** - શ્વાસ લેતો; **પ્રલપન્** - બોલોતો; **વિસૃજન્** - ત્યાગ કરતો; **ગૃહ્ણન્** - ગ્રહણ કરતો; **ઉન્મિષન્** - (આંખો) ઊઘાડતો; **(કે) નિમિષન્** - મીંચતો; **અપિ** - હોવા છતાં પણ; **ઈન્દ્રિયાણિ** - સર્વ ઈન્દ્રિયો; **ઈન્દ્રિયાર્થેષુ** - પોતપોતાના વિષયોમાં (અર્થો)માં; **વર્તન્તે** - વર્તી રહી છે; **ઈતિ** - એમ; **ધારયન્** - સમજીને; **એવ** - નિઃસંદેહ ઈતિ – એમ; **મન્યેત** - માને (કે) (હું); **કિંચિત્** - કંઈપણ; **ન કરોમિ** - કરતો નથી;

**ભાવાર્થ :** તત્ત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ખાતો, જતો (ચાલતો), ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગ કરતો, ગ્રહણ કરતો,

આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ પણ સર્વ ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાં વર્તી રહી છે એમ સમજીને નિઃસંદેહ એમ માને છે કે હું કંઈ પણ કરતો નથી. (૮) (૯)

**બ્રહ્મણ્યાધાય કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ ।**
**લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવામ્ભસા ॥૧૦॥**

**સંધિવિગ્રહ : બ્રહ્મણ્યાધાય** - બ્રહ્મણિ + આધાય; **સ પાપેન** - સઃ + પાપેન; **પદ્મપત્રમિવામ્ભસા** - પદ્મપત્રમ્ + ઈવ + અંભસા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ય** - જે (મનુષ્ય); **કર્માણિ** - (સર્વ) કર્મોને; **બ્રહ્મણિ** - પરમાત્મામાં; **આધાય** - અર્પણ કરીને; (અને) **સંગં** - આસક્તિને; **ત્યક્ત્વા** - ત્યજીને; (કર્મ) **કરોતિ** - કરે છે; **સઃ** - તે મનુષ્ય; **અમ્ભસા** - પાણીથી; **પદ્મપત્રમ્** - કમળનાં પાંદડાની; **ઈવ** - જેમ (પેઠે); **પાપેન** - પાપથી; **ન લિપ્યતે** - લેપાતો નથી;

**ભાવાર્થ :** જે મનુષ્ય સર્વ કર્મોને પરમાત્મામાં અર્પણ કરીને અને આસક્તિને ત્યજીને કર્મ કરે છે તે મનુષ્ય પાણીથી કમળનાં પાંદડાની જેમ (કમળપત્ર પાણીથી ભીંજાય નહીં) પાપથી લેપાતો નથી. (૧૦)

**કાયેન મનસા બુદ્ધયા કેવલૈરિન્દ્રિયૈરપિ ।**
**યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગ ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥૧૧॥**

**સંધિવિગ્રહ : કેવલૈરિન્દ્રિયૈરપિ** - કેવલૈઃ + ઇન્દ્રિયૈઃ + અપિ; **ત્યક્ત્વાત્મશુદ્ધયે** - ત્યક્ત્વા + આત્મશુદ્ધયે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગિનઃ** - મમત્વ બુદ્ધિરહિત કર્મયોગીઓ; **કેવલૈઃ** - કેવળ; **ઈન્દ્રિયૈ** - ઈન્દ્રિય; **મનસા** - મન; **બુદ્ધયા** - બુદ્ધિ (અને); **કાયેન** - શરીર દ્વારા; **અપિ** - પણ; **સંગં** - આસક્તિને; **ત્યક્ત્વા** - ત્યજીને; **આત્મશુદ્ધયે** - અંતઃકરણની શુદ્ધિ માટે; **કર્મ** - કર્મ; **કુર્વન્તિ** - કરે છે;

**ભાવાર્થ :** મમત્વ બુદ્ધિરહિત કર્મયોગીઓ કેવળ ઈન્દ્રિય, મન, બુદ્ધિ અને શરીર દ્વારા પણ આસક્તિને ત્યજીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. (૧૧)

**યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્રોતિ નૈષ્ઠિકીમ્ ।**
**અયુક્તઃ કામકારેણ ફલે સકતો નિબધ્યતે ॥૧૨॥**

**સંધિવિગ્રહ : શાન્તિમાપ્રોતિ** - શાંતિમ્ + આપ્નોતિ; **સક્તો નિબધ્યતે** - સક્તઃ + નિબધ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યુક્તઃ** - કર્મયોગી; **કર્મફલં** - કર્મોનાં ફળને; **ત્યક્ત્વા** - ત્યજીને; **નૈષ્ઠિકીં** - ભગવત્પ્રાપ્તિસ્વરૂપ; **શાંતિં** - શાંતિ; **આપ્નોતિ** - પ્રાપ્ત કરે છે; (અને) **અયુક્તઃ** - સકામ પુરુષ; **કામકારેણ** - કામનાની પ્રેરણાથી; **ફલે** - ફળમાં; **સક્તઃ** - આસક્ત થઈને; **નિબધ્યતે** - બંધાય છે;

**ભાવાર્થ :** કર્મયોગી કર્મોનાં ફળને ત્યજીને

ભગવત્પ્રાપ્તિસ્વરૂપ શાંતિ પ્રાપ્ત કરે છે; અને સકામ પુરુષ કામનાની પ્રેરણાથી ફળમાં આસક્ત થઈને; બંધાય છે. (૧૨)

**સર્વકર્માણિ મનસા સંન્યાસ્યાસ્તે સુખં વશી ।**
**નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : સંન્યસ્યાસ્તે** સંન્યસ્ય + આસ્તે; **નૈવ** - ન + એવ; **કુર્વન્ન** - કુર્વન્ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વશી** - (અંતઃકરણ) જેના વશમાં છે એવા (સાંખ્યયોગનું આચરણ કરનારો); **દેહી** - પુરુષ; **ન કુર્વન્** - (કશું) ન કરતો; (કે) **ન કારયન્** - ન કરાવતો રહીને; **એવ** - જ; **નવદ્વારે** - નવ દ્વારવાળા શરીરરૂપી; **પૂરે** - ઘરમાં; **સર્વકર્માણિ** - સર્વ કર્મોને; **મનસા** - મનથી; **સંન્યસ્ય** - ત્યજીને; **સુખં** - આનંદપૂર્વક (સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં); **આસ્તે** - (સ્થિત) રહે છે;

**ભાવાર્થ :** અંતઃકરણ જેના વશમાં છે એવા સાંખ્યયોગનું આચરણ કરનારો પુરુષ કશું ન કરતો કે ન કરાવતો રહીને જ નવ દ્વારવાળા શરીરરૂપી ઘરમાં સર્વ કર્મોને ત્યજીને આનંદપૂર્વક સચ્ચિદાનંદઘન પરમાત્માના સ્વરૂપમાં સ્થિત રહે છે. (૧૩)

**ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।**
**ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : સ્વભાવસ્તુ** - સ્વભાવઃ + તુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રભુઃ** - પરમેશ્વર; **લોકસ્ય** - લોક (મનુષ્ય)ના; **ન કર્તૃત્વં** - ન તો કર્તાપણાને; (કે) **ન કર્માણિ** - ન તો કર્મોને; (કે) **ન કર્મફલસંયોગં** - ન તો કર્મફળના સંયોગને; **સૃજતિ** - સર્જે છે; **તુ** - પરંતુ; **સ્વભાવઃ** - સ્વભાવ (ત્રિગુણમયી પ્રકૃતિ જ); **પ્રવર્તતે** - પ્રવર્તે છે;

**ભાવાર્થ :** પરમેશ્વર મનુષ્યોના ન તો કર્તાપણાને, ન તો કર્મોને કે ન તો કર્મફળના સંયોગને સર્જે છે; પરંતુ સ્વભાવ (ત્રિગુણમયી પ્રકૃતિ જ) પ્રવર્તે છે. (૧૪)

**નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃત્તં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : નાદત્તે** - ન + આદત્તે; **કસ્યચિત્પાપં** - કસ્યચિત્ + પાંપ; **ચૈવ** - ચ + એવ; **અજ્ઞાનેનાવૃતં** - અજ્ઞાનેન + આવૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિભુઃ** - સર્વવ્યાપી પરમેશ્વર (પણ); **ન કસ્યચિત્** - ન તો કોઈના; **પાપં** - પાપ (કર્મ)ને; **આદત્તે** - ગ્રહણ કરે છે; **ન (કસ્યચિત્) સુકૃતં** - ન તો કોઈના શુભ કર્મને; (**આદત્તે** - ગ્રહણ કરે છે); (પરંતુ) **અજ્ઞાનેન** - અજ્ઞાનથી; **જ્ઞાનં** - જ્ઞાન; **આવૃત્તં** - ઢંકાયેલું છે; **તેન** - તેનાથી (જ); **જન્તવઃ** - સર્વ અજ્ઞાની (મનુષ્યો); **મુહ્યન્તિ** - મોહ પામે છે;

**ભાવાર્થ :** સર્વવ્યાપી પરમેશ્વર ન તો કોઈના પાપ યા ન તો કોઈના શુભ કર્મને ગ્રહણ કરે છે, પરંતુ અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે તેનાથી જ સર્વ અજ્ઞાની મનુષ્યો મોહ પામે છે. (૧૫)

**જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ।**
**તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : તદજ્ઞાનં** - તત્ + અજ્ઞાનં; **નાશિતમાત્મનઃ** - નાશિતમ્ + આત્મનઃ; **તેષામાદિત્યવજ્જ્ઞાનં** - તેષામ્ + આદિત્યવત્ + જ્ઞાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યેષાં** - જેમનું; **તત્** - તે; **અજ્ઞાનં** - અજ્ઞાન; **આત્મનઃ** - પરમાત્માના; **જ્ઞાનેન** - તત્ત્વજ્ઞાન દ્વારા; **નાશિતં** - નષ્ટ કરવામાં આવ્યું છે; **તેષાં** - તેમનું (તે); **જ્ઞાનં** - જ્ઞાન; **આદિત્યવત્** - સૂર્યની માફક; **તત્પરં** - તે સચ્ચિદાનંદઘન પરમાત્માને; **પ્રકાશ્યતિ** - પ્રકાશિત કરી દે છે (પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે);

**ભાવાર્થ :** પરંતુ જેમનું તે અજ્ઞાન પરમાત્માનાં તત્ત્વજ્ઞાન દ્વારા નષ્ટ કરવામાં આવ્યું છે તેમનું તે જ્ઞાન સૂર્યની માફક તે સચ્ચિદાનંદઘન પરમાત્માને પ્રકાશિત કરી દે છે (પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે). (૧૬)

**તદ્બુદ્ધયસ્તદાત્માનસ્તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ ।**
**ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : તદ્‌બુદ્ધયસ્તદાત્મનાનસ્તન્નિષ્ઠા-સ્તત્પરાયણાઃ** - તદ્‌બુદ્ધયઃ + તદાત્માનઃ + તન્નિષ્ઠાઃ + તત્પરાયણાઃ; (**તદ્‌બુદ્ધયઃ** - તત્ + બુદ્ધયઃ); **તદાત્માનઃ** - તત્ + આત્માનઃ; **તન્નિષ્ઠા** - તત્ + નિષ્ઠાઃ; **તત્પરાયણાઃ** - તત્ + પરાયણાઃ (**પરાયણ** - પર + અયન); **ગચ્છન્ત્યપુનરાવૃત્તિં** - ગચ્છન્તિ + અપુનરાવૃત્તિં (**અપુનરાવૃતિં** - અપુનઃ + આવૃત્તિં); (**નિર્ધૂત** - નિઃ + ધૂત - દૂર કરેલું);

**શબ્દાર્થ, અન્વયાર્થ : તદાત્મનઃ** - જેનું મન પરમાત્મામાં તદ્રૂપ થઈ ગયું છે; **તદ્‌બુદ્ધયઃ** - પરમાત્મામાં જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે; **તન્નિષ્ઠા** - જેમની સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે; **તત્પરાયણાઃ** - (એવા) પરમાત્મપરાયણ પુરુષો; **જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ** - જ્ઞાન દ્વારા પાપરહિત થઈને; **અપુનરાવૃત્તિં** - પરમ ગતિને (અપુનરાવૃત્તિને); **ગચ્છન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** જેનું મન પરમાત્મામાં તદ્રૂપ થઈ ગયું છે. પરમાત્મામાં જેમની બુદ્ધિ તદ્રૂપ થઈ રહી છે, જેમની સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે; એવા પરમાત્મપરાયણ પુરુષો જ્ઞાન દ્વારા પાપરહિત થઈને પરમ ગતિને (અપુનરાવૃત્તિને) પામે છે. (૧૭)

**વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।**
**શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પંડિતાઃ** - (એવા) જ્ઞાનીજનો; **વિદ્યાવિનયસંપન્ને** - વિદ્યા અને વિનયશીલ; **બ્રાહ્મણે** - બ્રાહ્મણ; **ચ** - અને; **ગવિ** - ગાય; **હસ્તિનિ** - હાથી; **શુનિ** - કૂતરા; **ચ** - એવ; **શ્વપાકે** - ચાંડાળમાં યે; **સમદર્શિનઃ** - સમાન દષ્ટિવાળા જ હોય છે;

**ભાવાર્થ :** એવાં જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણ ગાય, હાથી, કૂતરા અને ચાંડાળમાં ય સમાન દષ્ટિવાળા હોય છે. (૧૮)

**ઈહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।**
**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : ઈહૈવ** - ઇહ + એવ; **તૈર્જિતઃ** - તૈઃ + જિત; **સર્ગોયેષાં** - સર્ગઃ + યેષાં; **તસ્માદ્ બ્રહ્મણિ** - તસ્માત્ + બ્રહ્મણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યેષાં મન** - જેમનું મન; **સામ્યે** - સમભાવમાં; **સ્થિતં** - સ્થિતિ છે; **તૈઃ** - તેમણે; **ઈહ** - આ જીવંત અવસ્થામાં; **એવ** - જ; **સર્ગ** - સકળ સંસાર; **જિતઃ** - જીતી લીધો છે; **હિ** - કારણ કે; **બ્રહ્મ** - સચ્ચિદાનંદઘન પરમાત્મા; **નિર્દોષં** - નિર્દોષ (અને); **સમં** - સમ છે; **તસ્માત્** - તેથી; **તે** - તેઓ; **બ્રહ્મણિ** - સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ; **સ્થિતાઃ** - સ્થિત છે;

**ભાવાર્થ :** જેમનું મન સમભાવમાં સ્થિત છે (રહેલું

છે) તેમણે આ જીવંત અવસ્થામાં સકળ સંસાર જીતી લીધો છે, કારણ કે સચ્ચિદાનંદઘન પરમાત્મા નિર્દોષ અને સમ છે, તેથી તેઓ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સ્થિત છે. (૧૯)

**ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।**
**સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : પ્રહૃષ્યેત્પ્રિયં** - પ્રહૃષ્યેત્ + પ્રિયં; **નોદ્વિજેત્પ્રાપ્ય** - ન + ઉદ્વિજેત્ + પ્રાપ્ય; **ચાપ્રિયં** - ચ + અપ્રિયં; **સ્થિરબુદ્ધિરસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ** - સ્થિરબુદ્ધિઃ + અસંમૂઢઃ + બ્રહ્મવિત્ + બ્રહ્મણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે મનુષ્ય) **પ્રિયં પ્રાપ્ય** - પ્રિય (વસ્તુ) પામીને; **ન પ્રહૃષ્યેત્** - હરખાય નહીં; **ચ** - અને; **અપ્રિયં પ્રાપ્યં** - અપ્રિય પામીને; **ન ઉદ્વિજેત્** - ઉદ્વેગ ન કરે (અકળાય નહીં) (તે); **સ્થિરબુદ્ધિઃ** - સ્થિર બુદ્ધિવાળો; (અને) **અસંમૂઢઃ** - સંશયરહિત; **બ્રહ્મવિત્** - બ્રહ્મવેત્તા મનુષ્ય; **બ્રહ્મણિ** - સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે; **સ્થિતઃ** - (નિત્ય) સ્થિત છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય પ્રિય વસ્તુ પામીને હરખાય નહીં અને અપ્રિય પામીને અકળાય નહીં તે સ્થિર બુદ્ધિવાળો અને સંશયરહિત બ્રહ્મવેત્તા મનુષ્ય સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે નિત્ય સ્થિત છે. (૨૦)

**બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્સુખમ્ ।**
**સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ॥૨૧॥**

**સંધિવિગ્રહ : બાહ્યસ્પર્શેષ્વસકતાત્મા** - બાહ્યસ્પર્શેષુ + અસક્તાત્મા; **વિન્દત્યાત્મનિ** - વિન્દતિ + આત્મનિ; **યત્સુખમ્** - યત્ + સુખં; **સ બ્રહ્મયોગયુક્તાત્મા** - સઃ + બ્રહ્મયોગયુકતાત્મા; **સુખમક્ષયમશ્નુતે** - સુખં + અક્ષયં + અશ્નુતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : બાહ્યસ્પર્શેષુ** - બહારનાં વિષયોમાં; **અસકતાત્મા** - આસક્તિરહિત અંત; કરણવાળો (સાધક); **આત્મનિ** - આત્મામાં સ્થિત; **યત્** - જે (ધ્યાનજનિત સાત્ત્વિક); **સુખં** - આનંદ છે (તેને); **વિન્દતિ** - પામે છે; (ત્યાર પછી); **સઃ** - તે; **બ્રહ્મયોગયુક્તાત્મા** - સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માનાં ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત પુરુષ; **અક્ષયં સુખં** - અક્ષય આનંદ; **અશ્નુતે** - અનુભવે છે;

**ભાવાર્થ :** બહારના વિષયોમાં આસક્તિરહિત અંતઃકરણવાળો સાધક આત્મામાં જે ધ્યાનજનિત સાત્ત્વિક આનંદ છે તેને પામે છે; ત્યાર પછી તે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત પુરુષ અક્ષય આનંદ અનુભવે છે. (૨૧)

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : સંસ્પર્શજા ભોગા દુઃખયોનયએવ** - સંસ્પર્શજાઃ + ભોગાઃ + દુઃખયોનયઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે (આ) ઈન્દ્રિય તથા; **સંસ્પર્શજાઃ** - વિષયોના સંયોગથી ઉત્પન્ન થતાં; **ભોગા** - સર્વ ભોગો છે; **તે** - તે બધા જો કે વિષયી મનુષ્યોને સુખરૂપ ભાસે છે તો પણ; **હિ** - નિઃસંદેહ; **દુઃખયોનયઃએવ** - દુઃખના જ હેતુ છે (અને); **આદ્યન્તવન્તઃ** - આદિ અને અંતવાળા છે (એટલે); **કૌન્તેય** - હે અર્જુન; **બુધઃ** - બુદ્ધિશાળી વિવેકી મનુષ્ય; **તેષુ** - તેમાં; **ન રમતે** - આસક્ત રહેતો નથી;

**ભાવાર્થ :** જે આ ઈન્દ્રિય તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો છે તે બધાં જો કે વિષયી મનુષ્યોને સુખરૂપ ભાસે છે તો પણ નિઃસંદેહ, દુઃખના જ હેતુ છે અને આદિ અને અંતવાળા છે એટલે હે અર્જુન ! બુદ્ધિશાળી વિવેકી મનુષ્ય તેમાં આસક્ત રહેતો નથી. (૨૨)

**શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્શરીરવિમોક્ષણાત્ ।**
**કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : શક્નોતીહૈવ** - શક્નોતિ + ઈહ + એવ; **પ્રાક્શરીરવિમોક્ષણાત્** - પ્રાક્ + શરીરવિમોક્ષણાત્; (**ક્રોધોદ્ભવં** - ક્રોધ + ઉદ્‌ભવં) **સ યુક્ત** - સઃ + યુક્તઃ; **સ સુખી** - સઃ + સુખી;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે સાધક; **ઈહ** - આ માનવશરીરમાં; **શરીરવિમોક્ષણાત્** - દેહનો નાશ થતાં; **પ્રાક્** - પહેલાં; **એવ** - જ; **કામ ક્રોધાદ્ભવં** - કામ અને ક્રોધમાંથી ઉત્પન્ન થતા; **વેગં** - વેગને; **સોઢું** - સહન કરવા; **શક્નોતિ** - સમર્થ બને છે; **સઃ** - તે જ; **નર** - માનવ; **યુક્ત** - યોગી (છે); **સઃ** - તે જ; **સુખી** - સુખી છે;

**ભાવાર્થ :** જે સાધક આ માનવશરીરમાં દેહનો નાશ થતાં પહેલાં જ કામ અને ક્રોધમાંથી ઉત્પન્ન થતા વેગને સહન કરવા સમર્થ બને છે, તે જ માનવ યોગી છે, તે જ સુખી છે. (૨૩)

**યોઽન્તઃસુખોઽન્તરારામસ્તથાન્તર્જ્યોતિરેવ યઃ ।**
**સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોઽધિગચ્છતિ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : યોઽન્તઃસુખોઽન્તરારામસ્તથાન્ત-ર્જ્યોતિરેવ** - યઃ + અન્તઃસુખઃ + અન્તરારામઃ + તથા + અન્તઃ + જ્યોતિઃ + એવ; **સ યોગી** - સઃ + યોગી; **બ્રહ્મભૂપોઽધિગચ્છતિ** - બ્રહ્મભૂતઃ + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ય** - જે માનવ; **એવ** - નિશ્ચયપૂર્વક; **અંતઃસુખ** - અંતરઆત્મામાં જ આનંદ અનુભવે છે; **અંતરારામઃ** - આત્મામાં જ રમણ કરનારો છે; **તથા** - તથા; **ય** - જે; **અંતઃજ્યોતિ** - આત્મામાં જ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનો અનુભવ કરે છે; **સઃ** - તે; **બ્રહ્મભૂતઃ** - સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ

પરમાત્મા સાથે ઐક્ય પામેલો; **યોગી** - સાંખ્ય યોગી; **બ્રહ્મનિર્વાણં** - શાંત બ્રહ્મને; **અધિગચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** જે માનવ નિશ્ચયપૂર્વક અંતરઆત્મામાં જ આનંદ અનુભવે છે, આત્મામાં જ રમણ કરે છે તથા જે આત્મામાં જ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનો અનુભવ કરે છે તે સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મા સાથે ઐક્ય પામેલો સાંખ્ય યોગી શાંત બ્રહ્મને પામે છે. (૨૪)

**લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ ।**
**છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : બ્રહ્મનિર્વાણમૃષયઃ** - બ્રહ્મનિર્વાણં + ઋષયઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ક્ષીણકલ્મષા** - જેમનાં બધા પાપ નષ્ટ થઈ ચૂક્યા છે; **છિન્નદ્વૈધા** - જેમના સર્વ સંશય જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે; **સર્વભૂતહિતે રતાઃ** - જે તમામ પ્રાણીઓનાં હિતમાં રત છે; **યતાત્માનઃ** - (તથા) જેમનું જિતાયેલું મન નિશ્ચયપૂર્વક પરમાત્મામાં (જ) સ્થિત છે; (તેવા) **ઋષયઃ** - બ્રહ્મવેત્તાઓ; **બ્રહ્મનિર્વાણં લભન્તે** - શાંત બ્રહ્મને પામે છે;

**ભાવાર્થ :** જેમનાં બધાં પાપ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમના સર્વ સંશય જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે જે તમામ પ્રાણીઓનાં હિતમાં રત છે, તથા જેમનું જિતાયેલું મન નિશ્ચયપૂર્વક પરમાત્મામાં જ સ્થિત છે; તેવા બ્રહ્મવેત્તાઓ શાંત બ્રહ્મને

પામે છે. (૨૫)

**કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્ ।**
**અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : અભિતો બ્રહ્મનિર્વાણં** - અભિતઃ + બ્રહ્મનિર્વાણં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કામક્રોધવિયુક્તાનાં** - કામક્રોધરહિત; **યતચેતસાં** - જીતેલા ચિત્તવાળા; **વિહિતાત્મનાં** - પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા; **યતીનાં** - જ્ઞાની મનુષ્યો માટે; **અભિતઃ** - ચારે બાજુથી; **બ્રહ્મનિર્વાણં** - શાંત પરબ્રહ્મ પરમાત્મા (જ); **વર્તતે** - પરિપૂર્ણ છે;

**ભાવાર્થ :** કામક્રોધરહિત, જીતેલા ચિત્તવાળા, પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા જ્ઞાની મનુષ્યો માટે ચારે બાજુથી શાંત પરબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે. (૨૬)

**સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ ।**
**પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ ॥૨૭॥**

**યતેન્દ્રિયમનોબુદ્ધિર્મુનિર્મોક્ષપરાયણઃ ।**
**વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : સ્પર્શાન્કૃત્વા** - સ્પર્શાન્ + કૃત્વા; **બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાન્તરે** - બહિઃ + બાહ્યાન્ + ચક્ષુઃ + ચ

+ એવ + અન્તરે; (**નાસાભ્યન્તચારિણૌ** - નાસા + અભ્યંતચારિણૌ); (**યતેન્દ્રિય** - યત્ + ઈન્દ્રિય); **યતેન્દ્રિયમનોબુદ્ધિ ર્મુનિર્મોક્ષપરાયણઃ** - યતેન્દ્રિયમનઃ + બુદ્ધિઃ + મુનિઃ + મોક્ષપરાયણઃ; **વિગતેચ્છાભયક્રોધો યઃ** - વિગતેચ્છાભયક્રોધઃ + યઃ; **મુક્ત એવ** - મુક્તઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : બાહ્યાન્** - બહારના; **સ્પર્શાન્** - વિષય ભોગોનું ચિંતન કર્યા વગર; **બહિઃ** - (તેમને) બહાર; **એવ** - જ; **કૃત્વા** - કાઢીને (ત્યજીને); **ચ** - અને; **ચક્ષુઃ** - આંખોની દૃષ્ટિને; **ભ્રુવો** - ભ્રમણે (ભ્રકુટી)ની; **અંતરે** - મધ્યમાં સ્થાપીને; (તથા) **નાસાભ્યન્તરતારિણૌ** - નાસિકા (નાક)માં વિચરતા; **પ્રાણાપાનૌ** - પ્રાણ અને અપાન વાયુને; **સમૌકૃત્વા** - સમ કરીને; **યતેન્દ્રિયમનોબુદ્ધિઃ** - જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યા છે; (એવો); **ય** - જે; **મોક્ષપરાયણઃ** - મોક્ષપરાયણ; **મુનિ** - મુનિ; **વિગતેચ્છાભયક્રોધ** - ઈચ્છા, ભય અને ક્રોધ વિનાનો થઈ ગયો છે; **સઃ** - તે; **સદા** - સદા; **મુક્તઃ** - મુક્ત જ છે;

**ભાવાર્થ :** બહારના વિષય ભોગોનું ચિંતન કર્યા વગર તેમને બહાર જ કાઢીને અને આંખોની દૃષ્ટિને ભ્રકુટીની મધ્યમાં સ્થાપીને તથા નાસિકામાં વિચરતા પ્રાણ અને અપાન વાયુને સમ કરીને જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યા છે એવો જે મોક્ષપરાયણ મુનિ ઈચ્છા, ભય અને ક્રોધ વિનાનો થઈ ગયો છે તે સદા મુક્ત જ છે. (૨૭) (૨૮)

**ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।**
**સહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : શાન્તિમૃચ્છતિ** - શાંતિમ્ + ઋચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (મારો ભક્ત); **મામ્** - મને; **યજ્ઞતપસાં** - બધા જ યજ્ઞો અને તપોનો; **ભોક્તારં** - ભોગવનાર; **સર્વલોકમહેશ્વરં** - સકળ લોકોના ઈશ્વરોનો પણ ઈશ્વર; (**તથા સર્વભૂતાનાં** - સર્વ પ્રાણીઓનો); **સુહૃદં** - સુહૃદ (સ્વાર્થરહિત, દયાળુ અને પ્રેમી (એવો); **જ્ઞાત્વા** - તત્ત્વથી જાણીને; **શાંતિમ્ ઋચ્છતિ** - શાંતિ પામે છે;

**ભાવાર્થ :** મારો ભક્ત મને બધા જ યજ્ઞો અને તપોનો ભોગવનાર સકળ લોકોનાં ઈશ્વરોનો પણ ઈશ્વર તથા સર્વ પ્રાણીઓનો સુહૃદ (સ્વાર્થરહિત, દયાળુ અને પ્રેમી એવો) તત્ત્વથી જાણીને શાંતિ પામે છે. (૨૯)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**કર્મસંન્યાસયોગો નામ પઞ્ચમોऽધ્યાયઃ ॥૫॥**

**॥ કર્મસંન્યાસયોગ નામનો પાંચમો અધ્યાય સમાપ્ત ॥**

•

# ષષ્ઠમ અધ્યાય (છઠ્ઠો અધ્યાય)

## આત્મસંયમ યોગ

**અથ ષષ્ઠ અધ્યાયઃ ।** **અથ ષષ્ઠઃ + અધ્યાય ।**

**શ્રીભગવાન ઉવાચ ।** શ્રીભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।**
**સ સંન્યાસી ચ યોગી ચ નિરગ્નિર્ન ચાક્રિયઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : નિરગ્નિર્ન** - નિરગ્નિઃ + ન; **ચાક્રિય** - ચ + અક્રિય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** – જે પુરુષ; **કર્મફલં** - કર્મફળનો; **અનાશ્રિતઃ** - આશ્રય લીધા વિના; **કાર્યં** - કરવા યોગ્ય; **કર્મ** - કર્મ; **કરોતિ** - કરે છે; **સઃ** – તે; **સંન્યાસી** - સંન્યાસી; **ચ** - અને; **યોગી** - યોગી છે; (જ્યારે) **નિરગ્નિઃ** - કેવળ અગ્નિનો ત્યાગ કરનારો સંન્યાસી; **ન** - નથી; **ચ** - અને; (કેવળ); **અક્રિયઃ ન** - ક્રિયાઓનો ત્યાગ કરનારો યોગી નથી;

**ભાવાર્થ :** જે પુરુષ કર્મફળનો આશ્રય લીધા વિના કરવા યોગ્ય કર્મ કરે છે તે સંન્યાસી અને યોગી છે, જ્યારે કેવળ અગ્નિનો ત્યાગ કરનારો સંન્યાસી નથી અને કેવળ ક્રિયાઓનો ત્યાગ કરનારો યોગી નથી. (૧)

**યં સંન્યાસમિતિ પ્રાહુર્યોગં તં વિદ્ધિ પાણ્ડવ ।**
**ન હ્યસંન્યસ્તસંકલ્પો યોગી ભવતિ કશ્ચન ॥૨॥**

**સંધિવિગ્રહ : સંન્યાસમિતિ** - સંન્યાસમ્ + ઈતિ; **પ્રાહુર્યોગં** - પ્રાહુઃ + યોગં; **હ્યસંન્યસ્તસંકલ્પો યોગી** - હિ + અસંન્યસ્તસંકલ્પઃ + યોગી;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાંડવ** - હે પાંડવ (અર્જુન); **યં** - જેને; **સંન્યાસમ્ ઈતિ** - સંન્યાસ એમ; **પ્રાહુઃ** - કહે છે; **તં** - તેને (જ) (તું); **યોગં વિદ્ધિ** - યોગ જાણ; **હિ** - કારણ કે; **અસંન્યસ્તસંકલ્પઃ** - સંકલ્પનો ત્યાગ ન કરનાર; **કશ્ચન** - કોઈપણ (પુરુષ); **યોગી ન ભવતિ** - યોગી બનતો નથી;

**ભાવાર્થ :** હે પાંડવ (અર્જુન), જેને સંન્યાસ (એમ) કહે છે તેને જ તું યોગ જાણ કારણ કે સંકલ્પનો ત્યાગ ન કરનાર કોઈપણ પુરુષ યોગી બનતો નથી. (૨)

**આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમુચ્યતે ।**
**યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમુચ્યતે ॥૩॥**

**સંધિવિગ્રહ : આરુરુક્ષોર્મુનેર્યોગં** - આરુરુક્ષોઃ + મુનેઃ + યોગં; **કારણમુચ્યતે** - કારણમ્ + ઉચ્યતે; **તસ્યૈવ** - તસ્ય + એવ; **કારણમુચ્યતે** - કારણમ્ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગં** - યોગમાં; **આરુરુક્ષોઃ** -

આરુઢ થવાની ઈચ્છાવાળા; **મુનેઃ** - મનનશીલ પુરુષ માટે (યોગની પ્રાપ્તિમાં); **કર્મ** - નિષ્કામભાવે કર્મ કરવું જ; **કારણં** - હેતુ; **ઉચ્યતે** - કહેવાય છે; (અને યોગરૂઢ થઈ ગયા પછી); **તસ્ય** - તે; **યોગરૂઢસ્ય** - યોગારૂઢ પુરુષને; **શમઃ** - જે સર્વ સંકલ્પનો અભાવ છે; **(સઃ** - તે); **એવ** - જ; **કારણમ્ ઉચ્યતે** - કારણ કહેવાય છે;

**ભાવાર્થ :** યોગમાં આરૂઢ થવાની ઈચ્છાવાળા મનનશીલ પુરુષ માટે યોગની પ્રાપ્તિમાં નિષ્કામભાવે કર્મ કરવું તે જ હેતુ કહેવાય છે અને યોગારૂઢ થઈ ગયા પછી તે યોગારૂઢ પુરુષને જે સર્વ સંકલ્પનો અભાવ છે તે જ કારણ કહેવાય છે. (૩)

**યદા હિ નેન્દ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે ।**
**સર્વસંકલ્પસંન્યાસી યોગારૂઢસ્તદોચ્યતે ॥૪॥**

**સંધિવિગ્રહ : નેન્દ્રિયાર્થેષુ** - ન + ઇન્દ્રિયાર્થેષુ; **કર્મસ્વનુષજ્જતે** - કર્મસુ + અનુષજ્જતે; **યોગારૂઢસ્તદોચ્યતે** - યોગારૂઢઃ + તદા + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (યોગરૂઢ પુરુષ) **યદા** - જ્યારે; **ન ઈન્દ્રિયાર્થેષુ** - ન તો ઈન્દ્રિયોનાં ભોગોમાં (અને); (કે) **ન કર્મસુ** - ન તો કર્મોમાં; **હિ** - પણ; **અનુષજ્જતે** - આસક્ત થાય; **તદા** - ત્યારે; **સર્વસંકલ્પસંન્યાસી** - સર્વ સંકલ્પોનો ત્યાગી પુરુષ; **યોગારૂઢઃ** - યોગારૂઢ; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** જ્યારે ન તો ઈન્દ્રિયોના ભોગમાં કે ન તો કર્મમાં પણ આસક્ત થાય ત્યારે સર્વ સંકલ્પોનો ત્યાગી પુરુષ યોગારૂઢ કહેવાય છે. (૪)

**ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।**
**આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : ઉદ્ધરેદાત્મનાત્માનં** - ઉદ્ધરેત્ + આત્મના + આત્માનં; **નાત્માનમવસાદયેત્** - ન + આત્માનમ્ + અવસાદયેત્; **આત્મૈવ** - આત્મા + એવ; **હ્યાત્મનો બન્ધુરાત્મૈવ** - હિ + આત્મનઃ + બંધુઃ + આત્મા + એવ; **રિપુરાત્મનઃ** - રિપુઃ + આત્મનઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ : આત્મના** - પોતાના વડે; **આત્માનં** - પોતાનો (સંસાર-સાગર)થી; **ઉદ્ધરેત્** - ઉદ્ધાર કરવો જોઈએ; **આત્માનં** - (અને) પોતાને (અધોગતિમાં); **ન અવસાદયેત્** - ન નાખે; **હિ** - કારણ કે (માનવ); **આત્મા એવ** - પોતે જ; **આત્મનઃ બન્ધુઃ** - પોતાનો મિત્ર છે; **આત્મા એવ** - (અને) પોતે જ; **આત્મનઃ રિપુઃ** - પોતાનો શત્રુ છે;

**ભાવાર્થ :** પોતાના વડે પોતાનો સંસારસાગરમાંથી ઉદ્ધાર કરવો જોઈએ અને પોતાને અધોગતિમાં ન નાખે; કારણ કે (માનવ) (આત્મા) પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે. (૫)

**બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।**
**અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્‌ ॥૬॥**

**સંધિવિગ્રહ : બન્ધુરાત્માત્મનસ્તસ્ય** - બન્ધુઃ + આત્મા + આત્મનઃ + તસ્ય; **યેનાત્મૈવાત્મના** - યેન + આત્મા + એવ + આત્મના; **અનાત્મનસ્તુ** - અનાત્મનઃ + તુ; **વર્તેતાત્મૈવ** - વર્તેત + આત્મા + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યેન** - જે; **આત્મના** - જીવાત્મા દ્વારા; **આત્મા જિતઃ** - મન અને ઈન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું છે; **તસ્ય** - તે; **આત્મનઃ** - જીવાત્માનો તે; **આત્મા એવ** - પોતે જ; **બન્ધુઃ** - મિત્ર છે; **તુ** - અને; **અનાત્મનઃ** - જેના દ્વારા મન તથા ઈન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું નથી તેના માટે; **આત્મા એવ** - પોતે જ; **શત્રુવત્‌** - શત્રુની માફક; **શત્રુત્વે** - શત્રુતામાં; **વર્તેત** - વર્તે છે;

**ભાવાર્થ :** જે જીવાત્મા દ્વારા મન અને ઈન્દ્રિયો સહિત શરીર જીતવામાં આવ્યું છે તે જીવાત્માનો તે પોતે જ મિત્ર છે અને જેના દ્વારા મન તથા ઈન્દ્રિયો સહિત શરીર જીતવમાં આવ્યું નથી તેના માટે પોતે જ શત્રુની માફક શત્રુતામાં વર્તે છે. (૬)

**જિતાત્મનઃ પ્રશાન્તસ્ય પરમાત્મા સમાહિતઃ ।**
**શીતોષ્ણસુખદુઃખેષુ તથા માનાપમાનયોઃ ॥૭॥**

**સંધિવિગ્રહ : જીતાત્મનઃ** - જીત + આત્મના

શીતોષ્ણસુખદુઃખેષુ+માનાપમાનયોઃ - માન+અપમાનયોઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ : શીતોષ્ણસુખદુઃખેષુ** - ઠંડી-ગરમીમાં; સુખદુઃખમાં; **તથા** - તથા; **માનાપમાનાયોઃ** - માન અને અપમાનમાં; **પ્રશાંતસ્ય** - જેના અંતઃકરણની વૃત્તિઓ યોગ્ય રીતે શાંત છે (તેવા); **જિતાત્મનઃ** - સ્વાધીન આત્માવાળા મનુષ્યના (જ્ઞાનમાં); **પરમાત્મા** - સચ્ચિદાનંદઘન પરમાત્મા; **સમાહિતઃ** - યોગ્ય પ્રકારે સ્થિત છે (તેનાં જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું નથી);

**ભાવાર્થ :** ઠંડીગરમીમાં, સુખદુઃખમાં તથા માન અને અપમાનમાં જેનાં અંતઃકરણની વૃત્તિઓ યોગ્ય રીતે શાંત છે તેવા સ્વાધીન આત્માવાળા મનુષ્યનાં જ્ઞાનમાં સચ્ચિદાનંદઘન પરમાત્મા યોગ્ય પ્રકારે સ્થિત છે (તેનાં જ્ઞાનમાં પરમાત્મા સિવાય બીજું કશું નથી). (૭)

**જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા કૂટસ્થો વિજિતેન્દ્રિયઃ ।**
**યુક્ત ઈત્યુચ્યતે યોગી સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ॥૮॥**

**સંધિવિગ્રહ : કૂટસ્થો વિજિતેન્દ્રિયઃ** - કૂટસ્થઃ + વિજિતેન્દ્રિયઃ; **યુક્ત ઈત્યુચ્યતે** - યુક્તઃ + ઈતિ + ઉચ્યતે; સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ : જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા** - જેનું અંતઃકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે; **કૂથસ્થ :** જેની

સ્થિતિ વિકારરહિત છે; **વિજેતેન્દ્રિયઃ** - જેની ઇન્દ્રિયો સારી પેઠે જીતાયેલી છે; (અને) **સમલોષ્ટાશ્મકાંચન** - જેના માટે માટી, પથ્થર અને સોનું સમાન છે (**લોસ્ટ** - માટીનું ઢેફું, રોડું, **અશ્મન્** - પથ્થર); **(તે) યોગી** - યોગી; **યુક્તઃ** - યુક્ત (ભગવત્પ્રાપ્ત); **ઇતિ ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** જેનું અંતઃકરણ જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે, જેની સ્થિતિ વિકારરહિત છે, જેની ઇન્દ્રિયો સારી પેઠે જીતાયેલી છે અને જેના માટે માટી, પથ્થર અને સોનું સમાન છે તે યોગી યુક્ત (ભગવત્પ્રાપ્ત) કહેવાય છે. (૮)

**સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ ।**
**સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥૯॥**

**સંધિવિગ્રહ : સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ** - સુહૃદ્ + મિત્રઃ + અરિ + ઉદાસિન + મધ્યસ્થ + દ્વેષ્યઃ + બંધુષુ; **સાધુષ્વપિ** - સાધુષુ + અપિ; **સમબુદ્ધિર્વિશિષ્યતે** - સમબુદ્ધિઃ + વિશિષ્યતે; (**દ્વેષ્ય** - દ્વેષ કરવા યોગ્ય);

**શબ્દાર્થ, અન્વયાર્થ : સુહૃન્મિત્રાર્યુદાસીન-મધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ** - સુહૃદ્ (નિઃસ્વાર્થ, સૌનું હિત કરનાર); **મિત્રઃ** - મિત્ર; **અરિ** - શત્રુ, ઉદાસીન (તટસ્થ); **મધ્યસ્થ** - (બંને તરફ ભલું ચાહનાર); **દ્વેષ્યઃ** - દ્વેષ્યઃ (અને) **બંધુષુ** - બંધુગણોમાં; **સાધુષુ** - ધર્માત્માઓમાં; **ચ** - અને; **પાપેષુ** - પાપીઓમાં;

**અપિ** - પણ; **સમબુદ્ધિઃ** - સમભાવ રાખનાર; **વિશિષ્યતે** - શ્રેષ્ઠ છે;

**ભાવાર્થ :** સુહૃદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય તેમજ બંધુગણોમાં, ધર્માત્માઓમાં અને પાપીઓમાં પણ સમભાવ રાખનાર શ્રેષ્ઠ છે. (૯)

**યોગી યુંજીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : સતતમાત્માનં** - સતતમ્ + આત્માનં; **નિરાશીરપરિગ્રહઃ** - નિરાશીઃ + અપરિગ્રહઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યતચિતાત્મા** - મનને અને ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર; **નિરાશીઃ** - કશાયની આશા ન રાખનાર; **અપરિગ્રહઃ** - સંગ્રહરહિત; **યોગી** - યોગી; **એકાકી** - એકલો (જ); **રહસિ** - એકાંત સ્થળે; **સ્થિતઃ** - સ્થિત થઈને (રહીને); **આત્માનં** - આત્માને; **સતતં** - નિરંતર (પરમાત્મામાં); **યુંજીત** - જોડે;

**ભાવાર્થ :** મનને અને ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર, કશાયની આશા ન રાખનાર, સંગ્રહ ન કરનાર યોગી એકલો જ એકાંત સ્થળે સ્થિત થઈને આત્માને નિરંતર પરમાત્મામાં જોડે. (૧૦)

**શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમાસનમાત્મનઃ ।**
**નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : સ્થિરમાસનમાત્મનઃ** - સ્થિરમ્ + આસનમ્ + આત્મનઃ; **નાત્યુચ્છ્રિતં** - ન + અતિઉચ્છ્રિતં; **નાતિનીચં** - ન + અતિનીચં; (**ચૈલાજિનકુશોત્તરમ્** - ચૈલ + અજિન + કુશ + ઉત્તરં; **ચૈલ** - વસ્ત્ર; **અજિન** - મૃગચર્મ; **કુશ** - દર્ભ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : શુચૌ** - શુદ્ધ (પવિત્ર); **દેશે** - ભૂમિ પર; (જેમાં ક્રમ પ્રમાણે); **ચૈલ અજિન કુશોત્તરં** - વસ્ત્ર, મૃગચર્મ અને દર્ભ પાથરેલાં છે; (તથા) **ન અતિ ઉચ્છ્રિતં** - ન તો બહુ ઊંચા; (કે) **ન અતિનીચં** - ન તો બહુ નીચા (એવા); **આત્મનઃ** - પોતાના; **આસનં સ્થિરં** - આસનને સ્થિર (કરીને); **પ્રતિષ્ઠાપ્ય** - સ્થાપન કરીને; (૧૨મા શ્લોકમાં ચાલુ)

**ભાવાર્થ :** શુદ્ધ (પવિત્ર) ભૂમિ પર જેમાં ક્રમ પ્રમાણે વસ્ત્ર, મૃગ, ચર્મ અને દર્ભ પાથરેલાં છે; તેમજ ન તો બહુ ઊંચા કે ન તો બહુ નીચા એવા પોતાના આસનને સ્થિર થાપન કરીને; (૧૨ મા શ્લોકમાં ચાલુ) (૧૧)

**તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિયક્રિયઃ ।**
**ઉપવિશ્યાસને યુંજ્યાદ્યોગમાત્મવિશુદ્ધયે ॥૧૨॥**

**સંધિવિગ્રહ : તત્રૈકાગ્રં** - તત્ર + એકાગ્રં; **ઉપવિશ્યાસને** - ઉપવિશ્ય + આસને; **યુંજયાદ્યોગમાત્મવિશુદ્ધયે** - યુંજયાત્

+ યોગં + આત્મવિશુદ્ધયે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્ર** - ત્યાં (તે); **આસને** - આસન પર; **ઉપવિશ્ય** - બેસીને; **યતચિત્તેન્દ્રિયક્રિયઃ** - ચિત્ત અને ઇન્દ્રિયોની ક્રિયાઓને કાબૂમાં રાખીને; **મનઃ** - મનને; **એકાગ્ર કૃત્વા** - એકાગ્ર કરીને; **આત્મવિશુદ્ધયે** - અંતઃકરણની શુદ્ધિ માટે; **યોગં** - યોગનો; **યુંજયાત્** - અભ્યાસ કરે;

**ભાવાર્થ :** તે આસન પર બેસીને ચિત્ત અને ઇન્દ્રિયોની ક્રિયાઓને કાબૂમાં રાખીને મનને એકાગ્ર કરીને અંતઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે. (૧૨)

**સમં કાયશિરોગ્રીવં ધારયન્નચલં સ્થિરઃ ।**
**સમ્પ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : કાયશિરોગ્રીવં** - કાયશિરઃ + ગ્રીવં; **ધારયન્નચલં** - ધારયન્ + અચલં; **નાસિકાગ્રં** - નાસિકા + અગ્રં; **દિશશ્ચાનવલોકયન્** - દિશઃ + ચ + અનવલોકયન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કાયશિરોગ્રીવં** - કાયા, મસ્તક અને ડોકને; **સમં** - સીધાં (તેમજ); **અચલં** - અચલ (ટટ્ટાર); **ધારયન્** - ધારણ કરીને; **ચ** - અને; **સ્થિર** - સ્થિર થઈને; **સ્વં** - પોતાના; **નાસિકાગ્રં** - નાકના અગ્રભાગે; **સંપ્રેક્ષ્ય** - દૃષ્ટિ સ્થિર કરીને; **દિશઃ** - (અન્ય) દિશાઓને; **અનવલોકયન્** - ન જોતો... (ચાલુ)

**ભાવાર્થ :** કાયા, મસ્તક અને ડોકને સીધાં ટટ્ટાર ધારણ

કરીને અને સ્થિર થઈને પોતાના નાકના અગ્રભાગે દૃષ્ટિ સ્થિર કરીને, અન્ય દિશાઓને ન જોતો... (૧૩)

**પ્રશાન્તાત્મા વિગતભીર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ ।**
**મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : પ્રશાન્તાત્મા** - પ્રશાંત + આત્મા; **વિગતભીર્બ્રહ્મચારિવ્રતે** - વિગતભીઃ + બ્રહ્મચારિવ્રતે; **મચ્ચિત્તો યુક્ત આસીત** - મચ્ચિત્તઃ + યુક્તઃ + આસીત; (**મચ્ચિતઃ** - મત્ + ચિત્ત);

**શબ્દાર્થ, અન્વયાર્થ : બ્રહ્મચારિવ્રતે** - બ્રહ્મચારીના વ્રતમાં; **સ્થિતઃ** - સ્થિત (રહેનારો, આચરનારો); **વિગતભી;** - નિર્ભય; **પ્રશાંતાત્મા** - યોગ્ય રીતે શાંત અંતઃકરણવાળો; **યુક્તઃ** - સાવધાન યોગી; **મનઃ** - મનને; **સંયમ્ય** - સંયમમાં રાખીને; **મચ્ચિત્તઃ** - મારામાં ચિત્ત જોડીને; (અને); **મત્પરઃ** - મારામાં પરાયણ થઈને; **આસીત** - (ધ્યાનમાં) સ્થિત થાય (બેસે);

**ભાવાર્થ :** બ્રહ્મચારીનું વ્રત આચરનારો, નિર્ભય, યોગ્ય રીતે શાંત અંતઃકરણવાળો સાવધાન યોગી, મનને કાબૂમાં રાખી, મારામાં ચિત્ત જોડીને અને મારામાં જ પરાયણ થઈને ધ્યાનમાં બેસે. (૧૪)

**યુંજન્નેવ સદાત્માનં યોગી નિયતમાનસઃ ।**
**શાન્તિં નિર્વાણપરમાં મત્સંસ્થામધિગચ્છતિ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : યુંજન્નેવં** - યુંજન્ + એવં; **સદાત્માનં** - સદા + આત્માનં; **મત્સંસ્થામધિગચ્છતિ** - મત્ + સંસ્થાં + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નિયતમાનસઃ** - મનને વશ કરનારો; **યોગી** - યોગી; **એવં** - આ પ્રમાણે; **આત્માનં** - આત્માને; **સદા** - નિરંતર (મને પરમેશ્વરના સ્વરૂપમાં); **યુંજન્** - જોડનારો; **મત્સંસ્થામ્** - મારામાં રહેલી (રહેનારી); **નિર્વાણપરમાં** - પરમાનંદની પરાકાષ્ઠા સ્વરૂપ; **શાંતિં** - શાંતિ(ને); **અધિગચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** મનને વશ રાખનારો યોગી આ પ્રમાણે આત્માને નિરંતર મારા પરમેશ્વરના સ્વરૂપમાં જોડનારો મારામાં રહેલી પરમાનંદની પરાકાષ્ઠા સ્વરૂપ શાંતિ (ને) પામે છે. (૧૫)

**નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનશ્નતઃ ।**
**ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ॥૧૬॥**

**સંધિવિગ્રહ : નાત્યશ્નતસ્તુ** - ન + અતિ + અશ્નતઃ + તુઃ; **યોગોઽસ્તિ** - યોગઃ + અસ્તિ; **ચૈકાન્તમનશ્નતઃ** - ચ + એકાન્તમ્ + અનશ્નતઃ; **ચાતિ** - ચ + અતિ; **જાગ્રતો નૈવ** - જાગ્રતઃ + ન + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન (આ); **યોગઃ** - યોગ; **ન તુ** - ન તો; **અતિ** - બહુ; **અશ્નતઃ** - ખાનારને; **ચ** -

અને; **ન** - ન; **એકાંતં** - બિલકુલ; **અનશ્નતઃ** - ન ખાનારને (પણ) (સિદ્ધ થતો નથી); (તેમજ) **સ્વપ્નશીલસ્ય** - બહું ઊંઘનારને; **જાગ્રત** - (સદા) જાગનારને; **ન એવ** - જ; સિદ્ધ થતો નથી);

**ભાવાર્થ :** હે અર્જુન ! આ યોગ ન તો બહુ ખાનારને યા બિલકુલ ન ખાનારને પણ તેમ જ બહુ ઊંઘનારને યા તો સદા જાગનારને પણ સિદ્ધ થતો નથી. (૧૬)

**યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।**
**યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥૧૭॥**

**સંધિવિગ્રહ : યુક્તાહાર** - યુક્ત + આહાર; **સ્વપ્નાવબોધસ્ય** – સ્વપ્ન + અવબોધસ્ય; **યોગો ભવતિ** - યોગઃ + ભવતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દુઃખહા** - દુઃખો નાશ કરનાર; **યોગઃ** - યોગ (તો); **યુક્ત આહારવિહારસ્ય** - યથા ઉચિત આહાર અને વિહાર કરનારને; **કર્મસુ** - કર્મોમાં; **યુક્તચેષ્ટસ્ય** - યથા ઉચિત ચેષ્ટા કરનારને; (તથા) **યુક્તસ્વપ્નાવબોધસ્ય** - યથા ઉચિત ઊંઘનાર તેમજ જાગનારને (જ સિદ્ધ); **ભવતિ** - થાય છે;

**ભાવાર્થ :** દુઃખો નાશ કરનાર યોગ તો યથા ઉચિત આહાર અને વિહાર કરનારને કર્મોમાં યથા ઉચિત ચેષ્ટા કરનારને; તથા યથા ઉચિત ઊંઘનાર તેમજ જાગનારને જ સિદ્ધ થાય છે. (૧૭)




**યદા વિનિયતં ચિત્તમાત્મન્યેવાવતિષ્ઠતે ।**
**નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો યુક્ત ઈત્યુચ્યતે તદા ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ચિત્તમાત્મન્યેવાવતિષ્ઠતે** - ચિત્તમ્ + આત્મનિ + એવ + અવતિષ્ઠતે; **સર્વકામેભ્યો યુક્ત ઈત્યુચ્યતે** - સર્વકામેભ્યઃ + યુક્તઃ + ઈતિ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિનિયતં ચિત્તં** - સંપૂર્ણ વશમાં કરેલું ચિત્ત; **યદા** - જ્યારે; **આત્મનિ** - પરમાત્મામાં; **એવ** - જ; **અવવિષ્ઠતિ** - યોગ્ય રીતે સ્થિત થઈ જાય છે; **તદા** - ત્યારે; **સર્વકામેભ્યઃ** - સર્વ ભોગો(માંથી); **નિઃસ્પૃહઃ** - સ્પૃહરાહિત થયેલો (માનવ); **યુક્તઃ** - યોગયુક્ત છે; **ઈતિ** - એમ; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** સંપૂર્ણ વશમાં થયેલું ચિત્ત જ્યારે પરમાત્મામાં જ યોગ્ય રીતે સ્થિત થઈ જાય છે ત્યારે સર્વ ભોગોમાંથી સ્પૃહારહિત થયેલો માનવ યોગયુક્ત છે એમ કહેવાય છે. (૧૮)

**યથા દીપો નિવાતસ્થો નેંગતે સોપમા સ્મૃતા ।**
**યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : દીપો નિવાતસ્થો નેંગતે** - દીપઃ + નિવાતસ્થઃ + ન + ઇંગતે; **યોગિનો યતચિત્તસ્ય** - યોગિનઃ + યતચિત્તસ્ય; **યુંજતો યોગમાત્મનઃ** - યુજતઃ + યોગં + આત્મનઃ; **સોપમા**

- સા + ઉપમા;

**શબ્દાર્થ, અન્વાયર્થ : યથા** - જેવી રીતે; **નિવાતસ્થઃ** - વાયુ વિનાના સ્થાનમાં રહેલી; **દીપઃ** - દીવા(ની જ્યોત); **ન ઈંગતે** - ચલાયમાન થતી (ડોલતી) નથી; **સા** - તેવી; (જ); **ઉપમા** - ઉપમા; **આત્મનઃ** - પરમાત્માના; **યોગં** - ધ્યાનમાં; **યુંજતઃ** - લાગેલા; **યોગિનઃ** - યોગીના; **યતચિત્તસ્ય** - જિતાયેલા ચિત્તની; **સ્મૃતા** - કહેવાઈ છે;

**ભાવાર્થ :** જેવી રીતે વાયુ વિનાના સ્થાનમાં રહેલી દીવાની જ્યોત હાલતી નથી; તેવી જ ઉપમા પરમાત્માના ધ્યાનમાં લાગેલા યોગીના જિતાયેલા ચિત્તની કહેવાઈ છે. (૧૯)

**યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગસેવયા ।**
**યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્નાત્મનિ તુષ્યતિ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : યત્રોપરમતે** - યત્ર + ઉપરમતે; **ચૈવાત્મનાત્માનં** - ચ + એવ + આત્મના + આત્માનં; **પશ્યન્નાત્મનિ** - પશ્યન્ + આત્મનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગસેવયા** - યોગના અભ્યાસથી; **નિરુદ્ધં** - નિરુદ્ધ થયેલું; **ચિત્તં** - ચિત્ત; **યત્ર** - જે અવસ્થામાં; **ઉપરમતે** - વિરામ પામે છે; **ચ** - અને; **યત્ર** - જે અવસ્થામાં; (પરમાત્માનાં ધ્યાનથી શુદ્ધ થયેલી); **આત્મના** - સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા; **આત્માનં** - પરમાત્માનો; **પશ્યન્** - સાક્ષાત્કાર કરતા;

**આત્મનિ** - સચ્ચિદાનંદઘન પરમાત્મામાં; **એવ** - જ; **તુષ્યતિ** - સંતુષ્ટ રહે છે;

**ભાવાર્થ :** યોગના અભ્યાસથી નિરુદ્ધ થયેલું ચિત્ત જે અવસ્થામાં વિરામ પામે છે અને જે અવસ્થામાં પરમાત્માનાં ધ્યાનથી શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરતા સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સંતુષ્ટ રહે છે. (૨૦)

**સુખમાત્યન્તિકં યત્તદ્બુદ્ધિગ્રાહ્યમતીન્દ્રિયમ્ ।**
**વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : સુખમાત્યન્તિકં** - સુખમ્ + આત્યન્તિકં; **યત્તદ્બુદ્ધિગ્રાહ્યમતીન્દ્રિયમ્** - યત્ + તત્ + બુદ્ધિગ્રાહ્યમ્ + અતિ + ઈન્દ્રિયં; **ચૈવાયં** - ચ + એવ + અયં; **સ્થિતશ્ચલતિ** - સ્થિતઃ + ચલતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અતીન્દ્રિયં** - ઈન્દ્રિયોથી અતીત (પર); **બુદ્ધિગ્રાહ્યં** - કેવળ શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ કરવા યોગ્ય; **યત્** - જે; **આત્યંતિકં** - અનંત; **સુખં** - આનંદ છે; **તત્** - તેને; **યત્ર** - જે અવસ્થામાં; **સ્થિતઃ** - સ્થિત; **અયં** - આ (યોગી); **તત્ત્વતઃ** - પરમાત્માનાં સ્વરૂપથી; **ન એવ ચલતિ** - (કદી) યે વિચલિત થતો નથી;

**ભાવાર્થ :** ઈન્દ્રિયોથી પર કેવળ શુદ્ધ થયલી સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ગ્રહણ કરવા યોગ્ય જે અનંત આનંદ છે તેને જે

અવસ્થામાં અનુભવ કરે છે અને જે અવસ્થામાં સ્થિત આ યોગી પરમાત્માનાં સ્વરૂપથી કદી યે વિચલિત થતો નથી. (૨૧)

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥૨૨॥**

**સંધિવિગ્રહ : ચાપરં** - ચ + અપરં; **નાધિકં** - ન + અધિકમ્; **સ્થિતો ન** - સ્થિતઃ + ન; **ગુરુણાપિ** - ગુરુણા + અપિ;

**શબ્દાર્થ, અન્વાયર્થ :** (તથા પરમાત્માની પ્રાપ્તિરૂપ); **યં લાભં** - જે લાભને; **લબ્ધ્વા** - પામીને; **તતઃ** - તેનાથી; **અધિકં અપરં** - અધિક બીજા (કોઈપણ લાભને); **ન મન્યતે** - માનતો નથી; **ચ** - અને (પરમાત્માની પ્રાપ્તિરૂપ); **યસ્મિન્** - જે અવસ્થામાં; **સ્થિતં** - રહેલો (યોગી); **ગુરુણા દુઃખેન** - ખૂબ ભારે દુઃખથી; **અપિ** - પણ; **ન વિચાલ્યતે** - વિચલિત થતો નથી;

**ભાવાર્થ :** તથા પરમાત્માની પ્રાપ્તિરૂપ જે લાભને પામીને તેનાથી અધિક બીજા કોઈપણ લાભને માનતો નથી અને પરમાત્માની પ્રાપ્તિરૂપ જે અવસ્થામાં રહેલો યોગી ખૂબ ભારે દુઃખથી પણ વિચલિત થતો નથી. (૨૨)

**તં વિદ્યાદ્ દુઃખસંયોગવિયોગં યોગસંજ્ઞિતમ્ ।**
**સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ॥૨૩॥**

**સંધિવિગ્રહ : વિદ્યાદ્દુઃખ** - વિદ્યાત્ + દુઃખ; **યોક્તવ્યો**

**યોગોઽનિર્વિણ્ણચેતસા** - યોક્તવ્યઃ + યોગઃ + અનિર્વિણ્ણચેતસા;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને જે); **દુઃખસંયોગવિયોગં** - (જન્મ મરણનાં) સંસારના સંયોગથી રહિત છે (તેમ જ); **યોગસંજ્ઞિતં** - જેનું નામ યોગ છે; **તં** - તેને; **વિદ્યાત્** - જાણવો જોઈએ; **સઃ યોગઃ** - તે યોગ; **અનિર્વિણ્ણ** - નહીં કથળેલા; (એટલે કે ધૈર્યશીલ અને ઉત્સાહી); **ચેતસા** - ચિત્તથી; **નિશ્ચયેન** - નિશ્ચયપૂર્વક કરવો જોઈએ;

**ભાવાર્થ :** અને જે જન્મ મરણના દુઃખરૂપી સંસારના સંયોગથી રહિત છે તેમ જ જેનું નામ યોગ છે તેને જાણવો જોઈએ; તે યોગ નહીં કથળેલા ચિત્તથી નિશ્ચયપૂર્વક કરવો જોઈએ. (૨૩)

**સંકલ્પપ્રભવાન્કામાંસ્ત્યક્ત્વા સર્વાનશેષતઃ ।**
**મનસૈવેન્દ્રિયગ્રામં વિનિયમ્ય સમન્તતઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : સંકલ્પપ્રભવાન્કામાંસ્ત્યક્ત્વા** - સંકલ્પપ્રભવાન્ + કામાન્ + ત્યક્ત્વા; **સર્વાનશેષતઃ** - સર્વાન્ + અશેષતઃ; **મનસૈવેન્દ્રિયગ્રામં** - મનસા + એવ + ઇન્દ્રિયગ્રામં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી મનુષ્યે); **સંકલ્પપ્રભાવન્** - સંકલ્પમાંથી ઉત્પન્ન થતી; **સર્વાન્** - સર્વ; **કામાન્** - કામનાઓને; **અશેષતઃ** - નિઃશેષરૂપે (સમૂળ); **ત્યક્ત્વા** - ત્યજીને; (અને) **મનસા** - મન દ્વારા; **ઈન્દ્રિયગ્રામં** - ઇન્દ્રિયોના સમૂહને; **સમન્તતઃ એવ** - બધી બાજુએથી જ; **વિનિયમ્ય** - યોગ્ય રીતે રોકીને;

(૨૫મા શ્લોકમાં અનુસંધાન);

**ભાવાર્થ :** તેથી મનુષ્યે સંકલ્પમાંથી ઉત્પન્ન થતી સર્વ કામનાઓને સમૂળી ત્યજીને અને મન દ્વારા ઈન્દ્રિયોના સમૂહને બધી બાજુએથી જ યોગ્ય રીતે રોકીને. (૨૫મા શ્લોકમાં ચાલુ)

**શનૈઃ શનૈરુપરમેદ્બુદ્ધયા ધૃતિગૃહીતયા ।**
**આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિંચિદપિ ચિન્તયેત્ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : શનૈરુપરમેદ્બુદ્ધયા** - શનૈઃ + ઉપરમેત્ + બુદ્ધયા; **કિંચિદપિ** - કિંચિત્ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : શનૈઃ શનૈઃ** - ક્રમે ક્રમે; (અભ્યાસ કરતા કરતા) **ઉપરમેત્** - ઉપરતિને પામે (વિરામ પામે); (તથા); **ધૃતિગૃહીતયા બુદ્ધયા** - ધૈર્યયુક્ત બુદ્ધિ દ્વારા; **મનઃ** - મનને; **આત્મસંસ્થં કૃત્વા** - પરમાત્મામાં સ્થિત કરીને (પરમાત્મા સિવાય બીજા); **કિંચિત્ અપિ** - કશાયનું પણ; **ન ચિંતયેત્** - ચિંતન ન કરે;

**ભાવાર્થ :** ક્રમે ક્રમે અભ્યાસ કરતા કરતા ઉપરતિને પામે તથા ધૈર્યયુક્ત બુદ્ધિ દ્વારા મનને પરમાત્મામાં સ્થિત કરીને પરમાત્મા સિવાય બીજા કશાયનું પણ ચિંતન ન કરે. (૨૫)

**યતો યતો નિશ્ચરતિ મનશ્ચંચલમસ્થિરમ્ ।**
**તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : યતો યતો નિશ્ચરતિ** - યતઃ + યતઃ + નિશ્ચરતિ; **મનશ્ચંચલમસ્થિરમ્** - મનઃ + ચંચલમ્ + અસ્થિરં; **તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ** - તતઃ + તતઃ + નિયમ્ય + એતત્ + આત્મનિ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પરંતુ જેનું મન વશમાં થતું નથી તેણે); **એતત્** - આ; **અસ્થિરં ચંચલં મનઃ** - અસ્થિર અને ચંચલ મન; **યતઃ યતઃ** - જે જે (શબ્દ વગેરેના વિષયના નિમિત્તે સંસારમાં); **વિચરતિ** - વિચરે છે; **તતઃ તતઃ** - તે તે (વિષયમાંથી); **નિયમ્ય** - રોકીને; (હટાવીને તેને વારંવાર); **આત્મનિ** - પરમાત્મામાં; **એવ** - જ; **વશં નયેત્** - નિરુદ્ધ કરવું;

**ભાવાર્થ :** પરંતુ જેનું મન વશમાં થતું નથી તેણે આ અસ્થિર અને ચંચલ મન જે જે શબ્દ વગેરે વિષયના નિમિત્તે સંસારમાં વિચરે છે તે તે વિષયમાંથી રોકીને (હટાવીને) તેને વારંવાર પરમાત્મામાં જ નિરુદ્ધ કરવું જોઈએ. (૨૬)

**પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।**
**ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૂતમકલ્મષમ્ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : હ્યેનં** - હિ + એન; **સુખમુત્તમમ્** - સુખં + ઉત્તમં; **બ્રહ્મભૂતમકલ્મષં** - બ્રહ્મભૂતમ્ + અકલ્મષં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **પ્રશાંતમનસં** - જેનું મન ઉચિત રીતે શાંત છે; **અકલ્મષં** - જે નિષ્પાપ છે (અને);

**શાંતરજસં** - જેનો રજોગુણ શાંત થઈ ગયો છે (તેવા); **એનં** - એ; **બ્રહ્મભૂતં** - સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકાત્મતાને પામેલા; (આ) **યોગિનં** - યોગીને; **ઉત્તમં સુખં** - ઉત્તમ આનંદ; **ઉપૈતિ** - પ્રાપ્ત થાય છે;

**ભાવાર્થ :** કેમ કે જેનું મન ઉચિત રીતે શાંત છે જે નિષ્પાપ છે અને જેનો રજોગુણ શાંત થઈ ગયો છે તેવા એ સચ્ચિદાનંદઘન બ્રહ્મની સાથે એકાત્મતાને પામેલા આ યોગીને ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે. (૨૭)

**યુંજન્નેવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।**
**સુખેન બ્રહ્મસંસ્પર્શમત્યન્તં સુખમશ્નુતે ॥૨૮॥**

**સંધિવિગ્રહ : યુંજન્નેવં** - યુંજન્ + એવં; **સદાત્માનં** - સદા + આત્માનં; **બ્રહ્મસંસ્પર્શમત્યન્તં** - બ્રહ્મસંસ્પર્શ + અત્યન્તં; **સુખમશ્નુતે** - સુખં + અશ્નુતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને તે); **વિગતકલ્મષઃ** - પાપ વિનાનો; **યોગી** - યોગી; **એવં** - આ પ્રમાણે; **સદા-સદા આત્મનં** - આત્માને (પરમાત્મામાં); **યુંજન્** - જોડતો; **સુખેન** - સુખપૂર્વક; **બ્રહ્મસ્પર્શ** - પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિરૂપ; **અત્યંતં** - અત્યંત (અનંત); **સુખં** - આનંદનો; **અશ્નુતે** - અનુભવ કરે છે;

**ભાવાર્થ :** અને તે પાપ વિનાનો યોગી આ પ્રમાણે સદા આત્માને પરમાત્મામાં જોડતો સુખપૂર્વક પરબ્રહ્મ પરમાત્માની

પ્રાપ્તિરૂપ અત્યંત આનંદનો અનુભવ કરે છે. (૨૮)

**સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ।**
**ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : સર્વભૂતસ્થમાત્માનં** - સર્વભૂતસ્થં + આત્માનં; **ચાત્મનિ** - ચ + આત્મનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગયુક્તાત્મા** - (સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવારૂપી) યોગથી યુક્ત આત્માવાળા (તથા); **સર્વત્ર** - સર્વ ભૂતોને; **સમદર્શનઃ** - સમભાવે જોનાર (યોગી); **આત્માનં** - આત્માને; **સર્વભૂતસ્થં** - સર્વ ભૂતોમાં રહેલો; **ચ** - અને; **સર્વભૂતાનિ** - સર્વ ભૂતોને; **આત્મનિ** - આત્મામાં (કલ્પિત); **ઈક્ષતે** - જુએ છે;

**ભાવાર્થ :** સર્વવ્યાપી અનંત ચેતનમાં એકાત્મભાવે રહેવા રૂપી યોગથી યુક્ત આત્માવાળા તથા સર્વ ભૂતોને સમભાવે જોનાર યોગી) આત્માને સર્વ ભૂતોમાં રહેલા અને સર્વ ભૂતોને આત્મામાં કલ્પિત જુએ છે. (૨૯)

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : યો માં** - યઃ + માં; **તસ્યાહં** - તસ્ય + અહં; **સ ચ** - સઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે (પુરુષ); **સર્વત્ર** - સર્વ ભૂતોમાં; **માં** - (સર્વના આત્મારૂપ) મને (વાસુદેવને જ) (વ્યાપેલો); **પશ્યતિ** - જુએ છે; **ચ** - અને; **સર્વં** - (સર્વ ભૂતો)ને; **મયિ** - મુજ વાસુદેવની અંતર્ગત; **પશ્યતિ** - જુએ છે; **તસ્ય** - તેને માટે; **અહં** - હું; **ન પ્રણશ્યામિ** - અદશ્ય હોતો નથી; **ચ** - અને; **સઃ** - તે; **મે** - મારે માટે; **ન પ્રણશ્યતિ** - અદશ્ય હોતો નથી;

**ભાવાર્થ :** જે પુરુષ સર્વ ભૂતોમાં સર્વના આત્મારૂપ મને વાસુદેવને જ (વ્યાપેલો) જુએ છે અને સર્વ ભૂતોને મુજ વાસુદેવની અંતર્ગત જુએ છે તેને માટે હું અદશ્ય હોતો નથી અને તે મારે માટે અદશ્ય હોતો નથી. (૩૦)

**સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમાસ્થિતઃ ।**
**સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ॥૩૧॥**

**સંધિવિગ્રહ : યો માં** - યઃ + માં; **ભજત્યેકત્વમાસ્થિતઃ** - ભજતિ + એકત્વમ્ + આસ્થિતઃ; **વર્તમાનોઽપિ** - વર્તમાનઃ + અપિ; **સ યોગી** - સઃ + યોગી;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે (પુરુષ); **એકત્વં** - એકાત્મભાવમાં; **આસ્થિતઃ** - સ્થિત થઈને; **સર્વભૂતસ્થિતં** - સર્વ ભૂતોમાં આત્મારૂપે રહેલા; **માં** - મને (સચ્ચિદાનંદઘન વાસુદેવને); **ભજતિ** - ભજે છે; **સઃ યોગી** - તે યોગી; **સર્વથા** - સર્વ રીતે; **વર્તમાનઃ** - વર્તવા; **અપિ** - પણ (છતાં) પણ;

**મયિ** - મારામાં (જ); **વર્તતે** - વર્તે છે;

**ભાવાર્થ :** જે (પુરુષ) એકાત્મભાવમાં સ્થિત થઈને સર્વ ભૂતોમાં આત્મારૂપે મને સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે તે યોગી સર્વ રીતે વર્તવા છતાં પણ મારામાં જ વર્તે છે. (૩૧)

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન ।**
**સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ ॥૩૨॥**

**સંધિવિગ્રહ :** (**આત્મૌપમ્યેન** - આત્મ + ઔપમ્યેન); **યોઽર્જુન** - યા + અર્જુન; **સ યોગી** - સઃ + યોગી; **પરમો મતઃ** - પરમઃ + મતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **યઃ** - જે (યોગી); **આત્મૌપમ્યેન** - પોતાની જેમ; **સર્વત્ર** - સર્વ ભૂતોમાં; **સમં** - સમ; **પશ્યતિ** - જુએ છે; **વા** - તેમજ; **સુખં** - સુખ; **યદિ વા** - અથવા; **દુઃખં** - દુઃખને (પણ); સર્વમાં; સમ (જુએ છે); **સઃ યોગી** - તે યોગી; **પરમઃ મત** - શ્રેષ્ઠ મનાયો છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! જે યોગી પોતાની જેમ સર્વ ભૂતોમાં સમાન ભાવે જુએ છે તેમ સુખ અથવા દુઃખને પણ સર્વમાં સમાન ભાવે જુએ છે તે યોગી શ્રેષ્ઠ મનાયો છે. (૩૨)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૂદન ।**
**એતસ્યાહં ન પશ્યામિ ચંચલત્વાત્સ્થિતિં સ્થિરામ્ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : યોઽયં** - યઃ + અયં; **યોગસ્ત્વયા** - યોગઃ + ત્વયા; **એતસ્યાહં** - એતસ્ય + અહં; **ચંચલત્વાત્સ્થિતિં** - ચંચલત્વાત્ + સ્થિતિં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મધુસૂદન** - હે મધુસૂદન; **યઃ** - જે; **અયં યોગ** - આ યોગ; **ત્વયા** - આપે; (મને); **પ્રોક્તં** - કહ્યો (પણ) (મન); **ચંચલત્વાત્** - ચંચલ હોવાને લીધે; **અહં** - હું; **એતસ્ય** - આની; **સ્થિરાં** - નિત્યા; **સ્થિતિં** - સ્થિતિને; **ન પશ્યામિ** - જોતો નથી;

**ભાવાર્થ :** હે મધુસૂદન ! જે આ યોગ આપે મને કહ્યો, પણ મારું મન ચંચલ હોવાને લીધે હું આની નિત્ય સ્થિતિને જોતો નથી. (૩૩)

**ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બદવદ્ દઢમ્ ।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : બદવદ્ દઢમ્** - બલવત્ + દઢં; **તસ્યાહં** - તસ્ય + અહં; **વાયોરિવ** - વાયોઃ + ઈવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; **કૃષ્ણ** - હે શ્રીકૃષ્ણ; **મનઃ** - મન; **ચંચલં** - બહુ ચંચળ; **પ્રમાથિ** - મંથન કરનારું

(મથવાના સ્વભાવવાળું); **દૃઢં** - બહુ દૃઢ; **બલવત્** - (અને) બળવાન છે; (**અતઃ** - આથી); **તસ્ય** - તેને; **નિગ્રહં** - વશમાં કરવું (રાખવું); (વશમાં રાખવાનું કામ); **વાયો ઈવઃ** - વાયુને (રોકવાની) પેઠે; **દુષ્કરં મન્યે** - (હું) દુષ્કર માનું છું;

**ભાવાર્થ :** કારણ કે હે શ્રીકૃષ્ણ ! મન બહુ ચંચળ, મથવાના સ્વભાવવાળું, બહુ દૃઢ અને બળવાન છે આથી તેને વશમાં રાખવું એ વાયુને રોકવાની પેઠે હું દુષ્કર માનું છું. (૩૪)

**શ્રીભગવાન ઉવાચ ।** શ્રીભગવાન્ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્ ।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥૩૫॥**

**સંધિવિગ્રહ : મનો દુર્નિગ્રહં** - મનઃ + દુર્નિગ્રહં (**દુર્નિગ્રહં** - દુઃ + નિગ્રહં);

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ (અર્જુન); **અસંશયં** - નિઃસંદેહ; **મનઃ** - મન; **ચલં** - ચંચળ (અને); **દુર્નિગ્રહં** - મુશ્કેલીથી વશ થનારું છે; **તુ** - પરંતુ; **કૌંતેય** - હે કુંતીપુત્ર અર્જુન; (તે મન); **અભ્યાસેન** - અભ્યાસથી; **ચ** - તેમજ; **વૈરાગ્યેણ** - વૈરાગ્યથી; **ગૃહ્યતે** - વશ થાય છે;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! નિઃસંદેહ મન ચંચળ અને મુશ્કેલીથી વશ થનારું છે પણ હે કૌંતેય ! તે મન અભ્યાસથી તેમ જ વૈરાગ્યથી વશ થાય છે. (૩૫)

**અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઈતિ મે મતિઃ ।**
**વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તુમુપાયતઃ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : યોગો દુષ્પ્રાપ ઈતિ** - યોગઃ + દુષ્પાપઃ + ઈતિ; **શકયોઽવાપ્તુમુપાયતઃ** - શક્યઃ + અવાપ્તુમ્ + ઉપાયતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અસંયતાત્મના** - જેનું મન વશ કરાયું નથી એવાં પુરુષ દ્વારા; **યોગઃ** - યોગ; **દુષ્પ્રાપઃ** - પ્રાપ્ત થવું મુશ્કેલ છે; **તુ** - અને; **વશ્યાત્મના** - જેણે મનને વશ કર્યું છે (તેવા); **યતતા** - પ્રયત્નશીલ પુરુષ દ્વારા; **ઉપાયતઃ** - સાધન વડે (તેને); **અવાપ્તું** - પ્રાપ્ત થવું; **શક્યઃ** - શક્ય (સહજ) છે; **ઈતિ** - એમ; **મે** - મારો; **મતિઃ** - મત છે;

**ભાવાર્થ :** જેનું મન વશ કરાયું નથી એવાં પુરુષ દ્વારા યોગ પ્રાપ્ત થવો મુશ્કેલ છે, અને જેણે મનને વશ કર્યું છે તેવા પ્રયત્નશીલ પુરુષ દ્વારા સાધન વડે તેને પ્રાપ્ત થવું સહજ છે એમ મારું માનવું છે. (૩૬)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાચ્ચલિતમાનસઃ ।**
**અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : શ્રદ્ધયોપેતો યોગાચ્ચલિતમાનસઃ** - શ્રદ્ધયા + ઉપેતઃ + યોગાત્ + ચલિતમાનસઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે શ્રીકૃષ્ણ; **શ્રદ્ધયા ઉપેતઃ** - જે યોગમાં શ્રદ્ધા ધરાવે છે; (પણ); **અયતિઃ** - સંયમી નથી; (આ કારણે અંત સમયે); **યોગાત્ ચલિતમાનસઃ** - જેનું મન યોગથી વિચલિત થઈ ગયું છે (એવો સાધક યોગી); **યોગસંસિદ્ધિં** - યોગની સિદ્ધિ એટલે કે ભગવત્સાક્ષાત્કારને; **અપ્રાપ્ય** - ન પામતાં; **કાં ગતિં** - કઈ ગતિને; **ગચ્છતિ** - પામે છે ?;

**ભાવાર્થ :** હે શ્રીકૃષ્ણ ! જે યોગમાં શ્રદ્ધા ધરાવે છે પણ સંયમશીલ નથી આ કારણે અંત સમયે જેનું મન યોગમાંથી વિચલિત થઈ ગયું છે એવો સાધક યોગી યોગની સિદ્ધિ એટલે કે ભગવત્સાક્ષાત્કારને ન પામતાં કઈ ગતિને પામે છે ? (૩૭)

**કચ્ચિન્નોભયવિભ્રષ્ટશ્છિન્નાભ્રમિવ નશ્યતિ ।**
**અપ્રતિષ્ઠો મહાબાહો વિમૂઢો બ્રહ્મણઃ પથિ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : કચ્ચિન્નોભયવિભ્રષ્ટશ્છિન્નાભ્રમિવ** - કચ્ચિત્ + ન + ઉભયવિભ્રષ્ટઃ + છિન્નાભ્રં + ઇવ (**છિન્નાભ્ર** - છિન્ન + અભ્ર); **અપ્રતિષ્ઠો મહાબાહો** - અપ્રતિષ્ઠઃ + મહાબાહો; **વિમૂઢો બ્રહ્મણઃ** - વિમૂઢઃ + બ્રહ્મણઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ; **કચ્ચિત્** - શું (તે); **બ્રહ્મણઃ** - ભગવત્પ્રાપ્તિના; **પથિ** - માર્ગમાં; **વિમૂઢઃ** - મોહ પામેલો; (અને) **અપ્રતિષ્ઠઃ** - આશ્રયરહિત પુરુષ; **છિન્નાભ્રં** - છિન્નભિન્ન થયેલા વાદળની; **ઇવ** - માફક; **ઉભયવિભ્રષ્ટઃ**

- બન્ને બાજુથી ભ્રષ્ટ થઈને; **ન નશ્યતિ** - નાશ તો પામતો નથી ને ?;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! શું તે ભગવત્પ્રાપ્તિના માર્ગમા મોહ પામેલો આશ્રયરહિત પુરુષ છિન્ન ભિન્ન થયેલા વાદળની માફક બન્ને બાજુથી ભ્રષ્ટ થઈને નાશ તો પામતો નથી ને ? (૩૮)

**એતન્મે સંશયં કૃષ્ણ છેત્તુમર્હસ્યશેષતઃ ।**
**ત્વદન્યઃ સંશયાસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે ॥૩૯॥**

**સંધિવિગ્રહ : એતન્મે** - એતત્‌ + મે; **છેત્તુમર્હસ્યશેષતઃ** - છેત્તું + અર્હસિ + અશેષતઃ; **ત્વદન્યઃ** - ત્વત્‌ + અન્યઃ; **સંશયાસ્યાસ્ય** - સંશયસ્ય + અસ્ય; **હ્યુપપદ્યતે** - હિ + ઉપપદ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ ! **મે** - મારા; **એતત્‌** - આ; **સંશયં** - સંશયને; **છેત્તું** - છેદવા માટે (આપ જ); **અર્હસિ** - યોગ્ય છો; **હિ** - કેમ કે; **ત્વત્‌ અન્યઃ** - આપના સિવાય બીજો (કોઈ); **અસ્ય** - આ; **સંશયસ્ય** - સંશયનું; **છેત્તા** - છેદન કરનાર; **ન ઉપપદ્યતે** - મળવો સંભવિત નથી;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! મારા આ સંશયને છેદવા માટે આપ જ યોગ્ય છો; કેમકે આપના વિના બીજો કોઈ પણ આ સંશયનું છેદન કરનાર મળવો સંભવ નથી. (૩૯)

**શ્રીભગવાન ઉવાચ ।** શ્રીભગવાન્‌ + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।**
**ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : નૈવેહ** - ન + ઈવ + ઈહ; **નામુત્ર** - ન + અમુત્ર; **વિનાશસ્તસ્ય** - વિનાશઃ + તસ્ય; **કશ્ચિદ્ દુર્ગતિં** - કશ્ચિત્ + દુર્ગતિં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **તસ્ય** - તે (પુરુષ)નો; **ન** - ન તો; **ઈહ** - આ લોકમાં; **વિનાશઃ** - વિનાશ; **વિદ્યતે** - થાય છે; (અને) **ન અમુત્ર** - ન તો પરલોકમાં; **એવ** - યે; **હિ** - કેમ કે; **તાત** - હે વહાલા; **કલ્યાણકૃત્** - આત્મોદ્ધાર માટે (ભગવત્પ્રાપ્તિ માટે કર્મ કરનાર); **કશ્ચિત્** - કોઈપણ પુરુષ; **દુર્ગતિં ન ગચ્છતિ** - દુર્ગતિ પામતો નથી;

**ભાવાર્થ :** હે પાર્થ ! તે પુરુષનો ન તો આ લોકમાં વિનાશ થાય છે અને ન તો પકલોકમાં યે; કેમ કે હે વહાલા, આત્મોદ્ધાર માટે (ભગવત્પ્રાપ્તિ) માટે કર્મ કરનાર કોઈપણ પુરુષ દુર્ગતિ પામતો નથી. (૪૦)

**પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતીઃ સમાઃ ।**
**શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ॥૪૧॥**

**સંધિવિગ્રહ : લોકાનુષિત્વા** - લોકાન્ + ઉષિત્વા; **યોગભ્રષ્ટોઽભિજાયતે** - યોગભ્રષ્ટઃ + અભિજાયતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગભ્રષ્ટઃ** - યોગભ્રષ્ટ પુરુષ; **પુણ્યકૃતાં** - પુણ્યશાળીઓનાં; **લોકાન્** - લોકોને (એટલે કે સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને); **પ્રાપ્ય** - પામીને; (ત્યાં) **શાશ્વતીઃ** - ઘણા; **સમાઃ** - વર્ષો સુધી; **ઉષિત્વા** - નિવાસ કર્યા પછી; **શુચીનાં** - શુદ્ધ આચરણવાળા; **શ્રીમતાં** - શ્રીમાનોનાં; **ગેહે** - ઘરમાં; **અભિજાયતે** - જન્મ લે છે;

**ભાવાર્થ :** યોગભ્રષ્ટ પુરુષ પુણ્યશાળીઓનાં લોકોને (સ્વર્ગ વગેરે ઉત્તમ લોકોને) પામીને, ત્યાં ઘણાં વર્ષો સુધી નિવાસ કર્યા પછી શુદ્ધ આચરણવાળા શ્રીમાનોનાં ઘરમાં જન્મ લે છે. (૪૧)

**અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ ।**
**એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદીદશમ્ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : યોગિનામેવ** - યોગિનામ્ + એવ; **એતદ્ધિ** - એતત્ + હિ; **યદીદશં** - યત્ + ઈદશં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથવા** - અથવા તો (આ સિવાયના જે વૈરાગ્યવાન યોગભ્રષ્ટ હોય છે તેવા પુરુષોએ લોકોમાં ન જતાં); **શ્રીમતાં યોગિનાં** - જ્ઞાનવાન યોગીઓનાં; **એવ** - જ; **કુલે** - કુલમાં; **ભવતિ** - જન્મ લે છે (પરંતુ); **ઈદશં** - આ પ્રકારનો; **યત્** - જે; **એતત્** - આ; **જન્મ** - જન્મ લે છે; (તે) **લોકે** - આ સંસારમાં; **હિ** - ખરેખર; **દુર્લભતરં** - અત્યંત દુર્લભ છે;

**ભાવાર્થ :** અથવા તો આ સિવાયના જે વૈરાગ્યવાન યોગભ્રષ્ટ હોય છે તેવા પુરુષોએ લોકોમાં ન જતાં જ્ઞાનવાન યોગીઓનાં જ કુલમાં જન્મ લે છે પરંતુ આ પ્રકારનો જે આ જન્મ છે તે સંસારમાં ખરેખર અત્યંત દુર્લભ છે. (૪૨)

**તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદેહિકમ્ ।**
**યતતે ત તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનન્દન ॥૪૩॥**

**સંધિવિગ્રહ : તતો ભૂયઃ** - તતઃ + ભૂયઃ

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્ર** - ત્યાં; **તં** - તે; **પૌર્વદેહિકં** - પૂર્વ જન્મનાં શરીરમાં સંઘરેલાનું; **બુદ્ધિસંયોગં** - બુદ્ધિસંયોગને; (સમબુદ્ધિસ્વરૂપ યોગના સંસ્કારોને અનાયાસે જ) **લભતે** - પામે છે; **ચ** - અને; **કુરુનંદન** - હે કુરુનંદન; **તતઃ** - તેના પ્રભાવથી તે; **ભૂયઃ** - ફરીથી; **સંસિદ્ધૌ** - પરમાત્માની પ્રાપ્તિ રૂપી સિદ્ધિ માટે પહેલાં કરતાં પણ વધારે; **યતતે** - પ્રયત્ન કરે છે;

**ભાવાર્થ :** ત્યાં તે પૂર્વ જન્મનાં શરીરમાં સંઘરેલા બુદ્ધિયોગને (સમબુદ્ધિસ્વરૂપ યોગના સંસ્કારોને અનાયાસે જ પામે છે) અને હે કુરુનંદન ! તેના પ્રભાવથી ફરીથી પરમાત્માની પ્રાપ્તિરૂપી સિદ્ધિ માટે પહેલાં કરતાં પણ વધારે પ્રયત્ન કરે છે. (૪૩)

**પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે વિશોઽપિ સઃ ।**
**જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ॥૪૪॥**

**સંધિવિગ્રહ : તેનૈવ** - તેન + એવ; **હ્યવશોઽપિ** - હિ + અવશઃ + અપિ; **જિજ્ઞાસુરપિ** - જિજ્ઞાસુઃ + અપિ; **શબ્દબ્રહ્માતિવર્તતે** - શબ્દબ્રહ્મ + અતિવર્તતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તથા) **સઃ** - તે (શ્રીમાનોના ઘરમાં જન્મ લેનાર યોગભ્રષ્ટ છે); **અવશઃ** - પરાધીન હોવા; **અપિ** - છતાં પણ; **તેન** - તે; **પૂર્વાભ્યાસેન** - પૂર્વજન્મના અભ્યાસના બળે; **એવ** - જ; **હિ** - નિઃસંદેહ; (ભગવાન પ્રત્યે); **હ્રિયતે** - આકર્ષાય છે (અને); **યોગસ્ય** - સમબુદ્ધિ સ્વરૂપ યોગનો; **જિજ્ઞાસુઃ અપિ** - જિજ્ઞાસુ પણ; **શબ્દબ્રહ્મ** - વેદમાં કહેલાં સકામ કર્મોના ફળને; **અતિવર્તતે** - ઓળંગી જાય છે;

**ભાવાર્થ** - તથા તે શ્રીમાનોના ઘરમાં જન્મ લેનાર યોગભ્રષ્ટ છે તે પરાધીન હોવા છતાં પણ તે પૂર્વજન્મનાં અભ્યાસનાં બળે જ નિઃસંદેહ ભગવાન પ્રત્યે આકર્ષાય છે અને સમબુદ્ધિ સ્વરૂપ યોગનો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલાં સકામ કર્મોનાં ફળને ઓળંગી જાય છે. (૪૪)

**પ્રયત્નાદ્યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ ।**
**અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૪૫॥**

**સંધિવિગ્રહ : પ્રયત્નાદ્યતમાનસ્તુ** - પ્રયત્નાત્ + યતમાનઃ + તુ; **અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ** - અનેકજન્મસંસિદ્ધઃ + તતઃ + યાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **પ્રયત્નાત્** - પ્રયત્નપૂર્વક; **યતમાનઃ** - અભ્યાસ કરનાર; **યોગી** - યોગી (તો); **અનેકજન્મસંસિદ્ધઃ** - પાછલા અનેક જન્મોના સંસ્કારબળે આ જન્મે જ સંસિદ્ધ થઈને; **સંશુદ્ધકિલ્બિષ** - તમામ પાપોથી રહિત થયા; **તતઃ** - પછી (તરત જ); **પરાં ગતિં** - પરમ ગતિ; **યાતિ** - પામે છે;

**ભાવાર્થ :** પરંતુ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરનાર યોગી તો પાછલા અનેક જન્મોના સંસ્કારબળે આ જન્મે જ સંસિદ્ધ થઈને તમામ પાપોથી રહિત થયા પછી તરત જ પરમ ગતિ પામે છે. (૪૫)

**તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ ।**
**કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુન ॥૪૬॥**

**સંધિવિગ્રહ : તપસ્વિભ્યોઽધિકો યોગી** - તપસ્વિભ્યઃ + અધિકઃ + યોગી; **જ્ઞાનિભ્યોઽપિ** - જ્ઞાનિભ્યઃ + અપિ; **મતોઽધિકઃ** - મતઃ + અધિકઃ; **કર્મિભ્યશ્ચાધિકો યોગી** - કર્મિભ્યઃ + ચ + અધિકઃ + યોગી; **તસ્માદ્યોગી** - તસ્માત્ + યોગી; **ભવાર્જુન** - ભવ + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કેમ કે) **યોગી** - યોગી; **તપસ્વિભ્યઃ અધિક** - તપસ્વીઓ કરતાં પણ અધિક (શ્રેષ્ઠ) છે; **જ્ઞાનિભ્ય અપિ** - શાસ્ત્ર જાણનારાઓથી (પણ); **અધિકઃ મતઃ** - શ્રેષ્ઠ

મનાયો છે; **ચ** - અને; **કર્મિભ્ય** - સકામ કર્મ કરનારાઓથીય; **અધિકઃ** - શ્રેષ્ઠ છે; **તસ્માત્** - તેથી; **અર્જુન** - હે અર્જુન; **યોગી ભવ** - તું યોગી થા;

**ભાવાર્થ :** કેમ કે યોગી તપસ્વીઓ કરતાં પણ શ્રેષ્ઠ છે, શાસ્ત્ર જાણનારાઓથી પણ શ્રેષ્ઠ મનાયો છે અને સકામ કર્મ કરનારાઓથી પણ શ્રેષ્ઠ છે, તેથી હે અર્જુન ! તું યોગી થા. (૪૬)

**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥૪૭॥**

**સંધિવિગ્રહ : યોગિનામપિ** - યોગિનામ્ + અપિ; **મદ્ગતેનાન્તરાત્મના** - મદ્ગતેન + અંતરાત્મના; **શ્રદ્ધાવાન્ભજતે** - શ્રદ્ધાવાન્ + ભજતે; **યો માં** - યઃ + માં; **સ મે** - સઃ + મે; **યુક્તતમો મતઃ** - યુક્તતમઃ + મતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વેષાં યોગિનામ્ અપિ** - તમામ યોગીઓમાં પણ; **યઃ** - જે; **શ્રદ્ધાવાન્** - શ્રદ્ધાવાન યોગી; **મદ્ગતેન અંતરાત્મના** - મારામાં જોડાયેલા અંતરઆત્માથી; **માં** - મને (નિરંતર); **ભજતે** - ભજે છે; **સઃ** - તે (યોગી); **મે** - મને; **યુક્તતમઃ મતઃ** - સૌથી શ્રેષ્ઠ માન્ય છે;

**ભાવાર્થ :** તમામ યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાળો યોગી

મારામાં જોડાયેલા અંતરાત્માથી મને નિરંતર ભજે છે તે યોગી મને સૌથી શ્રેષ્ઠ માન્ય છે. (૪૭)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**આત્મસંયમયોગો નામ ષષઠોડધ્યાયઃ ॥૬॥**

**॥ આત્મસંયમયોગ નામનો છઠ્ઠો**
**અધ્યાય સમાપ્ત ॥**

•

# સપ્તમ અધ્યાય (સાતમો અધ્યાય)

## જ્ઞાનવિજ્ઞાન યોગ

**અથ સપ્તમોઽધ્યાય ।** અથઃ સપ્તમઃ + અધ્યાય

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**મય્યાસકતમનાઃ પાર્થ યોગં યુંજન્મદાશ્રયઃ ।**
**અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ ॥૧॥**

**સંધિવિગ્રહ : મય્યાસકતમનાઃ** - મયિ + આસક્તમનાઃ; **યુઞ્જન્મદાશ્રયઃ** - યુંજન્ + મત્ + આશ્રય; **તચ્છૃણ** - તત્ + શ્રુણુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **મયિ આસક્તમનાઃ** - અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર; (તથા અનન્ય ભાવથી); **મદાશ્રયઃ** - મારામાં પરાયણ થઈને; **યોગં યુઞ્જન્** - યોગમાં જોડાયેલો (તું); **યથા** - જે પ્રકારે; **સમગ્રં** - સમગ્ર વિભૂતિ, બળ, ઐશ્વર્ય વગેરે ગુણો સહિત સૌના આત્મારૂપ; **માં** - મને; **અસંશયં** - (જરા પણ) સંશય કર્યા વિના; **જ્ઞાસ્યસિ** - જાણશે; **તત્** - તે; **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** હે પાર્થ ! અનન્ય પ્રેમથી મારામાં ચિત્તને પરોવનાર તથા અનન્ય ભાવથી મારામાં પરાયણ થઈને યોગમાં જોડાયેલો તું જે પ્રકારે સમગ્ર વિભૂતિ, બળ, ઐશ્વર્ય વગેરે ગુણો સહિત સૌના આત્મારૂપ મને જરા પણ સંશય કર્યા વિના

જાણશે તે સાંભળ. (૧)

**જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ ।**
**યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે ॥૨॥**

**સંધિવિગ્રહ : તેઽહં** - તે + અહં; **સવિજ્ઞાનમિદં** - સવિજ્ઞાનમ્ + ઈદં; **વક્ષ્યામ્યશેષતઃ** - વક્ષ્યામિ + અશેષતઃ; **યજ્જ્ઞાત્વા** - યત્ + જ્ઞાત્વા; **નેહ** - ન + ઈહ; **ભૂયોઽન્યજ્જ્ઞાતવ્યમવશિષ્યતે** - ભૂયઃ + અન્યત્ + જ્ઞાતવ્યં + અવશિષ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **તે** - તારે માટે; **ઈદં** - આ; **સવિજ્ઞાનં** - વિજ્ઞાનસહિત; **જ્ઞાનં** - તત્ત્વજ્ઞાન; **અશેષતઃ** - સંપૂર્ણ રીતે; **વક્ષ્યામિ** - કહીશ; **યં જ્ઞાત્વા** - જે જાણીને; **ઈહ** - સંસારમાં; **ભૂયઃ** - ફરી; **અન્યત્** - બીજું કશું પણ; **જ્ઞાતવ્યં** - જાણવા લાયક; **ન અવશિષ્યતે** - (કશું) બાકી રહેશે નહીં;

**ભાવાર્થ :** હું તારે માટે આ વિજ્ઞાનસહિત તત્ત્વજ્ઞાન સંપૂર્ણ રીતે કહીશ જે જાણીને સંસારમાં ફરી બીજું કશું પણ જાણવા લાયક કંઈ પણ બાકી રહેશે નહીં. (૨)

**મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।**
**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ ॥૩॥**

**સંધિવિગ્રહ : કશ્ચિદ્યતતિ** - કશ્ચિત્ + યતતિ; **યતતામપિ** -

યતતામ્ + અપિ; **કશ્ચિન્માં** - કશ્ચિત્ + મામ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સહસ્રેષુ મનુષ્યાણાં** - હજારો માણસોમાંથી; **કશ્ચિત્** - કોઈ જ; **સિદ્ધયે** - મને પામવા માટે; **યતતિ** - પ્રયત્ન કરે છે; **યતતાં** - યત્ન કરનાર; **સિદ્ધાનાં** - યોગીઓમાં; **અપિ** - પણ; **કશ્ચિત્** - કોઈક એક (જ) મારામાં પરાયણ થઈને; **માં** - મને; **તત્ત્વતઃ** - તત્ત્વથી (યથાર્થ રૂપે); **વેત્તિ** - જાણે છે;

**ભાવાર્થ :** હજારો માણસોમાંથી કોઈક જ મને પામવા માટે પ્રયત્ન કરે છે, પ્રયત્ન કરનાર યોગીઓમાંથી પણ કોઈક એક જ મારામાં પરાયણ થઈને મને તત્ત્વથી યથાર્થ રૂપે જાણે છે. (૩)

**ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।**
**અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરાષ્ટધા ॥૪॥**

**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।**
**જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્ ॥૫॥**

**સંધિવિગ્રહ : ભૂમિરાપોઽનલો વાયુઃ** - ભૂમિઃ + આપઃ + અનલઃ + વાયુઃ; **મનો બુદ્ધિરેવ** - મનઃ + બુદ્ધિઃ + એવ; **અહંકાર ઈતીયં** - અહંકારઃ + ઈતિ + ઈયં; (**ઈતીયં** - ઈતિ + ઈયં); **પ્રકૃતિરષ્ટધા** - પ્રકૃતિઃ + અષ્ટધા; **અપરેયમિતસ્ત્વન્યાં** - અપરા + ઈયં + ઈતઃ + અન્યાં; **યયેદં** - યયા + ઈદં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પરંતુ હે અર્જુન); **ભૂમિ** - પૃથ્વી; **આપઃ** - જળ; **અનલઃ** - અગ્નિ; **વાયુઃ** - વાયુ (પવન); **ખં** - આકાશ; **મનઃ** - મન; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **ચ** - અને; **અહંકારઃ** - અહંકાર; **એવ** - પણ; **ઈતિ** - આ પ્રકારે; **ઈયં** - આ; **અષ્ટધા** - આઠ પ્રકારો; **ભિન્નાઃ** - વિભાગ પામેલી; **મે** - મારી; **પ્રકૃતિઃ** - પ્રકૃતિ છે; **ઈયં** - આ (આઠ પ્રકારના વિભાગોવાળી); **તુ** - તો; **અપરા** - અપરા (મારી જડ પ્રકૃતિ છે); (અને); **મહાબાહો** - હે મહાબાહુ; **ઈતિ** - એનાથી; **ઈદં** - આ (સમગ્ર); **જગત્** - જગત; **ધાર્યતે** - ધારણ કરાય છે; (એને); **મે** - મારી; **જીવભૂતાં** - જીવરૂપાં; **પરાં** - પરા (ચેતન પ્રકૃતિ); **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** (પરંતુ હે અર્જુન !) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર પણ, આ આઠ પ્રકારે વિભાગ પામેલી મારી પ્રકૃતિ છે; આ આઠ પ્રકારના વિભાગોવાળી તો અપરા (મારી જડ પ્રકૃતિ છે); હે મહાબાહુ ! એનાથી આ સમગ્ર જગત્ ધારણ કરાય છે; એને મારી જીવરૂપા પરા (ચેતન પ્રકૃતિ) જાણ. (૪) (૫)

**એતોદ્યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય ।**
**અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ॥૬॥**

**સંધિવિગ્રહ : એતોદ્યોનીનિ** - એતત્ + યોનીનિ; **સર્વાણીત્યુપધારય** - સર્વાણિ + ઈતિ + ઉપધારય;

**પ્રલયસ્તથા** - પ્રલયઃ + તથા;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે અર્જુન ! તું); **ઈતિ** - એમ; **ઉપધારય** - સમજ (કે); **સર્વાણિ ભૂતાનિ** - તમામ જીવો; **એતત્** - આ; **યોનીનિ** - બન્ને પ્રકૃતિઓમાંથી ઉત્પન્ન થનારા છે (અને); **અહં** - હું; **કૃત્સ્નસ્ય જગત** - સમગ્ર જગતનો; **પ્રભવ** - પ્રભવ (જન્મ); **તથા** - તેમ જ; **પ્રલયઃ** - પ્રલય છું (સમગ્ર જગતનું મૂળ કારણ છું);

**ભાવાર્થ :** હે અર્જુન ! તું એમ સમજ કે તમામ જીવો આ બન્ને પ્રકૃતિઓમાંથી ઉત્પન્ન થનારા છે અને હું (આ) સમગ્ર જગતનો પ્રભવ તેમજ પ્રલય છું. (સમગ્ર જગતનું મૂળ કારણ પણ હું જ છું). (૬)

**મત્તઃ પરતરં નાન્યત્કિંચિદસ્તિ ધનંજય ।**
**મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ ॥૭॥**

**સંધિવિગ્રહ : નાન્યત્કિંચિદસ્તિ** - ન + અન્યત્ + કિંચિત્ + અસ્તિ; **સર્વમિદં** - સર્વમ્ + ઈદમ્; **મણિગણા ઈવ** - મણિગણાઃ + ઈવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (આથી) **ધનંજય** - હે ધનંજય; **મત્ત** - મારા (સિવાય); **અન્યત્** - બીજું; **કિંચિત્** - કાંઈ પણ; **પરપરં** - પરમ (કારણ); **ન** - નથી; **ઈદં સર્વં** - આ સમગ્ર (જગત); **સૂત્રે** - દોરામાં; **મણિગણાઃ ઈવ** - મણિઓની જેમ; **મયિ** -

મારામાં; **પ્રોતં** - પરોવાયેલું (ગૂંથાયેલું) છે;

**ભાવાર્થ :** આથી હે ધનંજય ! મારા સિવાય બીજું કાંઈ પણ પરમ કારણ નથી; આ સમગ્ર જગત દોરામાં મણિઓની જેમ મારામાં ગૂંણાયેલું છે. (૭)

**રસોઽહમપ્સુ કૌન્તેય પ્રભાસ્મિ શશિસૂર્યયોઃ ।**
**પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ ॥૮॥**

**સંધિવિગ્રહ : રસોઽહમપ્સુ** - રસઃ + અહં + અપ્સુ; **પ્રભાસ્મિ** - પ્રભા + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે કૌંતેય; **અહં** - હું; **અપ્સુ** - જળમાં; **રસઃ** - રસ છું; **શશિસૂર્યયોઃ** - ચંદ્ર અને સૂર્યમાં; **પ્રભા અસ્મિ** - પ્રકાશ છું; **સર્વવેદેષુ** - સર્વ વેદોમાં; **પ્રણવઃ** - પ્રણવ (ઓમ્‌કાર) (છું); **ખે** - આકાશમાં; **શબ્દઃ** - શબ્દ (અને); **નૃષુ** - પુરુષોમાં; **પૌરુષં** - પુરુષત્વ છું;

**ભાવાર્થ :** હે કૌંતેય, હું જળમાં રસ, ચંદ્ર અને સૂર્યમાં પ્રકાશ, સર્વ વેદોમાં ઓમ્‌કાર, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્વ છું. (૮)

**પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ ।**
**જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥૯॥**

**સંધિવિગ્રહ : પુણ્યો ગન્ધઃ** - પુણ્યઃ + ગન્ધઃ; **તેજશ્ચાસ્મિ**

- તેજઃ + ચ + અસ્મિ; **તપશ્ચાસ્મિ** - તપઃ + ચ + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમ જ હું); **પૃથિવ્યાં** - પૃથ્વીમાં; **પુણ્યઃ** - પવિત્ર; **ગંધ** - ગંધ (છું); **ચ** - અને; **વિભાવસૌ** - અગ્નિમાં; **તેજશ્ચાસ્મિ** - તેજ છું; **ચ** - અને; **સર્વભૂતેષુ** - સર્વ પ્રાણીઓમાં; **જીવનં** - તેમનું જીવન છું; **ચ** - અને; **તપસ્વિષુ** - તપસ્વીઓમાં; **તપઃ** - તપ; **અસ્મિ** - છું;

**ભાવાર્થ :** તેમજ પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ છું; અને સર્વ પ્રાણીઓમાં તેમનું જીવન છું અને તપસ્વીઓમાં તપ છું. (૯)

**બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્ ।**
**બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિનાહમ્ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ** - બુદ્ધિઃ + બુદ્ધિમતાં + અસ્મિ; **તેજસ્તેજસ્વિનાહમ્** - તેજઃ + તેજસ્વિનાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ (તું); **સર્વભૂતાનાં** - સમગ્ર જીવોનું; **સનાતનં બીજં** - સનાતન બીજ; **માં** - મને (જ); **વિદ્ધિ** - જાણ; **અહં** - હું; **બુદ્ધિમતાં** - બુદ્ધિશાળીઓની; **બુદ્ધિઃ** - બુદ્ધિ (અને); **તેજસ્વિનાં** - તેજસ્વીઓનું; **તેજઃ** - તેજ; **અસ્મિ** - છું;

**ભાવાર્થ :** હે પાર્થ ! તું સમગ્ર જીવોનું સનાતન બીજ મને જ જાણ; હું બુદ્ધિશાળીઓની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ છું. (૧૦)

**બલં બલવતાં ચાહં કામરાગવિવર્જિતમ્ ।**
**ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : ચાહં** - ચ + અહં; (**ધર્માવિરુદ્ધેષુ** - ધર્મ + અવિરુદ્ધેષુ); **કામોઽસ્મિ** - કામઃ + અસ્મિ; (**ભરતર્ષભ** - ભરત + ઋષભ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ; **અહં** - હું; **બલવતાં** - બળવાનોનું; **કામરાગવિવર્જિતં** - કામના અને આસક્તિ વિનાનું; **બલં** - બળ છું; **ચ** - અને; **ભૂતેષુ** - (સર્વ) પ્રાણીઓમાં; **ધર્માવિરુદ્ધઃ** - ધર્મ (શાસ્ત્ર)ને અનુકૂલ; **કામઃ અસ્મિ** - કામ છું;

**ભાવાર્થ :** હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ ! હું બળવાનોનું કામના અને આસક્તિ વિનાનું બળ છું અને સર્વ પ્રાણીઓમાં ધર્મ (શાસ્ત્ર)ને અનુકૂલ કામ છું. (૧૧)

**યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ યે ।**
**મત્ત એવેતિ તાન્વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ; **સાત્ત્વિકા ભાવા રાજસાસ્તામસાશ્ચ** - સાત્ત્વિકાઃ + ભાવાઃ + રાજસાઃ + તામસાઃ + ચ; **મત્તએવેતિ** - મત્તઃ + એવ + ઈતિ; **તાન્વિદ્ધિ** - તાન્ + વિદ્ધિ; **ત્વહં** - તુ + અહં;

**ભાવાર્થ, અન્વાયર્થ : ચ** - અને; **એમ** - વળી; **યે** - જે; **સાત્ત્વિકાઃ ભાવાઃ** - સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થતા ભાવો; (અને) **યે** - જે; **રાજસા** - રજોગુણમાંથી; **ચ** - અને; **તામસાઃ** - તમોગુણમાંથી (ઉત્પન્ન) થતા ભાવો (છે); **તાન્** - તે બધાને (તું); **મત્તઃ** - મારાથી જ (થનારા) (છે); **ઈતિ** - એમ; **વિદ્ધિ** - જાણ; **તુ** - પરંતુ; **તેષુ** - (વાસ્તવમાં); **તેષુ** - તેમનામાં; **અહં** - હું (અને); **તે** - તેઓ; **મયિ** - મારામાં; **ન** - નથી;

**ભાવાર્થ :** અને વળી જ સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થતા ભાવો અને જે રજોગુણમાંથી અને તમોગુણમાંથી ઉત્પન્ન થતા ભાવો છે તે બધાને તું મારાથી જ થનારા છે એમ જાણ, પરંતુ વાસ્તવમાં તેમનામાં હું અને તેઓ મારામાં નથી. (૧૨)

**ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિઃ સર્વમિદં જગત્ ।**
**મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિઃ** - ત્રિભિઃ + ગુણમયૈઃ + ભાવૈઃ + એભિઃ; **સર્વમિદં** - સર્વ + ઈદં; **નાભિજાનાતિ** - ન + અભિજાનાતિ; **મામેભ્યઃ** - માં + એભ્યઃ **પરમવ્યયમ્** - પરં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ગુણમયૈઃ** - ગુણોના કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ; **એભિઃ** - (એવા) આ; **ત્રિભિઃ** - ત્રણેય પ્રકારના; **ભાવૈઃ** - ભાવોથી; **ઈદં** - આ; **સર્વ** - સઘળાં;

**જગત્** - સંસાર (પ્રાણી સમુદાય); **મોહિતં** - મોહ પામી રહ્યો છે (તેથી); **એભ્યઃ** - આ (ત્રણે ગુણોથી); **પરં** - પર; (એવા); **માં** - મુજ; **અવ્યયં** - અવિનાશીને; **અતિજાનાતિ** - ઓળખતો નથી;

**ભાવાર્થ :** ગુણોના કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ અને તામસ એવા આ ત્રણેય પ્રકારના ભાવોથી આ સઘળો સંસાર – પ્રાણી સમુદાય મોહ પામી રહ્યો છે (તેથી) આ ત્રણે ગુણોથી પર એવા મને અવિનાશીને ઓળખતો નથી. (૧૩)

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : હ્યેષા** - હિ + એષા; **મામેવ** - માં + એવ; **માયામેતાં** - માયાં + એતાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **એષા** - આ; **દૈવી** - અલૌકિક (અતિ અદ્ભુત); **ગુણમયી** - ત્રણ ગુણવાળી; (ત્રિગુણમયી); **મમ** - મારી; **માયા** - માયા; **દુરત્યયા** - પાર કરવી અત્યંત કઠીન છે (પરંતુ); **યે** - જે પુરુષ (કેવલ); **માં** - મને; **એવ** - જ; (નિરંતર) **પ્રપદ્યન્તે** - ભજે છે; **તે** - તેઓ; **એતાં** - આ; **માયાં** - માયાને; **તરન્તિ** - પાર કરી જાય છે; (સંસારસાગર તરી જાય છે);

**ભાવાર્થ :** કેમ કે આ અલૌકિક (અતિ અદ્ભુત) ત્રિગુણમયી મારી માયા પાર કરવી અત્યંત કઠિન છે, પરંતુ જે પુરુષ

કેવલ મને જ ભજે છે તેઓ આ માયાને પાર કરી જાય છે; (સંસારસાગર તરી જાય છે). (૧૪)

**ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ ।**
**માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમાશ્રિતાઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : દુષ્કૃતિનો મૂઢાઃ** - દુષ્કૃતિનઃ + મૂઢાઃ; (**નરાધમઃ** - નર + અધમઃ); **માયયાપહૃતજ્ઞાના આસુરં** - માયયા + અપહૃતજ્ઞાનાઃ + આસુરં; **ભાવમાશ્રિતાઃ** - ભાવં + આશ્રિતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (આવો સરળ ઉપાય હોવા છતાં); **માયયા** - માયાથી; **અપહૃતજ્ઞાનાઃ** - જેમનું જ્ઞાન હરાયેલું છે (એવા); **આસુરં ભાવં** - આસુરી સ્વભાવને; **આશ્રિતાઃ** - ધારણ કરનાર; **નરાધમાઃ** - મનુષ્યોમાં અધમ (નીચ); **દુષ્કૃતિનઃ** - દૂષિત કર્મ કરનાર; **મૂઢાઃ** - મૂઢ (મનુષ્યો); **માં** - મને; **ન પ્રપદ્યન્તે** - ભજતા નથી;

**ભાવાર્થ :** (આવો સરળ ઉપાય હોવા છતાં) માયાથી જેમનું જ્ઞાન હરાયેલું છે એવા આસુરી સ્વભાવવાળા મનુષ્યોમાં અધમ દૂષિત કર્મ કરનાર મૂઢ મનુષ્યો મને ભજતા નથી. (૧૫)

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન ।**
**આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : ચતુર્વિધા ભજન્તે** - ચતુર્વિધાઃ + ભજન્તે;

**સુકૃતિનોડર્જુન** - સુકૃતિનઃ + અર્જુન; **આર્તો જિજ્ઞાસુરર્થાર્થી** - આર્તઃ + જિજ્ઞાસુઃ + અર્થાર્થી; (**ભરતર્ષભ** - ભરત + ઋષભ); (**ચતુર્વિધ** - ચતુઃ + વિધ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે ભરતવંશમાં શ્રેષ્ઠ; **અર્જુન** - અર્જુન; **સુકૃતિનઃ** - ઉત્તમ કર્મ કરનાર; **અર્થાર્થી** - ધનાર્થી (દુન્યવી પદાર્થો માટે ભજનાર); **આર્તઃ** - આર્ત (સંકટ હરવા માટે ભજનાર); **ચ** - અને; જ્ઞાની (એવા); **ચતુર્વિધાઃ** - ચાર પ્રકારના; **જનાઃ** - (ભક્ત) જનો; **માં** - મને; **ભજન્તે** - ભજે છે;

**ભાવાર્થ :** હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન ! ઉત્તમ કર્મ કરનાર, આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તજનો મને ભજે છે. (૧૬)

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।**
**પ્રિયો હિ જ્ઞાનિનોડત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે** - નિત્યયુક્તઃ + એકભક્તિઃ + વિશિષ્યતે; **પ્રિયો હિ** - પ્રિયઃ + હિ; **જ્ઞાનિનોડત્યર્થમહં** - જ્ઞાનિનઃ + ઇતિ + અર્થ + અહં; **સ ચ** - સઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તેષાં** - તેમનામાંથી; **નિત્યયુક્તઃ** - નિત્ય મારામાં એકાત્મભાવે સ્થિત; **એકભક્તિઃ** - અનન્ય

પ્રેમભક્તિવાળો; **જ્ઞાની** - જ્ઞાની ભક્ત; **વિશિષ્યતે** - ખૂબ જ શ્રેષ્ઠ છે; **હિ** - કેમ કે (મને તત્ત્વથી જાણનાર); **જ્ઞાનિનઃ** - જ્ઞાનીને; **અહં** - હું; **અત્યર્થ** - અત્યંત; **પ્રિયઃ** - પ્રિય છું; **ચ** - અને; **સઃ** - તે જ્ઞાની; **મમ** - મને; (અત્યંત) **પ્રિય** - પ્રિય છે;

**ભાવાર્થ :** તેમનામાંથી મારામાં નિત્ય એકાત્મભાવે સ્થિત અનન્ય પ્રેમભક્તિવાળો જ્ઞાની ભક્ત ખૂબ જ શ્રેષ્ઠ છે કેમ કે મને તત્ત્વથી જાણનાર જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે જ્ઞાની મને અત્યંત પ્રિય છે. (૧૭)

**ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ॥**
**આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : સર્વ એવૈતે** - સર્વે + એવ + એતે; **ત્વાત્મૈવ** - તુ + આત્મા + એતે; **સ હિ** - સઃ + હિ; (યુક્તાત્મા) **મામેવાનુત્તમાં** - માં + એવ + અનુત્તમાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એતે** - આ; **સર્વે** - સર્વે; **એવ** - જ; (ભક્તો); **ઉદારાઃ** - ઉદાર છે; **તુ** - છતાં; **જ્ઞાની** - જ્ઞાની (તો સાક્ષાત્); **આત્મા** - મારું સ્વરૂપ; **એવ** - જ (છે); (એવો); **મે મતં** - મારો મત છે; **હિ** - કેમ કે; **સઃ** - તે; **યુક્તાત્મા** - મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર (જ્ઞાની ભકત); **અનુત્તમાં** - અતિ ઉત્તમ; **ગતિં** - ગતિ સ્વરૂપમાં; **માં એવ** - (એવા) મારામાં જ; **આસ્થિતઃ** - સારી રીતે સ્થિત છે;

**ભાવાર્થ :** આ સર્વે જ ભક્તો ઉદાર છે છતાં પણ એ સૌમાં જ્ઞાની તો એ સાક્ષાત્ મારું સ્વરૂપ છે એવો મારો મત છે કેમ કે તે મારામાં જ મન તથા બુદ્ધિ રાખનાર જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિ સ્વરૂપ (એવા) મારામાં જ સારી રીતે સ્થિત છે. (૧૮)

**બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।**
**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : જન્મનામન્તે** - જન્મનાં + અન્તે; **જ્ઞાનવાન્માં** - જ્ઞાનવાન્ + માં; **સર્વમિતિ** - સર્વં + ઇતિ; **સ મહાત્મા** - સઃ મહાત્મા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : બહૂનાં** - ઘણા; **જન્મનાં** - જન્મોનાં; (પછીના); **અંતે** - અંતિમ જન્મમાં; **જ્ઞાનવાન્** - તત્ત્વજ્ઞાન પામેલો પુરુષ; **સર્વં** - સર્વ (કાંઈ); **વાસુદેવઃ** - વાસુદેવ જ છે; **ઈતિ** - તે (પ્રકારે) (તેવા ભાવે); **માં** - મને; **પ્રપદ્યતે** - ભજે છે; **સઃ** - તે; **મહાત્મા** - મહાત્મા; **સુદુર્લભઃ** - અત્યંત દુર્લભ છે;

**ભાવાર્થ :** ઘણા જન્મો પછીના અંતિમ જન્મમાં તત્ત્વજ્ઞાન પામેલો પુરુષ સર્વ કાંઈ વાસુદેવ જ છે તેવા ભાવે મને ભજે છે, તે મહાત્મા અત્યંત દુર્લભ છે. (૧૯)

**કામૈસ્તૈસ્તૈહતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેઽન્યદેવતાઃ ।**
**તં તં નિયમમાસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા ॥૨૦॥**

**સંધવિગ્રહ : કામેસ્તૈસ્તૈર્હતજ્ઞાનાઃ** - કામૈઃ + તૈઃ + તૈઃ

+ હૃતજ્ઞાના:; **પ્રપદ્યન્તેડન્યદેવતા:** - પ્રપદ્યન્તે + અન્યદેવતા:; **નિયમમાસ્થાય** - નિયમં + આસ્થાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તૈઃ તૈઃ** - તે તે (અમુક); **કામૈઃ** - ભોગોની કામના દ્વારા; **હૃતજ્ઞાનાઃ** - જેમનાં જ્ઞાન હરાઈ ચૂક્યાં છે તે મનુષ્યો; **સ્વયા** - પોતાના; **પ્રકૃત્યા** - સ્વભાવથી; **નિયતાઃ** - પ્રેરિત થઈને; **તં તં** - તે તે; **નિયમં** - નિયમ:; **આસ્થાય** - ધારણ કરીને; **અન્યદેવતાઃ** - અન્ય દેવતાઓને; **પ્રપદ્યન્તે :** ભજે છે;

**ભાવાર્થ :** તે તે ભોગોની કામના દ્વારા જેમનાં જ્ઞાન હરાઈ ચૂક્યાં છે તે મનુષ્યો પોતાના સ્વભાવથી પ્રેરિત થઈને તે તે નિયમ ધારણ કરીને અન્ય દેવતાઓને ભજે છે. (૨૦)

**યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ ।**
**તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : યો યો યાં યાં** - યઃ + યઃ + યાં; **શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ** - શ્રદ્ધયા + અર્ચિતું + ઈચ્છતિ; **તસ્યાચલાં** - તસ્ય + અચલાં; **તામેવ** - તાં + એવ; **વિદધામ્યહમ્** - વિધ્ધામિ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ યઃ** - જે જે; **ભક્તઃ** - (સકામ) ભક્ત; **યાં યાં** - જે જે; **તનું** - દેવતાઓનાં સ્વરૂપને; **શ્રદ્ધયા** - શ્રદ્ધાથી; **અર્ચિતું** - પૂજવા; **ઈચ્છતિ** - ઈચ્છે છે; **તસ્ય તસ્ય**

- તે તે (ભક્તની); **શ્રદ્ધાં** - શ્રદ્ધાને; **અહં** - હું; **તામ્ એવ** - તે જ દેવતા પ્રત્યે; **વિધ્ધામિ** - દૃઢ કરું છું;

**ભાવાર્થ :** જે જે ભક્ત - (સકામ ભક્ત) જે જે દેવતાઓનાં સ્વરૂપને શ્રદ્ધાથી પૂજવા ઈચ્છે છે તે તે ભક્તની શ્રદ્ધાને હું તે જ દેવતા પ્રત્યે દૃઢ કરું છું; (૨૧)

**સ તયા શ્રદ્ધયા યુક્તસ્તસ્યારાધનમીહતે ।**
**લભતે ચ તતઃ કામાન્મયૈવ વિહિતાન્હિ તાન્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : સઃ તયા** - સઃ + તયા; **યુક્તસ્તસ્યારાધનમીહતે** - યુક્તઃ + તસ્ય + આરાધનં + ઈહતે; **કામાન્મયૈવ** - કામાન્ + મયા + એવ; **વિહિતાન્હિ** - વિહિતાન્ + હિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સ** - તે પુરુષ; **તયા શ્રદ્ધયા** - તે શ્રદ્ધાથી; **યુક્તઃ** - યુક્ત થઈ; **તસ્ય** - તે દેવતાનું; **આરાધનં** - આરાધન (પૂજન); **ઈહતે** - કરે છે; **ચ** - અને; **તતઃ** - તે દેવતા પાસેથી; **મયા** - મારા દ્વારા; **એવ** - જ; **વિહિતાન્** - વિધાન કરેલા; **તાન્** - તે; **કામાન્** - ઈચ્છિત ભોગોને; **હિ** - નિઃસંદેહ; **લભતે** - પ્રાપ્ત કરે છે;

**ભાવાર્થ :** તે પુરુષ તે શ્રદ્ધાથી યુક્ત થઈ તે દેવતાનું પૂજન કરે છે અને તે દેવતા પાસેથી મારા દ્વારા જ વિધાન કરાયેલા તે ઈચ્છિત ભાગોને નિઃસંદેહ પ્રાપ્ત કરે છે. (૨૨)

**અન્તવત્તુ ફલં તેષાં તદ્ભવત્યલ્પમેધસામ્ ।**
**દેવાન્દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : અન્તવત્તુ** - અન્તાવત્ + તુ; **તદ્ભવત્યલ્પમેધસામ્** - તત્ + ભવતિ + અલ્પમેધસાં; **દેવાન્દેવયજો યાન્તિ** - દેવાન્ + દેવયજઃ + યાન્તિ; **મદ્ભક્તા યાન્તિ** - મદ્ભક્તાઃ + યાન્તિ; **મામપિ** - માં + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **તેમાં** – તે; **અલ્પમેધસાં** - અલ્પ બુદ્ધિવાળાઓનું; **તત્** - તે; **ફલં** - ફળ; **અન્તવત્** - નાશવંત; **ભવતિ** - છે (હોય છે); (તથા તે); **દેવરાજ** -દેવતાઓને પૂજનાર (પુરુષો); **દેવાન્** - (તે) દેવતાઓને; **યાન્તિ** - પામે છે; (અને); **મદ્ભક્તા :** મારા ભક્તો (ભલે ગમે તેમ મને ભજે છતાં અંતે તો); **માં** - મને (જ); **યાન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** પરંતુ તે અલ્પ બુદ્ધિવાળાઓનું તુ ફળ નાશવંત હોય છે તથા તે દેવતાઓને પૂજનારા તે દેવતાઓને પામે છે અને મારા ભક્તો ગમે તેમ મને ભજે તો પણ અંતે તો મને જ પામે છે. (૨૩)

**અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામબુદ્ધયઃ ।**
**પરં ભાવમજાનન્તો મમાવ્યયમનુત્તમમ્ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : વ્યક્તિમાપન્નં** - વ્યક્તિ + આપન્નં; **મામબુદ્ધયઃ** - માં + અબુદ્ધયઃ; **ભાવમજાનન્તો**

**મમાવ્યયમનુત્તમમ્** - ભાવં + અજાનન્તઃ + મમ + અવ્યયં + અનુત્તમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અબુદ્ધયઃ** - બુદ્ધિ વગરના પુરુષ; **મમ** - મારા; **અનુત્તમં** - સર્વશ્રેષ્ઠ; **અવ્યયં** - અવિનાશી; **પરં** - પરમ; **ભાવં** - ભાવને; **અજાનન્તઃ** - નહીં જાણી (ઓળખી)ને; **અવ્યક્તં** - મન અને ઈન્દ્રિયોથી પર એવા મારા સચ્ચિદાનંદઘન; **માં** - પરમાત્માને મનુષ્યની માફક જન્મ લઈને; **વ્યક્તિં** - વ્યક્તિભાવને; **આપન્નં** - પામનાર; **મન્યન્તે** - માને છે;

**ભાવાર્થ :** બુદ્ધિ વગરના પુરુષ મારા સર્વશ્રેષ્ઠ અવિનાશી અને પરમ ભાવને નહીં ઓળખીને મન અને ઈન્દ્રિયોથી પર એવા મારા સચ્ચિદાનંદઘન (મને) પરમાત્માને મનુષ્યની માફક જન્મ લઈને વ્યક્તિભાવ પામનાર માને છે. (૨૪)

**નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।**
**મૂઢોડયં નાભિજાનાતિ લોકો મામજમવ્યયમ્ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : નાહં** - ન + અહં; **મૂઢોડયં** - મૂઢઃ + અયં; **નાભિજાનાતિ** - ન + અભિજાનાતિ;**લોકો મામજમવ્યયમ્** - લોકઃ + માં + અજં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગમાયાસમાવૃતઃ** - પોતાની યોગમાયાથી ઢંકાયેલો; **અહં** - હું; **સર્વસ્ય** - સૌને; **પ્રકાશઃ** - પ્રત્યક્ષ; **ન** - નથી થતો; (તેથી); **અયં** - આ; **મૂઢ** - અજ્ઞાની;

**લોકઃ** - જનસમુદાય; **માં** - મને; **અજં** - જન્મરહિત (અજન્મા); **અવ્યયં** - અવિનાશી પરમેશ્વરને; **ન અભિજાનાતિ** - જાણતો નથી;

**ભાવાર્થ :** પોતાની યોગમાયાથી ઢંકાયેલો હું સૌને પ્રત્યક્ષ થતો નથી, તેથી આ અજ્ઞાની જનસમુદાય મને જન્મરહિત અવિનાશી પરમેશ્વરને જાણતો નથી. (૨૫)

**વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ।**
**ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન ॥૨૬॥**

**સંધિવિગ્રહ : વેદાહં** - વેદ + અહં; **ચાર્જુન** - ચ + અર્જુન; (**કશ્ચન** - કઃ + ચન);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **સમતીતાનિ** - આ પૂર્વે થઈ ગયેલા; **ચ** - અને; **વર્તમાનાનિ** - વર્તમાનમાં હાજર; **ચ** - અને; **ભવિષ્યાણિ** - ભવિષ્યમાં થનારા; **ભૂતાનિ** - (સર્વ) પ્રાણીઓને; **અહં** - હું; **વેદ** - જાણું છું; **તુ** - પરંતુ; **માં** - મને; **કશ્ચન** - કોઈપણ; (શ્રદ્ધાભક્તિરહિત માનવ); **ન વેદ** - જાણતો નથી;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ પૂર્વે થઈ ગયેલા અને વર્તમાનમાં હાજર અને ભવિષ્યમાં થનારા સર્વ પ્રાણીઓને હું જાણું છું પરંતુ મને કોઈપણ શ્રદ્ધાભક્તિરહિત માનવ જાણતો નથી. (૨૬)

**ઈચ્છાદ્વેષસમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત ।**
**સર્વભૂતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : સમ્મોહં** - સમ્ + મોહમ્

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભરતવંશી; **પરંતપ** - અર્જુન; **સર્ગે** - સંસારમાં; **ઈચ્છાદ્વેષસમુત્થેન** - ઈચ્છા અને દ્વેષમાંથી ઉદ્‌ભવેલા; **દ્વન્દ્વમોહેન** - સુખ દુઃખ વગેરે દ્વન્દ્વ રૂપ મોહથી; **સર્વભૂતાનિ** - બધાંય પ્રાણીઓ; **સમ્મોહં** - અતિશય અજ્ઞાન; **યાન્તિ** - પામી રહ્યા છે;

**ભાવાર્થ :** હે ભરતવંશી અર્જુન સંસારમાં ઈચ્છા અને દ્વેષમાંથી ઉદ્‌ભવેલા સુખ દુઃખ વગેરે દ્વન્દ્વ રૂપ મોહથી બધાંય પ્રાણીઓ (અજ્ઞતા) અજ્ઞાન પામી રહ્યા છે. (૨૭)

**યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।**
**તે દ્વન્દ્વમોહનિર્મુકતા ભજન્તે માં દઢવ્રતાઃ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : ત્વન્તગતં** - તુ + અન્તગતં; **નિર્મુક્તા ભજન્તે** - નિર્મુકતાઃ + ભજન્તે; (**નિર્મુકતા** - નિઃ + મુક્તાઃ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; (નિષ્કામ ભાવે); **પુણ્યકર્માણાં** - ઉત્તમ કર્મોનું આચરણ કરનારા; **યેષાં જનાનાં** - જે માનવોનું; **પાપં** - પાપ; **અન્તગતં** - નષ્ટ થઈ ચૂક્યું છે; **તે** - તે; **દ્વન્દ્વમોહનિર્મુકતાઃ** - રાગ અને દ્વેષમાંથી ઉદ્‌ભવતા દ્વન્દ્વરૂપ મોહથી મુક્ત થયેલા; **દઢવ્રતાઃ** - દઢ નિશ્ચયવાળા (ભક્ત); **માં** - મને (સર્વ પ્રકારે) **ભજન્તે** - ભજે છે;

**ભાવાર્થ :** પરંતુ ઉત્તમ કર્મોનું આચરણ કરનારા જે માનવોનું પાપ નષ્ટ થઈ ચૂક્યું છે તે રાગ અને દ્વેષમાંથી ઉદ્‌ભવતા

દ્વન્દ્વરૂપ મોહથી મુક્ત થયેલા દૃઢ નિશ્ચયવાળા ભક્ત મને સર્વ પ્રકારે ભજે છે. (૨૮)

**જરામરણમોક્ષાય મામાશ્રિત્ય યતન્તિ યે ।**
**તે બ્રહ્મ તદ્વિદુઃ કૃત્સ્નમધ્યાત્મં કર્મ ચાખિલમ્ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : મામાશ્રિત્ય** - માં + આશ્રિત્ય; **કૃત્સ્નમધ્યાત્મં** - કૃત્સ્નં + અધ્યાત્મં; **ચાખિલં** - ચ + અખિલં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : (જે)માં** - મારે; **આશ્રિત્ય** - (જે મારે) શરણે આવીને; **જરામરણમોક્ષાય** - જરા (ગઢપણ) અને મરણમાંથી છૂટવા માટે; **યતન્તિ** - પ્રયત્ન કરે છે; **તે** - તેઓ (તે માનવો); **તત્** - તે; **બ્રહ્મ** - બ્રહ્મને; **કૃત્સ્નં** - સમગ્ર; **અધ્યાત્મં** - અધ્યાત્મને; **ચ** - તેમજ; **અખિલં કર્મ** - સંપૂર્ણ કર્મને; **વિદુ** - ઓળખે છે;

**ભાવાર્થ :** જે મારે શરણે આવીને ઘડપણ અને મરણમાંથી છૂટવા માટે પ્રયત્ન કરે છે તે માનવો તે બ્રહ્મને સમગ્ર અધ્યાત્મને તેમજ સંપૂર્ણ કર્મને ઓળખે છે. (૨૯)

**સાધિભૂતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ ।**
**પ્રયાણકાલેઽપિ ચ માં તે વિદુર્યુક્તચેતસઃ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : સાધિભૂતાધિદૈવં** - સ + અધિભૂત + અધિદૈવં; **પ્રયાણકાલેઽપિ** - પ્રયાણકાલે + અપિ;

**વિદુર્યક્તચેતસઃ** - વિદુઃ + યુક્તચેતસઃ; **સાધિયજ્ઞં** - સ + અધિયજ્ઞં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે પુરુષો; **સાધિભૂતાધિદૈવં** - અધિભૂત અને અધિદૈવ સહિત; **ચ** - અને; **સાધિયજ્ઞં** - અધિયજ્ઞ સહિત; (સૌના આત્મારૂપી); **માં** - મને; **પ્રયાણકાલે અપિ** - અંતકાલે પણ; **વિદુઃ** - જાણે (ઓળખે) છે; **તે** - તે; **યુક્તચેતસઃ** - મારામાં ચિત્ત પરોવનારા પુરુષો; **માં** - મને; **ચ** - જ; **વિદુઃ** - જાણે (ઓળખે) છે;

**ભાવાર્થ :** જે પુરુષો અધિભૂત અને અધિદૈવ સહિત તેમજ અધિયજ્ઞ સહિત સૌના આત્મારૂપ એવા મને અંતકાલે પણ જાણે (ઓળખે) છે તે મારામાં ચિત્ત પરોવનારા પુરુષો મને જ ઓળખે (પામે) છે. (૩૦)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**જ્ઞાનવિજ્ઞાનયોગો નામ સપ્તમોઽધ્યાયઃ ॥૭॥**

**॥ જ્ઞાનવિજ્ઞાનયોગ નામનો સાતમો અધ્યાય સમાપ્ત ॥**

•

# અષ્ટમ અધ્યાય (આઠમો અધ્યાય)

## અક્ષરબ્રહ્મ યોગ

**અથ અષ્ટમોડધ્યાય ।** **અથ અષ્ટમઃ + અધ્યાય ।**

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા

**કિં તદ્‌બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।**
**અધિભૂતં ચ કિં પ્રોક્તમધિદૈવં કિમુચ્યતે ॥૧॥**

**સંધિવિગ્રહ : તદ્‌બ્રહ્મ** - તત્‌ + બ્રહ્મ; **કિમધ્યાત્મં** - કિં + અધ્યાત્મં; **પ્રોક્તમધિદૈવં** - પ્રોક્તં + અધિદૈવં; **કિમુચ્યતે** - કિં + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પુરુષોત્તમ** - હે પુરુષોત્તમ; **તત્‌ બ્રહ્મ** - તે બ્રહ્મ; **કિં** - શું છે; **અધ્યાત્મં કિં** - અધ્યાત્મ શું છે; **કર્મ કિં** - કર્મ શું છે; અધિભૂત (નામથી); **કિં પ્રોક્તં** - શું કહેવાયું છે; **ચ** - અને; **અધિદૈવ** - અધિદૈવ; **કિં ઉચ્યતે** - કોને કહે છે ?

**ભાવાર્થ :** હે પુરુષોત્તમ ! તે બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? અધિભૂત નામથી શું કહેવાયું છે અને અધિદૈવ કોને કહે છે ? (૧)

**અધિયજ્ઞઃ કથં કોડત્ર દેહેડસ્મિન્મધુસૂદન ।**
**પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોડસિ નિયતાત્મભિઃ ॥૨॥**

**સંધિવિગ્રહ : કોડત્ર** - કઃ + અત્ર; **દેહેડસ્મિન્મધુસૂદન**

- દેહે + અસ્મિન્ + મધુસૂદન; **જ્ઞેયોઽસિ** - જ્ઞેય + અસિ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : મધુસૂદન** - હે મધુસૂદન; **અત્ર** - અહીં (આ પ્રસંગે); **અધિયજ્ઞઃ** - અધિયજ્ઞ; **કઃ** - કોણ છે; (અને તે); **અસ્મિન્ દેહે** - આ શરીરમાં; **કથં** - કેવી રીતે છે; **ચ** - અને; **નિયતાત્મભિઃ** - આપનામાં ચિત્ત પરોવાયેલા પુરુષો દ્વારા; **પ્રયાણકાલે** - અંત સમયે (આપ); **કથં** - કેવી રીતે ? **જ્ઞેયઃ અસિ** - જાણવામાં (ઓળખી શકો છો);

**ભાવાર્થ :** હે મધુસૂદન ! આ પ્રસંગે અધિયજ્ઞ કોણ છે અને તે આ શરીરમાં કેવી રીતે છે ? અને આપનામાં ચિત્ત પરોવેલા પુરુષો દ્વારા અંત સમયે આપ કેવી રીતે જાણવામાં (ઓળખી) શકો છો ? (૨)

**અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે ।**
**ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ ॥૩॥**

**સંધિવિગ્રહ : સ્વભાવોઽધ્યાત્મમુચ્યતે** - સ્વભાવઃ + અધ્યાત્મં + ઉચ્યતે; **ભૂતભાવોદ્ભવકરો** - ભૂતભાવ + ઉદ્ભવકરઃ; **ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ** - ભૂતભાવોદ્ભવકરઃ + વિસર્ગઃ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : પરમં** - પરમ; **અક્ષરં** - અક્ષર; **બ્રહ્મ** - બ્રહ્મ છે; **સ્વભાવઃ** - પોતાનું સ્વરૂપ (જીવાત્મા); **અધ્યાત્મં** - અધ્યાત્મ (નામથી); **ઉચ્યતે** - કહેવાય છે (તથા)

**ભૂતભાવોદ્‌ભવકરઃ** - (સકળ ચરાચર) પ્રાણીઓનાં ઉદ્‌ભવ તેમજ અભ્યુદય કરાવનાર જે; **વિસર્ગઃ** - વિસર્ગ (ત્યાગ) છે (તે); **કર્મસંજ્ઞિતઃ** - કર્મ નામે કહેવાયો (ઓળખાયો) છે;

**ભાવાર્થ, :** પરમ અક્ષર બ્રહ્મ છે; પોતાનું સ્વરૂપ (જીવાત્મા) અધ્યાત્મ નામથી કહેવાય છે તથા સકળ ચરાચર પ્રાણીઓના ઉદ્‌ભવ તેમજ અભ્યુદય કરાવનાર જે વિસર્ગ (ત્યાગ) છે તે કર્મ નામે ઓળખાયો છે. (૩)

**અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।**
**અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ॥૪॥**

**સંધિવિગ્રહ : ક્ષરો ભાવઃ** - ક્ષરઃ + ભાવઃ; **પુરુષશ્ચાધિદૈવતમ્** - પુરુષઃ + ચ + અધિદૈવતં; **અધિયજ્ઞોઽહમેવાત્ર** - અધિયજ્ઞઃ + અહં + એવ + અત્ર;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ક્ષરઃભાવઃ** - ઉત્પત્તિ; વિનાશશીલ સર્વ પદાર્થ; **અધિભૂતં** - અધિભૂત છે; **પુરુષઃ** - (હિરણ્યમય) પુરુષ; **અધિદૈવતં** - અધિદેવ છે; **ચ** - અને; **દેહભૃતાં** - દેહધારીઓમાં; **વર** - શ્રેષ્ઠ (અર્જુન); **અત્ર** - આ; **દેહે** - શરીરમાં; **અહં** - હું (વાસુદેવ); **એવ** - જ; (અન્તર્યામી સ્વરૂપે); **અધિયજ્ઞઃ** - અધિયજ્ઞ છું.

**ભાવાર્થ :** ઉત્પત્તિ, વિનાશશીલ સર્વ પદાર્થ, અધિભૂત હિરણ્યમય પુરુષ અધિદેવ છે અને દેહધારીમાં શ્રેષ્ઠ અર્જુન !

આ શરીરમાં હું વાસુદેવ જ અન્તર્યામી સ્વરૂપે અધિયજ્ઞ છું. (૪)

**અન્તકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ્ ।**
**યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : મામેવ** - માં + એવ; **સ્મરન્મુકત્વા** - સ્મરન્ + મુકત્વા; **સ મદ્ભાવં** - સઃ + મદ્ભાવં; **નાસ્ત્યત્ર** - ન + અસ્તિ + અત્ર;

**ભાવાર્થ, અન્વયાર્થ : યે** - જે પુરુષો; **અંતકાલે ચ** - અંત સમયે પણ; **માં** - મને; **એવ** - જ; **સ્મરન્** - સ્મરણ કરતાં કરતાં; **કલેવરં** - શરીરને; **મુકત્વા** - છોડીને; **પ્રયાતિ** - જાય છે; **સઃ** - તે; **મદ્ભાવં** - મારા સાક્ષાત્ સ્વરૂપને; **યાતિ** - પામે છે; **અત્ર** - એમાં (કોઈપણ); **સંશયઃ** - સંશય; **ન અસ્તિ** - નથી;

**ભાવાર્થ :** જે પુરુષો અંત સમયે મારું જ સ્મરણ કરતાં કરતાં શરીરને છોડીને જાય છે તે મારા સાક્ષાત્ સ્વરૂપને પામે છે એમાં કોઈપણ સંશય નથી. (૫)

**યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ ॥૬॥**

**સંધિવિગ્રહ : વાપિ** - વા + અપિ; **સ્મરન્ભાવં** - સ્મરન્ + ભાવં; **ત્યજત્યન્તે** - ત્યજતિ + અન્તે; **તમેવૈતિ** - તં + એવ + એતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે કુંતીપુત્ર અર્જુન; (આ માનવ); **અન્તે** - અંતસમયે; **યં યં** - જે જે; **વા અપિ** - પણ; **ભાવં** - ભાવને; **સ્મરન્** - સ્મરણ કરતાં કરતાં; **કલેવરં** - શરીર; **ત્યજતિ** - છોડે છે; **તં તં** - તેને તેને; **એવ** – જ; **એતિ** - પામે છે; (કેમ કે); **સદા તદ્ભાવભાવિતઃ** - સદા તે જ ભાવથી ભાવિત રહે છે;

**ભાવાર્થ :** હે કુંતીપુત્ર અર્જુન ! આ માનવ અંતસમયે જે જે પણ ભાવને સ્મરણ કરતાં કરતાં શરીરને છોડે છે તેને તેને જ (તે જ ભાવને) પામે છે કેમ કે સદા તે જ ભાવથી તે ભાવિત રહે છે. (૬)

**તસ્માત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્મામેવૈષ્યસ્યસંશયમ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : તસ્માત્સર્વેષુ** - તસ્માત્ + સર્વેષુ; **મામનુસ્મર** - માં + અનુસ્મર; **મય્યર્પિતમનોબુદ્ધિર્મામે-વૈષ્યસ્યસંશયમ્** - મયિ + અર્પિતમનોબુદ્ધિઃ + માં + એવ + એષ્યસિ + અસંશયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી (હે અર્જુન ! તું); **સર્વેષુ કાલેષુ** - સર્વકાળે (નિરંતર); **માં** - મારું; **અનુસ્મર** - સ્મરણ કર; **ચ** - અને; **યુધ્ય** - યુદ્ધ (પણ) કર; (આ રીતે); **મયિ** - મારામાં; **અર્પિતમનોબુદ્ધિઃ** - અર્પણ કરેલાં મનબુદ્ધિથી યુક્ત થઈ તું; **અસંશયં માં** - નિઃસંદેહ મને; **એવ** - જ; **એષ્યસિ** -

પામશે;

**ભાવાર્થ :** તેથી હે અર્જુન ! તું સર્વકાળે નિરંતર મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર; આ રીતે મારામાં (મને) અર્પણ કરેલાં મનબુદ્ધિથી યુક્ત થઈ તું અવશ્ય મને જ પામશે. (૭)

**અભ્યાસયોગયુક્તેન ચેતસા નાન્યગામિના ।**
**પરમં પુરુષં દિવ્યં યાતિ પાર્થાનુચિન્તયન્ ॥૮॥**

**સંધિવિગ્રહ : નાન્યગામિના** - ન + અન્યગામિના; **પાર્થાનુચિન્તયન્** - પાર્થ + અનુચિંતયન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ (આ નિયમ છે કે); **અભ્યાસયોગયુક્તેન** - પરમેશ્વરના ધ્યાનમાં અભ્યાસરૂપ યોગથી યુક્ત; **નાન્યગામિના** - બીજી તરફ ન જનારા; **ચેતસા** - ચિત્તથી; **અનુચિંતયન્** - નિરંતર ચિંતન કરનારા (મનુષ્ય); **પરમં** - પરમ; (પ્રકાશરૂપ); **દિવ્યં** - દિવ્ય; **પુરુષં** - પુરુષને (પરમેશ્વરને જ); **યાતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે પાર્થ, આ નિયમ છે કે પરમેશ્વરના ધ્યાનમાં અભ્યાસરૂપ યોગથી યુક્ત, બીજી તરફ ન જનારા ચિત્તથી નિરંતર ચિંતન કરનારા મનુષ્ય પરમ પ્રકાશરૂપ દિવ્ય પુરુષને (પરમેશ્વરને જ) પામે છે. (૮)

**કવિં પુરાણમનુશાસિતાર-મણોરપીયાં સમનુસ્મરેવઃ ।**
**સર્વસ્ય ધાતારમચિન્ત્યરૂપમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ॥૯॥**

**સંધિવિગ્રહ : પુરાણમનુશાસિતારમણોરણીયાંસમનુ-સ્મરેદ્યઃ** - પુરાણં + અનુશાસિતારં + અણોઃ + અણીયાંસં + અનુસ્મરેત્ + યઃ; **ધાતારમચિન્ત્યરૂપંમાદિત્યવર્ણં** - ધાતારં + અચિંત્યરૂપં + આદિત્યવર્ણં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે (પુરુષ); **કવિં** - સર્વજ્ઞ; **પુરાણં** - અનાદિ; **અનુશાસિતારં** - સૌના નિયંતા (શાસન કરનાર); **અણોઃ** - સૂક્ષ્મથી (પણ); **અણીયાંસં** - અતિ સૂક્ષ્મ; **સર્વસ્ય** - સૌનું; **ધાતારં** - ધારણ (પોષણ) કરનાર; **અચિંત્યસ્વરૂપં** - અચિંત્યસ્વરૂપ; **આદિત્યવર્ણં** - સૂર્ય સમાન (નિત્ય ચેતન) પ્રકાશસ્વરૂપ; (અને) **તમસઃ** - અવિદ્યાર્થી; **પરસ્તાત્** - અતિ પર (એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વર)નું; **અનુસ્મરેત્** - સ્મરણ કરે છે;

**ભાવાર્થ :** જે પુરુષ સર્વજ્ઞ, અનાદિ, સૌના નિયંતા (શાસન કરનાર) સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સૌનું ધારણ (પોષણ) કરનાર, અચિંત્યસ્વરૂપ, સૂર્ય સમાન નિત્ય પ્રકાશસ્વરૂપ અને અવિદ્યાથી અતિ પર એવા શુદ્ધ સચ્ચિદાનંદઘન પરમેશ્વરનું સ્મરણ કરે છે. (૯)

**પ્રયાણકાલે મનસાઽચલેન ભક્ત્યા**
**યુક્તો યોગબલેન ચૈવ ।**
**ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્ સ તં**
**પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : મનસાચલેન** - મનસા + અચલેન; **યુક્તો યોગબલેન** - યુક્તઃ + યોગબલેન; **ચૈવ** - ચ + એવ; **ભ્રુવોર્મધ્યે** - ભ્રુવોઃ + મધ્યે; **પ્રાણમાવેશ્ય** - પ્રાણં + આવેશ્ય; **સ તં** - સઃ + તં; **પુરુષમુપૈતિ** - પુરુષં + ઉપૈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સઃ** - તે; **ભક્ત્યાયુક્તઃ** - ભક્તિયુક્ત પુરુષ; **પ્રયાણકાલે** - અંતકાળમાં; (પણ); **યોગબલેન** - યોગના બળથી; **ભ્રુવો** - ભવાંની; **મધ્યે** - મધ્યમાં; **પ્રાણં** - પ્રાણ (પ્રયોગ હંમેશા બ.વ.માં જ થાય છે); પ્રાણને; **સમ્યક્** - સારી રીતે; **આવેશ્ય** - સ્થાપીને; **ચ** - પછી; **અચલેન** - નિશ્ચલ; **મનસા** - મનથી; (**સ્મરન્** - સ્મરણ કરતાં કરતાં); **તં** - તે; **દિવ્યં** - દિવ્ય; **પરં** - પરમ; **પુરુષં** - પુરુષ પરમાત્માને; **એવ** - જ; **ઉપૈતિ** - પામે છે;

**ભાવાર્થ :** તે ભક્તિયુક્ત પુરુષ અંતકાળમાં પણ યોગના બળથી ભવાંની મધ્યે પ્રાણને સારી રીતે સ્થાપીને પછી નિશ્ચલ મનથી સ્મરણ કરતાં કરતાં તે દિવ્ય પરમ પુરુષ પરમાત્માને જ પામે છે. (૧૦)

**યદક્ષરં વેદવિદો વદન્તિ વિશન્તિ**
**યદ્યતયો વીતરાગાઃ ।**
**યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ તત્તે પદં**
**સંગ્રહેણ પ્રવક્ષ્યે ॥૧૧॥**

**સંધિવિગ્રહ : યદક્ષરં** - યત્ + અક્ષરં; **વેદવિદો વદન્તિ**

- વેદવિદઃ + વદન્તિ; **યદ્યોતયો વીતરાગાઃ** - યત્ + યતયઃ + વીતરાગાઃ; **યદિચ્છન્તો બ્રહ્મચર્ય** - યત્ + ઈચ્છન્તઃ + બ્રહ્મચર્ય; **તત્તે** - તત્ + તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વેદવિદઃ** - વેદને જાણનારા વિદ્વાન; **યત્** - જે સચ્ચિદાનંદઘનરૂપ પરમ પદને; **અક્ષરં** - અવિનાશી; **વદન્તિ** - કહે છે; **વીતરાગાઃ** - આસક્તિરહિત; **યતયઃ** - યત્નશીલ સંન્યાસી મહાત્માઓ; **યત્** - જેમાં; **વિશન્તિ** - પ્રવેશ કરે છે (અને); **યત્** - જે પરમપદને; **ઈચ્છન્તઃ** - ઈચ્છનારા (બ્રહ્મચારીઓ); **બ્રહ્મચર્ય** - બ્રહ્મચર્યનું; **ચરન્તિ** - આચરણ કરે છે; **તત્** - તે; **પદં** - પરમ પદને (હું); **તે** - તારા માટે; **સંગ્રહેણ** - સંક્ષેપમાં; **પ્રવક્ષ્યે** - કહું છું;

**ભાવાર્થ :** વેદને જાણનારા વિદ્વાન જે સચ્ચિદાનંદઘનરૂપ પરમપદને અવિનાશી કહે છે આસક્તિરહિત યત્નશીલ સંન્યાસી મહાત્માઓ જેમાં પ્રવેશ કરે છે અને જે પરમપદને ઈચ્છનારા બ્રહ્મચારીઓ બ્રહ્મચર્યનું આચરણ કરે છે તે પરમ પદને હું તારા માટે સંક્ષેપમાં કહું છું. (૧૧)

**સર્વદ્વારાણિ સંયમ્ય મનો હૃદિ નિરુધ્ય ચ ।**
**મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમાસ્થિતો યોગધારણામ્ ॥૧૨॥**

**ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મામનુસ્મરન્ ।**
**યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : મનો હૃદિ** - મનઃ + હૃદિ; **મૂર્ધ્ન્યાધાયાત્મનઃ** - મૂર્ધ્નિ + આધયા + આત્મનઃ; **પ્રાણમાસ્થિતો યોગધારણામ્** - પ્રાણં + આસ્થિતઃ + યોગધારણામ્; **ઓમિત્યેકાક્ષરં** - ઓમ્ + ઈતિ + એકાક્ષરં (**એકાક્ષરં** - એક અક્ષરં); **વ્યાહરન્મામનુસ્મરન્** - વ્યાહરન્ + માં + અનુસ્મરન્; **ત્યજન્દેહં** - ત્યજન્ + દેહં; **સ યાતિ** - સઃ + આતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે અર્જુન); **સર્વદ્વારાણિ** - સર્વ ઈન્દ્રિયોનાં દ્વારોને; **સંયમ્ય** - રોકીને; **ચ** - અને; **મનઃ** - મનને; **હૃદિ** - હૃદય પ્રદેશમાં; **નિરુધ્ય** - સ્થિર કરીને (પછી તે જિતાયેલા મન દ્વારા); **પ્રાણં** - પ્રાણને; **મૂર્ધ્નિ** - મસ્તકમાં; **આધાય** - સ્થાપીને; **આત્મનાં** - પરમાત્મા સંબંધી; **યોગધારણાં** - યોગધારણામાં; **આસ્થિતઃ** - સ્થિત થઈને; **યઃ** - જે પુરુષ; **ઓમ્** - 'ૐ'; **ઈતિ** - એ; **એકાક્ષરં** - એક અક્ષર સ્વરૂપ; **બ્રહ્મ** - બ્રહ્મને; **વ્યાહરન્** - ઉચ્ચારતો (અને તેના અર્થસ્વરૂપ); **માં** - મારા નિર્ગુણ બ્રહ્મનુ; **અનુસ્મરન્** - ચિંતન કરતો; **દેહં** - દેહને; **ત્યજન્** - ત્યજીને; **પ્રયાતિ** - જાય છે; **સઃ** - તે પુરુષ; **પરમાં ગતિં** - પરમ ગતિ(ને); **યાતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! સર્વ ઈન્દ્રિયોનાં દ્વારોને રોકીને અને મનને હૃદયપ્રદેશમાં સ્થિર કરીને પછી તે જિતાયેલા મન દ્વારા પ્રાણને મસ્તકમાં સ્થાપીને પરમાત્મા સંબંધી યોગધારણામાં સ્થિત થઈને જે પુરુષ ઓમ્ એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મને ઉચ્ચારતો

અને તેના અર્થસ્વરૂપ મારા નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરતો દેહને ત્યજીને જાય છે તે પુરુષ પરમ ગતિ પામે છે. (૧૨) (૧૩)

**અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ ।**
**તસ્યાહં સુલભઃ પાર્થ નિત્યયુક્તસ્ય યોગિનઃ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : યો માં** - યઃ + માં; **તસ્યાહં** - તસ્ય + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ (પૃથાના પુત્ર); **યઃ** - જે પુરુષ; (**મયિ** - મારામાં); **અનન્યચેતાઃ** - અનન્ય ચિત્તવાળો થઈને; **નિત્યશઃ** - સદાય; **સતતં** - નિરંતર; **માં** - મને; (પુરુષોત્તમને); **સ્મરતિ** - સ્મરે છે; **તસ્ય** - તે; **નિત્યયુક્તઃ** - નિત્ય નિરંતર મારામાં યુક્ત (જોડાયેલા); **યોગિનઃ** - યોગી માટે; **અહં** - હું; **સુલભઃ** - સુલભ છું (તેને સહજ રીતે મળી જાઉં છું);

**ભાવાર્થ :** હે પૃથાના પુત્ર પાર્થ ! જે પુરુષ મારામાં અનન્ય ચિત્તવાળો થઈને મને (પુરુષોત્તમને) સ્મરે છે તે નિત્ય નિરંતર મારામાં જોડાયેલા યોગી માટે હું સુલભ છું – તેને હું સહેલાઈથી મળી જાઉં છું. (૧૪)

**મામુપેત્ય પુનર્જન્મ દુઃખાલયમશાશ્વતમ્ ।**
**નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : મામુપેત્ય** - માં + ઉપેત્ય; **દુઃખાલયમશાશ્વતમ્** - દુઃખાલયં + આશાશ્વતં; **નાપ્નુવન્તિ**

- ન + આપ્નુવન્તિ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : પરમાં** - પરમ; **સંસિદ્ધિં** - સિદ્ધિ (ને); **ગતાઃ** - પામેલા; **મહાત્માનઃ** - મહાત્માઓ; **માં** - મને; **ઉપેત્ય** - પામીને; **દુઃખાલયં** - દુઃખોના ઘર (તેમજ); **અશાશ્વતં** - ક્ષણભંગૂર (એવો); **પુનર્જન્મ** - પુનર્જન્મ; **ન આપ્નુવન્તિ** - પામતા નથી;

**ભાવાર્થ :** પરમ સંસિદ્ધિ પામેલા મહાત્માઓ મને પામીને દુઃખોના ઘર તેમજ ક્ષણભંગૂર એવો પુનર્જન્મ પામતા નથી. (૧૫)

**આબ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્તિનોऽર્જુન ।**
**મામુપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે ॥૧૬॥**

**સંધિવિગ્રહ : આબ્રહ્મભુવનાલ્લોકાઃ** - આબ્રહ્મભુવનાત્ + લોકાઃ; **પુનરાવર્તિનોऽર્જુન** - પુનઃ + આવર્તિનઃ + અર્જુન; **મામુપેત્ય** - માં + ઉપેત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **આબ્રહ્મ-ભુવનાત્** - બ્રહ્મલોક સુધીના; **લોકાઃ** - સૌ લોકો; **પુનરાવર્તિનઃ** - પુનરાવર્તી (જેમને ફરી સંસારમાં આવવું પડે તેવા) (છે); **તુ** - પરંતુ; **કૌન્તેય** - હે કૌંતેય; **માં** - મને; **ઉપેત્ય** - પામીને; **પુનર્જન્મ** - પુનર્જન્મ; **ન વિદ્યતે** - પામતા નથી;

**ભાવાર્થ :** હે અર્જુન, બ્રહ્મલોક સુધીના સૌ લોકો પુનરાવર્તી (જેમને ફરી સંસારમાં આવવું પડે તેવા) છે; પરંતુ હે કૌંતેય

! મને પામીને પુનર્જન્મ પામતા નથી. (કારણ કે હું કાલાતીત છું અને આ બ્રહ્મા વગેરે લોકો કાળ દ્વારા સીમિત હોવાથી અનિત્ય છે.) (૧૬)

**સહસ્રયુગપર્યન્તમહર્યદ્બ્રહ્મણો વિદુઃ ।**
**રાત્રિં યુગસહસ્રાન્તાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : સહસ્રયુગપર્યન્તમહર્યદ્બ્રહ્મણો વિદુઃ** - સહસ્રયુગપર્યન્તં + અહઃ + યત્ + બ્રહ્મણઃ + વિદુ; **તેઽહોરાત્રવિદો જનાઃ** - તે + અહોરાત્રવિદઃ + જનાઃ; (**યુગસહસ્રાન્તાં** - યુગસહસ્ર + અંતાં);

**શબ્દાર્થ, અન્વયાર્થ : બ્રહ્મણઃ** - બ્રહ્માનો; **યત્** - જે; **અહ** - એક દિવસ છે; (તેને); **સહસ્રયુગપર્યન્તં** - એક હજાર ચતુર્યુગ સુધીના અવધિવાળા (સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિયુગ આ ચાર યુગના એક હજારવાર થતા આવર્તનમાં લાગતા સમય જેટલો); (અને) **રાત્રિં** - (તેમની) રાતને (પણ); **યુગસહસ્રાન્તાં** - એક હજાર ચતુર્યુગ સુધીની અવધિવાળી; (જે પુરુષ); **વિદુઃ** - તત્ત્વથી જાણે છે); **તે** - તે; **જનાઃ** - યોગીજનો; **અહોરાત્રવિદઃ** - કાળના તત્ત્વને જાણનારા છે);

**ભાવાર્થ :** બ્રહ્માનો જે એક દિવસ છે તેને એક હજાર ચતુર્યુગ સુધીના અવધિવાળા અને તેમની રાતને પણ એક હજાર ચતુર્યુગ સુધીની અવધિવાળી જે પુરુષો તત્ત્વથી જાણે છે તે યોગીજનો

કાળના તત્ત્વને જાણનારા છે. (૧૭)

**અવ્યક્તાદ્વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।**
**રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે ॥૧૮॥**

**સંધિવિગ્રહ : અવ્યક્તાદ્વ્યક્તયઃ** - અવ્યક્તાત્ + વ્યક્તયઃ; **પ્રભવન્ત્યહરાગમે** - પ્રભવન્તિ + અહરાગમે (**અહરાગમે** - અહઃ + આગમે); (**રાત્ર્યાગમે** - રાત્રિ + આગમે); **તત્રૈવાવ્યક્તસંજ્ઞકે** - તત્ર + એવ + અવ્યક્તસંજ્ઞકે);

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વાઃ વ્યક્તયઃ** - બધાય ચરાચર જીવો; **અહરાગમે** - બ્રહ્મનો દિવસ શરૂ થતા; **અવ્યક્તાત્** - અવ્યક્ત (બ્રહ્માના સૂક્ષ્મ શરીર)થી; **પ્રભવન્તિ** - ઉત્પન્ન થાય છે; (અને) **રાત્ર્યાગમે** - બ્રહ્માની રાત્રિ શરૂ થતાં; **તત્ર** - તે; **અવ્યક્તસંજ્ઞકે** - અવ્યક્ત નામના બ્રહ્માના શરીરમાં; **એવ** - જ; **પ્રલીયન્તે** - લીન થઈ જાય છે;

**ભાવાર્થ :** બધાય ચરાચર જીવો બ્રહ્માનો દિવસ શરૂ થતાં બ્રહ્માના સૂક્ષ્મ શરીર અવ્યક્તથી ઉત્પન્ન થાય છે અને બ્રહ્માની રાત્રિ શરૂ થતાં તે અવ્યક્ત નામના બ્રહ્માના શરીરમાં જ લીન થઈ જાય છે. (૧૮)

**ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।**
**રાત્ર્યાગમેઽવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે ॥૧૯॥**

**સંધિવિગ્રહ : સ એવાયં** - સઃ + એવ + અયં; **પ્રભવત્યહરાગમે**-પ્રભવતિ + અહઃ + આગમે; **રાત્ર્યાગમેઽવશઃ** - રાત્ર્યાગમે + અવશઃ; **રાત્ર્યાગમે** - રાત્રિ + આગમે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **સઃ એવ** - તે જ; **અયં** - આ; **ભૂતગ્રામઃ** - જીવ સમુદાય; **ભૂત્વા ભૂત્વા** - ઉત્પન્ન થઈ થઈને (વારંવાર ઉત્પન્ન થઈને); **અવશઃ** - પ્રકૃતિને વશ થયેલો; **રાત્ર્યાગમે** - બ્રહ્માની રાત્રિ શરૂ થતાં લય પામે છે (અને) (પાછો); **અહઃ + આગમે** - બ્રહ્માનો દિવસ શરૂ થતાં, **પ્રભવતિ** - ઉત્પન્ન થાય છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! તે જ આ જીવસમુદાય વારંવાર ઉત્પન્ન થઈને, પ્રકૃતિને વશ થયેલો બ્રહ્માની રાત્રિ શરૂ થતાં લય પામે છે અને બ્રહ્માનો દિવસ શરૂ થતાં પાછો ઉત્પન્ન થાય છે. (૧૯)

**પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તોઽવ્યક્તાત્સનાતનઃ ।**
**યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : પરસ્તસ્માત્તુ** - પરઃ + તસ્માત્ + તુ; **ભાવોઽન્યોઽવ્યક્તોઽવ્યક્તાત્સનાતનઃ** - ભાવઃ + અન્યઃ + અવ્યક્તઃ + અવ્યક્તતાત્ + સનાતનઃ; **સ સર્વેષુ** - સઃ + સર્વેષુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **તસ્માત્** - તે; **અવ્યક્તાત્** - અવ્યક્ત કરતાં (પણ અતિ); **પરઃ** - પર (એવો); **અન્યઃ** - અન્ય (વિલક્ષણ); **યઃ** - જે; **સનાતનઃ** - સનાતન; **અવ્યક્તઃ**

- અવ્યક્ત; **ભાવઃ** - ભાવ છે; **સઃ** - તે (પરમ દિવ્ય પુરુષ); **સર્વેષુ ભૂતેષુ** - સૌ જીવોના; **નશ્યત્સુ** - નષ્ટ થવા છતાં ય; **ન વિનિશ્યતિ** - નાશ પામતો નથી;

**ભાવાર્થ :** પરંતુ તે અવ્યક્ત કરતાં પણ અતિ પર એવો અન્ય (વિલક્ષણ) જે સનાતન અવ્યક્ત ભાવ છે તે પરમ દિવ્ય પુરુષ સૌ જીવોના નષ્ટ થવા છતાં ય નાશ પામતો નથી. (૨૦)

**અવ્યક્તોઽક્ષર ઈત્યુક્તસ્તમાહુઃ પરમાં ગતિમ્ ।**
**યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : અવ્યક્તોઽક્ષર ઈત્યુક્તસ્તમાહુઃ** - અવ્યક્તઃ + અક્ષરઃ + ઈતિ + ઉક્તઃ + તમ્ + આહુઃ; **તદ્ધામ** - તત્ + ધામ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે) **અવ્યક્તઃ અક્ષરઃ** - અવ્યક્ત અક્ષર; **ઈતિ** - એવા (નામે); **ઉક્તઃ** - કહેવાયો છે; **તમ્** - તે જ (અક્ષર નામના અવ્યક્ત ભાવને); **પરમાં ગતિં** - પરમ ગતિ; **આહુઃ** - કહે છે (તથા); **યં** - જે સનાતન અવ્યક્ત ભાવને; **પ્રાપ્ય** - પામીને (મનુષ્ય); **ન નિવર્તન્તે** - પાછા આવતા નથી; **તત્** - તે; **મમ** - મારું; **પરમ ધામ** - પરમ ધામ છે;

**ભાવાર્થ :** જે અવ્યક્ત અક્ષર એવા નામે કહેવાયો છે તે જ અક્ષર નામના અવ્યક્ત ભાવને પરમગતિ કહે છે તથા જે સનાતન ભાવને પામીને મનુષ્ય પાછા આવતા નથી તે મારું પરમ

ધામ છે. (૨૧)

**પુરુષઃ સ પરઃ પાર્થ ભકત્યા લભ્યસ્ત્વનન્યયા ।**
**યસ્યાન્તઃસ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : સ પરઃ** - સઃ + પરઃ; **લભ્યસ્ત્વનન્યયા** - લભ્યઃ + તુ + અનન્યયા; **યસ્યાન્તઃસ્થાનિ** - યસ્ય + અંતઃસ્થાનિ; **સર્વમિદં** - સર્વં + ઈદં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **યસ્ય** - જે પરમાત્માની; **અન્તઃસ્થાનિ** - અંતર્ગત; **ભૂતાનિ** - સર્વ જીવો છે (અને); **યેન** - જે સચ્ચિદાનંદઘન પરમાત્માથી; **ઈદં** - આ; **સર્વં** - સમગ્ર જગત; **તતં** - પરિપૂર્ણ છે; **સઃ** - તે સનાતન અવ્યક્ત; **પરઃ** - પરમ; **પુરુષઃ** - પુરુષ; **તુ** - તો; **અનન્યયા ભકત્યા** - અનન્ય ભક્તિથી જ; **લભ્યઃ** - પામી શકાય છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! જે પરમાત્માની અંતર્ગત સર્વ જીવો છે અને જે સચ્ચિદાનંદઘન પરમાત્માથી આ સમગ્ર જગત પરિપૂર્ણ છે તે સનાતન અવ્યક્ત પરમ પુરુષ તો અનન્ય ભક્તિથી જ પામી શકાય છે. (૨૨)

**યત્ર કાલે ત્વનાવૃત્તિમાવૃત્તિં ચૈવ યોગિનઃ ।**
**પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : ત્વનાવૃત્તિમાવૃત્તિં** - તુ + અનાવૃત્તિં +

આવૃત્તિં; **ચૈવ** - ચ + ઐવ; **પ્રયાતાઃ યાન્તિ** - પ્રયાતાઃ + યાન્તિઃ; (**ભરતર્ષભ** - ભરત + ઋષભ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે ભરતશ્રેષ્ઠ; **યત્ર** - જે; **કાલે** - કાળે; **પ્રયાતાઃ** - શરીર છોડી જનારા; **યોગિનઃ** - યોગીજનો; **તુ** - તો; **અનાવૃત્તિં** - પરત ન આવનારી ગતિને; **ચ** - અને (જે કાળે જનારા); **આવૃત્તિં** - પરત આવનારી ગતિને; **એવ** - જ; **યાન્તિ** - પ્રાપ્ત થાય છે (પામે છે); **તં** - તે; **કાલં** - કાળને (બન્ને માર્ગોને); **વક્ષ્યામિ** - હું કહીશ;

**ભાવાર્થ :** હે ભરતશ્રેષ્ઠ ! જે કાળે શરીર છોડી જનારા યોગીજનો તો પરત ન આવનારી ગતિને અને જે કાળે જનારા પરત આવનારી ગતિને જ પામે છે તે કાળને (બન્ને માર્ગોને) હું કહીશ. (૨૩)

**અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।**
**તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : અગ્નિર્જ્યોતિરહઃ** - અગ્નિઃ + જ્યોતિઃ + અહઃ; (**ષણ્માસા** - ષષ્ + માસાઃ); (**ઉત્તરાયણ** - ઉત્તર + અયન); **પ્રયાતા ગચ્છન્તિ** - પ્રયાતાઃ + ગચ્છન્તિ; **ષણ્માસા ઉત્તરાયણં** - ષણ્માસાઃ + ઉત્તરાયણં; **બ્રહ્મવિદો જનાઃ** - બ્રહ્મવિદઃ + જનાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (આ બે માર્ગમાંથી) (જે માર્ગે);

**જ્યોતિઃ** - જ્યોતિર્મય; **અગ્નિઃ** - અગ્નિ (અભિમાની દેવતા) છે; **અહઃ** - દિવસનો (અભિમાની દેવતા) છે; **શુક્લઃ** - શુક્લ પક્ષનો (અભિમાની દેવતા) છે; **ઉત્તરાયણં** - ઉત્તરાયણના; **ષણ્માસાઃ** - છ માસનો (અભિમાની દેવતા) છે; **તત્ર** - તે માર્ગે; **પ્રયાતાઃ** - મૃત્યુ પામીને જનારા; **બ્રહ્મવિદઃ** - બ્રહ્મવેત્તા; **જનાઃ** - યોગીજનો (ઉપર્યુક્ત દેવતાઓ દ્વારા ક્રમ પ્રમાણે લઈ જવાઈને); **બ્રહ્મ** - બ્રહ્મને; **ગચ્છન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** આ બે માર્ગમાંથી જે માર્ગે જ્યોતિર્મય અગ્નિ અભિમાની દેવતા છે. દિવસનો અભિમાની દેવતા છે, શુક્લ પક્ષનો અભિમાની દેવતા છે; ઉત્તરાયણના છ માસનો અભિમાની દેવતા છે તે માર્ગે મૃત્યુ પામીને જનારા બ્રહ્મવેત્તા યોગીજનો ઉપર્યુક્ત દેવતાઓ દ્વારા ક્રમ પ્રમાણે લઈ જવાઈને બ્રહ્મને પામે છે. (૨૪)

**ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।**
**તત્ર ચાન્દ્રમસં જ્યોતિર્યોગી પ્રાપ્ય નિવર્તતે ॥૨૫॥**

**સંધિવિગ્રહ : ધૂમો રાત્રિસ્તથા** - ધૂમઃ + રાત્રિઃ + તથા; **ષણ્માસા દક્ષિણાયનમ્** - ષણ્માસાઃ + દક્ષિણાયનં; **જ્યોતિર્યોગી** - જ્યોતિઃ + યોગી;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને જે માર્ગે); **ધૂમઃ** - ધૂમાભિમાની દેવતા છે; **રાત્રિઃ** - રાત્રિ અભિમાની દેવતા છે; **તથા** - તથા;

**કૃષ્ણઃ** - કૃષ્ણ પક્ષનો અભિમાની દેવતા છે; (અને) **દક્ષિણાયનં** - દક્ષિણાયનના; **ષણ્માસાઃ** - છ માસનો અભિમાની દેવતા છે; **તત્ર** - તે માર્ગે (મૃત્યુ પામીને જનાર); **યોગી** - સકામ કર્મ કરનાર યોગી; (ઉપર્યુક્ત દેવતાઓ દ્વારા ક્રમ પ્રમાણે લઈ જવાઈને); **ચાંદ્રમસં** - ચંદ્રમાની; **જ્યોતિઃ** - જ્યોતિ; **પ્રાપ્ય** - પામીને (સ્વર્ગમાં પોતાનાં શુભ કર્મોનું ફળ ભોગવીને); **નિવર્તતે** - પાછા આવે છે;

**ભાવાર્થ :** અને જે માર્ગે ધૂમાભિમાની દેવતા છે, રાત્રિનો અભિમાની દેવતા છે તથા કૃષ્ણ પક્ષનો અભિમાની દેવતા છે, અને દક્ષિણાયનના છ માસનો અભિમાની દેવતા છે તે માર્ગે મૃત્યુ પામીને જનાર સકામ કર્મ કરનાર યોગી ઉપર્યુક્ત દેવતાઓ દ્વારા ક્રમ પ્રમાણે લઈ જવાઈને ચંદ્રમાની જ્યોતિને પામીને સ્વર્ગમાં પોતાનાં શુભ કર્મોનું ફળ ભોગવીને પાછા આવે છે. (૨૫)

**શુક્લકૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।**
**એકયા યાત્યનાવૃત્તિમન્યયાવર્તતે પુનઃ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : હ્યેતે** - હિ + એતે; **યાત્યનાવૃત્તિ-મન્યયાવર્તતે** - યાતિ + અનાવૃત્તિં + અન્યયા + આવર્તતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **જગત** - જગતના; **એતે** - આ બે પ્રકારના; **શુક્લ કૃષ્ણે** - શુક્લ અને કૃષ્ણ (પક્ષ)

(દેવયાન અને પિતૃયાન); **ગતી** - માર્ગ; **શાશ્વતે** - સનાતનમાં; **મતે** - મનાયા છે (આ બેમાંથી); **એકયા** - એક માર્ગે (દ્વારા) જનાર; **અનાવૃત્તિં** - જ્યાંથી પાછું ફરવું પડતું નથી તે પરમગતિને; **યાતિ** - પામે છે (અને); **અન્યયા** - બીજા માર્ગે (દ્વારા) જનાર; **પુનઃ** - ફરી; **આવર્તતે** - પાછો આવે છે (જન્મ મરણને પામે છે)

**ભાવાર્થ :** કેમ કે જગતના આ બે પ્રકારના શુક્લ અને કૃષ્ણ (પક્ષ) (દેવયાન અને પિતૃયાન) માર્ગ સનાતન મનાયા છે, આ બેમાંથી એક માર્ગે જનાર જ્યાંથી પાછું ફરવું પડતું નથી તે પરમગતિને પામે છે અને બીજા માર્ગે જનાર ફરી પાછો આવે છે (જન્મમરણને પામે છે.) (૨૬)

**નૈતે સૃતી પાર્થ જાનન્યોગી મુહ્યતિ કશ્ચન ।**
**તસ્માત્સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન ॥૨૭॥**

**સંધિવિગ્રહ : નૈતે** - ન + એતે; **જાનન્યોગી** - જાનન્ + યોગી; **તસ્માત્સર્વેષુ** - તસ્માત્ + સર્વેષુ; **યોગયુક્તો ભવાર્જુન** - યોગયુક્તઃ + ભવ + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; (આ પ્રકારે); **એતે** - આ બન્ને; **સૃતી** - માર્ગોને; **જાનન્** - તત્ત્વથી જાણીને; **કશ્ચન** - કોઈપણ; **યોગી** - યોગી; **ન મુહ્યતિ** - મોહ પામતા નથી; **તસ્માત્** - તેથી; **અર્જુન** - હે અર્જુન; (તું) **સર્વેષુ કાલેષુ** - સર્વ કાળે; **યોગયુક્તઃ** - સમબુદ્ધિરૂપ યોગથી યુક્ત; **ભવ** - થા; (નિરંતર

મને પ્રાપ્ત કરવા માટે સાધન કરનારો થા)

**ભાવાર્થ :** હે પાર્થ ! આ પ્રકારે આ બન્ને માર્ગોને તત્ત્વથી જાણીને કોઈપણ યોગી મોહ પામતા નથી; તેથી હે અર્જુન ! તું સર્વ કાળે સમબુદ્ધિરૂપ યોગથી યુક્ત થા. નિરંતર મને પ્રાપ્ત કરવા માટે સાધના કરનારો થા. (૨૭)

**વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ દાનેષુ**
**યત્પુણ્યફલં પ્રદિષ્ટમ્ ।**
**અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા યોગી પરં**
**સ્થાનમૂપૈતિ ચાદ્યમ્ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ; **યત્પુણ્યફલં** - યત્ + પુણ્યફલં; **તત્સર્વમિદં** - તત્ + સર્વં + ઈદં; **સ્થાનમુપૈતિ** - સ્થાનં + ઉપૈતિ; **ચાદ્યમ્** - ચ + આદ્યં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કેમ કે) **યોગી** - યોગી પુરુષ; **ઈદં** - આ (રહસ્યને); **વિદિત્વા** - તત્ત્વથી જાણીને; **વેદેષુ** - વેદોનાં (વાચનમાં); **યજ્ઞેષુ તપઃસુ દાનેષુ** - યજ્ઞ, તપ તેમજ દાન વગેરે કરવામાં; **યત્** - જે; **પુણ્યફલં પ્રદિષ્ટં** - પુણ્યફળ કહ્યું છે; **તત્ સર્વં** - તે સર્વને; **એવ** - નિઃસંદેહ; **અત્યેતિ** - ઓળંગી જાય છે; **ચ** - અને; **આદ્યં** - સનાતન; **પરં સ્થાનં** - પરમ પદને; **ઉપૈતિ** - પામે છે;

**ભાવાર્થ :** કેમ કે યોગી પુરુષ આ રહસ્યને તત્ત્વથી જાણીને વેદોનાં વાચનમાં યજ્ઞ, તપ તેમજ દાન વગેરે કરવામાં જે પુણ્યફળ કહ્યું છે તે સર્વને ઓળંગી થાય છે અને સનાતન (શાશ્વત) પરમ પદને પામે છે. (૨૮)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**અક્ષરબ્રહ્મયોગો નામાષ્ટમોઽધ્યાયઃ ॥૮॥**

**॥ અક્ષરબ્રહ્મયોગ નામનો આઠમો અધ્યાય સમાપ્ત ॥**

•

# નવમ અધ્યાય (નવમો અધ્યાય)

## રાજવિદ્યારાજગુહ્ય યોગ

**અથ નવમોડધ્યાયઃ ।** **અથ નવમઃ + અધ્યાયઃ ।**

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।**
**જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યેસેડશુભાત્ ॥૧॥**

**સંધિવિગ્રહ : પ્રવક્ષ્યામ્યનસૂચવે** - પ્રવક્ષ્યામિ + અનસૂયવે; **યજ્જ્ઞાત્વા** - યત્ + જ્ઞાત્વા; **મોક્ષ્યસેડશુભાત્** - મોક્ષ્યસે + અશુભાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે** - તારા (જેવા); **અનસૂચવે** - દોષદષ્ટિરહિત ભક્ત માટે; **ઈદં** - આ; **ગુહ્યતમં** - અત્યંત ગુપ્ત રાખવા જેવું; **વિજ્ઞાનસહિતં** - વિજ્ઞાનસહિત; **જ્ઞાનં** - જ્ઞાન(ને); (ફરીથી); **પ્રવક્ષ્યામિ** - સારી રીતે કહું છું; **તુ** - કે; **યત્ જ્ઞાત્વા** - જે જાણીને (તું); **અશુભાત્ મોક્ષ્યસે** - દુઃખરૂપી સંસારમાંથી મુક્ત થઈ જશે;

**ભાવાર્થ :** તારા જેવા દોષદષ્ટિરહિત ભક્ત માટે આ અત્યંત ગુપ્ત રાખવા જેવું વિજ્ઞાન સહિત જ્ઞાનને ફરીથી સારી રીતે કહું છું કે જે જાણીને તું દુઃખરૂપી સંસારમાંથી મુક્ત થઈ જશે. (૧)

**રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।**
**પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમવ્યયમ્ ॥૨॥**

**સંધિવિગ્રહ : પવિત્રમિદમુત્તમમ્** - પવિત્રં + ઇદં + ઉત્તમં; **પ્રત્યક્ષાવગમં** - પ્રત્યક્ષ + અવગમં; (**અવગમ** - જ્ઞાન, ફળ); **કર્તુમવ્યયં** - કર્તું + અવ્યયં);

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઇદં** - આ (વિજ્ઞાનસહિત જ્ઞાન); **રાજવિદ્યા** - સર્વ વિદ્યાઓનો રાજા; **રાજગુહ્યં** - સમસ્ત ગુપ્ત રાખવા જેવી બાબતોના રાજા; **પવિત્રં** - અતિ પવિત્ર; **ઉત્તમં** - અતિ ઉત્તમ; **પ્રત્યક્ષાવગમં** - પ્રત્યક્ષ ફળવાળા; **ધર્મ્યં** - ધર્મયુક્ત; **કર્તું** - સાધન કરવામાં; **સુસુખં** - તદ્દન સહેલું; **અવ્યયં** - અવિનાશી છે;

**ભાવાર્થ :** આ વિજ્ઞાનસહિત જ્ઞાન, સર્વ વિદ્યાઓના રાજા, સમસ્ત ગુપ્ત રાખવા જેવી બાબતોના રાજા, અતિ પવિત્ર અને ઉત્તમ, પ્રત્યક્ષ ફળ અનુભવી શકાય તેવું ધર્મયુક્ત, સાધન કરવામાં તદ્દન સહેલું અને અવિનાશી છે. (૨)

**અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ ।**
**અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥૩॥**

**સંધિવિગ્રહ : પુરુષા ધર્મસ્યાસ્ય** - પુરુષાઃ + ધર્મસ્ય + અસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ** - હે પરંતપ અર્જુન; **અસ્ય**

- આ (ઉપર જણાવેલા) **ધર્મસ્ય** - ધર્મમાં; **અશ્રદ્ધાનાઃ** - શ્રદ્ધા વિનાના; **પુરુષાઃ** - પુરુષો; **માં** - મને; **અપ્રાપ્ય** - ન પામતાં; **મૃત્યુ સંસારવર્ત્મનિ** - મૃત્યુરૂપી સંસારચક્રમાં; **નિવર્તન્તે** - ભટકતા રહે છે;

**ભાવાર્થ :** હે પરંતપ અર્જુન ! ઉપર જણાવેલા આ ધર્મમાં શ્રદ્ધા વિનાના પુરુષો મને ન પામતા મૃત્યુરૂપી સંસારચક્રમાં ભટકતા (જ) રહે છે. (૩)

**મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।**
**મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : તતમિદં** - તતમ્ + ઈદં; **જગદવ્યકતમૂર્તિના** - જગત્ + અવ્યક્તમૂર્તિના; **ચાહં** - ચ + અહં; **તેષ્વવસ્થિતઃ** - તેષુ + અવસ્થિતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મયા** - મારા; **અવ્યક્તમૂર્તિના** - નિરાકાર પરમાત્માથી; **ઈદં** - આ; **જગત્** - જગત (જળથી બરફની જેમ); **તતં** - પરિપૂર્ણ છે; **ચ** - અને; **સર્વભૂતાનિ** - સર્વ જીવો; **મત્સ્થાનિ** - મારામાં (સંકલ્પને આધારે રહેલા છે) (પણ વાસ્તવમાં); **અહં** - હું; **તેષુ** - તેમનામાં; **ન અવસ્થિતઃ** - રહેલો નથી;

**ભાવાર્થ :** મારા નિરાકાર પરમાત્માથી આ જગત જળથી બરફની જેમ પરિપૂર્ણ છે અને સર્વ જીવો મારામાં રહેલા

છે, પણ વાસ્તવમાં હું તેમનામાં રહેલો નથી. (૪)

**ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।**
**ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ।।૫।।**

**સંધિવિગ્રહ : યોગમૈશ્વરમ્** - યોગં + ઐશ્વરં; **ભૂતભૃન્ન** - ભૂતભૃત્ + ન; **ભૂતસ્થો મમાત્મા** - ભૂતસ્થઃ + મમ + આત્મા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભૂતાનિ** - (તે સર્વ) જીવો; **મત્સ્થાનિ ન** - મારામાં રહેલા નથી; (પણ) **મે** - મારી; **ઐશ્વરં** - ઈશ્વરીય; **યોગં** - માયાશક્તિને; **પશ્ય** - જો; **ભૂતભૃન્ન** - જીવોનું ભરણપોષણ કરનાર; **ચ** - અને; **ભૂતભાવનઃ** - જીવોને ઉત્પન્ન કરનાર; **ચ** - પણ; **મમ આત્મા** - મારો આત્મા (વાસ્તવમાં); **ન ભૂતસ્થઃ** - જીવોમાં રહેલો નથી;

**ભાવાર્થ :** તે સર્વ જીવો મારામાં રહેલા નથી પણ મારી ઈશ્વરીય માયાશક્તિને જો; જીવોનું ભરણપોષણ કરનાર અને જીવોને ઉત્પન્ન કરનાર પણ મારો આત્મા વાસ્તવમાં જીવોમાં રહેલો નથી. (૫)

**યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।**
**તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ।।૬।।**

**સંધિવિગ્રહ : યથાકાશસ્થિતો નિત્યં** - યથા + આકાશસ્થિતઃ + નિત્યં; **સર્વત્રગો મહાન્** - સર્વત્રગઃ + મહાન્;

**મત્સ્થાનીત્યુપધારય** - મત્સ્થાનિ + ઈતિ + ઉપધારય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જેમ; (આકાશમાં ઉત્પન્ન થયેલો) **સર્વત્રગઃ** - સર્વત્ર વિચરનાર; **મહાન વાયુઃ** - અતિ વિસ્તૃત વાયુ; **નિત્યં** - સદા; **આકાશસ્થિતઃ** - આકાશમાં જ રહે છે; **તથા** - તે જ પ્રમાણે; (મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન થવાથી); **સર્વાણિ ભૂતાનિ** - સર્વ જીવો; **મત્સ્થાનિ** - મારામાં જ રહેલા છે; **ઈતિ** - એમ; **ઉપધારય** - જાણ;

**ભાવાર્થ :** જેમ આકાશમાં ઉત્પન્ન થયેલો, સર્વત્ર વિચરનાર મહાન વાયુ સદા આકાશમાં જ રહે છે તે જ પ્રમાણે મારા સંકલ્પ દ્વારા ઉત્પન્ન થવાથી સર્વ જીવો મારામાં જ રહેલા છે એમ તું જાણ. (૬)

**સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।**
**કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : પુનસ્તાનિ** - પુનઃ + તાનિ; **કલ્પાદૌ** - કલ્પ + આદૌ; **વિસૃજામ્યહમ્** - વિસૃજામિ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય; **કલ્પક્ષયે** - કલ્પોના અન્તે; **સર્વભૂતાનિ** - સહુ જીવો; **મામિકાં** - મારી; **પ્રકૃતિં** - પ્રકૃતિને; **યાન્તિ** - પ્રાપ્ત થાય છે; (પ્રકૃતિમાં લય પામે છે); (અને) **કલ્પાદૌ** - કલ્પોના આરંભે; **તાનિ** - તેમને; **અહં** - હું; **પુનઃ** - ફરી; **વિસૃજામિ** - સર્જું છું;

**ભાવાર્થ :** હે કૌન્તેય ! કલ્પોના અંતે સહુ જીવો મારી પ્રકૃતિને પ્રાપ્ત થાય છે. પ્રકૃતિમાં લય પામે છે અને કલ્પોના આરંભે તેમને હું ફરી સર્જું છું. (૭)

**પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ।**
**ભૂતગ્રામમિમં કૃત્સ્નમવશં પ્રકૃતેર્વશાત્ ॥૮॥**

**સંધિવિગ્રહ : સ્વામવષ્ટભ્ય** - સ્વાં + અવષ્ટભ્ય; **ભૂતગ્રામમિમં** - ભૂતગ્રામં + ઈમં; **કૃતસ્નમવશં** - કૃત્સ્નં + અવશં; **પ્રકૃતેર્વશાત્** - પ્રકૃતેઃ + વશાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સ્વાં** - પોતાની; **પ્રકૃતિં** - પ્રકૃતિને; **અવષ્ટભ્ય** - સ્વીકારીને; (અવષ્યભ્ય - અવષ્ટંભ્ ધાતુ (૧-૫) (આધાર લેવો - સ્વીકાર કરવો); નું સંબંધક ભૂતકૃદંત અવષ્ટભ્ય); **પ્રકૃતેઃ** - સ્વભાવના; **વશાત્** - બળને લીધે; **અવશં** - પરવશ થયેલા; **ઈમં** - આ; **કૃત્સ્નં** - સમગ્ર; **ભૂતગ્રામં** - જીવસમુદાયને; **પુનઃ પુનઃ** - વારંવાર; (તેમના કર્મો પ્રમાણે); **વિસૃજામિ** - સર્જું છું;

**ભાવાર્થ :** પોતાની પ્રકૃતિને સ્વીકારીને સ્વભાવના બળને લીધે પરવશ થયેલા આ સમગ્ર જીવસમુદાયને હું વારંવાર (તેમનાં કર્મ પ્રમાણે) સર્જું છું. (૮)

**ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ।**
**ઉદાસીનવદાસીનમસકતં તેષુ કર્મસુ ॥૯॥**

**સંધિવિગ્રહ : ઉદાસીનવદાસીનમસકતં** - ઉદાસીનવત્ + આસીનં + અસક્તં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ધનંજય** - હે અર્જુન; **તેષુ** - તે; **કર્મસુ** - કર્મોમાં; **અસક્તં** - આસક્તિરહિત; **ચ** - અને; **ઉદાસીનવત્** - ઉદાસીનની માફક; **આસીનં** - સ્થિત; **માં** - મને (પરમાત્માને); **તાનિ કર્માણિ** - તે કર્મો; **નિબધ્નન્તિ** - બાંધતા નથી;

**ભાવાર્થ :** હે અર્જુન ! તે કર્મોમાં આસક્તિરહિત ઉદાસીનની માફક સ્થિત એવા મને પરમાત્માને તે કર્મો બાંધતા નથી. (૯)

**મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્ ।**
**હેતુનાનેન કૌન્તેય જગદ્વિપરિવર્તતે ॥૧૦॥**

**સંધિવિગ્રહ : મયાધ્યક્ષેણ** - મયા + અધ્યક્ષેણ; **સચરાચરં** - સચર + અચરં; **હેતુનાનેન** - હેતુના + અનેન; **જગદ્વિપરિવર્તતે** - જગત્ + વિપરિવર્તતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય (અર્જુન); **મયા** - મારા; **અધ્યક્ષેણ** - અધિષ્ઠાતા (અધ્યક્ષ)ના (પ્રભાવથી); **પ્રકૃતિઃ** - પ્રકૃતિ; **સચરાચરં** - સચરાચર સહિત (સર્વ જગત)ને; **સૂયતે** - સર્જે છે; (અને) **અનેન** - આ; **હેતુના** - હેતુથી (જ); **જગત્** - આ સંસારચક્ર; **વિપરિવર્તતે** - ફરી રહ્યું છે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! મારા અધ્યક્ષના પ્રભાવથી પ્રકૃતિ સચરાચર સહિત આખા જગતને સર્જે છે અને આ હેતુથી

જ આ સંસારચક્ર ફરી રહ્યું છે. (૧૦)

**અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।**
**પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : મૂઢા માનુષીં** - મૂઢાઃ + માનુષીં; **તનુમાશ્રિતમ્** - તનું + આશ્રિતં; **ભાવમજાનન્તો મમ** - ભાવં + અજાનન્તઃ + મમ; (**મહેશ્વર** - મહા + ઈશ્વર);

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (આમ થવા છતાં); **મમ** - મારા; **પરં ભાવં** - પરમ ભાવને; **અજાનન્તઃ** - નહીં જાણનારા; **મૂઢાઃ** - મૂઢ લોકો; **માનુષીં** - મનુષ્યનું; **તનું** - શરીર; **આશ્રિતં** - ધારણ કરનારા; **માં** - મારા; **ભૂતમહેશ્વરં** - સર્વ જીવોના (પણ) મહાન ઈશ્વરને; **અવજાનન્તિ** - અવગણે છે; (પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને માટે મનુષ્યરૂપે વિચરતા મને પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે);

**ભાવાર્થ :** (આમ થવા છતાં) મારા પરમ ભાવને નહીં જાણનારા મૂઢ લોકો મનુષ્યનું શરીર ધારણ કરનારા મારા સર્વ જીવોના પણ મહાન ઈશ્વરને અવગણે છે; (પોતાની યોગમાયાથી સંસારના ઉદ્ધારને માટે મનુષ્યરૂપે વિચરતા મને પરમેશ્વરને સામાન્ય માણસ ગણે છે). (૧૧)

**મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।**
**રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ** - મોઘાશાઃ + મોઘકર્માણઃ + મોઘજ્ઞાનાઃ + વિચેતસઃ; **રાક્ષસીમાસુરીં** - રાક્ષસીં + આસુરીં; **ચૈવ** - ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે); **મોઘાશાઃ** - વ્યર્થ આશા રાખનારા; **મોઘકર્માણઃ** - વ્યર્થ કર્મ કરનારા; **મોઘજ્ઞાનાઃ** - વ્યર્થ જ્ઞાનવાળા; **વિચેતસઃ** - વિક્ષિપ્ત ચિત્તવાળા અજ્ઞાનીઓ; **રાક્ષસીં** - રાક્ષસી; **આસુરીં** - આસુરી; **ચ** - અને; **મોહિનીં** - મોહિની (મોહ પમાડનારી); **પ્રકૃતિં** - પ્રકૃતિને; **એવ** - જ; **શ્રિતાઃ** - ધારણ કરી રાખે છે;

**ભાવાર્થ :** તે વ્યર્થ આશા રાખનારા, વ્યર્થ કર્મ કરનારા, વ્યર્થ જ્ઞાનવાળા, વિક્ષિપ્ત ચિત્તવાળા અજ્ઞાનીઓ રાક્ષસી, આસુરી અને મોહિની પ્રકૃતિને જ ધારણ કરી રાખે છે. (૧૨)

**મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।**
**ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : મહાત્માનસ્તુ** - મહાત્માનઃ + તુ; **પ્રકૃતિમાશ્રિતાઃ** - પ્રકૃતિં + આશ્રિતાઃ; **ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા** - ભજન્તિ + અનન્યમનસઃ + જ્ઞાત્વા; **ભૂતાદિમવ્યયં** - ભૂતાદિં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **પાર્થ** - હે પાર્થ; **દૈવીં પ્રકૃતિં** - દૈવી પ્રકૃતિને; **આશ્રિતાઃ** - આશ્રિત; **મહાત્માનઃ** -

મહાત્માઓ; **માં** - મને; **ભૂતાર્દિ** - સર્વ પ્રાણીઓનાં (સનાતન કારણ); (તથા) **અવ્યયં** - નાશ રહિત અક્ષર સ્વરૂપ; **જ્ઞાત્વા** - જાણીને; **અનન્યમનસઃ** - અનન્ય મનથી યુક્ત થઈને; **ભજન્તિ** - (નિરંતર) ભજે છે;

**ભાવાર્થ :** પરંતુ હે પાર્થ ! દૈવી પ્રકૃતિને આશ્રિત મહાત્માઓ મને સર્વ પ્રાણીઓનાં સનાતન કારણ તથા નાશરહિત અક્ષર સ્વરૂપ જાણીને અનન્ય મનથી યુક્ત થઈને નિરંતર ભજે છે. (૧૩)

**સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દઢવ્રતાઃ ।**
**નમસ્યન્તશ્ચ માં ભકત્યા નિત્યયુક્તા ઉપાસતે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : કીર્તયન્તો માં** - કીર્તયન્તઃ + માં; **યતન્તશ્ચ** - યતન્તઃ + ચ; **નમસ્યન્તશ્ચ** - નમસ્યન્તઃ + ચ; **નિત્યયુક્તા ઉપાસતે** - નિત્યયુક્તાઃ + ઉપાસતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને તે); **દઢવ્રતાઃ** - દઢનિશ્ચયી ભક્તો; **સતતં** - નિરંતર; **કીર્તયન્તઃ** - (મારા નામ અને ગુણોનું) કીર્તન કરતા; **ચ** - અને; (મને પ્રાપ્ત કરવા); **યતન્તઃ** - પ્રયત્ન કરતા; **ચ** - અને; **માં** - મને (વારંવાર); **નમસ્યન્તઃ** - પ્રણામ કરતા; **નિત્યયુક્તાઃ** - સદા મારા ધ્યાનમાં યુક્ત થઈને; **ભકત્યા** - (અનન્ય) પ્રેમથી; **માં** - મારી; **ઉપાસતે** - ઉપાસના કરે છે;

**ભાવાર્થ :** અને તે દઢનિશ્ચયી ભક્તો નિરંતર મારા નામ અને ગુણોનું કીર્તન કરતા અને મને પ્રાપ્ત કરવા પ્રયત્ન

કરતા અને મને વારંવાર પ્રણામ કરતાં સદા મારા ધ્યાનમાં યુક્ત થઈને અનન્ય પ્રેમથી મારી ઉપાસના કરે છે. (૧૪)

**જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામુપાસતે ।**
**એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : ચાપ્યન્યે** - ચ + અપિ + અન્યે; **યજન્તો મામુપાસતે** - યજન્તઃ + માં + ઉપાસતે; **વિશ્વતોમુખમ્** - વિશ્વતઃ + મુખં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અન્યે** - અન્ય (જે) (જ્ઞાનયોગી); **માં** - મારા (નિર્ગુણ) નિરાકાર બ્રહ્મનું; **જ્ઞાનયજ્ઞેન** - જ્ઞાનયજ્ઞ દ્વારા; **એકત્વેન** - અભિન્ન ભાવે; **યજન્તઃ** - પૂજન કરતાં કરતાં; **અપિ** - પણ; (મારી ઉપાસના કરે છે); **ચ** - અને (બીજા મનુષ્યો-ભક્તો); **બહુધા** - અનેક પ્રકારે (અન્ય પ્રકાર); **વિશ્વતો મુખં** - મારા વિરાટ સ્વરૂપ પરમેશ્વરની; **પૃથક્ત્વેન** - અલગ ભાવે; **ઉપાસતે** - ઉપાસના કરે છે; (આખા બ્રહ્માંડમાં જેટલા પણ ચરાચર પ્રાણીઓ છે તેમને મારું સ્વરૂપ માનીને મુજ વિરાટ સ્વરૂપ પરમેશ્વરની પૃથક્ ભાવે ઉપાસના કરે છે);

**ભાવાર્થ :** અન્ય જે જ્ઞાનયોગી મારા નિર્ગુણ, નિરાકાર બ્રહ્મનું જ્ઞાનયજ્ઞ દ્વારા અભિન્નભાવે પૂજન કરતાં કરતાં પણ મારી ઉપાસના કરે છે, અને બીજા ભક્તો અન્ય પ્રકારે મારા વિરાટ સ્વરૂપ પરમેશ્વરની અલગ ભાવે ઉપાસના કરે છે. (આખા

બ્રહ્માંડમાં જેટલા પણ ચરાચર પ્રાણીઓ છે તેમને મારું સ્વરૂપ માનીને મુજ વિરાટ સ્વરૂપ પરમેશ્વરની પૃથક્ ભાવે ઉપાસના કરે છે.) (૧૫)

**અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્ ।**
**મન્ત્રોઽહમહમેવાજ્યમહમગ્નિરહં હુતમ્ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : ક્રતુરહં** - ક્રતુઃ + અહં; **સ્વધાહમહમૌષધમ્** - સ્વધા + અહં + ઔષધં; **મન્ત્રોઽહમહમેવાજ્યમહમગ્નિરહં** - મન્ત્રઃ + અહં + અહં + એવ + આજ્યં + અગ્નિઃ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કારણ કે); **ક્રતુઃ** - ક્રતુ (**શ્રૌતકર્મ** - વેદોક્ત કર્મ); **યજ્ઞઃ અહં** - યજ્ઞ હું છું; **સ્વધા અહં** - સ્વધા (પિતૃઓને શ્રાદ્ધમાં અપાતો પિંડ) હું છું; **ઔષધં અહં** - ઔષધ હું છું; **મંત્રઃ અહં** - મંત્ર હું છું; **આજ્યં અહં** - ઘી હું છું; **અગ્નિઃ અહં** - અગ્નિ હું છું; **હુતં અહં** - હવન રૂપ ક્રિયા; **એવ** - પણ હું છું;

**ભાવાર્થ :** કારણ કે હું જ શ્રૌતકર્મ છું, યજ્ઞ, સ્વધા, ઔષધ, મંત્ર, ઘી, અગ્નિ, હવનરૂપી ક્રિયા પણ હું જ છું. (૧૬)

**પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।**
**વેદ્યં પવિત્રમોઙ્કાર ઋક્સામ યજુરેવ ચ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : પિતાહમસ્ય** - પિતા + અહં + અસ્ય; **જગતો માતા** - જગતઃ + માતા; **પવિત્રમોઙ્કાર ઋક્સામ** - પવિત્રં

+ ઑંકારઃ + ઋક્ + સામ; **યજુરેવ** - યજુઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અસ્ય** - આ; **જગતઃ** - સમગ્ર જગતનો; **ધાતા** - ધાતા (ધારણ કરનાર તેમજ કર્મોનાં ફળને દેનાર); **માતધાતા પિતામહઃ** - માતા, પિતા, દાદા; **વેદ્યં** - જે જાણવા યોગ્ય છે (તે તત્ત્વ); **પવિત્રં** - પવિત્ર; **ઑંકારઃ** - ઑંકાર; **ઋક્ સામ ચ યજુઃ** - ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ; (પણ) **અહં** - હું; **એવ** - જ; (છું);

**ભાવાર્થ :** આ સમગ્ર જનતનો ધાતા (ધારણ કરનાર તેમજ કર્મોનાં ફળને દેનાર) માતા, પિતા, દાદા, જે જાણવા યોગ્ય છે તે તત્ત્વ પવિત્ર ઑંકાર, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું જ છું. (૧૭)

**ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।**
**પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમવ્યયમ્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ગતિર્ભર્તા** - ગતિઃ + ભર્તા; **બીજમવ્યયમ્** - બીજં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વાયર્થ : ગતિઃ** - પ્રાપ્ત થવા યોગ્ય પરમપદ સ્વરૂપ પરમગતિ; **ભર્તા** - ભરણપોષણ કરનારા; **પ્રભુઃ** - સૌના સ્વામી; **સાક્ષી** - શુભ અશુભના સાક્ષી (જોનારા); **નિવાસઃ** - સૌનું રહેઠાણ; **શરણં** - શરણ લેવા યોગ્ય; **સુહૃત્** - પ્રત્યુપકાર ઈચ્છ્યા વગર હિત કરનારા; **પ્રભવઃ** - સૌની ઉત્પત્તિ; (અને)

**પ્રલયઃ** - સૌના પ્રલયના હેતુરૂપ; **સ્થાનં** - સ્થિતિનો આધાર; **અવ્યયં** - અવિનાશી; **બીજં** - કારણ; **(અહં** - હું જ છું);

**ભાવાર્થ :** પ્રાપ્ત થવા યોગ્ય પરમપદ સ્વરૂપ પરમગતિ, ભરણપોષણ કરનારા સૌના સ્વામી, સાક્ષી (શુભ અશુભના જોનારા), સૌનું રહેઠાણ, શરણ લેવા યોગ્ય, પ્રત્યુપકાર (ઈચ્છા વગર હિત કરનારા), સૌની ઉત્પત્તિ અને પ્રલયના હેતુરૂપ સ્થિતિનો આધાર અવિનાશી કારણ હું જ છું. (૧૮)

**તપામ્યહમહં વર્ષં નિગૃહ્‌ણામ્યુત્સૃજામિ ચ ।**
**અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥૧૯॥**

**સંધિવિગ્રહ : તપામ્યહમહં** - તપામિ + અહં + અહં; **નિગૃહ્‌ણામ્યુત્સૃજામિ** - નિગૃહ્‌ણામિ + ઉત્સૃજામિ; **ચૈવ** - ચ + એવ; **મૃત્યુશ્ચ** - મૃત્યુઃ + ચ; **સદસચ્ચાહમર્જુન** - સત્ + અસત્ + ચ + અહં + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું (જ); **તપામિ** - (સૂર્ય રૂપે) તપું છું; **વર્ષં** - વર્ષાને; **નિગૃહ્‌ણામિ** - (સમુદ્ર વગેરે સ્થાનોમાંથી) ખેંચું (આકર્ષણ કરું) છું; **ચ** - અને; (તેને) **ઉત્સૃજામિ** - વરસાવું છું; **અર્જુન** - હે અર્જુન !; **અહં એવ અમૃતં** - હું જ અમૃત છું; **ચ** - અને; **મૃત્યુઃ** - મૃત્યુ છું; **ચ** - અને; **સત્ અસત્** - સત્ અસત્; **ચ** - પણ; હું (જ) છું;

**ભાવાર્થ :** હું જ સૂર્ય રૂપે તપું છું, વર્ષાને સમુદ્ર વગેરે

સ્થાનોમાંથી આકર્ષણ કરું છું અને તેને વરસાવું છું, હે અર્જુન ! હું જ અમૃત છું અને મૃત્યુ છું અને સત્ અસત્ પણ હું જ છું. (૧૯)

**ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા**
**યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।**
**તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોકમશ્નન્તિ**
**દિવ્યાન્દિવિ દેવભોગાન્ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : પૂતપાપા યજ્ઞૈરિષ્ટ્વા** - પૂતપાપાઃ + યજ્ઞૈઃ + ઈષ્ટ્વા; **પુણ્યમાસાદ્ય** - પુણ્યં + આસાદ્ય; **સુરેન્દ્રલોકમશ્નન્તિ** - સુરેન્દ્રલોકં + અશ્નન્તિ; **દિવ્યાન્દિવિ** - દિવ્યાન્ + દિવિ; **ત્રૈવિદ્યા માં** - ત્રૈવિદ્યાઃ + માં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્રૈવિદ્યાઃ** - ત્રણે વેદોમાં વિધાન કરોયેલા સકામ કર્મ કરનારા; **સોમપાઃ** - સોમરસનું પાન કરનારા; **પૂતપાપાઃ** - પાપરહિત (પુરુષો); **માં** - મને; **યજ્ઞૈઃ** - યજ્ઞો દ્વારા; **ઈષ્ટ્વા** - પૂજીને; **સ્વર્ગતિં પ્રાર્થયન્તે** - સ્વર્ગની પ્રાપ્તિ ચાહે છે; **તે** - તે પુરુષો; **પુણ્યં** - પોતાનાં પુણ્યોનાં ફળ સ્વરૂપે; **સુરેન્દ્રલોકં આસાદ્ય** - સ્વર્ગલોક પામીને; **દિવિ** - સ્વર્ગમાં; **દિવ્યાન્** - દિવ્ય; **દેવભોગાન્** - દેવતાઓના ભોગોને; **અશ્નન્તિ** - ભોગવે છે;

**ભાવાર્થ :** ત્રણે વેદોમાં વિધાન કરાયેલા સકામ કર્મ કરનારા, સોમરસનું પાન કરનારા, પાપરહિત પુરુષો મને

યજ્ઞો દ્વારા પૂજીને સ્વર્ગ પામવા ચાહે છે; તે પુરુષો પોતાનાં પુણ્યોનાં ફળ સ્વરૂપ સ્વર્ગલોક પામીને સ્વર્ગમાં દિવ્ય દેવતાઓના ભોગ ભોગવે છે. (૨૦)

**તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં**
**ક્ષીણે પુણ્ય મર્ત્યલોકં વિશન્તિ ।**
**એવં ત્રયીધર્મમનુપ્રપન્ના ગતાગતં**
**કામકામા લભન્તે ॥૨૧॥**

**સંધિવિગ્રહ : ત્રયીધર્મમનુપ્રપન્ના ગતાગતં** - ત્રયીધર્મ + અનુપ્રપન્નાઃ + ગતાગતં; **કામકામા લભન્તે** - કામકામાઃ + લભન્તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે** - તેઓ; **તં** - તે; **વિશાલં સ્વર્ગલોકં** - વિશાળ સ્વર્ગલોકને; **ભુકત્વા** - ભોગવીને; **પુણ્યે ક્ષીણે** - પુણ્યક્ષીણ થતાં; **મર્ત્યલોકં વિશાન્તિ** - મૃત્યુલોકને પ્રાપ્ત થાય છે; (મૃત્યુલોકમાં પાછા આવે છે); **એવં** - આ પ્રકારે; (સ્વર્ગપ્રાપ્તિનાં સાધન રૂપ); **ત્રયીધર્મમ્** - ત્રણે વેદોમાં કહેલા સકામ કર્મ કરીને; **અનુપ્રપન્નાઃ** - (તે કર્મોનાં) આશ્રય લેનારા; (તેમજ) **કામકામાઃ** - ભોગોની કામનાવાળા પુરુષો (ભોગોને ઈચ્છનારા પુરુષો); **ગતાગતં** - વારંવાર આવાગમનને પ્રાપ્ત થાય છે. (વારંવાર સ્વર્ગમાં જવું અને મૃત્યુલોકમાં પાછા આવવું)

(પુણ્યના પ્રભાવથી સ્વર્ગ પામે; પુણ્યક્ષીણ થવાથી

મૃત્યુલોકમાં આવે);

**ભાવાર્થ :** તેઓ તે વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્યક્ષીણ થતાં મૃત્યુલોકમાં પાછા આવે છે આ પ્રકારે સ્વર્ગપ્રાપ્તિનાં સાધન રૂપ ત્રણે વેદોમાં કહેલાં સકામ કર્મ કરીને તે કર્મોના આશ્રય લેનારા તેમજ ભોગોને ઈચ્છનારા પુરુષો પુણ્યના પ્રભાવથી સ્વર્ગ પામે અને પુણ્યક્ષીણ થવાથી મૃત્યુલોકમાં આવે છે. (૨૧)

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : અનન્યાશ્ચિન્તયન્તો માં** - અનન્યાં + ચિન્તયન્તઃ + માં; **નિત્યાભિયુક્તાનાં** - નિત્ય + અભિયુક્તાનાં; **વહામ્યહમ્** - વહામિ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે; **અનન્યાઃ** - અનન્ય (પ્રેમી); **જનાઃ** - ભક્તજન; **માં** - મને (પરમેશ્વરને); **ચિન્તયન્તઃ** - નિરંતર ચિંતન કરતા; **પર્યુપાસતે** - (નિષ્કામ ભાવથી) ભજે છે; **તેષાં** - તે; **નિત્યાભિયુક્તાનાં** - નિત્ય નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોના; **યોગક્ષેમં** - યોગક્ષેમનું; **અહં** - હું (જાતે જ); **વહામિ** - વહન કરું છું;

**ભાવાર્થ :** જે અનન્ય પ્રેમી ભક્તજનો મારું પરમેશ્વરનું નિરંતર ચિંતન કરનારા ભક્તો મને નિષ્કામ ભાવથી ભજે છે તે નિત્ય નિરંતર મારું ચિંતન કરનારા ભક્તોનાં યોગક્ષેમનું હું

જાતે જ વહન કરું છું. (૨૨)

**યેપ્યડન્યદેવતા ભકતા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।**
**તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : યેપ્યડન્યદેવતા ભક્તા યજન્તે** - યે + અપિ + અન્યદેવતાઃ + ભક્તાઃ + યજન્તે; **શ્રદ્ધયાન્વિતાઃ** - શ્રદ્ધયા + અન્વિતાઃ; **તેડપિ** - તે + અપિ; **મામેવ** - માં + એવ; **યજન્ત્યવિધિપૂર્વકમ્** - યજન્તિ + અવિધિપૂર્વકં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે કૌંતેય; **અપિ** - જોકે; **શ્રદ્ધયા** - શ્રદ્ધાથી; **અન્વિતાઃ** - યુક્ત; **યે** - જે (સકામ); **ભક્તાઃ** - ભક્તો; **અન્યદેવતાઃ** - અન્ય દેવતાઓને; **યજન્તે** - પૂજે છે; **તે અપિ** - તેઓ પણ; **માં એવ** - મને જ; **યજન્તિ** - પૂજે છે; (પરંતુ તેમનું તે પૂજન); **અવિધિપૂર્વક** - અવિધિપૂર્વકનું (અજ્ઞાનપૂર્વકનું) છે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! જો કે શ્રદ્ધાથી યુક્ત જે સકામ ભક્તો અન્ય દેવતાઓને પૂજે છે તેઓ પણ મને જ પૂજે છે; પરંતુ તેમનું તે પૂજન અજ્ઞાનપૂર્વકનું છે. (૨૩)

**અહં હિ સર્વયજ્ઞાનાં ભોકતા ચ પ્રભુરેવ ચ ।**
**ન તુ મામભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે ॥૨૪॥**

**સંધિવિગ્રહ : પ્રભુરેવ** - પ્રભુ + એવ; **મામભિજાનન્તિ**

- માં + અભિજાનન્તિ; **તત્ત્વેનાતશ્ચ્યવન્તિ** - તત્ત્વેન + અતઃ + ચ્યવન્તિ; (**ચ્યુ ધાતુ** - પતન થવું);

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **સર્વયજ્ઞાનાં** - સર્વ યજ્ઞોનો; **ભોક્તા** - ભોક્તા (ભોગવનાર); **ચ** - અને; **પ્રભુઃ** - સ્વામી; **ચ** - પણ; **અહં એવ** - હું જ છું; **તુ** - પરંતુ; **તે** - તેઓ; **માં** - મને (પરમેશ્વરને); **તત્ત્વેન** - તત્ત્વથી; **ન અભિજાનન્તિ** - જાણતા નથી; **અતઃ** - તેથી (જ); **ચ્યવન્તિ** - (તેમનું) પતન થાય છે (તેઓ પુનર્જન્મ પામે છે);

**ભાવાર્થ :** કેમ કે સમસ્ત યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હું જ છું; પરંતુ તેઓ મને પરમેશ્વરને જાણતા નથી તેથી જ તેમનું પતન થાય છે (તેઓ પુનર્જન્મ પામે છે.) (૨૪)

**યાન્તિ દેવવ્રતા દેવાન્પિતૃન્યાન્તિ પિતૃવ્રતાઃ ।**
**ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોઽપિ મામ્ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : દેવવ્રતા દેવાન્પિતૃન્યાન્તિ** - દેવવ્રતાઃ + દેવાન્ + પિતૃન્ + યાન્તિ; **ભૂતેજ્યા યાન્તિ** - ભૂતેજ્યાઃ + યાન્તિ; **મદ્યાજિનોઽપિ** - મદ્યાજિનઃ + અપિ; (**મદ્યાજિન્** - મત્ + યાજિન્);

**શબ્દાર્થ, અન્વયાર્થ : દેવવ્રતાઃ** - દેવતાઓનું પૂજન કરનારા; **દેવાન્ યાન્તિ** - દેવતાઓને પામે છે; **પિતૃવ્રતાઃ** - પિતૃઓને પૂજનારા; **પિતૃન્ યાન્તિ** - પિતૃઓને પામે છે;

**ભૂતેજ્યાઃ** - ભૂતોને પૂજનારા; **ભૂતાનિ** - ભૂતોને; **યાન્તિ** - પામે છે; (અને) **મદ્યાજિનઃ** - મારું પૂજન કરનારા; **માં અપિ** - મને જ; **યાન્તિ** - પામે છે (માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ થતો નથી);

**ભાવાર્થ :** દેવતાઓનું પૂજન કરનારા દેવતાઓને, પિતૃઓને પૂજનારા પિતૃઓને અને ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે; જ્યારે મારું પૂજન કરનારા મને જ પામે છે (માટે જ મારા ભક્તોનો પુનર્જન્મ થતો નથી). (૨૫)

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।**
**તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : યો મે** - યઃ + મે; **તદહં** - તત્ + અહં; **ભક્ત્યુપહૃતમશ્નામિ** - ભકત્યુપહૃતં + અશ્નામિ; (**ભકત્યુપહૃત** - ભક્તિ + ઉપહૃત);

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે કોઈ (ભક્ત); **મે** - મને; **ભકત્યા** - પ્રેમથી; **પત્રં, પુષ્પં, ફલં, તોયં** - પત્ર, પુષ્પ, ફળ (અને) જળ વગેરે; **પ્રયચ્છતિ** - અર્પણ કરે છે; (તે) **પ્રયતાત્મનઃ** - શુદ્ધ બુદ્ધિવાળા નિષ્કામ પ્રેમી ભક્તનું; **ભકત્યુપહૃતં** - પ્રેમપૂર્વક અર્પણ કરેલું; **તત્** - તે (પત્ર, પુષ્પ વગેરે); **અહં** - હું; (સગુણરૂપે પ્રકટ થઈને ખૂબ જ પ્રેમથી; **અશ્નામિ** - આરોગું છું;

**ભાવાર્થ :** જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ,

જળ વગેરે અર્પણ કરે છે; તે શુદ્ધ બુદ્ધિવાળા નિષ્કામ પ્રેમી ભક્તનું પ્રેમપૂર્વક અર્પણ કરેલું તે પત્ર પુષ્પ વગેરે હું સગુણરૂપે પ્રકટ થઈને ખૂબ જ પ્રેમથી આરોગું છું. (૨૬)

**યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।**
**યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : યત્કરોષિ** - યત્ + કરોષિ; **યદશ્નાસિ** - યત્ + અશ્નાસિ; **યજ્જુહોષિ** - યત્ + જુહોષિ; **યત્તપસ્યસિ** - યત્ + તપસ્યસિ; **તત્કુરુષ્વ** - તત્ + કુરુષ્વ; **મદર્પણમ્** - મત્ + અર્પણં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય; **યત્** - જે (કર્મ); **કરોષિ** - તું કરે છે; **યત્ અશ્નાસિ** - જે ખાય છે; **યત્ જુહોષિ** - જે હોમે છે; **યત્ દદાસિ** - જે દાન કરે છે; (તથા) **યત્ તપસ્યસિ** - જે તપ કરે છે; **તત્** - તે; **મદર્પણં કુરુષ્વ** - (સર્વ કાંઈ) મને અર્પણ કર;

**ભાવાર્થ :** હે કૌંતેય ! તું જે કાંઈ કરે છે, ખાય છે, હોમે છે, દાન કરે છે તથા જે તપ કરે છે તે સર્વ કાંઈ મને અર્પણ કર. (૨૭)

**શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।**
**સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : શુભાશુભફલૈરેવં** - શુભાશુભફલૈઃ +

એવં; **વિમુક્તો મામુપૈષ્યસિ** - વિમુક્તઃ + માં + ઉપૈષ્યસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એવં** - આ પ્રકારે; **સંન્યાસયોગયુક્તાત્મા** - (જેમાં સમસ્ત કર્મો અને ભગવાનને અર્પણ થાય છે) એવા સંન્યાસયોગથી યુક્ત થયેલા ચિત્તવાળો તું; **શુભાશુભફલૈઃ** - શુભાશુભ ફળરૂપી; **કર્મબંધનૈઃ** - કર્મ બંધનમાંથી; **મોક્ષ્યસે** - મુક્ત થઈ જઈશ; (અને તેનાથી) **વિમુક્તઃ** - મુક્ત થયેલો તું; **માં** - મને (જ); **ઉપૈષ્યસિ** - પામશે;

**ભાવાર્થ :** આ પ્રકારે જેમાં સમસ્ત કર્મો મને ભગવાનને અર્પણ થાય છે એવા સંન્યાસયોગથી યુક્ત થયેલા ચિત્તવાળો તું, શુભાશુભ ફળરૂપી કર્મ બંધનમાંથી મુક્ત થયેલો તું મને જ પામશે. (૨૮)

**સમોऽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોऽસ્તિ ન પ્રિયઃ ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : સમોऽહં** - સમઃ + અહં; **દ્વેષ્યોऽસ્તિ** - દ્વેષ્યઃ + અસ્તિ; **ચાપ્યહમ્** - ચ + અપિ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **સર્વભૂતેષુ** - સર્વ જીવોમાં; **સમઃ** - સમભાવે વ્યાપક છું; **ન મે દ્વેષ્યઃ** - ન તો, કોઈ મને અપ્રિય છે; (કે) **ન પ્રિયઃ** - ન પ્રિય છે; **તુ** - તેમ છતાં પણ; **યે** - જે ભક્તો; **માં ભકત્યા** - મને પ્રેમથી; **ભજન્તિ** - ભજે છે; **તે મયિ** - તે (સર્વ) મારામાં છે; **ચ** - અને; **અહં અપિ** - હું

પણ; **તેષુ** - તેમનામાં પ્રત્યક્ષરૂપે પ્રકટ છું;

**ભાવાર્થ :** હું સર્વ જીવોમાં સમભાવે વ્યાપક છું ન તો કોઈ મને અપ્રિય છે; કે ન તો પ્રિય છે તેમ છતાં પણ જે ભક્તો મને પ્રેમથી ભજે છે તે સર્વ મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષરૂપે પ્રકટ છું. (૨૯)

**અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।**
**સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : ચેત્સુદુરાચારો ભજતે** - ચેત્ + સુદુરાચારઃ + ભજતે; **મામન્યભાક્** - માં + અનન્યભાક્; **સાધુરેવ** - સાધુઃ + એવ; **સ મન્તવ્યઃ** - સઃ + મંતવ્યઃ; **સમ્યગ્વ્યવસિતો હિં** - સમ્યક્ + વ્યવસિતઃ + હિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચેત્** - જે (કોઈ); **સુદુરાચારઃ** - અત્યંત દુરાચારી; **અપિ** - પણ; **અનન્યભાક્** - અનન્ય ભાવથી મારો ભક્ત થઈને; **માં ભજતે** - મને ભજે છે (તો); **સઃ** - તે; **સાધુઃ** - સાધુ; **એવ** - જ; **મંતવ્યઃ** - માનવા યોગ્ય છે; **હિ** - કેમ કે; **સઃ** - તે; **સમ્યક્** - યથાર્થ; **વ્યવસિતઃ** - નિશ્ચય કરનારો છે (તેણે દઢતાથી નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરનાં ભજન જેવું અન્ય કાંઈ પણ નથી);

**ભાવાર્થ :** જે કોઈ અત્યંત દુરાચારી પણ અનન્ય ભાવથી મારો ભક્ત થઈને મને ભજે છે તે સાધુ જ માનવા યોગ્ય

છે, કેમ કે તે યથાર્થ (ખરો) નિશ્ચય કરનારો છે, તેણે દૃઢતાથી નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરનાં ભજન જેવું અન્ય કાંઈ પણ નથી. (૩૦)

**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।**
**કૌન્તેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥૩૧॥**

**સંધિવિગ્રહ : શશ્વચ્છાન્તિં** - શશ્વત્ + શાંતિં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી તે) **ક્ષિપ્રં** - શીઘ્ર જ; **ધર્માત્મા ભવતિ** - ધર્માત્મા થઈ જાય છે; (અને) **શશ્વત્** - શાશ્વત; **શાંતિં નિગચ્છતિ** - શાંતિ પામે છે; **કૌંતેય** - હે કૌંતેય; **પ્રતિજાનીહિ** - નિશ્ચયપૂર્વક સત્ય જાણ; **(જાનીહિ** - જાણ); (કે) **મે ભક્તઃ** - મારો ભક્ત; **ન પ્રણશ્યતિ** - નાશ પામતો નથી;

**ભાવાર્થ :** તેથી તે તરત જ ધર્માત્મા થઈ જાય છે; અને શાશ્વત શાંતિ પામે છે, હે કૌંતેય ! તું નિશ્ચયપૂર્વક આ સત્ય જાણ કે મારો ભક્ત નાશ પામતો નથી. (૩૧)

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ ।**
**સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ ॥૩૨॥**

**સંધિવિગ્રહ : યેઽપિ** - યે + અપિ; **સ્ત્રિયો વૈશ્યાસ્તથા** - સ્ત્રિયઃ + વૈશ્યાઃ + તથા; **શૂદ્રાસ્તેઽપિ** - શૂદ્રાઃ + તે + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **પાર્થ** - હે અર્જુન; **સ્ત્રિયાઃ વૈશ્યાઃ શૂદ્રાઃ** - સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો; **તથા** - તથા; **પાપયોનયઃ** - ચાંડાલો (વગેરે); **યે** - જે કોઈ; **અપિ** - પણ; **સ્યુઃ** - હોય; **તે અપિ** - તેઓ પણ; **માં** - મારે; **વ્યપાશ્રિત્ય** - શરણે આવીને; **પરાંગતિં** - પરમગતિ; **યાન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** કેમ કે હે પાર્થ ! સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો તથા ચાંડાલો વગેરે જે કોઈ પણ તેઓ પણ મારે શરણે આવીને પરમગતિ ગતિ પામે છે. (૩૨)

**કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।**
**અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : પુનર્બ્રાહ્મણાઃ** - પુનઃ + બ્રાહ્મણા; **પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા** – પુણ્યાઃ + ભક્તાઃ + રાજર્ષયઃ + તથા; **અનિત્યમસુખં** - અનિત્યં + અસુખં; **લોકમિંમં** - લોકં + ઈમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જો લોકો આ પરમ ગતિને પામતા હોય તો); **પુણ્યાઃ** - પુણ્યશાળી; **બ્રાહ્મણાઃ** - બ્રાહ્મણો; **તથા** - તથા; **રાજર્ષયઃ ભક્તાઃ** – રાજર્ષિ ભક્તો (મારે શરણે આવીને પરમગતિ પામે); **કિં પુનઃ** - એમાં તો વળી કહેવું જ શું ? (માટે તું) **અસુખં અનિત્યં** - સુખરહિત અને ક્ષણભંગુર; **ઈમં** - આ; **લોકં** - મનુષ્ય દેહ; **પ્રાપ્ય** - પામીને; (નિરંતર) **માં** - મને (જ); **ભજસ્વ** - ભજ;

**ભાવાર્થ :** જો લોકો આ પરમ ગતિને પામતા હોય તો પુણ્યશાળી બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તો પણ મારે શરણે આવીને પરમગતિ પામે એમાં તો વળી કહેવું જ શું ? માટે તું સુખરહિત અને ક્ષણભંગુર આ મનુષ્ય દેહ પામીને નિરંતર મને જ ભજ. (૩૩)

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : મન્મના ભવઃ** - મન્મનાઃ + ભવ; **મદ્ભક્તો મદ્યાજી** - મદ્ભક્તઃ + મદ્યાજી (**મદ્ભક્ત** - મત્ + ભક્તઃ; **મદ્યાજી** - મત્ + યાજી); **મામેવૈષ્યસિ** - માં + એવ + એષ્યસિ; **યુક્ત્વૈવમાત્માનં** - યુક્ત્વા + એવં + આત્માનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મન્મનાઃ ભવ** - મારામાં (તારું) મન પરોવ; **મદ્ભક્તઃ** (ભવ) - મારો ભક્ત થા; **મદ્યાજી** - મારું (જ) પૂજન કર; **માં નમસ્કુરુ** - મને પ્રણામ કર; **એવં** - આ રીતે; **આત્મનં** - આત્માને; (મારામાં) **યુક્ત્વા** - પરોવીને; **મત્પરાયણઃ** - મારે પરાયણ થયેલો (તું); **માં એવ એષ્યસિ** - મને જ પામીશ;

**ભાવાર્થ :** મારામાં તારું મન પરોવ, મારો ભક્ત થા, મારું જ પૂજન કર, મને પ્રણામ કર; આ રીતે આત્માને મારામાં પરોવીને મને પરાયણ થયેલો તું મને જ પામીશ. (૩૪)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ
બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે
રાજવિદ્યારાજગુહ્યયોગો નામ નવમોડધ્યાયઃ ॥૯॥**

**॥ રાજવિદ્યારાજગુહ્યયોગ નામનો
નવમો અધ્યાય સમાપ્ત ॥**

•

# દશમ અધ્યાય (દશમો અધ્યાય)

## વિભૂતિ યોગ

**અથ દશમોઽધ્યાયઃ ।** **અથ દશમઃ + અધ્યાયઃ ।**

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**ભૂય એવ મહાબાહો શ્રુણુ મે પરમં વચઃ ।**
**યત્તેઽહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા ॥૧॥**

**સંધિવિગ્રહ : ભૂય એવ** - ભૂયઃ + એવ; **યત્તેઽહં** - યત્ + તે + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ અર્જુન; **ભૂયઃ** - (હજી) ફરીથી; **એવ** - પણ; **મે** - મારા; **પરમં** - પરમ (રહસ્ય તેમજ પ્રભાવને જણાવનાર); **વચઃ** - વચન; **શ્રુણુ** - સાંભળ; **યત્** - જેને; **અહં** - હું; **પ્રીયમાણાય** - મારામાં અત્યંત પ્રેમ રાખનાર; **તે** - તને (તારા); **હિતકામ્યયા** - હિતની ઈચ્છાથી; **વક્ષ્યામિ** - કહીશ;

**ભાવાર્થ :** હે અર્જુન ! હજી ફરીથી પણ મારા પરમ રહસ્ય તેમજ પ્રભાવને જણાવનારું વચન સાંભળ, જેને હું મારામાં અત્યંત પ્રેમ રાખનાર તને તારા હિતની ઈચ્છાથી કહીશ. (૧)

**ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ ।**
**અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ ॥૨॥**

**સંધિવિગ્રહ : અહમાદિર્હિ** - અહં + આદિઃ + હિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મે** - મારી; **પ્રભવં** - ઉત્પત્તિને (અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને); **ન સુરગણાઃ** - ન તો દેવતાઓ; (કે) **ન મહર્ષયઃ** - ન તો મહર્ષિઓ; (પણ) **વિદુઃ** - જાણતા; **હિ** - કારણ કે; **અહં** - હું; **સર્વશઃ** - સર્વ પ્રકારે; **દેવાનાં** - દેવતાઓનું; **ચમહર્ષીણાં** - અને મહર્ષિઓનું (પણ); **આદિઃ** - આદિ (કારણ) છું;

**ભાવાર્થ :** મારી ઉત્પત્તિને (અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને) નથી જાણતા દેવતાઓ કે નથી મહર્ષિઓ પણ જાણતા, કારણ કે હું સર્વ પ્રકારે દેવતાઓનું તથા મહર્ષિઓનું પણ આદિ કારણ છું. (૨)

**યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।**
**અસમ્મૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૩॥**

**સંધિવિગ્રહ : યો મામજમનાદિં** - યઃ + માં + અજં + અનાદિં; **સ મર્ત્યેષુ** - સઃ + મર્ત્યેષુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **માં** - મને; **અજં** - જન્મરહિત; **અનાદિં** - અનાદિ; **ચ** - અને; **લોકમહેશ્વરં** - સર્વ લોકોનો મહેશ્વર; **વેત્તિ** - તત્ત્વથી જાણે છે; **સઃ** - તે; **મર્ત્યેષુ અસમ્મૂઢઃ** - સર્વ મનુષ્યમાં જ્ઞાની મનુષ્ય; **સર્વપાપૈઃ** - સર્વ પાપોમાંથી; **પ્રમુચ્યતે** - મુક્ત થઈ જાય છે;

**ભાવાર્થ :** જે મને જન્મરહિત, અનાદિ અને સર્વ લોકોના મહેશ્વર તરીકે તત્ત્વથી જાણે છે તે, સર્વ મનુષ્યોમાં જ્ઞાની મનુષ્ય સર્વ પાપોમાંથી મુક્ત થઈ જાય છે. (૩)

**બુદ્ધિર્જ્ઞાનમસમ્મોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ ।**
**સુખં દુઃખં ભવોડભાવો ભયં ચાભયમેવ ચ ॥૪॥**

**અહિંસા સમતા તુષ્ટિસ્તપો દાનં યશોડયશઃ ।**
**ભવન્તિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિર્જ્ઞાનમસમ્મોહઃ** - બુદ્ધિં + જ્ઞાનં + અસમ્મહઃ; **ભવોડભાવો ભયં** - ભવઃ + અભાવઃ + ભયં; **ચાભયમેવ** - ચ + અભયં + એવ; **મત્ત એવ** - મત્તઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : બુદ્ધિઃ** - નિશ્ચય કરવાની શક્તિ; **જ્ઞાનં** - (યથાર્થ) જ્ઞાન; **અસમ્મોહઃ** - મોહનો અભાવ; **ક્ષમા** - ક્ષમા; **સત્યં** - સત્ય; **દમ** - ઈન્દ્રિયોને વશમાં રાખવી; **શમઃ** - મનનો નિગ્રહ; **એવ** - તેમજ; **સુખં દુઃખં** - સુખ અને દુઃખ; **ભવઃ** – ઉત્પત્તિ; **અભવઃ** - પ્રલય; **ચ** - અને; **ભયં અભયં** - ભય અને અભય; **ચ** - તથા; **અહિંસા** - અહિંસા; **સમતા** - સમતા; **તુષ્ટિઃ** - સંતોષ; **તપ** - તપ; **દાનં** - દાન; **યશઃ અપયશઃ** - યશ અને અપયશ; **(એવં** - એવા આ); **ભૂતાનાં** - પ્રાણીઓના (આવા); **પૃથગ્વિધાઃ** - અનેક પ્રકારના; **ભાવાઃ** - ભાવો; **મત્તઃ એવ** - મારાથી જ; **ભવન્તિ** - થાય છે;

**ભાવાર્થ :** નિશ્ચય કરવાની શક્તિ, યથાર્થ જ્ઞાન, મોહનો અભાવ, ક્ષમા, સત્ય, ઇન્દ્રિયોને વશમાં રાખવી; મન પર સંયશ, તેમજ સુખ-દુ:ખ, ઉત્પત્તિ, પ્રલય, ભય-અભય તથા અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ અપયશ એવા આ પ્રાણીઓના આવા અનેક પ્રકારના ભાવો મારાથી જ થાય છે. (૪), (૫)

**મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા।**
**મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઈમાઃ પ્રજાઃ ॥૬॥**

**સંધિવિગ્રહ : ચત્વારો મનવસ્તથા** - ચત્વારઃ + મનવઃ + તથા; **મદ્ભાવા માનસા જાતા યેષાં** - મદ્ભાવાઃ + માનસાઃ + જાતાઃ + યેષાં; **લોક ઈમાઃ** - લોકે + ઈમા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સપ્ત** - સાત; **મહર્ષયઃ** - મહર્ષિઓ (મરીચી, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ); **ચત્વારઃ** - ચાર (એમની પણ) **પૂર્વે** - પૂર્વે થયેલા સનકાદિ (સનક, વગેરે – સનક, સનંદન; સનાતન, સનત્કુમાર); **તથા** - તથા; **મનવઃ** - સ્વાયંભુવ આદિ ૧૪ મનુઓ; **મદ્ભાવાઃ** - મારામાં ભાવ રાખનારા; (આ સર્વ); **માનસાઃ** - મારા સંકલ્પથી; **જાતાઃ** - જન્મેલા છે; **યેષાં** - જેમની; **લોકે** - સંસારમાં; **ઈમાઃ પ્રજાઃ** - આ (સર્વ) પ્રજા છે;

**ભાવાર્થ :** સાત મહર્ષિઓ (તથા) ચાર એમની પણ પૂર્વે થયેલા સનકાદિ, સ્વાયંભુવ આદિ ૧૪ મનુઓ, મારામાં

ભાવ રાખનારા આ સર્વ મારા સંકલ્પથી જન્મેલા છે જેમની સંસારમાં આ સર્વ પ્રજા છે. (૬)

**એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ ।**
**સોઽવિકંપેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ ॥૭॥**

**સંધિવિગ્રહ : યો વેત્તિ** - યઃ + વેત્તિ; **સોઽવિકંપેન** - સઃ + અવિકંપેન; **નાત્ર** - ન + અત્ર;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે પુરુષ; **મમ** - મારી; **એતાં** - આ; **વિભૂતિં** - પરમ ઐશ્વર્ય સ્વરૂપ વિભૂતિને; **ચ** - અને; **યોગં** - યોગશક્તિને; **તત્ત્વતઃ** - તત્ત્વથી; **વેત્તિ** - જાણે છે; **સઃ** - તે; **અવિકંપેન** - નિશ્ચલ; **યોગેન** - ભક્તિયોગથી; **યુજ્યતે** - યુક્ત થઈ જાય છે; **અત્ર** - (અહીં) આમાં કોઈપણ; **સંશયઃ ન** - સંશય નથી;

**ભાવાર્થ :** જે પુરુષ મારી આ પરમ ઐશ્વર્ય સ્વરૂપ વિભૂતિને અને યોગશક્તિને તત્ત્વથી જાણે છે તે નિશ્ચલ ભક્તિયોગથી યુક્ત થઈ જાય છે એમાં કોઈપણ સંશય નથી. (૭)

**અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।**
**ઈતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ ॥૮॥**

**સંધિવિગ્રહ : પ્રભવો મત્તઃ** - પ્રભવઃ + મત્તઃ; **બુધા ભાવસમન્વિતાઃ** - બુધાઃ + ભાવસમન્વિતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું (વાસુદેવ જ); **સર્વસ્ય** - સમગ્ર જગતની; **પ્રભવઃ** - ઉત્પત્તિનું (કારણ છું અને); **મત્તઃ** - મારાથી જ; **સર્વં** - સમગ્ર જગત; **પ્રવર્તતે** - ચેષ્ટા કરે છે; **ઈતિ** - આ પ્રમાણે; **મત્વા** - માનીને; **ભાવસમન્વિતાઃ** - શ્રદ્ધા અને ભક્તિયુક્ત; **બુધાઃ** - બુદ્ધિમાન ભક્તો; **માં** - મને; (પરમેશ્વરને જ); **ભજન્તે** - (સર્વદા) ભજે છે;

**ભાવાર્થ :** હું વાસુદેવ જ સમગ્ર જગતની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી જ સમગ્ર જગત ચેષ્ટા કરે છે; આ પ્રમાણે માની (સમજી)ને શ્રદ્ધા અને ભક્તિયુક્ત બુદ્ધિમાન ભક્તો મને (પરમેશ્વરને જ) ભજે છે. (૮)

**મચ્ચિત્તા મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।**
**કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥૯॥**

**સંધિવિગ્રહ : મચ્ચિત્તા મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ** - મચ્ચિત્તાઃ + મદ્‌ગતપ્રાણાઃ + બોધયન્તં; **કથયન્તશ્ચ** - કથયન્તઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને જે ભક્તો); **મચ્ચિત્તાઃ** - સતત મારામાં જ ચિત્ત પરોવીને અને; **મદ્‌ગતપ્રાણાઃ** - મને જ પ્રાણ અર્પણ કરનારા ભક્તો (મારી ભક્તિથી ચર્ચા દ્વારા); **પરસ્પરં** - પરસ્પર (એકબીજાને) મારા પ્રભાવને; **બોધયન્તઃ** જણાવનારા; **ચ** - તથા (ગુણ અને પ્રભાવસહિત મારું કથન કરતાં કરતાં); **ચ** - અને; **નિત્યં** - નિરંતર; **તુષ્યન્તિ** - સંતોષ પામે છે; **ચ** -

અને; **માં** - મારા (વાસુદેવ)માં જ )નિરંતર); **રમન્તિ** - રમણ કરે છે;

**ભાવાર્થ :** અને જે ભક્તો સતત મારામાં જ ચિત્ત પરોવીને, તેમજ મને પ્રાણ અર્પણ કરનારા મારા ભક્તો મારી ભક્તિથી ચર્ચા દ્વારા એકબીજાને મારા પ્રભાવને સમજાવનારા, ગુણ અને પ્રભાવસહિત મારી કથા કરતાં કરતાં નિરંતર સંતુષ્ટ રહે છે અને મારામાં - (વાસુદેવમાં) જ (નિરંતર) રમણ કરે છે. (૯)

**તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।**
**દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥૧૦॥**

**સંધિવિગ્રહ : મામુપયાન્તિ** - મામ્ + ઉપયાન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તેષાં** - તે; **સતતયુક્તાનાં** - નિરંતર મારા ધ્યાન વગેરેમાં લાગેલા (તથા); **પ્રીતિપૂર્વકં** - પ્રેમપૂર્વક; **ભજતાં** - ભજનારા મારા ભક્તોને હું; **તં બુદ્ધિયોગં** - તે તત્ત્વજ્ઞાનરૂપ યોગ; **દદામિ** - આપું છું; **યેન** - જેનાથી; **તે** - તેઓ; **મામ્** - મને જ; **ઉપયાન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** તે નિરંતર મારા ધ્યાન વગેરેમાં લાગેલા તથા પ્રેમપૂર્વક ભજનારા મારા ભક્તોને હું તે તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું જેનાથી તેઓ મને જ પામે છે. (૧૦)

**તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં તમઃ ।**
**નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥૧૧॥**

**સંધિવિગ્રહ : તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં** - તેષામ્ + એવ + અનુકંપાર્થમ્ + અહં + અજ્ઞાનજં; **નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન** - નાશયામિ + આત્મભાવસ્થઃ + જ્ઞાનદીપેન;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે અર્જુન); **તેષાં** - તેમના પર; **અનુકંપાર્થં** - અનુગ્રહ કરવા માટે; **આત્મભાવસ્થઃ** - તેમના અંતઃકરણમાં રહેલો; **અહં એવ** - હું જાતે જ; **અજ્ઞાનજં** - તેમના અજ્ઞાનજન્ય; **તમઃ** - અંધકારને; **ભાસ્વતા** - પ્રકાશમય; **જ્ઞાનદીપેન** - તત્ત્વજ્ઞાન રૂપી દીપક દ્વારા; **નાશયામિ** - નાશ કરું છું;

**ભાવાર્થ :** હે અર્જુન ! તેમના ઉપર અનુગ્રહ કરવા માટે તેમનાં અંતકરણાં રહેલો હું જાતે જ તેમના અજ્ઞાનજન્ય અંધકારને પ્રકાશમય તત્ત્વજ્ઞાનરૂપી દીપક દ્વારા નાશ કરું છું. (૧૧)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ।**
**પુરુષં શાશ્વતં દિવ્યમાદિદેવમજં વિભુમ્ ॥૧૨॥**

**આહુસ્ત્વામૃષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।**
**અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ॥૧૩॥**

**સંધિવિગ્રહ : દિવ્યમાદિદેવમજં** - દિવ્યં + આદિદેવં + અજં; **આહુસ્ત્વામૃષયઃ** - આહુઃ + ત્વાં + ઋષયઃ; **દેવર્ષિર્નારદસ્તથા** - દેવર્ષિઃ + નારદઃ + તથા; **અસિતો દેવલો વ્યાસાઃ** - અસિતઃ + દેવલઃ + વ્યાસઃ; **ચૈવ** - ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભવાન્** - આપ; **પરં** - પરમ; **બ્રહ્મ** - બ્રહ્મ; **પરં ધામ** - પરમ ધામ; **પરમં પવિત્રં** - પરમ પવિત્ર છો; (કેમ કે) **ત્વાં** - આપને; **સર્વે** - સર્વ; **ઋષયઃ** - ઋષિઓ; **શાશ્વતં** - સનાતન; **દિવ્યં** - દિવ્ય; **પુરુષં** - પુરુષ (તથા) **આદિદેવં** - દેવોના પણ આદિદેવ; **અજં** - અજન્મા; (તેમજ) **વિભુઃ** - સર્વવ્યાપી; **આહુઃ** - કહે છે; **તથા** - તેવું જ; **દેવર્ષિ નારદઃ** - દેવર્ષિ નારદ (તથા); **અસિતઃ** - અસિત; **દેવલઃ** - દેવલ ઋષિ (તથા) **વ્યાસઃ** - મહર્ષિ વ્યાસ પણ કહે છે; **ચ** - અને; **સ્વયં** - આપ જાતે; **એવ** - જ; **મે** - મને; **બ્રવીષિ** - કહો છો;

**ભાવાર્થ :** આપ પરમ બ્રહ્મ, પરમ ધામ અને પવિત્ર છો; કેમ કે આપને સર્વ ઋષિઓ સનાતન, દિવ્ય પુરુષ તથા દેવોના પણ આદિદેવ, અજન્મા તેમજ સર્વવ્યાપી કહે છે; તે જ પ્રમાણે દેવર્ષિ નારદ, અસિત દેવલ ઋષિ તથા મહર્ષિ વ્યાસ પણ કહે છે અને આપ જાતે જ મને (પણ) કહો છો. (૧૨, ૧૩)

**સર્વમેતદૃતં મન્યે યન્માં વદસિ કેશવ ।**
**ન હિ તે ભગવન્વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : સર્વમેતદૃતં** - સર્વમ્+ એતત્ + ઋતં;

**યન્માં** - યત્ + મામ્; **ભગવન્વ્યક્તિં** - ભગવન્ + વ્યક્તિં; **વિદુર્દેવા ન** - વિદુઃ + દેવાઃ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કેશવ** - હે કેશવ; **યત્** - જે (કાંઈપણ); **મામ્** - મને; **વદસિ** - આપ કહી રહ્યા છો; **એતત્ સર્વં** - એ સર્વ; **ઋતં મન્યે** - સત્ય માનું છું; **ભગવન્** - હે ભગવાન; **તે** - આપના; **વ્યક્તિં** - લીલામય સ્વરૂપને; **ન દાનવાઃ** - ન તો દાનવો; **વિદુઃ** - જાણે છે; (તેમજ) **ન દેવા** - ન તો દેવો; **હિ** - પણ (જાણતા);

**ભાવાર્થ :** હે કેશવ ! જે કાંઈપણ મને આપ કહી રહ્યા છો એ સર્વને હું સત્ય માનું છું; હે ભગવાન ! આપના લીલામય સ્વરૂપને ન તો દાનવો યા ન તો દેવો પણ જાણતા નથી. (૧૪)

**સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ ।**
**ભૂતભાવન ભૂતેશ દેવદેવ જગત્પતે ॥૧૫॥**

**સંધિવિગ્રહ : સ્વયમેવાત્મનાત્માનં** - સ્વયમ્ + એવ + આત્મના + આત્માનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભૂતભાવન** - હે જીવોને ઉત્પન્ન કરનારા; **ભૂતેશ** - જીવોના ઈશ્વર; **જગત્પતે** - જગતના સ્વામી; **પુરુષોત્તમ** - હે પુરુષોત્તમ; **ત્વં** - આપ; **સ્વયં** - સ્વયં; **એવ** - જ; **આત્મના** - પોતાનાથી; **આત્માનં** - પોતાને; **વેત્થ** - જાણો છો;

**ભાવાર્થ :** હે જીવોને ઉત્પન્ન કરનારા, જીવોના ઈશ્વર, જગતના સ્વામી, હે પુરુષોત્મ ! આપ સ્વયં જ પોતાનાથી પોતાને જાણો છો. (૧૫)

**વક્તુમર્હસ્યશેષેણ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।**
**યાભિર્વિભૂતિભિર્લોકાનિમાંસ્ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : વક્તુમર્હસ્યશેષણ** - વક્તુમ્ + અર્હસિ + અશેષેણ; **દિવ્યા હ્યાત્મવિભૂતયઃ** - દિવ્યાઃ + હિ + આત્મવિભૂતય; **યાભિર્વિભૂતિભિર્લોકાનિમાંસ્ત્વં** - યાભિઃ + વિભૂતિભિઃ + લોકાન્ + ઈમાન્ + ત્વં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી હે ભગવાન); **ત્વં હિ** - આપ જ; **દિવ્યાઃ આત્યવિભૂતયઃ** - આપની દિવ્ય વિભૂતિઓને; **અશેષેણ** - સંપૂર્ણપણે; **વક્તું અર્હસિ** - કહેવા સમર્થ છો; **યાનિ** - જે; **વિભૂતિભિઃ** – વિભૂતિઓ દ્વારા; (આપ); **ઈમાન્ લોકાન્** - આ સર્વ લોકોને; **વ્યાપ્ય** - વ્યાપીને; **તિષ્ઠસિ** - રહેલા છો;

**ભાવાર્થ :** તેથી હે ભગવાન ! આપ જ આપની વિભૂતિઓને સંપૂર્ણપણે કહેવા સમર્થ છો; જે વિભૂતિઓ દ્વારા આપ આ સર્વ લોકોમાં વ્યાપીને રહેલા છો. (૧૬)

**કથં વિદ્યામહં યોગિંસ્ત્વાં સદા પરિચિન્તયન્ ।**
**કેષુ કેષુ ચ ભાવેષુ ચિન્ત્યોઽસિ ભગવન્મયા ॥૧૭॥**

**સંધિવિગ્રહ : વિદ્યામહં** - વિદ્યામ્ + અહં; **યોગિંસ્ત્વાં**

- યોગિન્ + ત્વાં; **ચિન્ત્યોઽસિ** - ચિન્ત્યઃ + આસિ; **ભગવન્મયા** - ભગવન્ + મયા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યોગિન્** - હે યોગેશ્વર; **અહં** - હું; **કથં** - કેવી રીતે; **સદા** - સદા; **પરિચિંતયન્** - ચિંતન કરતો; **ત્વાં** - આપને; **વિદ્યાં** - જાણી શકું; **ચ** - અને; **ભગવન્** - હે ભગવાન; (અપિ); **કેષુ કેષુ** - કયા કયા; **ભાવેષુ** - ભાવોમાં; **મયા** - મારા વડે; **ચિંત્યઃ અસિ** - ચિંતન કરવા યોગ્ય છો;

**ભાવાર્થ :** હે યોગેશ્વર ! હું કેવી રીતે સદા ચિંતન કરતો આપને જાણી શકું ? અને હે ભગવાન ! આપ કયા કયા ભાવોમાં મારા વડે ચિંતન કરવા યોગ્ય છો ? (૧૭)

**વિસ્તરેણાત્મનો યોગં વિભૂતિં ચ જનાર્દન ।**
**ભૂયઃ કથય તૃપ્તિર્હિ શ્રુણ્વતો નાસ્તિ મેઽમૃતમ્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : વિસ્તરેણાત્મનો યોગં** - વિસ્તરેણ + આત્મનઃ + યોગં; **તૃપ્તિર્હિ** - તૃપ્તિઃ - હિ; **શ્રુણ્વતો નાસ્તિ** - શ્રુણ્વતઃ + ન + અસ્તિ; **મેઽમૃતમ્** - મે + અમૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનાર્દન** - હે જનાર્દન; **આત્મનઃ** - પોતાની (આપની પોતાની); **યોગં** - યોગશક્તિને; **ચ** - અને; **વિભૂતિં** - વિભૂતિને; **ભૂયઃ** - હજી પણ (ફરીથી); **વિસ્તરેણ** - વિસ્તારથી; **કથય** - કહો; **હિ** - કેમ કે (આપનાં); **અમૃતં** - અમૃતમય વચનોને; **શ્રુણ્વતઃ** - સાંભળતાં; **મે** - મને; **તૃપ્તિઃ**

**ન અસ્તિ** - તૃપ્તિ થતી નથી; (મારી સાંભળવાની ઉત્કંઠા વધતી જાય છે.)

**ભાવાર્થ :** હે જનાર્દન ! આપની પોતાની યોગશક્તિને અને વિભૂતિને હજી પણ વિસ્તારથી કહો; કેમ કે આપનાં અમૃતમય વચનો સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. (મારી સાંભળાવાની ઉત્કંઠા વધતી જાય છે. (૧૮)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।**
**પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ નાસ્ત્યન્તો વિસ્તરસ્ય મે ॥૧૯॥**

**સંધિવિગ્રહ : દિવ્યા હ્યાત્મવિભૂતયઃ** - દિવ્યાઃ + હિ + આત્મવિભૂતયઃ; **નાસ્ત્યન્તો વિસ્તરસ્ય** - ન + અસ્તિ + અંતઃ + વિસ્તરસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુરુશ્રેષ્ઠ** - હે કુરુશ્રેષ્ઠ; **હન્ત** - હવે (અનુકંપા દર્શાવવા 'હંત' કહે છે); **દિવ્યાઃ આત્મવિભૂતયઃ** - (મારી) દિવ્ય વિભૂતિઓ છે તે; **તે** - તારા માટે (તને); **પ્રાધાન્યતઃ** - મુખ્ય મુખ્ય રૂપે; **કથયિષ્યામિ** - કહીશ; **હિ** - કેમ કે; **મે વિસ્તરસ્ય** - મારા વિસ્તારનો; **અન્તઃ ન અસ્તિ** - અંત નથી.

**ભાવાર્થ :** હે કુરુશ્રેષ્ઠ; હવે હું જે મારી દિવ્ય વિભૂતિઓ છે તે તને મુખ્ય મુખ્ય રૂપે કહીશ કારણ કે મારા વિસ્તારનો અંત નથી. (૧૯)

**અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ ।**
**અહમાદિશ્ચ મધ્યં ચ ભૂતાનામન્ત એવ ચ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : અહમાત્મા** - અહમ્ + આત્મા; **સર્વભૂતાશયસ્થિતઃ** - સર્વભૂત + આશય; (આશયનો અર્થ અહીં 'હૃદય' લેવાનો છે) + સ્થિતઃ; **અહમાદિશ્ચ** - અહમ્ + આદિઃ + ચ; **ભૂતાનામન્ત એવ** - ભૂતાનામ્ + અંતઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ગુડાકેશ** - હે અર્જુન; (**ગુડાકા** - નિદ્રા; **ગુડાકેશ** - નિદ્રાને જીતનારા); **અહં** - હું; **સર્વભૂતાશયસ્થિતઃ** - તમામ જીવોનાં હૃદયમાં રહેલો; **આત્મા** - સહુનો આત્મા છુ; **ચ** - અને; **ભૂતાનાં** - તમામ જીવોનો; **આદિઃ મધ્યઃ ચ અન્તઃ** - આદિ, મધ્ય અને અંત; **અહં એવ** - હું જ (છું);

**ભાવાર્થ :** હે નિદ્રાને જીતનારા અર્જુન ! હું તમામ જીવોનાં હૃદયમાં રહેલો સહુનો આત્મા છું; અને તમામ જીવોના આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. (૨૦)

**આદિત્યાનામહં વિષ્ણુર્જ્યોતિષાં રવિરંશુમાન્ ।**
**મરીચિર્મરુતામસ્મિ નક્ષત્રાણામહં શશી ॥૨૧॥**

**સંધિવિગ્રહ : આદિત્યાનામહં** - આદિત્યાનામ્ + અહં; **વિષ્ણુર્જ્યોતિષાં** - વિષ્ણુઃ + જ્યોતિષાં; **રવિરંશુમાન્** - રવિઃ + અંશુમાન્; **મરીચિર્મરુતામસ્મિ** - મરિચિઃ + મરુતામ્ + અસ્મિ; **નક્ષત્રાણામહં** - નક્ષત્રાણામ્ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ હે અર્જુન); **અહં** - હું; **આદિત્યાનાં** - અદિતિના બાર પુત્રોમાં; **વિષ્ણુઃ** - વિષ્ણુ; **જ્યોતિષાં** - જ્યોતિઓમાં; **અંશુમાન્** - કિરણોવાળો; **રવિ** - સૂર્ય; **અસ્મિ** - છું; (તથા) **અહં** - હું; **મરુતાં** - ઓગણપચાસ વાયુદેવતાઓમાં; **મરીચિ** - તેજ; (તેમજ); **નક્ષત્રાણાં** - નક્ષત્રોનો; **શશી** - (અધિપતિ) ચંદ્ર છું;

**ભાવાર્થ :** તેમજ હે અર્જુન ! હું અદિતિના બાર પુત્રોમાં વિષ્ણુ અને જ્યોતિઓમાં કિરણોવાળો સૂર્ય છું તથા હું ઓગણપચાસ વાયુદેવતાઓમાં (મરીચિ) તેજ તેમજ નક્ષત્રોની અધિપતિ ચંદ્ર છું. (૨૧)

**વેદાનાં સામવેદોઙસ્મિ દેવાનામસ્મિ વાસવઃ ।**
**ઈન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામસ્મિ ચેતના ॥૨૨॥**

**સંધિવિગ્રહ : સામવેદોઙસ્મિ** - સામવેદઃ + અસ્મિ; **દેવાનામસ્મિ** - દેવાનામ્ + અસ્મિ; **મનશ્ચાસ્મિ** - મનઃ + ચ + અસ્મિ; **ભૂતાનામસ્મિ** - ભૂતાનામ્ + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વેદાનાં** - વેદોમાં; **સામવેદઃ અસ્મિ** - હું સામવેદ છું; **દેવાનાં** - દેવોમાં; **વાસવઃ** - ઈન્દ્ર; **અસ્મિ** - છુ; **ઈન્દ્રિયાણાં** - ઈન્દ્રિયોમાં; **મનઃ અસ્મિ** - મન છું; **ભૂતાનાં** - પ્રાણીઓમાં; **ચેતના** - ચેતના (જીવનશક્તિ) છું.

**ભાવાર્થ :** વેદોમાં હું સામવેદ, દેવોમાં ઈન્દ્ર, ઈન્દ્રિયોમાં

મન અને પ્રાણીઓમાં જીવનશક્તિ (ચેતના) છું. (૨૨)

**રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ્ ।**
**વસૂનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામહમ્ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : શંકરાશ્ચાસ્મિ** - શંકરઃ + ચ + અસ્મિ; (**વિત્તેશ** - વિત્ત + ઈશ / ધનનો સ્વામી કુબેર); **વિત્તેશો યક્ષરક્ષસામ્** - વિત્તેશઃ + યક્ષરક્ષસાં; **પાવકશ્ચાસ્મિ** - પાવકઃ + ચ + અસ્મિ; **શિખરિણામહમ્** - શિખરિણાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રુદ્રાણાં** - ૧૧ રુદ્રોમાં; **શંકરઃ અસ્મિ** - હું શંકર છું; **યક્ષરક્ષસાં** - યજ્ઞરાક્ષસોમાં; **વિત્તેશઃ** - ધનનો સ્વામી કુબેર છું; **વસુનાં** - વસુઓમાં; **પાવકઃ અસ્મિ** - હું અગ્નિ છું; **ચ** - અને; **શિખરિણાં** - શિખરોવાળા પર્વતોમાં; **મેરુઃ** - સુમેરુ પર્વત; **અહં** - હું છું;

**ભાવાર્થ :** ૧૧ રુદ્રોમાં શંકર છું, યક્ષ રાક્ષસોમાં કુબેર છું, ૮ વસુઓમાં હું અગ્નિ છું; અને શિખરોવાળા પર્વતોમાં સુમેરુ પર્વત હું છું. (૨૩)

**પુરોધસાં ચ મુખ્યં માં વિદ્ધિ પાર્થ બૃહસ્પતિમ્ ।**
**સેનાનીમહં સ્કંદઃ સરસામસ્મિ સાગરઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : સેનાનીમહં** - સેનાનીનાં + અહં; **સરસામપિ** - સરસાં + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પુરોધસાં મુખ્ય** - પુરોહિતોમાં મુખ્ય; **બૃહસ્પતિં** - બૃહસ્પતિ; **મામ્** - મને; **વિદ્ધિઃ** - જાણ; **પાર્થ** - હે પાર્થ; **સેનાનીનાં અહં સ્કન્દઃ** - સેનાપતિઓમાં હું સ્કંદ; **ચ** - અને; **સરસાં** - જળાશયોમાં; **સાગરઃ** - સાગર; **અસ્મિ** - છું;

**ભાવાર્થ :** પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ; હે પાર્થ! સેનાપતિઓમાં હું સ્કંદ અને જળાશયોમાં હું સાગર છું. (૨૪)

**મહર્ષીણાં ભૃગુરહં ગિરામસ્મ્યેકમક્ષરમ્ ।**
**યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : ભૃગુરહં** - ભૃગુઃ + અહં; **ગિરામસ્મ્યેકમક્ષરમ્** - ગિરાં + અસ્મિ + એકં + અક્ષરં; **જપયજ્ઞોઽસ્મિ** - જપયજ્ઞઃ + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહર્ષીણાં** - મહર્ષિઓમાં; **અહં** - હું; **ભૃગુઃ** - ભૃગુ (અને); **ગિરાં** - શબ્દોમાં; **એકં અક્ષરં અસ્મિ** - (અર્થ બોધક શબ્દોમાં) એક અક્ષર એટલે ૐકાર છું; **યજ્ઞાનાં** - સર્વ પ્રકારના યજ્ઞોમાં; **જપયજ્ઞઃ** - જપયજ્ઞ; (અને) **સ્થાવરાણાં** - સ્થાવરોમાં; **હિમાલયઃ** - હિમાલય છું.

**ભાવાર્થ :** મહર્ષિઓમાં હું ભૃગુ અને અર્થબોધક શબ્દોમાં એક અક્ષર એટલે ૐકાર છું; સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ અને સ્થાવરોમાં હું હિમાલય છું. (૨૫)

**અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ ।**
**ગન્ધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : કપિલો મુનિઃ** - કપિલઃ + મુનિઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વવૃક્ષાણાં** - સર્વ વૃક્ષોમાં; **અશ્વત્થ** - પીપળાનું વૃક્ષ; **દેવર્ષીણાં નારદઃ** - દેવર્ષિઓમાં નારદ મુનિ; **ગન્ધર્વાણાં** - ગંધર્વોમાં; **ચિત્રરથઃ** - ચિત્રરથ; **ચ** - અને; **સિદ્ધાનાં** - સિદ્ધોમાં; **કપિલઃ મુનિઃ** - કપિલ મુનિ છું;

**ભાવાર્થ :** સર્વ વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, દેવર્ષિઓમાં નારદમુનિ, ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલ મુનિ છું. (૨૬)

**ઉચ્ચૈઃશ્રવસમશ્વાનાં વિદ્ધિ મામમૃતોદ્ભવમ્ ।**
**ઐરાવતં ગજેન્દ્રાણાં નરાણાં ચ નરાધિપમ્ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : ઉચ્ચૈઃશ્રવસમશ્વાનાં** - ઉચ્ચૈઃ + શ્રવસમ્ + અશ્વાનાં; **મામમૃતોદ્ભવમ્** - માં + અમૃત + ઉદ્ભવં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અશ્વાનાં** - ઘોડાઓમાં; **અમૃતોદ્ભવં** - અમૃતની સાથે ઉત્પન્ન થયેલો; **ઉચ્ચૈઃ શ્રવસં** - ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ; **ગજેન્દ્રાણાં** - શ્રેષ્ઠ હાથીઓમાં; **ઐરાવતં** - ઐરાવત નામનો હાથી; **ચ** - અને; **નરાણાં** - મનુષ્યોમાં; **નરાધિપં** - રાજા; **માં વિદ્ધિ** - મને જાણ;

**ભાવાર્થ :** ઘોડાઓમાં અમૃતની સાથે ઉત્પન્ન થયેલો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ, શ્રેષ્ઠ હાથીઓમાં ઐરાવત નામનો હાથી અને મનુષ્યોમાં રાજા મને જાણ. (૨૭)

**આયુધાનામહં વજ્રં ધેનૂનામસ્મિ કામધુક્ ।**
**પ્રજનશ્ચાસ્મિ કન્દર્પઃ સર્પાણામસ્મિ વાસુકિઃ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : આયુધાનામહં** - આયુધાનાં + અહં; **ધેનૂનામસ્મિ** - ધેનુનાં + અસ્મિ; **પ્રજનશ્ચાસ્મિ** - પ્રજનઃ + ચ + અસ્મિ; **સર્પાણામસ્મિ** - સર્પાણાં + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આયુધાનાં** - શસ્ત્રોમાં; **અહં વજ્રં** - હું વજ્ર; **ધેનુનાં** - ગાયોમાં; **કામધુક્** - કામધેનુ; **અસ્મિ** - છું; **પ્રજનઃ** - શાસ્ત્રોક્ત પ્રકારે સંતાનની ઉત્પત્તિનો જે હેતુ છે તે; **કન્દર્પઃ** - કામદેવ છું; **ચ** - અને; **સર્પાણાં** - સર્પોમાં; **વાસુકિઃ અસ્મિ** - વાસુકિ છું;

**ભાવાર્થ :** શસ્ત્રોમાં હું વજ્ર, ગાયોમાં કામધેનુ છું; શાસ્ત્રોક્ત પ્રકારે સંતાનની ઉત્પત્તિનો જે હેતુ છે તે કામદેવ છું અને સર્પોમાં સર્પરાજ વાસુકિ છું. (૨૮)

**અનન્તશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામહમ્ ।**
**પિતૃણામર્યમા ચાસ્મિ યમઃ સંયમતામહમ્ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : અનન્તશ્ચાસ્મિ** - અનંતઃ + ચ + અસ્મિ;

**વરુણો યાદસામહમ્** - વરુણઃ + યાદસાં + અહં; **ચાસ્મિ** - ચ + અસ્મિ; **સંયમતામહમ્** - સંયમતાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **નાગાનાં** - નાગોમાં; **અનંતઃ** - શેષનાગ; **ચ** - અને; **યાદસાં** - જળચરોનો અધિપતિ; **વરુણઃ** - વરુણ દેવતા; **અસ્મિ** - છું; **ચ** - અને; **પિતૃણાં** - પિતૃઓમાં; **અર્યમા** - અર્યમા નામનો પિતૃ; (તથા) **સંયમતાં** - શાસન કરનારાઓમાં; **યમઃ** - યમરાજા; **અહં અસ્મિ** - હું છું;

**ભાવાર્થ :** હું નાગોમાં શેષનાગ અને જળચરોનો અધિપતિ વરૂણ દેવતા છું અને પિતૃઓમાં અર્યમા નામનો પિતૃ તથા શાસન કરનારાઓમાં યમરાજા હું છું. (૨૯)

**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામહમ્ ।**
**મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહં વૈનતેયશ્ચ પક્ષિણામ્ ॥૩૦॥**

**સંધિવિગ્રહ : પ્રહ્લાદશ્ચાસ્મિ** - પ્રહલાદઃ + ચ + અસ્મિ; **કલયતામહમ્** - કલયતાં + અહં; **મૃગેન્દ્રોઽહં** - મૃગેન્દ્રઃ + અહં; **વૈનતેયશ્ચ** - વૈનતેયઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દૈત્યાનાં** - દૈત્યોમાં; **અહં** - હું; **પ્રહ્લાદઃ** - પ્રહ્લાદ (છું); **ચ** - અને; **કલયતાં** - ગણના કરનારાઓનો; **કાલઃ અસ્મિ** - સમય છું; **ચ** - અને; **મૃગાણાં** - પશુઓમાં; **મૃગેન્દ્રઃ** - મૃગરાજ સિંહ; **ચ** - અને; **પક્ષિણાં** - પક્ષીઓમાં; **અહં** - હું; **વૈનતેયઃ** - ગરુડ છું;

**ભાવાર્થ :** દૈત્યોમાં હું પ્રહલાદ છું અને ગણના કરનારાઓનો સમય છું અને પશુઓમાં મૃગરાજ સિંહ અને પક્ષીઓમાં હું ગરુડ છું. (૩૦)

**પવનઃ પવતામસ્મિ રામઃ શસ્ત્રભૃતામહમ્ ।**
**ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામસ્મિ જાહ્નવી ॥૩૧॥**

**સંધિવિગ્રહ : પવતાસ્મિ** - પવતાં + અસ્મિ; **શસ્ત્રભૃતામહમ્** - શસ્ત્રભૃતાં + અહં; **મકરાશ્ચાસ્મિ** - મકરઃ + ચ + અસ્મિ; **સ્રોતસામસ્મિ** - સ્રોતસાં + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પવતાં** - પાવન કરનારાઓમાં; **પવનઃ** - પવન; (અગ્નિ વાયુ - પવન) છું; (અને) **શસ્ત્રભૃતાં** - શસ્ત્રધારીઓમાં; **રામઃ અસ્મિ** - શ્રી રામ છું; (તથા) **ઝષાણાં** - માછલીઓમાં; **મકરઃ અસ્મિ** - મગર છું; **ચ** - અને; **સોતસાં** - નદીઓમાં; **જાહ્નવી અસ્મિ** - ગંગા છુ;

**ભાવાર્થ :** પાવન કરનારાઓમાં પવન અને શસ્ત્રધારીઓમાં શ્રીરામ, માછલીઓમાં મગર અને નદીઓમાં હું ગંગા છું. (૩૧)

**સર્ગાણામાદિરન્તશ્ચ મધ્યં ચૈવાહમર્જુન ।**
**અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામહમ્ ॥૩૨॥**

**સંધિવિગ્રહ : સર્ગાણામાદિરન્તશ્ચ** - સર્ગાણાં + આદિઃ + અન્તઃ + ચ; **ચૈવાહમર્જુન** - ચ + એવ + અહં + અર્જુન;

**પ્રવદતામહમ્** - પ્રગદતાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **સર્ગાણાં** - સૃષ્ટિઓનો; **આદિઃ** - આદિ; **ચ** - અને; **અન્તઃ** - અંત; **ચ** - તથા; **મધ્યં** - મધ્ય (પણ); **અહં** - હું; **એવ** - જ છું; **અહં** - હું; **વિદ્યાનાં** - વિદ્યાઓમાં; **અધ્યાત્મવિદ્યા** - અધ્યાત્મવિદ્યા (બ્રહ્મવિદ્યા); **ચ** - અને; **પ્રવદતાં** - પરસ્પર વિવાદ કરનારાઓનો; **વાદઃ** - તત્ત્વનિર્ણય માટે કરવામાં આવતો વાદ છું;

**ભાવાર્થ :** હે અર્જુન ! સૃષ્ટિઓનો આદિ, અંત તથા મધ્ય પણ હું જ છું વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા (બ્રહ્મવિદ્યા) અને પરસ્પર વિવાદ કરનારાઓનો તત્ત્વનિર્ણય માટે કરવામાં આવતો વાદ હું છું. (૩૨)

**અક્ષરાણામકારોઽસ્મિ દ્વન્દ્વઃ સામાસિકસ્ય ચ ।**
**અહમેવાક્ષયઃ કાલો ધાતાહં વિશ્વતોમુખઃ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : અક્ષરાણામકારોઽસ્મિ** - અક્ષરાણાં + અકારઃ + અસ્મિ; **અહમેવાક્ષયઃ** - અહં + એવ + અક્ષયઃ; **કાલો ધાતાહં** - કાલઃ + દાતા + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **અક્ષરાણાં** - અક્ષરોમાં; **અકારઃ** - અસ્મિ, આકાર છું; **ચ** - અને; **સામાસિકસ્ય** - સમાસોમાં; **દ્વન્દ્વઃ** - દ્વન્દ્વ નામનો સમાસ; **અસ્મિ** - છું; **અક્ષયઃ** - અક્ષય; **કાલઃ** - કાલ (કાળ)નો પણ મહાકાળ (તથા);

**વિશ્વતોમુખઃ** - સર્વ તરફ મુખ ધરાવનાર વિરાટ સ્વરૂપ; સૌનું; **ધાતા** - ભરણ (પોષણ) કરનાર (પણ); **અહં એવ** - હું જ છું;

**ભાવાર્થ :** હું અક્ષરોમાં અકાર છું અને સમાસોમાં દ્વન્દ્વ નામનો સમાસ છું; અક્ષય કાળ (કાળનો પણ મહાકાળ) તથા સર્વ તરફ મુખ ધરાવનાર, સૌનું ભરણપોષણ કરનાર પણ હું જ છું. (૩૩)

**મૃત્યુઃ સર્વહરશ્ચાહમુદ્ભવશ્ચ ભવિષ્યતામ્ ।**
**કીર્તિઃ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમા ॥૩૪॥**

**સંધિવિગ્રહ : સર્વહરશ્ચાહમુદ્ભવશ્ચ** - સર્વહરઃ + ચ + અહં + ઉદ્‌ભવઃ + ચ; **શ્રીર્વાક્ચ** - શ્રીઃ + વાક્ + ચ; **સ્મૃતિર્મેધા** - સ્મૃતિઃ + મેધા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **સર્વહરઃ** - સૌનો નાશ કરનાર; **મૃત્યુઃ** - મૃત્યુ; **ચ** - અને; **ભવિષ્યતાં** - ઉત્પન્ન થનારાઓની; **ઉદ્‌ભવઃ** - ઉત્પત્તિનો હેતુ છું; **ચ** - અને; **નારીણાં** - સ્ત્રીઓમાં; **કીર્તિઃ** - કીર્તિ; **શ્રીઃ** - શ્રી; **વાક્** - વાણી; **સ્મૃતિઃ મેધા ધૃતિઃ ક્ષમા** - સ્મૃતિ, મેધા (બુદ્ધિ) ધૃતિ (ધીરજ) અને ક્ષમા છું;

**ભાવાર્થ :** હું સૌનો નાશ કરનાર મૃત્યુ અને ઉત્પન્ન થનારાઓની ઉત્પત્તિનો હેતુ છું અને સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાણી સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા છું. (૩૪)

**બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છન્દસામહમ્ ।**
**માસાનાં માર્ગશીર્ષોઽહમૃતૂનાં કુસુમાકરઃ ॥૩૫॥**

**સંધિવિગ્રહ : છન્દસામહમ્** - છન્દસાં + અહં; **માર્ગશીર્ષોઽહમૃતૂનાં** - માર્ગશીર્ષઃ + અહં + ઋતૂનાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તથા** - તથા; **સામ્નાં** - ગાઈ શકાય તેવી શ્રુતિઓમાં; **અહં** - હું; **બૃહત્સામ** - બૃહત્ નામનો સામ (તેમ જ); **છન્દસાં** - છંદોમાં; **ગાયત્રી** - ગાયત્રી છંદ છું; (તથા) **માસાનાં** - મહિનાઓમાં; **માર્ગશીર્ષઃ** - માગશર; (તથા) **ઋતૂનાં** - ઋતુઓમાં; **કુસુમાકરઃ** - વસંત; **અહં** - હું (છું);

**ભાવાર્થ :** તથા ગાઈ શકાય તેવી શ્રુતિઓમાં હું બૃહત્ નામનો સામ તેમ જ છંદોમાં ગાયત્રી છંદ છું; તથા મહિનાઓમાં માગશર, તથા ઋતુઓમાં વસંત હું છું. (૩૫)

**દ્યૂતં છલયતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્ ।**
**જયોઽસ્મિ વ્યવસાયોઽસ્મિ સત્ત્વં સત્ત્વવતામહમ્ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : છલયતામસ્મિ** - છલયતાં + અસ્મિ; **તેજસ્તેજસ્વિનામહમ્** - તેજઃ + તેજસ્વિનાં + અહં; **જયોઽસ્મિ** - જયઃ + અસ્મિ; **વયવસાયોઽસ્મિ** - વ્યવસાયઃ + અસ્મિ; **સત્ત્વવતામહમ્** - સત્ત્વવતાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : છલયતાં** - છળ કરનારાઓમાં;

**દ્યૂતં** - જુગાર; **અહં અસ્મિ** - હું છું; (અને) **તેજસ્વિનાં** - પ્રભાવશાળી પુરુષોનો; **તેજઃ** - પ્રભાવ; **અસ્મિ** - છું; (**જેતૄણાં** - જીતનારાઓમાં); **અહં જયઃ અસ્મિ** - હું જય (વિજય) છું; (**વ્યવસાયિનાં** - નિશ્ચય કરનારાઓમાં); **વ્યવસાયઃ** - નિશ્ચય છું; (અને); **સત્ત્વવતાં** - સાત્ત્વિક પુરુષોમાં; **સત્ત્વં** - સાત્ત્વિક ભાવ; **અસ્મિ** - છું;

**ભાવાર્થ :** છળ કરનારાઓમાં જુગાર હું છું અને પ્રભાવશાળી પુરુષોનો પ્રભાવ છું, જીતનારાઓમાં હું વિજય છું, નિશ્ચય કરનારાઓમાં નિશ્ચય છું અને સાત્ત્વિક પુરુષોમાં સાત્ત્વિક ભાવ હું છું. (૩૬)

**વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાણ્ડવાનાં ધનંજયઃ ।**
**મુનાનામપ્યહં વ્યાસઃ કવીનામુશના કવિઃ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : વાસુદેવોઽસ્મિ** - વાસુદેવઃ + અસ્મિ; **મુનીનામપ્યહં** - મુનીનાં + અપિ + અહં; **કવીનામુશના** - કવીનાં + ઉશના; (**ઉશના** - ઉશનસ્‌નું પ્રથમા એકવચન);

**શબ્દાર્થ, અન્વયાર્થ : વૃષ્ણીનાં** - વૃષ્ણિવંશીઓમાં (**વૃષ્ણી** - યાદવોમાં એક વૃષ્ણિ વંશ પણ હતો); **વાસુદેવઃ** - વાસુદેવ (હું સ્વયં તારો સખા); **પાંડવાનાં** - પાંડવોમાં; **ધનંજય** - ધનંજય (એટલે કે તું); **મુનીનાં** - મુનીઓમાં; **અહં વ્યાસઃ** - હું વ્યાસ છું; (અને) **કવીનાં** - કવિઓમાં ઉશના-શુક્રચાર્ય; **કવિ** -

કવિ; **અપિ** - પણ; **અહં અસ્મિ** - હું જ છું;

**ભાવાર્થ :** વૃષ્ણિવંશીઓમાં વાસુદેવ (હું સ્વયં, તારો સખા) પાંડવોમાં ધનંજય (એટલે કે તું) મુનિઓમાં હું વેદવ્યાસ છું, અને કવિઓમાં શુક્રાચાર્ય કવિ પણ હું જ છું. (૩૭)

**દણ્ડો દમયતામસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્ ।**
**મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામહમ્ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : દણ્ડો દમયતામસ્મિ** - દણ્ડઃ + દમયતાં + અસ્મિ; **નીતિરસ્મિ** - નીતિઃ + અસ્મિ; **ચૈવાસ્મિ** - ચ + એવ + અસ્મિ; **જ્ઞાનવતામહમ્** - જ્ઞાનવતાં + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દમયતાં** - દમન કરનારાઓમાં; **દંડ** - દંડ (દમન કરનારી શક્તિ); **અસ્મિ** - હું છું; **જિગીષતાં** - વિજય ઇચ્છનારાઓમાં(ની); **નીતિઃ અસ્મિ** - નીતિ છું; **ગુહ્યાનાં** - ગુપ્ત રાખવા યોગ્ય ભાવોનું રક્ષણ કરનાર; **મૌનં અસ્મિ** - મૌન છું; **જ્ઞાનવતાં** - જ્ઞાનીજનોનું; **જ્ઞાનં** - તત્ત્વજ્ઞાન; **અહં એવ** - હું જ છું;

**ભાવાર્થ :** દમન કરનારાઓમાં દંડ (દમન કરવાની શક્તિ) હું છું વિજય ઇચ્છનારાઓની નીતિ છું, ગુપ્ત રાખવા યોગ્ય ભાવોનું રક્ષણ કરનાર મૌન છું; અને જ્ઞાનીજનોનું તત્ત્વજ્ઞાન પણ હું જ છું. (૩૮)

**યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદહમર્જુન ।**
**ન તદસ્તિ વિના યત્સ્યાન્મયા ભૂતં ચરાચરમ્ ॥૩૯॥**

**સંધિવિગ્રહ : યચ્ચાપિ** - યત્ + ચ + અપિ; **તદહમર્જુન** - તત્ + અહં + અર્જુન; **તદસ્તિ** - તત્ + અસ્તિ; **યત્સ્યાન્મયા** - યત્ + સ્યાત્ + મયા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - અને; **અર્જુન** - હે અર્જુન; **યત્** - જે; **સર્વભૂતાનાં** - સમગ્ર ભૂતોની; **બીજં** - ઉત્પત્તિનું કારણ છે; **તત્** - તે; **અપિ** - પણ; **અહં** - હું જ છું; (કેમ કે એવું) **તત્ તે; ચરાચરં** - ચર યા અચર કોઈપણ; **ભૂતં** - પ્રાણી ભૂત; **ન અસ્તિ** - નથી; **યત્** - જે; **મયા વિના** - મારા વિનાનું; **સ્યાત્** - હોય;

**ભાવાર્થ :** અને હે અર્જુન ! જે સર્વ પ્રાણીઓનું ઉત્પત્તિનું કારણ છું તે પણ હું જ છું; કેમ કે એવું તે ચર યા અચર કોઈપણ પ્રાણી નથી જે મારા વિનાનું હોય. (૩૯)

**નાન્તોડસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરન્તપ ।**
**એષ તદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા ॥૪૦॥**

**સંધિવિગ્રહ : નાન્તોડસ્તિ** - ન + અંતઃ + અસ્તિ; **એષ તૂદ્દેષતઃ** - એષઃ + તુ + ઉદ્દેષતઃ; **પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા** - પ્રોક્તઃ + વિભૂતેઃ + વિસ્તરઃ + મયા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ** - હે પરંતપ; **મમ** - મારી;

**દિવ્યાનાં વિભૂતિનાં** - દિવ્ય વિભૂતિઓનો; **અંતઃ ન અસ્તિ** - અંત નથી; **મયા** - મે (મારી); **વિભૂતેઃ** - વિભૂતિઓનો; **એષઃ વિસ્તારઃ** - આ વિસ્તાર; **તુ** - તો (તારે માટે); **ઉદ્દેશતઃ** - એકદેશ (સંક્ષેપ) રૂપે; **પ્રોક્તઃ** - કહ્યો છે;

**ભાવાર્થ :** હે પરંતપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી મેં મારી આ વિભૂતિઓનો આ વિસ્તાર તો તારે માટે એકદેશરૂપે (સંક્ષેપમાં) કહ્યો છે. (૪૦)

**યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદુર્જિતમેવ વા ।**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંડશસમ્ભવમ્ ॥૪૧॥**

**સંધિવિગ્રહ : યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં** - યત્ + યત્ + વિભૂતિમત્ + સત્ત્વં; **શ્રીમદૂર્જિતમેવ** - શ્રીમત્ + ઊર્જિતં + એવ; **તત્તદેવાવગચ્છ** - તત્ + તત્ + એવ + અવગચ્છ; **તેજોંડશસમ્ભવમ્** - તેજઃ + અંશસંભવમ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ યત્** - જે જે; **એવ** - પણ; **વિભૂતિમત્** - વિભૂતિયુક્ત (ઐશ્વર્યયુક્ત); **શ્રીમત્** - શોભાયુક્ત; **વા** - અને; **ઊર્જિતં** - શક્તિયુકત; **સત્ત્વં** - સત્ત્વ (પદાર્થ) છે; **તત્ તત્** - તેને તેને; **ત્વં** - તું; **મમ** - મારા; **તેજઃ ંશઃ સંવભં** - તેજના અંશની; **એવ** - જ (અભિવ્યક્તિ); **અવગચ્છ** - જાણ;

**ભાવાર્થ :** જે જે પણ વિભૂતિયુક્ત (ઐશ્વર્યયુક્ત) શોભાયુક્ત અને શક્તિયુક્ત સત્ત્વ (પદાર્થ) છે તેને તેને તું

મારા તેજના અંશની જ અભિવ્યક્તિ જાણ. (૪૧)

**અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન ।**
**વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : બહુનૈતેન** - બહુના + એતેન; **તવાર્જુન** - તવ + અર્જુન; **વિષ્ટાભ્યાહમિદં** - વિષ્ટભ્ય + અહં + ઈદં; **કૃત્સ્નમેકાંશેન** - કૃત્સ્નં + એકાંશેન; **સ્થિતો જગત્** - સ્થિતઃ + જગત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથવા** - અથવા; **અર્જુન** - હે અર્જુન; **એતેન બહુના** - આ વધારે; **જ્ઞાતેન** - જાણીને; **તવ** - તારે; **કિં** - શું; (પ્રયોજન છે); **અહં** - હું; **ઈદં** - આ; **કૃત્સ્નં** - સમગ્ર; **જગત્** - બ્રહ્માંડને (મારી પોતાની યોગશક્તિથી); **વિષ્ટભ્ય** - ધારણ કરીને; **સ્થિતઃ** - સ્થિત છું;

**ભાવાર્થ :** અથવા હે અર્જુન ! આ વધારે જાણીને તારે શું (પ્રયોજન) છે ? હું આ સમગ્ર બ્રહ્માંડને મારી યોગશક્તિથી ધારણ કરીને સ્થિત છું. (૪૨)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**વિભૂતિયોગો દશમોડધ્યાયઃ ॥૧૦॥**

**॥ વિભૂતિયોગ નામનો દસમો અધ્યાય સમાપ્ત ॥**

# એકાદશ અધ્યાય (અગિયારમો અધ્યાય)

## વિશ્વરૂપદર્શન યોગ

**અથ એકાદશોऽધ્યાયઃ ।** **અથ એકાદશઃ + અધ્યાયઃ ।**

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ ।**
**યત્ત્વયોક્તં વચસ્તેન મોહોऽયં વિગતો મમ ॥૧॥**

**સંધિવિગ્રહ : (મદનુગ્રહાય** - મત્ + અનુગ્રહાય); **ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતં** - ગુહ્યં + અધ્યાત્મસંજ્ઞિતં; **યત્ત્વયોક્તં** - યત્ + ત્વયા + ઉક્તં; **વચસ્તેન** - વચઃ + તેન; **મોહોऽયં** - મોહઃ + અયં; **વિગતો મમ** - વિગતઃ + મમ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મદનુગ્રહાય** - મારા ઉપર અનુગ્રહ (કૃપા) કરવા માટે; **ત્વયા** - આપે; **યત્** - જે; **પરમં ગુહ્યં** - અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય; **અધ્યાત્મસંજ્ઞિતં** - અધ્યાત્મ વિશે; **વચઃ** - (વચન) - ઉપદેશ; **ઉક્તં** - કહ્યો; **તેન** - તેનાથી; **મમ** - મારું; **અયં** - આ; **મોહઃ** - અજ્ઞાન; **વિગતઃ** - નાશ પામ્યું છે;

**ભાવાર્થ :** મારા ઉપર કૃપા કરવા માટે આપે જે અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય અધ્યાત્મ વિશે ઉપદેશ કહ્યો તેનાથી મારું આ અજ્ઞાન નાશ પામ્યું છે. (૧)

**ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।**
**ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥૨॥**

**સંધિવિગ્રહ :** (**ભવાપ્યયૌ** - ભવ + અપ્યયૌ; (**અપ્યય** - (૧) જોડાવું, ભળી જવું) પ્રલય); (ભવ + ઉત્પત્તિ); **વિસ્તરશો મયા** - વિસ્તરશઃ + મયા; **કમલપત્રાક્ષ** - કમલપત્ર + અક્ષ; **માહાત્મ્યમપિ** - માહાત્મ્યં + અપિ; **ચાવ્યયં** - ચા + અવ્યયં;

**શબ્દાર્થ, ભાવાર્થ : હિ** - કેમ કે; **કમલપત્રાક્ષ** - હે કમલદલનયન; **મયા** - મેં; **ત્વત્તઃ** - આપની પાસેથી; **ભૂતાનાં** - પ્રાણીઓની; **ભવાપ્યયૌ** - ઉત્પત્તિ અને પ્રલય વિશે; **વિસ્તરશઃ** - વિસ્તારપૂર્વક; **શ્રુતૌ** - સાંભળ્યું; **ચ** - તથા; (આપનો); **અવ્યયં માહાત્મ્યં અપિ શ્રુતૌ** - અવિનાશિ મહિમા પણ સાંભળ્યો;

**ભાવાર્થ :** કેમ કે હે કમલદલનયન ! આપની પાસેથી પ્રાણીઓની ઉત્પત્તિ અને પ્રલય વિશે વિસ્તારપૂર્વક સાંભળ્યું તથા આપનો અવિનાશી મહિમા પણ સાંભળ્યો. (૨)

**એવમેતદ્યથાત્થ ત્વમાત્માનં પરમેશ્વર ।**
**દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ ॥૩॥**

**સંધિવિગ્રહ : એવમેતદ્યથાત્થ** - એવં + એતત્ + યથા + આત્થ; (**આત્થ - બ્રૂ** (બોલવું) ધાતુનું વર્તમાન કાળ બી.પુ.એ.વ.નું વૈકલ્પિક રૂપ છે); **ત્વમાત્માનં** - ત્વં +

આત્માનં; **દ્રષ્ટુમિચ્છામિ** - દ્રષ્ટું + ઈચ્છામિ; **રૂપમૈશ્વરં** - રૂપં + ઐશ્વરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરમેશ્વર** - હે પરમેશ્વર; **ત્વં** - આપ; **આત્માનં** - આપને પોતાને; **યથા** - જેવા; **આત્થ** - કહો છો; **એતત્** - એ (ઠીક); **એવં** - એમ જ છે (પણ); **પુરુષોત્તમ** - હે પુરુષોત્તમ; **તે** - આપના; **ઐશ્વરં રૂપં** - (જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય (પરાક્રમ) અને તેજથી યુક્ત તે ઈશ્વરીય રૂપને (હું પ્રત્યક્ષ); **દ્રષ્ટું ઈચ્છામિ** - જોવા માંગું છું;

**ભાવાર્થ :** હે પરમેશ્વર ! આપ આપને પોતાને જેવા કહો છો એ (ઠીક); એમ જ છે, પણ હે પુરુષોત્તમ ! આપના (જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય (પરાક્રમ) અને તેજથી યુક્ત) તે ઈશ્વરીય રૂપને હું પ્રત્યક્ષ જોવા માંગું છું. (૩)

**મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।**
**યોગેશ્વર તતો મે ત્વં દર્શયાત્માનમવ્યયમ્ ॥૪॥**

**સંધિવિગ્રહ : તચ્છક્યં** - તત્ + શક્યં; **દ્રષ્ટુમિતિ** - દ્રષ્ટું + ઈતિ; **તતો મે** - તતઃ મે; **દર્શયાત્માનમવ્યયમ્** - દર્શય + આત્માનં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી); **પ્રભો** - હે પ્રભુ; **યદિ** - જો; **મયા** - મારા વડે; **તત્** - આપનું તે રૂપ; **દ્રષ્ટું શક્યં** - જોઈ શકાય; **ઈતિ મન્યસે** - એમ આપ માનતા હો; **તતઃ** - તો; **યોગેશ્વર**

- હે યોગેશ્વર; **ત્વં** - આપ; **આત્માનં અવ્યયં** - આપના તે અવિનાશી સ્વરૂપનું; **મે** - મને; **દર્શય** - દર્શન કરાવો.

**ભાવાર્થ :** તેથી હે પ્રભુ ! જો મારા વડે આપનું તે રૂપ જોઈ શકાય છે એમ આપ માનતા હો તો હે યોગેશ્વર ! આપ આપના તે અવિનાશી સ્વરૂપનું મને દર્શન કરાવો. (૪)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોડથ સહસ્રશઃ ।**
**નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥**

**સંધિવિગ્રહ : શતશોડથ** - શતશઃ + અથ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **અથ** - હવે (તું); **મે** - મારા; **શતશઃ** - સેંકડો; **સહસ્રશઃ** - હજારો; **નાનાવિધાનિ** - વિવિધ પ્રકારના; **નાના વર્ણામાકૃતીનિ** - (તથા) વિવિધ આકૃતિના; **દિવ્યાનિ રૂપાણિ** - દિવ્ય રૂપો; **પશ્ય** - જો;

**ભાવાર્થ :** હે પાર્થ ! હવે તું મારા સેંકડો – હજારો – વિવિધ પ્રકારના તથા વિવિધ આકૃતિના દિવ્ય રૂપો જો. (૫)

**પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાનશ્વિનૌ મરુતસ્તથા ।**
**બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ॥૬॥**

**સંધિવિગ્રહ : પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાનશ્વિનૌ** - પશ્ય + આદિત્યાન્ + વસૂન્ + રુદ્રાન્ + અશ્વિનૌ; **મરુતસ્તથા** -

મરુતઃ + તથા; **બહૂન્યદૃષ્ટપૂર્વાણિ** - બહુનિ + અદૃષ્ટપૂર્વાણિ; **પશ્યાશ્ચર્યાણિ** - પશ્ય + આશ્ચર્યાણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભરતવંશી અર્જુન; (મારામાં); **આદિત્યાન્** - આદિત્યોને; **વસૂન્** - વસુઓને; **રુદ્રાન્** - રુદ્રોને; **અશ્વિનૌ** - અશ્વિનૌ કુમારો; (તથા) **મરુતઃ** - મરુત્ (પવનના) ગણોને; **પશ્ય** - જો; (તથા) **બહૂનિ** - ઘણાં; **અદૃષ્ટપૂર્વાણિ** - પહેલાં નહીં જોયેલાં; **આશ્ચર્યાણિ** - આશ્ચર્યમય રૂપો; **પશ્ય** - જો;

**ભાવાર્થ :** હે ભરતવંશી અર્જુન ! મારામાં ૧૨ આદિત્ય, ૮ વસુ, ૧૧ રુદ્રો, ૨ અશ્વિનીકુમારો તથા ૪૯ મરુત્ ગણો જો. તેમજ ઘણાં, પૂર્વે નહીં જોયેલાં આશ્ચર્યમય રૂપો પણ જો. (૬)

**ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।**
**મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ ॥૭॥**

**સંધિવિગ્રહ : ઈહૈકસ્થં** - ઈહ + એકસ્થં; **જગત્કૃત્સ્નં** - જગત્ + કૃત્સ્નં; **પશ્યાદ્ય** - પશ્ય + અદ્ય; **યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ** - યત્ + ચ + અન્યત્ + દ્રષ્ટું + ઈચ્છસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ગુડાકેશ** - હે અર્જુન ! **અદ્ય** - હમણાં જ (આજે); **ઈદં** - આ; **મમ દેહે** - મારા દેહમાં; **એકસ્થં** - આ જગાએ સ્થિત; **સચરાચરં** - ચર અને અચર સહિત; **કૃત્સ્નં જગત્** - સંપૂર્ણ જગતને; **પશ્ય** - જો; **અન્યત્ ચ યત્** - તથા બીજું

કાંઈપણ; **દ્રષ્ટું** - જો; **ઈચ્છસિ** - ઈચ્છતો હોય (તે જો);

**ભાવાર્થ :** હે અર્જુન ! હમણાં જ આ મારા દેહમાં એક જગ્યાએ સ્થિત ચર અને અચર સહિત સંપૂર્ણ જગતને જો તથા બીજું કાંઈપણ જોવા ઈચ્છતો હોય તે પણ જો. (૭)

**ન તુ માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।**
**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥૮॥**

**સંધિવિગ્રહ : દ્રષ્ટુમનેનૈવ** - દ્રષ્ટું + અનેન + એવ; **યોગમૈશ્વરમ્** - યોગં + ઐશ્વરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **માં** - મને; (તું); **અનેન** - આ; **સ્વચક્ષુષા** - પોતાના સ્થૂળ નયનોથી; **દ્રષ્ટું** - જોવા (જોઈ શકવા); **એવ** - નિઃસંદેહ; **ન શક્યસે** - શક્તિમાન નથી; (તેથી) **તે** - તને; **દિવ્યં** - દિવ્ય (અલૌકિક); **ચક્ષુઃ** - ચક્ષુ; **દદામિ** - આપું છું; (તેનાથી તું); **મે** - મારી; **ઐશ્વરં** - ઈશ્વરીય; **યોગં** - યોગશક્તિને; **પશ્ય** - જો;

**ભાવાર્થ :** પરંતુ મને તું આ (તારાં) પોતાનાં સ્થૂળ ચક્ષુઓથી જોવા શક્તિમાન નથી તેથી તને દિવ્ય ચક્ષુ આપું છું તેનાથી મારી ઈશ્વરીય યોગશક્તિને તું જો. (૮)

**સંજય ઉવાચ ।** સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા

**એવમુક્ત્વા તતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ ।**
**દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥૯॥**

**સંધિવિગ્રહ : એવમુકત્વા** - એવં + ઉકત્વા; **રાજન્મહાયોગેશ્વરો હરિઃ** - રાજન્ + મહાયોગેશ્વરઃ + હરિઃ; **રૂપમૈશ્વરમ્** - રૂપં + ઐશ્વરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રાજન્** - હે રાજા; **મહાયોગેશ્વરઃ હરિઃ** – મહાયોગેશ્વર તથા સર્વ પાપોને હરનારા ભગવાન હરિએ; **એવં** - આ પ્રમાણે; **ઉક્ત્વા** - કહીને; **તતઃ** - પછી; **પાર્થાય** - અર્જુનને; **પરમં ઐશ્વરં** - પરમં ઐશ્વર્યયુક્ત; **રૂપં** - (દિવ્ય) સ્વરૂપ; **દર્શયામાસ** - દેખાડ્યું;

**ભાવાર્થ :** હે રાજા ! મહાયોગેશ્વર તથા સર્વ પાપોને હરનારા ભગવાન હરિએ આ પ્રમાણે કહીને પછી અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત પોતાનું દિવ્ય સ્વરૂપ દેખાડ્યું. (૯)

**અનેકવકત્રનયનમનેકાદ્ભુતદર્શનમ્ ।**
**અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ॥૧૦॥**

**દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્ ।**
**સર્વાશ્ચર્યમયં દેવમનન્તં વિશ્વતોમુખમ્ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : અનેકવકત્રનયનમનેકાદ્ભુતદર્શનમ્** - અનેકવકત્રનયનં + અનેક + અદ્ભુતદર્શન; **દિવ્યાભરણં** - દિવ્યં + આભરણં; **દિવ્યાનેકોદ્યતાયુધમ્** - દિવ્ય + અનેક + ઉદ્યત + આયુધં; **દિવ્યમાલ્યામ્બરધરં** - દિવ્યમાલ્ય + અંબરધરં **માલ્ય** - માળા, માળા સંબંધી; **દિવ્યગન્ધાનુલેપનં**

- દિવ્યગંધ + અનુલેપનં; **સર્વાશ્ચર્યમયં** - સર્વ + આશ્ચર્યમયં; **દેવમનંતં** - દેવં + અનંતં; **વિશ્વતોમુખં** - વિશ્વતઃ + મુખં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનેકવક્ત્રનયનં** - અનેક મુખ અને નેત્રોવાળા; **અનેકાદ્ભુત દર્શનં** - અનેક અદ્ભુત દર્શનયુક્ત; **અનેક દિવ્યાભરણં** - અનેક દિવ્ય આભૂષણોધારી; **દિવ્યાનેકોદ્યતાયુધં** - અનેક ઉગામેલાં દિવ્ય હથિયાર હાથમાં ધારણ કરેલા; **દિવ્યમાલ્યાંબરં** - દિવ્ય માળાઓ અને વસ્ત્રો ધારણ કરેલા; **દિવ્યગંધાનુલેપનં** - જેમના શ્રીવિગ્રહ (દેહ)માંથી દિવ્ય ચંદનની સુવાસ પ્રસરી રહી છે તેવા; **સર્વાશ્ચર્યમયં** - સર્વ પ્રકારનાં આશ્ચર્યયુક્ત; **અનંતં** - અનંત (અસીમ); (અને); **વિશ્વતોમુખં** - સર્વ તરફ જેમનાં મુખ છે તેવા વિરાટ સ્વરૂપ; **દેવં** - પરમ દેવ પરમેશ્વરને; (અર્જુને જોયા);

**ભાવાર્થ :** અનેક મુખ અને નેત્રોવાળા, અનેક અદ્ભુત દર્શનયુક્ત, અનેક દિવ્ય આભૂષણોધારી, અનેક ઉગામેલાં દિવ્ય હથિયાર હાથમાં ધારણ કરનારા, દિવ્ય માળાઓ અને વસ્ત્રો ધારણ કરેલા, જેમના શ્રીવિગ્રહદેહમાંથી દિવ્ય ચંદનની સુવાસ પ્રસરી રહી છે તેવા, સર્વ પ્રકારનાં આશ્ચર્યયુક્ત, અનંત અને સર્વ તરફ જેમનાં મુખ છે તેવા વિરાટ સ્વરૂપ પરમ દેવ પરમેશ્વરને અર્જુને જોયા. (૧૦, ૧૧)

**દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।**
**યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : ભવેદ્યુગપદુત્થિતા** - ભવેત્ + યુગપત્ + ઉત્થિતા; **સ્યાદ્ભાસસ્તસ્ય** - સ્યાત્ + ભાસઃ + તસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દિવિ** - આકાશમાં; **સૂર્યસહસ્રસ્ય** - હજારો સૂર્યોના; **યુગપત્** - એક સાથે; **ઉત્થિતા** - ઉદય થવાને લીધે; (જે) **ભાઃ** - પ્રકાશ; **ભવેત્** - થાય, ઉપજે; **સા** - તે પણ (અહીં સાભાઃ (સ્ત્રી) સાથે છે); **તસ્ય** - તે; **મહાત્મનઃ** - વિશ્વરૂપ પરમાત્માના; **ભાસઃ** - પ્રકાશના; **સદશી** - જેટલો; **યદિ** - કદાચિત્ (જ); **સ્યાત્** - હશે;

**ભાવાર્થ :** આકાશમાં હજારો સૂર્યોના એક સાથે ઉદય થવાને લીધે પ્રકાશ ઉપજે તે પણ તે વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશના જેટલો કદાચિત્ (ભાગ્યે) જ હશે; (૧૨)

**તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।**
**અપશ્યદ્દેવદેવસ્ય શરીરે પાણ્ડવસ્તદા ॥૧૩॥**

**સંધિવિગ્રહ : તત્રૈકસ્થં** - તત્ર + એકસ્થં; **જગત્કૃત્સ્નં** - જગત્ + કૃત્સનં; **પ્રવિભક્તમનેકધા** - પ્રવિભક્તં + અનેકધા; **અપશ્યદ્દેવદેવસ્ય** - અપશ્યત્ + દેવદેવસ્ય; **પાણ્ડવસ્તદા** - પાંડવઃ + તદા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાંડવઃ** - પાંડુના પુત્ર અર્જુને; **તદા** - ત્યારે; **અનેકધા** - અનેક પ્રકારે; **વિભક્તં** - વિભાજિત; **કૃત્સ્નં જગત્** - સમગ્ર જગત (બ્રહ્માંડ) ને; **દેવદેવસ્ય** - દેવોના

પણ દેવ શ્રીકૃષ્ણ ભગવાનના; **તત્ર શરીરે** - શરીરમાં; **એકસ્થં** - એક જ સ્થળે રહેલું; **અપશ્યત્** - જોયું;

**ભાવાર્થ :** પાંડુના પુત્ર અર્જુને ત્યારે અનેક પ્રકારે વિભાજિત થયેલું સમગ્ર બ્રહ્માંડ, દેવોના પણ દેવ શ્રીકૃષ્ણ ભગવાનના તે શરીરમાં એક જ સ્થળે રહેલું જોયું. (૧૩)

**તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમાં ધનંજયઃ ।**
**પ્રણમ્ય શિરસા દેવં કૃતાંજલિરભાષત ॥૧૪॥**

**સંધિવિગ્રહ : સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા** - સઃ + વિસ્મયાવિષ્ટઃ + હૃષ્ટરોમા; **કૃતાંજલિરભાષત** - કૃતાંજલિઃ + અભાષત; **વિસ્મયાવિષ્ટ** - વિસ્મય + આવિષ્ટ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તતઃ** - ત્યાર પછી; **સ વિસ્મયાવિષ્ટઃ** - આશ્ચર્યમાં (ચકિત) ડૂબેલા; **હૃષ્ટરોમા** - હર્ષથી પુલકિત થયેલા તે; **ધનંજય** - ધનંજય (અર્જુન); **દેવં** - પ્રકાશમાન વિશ્વરૂપ પરમાત્માને શ્રદ્ધા અને ભક્તિ સહિત; **શિરસા** - મસ્તક; **પ્રણમ્ય** - પ્રણામ કરીને (નમાવીને); **કૃતાંજલિઃ** - બે હાથ જોડીને; **અભાષત** - બોલ્યો;

**ભાવાર્થ :** ત્યાર પછી આશ્ચર્યચકિત થયેલા અને હર્ષથી પુલકિત થયેલો તે અર્જુન પ્રકાશમાન વિશ્વરૂપ પરમાત્માને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક મસ્તક નમાવીને બે હાથ જોડીને (સ્તુતિ કરતાં) બોલ્યો. (૧૪)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે સર્વાંસ્તથા**
**ભૂતવિશેષસંઘાન્ ।**
**બ્રહ્માણમીશં કમલાસનસ્થમૃષીંશ્ચ**
**સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : દેવાંસ્તવ** - દેવાન્ + તવ; **સર્વાંસ્તથા** - સર્વાન્ + તથા; **બ્રહ્માણમીશં** - બ્રહ્માણં + ઈશં; **કમલાસનસ્થમૃષીંશ્ચ** - કમલાસ્થનં + ઋષીન્ + ચ; **સર્વાનુરગાંશ્ચ** - સર્વાન્ + ઉરગાન્ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દેવ** - હે દેવ (હું); **તવ** - આપના; **દેહે** - શ્રીવિગ્રહમાં; **સર્વાન્ દેવાન્** - સમસ્ત દેવોને; **તથા** - તથા; **ભૂતવિશેષસંઘાન્** - અનેક ચરાચર પ્રાણીઓના સમૂહોને; **કમલાસનસ્થં** - કમલના આસન પર બિરાજેલા; **બ્રહ્માણં** - બ્રહ્માને; **ઈશં** - મહાદેવને; **ચ** - અને; **સર્વાન્ ઋષીન્** - સર્વ ઋષિઓને; **ચ** - અને; **દિવ્યાન્ ઉરગાન્** - દિવ્ય સર્પોને; **પશ્યામિ** - જોઉં છું;

**ભાવાર્થ :** હે દેવ ! હું આપના શ્રીવિગ્રહ(દેહ)માં સમસ્ત દેવો અનેક ચરાચર પ્રાણીઓના સમુદાયને, કમલના આસન પર બિરાજેલા બ્રહ્મા, શંકર, સર્વ ઋષિઓને તથા દિવ્ય સર્પોને જોઉં છું. (૧૫)

**અનેકબાહૂદરવક્ત્રનેત્રં પશ્યામિ**
**ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ ।**
**નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં**
**પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : અનેકબાહૂદરવક્ત્રનેત્રં** - અનેકબાહુ + ઉદરવક્ત્રનેત્રં; **સર્વતોઽનન્તરૂપમ્** - સર્વતઃ + અનંતરૂપં; **નાન્તં** - ન + અન્તં; **પુનસ્તવાદિં** - પુનઃ + તવ + આદિં; **વિશ્વેશ્વર** - વિશ્વ + ઈશ્વર; **વક્ત્ર** - મુખ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિશ્વેશ્વર** - હે સમગ્ર વિશ્વના સ્વામી; **ત્વાં** - આપને; **અનેકબચાહૂદરવક્ત્રનેત્રં** - અનેક ભૂજાઓ (હાથ), ઉદર, મુખ અને નેત્રવાળા (તથા); **સર્વતઃ** - સર્વ તરફથી (ચોતરફથી); **અન્નતરૂપં** - અનંતરૂપવાળા; **પશ્યામિ** - (હું) જોઉં છું; **વિશ્વરૂપ** - સમગ્ર વિશ્વ જ જેમનું સ્વરૂપ છે એવા હે વિશ્વરૂપ; **તવ** - આપનાં; **અન્તં** - અંત; **મધ્યં** - મધ્ય; **આદિં** - આદિ (પ્રારંભ); **ન પુનઃ** - ન તો વળી; **પશ્યામિ** - જોતો નથી;

**ભાવાર્થ :** હે સમગ્ર વિશ્વના સ્વામી ! આપને હું અનેક ભૂજાઓ, ઉદર, મુખ અને નેત્રોવાળા તથા ચોતરફથી અનંતરૂપવાળા જોઉં છું; હે વિશ્વરૂપ ! હું આપના અંત, મધ્ય યા આદિ પણ જોતો નથી. (૧૬)

**કિરીટિનં ગદિનં ચક્રિણં ચ તેજોરાશિં**
**સર્વતો દીપ્તિમન્તમ્ ।**
**પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તાદીપ્તાન-**
**લાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : સર્વતો દીપ્તિમન્તમ્** - સર્વતઃ + દીપ્તિમંતં; **સમન્તાદીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્** - સમન્તાત્ + દીપ્ત + અનલ + અર્કદ્યુતિં + અપ્રમેયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વાં** - આપને (હું); **કિરીટિનં** - મુકુટધારી; **ગદિનં** - ગદાધારી; **ચક્રિણં** - ચક્રધારી; **સર્વતઃ** - બધી બાજુએથી; **દીપ્તિમન્તં** - પ્રકાશમાન; **તેજોરાશિં** - તેજના પુંજ સ્વરૂપ; **દીપ્તં અનલ** - પ્રજ્વલિત અગ્નિ; **અર્ક** - (અને) સૂર્ય જેવા; **દ્યુતિં** - તેજસ્વી; **દુર્નિરીક્ષ્યં** - મુશ્કેલીથી જોઈ શકાય તેવા; **સમન્તાત્** - બધી બાજુએથી; **અપ્રમેયં** - અપ્રમેય સ્વરૂપે (કદી પણ) માપી ન શકાય તેવા; **પશ્યતિ** - જોઉં છું;

**ભાવાર્થ :** આપને હું મુકુટધારી; ગદાધારી અને ચક્રધારી, બધી બાજુએથી પ્રકાશમાન, તેજના પુંજ સ્વરૂપ પ્રજ્વલિત અગ્નિ, અને સૂર્ય જેવા તેજસ્વી, મુશ્કેલીથી જોઈ શકાય તેવા, બધી બાજુએથી અપ્રમેય સ્વરૂપે જોઉં છું. (૧૭)

**ત્વમક્ષરં પરમં વેદિતવ્યં ત્વમસ્ય**
**વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**

**ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા**
**સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ત્વમક્ષરં** - ત્વં + અક્ષરં; **ત્વમસ્ય** - ત્વં + અસ્ય; **ત્વમવ્યયં** - ત્વં + અવ્યયઃ; **સનાતનસ્ત્વં** - સનાતનઃ + ત્વં; **પુરુષો મતો મે** - પુરુષઃ + મતઃ + મે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વં** - આપ (જ); **વેદિતવ્યં** - જાણવા યોગ્ય; **પરમં** - પરમ; **અક્ષરં** - અક્ષર (પરબ્રહ્મ પરમાત્મા) છો; **ત્વં** - આપ (જ); **અસ્ય વિશ્વસ્ય** - આ વિશ્વના; **પરં** - પરમ; **નિધાનં** - આશ્રય છો; **ત્વં** - આપ (જ); **શાશ્વતધર્મગોપ્તા (ગોપ્તા** - રક્ષક) **શાશ્વત** - (સનાતન) ધર્મના રક્ષક છો; (તેમજ); **ત્વં** - આપ (જ); **અવ્યયઃ** - અવિનાશી; **સનાતનઃ પુરુષઃ** - સનાતન પુરુષ છો; (એવો); **મે મત** - મારો મત છે;

**ભાવાર્થ :** આપ જ જાણવા યોગ્ય પરબ્રહ્મ પરમાત્મા છો, આપ જ આ વિશ્વના પરમ આશ્રય છો, આપ જ શાશ્વત (સનાતન) ધર્મના રક્ષક છો, તેમજ આપ જ અવિનાશી સનાતન પુરુષ છો એવો મારો મત છે. (૧૮)

**અનાદિમધ્યાન્તમનન્તવીર્યમનન્તબાહું**
**શશિસૂર્યનેત્રમ્ ।**
**પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં**
**સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : અનાદિમધ્યાન્તમનન્તવીર્યમનન્તબાહું** - અનાદિમધ્યાન્તં + અનંતવીર્યં + અનંતબાહું; **વિશ્વમિદં** - વિશ્વં + ઈદં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વાં** - આપને; **અનાદિમધ્યાન્તં** - આદિ, મધ્ય અને અંત વિનાના; **અનંતવીર્યં** - અનંત સામર્થ્યવાળા; **અનંતબાહું** - અનંત ભૂજાઓવાળા; **શશિસૂર્યનેત્રં** - ચંદ્ર અને સૂર્ય રૂપી નેત્રોવાળા; **દીપ્તહુતાશવક્ત્રં** - પ્રજ્વલિત અગ્નિસ્વરૂપ મુખવાળા; (અને) **સ્વતેજસઃ** - પોતાના તેજથી; **ઈદં વિશ્વં** - આ વિશ્વને; **તપન્તં** - તપાવતા; **પશ્યામિ** - જોઉં છું;

**ભાવાર્થ :** આપને આદિ, મધ્ય અને અંત વિનાના, અનંત સામર્થ્યવાળા, અનંત ભૂજાઓવાળા, ચંદ્ર-સૂર્યરૂપ નેત્રોવાળા, પ્રજ્વલિત અગ્નિસ્વરૂપ મુખવાળા, અને પોતાના તેજથી આ વિશ્વને તપાવતા હું જોઉં છું. (૧૯)

**દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ વ્યાપ્તં**
**ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।**
**દૃષ્ટ્વાદ્ભુતં રૂપમુગ્રં તવેદં લોકત્રયં**
**પ્રવ્યથિતં મહાત્મન્ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં** - દ્યાવાપૃથિવ્યોઃ + ઈદં + અંતરં; **ત્વયૈકેન** - ત્વયા + એકેન; **દિશશ્ચ** - દિશઃ + ચ; **દૃષ્ટ્વાદ્ભુતં** - દૃષ્ટ્વા + અદ્ભુતં; **રૂપમુગ્રં** - રૂપં + ઉગ્રં;

**તવેદં** - તવ + ઈદં; (**દ્યાવા** - સ્વર્ગ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાત્મન્** - હે મહાત્મા; **ઈદં દ્યાવા પૃથિવ્યોઃ અંતરં** - ('અંતર'નો અર્થ અહીં 'આકાશ' છે); સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આ સમગ્ર આકાશ; **ચ** - અને; **સર્વાઃ દિશઃ** - બધી દિશાઓ; **એકેન** - એક માત્ર; **ત્વયા** - આપનાથી; **હિ** - જ; **વ્યાપ્તં** - વ્યાપેલાં છે; (તથા) **તવ** - આપના; **ઈદં** - આ; **અદ્ભુતં** - અદ્ભુત (અને); **ઉગ્ર રૂપં** - ઉગ્ર (ભંડાર) રૂપને; **દૃષ્ટ્વા** - જોઈને; **લોકત્રયં** - ત્રણેય લોક; **પ્રવ્યથિતં** - અત્યંત વ્યથા પામી રહ્યા છે;

**ભાવાર્થ :** હે મહાત્મા ! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આ સમગ્ર આકાશ અને બધી દિશાઓ એક માત્ર આપનાથી જ વ્યાપેલાં છે તથા આપના આ અદ્ભુત અને ઉગ્ર રૂપ જોઈને ત્રણેય લોક અત્યંત વ્યથા પામી રહ્યા છે. (૨૦)

**અમી હિ ત્વાં સુરસંઘા વિશન્તિ કેચિદ્ભીતાઃ**
**પ્રાંજલયો ગુણન્તિ ।**
**સ્વસ્તીત્યુકત્વા મહર્ષિસિદ્ધસંઘાઃ સ્તુવન્તિ**
**ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : સુરસંઘા વિશન્તિ** - સુરસંઘાઃ + વિશન્તિ; **કેચિદ્ભીતાઃ** - કેચિત્ + ભીતા; **પ્રાંજલયો ગૃણન્તિ** - પ્રાંજલયઃ + ગૃણન્તિ; **સ્વસ્તીત્યુકત્વા** - સ્વસ્તિ + ઈતિ + ઉકત્વા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અમી** - પેલા; **સુરસંઘાઃ** - દેવતાઓનો સમૂહ; **હિ** - પણ; **ત્વાં** - આપનામાં; **વિશન્તિ** - પ્રવેશ કરી રહ્યો છે (અને); **કેચિત્** - કેટલાક; **ભીતાઃ** - ભય પામેલા; **પ્રાંજલયઃ** - હાથ જોડીને (આપનાં નામ તથા ગુણોનું); **ગૃણન્તિ** - ગાન કરી રહ્યા છે (તથા); **મહર્ષિસિદ્ધસંઘાઃ** - મહર્ષિઓ અને સિદ્ધોના સમુદાયો; **સ્વસ્તિ** - 'કલ્યાણ થાઓ'; **ઈતિ ઉક્ત્વા** – એમ કહીને; **પુષ્કાદિભિઃ સ્તુતિભિઃ** - પુષ્કળ (ઉત્તમ) સ્તોત્રો (સ્તુતિઓ) દ્વારા; **ત્વાં** - આપની; **સ્તુવન્તિ** - સ્તુતિ કરી રહ્યા છે;

**ભાવાર્થ :** પેલા દેવતાઓનો સમૂહ પણ આપનામાં પ્રવેશ કરી રહ્યો છે અને કેટલાક ભય પામેલા હાથ જોડીને આપનાં નામ તથા ગુણોનું ગાન કરી રહ્યા છે તથા મહર્ષિઓ અને સિદ્ધોના સમુદાયો 'કલ્યાણ થાઓ' એમ કહીને ઉત્તમ સ્તોત્રો દ્વારા આપની સ્તુતિ કરી રહ્યા છે. (૨૧)

**રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા**
**વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।**
**ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘા વીક્ષન્તે**
**ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥૨૨॥**

**સંધિવિગ્રહ : રુદ્રાદિત્યા વસવો યે** - રુદ્રાદિત્યાઃ + વસવઃ + યે; **સાધ્યા વિશ્વેઽશ્વિનૌ** - સાધ્યાઃ + વિશ્વે + અશ્વિનો; **મરુતશ્ચોષ્મપાશ્ચ** - મરુતઃ + ચ + ઉષ્મપાઃ + ચ

(**ગંધર્વયક્ષાસુર** - ગંધર્વ + યક્ષ + અસુર); **ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘા વીક્ષન્તે** - ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘાઃ + વીક્ષન્તે; **વિસ્મિતાશ્ચેવ** - વિસ્મિતાઃ + ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે; **રુદ્રાદિત્યાઃ** - (૧૧) રુદ્રો અને (૧૨) આદિત્યો; **ચ** - અને; **વસવઃ** - (૮) વસ્તુઓ; **સાધ્યાઃ** - (૧૨) સાધ્યગણ; **વિશ્વે** - (૧૦) વિશ્વદેવો **અશ્વિનૌ** - બે અશ્વિનીકુમારો; **મરુતઃ** - મરુદ્ ગણ; **ચ ઉષ્મપાઃ** - પિતૃઓનો સમુદાય; **ચ** - તથા; **ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘા** - ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધોના સમુદાયો છે (તે); **સર્વે** - બધા; **એવ** - જ (ય); **વિસ્મિતાઃ** - આશ્ચર્ય પામીને; **ત્વાં** - આપને; **વીક્ષન્તે** - જોઈ રહ્યા છે;

**ભાવાર્થ :** જે બાર રુદ્રો, અગિયાર આદિત્યો, આઠ વસુઓ, બાર સાધ્યગણો, દશ વિશ્વેદેવો, બે અશ્વિનીકુમારો, મરુદ્ગણ, પિતૃઓનો સમુદાય, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધોના સમુદાયો છે તે બધા ય આશ્ચર્ય પામીને આપનો જોઈ રહ્યા છે. (૨૨)

**રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રં મહાબાહો**
**બહુબાહૂરુપાદમ્ ।**
**બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં દૃષ્ટ્વા**
**લોકાઃ પ્રવ્યથિતા-સ્તથાહમ્ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : મહત્તે** - મહત્ + તે; **બહુબાહૂરુપાદં** -

બહુબાહુ + ઉરુપાદં; **બહૂદરં** - બહુ + ઉદરં; **પ્રવ્યથિતાસ્તથાહમ્** - પ્રવ્યથિતાઃ + તથા + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ; **તે** - આપનાં; **બહુવક્ત્રનેત્રં** - ઘણાં મુખ અને નેત્રોવાળા; **બહુબાહૂરુપાદમ્** - (**ઊરુ** - સાથળ, જાંઘ-જંઘા) ઘણા હાથ, જાંઘ અને પગવાળા; **બહૂદરં** - ઘણાં ઉદર-પેટવાળા; **બહુદંષ્ટ્રાકરાલં** - ઘણી બધી દાઢોને લીધે અત્યંત ભયંકર; **મહત્ રૂપં** - મહાન રૂપને; **દૃષ્ટ્વા** - જોઈને; **લોકાઃ** - સમસ્ત લોકો; **તથા અહં** - તેમ જ હું પણ; **વ્યથિતાઃ** - વ્યાકુળ થઈ રહ્યા છે;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! આપના ઘણાં મુખ અને નેત્રોવાળા, ઘણા હાથ, જંઘા અને પગવાળા, ઘણાં ઉદર-પેટવાળા, ઘણી બધી દાઢોને લીધે ભયંકર રૂપને જોઈને સમસ્ત લોકો તથા હું પણ વ્યાકુળ થઈ રહ્યા છે. (૨૩)

**નભઃસ્પૃશં દીપ્તમનેકવર્ણં વ્યાત્તાનનં**
**દીપ્તવિશાલનેત્રમ્ ।**
**દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા ધૃતિં**
**ન વિન્દામિ શમં ચ વિષ્ણો ॥૨૪॥**

**સંધિવિગ્રહ : દીપ્તમનેકવર્ણં** - દીપ્તં + અનેકવર્ણં; **વ્યાત્તાનનં** - વ્યાત્ત + આનનં; **વ્યાત્ત** - ફેલાયેલું; (પહોળું કરેલું); **પ્રવ્યથિતાન્તરાત્મા** - પ્રવ્યથિત + અંતરાત્મા; **અંતરાત્મા** -

અંતર + આત્મા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે, **વિષ્ણો** - હે વિષ્ણુ; **નભઃસ્પૃશં** - ગગનચુંબી; **દીપ્તં** - દેદીપ્યમાન; **અનેકવર્ણં** - અનેક વર્ણોવાળા; **વ્યાત્તાનનં** - ફેલાવેલા (ફાડેલા) મુખ; **દીપ્તં વિશાલનેત્રં** - પ્રકાશમાન વિશાલ નેત્રોવાળા; **ત્વાં** - આપને; **દૃષ્ટ્વા** - જોઈને; **પ્રવ્યથિતાન્તરાત્મા** - ભયભીત અંતકરણવાળો હું; **ધૃતિં** - ધૈર્ય (ધીરજ); **ચ** - કે; **શમં** - શાંતિ; **ન વિન્દામિ** - પામતો નથી;

**ભાવાર્થ :** કારણ કે હે વિષ્ણુ ! ગગનચુંબી, દેદીપ્યમાન, અનેક વર્ણોવાળા ફેલાવેલા મુખ, પ્રકાશમાન વિશાલ નેત્રોવાળા આપને જોઈને ભયભીત અંતકરણવાળો હું ધીરજ (અને) શાંતિ પામતો નથી. (૨૪)

**દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ**
**દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ ।**
**દિશો ન જાને ન લભે ચ શર્મ**
**પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : દૃષ્ટ્વૈવ** - દૃષ્ટ્વા + એવ; **કાલાનલ સન્નિભાનિ** - કાલ + અનલસન્નિભાનિઃ; **દિશો ન** - દિશઃ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દંષ્ટ્રાકરાલાનિ** - તીવ્ર દાઢોને લીધે વિકરાળ; **કાલાનલસન્નિભાનિ** - પ્રલયકાળના અગ્નિ જેવા

પ્રજ્વલેલાં; **તે** - આપનાં; **મુખાનિ** - મુખો; **દૃષ્ટ્વા એવ** - જોઈને જ; **ન જાને દિશઃ** - હું દિશાઓને ઓળખી શકતો નથી; **ચ** - અને; **શર્મ** - સુખ; (પણ) **ન લભે** - પામી શકતો નથી; (તેથી) **દેવેશ** - હે દેવોના સ્વામી; **જગન્નિવાસ** - હે જગતના આધાર; (આપ); **પ્રસીદ** - પ્રસન્ન થાઓ;

**ભાવાર્થ :** તીવ્ર (તીણી) દાઢોને લીધે વિકરાળ અને પ્રલય કાળના અગ્નિ જેવા પ્રજ્વલેલાં આપનાં મુખો જોઈને જ હું દિશાઓને ઓળખી શકતો નથી અને સુખ પણ પામી શકતો નથી તેથી હે દેવોના સ્વામી ! હે જગતના આધાર ! આપ પ્રસન્ન થાઓ. (૨૫)

**અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ સર્વે**
**સહૈવાવનિપાલસંઘૈઃ ।**
**ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ**
**સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥૨૬॥**

**વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ**
**દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ ।**
**કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ**
**સન્દૃશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાંગૈઃ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : સહૈવાવનિપાલસંઘૈઃ** - સહ + એવ +

અવનિપાલસંઘૈઃ; **ભીષ્મો દ્રોણઃ** - ભીષ્મઃ + દ્રોણ; **સૂતપુત્રસ્તથાસૌ** - સૂતપુત્રઃ + તથા + અસૌ; **સહાસ્મદીયૈરપિ** - સહ + અસ્મદીયૈઃ + અપિ; **ત્વરમાણા વિશન્તિ** - ત્વરમાણાઃ + વિશન્તિ; **કેચિદ્વિલગ્ના દશાનાન્તરેષુ** - કેચિત્ + વિલગ્નાઃ + દશાનાન્તરેષુ; (**દશાનાન્તરેષુ** - દશન + અંતરેષુ - અહીં 'અંતર'નો અર્થ 'વચ્ચે' થશે); **ચૂર્ણિતૈરુત્તમાંગૈઃ** - ચૂર્ણિતૈઃ + ઉત્તમાંગૈઃ; (**ઉત્તમાંગૈ** - ઉત્તમ + અંગૈઃ);

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (**અમી** - પેલા) **સર્વે એવ ધૃરાષ્ટ્રસ્ય પુત્રાઃ** - ધૃતરાષ્ટ્રના પેલા બધા જ પુત્રો; **અવનિપાલસંઘૈઃ સહ** - રાજાઓના સમુદાય સહિત; **ત્વાં** - આપનામાં; (**પ્રવિશન્તિ** - પ્રવેશી રહ્યા છે); **ચ** - અને; **ભીષ્મઃ દ્રોણઃ** - પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય; **તથા** - તથા; **અમી** - પેલો; **સુતપુત્રઃ** - કર્ણ; (અને); **અસ્મદીયૈઃ અપિ** - આપણા પક્ષના પણ; **યોધમુખ્યૈઃ સહ** - મુખ્ય યોદ્ધાઓ સહિત; (એક એક); **તે દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ** - તીણી દાઢોને લીધે વિકરાળ એવા આપના ભયાનક; **વકત્રાણિ** - મુખોમાં; **ત્વરમાણાઃ** - ઘણા વેગથી (દોડતા); **વિશન્તિ** - પ્રવેશી રહ્યા છે; (અને); **કેચિત્** - કેટલાક (તો); **ચૂર્ણિતૈઃ** - ભૂક્કો થયેલા; **ઉત્તમાંગૈઃ** - માથા સહિત; (આપના) **દશનાંતરેષુ** - દાંતોની વચ્ચે; **વિલગ્નાઃ** - ભીંસાયેલા - લાગેલા; **સન્દૃશ્યન્તે** - દેખાઈ રહ્યાં છે;

**ભાવાર્થ :** ધૃતરાષ્ટ્રના પેલા બધા જ પુત્રો, રાજાઓના

સમુદાય સહિત આપનામાં પ્રવેશી રહ્યા છે અને પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્ય તથા પેલો કર્ણ અને આપણા પક્ષના પણ મુખ્ય યોદ્ધાઓ સહિત એક એક તીણી દાઢોને લીધે વિકરાળ એવા આપના ભયાનક મુખોમાં ઘણા વેગથી દોડતા પ્રવેશી રહ્યા છે; અને કેટલાક તો ભૂક્કો થયેલા માથા સહિત આપના દાંતોની વચ્ચે ભીંસાયેલા દેખાઈ રહ્યા છે. (૨૬, ૨૭)

**યથા નદીનાં બહવોડમ્બુવેગાઃ**
**સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।**
**તથા તવામી નરલોકવીરા વિશન્તિ**
**વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : બહવોડમ્બુવેગાઃ** - બહવઃ + અમ્બુવેગાઃ; **સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ** - સમુદ્રં + એવ + અભિમુખાઃ + દ્રવન્તિ; **તવામી** - તવ + અમી; **નરલોકવીરા વિશન્તિ** - નરલોકવીરાઃ + વિશન્તિ; **વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ** - વક્ત્રાણિ + અભિવિજ્વલન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જેવી રીતે; **નદીનાં** - નદીઓનાં; **બહવઃ** - અનેક; **અંબુવેગાઃ** - જલ પ્રવાહો (સહજ રીતે જ); **સમુદ્રં** - સાગર તરફ; **એવ** - જ; **દ્રવન્તિ** - દોડે છે (સમુદ્રમાં પ્રવેશ કરે છે); **તથા** - તેવી જ રીતે; **અમી નરલોકવીરાઃ** - તે પૃથ્વીલોકના શ્રેષ્ઠ શૂરવીરો (પણ); **તવ** - આપના;

**અભિવિજવલન્તિ** - પ્રજવલિત; **વક્ત્રાણિ** - મુખોમાં; **વિશન્તિ** - પ્રવેશી રહ્યા છે (આપનામાં લીન થઈ રહ્યા છે);

**ભાવાર્થ :** જેવી રીતે નદીઓના અનેક જલ પ્રવાહો સહજ રીતે જ સમુદ્ર - સાગર તરફ જ દોડે છે, સમુદ્ર માં જ પ્રવેશ કરે છે તેવી જ રીતે તે પૃથ્વીલોકના શ્રેષ્ઠ શૂરવીરો પણ આપના પ્રજવલિત મુખોમાં પ્રવેશી રહ્યા છે (આપનામાં લીન થઈ રહ્યા છે). (૨૮)

**યથા પ્રદીપ્તં જ્વલનં પતંગા વિશન્તિ**
**નાશાય સમૃદ્ધવેગાઃ ।**
**તથૈવ નાશાય વિશન્તિ લોકાસ્તવાપિ**
**વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : પતંગા વિશન્તિ** - પતંગાઃ + વિશન્તિ; **તથૈવ** - તથા + એવ; **લોકાસ્તવાપિ** - લોકાઃ + તવ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જેવી રીતે; **પતંગાઃ** - પતંગિયાં (મોહને વશ થઈ); **નાશાય** - નષ્ટ થવા માટે; **પ્રદીપ્તજ્વલનં** - પ્રજવલિત અગ્નિમાં; **સમૃદ્ધવેગાઃ** - ઘણા વેગથી ઊડતાં ઊડતાં; (જાતે જ) **વિશન્તિ** - પ્રવેશ કરે છે; **તથા એવ** - તેવી જ રીતે; **લોકાઃ** - (સર્વ) લોકો; **અપિ** - પણ; **નાશાય** - પોતાનો નાશ થવા માટે; **તવ** - આપનાં; **વક્ત્રાણિ** - મુખોમાં; **સમૃદ્ધવેગાઃ વિશન્તિ** - અત્યંત વેગથી દોડતા દોડતા જાતે જ પ્રવેશી રહ્યા છે.

**ભાવાર્થ :** જેવી રીતે પતંગિયા મોહને વશ થઈને નષ્ટ થવા માટે જ પ્રજ્વલિ અગ્નિમાં ઘણા વેગથી ઊડતાં ઊડતાં જાતે જ પ્રવેશ કરે છે તેવી જ રીતે સમસ્ત લોકો પણ નષ્ટ થવા માટે જ આપનાં મુખોમાં અત્યંત વેગથી દોડતા દોડતા જાતે જ પ્રવેશી રહ્યા છે. (૨૯)

**લેલિહ્યસે ગ્રસમાનઃ**
**સમન્તાલ્લોકાન્સમગ્રાન્વ-દનૈર્જ્વલદ્ભિઃ ।**
**તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં**
**ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ॥૩૦॥**

**સંધિવિગ્રહ : સમન્તાલ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ** - સમંતાત્ + લોકાન્ + સમગ્રાન્ + વદનૈઃ + જ્વલદ્ભિઃ; **તેજોભિરાપૂર્ય** - તેજોભિઃ + આપૂર્ય; **જગત્સમગ્રં** - જગત્ + સમગ્રં; **ભાસસ્તવોગ્રાઃ** - ભાસઃ + તવ + ઉગ્રા;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને આપ તે) **સમગ્રાન્ લોકાન્** - સમસ્ત લોકોને; **જ્વલદ્ભિઃ** - પ્રજ્વલિત; **વદને** - મુખો દ્વારા; **ગ્રસમાનઃ** કોળિયો કરતા; **સમન્તાત્** - ચારે કોરથી; **લેલિહ્યસે** - વારંવાર, ચાટી રહ્યા છો; **વિષ્ણો** - હે વિષ્ણુ; **તવ** - આપનો; **ઉગ્ર ભાસઃ** - ઉગ્ર પ્રકાશ; **સમગ્રં જગત્** - સમગ્ર જગત (બ્રહ્માંડ)ને; **તેજોભિઃ** - તેજથી; **આપૂર્ય** - ભરી દઈને; **પ્રતપન્તિ** - તપાવી રહ્યો છે;

**ભાવાર્થ :** અને આપ તે સમગ્ર લોકોને પ્રજ્વલિત મુખો દ્વારા કોળિયો કરતા ચારે કોરથી વારંવાર, ચાટી રહ્યા છો, હે વિષ્ણુ ! આપનો ઉગ્ર પ્રકાશ સમગ્ર બ્રહ્માંડને તેજથી ભરી દઈને તપાવી રહ્યો છે. (૩૦)

**આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો**
**નમોડસ્તુ તે દેવદર પ્રસીદ ।**
**વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં ન**
**હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ॥૩૧॥**

**સંધિવિગ્રહ : કો ભવાનુગ્રરૂપો નમોડસ્તુ** - કઃ + ભવાન્ + ઉગ્રરૂપઃ + નમઃ + અસ્તુ; **વિજ્ઞાતુમિચ્છામિ** - વિજ્ઞાતું + ઈચ્છામિ; **ભવનત્માદ્યં** – ભવન્તં + આદ્યં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મે** - મને; **આખ્યાહિ** - કહો (બતાવો) (કે); **ભવાન્** - આપ; **ઉગ્રરૂપઃ** - ઉગ્રરૂપધારી; **કઃ** - કોણ (છો); **દેવવર** - હે દેવાધિદેવ; **નમઃ તે અસ્તુ** - આપને નમસ્કાર હો; **પ્રસીદ** - આપ પ્રસન્ન થાઓ; **આદ્યં** - આદિ પુરુષ; / એવા) **ભવન્તં** - આપને; (હું) **વિજ્ઞાતું ઈચ્છામિ** - વિશેષ રૂપે જાણવા માગું છું; **હિ** - કેમ કે; **તવ પ્રવૃત્તિં** - આપની પ્રવૃત્તિને; **ન પ્રજાનામિ** - હું જાણી શકતો નથી;

**ભાવાર્થ :** મને બતાવો કે આપ ઉગ્રરૂપધારી કોણ છો ? હે દેવાધિદેવ, આપને નમસ્કાર હો આપ પ્રસન્ન થાઓ,

આદિ પુરુષ એવા આપને; હું વિશેષ રૂપ જાણવા માગું છું કેમ કે હું આપની પ્રવૃત્તિને જાણી શકતો નથી. (૩૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**કાલેઽસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો**
**લોકાન્સમાહર્તુમિહ પ્રવૃત્તઃ ।**
**ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે**
**યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥૩૨॥**

**સંધિવિગ્રહ : કાલોઽસ્મિ** - કાલઃ + અસ્મિ; **લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો લોકાન્સમાહર્તુમિહ** - લોકક્ષયકૃત્ + પ્રવૃદ્ધઃ + લોકાન્ + સમાહર્તું + ઇહ; **ઋતેઽપિ** - ઋતે + અપિ; **યેઽવસ્થિતાઃ** - યે + અવસ્થિતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : લોકક્ષયકૃત્** - લોકોનો નાશ કરનાર; **પ્રવૃદ્ધઃ** - વધી ગયેલો (વૃદ્ધિ પામેલો); **કાલઃ** - મહાકાલ; **અસ્મિ** - (હું) છું; **ઇહ** - હમણાં; **લોકાન્** - (આ) લોકોનો; **સમાહર્તું** - સંહાર કરવા માટે; **પ્રવૃત્તઃ** - પ્રવૃત્ત થયો છું (માટે); **યે** - જે; **પ્રત્યનીકેષુ** - પ્રતિપક્ષીઓની સેનામાં; **અવસ્થિતાઃ** - રહેલા; **યોધાઃ** - યોદ્ધાઓ છે; (તે); **સર્વે** - સર્વ; **ત્વાં** - તારા; **ઋતે** - વિના; **અપિ** - પણ; **ન ભવિષ્યન્તિ** - નથી રહેવાનાં; (તું યુદ્ધ ન કરે તો પણ આ સર્વનો નાશ થવાનો જ છે);

**ભાવાર્થ :** લોકોના નાશ કરનાર વધી ગયેલો મહાકાલ

હું (જ) છું; હમણાં આ લોકોનો સંહાર કરવા માટે પ્રવૃત્ત થયો છું; માટે જે પ્રતિપક્ષીઓની સેનામાં રહેલા યોદ્ધાઓ છે; તે સર્વ તારા વિના પણ રહેવાનાં નથી. (તું યુદ્ધ ન કરે તો પણ આ સર્વનો નાશ થવાનો જ છે.) (૩૨)

**તસ્માત્ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ જિત્વા**
**શત્રૂન્ ભુંઙ્‌ક્ષ્વરાજ્યં સમૃદ્ધમ્ ।**
**મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં**
**ભવ સવ્યસાચિન્ ॥૩૩॥**

**સંધિવિગ્રહ : તસ્માત્ત્વમુત્તિષ્ઠ** - તસ્માત્ + ત્વં + ઉત્તિષ્ઠ; **મયૈવૈતે** - મયા + એવ + એતે; **પૂર્વમેવ** - પૂર્વં + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **ત્વં** - તું; **ઉત્તિષ્ઠ** - ઊભો થા; **યશઃ** - યશ; **લભસ્વ** - પ્રાપ્ત કર; (તથા) **શત્રૂન જિત્વા** - શત્રુઓને જીતીને; **સમૃદ્ધં રાજ્યં** - (ધનધાન્યથી) સમૃદ્ધ રાજ્યને; **ભુંક્ષ્વ** – ભોગવ; **એતે** – આ સૌ - શૂરવીરો; **પૂર્વં એવ** - આ પહેલાથી જ; **માયા નિહતાઃ** - મારા વડે હણાયેલા છે; **સવ્યસાચિન્** - (ડાબે હાથે પણ અર્જુન બાણ છોડી શકતો હોવાથી તેને 'સવ્યસાચી' કહેતા); હે સવ્યસાચી (અર્જુન); (તું તો); **નિમિત્તમાત્રં એવ** - કેવળ નિમિત્ત માત્ર; **ભવ** - થા;

**ભાવાર્થ :** તેથી તું ઊભો થા, યશ પ્રાપ્ત કર તથા

શત્રુઓને જીતીને ધનધાન્યથી સમૃદ્ધ રાજ્યને ભોગવ; આ સૌ શૂરવીરો તો પહેલાથી જ મારા વડે હણાયેલા છે, હે સવ્યસાચી અર્જુન ! તું તો (માત્ર) કેવળ નિમિત્તમાત્ર થા. (૩૩)

**દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ કર્ણં**
**તથાન્યાનપિ યોધવીરાન્ ।**
**મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા**
**યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : તથાન્યાનપિ** - તથા + અન્યાન્ + અપિ; **હતાંસ્ત્વં** - હતાન્ + ત્વં; **વ્યથિષ્ઠા યુધ્યસ્વ** - વ્યથિષ્ઠાઃ + યુધ્યસ્વ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દ્રોણં, ભીષ્મં, જયદ્રથં ચ કર્ણં** - દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, જયદ્રથ, કર્ણ તથા; **અન્યાન્ અપિ** - બીજા પણ ઘણા બધા; **મયા** - મારા વડે; **હતાન્** - હણાયેલા; **યોધવીરાન્** - શૂરવીર યોદ્ધાઓને; **ત્વં જહિ** - તું હણ; **મા વ્યથિષ્ઠા** - ભય ન રાખ; (અવશ્ય); **રણે** - (તું) યુદ્ધમાં; **સપત્નાન્** - વેરીઓને; **જેતાસિ** - જીતીશ; (તેથી) **યુધ્યસ્વ** - યુદ્ધ કર;

**ભાવાર્થ :** દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, જયદ્રથ, કર્ણ તથા બીજા પણ ઘણા બધા મારા વડે હણાયેલા શૂરવીર યોદ્ધાઓને તું યુદ્ધમાં હણ, ભય ન રાખ, યુદ્ધમાં તું અવશ્ય વેરીઓને જીતીશ, તેથી યુદ્ધ કર. (૩૪)

**સંજય ઉવાચ ।** સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા ।

**એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય**
**કૃતાંજલિર્વેપમાનઃ કિરીટી ।**
**નમસ્કૃત્વા ભૂય એવાહ કૃષ્ણં**
**સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥૩૫॥**

**સંધિવિગ્રહ : એતચ્છ્રુત્વા** - એતત્ + શ્રુત્વા; **કૃતાંજલિર્વેપમાનઃ** - કૃતાંજલિઃ + વેપમાન; **એવાહ** - એવ + આહ; **ભૂય એવાહ** - ભૂયઃ + એવ + આહ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કેશવસ્ય** - કેશવ ભગવાનનાં; **એતત્ વચનં** - આ વચન; **શ્રુત્વા** - સાંભળીને; **કિરીટી** - મુકુટધારી અર્જુન; **કૃતાંજલિઃ** - બે હાથ જોડીને; **વેપમાનઃ** - થરથર કાંપતા; **નમસ્કૃત્વા** - નમસ્કાર કરીને; **ભૂયઃ** - ફરીથી; **એવ** - પણ; **ભીતભીતઃ** - અત્યંત ભયભીત થઈને; **પ્રણમ્ય** - પ્રણામ કરીને; **કૃષ્ણં** - ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે; **સગદ્ગદં** - ગદ્ગદ વાણીથી; **આહ** - બોલ્યો (સ્તુતિ કરવા લાગ્યો);

**ભાવાર્થ :** સંજય બોલ્યા, 'કેશવ ભગવાન'નાં આ વચન સાંભળીને મુકુટધારી અર્જુન બે હાથ જોડીને થરથર કાંપતા અત્યંત ભયભીત થઈને પ્રણામ કરીને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે સગદ્ગદ્ વાણીથી બોલ્યો (સ્તુતિ કરવા લાગ્યો). (૩૫)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા**
**જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।**

**રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ સર્વે**
**નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ ॥૩૬॥**

**સંધિવિગ્રહ : જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે** - જગત્ + પ્રહૃષ્યતિ + અનુરજ્યતે; **દિશો દ્રવન્તિ** - દિશઃ + દ્રવન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હૃષીકેશ** - હે અંતરયામી; **સ્થાને** - (એ) યોગ્ય (જ) છે (કે); **તવ** - આપનાં; **પ્રકીર્ત્યા** - નામ, ગુણો અને પ્રભાવના કીર્તનથી; **જગત્** - વિશ્વ; **પ્રહૃષ્યતિ** - ઘણું હરખાઈ રહ્યું છે; **ચ અનુરજ્યતે** - અને અનુરાગ પ્રાપ્ત કરી રહ્યું છે; (તથા) **ભીતાનિ રક્ષાંસિ** - ભય પામેલ રાક્ષસો; **દિશઃ** - દિશાઓમાં (આમતેમ); **દ્રવન્તિ** – ભાગી રહ્યા છે; **ચ** - અને; **સર્વે સિદ્ધસંઘાઃ** - સર્વ સિદ્ધગણોનો સમુદાય; **નમસ્યન્તિ** - નમન કરી રહ્યા છે;

**ભાવાર્થ :** હે અંતર્યામી ! એ યોગ્ય જ છે કે આપનાં નામ, ગુણ અને પ્રભાવનાં કીર્તનથી વિશ્વ ઘણું હરખાઈ રહ્યું છે અને અનુરાગ પ્રાપ્ત કરી રહ્યું છે તથા ભય પામેલ રાક્ષસો આમ તેમ નાસી રહ્યા છે અને સર્વ સિદ્ધ ગણના સમુદાય આપને નમન કરી રહ્યા છે. (૩૬)

**કસ્માચ્ચ તે ન નમેરન્મહાત્મન્**
**ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।**
**અનન્ત દેવેશ જગન્નિવાસ ત્વમક્ષરં**
**સદસત્તત્પરં યત્ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : કસ્માચ્ચ** - કસ્માત્ + ચ; **નમેરનમહાત્મન્** - નમેરન્ + મહાત્મન્; **બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે** - બ્રહ્મણઃ + અપિ + આદિકર્ત્રે; **જગન્નિવાસ** - જગત્ + નિવાસ; **ત્વમક્ષરં** - ત્વં + અક્ષરં; **સદસત્તત્પરં** - સત્ + અસત્ + તત્પરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાત્મન્** - હે મહાત્મા; **બ્રહ્મણઃ અપિ** - બ્રહ્માના પણ; **આદિકર્ત્રે** - આદિકર્તા; **ચ** - અને; **ગરીયસે** - સૌથી મોટા; **તે** - (આપને) તેઓ; **કસ્માત્** - કેમ; **ન નમેરન્** - ન નમે; (કેમ કે); **અનંત** - હે અનંત; **દેવેશ** - હે દેવોના ઈશ; **જગન્નિવાસ** - હે જગન્નિવાસ; **યત્** - જે; **સત્** - સત્; **અસત્** - અસત્ (અને); **તત્પરં** - એ (બેથી) પણ પર; **અક્ષરં** - અક્ષર (સચ્ચિદાનંદઘન) બ્રહ્મ છે; **તત્** - તે; **ત્વં** - આપ (છો);

**ભાવાર્થ :** હે મહાત્મા ! બ્રહ્માના પણ આદિકર્તા અને સૌથી મોટા આપને તેઓ કેમ ન નમે ? કેમ કે હે અનંત, દેવોના ઈશ, જગન્નિવાસ ! જે સત્ અને અસત્ અને એ બેથી પણ પર અક્ષર (સચ્ચિદાનંદઘન બ્રહ્મ) છે તે આપ છો. (૩૭)

**ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણસ્ત્વમસ્ય**
**વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**
**વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ ત્વયા**
**તતં વિશ્વમનન્તરૂપ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : ત્વમાદિદેવઃ** - ત્વં + આદિદેવઃ;

**પુરાણસ્ત્વમસ્ય** - પુરાણઃ + ત્વં + અસ્ય; **વેત્તાસિ** - વેત્તા + અસિ; **વિશ્વમનન્તરૂપ** - વિશ્વં + અનંતરૂપ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વં** - આપ; **આદિદેવઃ** - આદિદેવ (અને); **પુરાણઃ** - સનાતન; **પુરુષઃ** - પુરુષ છો; **ત્વં** - આપ; **અસ્ય** - આ; **વિશ્વસ્ય** - જગતના; **પરં** - પરમ; **નિધાનં** - આશ્રય; **ચ** - અને; **વેત્તા** - જાણનારા; **ચ** - અને; **વેદ્યં** - જાણવા યોગ્ય; (અને) **પરં** - પરમ; **ધામ અસિ** - ધામ છો; **અનંતરૂપ** - હે અનંતરૂપ; **ત્વયા** - આપનાથી; **વિશ્વં** - (આ સમગ્ર) વિશ્વ; **તતં** - વ્યાપ્ત (પરિપૂર્ણ) છે;

**ભાવાર્થ :** આપ આદિદેવ અને સનાતન પુરુષ છો, આપ આ જગતના પરમ આશ્રય અને જાણનારા થા જાણવા યોગ્ય પરમ ધામ છો. હે અનંતરૂપ ! આપનાથી આ સમગ્ર વિશ્વ વ્યાપ્ત (પરિપૂર્ણ) છે. (૩૮)

**વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાંકઃ**
**પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।**
**નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ પુનશ્ચ**
**ભૂયોઽપિ નમો નમસ્તે ॥૩૯॥**

**સંધિવિગ્રહ : વાયુર્યમોઽગ્નિર્વરુણઃ** - વાયુઃ + યમઃ + અગ્નિઃ + વરુણઃ; **પ્રજાપતિસ્ત્વં** - પ્રજાપતિઃ + ત્વં; **પ્રપિતામહશ્ચ** - પ્રપિતામહઃ + ચ; **નમો નમસ્તેઽસ્તુ** - નમઃ + નમઃ + તે

+ અસ્તુ; **પુનશ્ચ** - પુનઃ + ચ; **ભૂયોઽપિ** - ભૂયઃ + અપિ; **નમો નમસ્તે** - નમઃ + નમઃ + તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વં** - આપ; **વાયુઃ યમઃ અગ્નિઃ વરુણઃ શશાંકઃ** - વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્રમા; **ચ** - અને; **પ્રજાપતિઃ** - પ્રજાના સ્વામી બ્રહ્મા (તથા); **પ્રપિતામહઃ** - બ્રહ્માના પણ પિતા છો; **તે** - આપને; **સહસ્રકૃત્વઃ** - હજારો વાર; **નમઃ** - નમસ્કાર; **નમઃ અસ્તુ** - (વારંવાર) નમસ્કાર હો; **તે** - આપને; **ભૂયઃ** – ફરી પાછા; **અપિ** - (એથી) પણ; **પુનઃ ચ** - વધારે વાર; **નમઃ નમઃ** - નમસ્કાર, નમસ્કાર;

**ભાવાર્થ :** આપ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્રમા અને પ્રજાના સ્વામી બ્રહ્મા તથા બ્રહ્માના પણ પિતા છો, આપને હજારો વાર નમસ્કાર, વારંવાર નમસ્કાર, આપને ફરી પાછા એથી પણ વધારે વાર નમસ્કાર, નમસ્કાર. (૩૯)

**નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે**
**નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ ।**
**અનન્તવીર્યામિતવિક્રમસ્ત્વં સર્વં**
**સમાપ્નોષિ તતોઽસિ સર્વઃ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : પુરસ્તાદથ** - પુરસ્તાત્ + અથ; **પૃષ્ઠતસ્તે** - પૃષ્ઠતઃ + તે; **નમોઽસ્તુ** - નમઃ + અસ્તુ; **સર્વત એવ** - સર્વતઃ + એવ; **અનન્તવીર્યામિતવિક્રમસ્ત્વં** - અનન્તવીર્ય

+ અમિતવિક્રમઃ + ત્વં; **તતોઽસિ** - તતઃ + અસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનંતવીર્ય** - હે અનંત સામર્થ્યવાળા; **તે** - આપને; **પુરસ્તાત્** - આગળથી; **અથ** - અને; **પૃષ્ઠતઃ** - પાછળથી (પણ); **નમઃ** - નમસ્કાર; **સર્વ** - હે સર્વના આત્મા; **તે** - આપને; **સર્વતઃ** - બધીય બાજુએથી; **એવ** - પણ; **નમઃ** - નમસ્કાર; **અસ્તુ** - હો (કારણ કે); **અમિતવિક્રમઃ** - અનંત પરાક્રમશીલ; **ત્વં** - આપ; **સર્વં** - સમસ્ત સંસાર (બ્રહ્માંડ)ને; **સમાપ્નોષિ** - વ્યાપીને રહેલા છો; **તતઃ** - તેથી; (આપ જ); **સર્વઃ અસિ** - સર્વરૂપ છો;

**ભાવાર્થ :** હે અનંત સામર્થ્યવાળા ! આપને આગળથી અને પાછળથી પણ નમસ્કાર; આપને બધીય બાજુએથી પણ નમસ્કાર હો, કારણ કે હે અનંત પરાક્રમશીલ ! આપ સમસ્ત બ્રહ્માંડને વ્યાપીને રહેલા છો, આપ જ સર્વરૂપ છો. (૪૦)

**સખેતિ મત્વા પ્રસભં યદુક્તં હે કૃષ્ણ હે**
**યાદવ હે સખેતિ ।**
**અજાનતા મહિમાનં તવેદં મયા**
**પ્રમાદાત્પ્રણયેન વાપિ ॥૪૧॥**
**યચ્ચાવહાસાર્થમસત્કૃતોઽસિ**
**વિહારશય્યાસન-ભોજનેષુ ।**
**એકોઽથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે**
**ત્વામહમ-પ્રમેયમ્ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : સખેતિ** - સખા + ઈતિ; **યદુક્તં** - યત્ + ઉક્તં; **સખેતિ** - સખા + ઈતિ; **તવેદં** - તવ + ઈદં; **પ્રમાદાત્પ્રણયેન** - પ્રમાદાત્ + પ્રણયેન; **વાપિ** - વા + અપિ; (૪૧) **યચ્ચાવહાસાર્થમસત્કૃતોઽસિ** - યત્ + ચ + અવહાસાર્થં + અસત્કૃતઃ + અસિ; **એકોઽથવાપ્યચ્યુત** - એક + અથવા + અપિ + અચ્યુત; **તત્ક્ષામયે** - તત્ + ક્ષામયે; **ત્વામહમપ્રમેયમ્** - ત્વાં + અહં + અપ્રમેયં; (૪૨)

**શબ્દાર્થ, અન્વયાર્થ : તવ** - આપના; **ઈદં** - આ; **મહિમાનં** - પ્રભાવને; **અજાનતા** - નહીં જાણતા (આપ મારા); **સખા** - સખા છો; **ઈતિ મત્વા** - એમ માનીને; **પ્રણયેન** - પ્રેમથી; **વા** - અથવા; **પ્રમાદાત્** - પ્રમાદથી; **અપિ** - પણ; **મયા** - મેં; **હે કૃષ્ણ** - હે કૃષ્ણ; **હે યાદવ** - હે યાદવ; **હે સખે** - હે સખા; **ઈતિ** - એ પ્રમાણે; **યત્** - જે કંઈ (વગર વિચાર્યે); **પ્રસભં** - અવજ્ઞાપૂર્વક; **ઉક્તં** - કહ્યું છે; **ચ** - અને; **અચ્યુત** - હે અચ્યુત (આપ); **યત્** - જે (મારા વડે); **અવહાસાર્થં** - વિનોદ ખાતર; **વિહારશય્યાસનભોજનેષુ** - વિહાર, શય્યા, આસન ને ભોજન (આદિ વખતે); **એકઃ** - એકાંતમાં; **અથવા** - અથવા; **તત્સમક્ષં** - તે (સખાઓની) સમક્ષ; **અપિ** - પણ; **અસત્કૃતઃ** - અપમાનિત કરવામાં આવ્યા છો; **તત્** - તે (સર્વ અપરાધ); **અપ્રમેયં** - અચિંત્ય પ્રભાવવાળા; **ત્વાં** - આપને; **અહં** - હું; **ક્ષામયે** - ક્ષમા કરવા વિનવું છું;

**ભાવાર્થ :** આપના આ પ્રભાવને નહીં જાણતા આપ

મારા સખા છો એમ માનીને પ્રેમથી અથવા પ્રમાદથી પણ મેં હે કૃષ્ણ, હે યાદવ, હે સખા, એ પ્રમાણે જે કંઈ વગર વિચાર્યે અવજ્ઞાપૂર્વક કહ્યું છે અને હે અચ્યુત ! આપ જે મારા વડે વિનોદ ખાતર વિહાર, શય્યા, આસન અને ભોજન આદિ કરતી વખતે એકાંતમાં અથવા તે સખાઓની સમક્ષ પણ અપમાનિત કરવામાં આવ્યા છો તે સર્વ અપરાધ અચિંત્ય પ્રભાવવાળા આપને હું ક્ષમા કરવા વિનવું છું. (૪૧, ૪૨)

**પિતાસિ લોકસ્ય ચરાચરસ્ય ત્વમસ્ય**
**પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।**
**ન ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો**
**લોકત્રયેઽપ્ય- પ્રતિમપ્રભાવ ॥૪૩॥**

**સંધિવિગ્રહ : પિતાસિ** - પિતા + અસિ; **ચરાચરસ્ય** - ચર + અચરસ્ય; **ત્વમસ્ય** - ત્વં + અસ્ય; **પૂજ્યશ્ચ** - પૂજ્યઃ + ચ; **ગુરુર્ગરીયાન્** - ગુરુઃ + ગરીયાન્; **ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ** - ત્વત્ + સમઃ + અસ્તિ + અભ્યધિકઃ; **કુતોઽન્યો** - કુતઃ + અન્યઃ; **લોકત્રયેઽપ્ય-પ્રતિમપ્રભાવ** - લોકત્રાયે + અપિ + અપ્રતિમપ્રભાવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ત્વં** - આપ; **અસ્ય** - આ; **ચરાચરસ્ય** - ચરાચર; **લોકસ્ય** - જગતના; પિતા; **ચ** - અને; **ગરીયાન્** - સૌથી મોટા; **ગુરુઃ** - ગુરુ; (તેમજ) **પૂજ્યઃ** - અતિ પૂજનીય;

**અસિ** - છો; **અપ્રતિમપ્રભાવ** - હે અનુપમ પ્રભાવવાળા; **લોકત્રયે** - ત્રણે (ય) લોકમાં; **ત્વત્ સમઃ** - આપના સમાન; **અપિ** - પણ; **અન્યઃ** - બીજો કોઈ; **ન અસ્તિ** - નથી; (પછી); **અભ્યધિકઃ** - અધિક ચડિયાતો તો; **કુત** - ક્યાંથી (હોઈ શકે);

**ભાવાર્થ :** આપ આ સચરાચર જગતના પિતા અને સૌથી મોટા ગુરુ તેમજ અતિ પૂજનીય છો; હે અનુપમ પ્રભાવવાળા ! ત્રણેય લોકમાં આપના સમાન પણ બીજો કોઈ નથી; તો પછી અધિક ચડિયાતો તો ક્યાંથી હોઈ શકે ? (૪૩)

**તસ્માત્પ્રણમ્ય પ્રણિધાય કાયં**
**પ્રસાદયે ત્વામ-હમીશમીડ્‌યમ્ ।**
**પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ પ્રિયઃ**
**પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ ॥૪૪॥**

**સંધિવિગ્રહ : તસ્માત્પ્રણમ્ય** - તસ્માત્ + પ્રણમ્ય; **ત્વામહમીશમીડ્‌યમ્** - ત્વાં + અહં + ઈશં + ઈડ્‌યં; **પિતેવ** - પિતા + ઈવ; **સખેવ** - સખા + ઈવ; **પ્રિયાયાર્હસિ** - પ્રિયાયાઃ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી (હે પ્રભુ); **અહં** - હું; **કાયં** - શરીરને; **પ્રણિધાય** - સારી પેઠે ચરણોમાં નિવેદિત કરીને; **પ્રણમ્ય** - પ્રણામ કરીને; **ઈડયં** - સ્તુતિ કરવા યોગ્ય; **ત્વાં** - આપ; **ઈશં** - ઈશ્વરને; **પ્રસાદયે** - પ્રસન્ન થવા માટે

પ્રાર્થું છું; **દેવ** - હે દેવ; **પિતા** - પિતા; (**ઈવ** - જેમ); **પુત્રસ્ય** - પુત્રના; **સખા** - સખા; **ઈવ** - જેમ; **સખ્યઃ** - સખાના; **પ્રિયઃ** - પતિ; **ઈવ** - જેમ; **પ્રિયાયાઃ** - પ્રિયતમા પત્નીની (અપરાધ સહન કરી લે છે); (તેમજ આપ પણ મારા અપરાધ); **સોઢું** - સહન કરવા; **અર્હસિ** - યોગ્ય છો;

**ભાવાર્થ :** તેથી હે પ્રભુ ! હું શરીરને સારી પેઠે ચરણોમાં નિવેદિત કરીને પ્રણામ કરીને સ્તુતિ કરવા યોગ્ય આપ ઈશ્વરને પ્રસન્ન થવા માટે પ્રાર્થું છું; હે દેવ ! પિતા જેમ પુત્રના, સખા જેમ સખાના, પતિ જેમ પ્રિયતમા પત્નીના અપરાધ સહન કરી લે છે તેમ જ આપ પણ મારા અપરાધ સહન કરવા યોગ્ય છો. (૪૪)

**અદૃષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દૃષ્ટ્વા ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।**
**તદેવ મે દર્શય દેવરૂપં પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૪૫॥**

**સંધિવિગ્રહ : હૃષિતોઽસ્મિ** - હૃષિતઃ + અસ્મિ; **મનો મે** - મનઃ + મે; **તદેવ** - તત્ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (મેં) **અદૃષ્ટપૂર્વ** - પહેલાં ન જોયેલા આપના આ આશ્ચર્યમય રૂપને; **દૃષ્ટ્વા** - જોઈને; **હૃષિતઃ અસ્મિ** - હરખાઈ પણ રહ્યો છું; **ચ** - અને; **મે** - મારું; **મનઃ** - મન; **ભયેન** - ભયને લીધે; **પ્રવ્યથિતં** - ઘણું વ્યાકુળ પણ થઈ રહ્યું છે; (તેથી આપ); **તત્** - (આપનું) પેલું; **દેવરૂપ** - ચતુર્ભુજ

વિષ્ણુરૂપ; **એવ** - જ; **મે** - મને; **દર્શય** - બતાવો; **દેવેશ** - હે દેવેશ; **જગન્નિવાસ** - હે જગન્નિવાસ; **પ્રસીદ** - પ્રસન્ન થાઓ;

**ભાવાર્થ :** મેં પહેલાં ન જોયેલા આપના આ આશ્ચર્યમય રૂપને જોઈને હરખાઈ પણ રહ્યો છું અને મારું મન ભયને લીધે ઘણું વ્યાકુળ પણ થઈ રહ્યું છે, તેથી આપ આપનું પેલું ચતુર્ભુજ વિષ્ણુરૂપ જ મને બતાવો, હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ; (૪૫)

**કિરીટિનં ગદિનં ચક્રહસ્તમિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।**
**તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે ॥૪૬॥**

**સંધિવિગ્રહ : ચક્રહસ્તમિચ્છામિ** - ચક્રહસ્તં + ઈચ્છામિ; **તથૈવ** - તથા + એવ; **તેનૈવ** તેન + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું; **તથા એવ** - તેવા જ; **ત્વાં** - આપને; **કિરીટિનં** - મુકુટધારી; (તથા) **ગદિનં** - ગદા; **ચક્રહસ્તં** - અને ચક્ર હાથમાં ધારણ કરેલા; **દ્રષ્ટું** - જોવા; **ઈચ્છામિ** - ઈચ્છું છું; (તેથી); **વિશ્વરૂપ** - હે વિશ્વરૂપ; **સહસ્રબાહો** - હે હજાર હાથવાળા; (આપ); **તેન એવ** - તે જ; **ચતુર્ભુજરૂપેણ** - ચતુર્ભુજ સ્વરૂપે; **ભવ** - પ્રગટ થાઓ;

**ભાવાર્થ :** હું તેવા જ આપને મુકુટધારી ગદા અને ચક્ર હાથમાં ધારણ કરેલા જોવા ઈચ્છું છું; થી હે વિશ્વરૂપ ! હે હજાર હાથવાળા ! આપ તે જ ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થાઓ. (૪૬)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**મયા પ્રસન્નેન તવાર્જુનેદં રૂપં પરં દર્શિતમાત્મ-યોગાત્ ।**
**તેજોમયં વિશ્વમનન્તમાદ્યં યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ ॥૪૭॥**

**સંધિવિગ્રહ : તવાર્જુનેદં** - તવ + અર્જુન + ઈદમ્; **દર્શિતમાત્મયોગાત્** - દર્શિતં + આત્મયોગાત્; **વિશ્વમનન્તમાદ્યં** - વિશ્વં + અનંતં + આદ્યં; **યન્મે** - યત્ + મે; (**ત્વદન્યેન** - ત્વત્ + અન્યેન);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અર્જુન** - હે અર્જુન; **પ્રસન્નેન** - તારા ઉપર અનુગ્રહ કરીને; **મયા** - મેં; **આત્મયોગાત્** - મારી પોતાની યોગશક્તિના પ્રભાવે; **ઈદં** - આ; **મે** - મારું; **પરં** - ઉત્કૃષ્ટ; **તેજામયં** - તેજોમય; **આદ્યં** - સર્વનું આદિ (અને); **અનંતં** - અનંત; **વિશ્વં** - વિરાટ; **રૂપં** - રૂપ; **તવ** - તને; **દર્શિતં** - દર્શાવ્યું છે; **યત્** - જેને; **ત્વત્ અન્યેન** - તારા સિવાય બીજા કોઈએ; **ન દૃષ્ટપૂર્વં** - પહેલાં જોયું નહોતું;

**ભાવાર્થ :** હે અર્જુન ! તારા ઉપર અનુગ્રહ કરીને મેં મારી પોતાની યોગશક્તિના પ્રભાવે આ મારું ઉત્કૃષ્ટ તેજોમય, સર્વનું આદિ અને અનંત વિરાટ રૂપ તને દર્શાવ્યું છે; જેને તારા સિવાય બીજા કોઈએ પણ પહેલાં જોયું નહોતું. (૪૭)

**ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈર્ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।**
**એવંરૂપઃ શક્ય અહં નૃલોકે દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ॥૪૮॥**

**સંધિવિગ્રહ : વેદયજ્ઞાધ્યયનૈર્ન** - વેદયજ્ઞાધ્યયનૈઃ + ન; (**વેદયજ્ઞાધ્યયન** - વેદયજ્ઞ + અધ્યયન); **દાનૈર્ન** - દાનૈઃ + ન; **ક્રિયાભિર્ન** - ક્રિયાભિઃ + ન; **તપોભિરુગ્રૈઃ** - તપોભિઃ + ઉગ્રૈઃ; **શક્ય અહં** - શક્યઃ + અહં; **ત્વદન્યેન** - ત્વત્ + અન્યેન);

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુરુપ્રવીર** - હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ શૂરવીર; **નૃલોકે** - મનુષ્યલોકમાં; **એવંરૂપઃ** - આવો વિશ્વરૂપધારી; **અહં** - હું; **ત્વદન્યેન** - તારા સિવાય બીજા કોઈનાથી; **ન વેદયજ્ઞાધ્યયનૈર્ન** - ન તો વેદ અને યજ્ઞોના અધ્યયનથી; **ન દાનૈઃ** - ન તો દાનથી; **ન ક્રિયાભિઃ** - ન તો શાસ્ત્રોક્ત કર્મોથી; **ચ** - અને; **ન ઉગ્રૈઃ તપોભિઃ** - ન તો આકરાં તપોથી પણ; **દ્રષ્ટું શક્યઃ** - જોઈ શકાઉ છું;

**ભાવાર્થ :** હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ શૂરવીર અર્જુન ! મનુષ્ય લોકમાં આવો વિશ્વરૂપધારી હું તારા સિવાય બીજા કોઈનાથી, ન તો વેદ અને યજ્ઞોના અધ્યયનથી, ન તો દાનથી ન તો શાસ્ત્રોક્ત કર્મોથી અને ન તો આકરાં તપોથી પણ જોઈ શકાઉં છું. (૪૮)

**મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો**
**દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ ।**
**વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં તદેવ**
**મે રૂપમિદં પ્રપશ્ય ॥૪૯॥**

**સંધિવિગ્રહ : વિમૂઢભાવો દૃષ્ટ્વા** - વિમૂઢભાવઃ +

દ્રષ્ટવા; **ધોરમીદૃઙ્મમેદમ્** - ધોરં + ઈદઙ્ + મમ + ઈદં; **પુનસ્ત્વં** - પુનઃ + ત્વં; **તદેવ** - તત્ + એવ; **રૂપમિદં** - રૂપં + ઈદં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મે** - મારા; **ઈદક્** - આવા; **ઈદં** - આ; **ઘોરં** - વિકરાળ; **રૂપં** - રૂપને; **દૃષ્ટવા** - જોઈને; **તે** - તને; **વ્યથા મા** - વ્યથા ન થાઓ; **ચ** - અને; **વિમૂઢભાવઃ** - મૂઢભાવ (પણ); **મા** - ન થાઓ; **ત્વં** - તું; **વ્યપેતભીઃ** - ભય રહિત (અને); **પ્રીતમનાઃ** – પ્રીતિયુક્ત મનવાળો થઈને; **તત્ એવ** - તે જ; **મે** - મારા; **ઈદં** - આ (શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચતુર્ભુજ); **રૂપં** - રૂપને; **પુનઃ પ્રપશ્ય** - ફરીથી જો;

**ભાવાર્થ :** મારા આવા આ વિકરાળ રૂપને; જોઈને તને વ્યથા ન થાઓ; અને મૂઢભાવ પણ ન થાઓ; તું ભયરહિત અને પ્રીતિયુક્ત મનવાળો થઈને તે જ મારા આ શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચતુર્ભુજ રૂપને ફરીથી જો. (૪૯)

**સંજય ઉવાચ ।** સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા ।

**ઈત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા સ્વકં**
**રૂપં દર્શયામાસ ભૂયઃ ।**
**આશ્વાસયામાસ ચ ભીતમેનં ભૂત્વા**
**પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ॥૫૦॥**

**સંધિવિગ્રહ : ઈત્યર્જુનં** - ઈતિ + અર્જુનં; **વાસુદેવસ્તથોકત્વા** - વાસુદેવઃ + તથા + ઉક્ત્વા; **ભીતમેનં**

- ભીતં + એનં; **સૌમ્યવપુર્મહાત્મા** - સૌમ્યવપુઃ + મહાત્મા;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે રાજન); **વાસુદેવ** - વાસુદેવ ભગવાને; **અર્જુનં** - અર્જુનને; **ઈતિ** - આ પ્રમાણે; **ઉક્ત્વા** - કહીને; **ભૂયઃ** - ફરીથી; **તથા** - તેવું જ; **સ્વકં રૂપં** - પોતાનું ચતુર્ભુજ રૂપ; **દર્શયામાસ** - બતાવ્યું; **ચ** - અને; **પુનઃ** - પછી; **મહાત્મા** - મહાત્મા કૃષ્ણે; **સૌમ્યવપુઃ** - સૌમ્ય મૂર્તિ; **ભૂત્વા** - થઈને; **એનં** - આ; **ભીતં** - ભય પામેલા અર્જુનને; **આશ્વાસયામાસ** - ધીરજ આપી;

**ભાવાર્થ :** હે રાજન ! વાસુદેવ ભગવાને અર્જુનને આ પ્રમાણે કહીને ફરીથી તેવું જ પોતાનું ચતુર્ભુજ અને પછી મહાત્મા કૃષ્ણે સૌમ્ય મૂર્તિ થઈને આ ભય પામેલા અર્જુનને ધીરજ આપી. (૫૦)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।**
**ઈદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥૫૧॥**

**સંધિવિગ્રહ : દૃષ્ટ્વેદં** - દૃષ્ટ્વા + ઈદં; **ઈદાનીમસ્મિ** - ઈદાનીં + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જનાર્દન** - હે જનાર્દન; **તવ** - આપના; **ઈદં** - આ; **સૌમ્યં મનુષ્યં રૂપં** - સૌમ્ય (અતિ શાંત) મનુષ્ય રૂપને; **દૃષ્ટ્વા** - જોઈને; **ઈદાનીં** - હવે; (હું) **સચેતાઃ સંવૃત્તઃઅસ્મિ** - સ્થિરચિત્ત થઈ ગયો છું; (અને) **પ્રકૃતિં** -

પોતાની સ્વાભાવિક સ્થિતિને; **ગતઃ** - પામી ગયો છું;

**ભાવાર્થ :** હે જનાર્દન ! આપના આ સૌમ્યં મનુષ્ય રૂપને જોઈને હવે હું સ્થિરચિત્ત થઈ ગયો છું અને પોતાની સ્વાભાવિક સ્થિતિને પામી ગયો છું. (૫૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ।**
**દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંઙ્ક્ષિણઃ ॥૫૨॥**

**સંધિવિગ્રહ : સુદુર્દર્શમિદં** - સુદુર્દર્શં + ઈદ; **દૃષ્ટવાનસિ** - દૃષ્ટવાન્ + અસિ; **યન્મમ** - યત્ + મમ; **દેવા અપ્યસ્ય** - દેવાઃ + અપિ + અસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મમ** - મારું; **યત્** - જે; **રૂપં** - ચતુર્ભુજ રૂપ (તેં); **દૃષ્ટવાન્ અસિ** - જોયું છે; **ઈદં** - આ (એ); **સુદુર્દર્શં** - એના દર્શન થવાં અતિ દુર્લભ છે; **દેવાઃ** - દેવતાઓ; **અપિ** - પણ; **નિત્યં** - સદા; **અસ્ય રૂપસ્ય** - આ રૂપનાં; **દર્શનકાંક્ષિણઃ** - દર્શનની આકાંક્ષા રાખે છે;

**ભાવાર્થ :** મારું આ જે ચતુર્ભુજ રૂપ તેં જોયું છે એનાં દર્શન થવાં અતિ દુર્લભ છે; દેવતાઓ પણ સદા આ રૂપનાં દર્શનની આકાંક્ષા રાખે છે. (૫૨)

**નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજયયા ।**
**શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા ॥૫૩॥**

**સંધિવિગ્રહ : નાહં** - ન + અહં; **વેદૈ ર્ન** - વેદૈઃ + ન; **ચેજ્યયા** - ચ + ઈજ્યયા; **શક્યં એવંવિધો દ્રષ્ટું** - શક્યઃ + એવંવિધઃ + દ્રષ્ટું; **દૃષ્ટવાનસિ** - દૃષ્ટવાન્ + અસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જે રીતે તેં; **માં** - મને; **દૃષ્ટવાન્ અસિ** - જોયો છે; **એવંવિધઃ** - એવો ચતુર્ભુજરૂપધારી; **અહં** - હું; **ન વેદૈ** - ન તો વેદોથી; **ન તપસા** - કે ન તો તપથી; (કે) **ન દાનેન** - ન તો દાનથી; **ન ઈજ્યયા** - કે ન તો યજ્ઞથી; **દૃષ્ટું શક્યઃ** - જોઈ શકાઉં છું;

**ભાવાર્થ :** જે રીતે તેં મને જોયો છે એવો હું ન તો વેદોથી કે ન તો તપથી કે દાનથી કે યજ્ઞથી જોઈ શકાઉં છું; (૫૩)

**ભકત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોડર્જુન ।**
**જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ ॥૫૪॥**

**સંધિવિગ્રહ : ત્વનન્યયા** - તુ + અન્યયા; **શક્ય અહમેવંવિધોડર્જુન** - શક્યઃ + અહં + એવંવિધઃ + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **પરંતપ અર્જુન** - હે પરંતપ અર્જુન; **અનન્યયા ભકત્યા** -અનન્ય ભક્તિથી; **એવંવિધઃ** -આવો ચતુર્ભુજરૂપધારી; **અહં** - હું; **દૃષ્ટું** - પ્રત્યક્ષ દેખાવા માટે; **તત્ત્વેન જ્ઞાતું** - તત્ત્વથી જાણવા માટે; **ચ** - તથા; **પ્રવેષ્ટું** - પ્રવેશ કરવા; (એકાત્મભાવે પ્રાપ્ત થવા); **ચ** - પણ; **શક્યઃ** - શક્ય છું;

**ભાવાર્થ :** પરંતુ હે પરંતપ અર્જુન ! અનન્ય ભક્તિથી આવો ચતુર્ભુજધારી હું પ્રત્યક્ષ દેખાવા માટે, તત્ત્વથી જાણવા માટે

તથા પ્રવેશ કરવા પણ શક્ય છું. (૫૪)

**મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।**
**નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ॥૫૫॥**

**સંધિવિગ્રહ : મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ** - મત્ + કર્મકૃત્ + મત્ + પરમઃ + મત્ + ભક્તઃ; **નિર્વૈરઃ** - નિઃ + વૈરઃ; **મામેતિ** - મામ્ + એતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાંડવ** - હે પાંડુપુત્ર અર્જુન; **યઃ** - જે મનુષ્ય કેવળ; **મત્કર્મકૃત્** -મારે માટે જ કામ કરનારો છે; **મત્પરમઃ** - મને પરાયણ છે; **મદ્ભક્તઃ** - મારો ભક્ત છે; **સંગવર્જિતઃ** - આસક્તિ રહિત છે; (અને) **સર્વભૂતેષુ** - સર્વ પ્રાણીઓ પ્રત્યે; **નિર્વૈરઃ** - વેરભાવરહિત છે; **સઃ** - તે; (અનન્યભક્તિયુક્ત) મનુષ્ય; **મામ્** - મને (જ); **એતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે પાંડુપુત્ર અર્જુન ! જે મનુષ્ય કેવળ મારે માટે જ સર્વકર્મ કરનારો છે, મને પરાયણ છે, મારો ભક્ત છે, આસક્તિ રહિત છે અને સર્વ પ્રાણીઓ પ્રત્યે વેરભાવરહિત છે તે અનન્યભક્તિયુક્ત મનુષ્ય મને જ પામે છે. (૫૫)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**વિશ્વરૂપદર્શનયોગો નામૈકાદશોડધ્યાયઃ ॥૧૧॥**

**॥ વિશ્વરૂપદર્શનયોગ નામનો અગિયારમો અધ્યાય સમાપ્ત ॥**

# દ્વાદશ અધ્યાય (બારમો અધ્યાય)

## ભક્તિયોગ

**અથ દ્વાદશોऽધ્યાયઃ ।** **અથ દ્વાદશઃ + અધ્યાયઃ ।**

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।**
**યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : સતતયુક્તા યે** - સતતયુક્તાઃ + યે; **ભક્તાસ્ત્વાં** - ભક્તાઃ + ત્વાં; **ચાપ્યક્ષરમવ્યક્તં** - ચ + અપિ + અક્ષરં + અવ્યક્તં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે; **ભક્તાઃ** - (અનન્ય પ્રેમી) ભક્તજન; **એવં** - (આપે હમણાં દર્શાવ્યું) એ પ્રમાણે; **સતતયુક્તાઃ** - નિરંતર આપનાં ભજનમાં (ધ્યાનમાં) રચ્યા પચ્યા રહીને; **ત્વાં** - આપ (સગુણરૂપ પરમેશ્વર)ને; **ચ** - તથા; **યે** - બીજા ભક્તો (કેવલ); **અક્ષરં** - અવિનાશી સચ્ચિદાનંદઘન; **અવ્યક્તં** - નિરાકાર બ્રહ્મને; **અપિ** - જ; **પર્યુપાસતે** - અતિ ઉત્તમ ભાવે ભજે છે; **તેષાં** - તે બંને પ્રકારના ઉપાસકોમાં; **યોગવિત્તમાઃ** - અતિ ઉત્તમ યોગવેત્તા; **કે** - કોણ છે; (**વેત્તા** - જાણનાર);

**ભાવાર્થ :** જે અનન્ય પ્રેમી ભક્તો, આપે હમણાં દર્શાવ્યું એ પ્રમાણે નિરંતર આપનાં ભજન-ધ્યાનમાં રચ્યાપચ્યા

રહીને આપ સગુણરૂપ પરમેશ્વરને તથા બીજા ભક્તો (જે) કેવલ અવિનાશી સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મને જ અતિ ઉત્તમ ભાવે ભજે છે તે બન્ને પ્રકારના ઉપાસકોમાં અતિ ઉત્તમ યોગવેત્તા (યોગ જાણનારા) કોણ છે ? (૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।**
**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥૨॥**

**સંધિવિગ્રહ : મય્યાવેશ્ય** - મયિ + આવેશ્ય; **મનો યે** - મનઃ + યે; **નિત્યયુક્તા ઉપાસતે** - નિત્યયુક્તાઃ + ઉપાસતે; **પરયોપેતાસ્તે** - પરયા + ઉપેતાઃ + તે; **યુક્તતમા મતાઃ** - યુક્તતમાઃ + મતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મયિ** - મારામાં; **મનઃ** - મનને; **આવેશ્ય** - પરોવીને; **નિત્યયુક્તાઃ** - નિરંતર મારા ભજન ધ્યાનમાં ગરકાવ; **યે** - જે (ભક્તજનો); **પરયા શ્રદ્ધયા** - અતિશય અડગ શ્રદ્ધાથી; **ઉપેતાઃ** - યુક્ત થઈને; **મામ્** - મને (સગુણરૂપ પરમેશ્વરને); **ઉપાસતે** - ભજે છે; **તે** - તેઓ; **મે** - મને; **યુક્તતમાઃ** - યોગીઓમાં અતિ ઉત્તમ યોગીરૂપે; **મતાઃ** - માન્ય છે;

**ભાવાર્થ :** મારામાં મનને પરોવીને, નિરંતર મારા ભજન-ધ્યાનમાં ગરકાવ જે ભક્તજનો અતિશય અડગ શ્રદ્ધાથી યુક્ત થઈને મને સગુણરૂપ પરમેશ્વરને ભજે છે તેઓ મને

યોગીઓમાં અતિ ઉત્તમ યોગીરૂપે માન્ય છે. (૨)

**યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં પર્યુપાસતે ।**
**સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રુવમ્ ॥૩॥**

**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : ત્વક્ષરમનિર્દેશ્યમવ્યક્તં** - તુ + અક્ષરં + અનિર્દેશ્યં + અવ્યક્તં; **સર્વત્રગમચિન્ત્યં** - સર્વત્રગં + અચિન્ત્યં; **કૂટસ્થમચલં** - કૂટસ્થં + અચલં; **સન્નિયમ્યેન્દ્રિયગ્રામં** - સન્નિયમ્ય + ઇન્દ્રિયગ્રામં; **મામેવ** - મામ્ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તું** - પરંતુ; **યે** - જે (ભક્તો); **ઈન્દ્રિયગ્રામમં** - ઇન્દ્રિયોના સમુદાયને; **સન્નિયમ્ય** - સારી પેઠે વશમાં કરીને; **અચિન્ત્યં** - મન અને બુદ્ધિથી પર; **સર્વત્રગં** - સર્વ વ્યાપક; **અનિર્દેશ્યં** - કોઈપણ રીતે નિર્દેશ ન થઈ શકે તેવા; **કૂટસ્થં** - સદા એકરસ રહેનાર; **ધ્રુવં** –

નિત્ય; **અચલં** - અચલ; **અવ્યક્તં** - નિરાકાર; **અક્ષરં** - અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને; **પર્યુપાસતે** - નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે; **તે** - તે; **સર્વભૂતહિતે રતાઃ** - સમગ્ર પ્રાણીઓના હિતમાં પરાયણ રહેનારા; **ચ** - અને; **સર્વત્ર સમબુદ્ધયઃ** - સૌમાં સમાન બુદ્ધિ (ભાવ) રાખનાર (યોગીઓ); **મામ્ એવ** - મને જ; **પ્રાપ્નુવન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** પરંતુ જે ભક્તો ઈન્દ્રિયોના સમુદાયને સારી પેઠે વશમાં કરીને, મન બુદ્ધિથી પર (એવા), કોઈપણ રીતે નિર્દેશ ન થઈ શકે તેવા, સદા એકરસ રહેનાર, નિત્ય, અચલ, નિરાકાર અને અવિનાશી સચ્ચિદાનંદઘન બ્રહ્મને નિરંતર એકાત્મભાવે ધ્યાન કરતાં ભજે છે તે સમગ્ર પ્રાણીઓનાં હિતમાં પરાયણ રહેનારા યોગીઓ મને જ પામે છે. (૩), (૪)

**કલેશોડધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્ ।**
**અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ॥૫॥**

**સંધિવિગ્રહ : કલેશોડધિકતરસ્તેષામવ્યક્તાસક્ત-ચેતસામ્** - કલેશઃ + અધિકતરઃ + તેષાં + અવ્યક્તાસક્તચેતસામ્; **અવ્યકતા હિ** - અવ્યક્તાઃ + હિ; **ગતિર્દુઃખં** - ગતિઃ + દુઃખં; **દેહવદ્ભિરવાપ્યતે** - દેહવદ્ભિઃ + અવાપ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પરંતુ); **કલેશોડધિકતરસ્તે-ષામવ્યક્તાસક્તચેતસામ્** - સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન પરોવનાર; **તેષાં** - તે મનુષ્યોનાં (સાધનમાં); **કલેશઃ** - પરિશ્રમ; **અધિકતર** - વિશેષ છે; **હિ** - કારણ કે; **દેહવદ્ભિઃ** - દેહાભિમાનીઓ વડે; **અવ્યક્તાઃ** - અવ્યક્ત વિષયક; **ગતિઃ** - ગતિ; **દુઃખં** - દુઃખપૂર્વક; **અવાપ્યતે** - પ્રાપ્ત કરવામાં આવે છે; (દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણબ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે.);

**ભાવાર્થ :** પરંતુ સચ્ચિદાનંદઘન નિરાકાર બ્રહ્મમાં મન

પરોવનાર તે મનુષ્યોનાં સાધનમાં પરિશ્રમ વિશેષ છે કારણ કે દેહાભિમાન રહેવાને લીધે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ દુષ્કર છે. (દેહાભિમાનીઓ વડે અવ્યક્તવિષયક ગતિ દુઃખપૂર્વક પ્રાપ્ત કરવામાં આવે છે.) (૫)

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।**
**અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ॥૬॥**

**સંધિવિગ્રહ : અનન્યેનૈવ** - અનન્યેન + એવ; **ધ્યાયન્ત ઉપાસતે** - ધ્યાયન્તઃ + ઉપાસતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યે** - જે; **મત્પરાઃ** - મારામાં પરાયણ રહેનારા ભક્તજનો; **સર્વાણિ કર્માણિ** - સર્વ કર્મોને; **મયિ** - મારામાં; **સન્ન્યસ્ય** - અર્પણ કરીને; **મામ્** - મને (સગુણરૂપ પરમેશ્વરને); **એવ** - જ; **અનન્યેન ભક્તિયોગેન** - અનન્ય ભક્તિયોગ દ્વારા; **ધ્યાયન્તઃ** - નિરંતર ધ્યાન (ચિંતન) કરતા; **ઉપાસતે** - ભજે છે;

**ભાવાર્થ :** પરંતુ જે મારામાં પરાયણ રહેનારા ભક્તજનો સર્વ કર્મોને મારામાં (મને) અર્પણ કરીને મને સગુણરૂપ પરમેશ્વરને જ અનન્ય ભક્તિયોગ દ્વારા નિરંતર ધ્યાન કરતા ભજે છે. (૬)

**તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**
**ભવામિ નચિરાત્પાર્થ મય્યાવેશિચેતસામ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : તેષામહં** - તેષાં + અહં; **નચિરાત્પાર્થ** - નચિરાત્ + પાર્થ; **મય્યાવેશિતચેતસામ્** - મયિ + આવેશિતચેતસામ્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **તેષાં** - તે; **મયિ** - મારામાં; **આવેશિતચેતસાં** - ચિત્ત પરોવનારા તે પ્રેમી ભક્તોને; **અહં** - હું; **નચિરાત્** - સત્વરે; **મૃત્યુસંસાર-સાગરાત્** - મૃત્યુરૂપી સંસારસાગરમાંથી; **સમુદ્ધર્તા ભવામિ** - ઉદ્ધાર કરનારો થાઉં છું.

**ભાવાર્થ :** હે અર્જુન ! મારામાં ચિત્ત પરોવનારા તે પ્રેમી ભક્તોનો હું સત્વરે જ મૃત્યુરૂપી સંસારસાગરમાંથી ઉદ્ધાર કરનારો થાઉં છું. (૭)

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥**

**સંધિવિગ્રહ : મય્યેવ** - મયિ + એવ; **અત ઊર્ધ્વં** - અતઃ + ઊર્ધ્વં; **મન આધત્સ્વ** - મનઃ + આધસ્ત્વ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મયિ** - મારામાં; **મનઃ** - મનને; **આધસ્ત્વ** - પરોવી; (અને) **મયિ એવ** - મારામાં જ; **બુદ્ધિ નિવેશય** - બુદ્ધિને જોડ; **અતઃ** - આથી (એ); **ઊર્ધ્વં** - ઉપર (ઉપરાંત); (તે પછી) (તું); **મયિ એવ** - મારામાં જ; **નિવસિષ્યસિ** - નિવાસ કરીશ (તેમાં કોઈપણ – લેશમાત્ર) **ન સંશયઃ** - સંશય નથી;

**ભાવાર્થ :** મારામાં મનને પરોવી અને મારામાં જ બુદ્ધિને જોડ, તે પછી તું મારામાં જ નિવાસ કરીશ તેમાં લેશમાત્ર સંશય નથી. (૮)

**અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।**
**અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ॥૯॥**

**સંધિવિગ્રહ : તતો મામિચ્છાપ્તું** - તતઃ + મામ્ + ઈચ્છ + આપ્તું;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથ** - હવે (જો) (તું); **ચિત્તં** - મનને; **મયિ** - મારામાં; **સ્થિરં** - અચળ રીતે; **સમાધાતું** - સ્થાપવા; **ન શકનોષિ** - સમર્થ ન હોય; **તતઃ** - તો પછી; **ધનંજય** - હે ધનંજય; **અભ્યાસયોગેન** - અભ્યાસ રૂપી યોગ દ્વારા; **મામ્** - મને; **આપ્તું** - પામવાની; **ઈચ્છ** - ઈચ્છા કર;

**ભાવાર્થ :** જો તું મનને મારામાં અચળ રીતે સ્થાપવા સમર્થ ન હોય તો પછી હે ધનંજય ! અભ્યાસરૂપી યોગ દ્વારા મને પામવાની ઈચ્છા કર. (૯)

**અભ્યાસેડપ્યસમર્થોડસિ મત્કર્મપરમો ભવ ।**
**મદર્થમપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : અભ્યાસેડપ્યસમર્થોડસિ** - અભ્યાસે + અપિં + અસમર્થઃ + અસિ; **મત્કર્મપરમો ભવ** - મત્કર્મપરમઃ +




ભવ; **મદર્થમપિ** - મદર્થ + અપિ; **કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ** - કુર્વન્ + સિદ્ધિં + અવાપ્સ્યસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે તું ઉપર દર્શાવેલા); **અભ્યાસે** - અભ્યાસમાં; **અપિ** - પણ; **અસમર્થઃ અસિ** - અસમર્થ છે (તો કેવળ); **મત્કર્મપરમઃ ભવ** - મારે માટે કર્મ કરવા પરાયણ થા; (આમ); **મદર્થં** - મારે માટે; **કર્માણિ કુર્વન્** - કર્મો કર્યા કરતો રહીને; **અપિ** - પણ; **સિદ્ધિં અવાપ્સ્યસિ** - સિદ્ધિ પામશે;

**ભાવાર્થ :** જો તું ઉપર જણાવેલા અભ્યાસમાં પણ અસમર્થ છે તો કેવળ મારે માટે કર્મ કરવા પરાયણ થા, આમ મારે માટે કર્મો કર્યા કરતો રહીને પણ તું સિદ્ધિ પામશે. (૧૦)

**અથૈતદપ્યશકતોઽસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।**
**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : અથૈતદપ્યશક્તોઽસિ** - અથ + એતત્ + અપિ + અશક્તઃ + અસિ; **મદ્યોગમાશ્રિતઃ** - મદ્યોગં + આશ્રિતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અથ** - હવે (જો); **મદ્યોગં** - મારી પ્રાપ્તિરૂપ યોગનો; **આશ્રિતઃ** - આશરો લઈને; **એતત્** - ઉપર જણાવેલાં સાધન; **કર્તું** - કરવાનાં; **અપિ અશક્તઃ** - પણ અસમર્થ છે; **તત્** - તો પણ; **યાતાત્મવાન્** - મન-બુદ્ધિ આદિ ઉપર વિજય પ્રાપ્ત કરનાર થઈને; **સર્વકર્મફલત્યાગં** - સર્વ કર્મનાં ફળનો ત્યાગ કર;

**ભાવાર્થ :** હવે જો મારી પ્રાપ્તિરૂપ યોગનો આશરો લઈને ઉપર જણાવેલાં સાધન કરવામાં પણ તું અસમર્થ છે તો પછી મન-બુદ્ધિ વગેરે ઉપર વિજય પ્રાપ્ત કરનારો થઈને સર્વ કર્મનાં ફળનો ત્યાગ કર. (૧૧)

**શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે ।**
**ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : શ્રેયો હિ** - શ્રેયઃ + હિ; **જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ધ્યાનં** - જ્ઞાનં + અભ્યાસાત્ + જ્ઞાનાત્ + ધ્યાનં; **ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનન્તરમ્** - ધ્યાનાત્ + કર્મફલત્યાગઃ + ત્યાગાત્ + શાંતિઃ + અનન્તરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અભ્યાસાત્** - મર્મને જાણ્યા વગર કરેલા અભ્યાસ કરતાં; **જ્ઞાનં** - જ્ઞાન; **શ્રેયઃ** - ચઢિયાતું છે; **જ્ઞાનાત્** - જ્ઞાન કરતાં; **ધ્યાનં** - મુજ પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન; **વિશિષ્યતે** - ચઢિયાતું છે; (અને); **ધ્યાનાત્** - ધ્યાન કરતાં (પણ); **કર્મફલત્યાગઃ** - સર્વ કર્મોનાં ફળનો ત્યાગ; (ચઢિયાતો છે); **હિ** - કેમ કે; **ત્યાગાત્** - ત્યાગથી; **અનન્તરં** - તરત જ; **શાંતિઃ** - (પરમ) શાંતિ મળે છે;

**ભાવાર્થ :** મર્મને જાણ્યા વગર રહેલા અભ્યાસ કરતાં જ્ઞાન ચઢિયાતું છે, જ્ઞાન કરતાં મુજ પરમેશ્વરનાં સ્વરૂપનું ધ્યાન ચઢિયાતું છે અને ધ્યાન કરતાં પણ સર્વ કર્મોનાં ફળનો ત્યાગ ચઢિયાતો

છે કેમ કે ત્યાગથી તરત જ પરમ શાંતિ મળે છે. (૧૨)

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥૧૩॥**

**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : કરુણ એવ** - કરુણઃ + એવ; **નિર્મમો નિરહંકારઃ** - નિર્મમઃ + નિરહંકારઃ; **મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ** - મયિ + અર્પિતમનોબુદ્ધિઃ + યઃ + મદ્‌ભક્તઃ; **સ મે** - સઃ + મે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે મનુષ્ય; **સર્વભૂતાનાં** - સર્વ પ્રાણીઓમાં; **અદ્વેષ્ટા** - દ્વેષ ભાવ વિનાનો; **મૈત્રઃ** - નિઃસ્વાર્થ રીતે સૌનો પ્રેમી; **ચ** - અને; **કરુણઃ** - હેતુ વિના દયા રાખનારો (છે); **એવ** - તથા; **નિર્મમઃ** - મમત્વ વિનાનો; **નિરહંકારઃ** - અહંકાર વિનાનો; **સમદુઃખસુખઃ** - સુખ યા દુઃખમાં પણ સમ (એકસરખો); **ક્ષમી** - ક્ષમાશીલ છે; (અપરાધ કરનારને પણ અભય દેનારો છે); **યોગી** - (તથા) જે યોગી; **સતતં** - નિરંતર; **સન્તુષ્ટઃ** - સંતુષ્ટ છે; **યતાત્મા** - મન અને ઇન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર છે; **દૃઢનિશ્ચયઃ** - મારામાં દૃઢ નિશ્ચયવાળો છે; **સઃ** - તે; **મયિ** - મારામાં; **અર્પિતમનોબુદ્ધિઃ** - મન અને બુદ્ધિ સમર્પિત કરનારો; **મદ્‌ભક્તઃ** - મારો ભક્ત; **મે પ્રિયઃ**

- મને પ્રિય છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય સર્વ પ્રાણીઓમાં દ્વેષ વિનાનો, નિઃસ્વાર્થ રીતે સૌનો પ્રેમી અને હેતુ વિના દયા રાખનારો છે તથા સમત્વ અને અહંકાર વિનાનો, સુખ યા દુઃખમાં પણ એકસરખો ક્ષમાશીલ, અપરાધીને પણ અભય દેનારો છે તથા જે યોગી નિરંતર સંતુષ્ટ છે; મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશમાં રાખનાર છે મારામાં દઢ નિશ્ચયવાળો છે તે મારામાં મન અને બુદ્ધિ સમર્પિત કરનારો મારો ભક્ત મને પ્રિય છે. (૧૩), (૧૪)

**યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચ યઃ ।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્મુકતો યઃ સ ચ મે પ્રિયઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : યસ્માન્નોદ્વિજતે** - યસ્માત્ + ન + ઉદ્વિજતે; **લોકો લોકાન્નોદ્વિજતે** - લોકઃ + લોકાત્ + ન + ઉદ્વિજતે; **હર્ષામર્ષભયોદ્વેગૈર્મુકતો ય** - હર્ષામિર્ષભયોદ્વેગૈઃ + મુક્તઃ + ય; **સ ચ** - સઃ + ચ; (**હર્ષામર્ષભયોદ્વેગૈઃ** - હર્ષ + અમર્ષ + ભય ઉદ્વેગૈઃ; (**અમર્ષ** - અદેખાઈ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : યસ્માત્** - જેનાથી; **લોકઃ** - કોઈપણ જીવ; **ન ઉદ્વિજતે** - ઉદ્વેગ નથી પામતો; **ચ** - અને; **ચ** - જે; (જાતે પણ); **લોકાત્** - કોઈપણ જીવથી; **ન ઉદ્વિજતે** - ઉદ્વેગ નથી પામતો; **ચ** - અને; **યઃ** - જે; **હર્ષામર્ષભયોદ્વેગૈઃ** -

હર્ષ, અદેખાઈ, ભય અને ઉદ્વેગથી; **મુક્તઃ** - રહિત છે; **સઃ** - તે; **મે** - મને; **પ્રિયઃ** - પ્રિય છે;

**ભાવાર્થ :** જેનાથી કોઈપણ જીવ ઉદ્વેગ નથી પામતો અને જે જાતે પણ કોઈપણ જીવથી ઉદ્વેગ નથી પામતો અને જે હર્ષ, અદેખાઈ, ભય અને ઉદ્વેગથી રહિત છે તે (ભક્ત) મને પ્રિય છે. (૧૫)

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ** - શુચિઃ + દક્ષઃ + ઉદાસીનઃ + ગતવ્યથઃ; **યો મદ્‌ભક્તઃ** - યઃ + મદ્‌ભક્તઃ; **સ મે** - સઃ + મે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **અનપેક્ષઃ** - આકાંક્ષા વિનાનો; **શુચિઃ** - બહારથી તેમજ ભીતરથી શુદ્ધ છે; **દક્ષઃ** - નિપુણ; **ઉદાસીનઃ** - પક્ષપાત વિનાનો; (અને) **ગતવ્યથઃ** - વ્યથા રહિત છે; **સઃ** - તે; **સર્વારમ્ભપરિત્યાગી** - સર્વ આરંભોનો ત્યાગી (મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધ અનુસાર થનારાં સર્વ સ્વાભાવિક કર્મોમાં કર્તાપણાનાં અભિમાનનો ત્યાગી); **મદ્‌ભક્તઃ** - મારો ભક્ત; **મે પ્રિયઃ** - મને પ્રિય છે;

**ભાવાર્થ :** જે આકાંક્ષા રહિત છે, બહાર તથા ભીતરથી શુદ્ધ છે, નિપુણ, પક્ષપાત વિનાનો અને વ્યથા રહિત છે, તે

મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધ પ્રમાણે થનારાં સર્વ કર્મોમાં કર્તાપણાનાં અભિમાનનો ત્યાગી એવો મારો ભક્ત મને પ્રિય છે. (૧૬)

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંઙ્ક્ષતિ ।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : યો ન** - યઃ + ન; **સ મે** - સઃ + મે; **ભક્તિમાન્યઃ** - ભક્તિમાન્ + યઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **ન હૃષ્યતિ** - ન તો (કદી ય); હર્ષ પામે છે; **ન દ્વેષ્ટિ** - ન તો દ્વેષ કરે છે; **ન શોચતિ** - ન શોક કરે છે; **ન કાઙ્ક્ષતિ** - ન કશાની કામના કરે છે; (તેમજ); **યઃ** - જે; **શુભાશુભપરિત્યાગી** - શુભ અને અશુભ સર્વ કર્મોનો ત્યાગ કરનાર છે; **સઃ** - તે; **ભક્તિમાન્** - ભક્તિયુક્ત (મનુષ્ય); **મે પ્રિયઃ** - મને પ્રિય છે;

**ભાવાર્થ :** જે ન તો કદી હર્ષ પામે છે, ન તો દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કશાની કામના કરે છે તેમજ શુભ અને અશુભ સર્વ કર્મોનો ત્યાગ કરનાર છે તે ભક્તિયુક્ત મનુષ્ય મને પ્રિય છે. (૧૭)

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**
**શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંઙ્ગવિવર્જિતઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ :** માન + અપમાનયોઃ શીતઃ + ઉષ્ણસુખ દુઃખેષુ

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે); **શત્રૌ મિત્રે** - શત્રુ યા મિત્રમાં; **ચ** - અને; **માનાપમાનયોઃ** - માન યા અપમાનમાં; **સમઃ** - સમ (એક સરખો) છે; **તથા** - તથા; **શીતોષ્ણ-સુખદુઃખેષુ** - ઠંડી યા ગરમી યા સુખદુઃખ વગેરે દ્વન્દ્વોમાં; **સમઃ** - સમ છે; **ચ** - અને; **સઙ્ગવિવર્જિતઃ** - આસક્તિ રહિત છે;

**ભાવાર્થ :** જે શત્રુ યા મિત્રમાં અને માન યા અપમાનમાં સમ છે તથા ઠંડી-ગરમી યા સુખદુઃખ વગેરે દ્વન્દ્વોમાં સમ છે અને આસક્તિ રહિત છે; (૧૮)

**તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન કેનચિત્ ।**
**અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : તુલ્યનિન્દાસ્તુતિર્મૌની** - તુલ્યનિંદાસ્તુતિઃ + મૌની; **સન્તુષ્ટો યેન કેનચિત્** - સંતુષ્ટઃ + યેનકેનચિત્; **સ્થિરમતિર્ભક્તિમાન્મે** - સ્થિરમતિઃ + ભક્તિમાન્ + મે; **પ્રિયો નરઃ** - પ્રિયઃ + નરઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે) **તુલ્યનિન્દા સ્તુતિઃ** - નિંદા યા સ્તુતિને સમાન સમજનાર; **મૌની** - મનનશીલ (પ્રભુનાં સ્વરૂપનું સતત મનન કરનાર છે); **યેન કેન ચિત્** - ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ કરવામાં; **સન્તુષ્ટઃ** - સદા સંતુષ્ટ છે; (અને); **અનિકેતઃ** - રહેવાના સ્થાનમાં મમતા અને

આસક્તિ વિનાનો છે; (તે) **સ્થિરમિતઃ** - સ્થિર બુદ્ધિનો; **ભક્તિમાન્** - ભક્તિવાળો; **નરઃ** - મનુષ્ય; **મે પ્રિયઃ** - મને પ્રિય છે;

**ભાવાર્થ :** જે નિંદા યા સ્તુતિને સમાન સમજનાર, મનનશીલ ગમે તે પ્રકારે પણ શરીરનો નિર્વાહ કરવામાં સદા સંતુષ્ટ છે અને રહેવાના સ્થાનમાં મમતા અને આસક્તિ વિનાનો, તે સ્થિર બુદ્ધિનો ભક્તિવાળો મનુષ્ય મને પ્રિય છે; (૧૯)

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**
**શ્રદ્ધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયાઃ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : ધર્મ્યામૃતમિદં** - ધર્મ્યામૃતં + ઈદં (**ધર્મ્યામૃત** - ધર્મ્ય + અમૃત); **યથોકતં** - યથા + ઉક્તં; **શ્રદ્ધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ** - શ્રદ્ધાનાઃ + મત્પરમાઃ + ભક્તાઃ + તે + અતીવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યે** - જે; **શ્રદ્ધાનાઃ** - શ્રદ્ધાળુ (મનુષ્યો); **મત્પરમાઃ** - મને પરાયણ થઈને; **ઈદં યથા ઉક્તં** - ઉપર કહેલા આ; **ધર્મ્યામૃતં** - ધર્મમય અમૃતને; **પર્યુપાસતે** - નિષ્કામભાવે તથા પ્રેમભાવે (નિષ્કામ પ્રેમભાવે) સેવે છે; **તે ભક્તાઃ** - તે ભક્તો; **મે** - મને; **અતીવ** - અત્યંત; **પ્રિયાઃ** - પ્રિય છે;

**ભાવાર્થ :** પરંતુ જે મનુષ્યો શ્રદ્ધાયુક્ત થઈને, મને પરાયણ થઈને ઉપર કહેલા આ ધર્મમય અમૃતને નિષ્કામ પ્રેમભાવે સેવે છે તે ભક્તો મને અત્યંત પ્રિય છે. (૨૦)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**ભક્તિયોગો નામ દ્વાદશોઽધ્યાયઃ ॥૧૨॥**

**॥ ભક્તિયોગ નામનો બારમો અધ્યાય સમાપ્ત ॥**

•

# ત્રયોદશ અધ્યાય (તેરમો અધ્યાય)

## ક્ષેત્ર ક્ષેત્રજ્ઞવિભાગ યોગ

**અથ ત્રયોદશોऽધ્યાયઃ ।** **અથ ત્રયોદશઃ + અધ્યાયઃ ।**
**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**ઈદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે ।**
**એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞ ઈતિ તદ્વિદઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : ક્ષેત્રમિત્યભિધીયતે** - ક્ષેત્રમ્ + ઈતિ + અભિધીયતે; **એતદ્યો વેત્તિ** - એતત્ + યઃ + વેત્તિ; **ક્ષેત્રજ્ઞ ઈતિ** - ક્ષેત્રજ્ઞઃ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય; **ઈદં શરીરં** - આ શરીર; **ક્ષેત્રં** - ક્ષેત્ર; **ઈતિ** - (એ નામે); **અભિધીયતે** - કહેવાય છે; (અને) **એતત્** - એને; **યઃ** - જે; **વેત્તિ** - જાણે છે; **તં** - તેને; **ક્ષેત્રજ્ઞઃ** - ક્ષેત્રજ્ઞ (જીવાત્મા); **ઈતિ** - એ નામથી (ઓળખાય છે); **તદ્વિદઃ** - (આવું આ બન્નેના) તત્ત્વને જાણનાર જ્ઞાનીજનોએ; **પ્રાહુ** – કહ્યું છે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! આ શરીર ક્ષેત્ર કહેવાય છે અને એને જે જાણે છે તેને ક્ષેત્રજ્ઞ કહેવાય છે; આવું આ બન્નેના તત્ત્વને જાણનાર જ્ઞાનીજનોએ કહ્યું છે. (૧)

**ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમ ॥૨॥**

**સંધિવિગ્રહ : ચાપિ** - ચ + અપિ; **ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં** - ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ + જ્ઞાનં; **યત્તજ્જ્ઞાનં** - યત્ + તત્ + જ્ઞાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન (તું); **સર્વક્ષેત્રેષુ** - સર્વ ક્ષેત્રોમાં; **ક્ષેત્રજ્ઞં** - ક્ષેત્રજ્ઞ; **અપિ** - પણ; **મામ્ વૃદ્ધિ** - મને જાણ; **ચ** - અને; **ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ** - ક્ષેત્ર (વિકાર સહિતની પ્રકૃતિ); તથા ક્ષેત્રજ્ઞ (પુરુષ)ના વિષયનું; **યત્** - જે; **જ્ઞાનં** - તત્ત્વ સહિતનું જ્ઞાન છે; **તત્ જ્ઞાનં** - તે જ્ઞાન જ (ખરું જ્ઞાન છે) (એમ); **મમ મતં** - (એવો) મારો મત છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! તું સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ મને જ જાણ અને ક્ષેત્ર વિકાર સહિતની પ્રકૃતિ તથા ક્ષેત્રજ્ઞ (પુરુષ)ના વિષયનું જે તત્ત્વ સહિતનું જ્ઞાન છે તે જ્ઞાન જ ખરું જ્ઞાન છે એવો મારો મત છે. (૨)

**તત્ક્ષેત્રં યચ્ચ યાદૃક્ચ યદ્વિકારિ યતશ્ચ યત્ ।**
**સ ચ યો યત્પ્રભાવશ્ચ તત્સમાસેન મે શ્રુણુ ॥૩॥**

**સંધિવિગ્રહ : યચ્ચ** - યત્ + ચ; **યાદૃક્ચ** - યાદૃક્ + ચ; **યતશ્ચ** - યતઃ + ચ; **સ ચ** - સઃ + ચ; **યો યત્પ્રભાવશ્ચ** - યઃ + યત્ + પ્રભાવઃ + ચ; **તત્સમાસેન** - તત્ + સમાસેન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્‌** - તે; **ક્ષેત્રં** - ક્ષેત્ર; **યત્‌** - જે; **ચ** - અને; **યાદૃક્‌** - જેવું છે; (જે સ્વરૂપનું અને જે સ્વભભાવ ધરાવનારું છે); **ચ** - અને; **યદ્વિકારિ** - જે વિકારોવાળું છે; **ચ** - અને; **યતઃ** - જે કારણથી; **યત્‌** - જે (ઉદ્‌ભવ્યું છે); **ચ** - તથા; **સઃ** - તે (ક્ષેત્રજ્ઞ પણ); **યઃ** - જે (સ્વરૂપનો); **ચ** - અને; **યત્પ્રભાવઃ** - જે પ્રભાવ ધરાવનારો છે; **તત્‌** - તે (સર્વ); **સમાસેન** - (તું) ટૂંકમાં; **મે** - મારી પાસેથી; **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** તે ક્ષેત્ર જે સ્વરૂપનું અને જે સ્વભાવ ધરાવનારું છે અને જે વિકારોવાળું છે અને જે કારણથી જે ઉદ્‌ભવ્યું છે) તથા તે ક્ષેત્રજ્ઞ પણ જે સ્વરૂપનો અને જે પ્રભાવ ધરાવનારો છે તે સર્વ તું ટૂંકમાં મારી પાસેથી સાંભળ. (૩)

**ઋષિભિર્બહુધા ગીતં છન્દોભિર્વિવિધૈઃ પૃથક્‌ ।**
**બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : ઋષિભિર્બહુધા** - ઋષિભિઃ + બહુધા; **છન્દોભિર્વિવિધૈઃ** - છંદોભિઃ + વિવિધૈઃ; **બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ** - બ્રહ્મસૂત્રપદૈઃ + ચ + એવ; **હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ** - હેતુમદ્ભિઃ + વિનિશ્ચિતૈઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (ક્ષેત્ર અને ક્ષેત્રોનું આ તત્ત્વ); **ઋષિભિઃ** - ઋષિઓ દ્વારા; **બહુધા** - અનેક પ્રકારે; **ગીતં** - કહેવાયું છે; (અને) **વિવિધૈઃ** - વિવિધ; **છંદૈઃ** - વેદમંત્રો દ્વારા પણ;

**પૃથક્ (ગીતં)** - વિભાગપૂર્વક કહેવાયું છે; **ચ** - અને; **વિનિશ્ચિતૈઃ** - સારી રીતે નિશ્ચય કરેલાં; **હેતુમદ્ભિઃ** - યુક્તિપૂર્વકનાં; **બ્રહ્મસૂત્રપદૈઃ** - બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા; **એવ** - પણ; (ગીત) કહેવાયું છે;

**ભાવાર્થ :** ક્ષેત્ર અને ક્ષેત્રોનું આ તત્ત્વ ઋષિઓ દ્વારા અનેક પ્રકારે કહેવાયું છે અને વિવિધ વેદમંત્રો દ્વારા પણ સુનિશ્ચિત કરેલાં યુક્તિપૂર્વકનાં બ્રહ્મસૂત્રનાં પદો દ્વારા પણ કહેવાયું છે. (૪)

**મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।**
**ઈન્દ્રિયાણિ દશૈકં ચ પંચ ચેન્દ્રિયગોચરાઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યક્તમેવ** - મહાભૂતાનિ + અહંકારઃ + બુદ્ધિઃ + અવ્યક્તમ્ + એવ; **દશૈકં** - દશ + એકં; **ચેન્દ્રિયગોચરાઃ** - ચ + ઈન્દ્રિયગોચરાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાભૂતાનિ** - પાંચ મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી રૂપ પાંચ મહાભૂતો) **અહંકારઃ** - અહંકાર; **બુદ્ધિઃ** - બુદ્ધિ; **ચ** - અને; **અવ્યક્તં** - મૂલ પ્રકૃતિ; **એવ** - પણ; **ચ** - તેમજ; **દશ** - દશ; **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયો; **એકં** - એક મન; **ચ** - અને; **પંચ** - પાંચ ઈન્દ્રિયોના વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) (છઠ્ઠા શ્લોકમાં અનુસંધાન);

**ભાવાર્થ :** પાંચ મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ,

જળ, પૃથ્વી) અહંકાર, બુદ્ધિ અને મૂલ પ્રકૃતિ પણ; તેમજ દશ ઈન્દ્રિયો એક મન અને પાંચ ઈન્દ્રિયોના વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) (છઠ્ઠા શ્લોકમાં અનુસંધાન); (૫)

**ઈચ્છા દ્વેષઃ સુખં દુઃખં સંઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ ।**
**એતત્ક્ષેત્રં સમાસેન સવિકારમુદાહૃતમ્ ॥૬॥**

**સંધિવિગ્રહ : સંઘાતશ્ચેતના** - સંઙ્ઘાતઃ + ચેતના; **એતત્ક્ષેત્રં** - એતત્ + ક્ષેત્રં; **સવિકારમુદાહૃતમ્** - સવિકારં + ઉદાહૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈચ્છા દ્વેષઃ સુખદુઃખં** - ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ; **સંઘાતઃ** - સ્થૂળ શરીર; **ચેતના ધૃતિઃ** - ચેતના અને ધૃતિ (આટલા); **સવિકારં** - વિકારો સહિતનું; **એતત્ ક્ષેત્રં** - આ ક્ષેત્ર; **સમાસેન** - સંક્ષેપમાં; **ઉદાહૃતં** - કહેવાયું છે;

**ભાવાર્થ :** ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂળ શરીર, ચેતના અને ધૃતિ આટલા વિકારો સહિતનું આ ક્ષેત્ર સંક્ષેપમાં કહેવાયું છે. (૬)

**અમાનિત્વમદમ્ભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।**
**આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ॥૭॥**

**સંધિવિગ્રહ : અમાનિત્વમદમ્ભિત્વમહિંસા** - અમાનિત્વં + અદંભિત્વં + અહિંસા; **ક્ષાન્તિરાર્જવમ્** - ક્ષાંતિઃ + આર્જવમ્; **આચાર્યોપાસનં** - અચાર્ય + ઉપાસનં; **સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ**

- સ્થૈર્ય + આત્મવિનિગ્રહ:;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અમાનિત્વં** - પોતાને જ શ્રેષ્ઠ માનવારૂપી અભિમાનનો અભાવ હોવો; **અદમ્ભિત્વં** - દંભ ભર્યા આચરણનો અભાવ હોવો; **અહિંસા** - કોઈપણ પ્રાણીને કોઈ પ્રકારે પણ દુ:ખ ન દેવું – અહિંસા; **ક્ષાંતિઃ** - ક્ષમાભાવ; **આર્જવં** - મન-વાણી વગેરેની સરળતા; **આચાર્યોપાસનં** - શ્રદ્ધાભક્તિ સહિત ગુરુજનોની સેવા; **શૌચં** - બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ હોવી; **સ્થૈર્ય** - અંત:કરણની સ્થિરતા હોવી; **આત્મવિનિગ્રહઃ** - મન ઈન્દ્રિયો સહિત શરીર પર સંયમ;

**ભાવાર્થ :** પોતાને જ શ્રેષ્ઠ માનવા રૂપી અભિમાનનો અભાવ, દંભભર્યા આચરણનો અભાવ, કોઈપણ પ્રાણીને કોઈ પણ પ્રકારે દુ:ખ ન દેવું (અહિંસા); ક્ષમાભાવ, મનવાણી વગેરેની સરળતા, શ્રદ્ધાભક્તિ સહિત ગુરુજનોની સેવા, બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિ, અંત:કરણની સ્થિરતા અને મન ઈન્દ્રિયો સહિત શરીર પર સંયમ – (અનુસંધાન આઠમા શ્લોકમાં); (૭)

**ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમનહંકાર એવ ચ ।**
**જન્મમૃત્યુજરાવ્યાધિદુ:ખદોષાનુદર્શનમ્ ॥૮॥**

**સંધિવિગ્રહ : વૈરાગ્યમનહંકાર એવ** - વૈરાગ્યમ્ + અનહંકારઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ); **ઈન્દ્રિયાર્થેષુ** - આ લોક

અને પરલોકમાંના તમામ ભાગોમાં; **વૈરાગ્યં** - આસક્તિનો અભાવ; **ચ** - અને; **અનહંકારઃ એવ** - અહંકારનો પણ અભાવ; **જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુ- દર્શનમ્‌** - જન્મ, મૃત્યુ, જરા (ઘડપણ) અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવા;

**ભાવાર્થ :** તેમજ આ લોક અને પરલોકમાંના તમામ ભાગોમાં આસક્તિનો અભાવ અને અહંકારનો પણ અભાવ, જન્મ, મૃત્યુ, જરા (ઘડપણ) અને રોગ આદિમાં દુઃખો અને દોષોને વારંવાર જોવા. (૮)

**અસક્તિરનભિષ્વંગઃ પુત્રદારગૃહાદિષુ ।**
**નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૯॥**

**સંધિવિગ્રહ : અસક્તિરનભિષ્વંગઃ** - અસક્તિઃ + અનભિષ્વંગઃ; **સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ** - સમચિત્તત્વં + ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અભિષ્વંગ** - અતિશય મમતા; **પુત્રદારગૃહાદિષુ** - પુત્ર, પત્ની, ઘર આદિમાં; **આસક્તિઃ** - આસક્તિનો અભાવ; **અનભિષ્વંગઃ** - (તથા) મમતાનો અભાવ; **ચ** - અને; **ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ** - પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિ થતાં; **નિત્યં** - સદાય; **સમચિત્તત્વં** - ચિત્ત એકસરખું રહેવું;

**ભાવાર્થ :** પુત્ર, પત્ની, ઘર આદિમાં આસક્તિનો અભાવ, તથા મમતાનો પણ અભાવ તેમજ પ્રિય અને અપ્રિયની

પ્રાપ્તિ છતાંય સદા ચિત્ત એકસરખું રહેવું. (૯)

**મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।**
**વિવિકતદેશસેવિત્વમરતિર્જનસંસદિ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : ચાનન્યયોગેન** - ચ + અનન્યયોગેન; **ભક્તિરવ્યભિચારિણી** - ભક્તિઃ + અવ્યભિચારિણી; **વિવિક્તદેશસેવિત્વમરતિર્જનસંસદિ** - વિવિકતદેશસેવિત્વં + અરતિઃ + જનસંસદિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મયિ** - મુજ પરમેશ્વરમાં; **અનન્યયોગેન** - અનન્ય યોગ દ્વારા; **અવ્યભિચારિણી ભક્તિઃ** - અવ્યભિચારિણી ભક્તિ (માત્ર સર્વસમર્થ પ્રભુને જ પોતાના સ્વામી સમજવું) હોવી; **ચ** - તથા; **વિવિકતદેશ-સેવિત્વં** - એકાંત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો; (અને) **જનસંસદિ** - (વિષયાસક્ત) મનુષ્યોના સમુદાયમાં; **અરતિઃ** - પ્રીતિ ન હોવી;

**ભાવાર્થ :** મુજ પરમેશ્વરમાં અનન્ય યોગ દ્વારા અવ્યભિચારિણી ભક્તિ હોવી તથા એકાંત અને શુદ્ધ સ્થાનમાં રહેવાનો સ્વભાવ હોવો અને વિષયાસક્ત મનુષ્યોના સમુદાયમાં પ્રીતિ ન હોવી; (૧૦)

**અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ ।**
**એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તમજ્ઞાનં યદતોઽન્યથા ॥૧૧॥**

**સંધિવિગ્રહ : એતજ્જ્ઞાનમિતિ** - એતત્ + જ્ઞાનં +

ઈતિ; **પ્રોક્તમજ્ઞાનં** - પ્રોક્તં + અજ્ઞાનં; **યદતોઽન્યથા** - યત્ + અતઃ + અન્યથા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં** - અધ્યાત્મ જ્ઞાનમાં નિત્ય સ્થિતિ (અને); **તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્** - તત્ત્વજ્ઞાન દ્વારા જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું એ પરમાત્માને જ જોતા રહેવું; **અતત્** - આ બધું; **જ્ઞાનં** - જ્ઞાન છે (અને); **યત્** - જે; **અતઃ** - આ બધાથી; **અન્યથા** - વિપરીત છે; (તે) **અજ્ઞાનં** - અજ્ઞાન છે; **ઈતિ પ્રોક્તં** - એમ કહેવામાં આવ્યું છે;

**ભાવાર્થ :** અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિતિ અને તત્ત્વજ્ઞાનના અર્થરૂપ પરમાત્માને જ જોવા – આ બધું જ્ઞાન છે અને આનાથી (આ બધાથી) વિપરીત છે તે અજ્ઞાન છે એમ કહેવામાં આવ્યું છે. (૧૧)

**જ્ઞેયં યત્તત્પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે ।**
**અનાદિમત્પરં બ્રહ્મ ન સત્તન્નાસદુચ્યતે ॥૧૨॥**

**સંધિવિગ્રહ : યત્તત્પ્રવક્ષ્યામિ** - યત્ + તત્ + પ્રવક્ષ્યામિ; **યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે** - યત્ + જ્ઞાત્વા + અમૃતં + અશ્નુતે; **અનાદિમત્પરં** - અનાદિમત્ + પરં; **સત્તન્નાસદુચ્યતે** - સત્ + તત્ + ન + અસત્ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્** - જે; **જ્ઞેયં** - જાણવા યોગ્ય તત્ત્વ છે (તથા); **યત્** - જેને; **જ્ઞાત્વા** - જાણીને (મનુષ્ય); **અમૃતં**

- આનંદ; **અશ્નુતે** - પામે છે; **તત્** - તેને; **પ્રવક્ષ્યામિ** - સમ્યક્ રીતે કહું છું; **તત્** - તે; **અનાદિમત્** - અનાદિઓનો (સ્વામી); **પરં બ્રહ્મ** - પરમ બ્રહ્મ; **ન** - નથી; **સત્ ઉચ્યતે** - સત્ કહેવાતો; (કે) **ન અસત્** - નથી, અસત્;

**ભાવાર્થ :** જે જાણવા યોગ્ય તત્ત્વ છે તથા જેને જાણીને મનુષ્ય પરમ આનંદ પામે છે તેને હું સમ્યક્ રીતે કહું છું તે અનાદિનો સ્વામી પરમ બ્રહ્મ નથી, સત્ કહેવાતો કે નથી અસત્ (કહેવાતો). (૧૨)

**સર્વતઃ પાણિપાદં તત્સર્વતોઽક્ષિશિરોમુખમ્ ।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : તત્સર્વતોઽક્ષિશિરોમુખમ્** - તત્ + સર્વતઃ + અક્ષિશિરોમુખં; **શ્રુતિમલ્લોકે** - શ્રુતિમત્ + લોકે; **સર્વમાવૃત્ય** - સર્વં + આવૃત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્** - તે; **સર્વતઃ** - સર્વ બાજુથી; **પાણિપાદં** - હાથપગ ધરાવનાર; **સર્વતઃ** - સર્વ બાજુથી; **અક્ષિશિરોમુખં** - આંખ, મસ્તક અને મુખ ધરાવનાર; (અને) **સર્વતઃ** - સર્વ બાજુથી; **શ્રુતિમત્** - કાન ધરાવનાર છે; (કેમ કે) **લોકે** - સંસારમાં; (તે) **સર્વં આવૃત્ત્ય** - સૌને વ્યાપીને; **તિષ્ઠતિ** - સ્થિત છે;

**ભાવાર્થ :** તે સર્વ બાજુથી હાથ, પગ, આંખ, મસ્તક,

મુખ, કાન ધરાવનાર છે કેમ કે તે સર્વને વ્યાપીને સ્થિત (રહેલા) છે. (૧૩)

**સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।**
**અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : સર્વભૃચ્ચૈવ** - સર્વભૂત્ + ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે) **સર્વન્દ્રિયગુણાભાસં** - સર્વ ઈન્દ્રિયોના વિષયોને જાણનાર છે (પરંતુ હકીકતમાં તો); **સર્વેન્દ્રિયવિવર્જિતમ્** - સર્વ ઈન્દ્રિયો વિનાના છે; **ચ** - અને; **અસક્તં** - આસક્તિ વિનાના હોવા (છતાં); **સર્વભૃત્** - સર્વનું ભરણપોષણ કરનારા છે; **ચ** - અને; **નિર્ગુણં** - નિર્ગુણ હોવા છતાં પણ; **ગુણભોક્તૃ** - ગુણોને ભોગવનારા છે;

**ભાવાર્થ :** તે સર્વ ઈન્દ્રિયોના વિષયોને જાણનાર છે તો પણ હકીકતમાં સર્વ ઈન્દ્રિયો વિનાના છે અને આસક્તિ વિનાના હોવા છતાં સર્વનું ભરણપોષણ કરનારા છે તેમજ નિર્ગુણ હોવા છતાં ગુણોને ભોગવનારા છે. (૧૪)

**બહિરન્તશ્ચ ભૂતાનામચરં ચરમેવ ચ ।**
**સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : બહિરન્તશ્ચ** - બહિઃ + અંતઃ + ચ; **ભૂતાનામચરં** - ભૂતાનાં + અચરં; **ચરમેવ** - ચરં + એવ;

**સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં** - સૂક્ષ્મત્વાત્ + તત્ + અવિજ્ઞેયં; **ચાન્તિકે** - ચ + અન્તિકે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે) **ભૂતાનાં** - ચરાચર સર્વ પ્રાણીઓની; **બહિઃ ચ અંતઃ ચ** - બહાર અને અંદર (પરિપૂર્ણરૂપે વ્યાપ્ત છે) **ચ** - અને; **ચરં અચરં** - અચર અને અચર રૂપે; **એવ** - પણ; (તે જ છે); **ચ** - તથા; **તત્** - તે; **સૂક્ષ્મત્વાત્** - સૂક્ષ્મ હોવાથી; **અવિજ્ઞેયં** - જાણી ન શકાય તેવા છે; **ચ** - તથા; **અન્તિકે** - (એકદમ) પાસે; **ચ** - અને; **દૂરસ્થં** - (ઘણા) દૂર પણ; **સ્થિતઃ** - સ્થિત; **તત્** - તે જ છે;

**ભાવાર્થ :** ચરાચર પ્રાણીઓની બહાર અને અંદર પરિપૂર્ણરૂપે વ્યાપેલા છે અને ચર અને અચરરૂપે પણ તે જ છે, તથા તે સૂક્ષ્મ હોવાને લીધે જાણી ન શકાય તેવા છે તથા એકદમ પાસે અને ઘણા દૂર પણ સ્થિત તે જ છે. (૧૫)

**અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।**
**ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : વિભક્તમિવ** - વિભક્તં + ઈવ; **તજ્જ્ઞેયં** - તત્ + જ્ઞેયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે પરમાત્મા); **અવિભક્તં** - વિભાગરહિત એકરૂપે આકાશની જેમ પરિપૂર્ણ હોવા; **ચ** - છતાં પણ; **ભૂતેષુ** - ચરાચર સર્વ પ્રાણીઓમાં; **વિભક્તં ઈવ** -

જાણે વિભક્ત હોય તેમ; **સ્થિતં** - સ્થિત લાગે છે; **ચ** - તથા; **તત્** - તે; **જ્ઞેયં** - જાણવા યોગ્ય પરમાત્મા; **ભૂતભર્તૃ** - (વિષ્ણુ રૂપે) પ્રાણીઓનું પાલન પોષણ કરનારા; **ચ** - અને; **ગ્રસિષ્ણુઃ** - (રુદ્રરૂપે) સંહાર કરનારા; **ચ** - તથા; **પ્રભવિષ્ણુ** - (બ્રહ્મારૂપે) સર્વને ઉત્પન્ન કરનારા છે.

**ભાવાર્થ :** તે પરમાત્મા વિભાગ રહિત એકરૂપે આકાશની જેમ પરિપૂર્ણ હોવા છતાં પણ ચરાચર સર્વ પ્રાણીઓમાં જાણે વિભક્ત હોય તેમ સ્થિત લાગે છે તથા તે જાણવા યોગ્ય પરમાત્મા વિષ્ણુ રૂપે પ્રાણીઓનું પાલન પોષણ કરનારા, રુદ્રરૂપે સંહાર કરનારા તથા બ્રહ્મારૂપે સર્વને ઉત્પન્ન કરનારા છે. (૧૬)

**જ્યોતિષામપિ તજ્જ્યોતિસ્તમસઃ પરમુચ્યતે ।**
**જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : જ્યોતિષામપિ** - જ્યોતિષાં + અપિ; **તજ્જ્યોતિસ્તમસઃ** - તત્ + જ્યોતિઃ + તમસઃ; **પરમુચ્યતે** - પરં + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્** - તે (પરબ્રહ્મ); **જ્યોતિષાં** - જ્યોતિઓનો; **અપિ** - પણ; **જ્યોતિઃ** - જ્યોતિ (તેમજ); **તમસઃ** - માયાથી; **પરં ઉચ્યતે** - પર કહેવાય છે; **તત્** - તે (પરમાત્મા); **જ્ઞાનં** - જ્ઞાન (બોધ) સ્વરૂપ; **જ્ઞેયં** - જાણવા યોગ્ય (તેમજ); **જ્ઞાનગમ્યં** - તત્ત્વજ્ઞાનથી પામવા યોગ્ય છે; (તથા); **સર્વસ્ય**

- સૌનાં; **હૃદિ** - હૃદયમાં; **વિષ્ઠિતં** - વિશેષરૂપે રહેલા છે;

**ભાવાર્થ :** તે પરબ્રહ્મ જ્યોતિઓનો પણ જ્યોતિ તેમ જ માયાથી પર કહેવાય છે તે પરમાત્મા જ્ઞાન સ્વરૂપ જાણવા યોગ્ય તેમજ તત્ત્વજ્ઞાનથી પામવા યોગ્ય છે તથા સૌનાં હૃદયમાં વિશેષરૂપે રહેલા છે. (૧૭)

**ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોકતં સમાસતઃ ।**
**મદ્ભકત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ચોકતં** - ચ + ઉક્તં; **મદ્ભક્ત એતદ્વિજ્ઞાય** - મદ્ભક્તઃ + એતત્ + વિજ્ઞાય; **મદ્ભાવાયોપપદ્યતે** - મદ્ભાવાય + ઉપપદ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈતિ** - આ પ્રમાણે; **ક્ષેત્રં** - ક્ષેત્ર; **તથા** - તથા; **જ્ઞાનં** - જ્ઞાન; **ચ** - અને; **જ્ઞેયં** - જાણવા યોગ્ય (પરમાત્માનું સ્વરૂપ); **સમાસતઃ** - સંક્ષેપમાં; **ઉક્તં** - કહ્યું; **મદ્ભક્તઃ** - મારો ભક્ત; **એતત્** - આને; **વિજ્ઞાય** - તત્ત્વથી જાણીને; **મદ્ભાવાય** - મારા સ્વરૂપને; **ઉપપદ્યતે** - પામે છે;

**ભાવાર્થ :** આ પ્રમાણે ક્ષેત્ર, જ્ઞાન તથા જાણવા યોગ્ય પરમાત્માનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું; મારો ભક્ત આને તત્ત્વથી જાણીને મારા સ્વરૂપને પામે છે. (૧૮)

**પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધયનાદી ઉભાવપિ ।**
**વિકારાંશ્ચ ગુણાશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ; **વિદ્ધ્યનાદી** - વિદ્ધિ + અનાદી; **ઉભાવપિ** - ઉભૌ + અપિ; **વિકારાંશ્ચ** - વિકારાન્ + ચ; **ગુણાંશ્ચૈવ** - ગુણાન્ + ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રકૃતિં** - મૂળ પ્રકૃતિ; **ચ** - અને; **પુરુષઃ** - પુરુષ; **ઉભૌ એવ** - એ બન્નેનેય (તું); **અનાદી** - અનાદિ; **વિદ્ધિ** - જાણ; **ચ** - અને; **વિકારાન્** - રાગદ્વેષ આદિ વિકારોને; **ચ** - તેમજ; **ગુણાન્** - ત્રિગુણાત્મક બધા જ પદાર્થોને; **અપિ** - પણ; **પ્રકૃતિસંભવાન્** - પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા; **એવ** - જ; **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** મૂળ પ્રકૃતિ અને પુરુષ એ બન્નેને ય તું અનાદિ જાણ અને રાગદ્વેષ આદિ વિકારોને તેમજ ત્રિગુણાત્મક બધા જ પદાર્થોને પણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જ જાણ. (૧૯)

**કાર્યકરણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।**
**પુરુષઃ સુખદુઃખાનાં ભોકતૃત્વે હેતુરુચ્યતે ॥૨૦॥**

**સંધિવિગ્રહ : પ્રકૃતિરુચ્યતે** - પ્રકૃતિઃ + ઉચ્યતે; **હેતુરુચ્યતે** - હેતુઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કાર્યકરણકર્તૃત્વે** - કાર્યો અને કારણોને (સાધન) ઉત્પન્ન કરવામાં; **પ્રકૃતિઃ** - પ્રકૃતિ; **હેતુઃ** - કારણ; **ઉચ્યતે** - કહેવાય છે; (અને) **સુખદુઃખના ભોકતૃત્વે** - સુખ દુઃખોનો અનુભવ થવામાં; **પુરુષઃ** જીવાત્મા; **હેતુઃ ઉચ્યતે** - (જીવાત્મા) હેતુ કહેવાય છે;

**ભાવાર્થ :** કાર્યો અને કારણોને ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ કારણ કહેવાય છે અને સુખદુઃખને ભોગવવામાં જીવાત્મા હેતુ (કારણ) કહેવાય છે. (૨૦)

**પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંકતે પ્રકૃતિજાન્ગુણાન્ ।**
**કારણં ગુણસંગોઙસ્ય સદસદ્યોનિજન્મસુ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : પ્રકૃતિસ્થો હિ** - પ્રકૃતિસ્થઃ + હિ; **પ્રકૃતિજાન્ગુણાન્** - પ્રકૃતિજાન્ + ગુણાન્; **ગુણસંગોઙસ્ય** - ગુણસંગઃ + અસ્ય; **સદસદ્યોનિજન્મસુ** - સત્ + અસત્ + યોનિજન્મસુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રકૃતિસ્થઃ** - પ્રકૃતિ (ત્રિગુણમયી માયા)માં રહીને; **હિ** - જ; **પુરુષઃ** - પુરુષ; **પ્રકૃતિજાન્ ગુણાન્** - પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોનો; **ભુંકતે** - ભોગ કરે છે (અનુભવે છે); (અને આ); **ગુણસંગઃ** - ગુણોનો સંગ (જ); **અસ્ય** - આ જીવાત્માના; **સદસદ્યોનિજન્મસુ** - સારી નરસી યોનિઓમાં જન્મ થવાનાં; **કારણં** - કારણ બને છે;

**ભાવાર્થ :** પ્રકૃતિમાં રહીને પુરુષ પ્રકૃતિમાંથી જન્મેલા ત્રિગુણાત્મક પદાર્થોનો ભોગ કરે છે, અને આ ગુણોનો સંગ જ આ જીવાત્માના સારી નરસી યોનિઓમાં જન્મ થવાનાં કારણ બને છે. (૨૧)

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોકતા મહેશ્વરઃ ।**
**પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્પુરુષઃ પરઃ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : ઉપદ્રષ્ટાનુમન્તા** - ઉપદ્રષ્ટા + અનુમન્તા; **પરમાત્મેતિ** - પરમાત્મા + ઈતિ; **ચાપ્યુક્તો દેહેઽસ્મિન્પુરુષઃ** - ચ + અપિ + ઉક્તઃ + દેહે + અસ્મિન્ + પુરુષઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અસ્મિન્** - આ; **દેહે** - દેહમાં; **સ્થિતઃ** - રહેલો હોવા છતાં; **અપિ** - પણ; **પુરુષઃ** - આ જીવાત્મા (વાસ્તવમાં); **પરઃ** (એવ) પરમાત્મા જ છે; (તે જ); **ઉપદ્રષ્ટા** - સાક્ષી હોવાથી ઉપદ્રષ્ટા; **ચ** - અને; **અનુમન્તા** - ખરી સંમતિ આપનાર હોવાથી; **અનુમન્તા** - અનુમતિ આપનાર; **ભર્તા** - સૌનું ભરણપોષણ કરનાર હોવાથી ભર્તા; **ભોક્તા** - જીવ રૂપે ભોક્તા; **મહેશ્વરઃ** - બ્રહ્મા આદિના પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર; **ચ** - અને; **પરમાત્મા** - શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા; **ઈતિ** - એમ; **ઉક્ત** - કહેવાયા છે;

**ભાવાર્થ :** આ દેહમાં રહેલો હોવા છતાં પણ આ જીવાત્મા વાસ્તવમાં પરમાત્મા જ છે તે જ સાક્ષી હોવાથી ઉપદ્રષ્ટા અને ખરી સંમતિ આપનાર હોવાથી અનુમન્તા, સૌનું ભરણ પોષણ કરનાર હોવાથી ભર્તા, જીવરૂપે ભોક્તા, બ્રહ્મા આદિના પણ સ્વામી હોવાને લીધે મહેશ્વર અને શુદ્ધ સચ્ચિદાનંદઘન હોવાથી પરમાત્મા એમ કહેવાય છે. (૨૨)

**ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।**
**સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે ॥૨૩॥**

**સંધિવિગ્રહ : ય એવં** - યઃ + એવં; **વર્તમાનોઽપિ** - વર્તમાનઃ + અપિ; **સ ભૂયોઽભિજાયતે** - સઃ + ભૂયઃ + અભિજાયતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એવં** - આ રીતે; **પુરુષં** - પુરુષને; **ચ** - અને; **ગુણૈઃ સહ** - ગુણોની સાથે; **પ્રકૃતિં** - પ્રકૃતિને; **યઃ** - જે મનુષ્ય; **વેત્તિ** - તત્ત્વથી જાણે છે; **સ** - તે; **સર્વથા** - સર્વ રીતે; **વર્તમાનઃ** - કર્તવ્ય કર્મ કરતો હોવાથી; **અપિ** - છતાં પણ; **ભૂયઃ** - ફરી; **ન અભિજાયતે** - જન્મ પામતો નથી;

**ભાવાર્થ :** આ રીતે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને જે મનુષ્ય તત્ત્વથી જાણે છે તે સર્વ રીતે કર્તવ્ય કર્મ કરતો હોવા છતાં પણ ફરી જન્મ પામતો નથી. (૨૩)

**ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।**
**અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ॥૨૪॥**

**સંધિવિગ્રહ : ધ્યાનેનાત્મનિ** - ધ્યાનેન + આત્મનિ; **કેચિદાત્માનમાત્મના** - કેચિત્ + આત્માનં + આત્મના; **ચાપરે** - ચ + અપરે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે) **આત્માનં** - પરમાત્માને; **કેચિત્** - કેટલાક મનુષ્યો; (તો); **આત્મના** - શુદ્ધ થયેલી સૂક્ષ્મ

બુદ્ધિથી; **ધ્યાનેન** - ધ્યાન દ્વારા; **આત્મનિ** - હૃદયમાં; **પશ્યન્તિ** - જુએ છે; (તો) **અન્યે** - બીજા (કેટલાક); **સાંખ્યેન યોગેન** - જ્ઞાનયોગ દ્વારા; **ચ** - અને; **અપરે** - બીજા (કેટલાક); **કર્મયોગેન** - કર્મયોગ દ્વારા; (પશ્યન્તિ) જુએ છે (એટલે પામે છે);

**ભાવાર્થ :** તે પરમાત્માને કેટલાક મનુષ્યો તો શુદ્ધ થયેલી સૂક્ષ્મ બુદ્ધિથી ધ્યાન દ્વારા હૃદયમાં જુએ છે તો બીજા કેટલાક તો જ્ઞાનયોગ દ્વારા અને બીજા કેટલાક કર્મયોગ દ્વારા જુએ છે (પામે છે.) (૨૪)

**અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે ।**
**તેડપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : ત્વેવમજાનન્તઃ** - તુ + એવં + અજાનન્તઃ; **શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે** - શ્રુત્વા + અન્યેભ્યઃ + ઉપાસતે; **તેડપિ** - તે + અપિ; **ચાતિતરન્ત્યેવ** - ચ + અતિતરન્તિ + એવ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : તુ** - પરંતુ; **અન્યે** - (આ બધા કરતાં) અન્ય પ્રકારના મંદબુદ્ધિના મનુષ્યો છે; **એવં** - આ પ્રમાણે; **અજાનન્તઃ** - ન જાણતા હોવાથી; **અન્યેભ્યઃ** - બીજા મનુષ્યો પાસેથી (તત્ત્વજ્ઞાનીઓ પાસેથી); **શ્રુત્વા** - સાંભળીને; (પણ તે પ્રમાણે); **ઉપાસતે** - ઉપાસના કરે છે; **ચ** - અને; **તે** - તે; **શ્રુતિપરાયણાઃ** - શ્રવણપરાયણ પુરુષો; **અપિ** - પણ; **મૃત્યું** - મૃત્યુરૂપી સંસારસાગરને; **અતિતરન્તિ એવ** -

નિ:સંદેહ તરી જાય છે;

**ભાવાર્થ :** પરંતુ આ બધા કરતાં અન્ય પ્રકારના મંદબુદ્ધિના મનુષ્યો છે તે આ પ્રમાણે ન જાણતા હોવાથી બીજા મનુષ્યો (તત્ત્વજ્ઞાનીઓ) પાસેથી સાંભળીને પણ તે પ્રમાણે ઉપાસના કરે છે અને તે શ્રવણપરાયણ પુરુષો પણ મૃત્યુરૂપી સંસારસાગરને નિ:સંદેહ તરી જાય છે. (૨૫)

**યાવત્સંજાયતે કિંચિત્સત્ત્વં સ્થાવરજંગમમ્ ।**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥૨૬॥**

**સંધિવિગ્રહ : યાવત્સંજાયતે** - યાવત્ + સંજાયતે; **કિંચિત્સત્ત્વં** - કિંચિત્ + સત્ત્વં; **ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્તદ્વિદ્ધિ** - ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ + તત્ + વિદ્ધિ; (**ભરતર્ષભ** - ભરત + ઋષભ);

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે ભરતશ્રેષ્ઠ અર્જુન; **યાવત્** - જેટલા (માત્ર); **કિંચિત્** - જેટલા પણ; **સ્થાવરજંગમં** - સ્થાવર જંગમ; **સત્ત્વં** - પ્રાણી; **સંજાયતે** - જન્મે છે; **તત્** - તે સૌને; (તુ); **ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્** - ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉત્પન્ન થયેલા; **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** હે અર્જુન ! જેટલા માત્ર અને જેટલા પણ સ્થાવર જંગમ પ્રાણી જન્મે છે તે સૌને તું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જ ઉત્પન્ન થયેલા જાણ. (૨૬)

**સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્ ।**
**વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : વિનશ્યત્સ્વવિનશ્યન્તં** - વિનશ્યત્સુ + અવિનશ્યન્તં; **સ પશ્યતિ** - સઃ + પશ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે પુરુષ; **વિનશ્યત્સુ** - નષ્ટ થઈ રહેલાં; **સર્વેષુ ભૂતેષુ** - સર્વ ચરાચર પ્રાણીઓમાં; **પરમેશ્વરં અવિનશ્યન્તં** - પરમેશ્વરને નષ્ટ ન થતા; (**ચ** - અને); **સમં તિષ્ઠન્તં** - સમભાવે રહેલા; **પશ્યતિ** - જુએ છે; **સઃ** - (તે જ) (સાચું); **પશ્યતિ** - જુએ છે;

**ભાવાર્થ :** જે પુરુષ નષ્ટ થઈ રહેલાં સર્વ ચરાચર પ્રાણીઓમાં પરમેશ્વરને નષ્ટ ન થતા અને સમભાવે રહેલા જુએ છે તે જ સાચું છે; (૨૭)

**સમં પશ્યન્હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।**
**ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : પશ્યન્હિ** - પશ્યન્ + હિ; **સમવસ્થિતમીશ્વરમ્** - સમવસ્થિતં + ઈશ્વરં; **હિનસ્ત્યાત્મનાત્માનં** - હિનસ્તિ + આત્મના + આત્માનં; **તતો યાતિ** - તતઃ + યાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કેમ કે; **સર્વત્ર** - સર્વમાં; **સમવસ્થિતં ઈશ્વરં** - સમભાવે રહેલા પરમેશ્વરને; **સમં** -

સમ સ્વરૂપે; **પશ્યન્** - જોતો (મનુષ્ય); **આત્મના** - પોતાના વડે; **આત્માનં** - પોતાને; **ન હિનસ્તિ** - નષ્ટ નથી કરતો; **તતઃ** - તેથી તે; **પરાં ગતિં** - પરમ ગતિને; **યાતિ** - પામે છે;

**ભાવાર્થ :** કેમ કે સર્વમાં સમભાવે રહેલા પરમેશ્વરને સમ સ્વરૂપે જોતો મનુષ્ય પોતાના વડે પોતાને નષ્ટ કરતો નથી, તેથી તે પરમ ગિને પામે છે. (૨૮)

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।**
**યઃ પશ્યતિ તથાત્માનમકર્તારં સ પશ્યતિ ॥૨૯॥**

**સંધિવિગ્રહ : પ્રકૃત્યૈવ** - પ્રકૃત્યા + એવ; **તથાત્માનમકર્તારં** - તથા + આત્માનં + અકર્તારં; **સ પશ્યતિ** - સઃ + પશ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - અને; **યઃ** - જે (મનુષ્ય); **કર્માણિ** - બધા ય કર્મોને; **સર્વશઃ** - સર્વ રીતે; **પ્રકૃત્યા એવ** - પ્રકૃતિ દ્વારા જ; **ક્રિયામાણાનિ** - કરાતાં; **પશ્યતિ** - જુએ છે; **તથા** - તેમજ; **આત્માનં** - આત્માને; **અકર્તારં** - અકર્તા; **પશ્યતિ** - જુએ છે; **સઃ** - તે (જ); (સાચું જુએ છે.)

**ભાવાર્થ :** અને જે મનુષ્ય બધાંય કર્મોને સર્વ રીતે પ્રકૃતિ દ્વારા જ કરાતાં (થતાં) જુએ છે તેમ જ આત્માને અકર્તા જુએ છે તે જ સાચું જુએ છે. (૨૯)

**યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।**
**તત એવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા ॥૩૦॥**

**સંધિવિગ્રહ : ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ** - ભૂતપૃથગ્ભાવં + એકસ્થં + અનુપશ્યતિ; **તત એવ** - તતઃ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદા** - જે ક્ષણે; (આ પુરુષ); **ભૂતપૃથગ્ભાવં** - પ્રાણીઓનાં જુદાં જુદાં સ્વરૂપોને; **એકસ્થં** - એક પરમાત્મામાં જ રહેલા; **ચ** - તથા; **તતઃ** - તે પરમાત્માથી; **એવ** - જ; **વિસ્તારં** - તમામ પ્રાણીઓનો વિસ્તાર; **અનુપશ્યતિ** - જુએ છે; **તદા** - તે જ ક્ષણે; (તે) **બ્રહ્મ** - સચ્ચિદાનંદઘન બ્રહ્મને; **સંપદ્યતે** - પામે છે;

**ભાવાર્થ :** જે ક્ષણે આ પુરુષ પ્રાણીઓનાં જુદાં જુદાં સ્વરૂપોને એક પરમાત્મામાં જ રહેલા તથા તે પરમાત્માથી જ તમામ પ્રાણીઓનો વિસ્તાર જુએ છે તે જ ક્ષણે તે સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામે છે. (૩૦)

**અનાદિત્વાન્નિર્ગુણત્વાત્પરમાત્માયમવ્યયઃ ।**
**શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ॥૩૧॥**

**સંધિવિગ્રહ : અનાદિત્વાન્નિર્ગુણત્વાત્પરમાત્મા-યમવ્યયઃ** - અનાદિત્વાત્ + નિર્ગુણત્વાત્ + પરમાત્મા + અય + અવ્યયઃ; **શરીરસ્થોઽપિ** - શરીરસ્થઃ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય; **અનાદિત્વાત્** - અનાદિ હોવાને લીધે; **નિર્ગુણત્વાત્** - (અને) નિર્ગુણ હોવાને લીધે; **અયં** - આ; **અવ્યયઃ** - અવિનાશી; **પરમાત્માઃ** -

પરમાત્મા; **શરીરસ્થઃ અપિ** - શરીરમાં રહેલા હોવા છતાં (વાસ્તવમાં - ખરી રીતે); **ન** - ન તો; **કરોતિ** - (કશું) કરે છે (કે); **ન** - ન તો; **લિપ્યતે** - લેપાય છે; (લિપ્ત થાય છે);

**ભાવાર્થ :** હે કૌંતેય ! અનાદિ હોવાને લીધે અને નિર્ગુણ હોવાને લીધે આ અવિનાશી પરમાત્મા શરીરમાં રહેલા હોવા છતાં ખરી રીતે ન તો કશું કરે છે કે ન તો લેપાય છે. (૩૧)

**યથા સર્વગતં સૌક્ષ્મ્યાદાકાશં નોપલિપ્યતે ।**
**સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે ॥૩૨॥**

**સંધિવિગ્રહ : સૌક્ષ્મ્યાદાકાશં** - સૌક્ષ્મ્યાત્ + આકાશં; **નોપલિપ્યતે** - ન + ઉપલિપ્યતે; **સર્વત્રાવસ્થિતો દેહે** - સર્વત્ર + અવસ્થિતઃ + દેહે; **તથાત્મા** - તથા + આત્મા; **નોપલિપ્યતે** - ન + ઉપલિપ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યથા** - જેવી રીતે; **સર્વગતં** - સર્વત્ર વ્યાપક; **આકાશં** - આકાશ; **સૌક્ષ્માત્** - સૂક્ષ્મ હોવાને લીધે; **ન ઉપલિપ્યતે** - (સ્થાનના ગુણદોષથી) લેપાતું નથી; **તથા** - તેવી જ રીતે; **દેહે** - દેહમાં; **સર્વત્ર અવસ્થિતઃ** - સર્વત્ર રહેલો; **આત્મા** - આત્મા (નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી); **ન ઉપલિપ્યતે** - લેપાતો નથી;

**ભાવાર્થ :** જેવી રીતે સર્વત્ર વ્યાપક આકાશ સૂક્ષ્મ હોવાને લીધે સ્થાનના ગુણદોષથી લેપાતું નથી તેવી જ રીતે દેહમાં

સર્વત્ર રહેલો આત્મા નિર્ગુણ હોવાને લીધે દેહના ગુણોથી લેપાતો નથી. (૩૨)

**યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।**
**ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ॥૩૩॥**

**સંધિવિગ્રહ : પ્રકાશયત્યેકઃ** - પ્રકાશયતિ + એકઃ; **લોકમિમં** - લોકં + ઈમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; **યથા** - જેવી રીતે; **એકઃ રવિઃ** - એક જ સૂર્ય; **ઈમં** - આ; **કૃત્સ્નં** - સમગ્ર; **લોકં** - બ્રહ્માંડને; **પ્રકાશયતિ** - પ્રકાશિત કરે છે; **તથા** - તેવી જ રીતે; **ક્ષેત્રી** - એક જ આત્મા; **કૃત્સ્નં** - સમગ્ર; **ક્ષેત્રં** - ક્ષેત્રને; **પ્રકાશયતિ** - પ્રકાશિત કરે છે;

**ભાવાર્થ :** હે ભારત (અર્જુન) ! જેવી રીતે એક જ સૂર્ય સમસ્ત બ્રહ્માંડને પ્રકાશિત કરે છે તેવી જ રીતે એક જ આત્મા સમગ્ર ક્ષેત્રને પ્રકાશિત કરે છે. (૩૩)

**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં જ્ઞાનચક્ષુષા ।**
**ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્ ॥૩૪॥**

**સંધિવિગ્રહ : ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં** - ક્ષેત્રક્ષેત્રક્ષયોઃ + એવં + અન્તરં; **વિદુર્યાન્તિ** - વિદુઃ + યાન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એવં** - આ પ્રમાણે; **ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ**

- ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના; **અન્તરં** - ભેદને; **ચ** - અને; **ભૂતપ્રકૃતિમોક્ષં** - (કાર્ય સહિત) પ્રકૃતિથી મુક્ત થવાને; **યે** - જે મનુષ્યો; **જ્ઞાનચક્ષુષા** - જ્ઞાનરૂપી નેત્રો દ્વારા; **વિદુઃ** - તત્ત્વથી જાણે છે; **તે** - તે (મહાત્માઓ); **પરં** - પરમ બ્રહ્મ પરમાત્માને; **યાન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** આ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને અને કાર્ય સહિત પ્રકૃતિથી મુક્ત થવાને જે મનુષ્યો જ્ઞાનરૂપી નેત્રો દ્વારા તત્ત્વથી જાણે છે તે મહાત્માઓ પરમ બ્રહ્મ પરમાત્માને પામે છે. (૩૪)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગો નામ**
**ત્રયોદશોઽધ્યાયઃ ॥૧૩॥**

**॥ ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ નામનો**
**તેરમો અધ્યાય સમાપ્ત ॥**

•

# ચતુર્દશ અધ્યાય (ચૌદમો અધ્યાય)

## ગુણત્રયવિભાગ યોગ

**અથ ચતુર્દશોડધ્યાયઃ ।** **અથ ચતુર્દશઃ + અધ્યાયઃ ।**

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।**
**યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનમુત્તમમ્** - જ્ઞાનં + ઉત્તમં; **યજ્જ્ઞાત્વા** - યત્ + જ્ઞાત્વા; **સિદ્ધિમિતોગતા** - સિદ્ધિં + ઈતઃ + ગતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જ્ઞાનનાં ઉત્તમ** - (સર્વ) જ્ઞાનો કરતાં ય ઉત્તમ (એવા); **પરં જ્ઞાનં** - ઉત્કૃષ્ટ જ્ઞાન; (હું); **ભૂયઃ** - ફરીથી; **પ્રવક્ષ્યામિ** - કહીશ; **યત્** - જેને; **જ્ઞાત્વા** - જાણીને; **સર્વે મુનયઃ** - સર્વ મુનિજનો; **ઈતઃ** - આ સંસારથી મુક્ત થઈને; **પરાં સિદ્ધિં** - પરમ સિદ્ધિ; **ગતાઃ** - પામ્યા છે;

**ભાવાર્થ :** સર્વ જ્ઞાનો કરતાં ય ઉત્તમ એવું ઉત્કૃષ્ટ જ્ઞાન હું ફરીથી કહીશ જેને જાણીને સર્વ મુનિજનો આ સંસારથી મુક્ત થઈને પરમ સિદ્ધિં પામ્યા છે. (૧)

**ઈદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।**
**સર્ગેડપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ॥૨॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનમુપાશ્રિત્ય** - જ્ઞાનં + ઉપાશ્રિત્ય;

**સાધર્મ્યમાગતાઃ** - સાધર્મ્ય + આગતાઃ; **સર્ગેઽપિ** - સર્ગે + અપિ; **નોપજાયન્તે** - ન + ઉપજાયન્તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈદં જ્ઞાનં** - આ જ્ઞાનને; **ઉપાશ્રિત્ય** - આશ્રય ધારણ કરીને; **મમ** - મારા; **સાધર્મ્ય** - સ્વરૂપને; **આગતાઃ** - પામી ચૂકેલા (મનુષ્યો); **સર્ગે** - સૃષ્ટિના આરંભે (ફરીથી); **ન ઉપજાયન્તે** - નથી જન્મતા; **ચ** - અને; **પ્રલયે** - પ્રલય સમયે; **અપિ** - પણ; **ન વ્યથન્તિ** - વ્યાકુળ થતા નથી;

**ભાવાર્થ :** આ જ્ઞાનને ધારણ કરીને મારા સ્વરૂપને પામી ચૂકેલા મનુષ્યો સૃષ્ટિના આરંભે ફરીથી નથી જન્મતા અને પ્રલય સમયે પણ વ્યાકુળ થતા નથી. (૨)

**મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ગર્ભં દધામ્યહમ્ ।**
**સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥૩॥**

**સંધિવિગ્રહ : યોનિર્મહદ્બ્રહ્મ** - યોનિઃ + મહત્ + બ્રહ્મ; **તસ્મિન્ગર્ભં** - તસ્મિન્ + ગર્ભં; **દધામ્યહમ્** - દધામિ + અહં; **તતો ભવતિ** - તતઃ + ભવતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભારત (અર્જુન); **મમ** - મારી; **મહત્ બ્રહ્મ** - મહત્ બ્રહ્મ સ્વરૂપ મૂળ પ્રકૃતિ (તમામ પ્રાણીઓની); **યોનિઃ** - યોનિ (ગર્ભાધાનનું) સ્થાન છે (અને); **અહં** - હું; **તસ્મિન્** - તે (યોનિમાં); **ગર્ભં** - (ચેતન (જીવ) સમુદાય રૂપી) ગર્ભને; **દધામિ** - સ્થાપું છું; **તતઃ** - તે જડ

ચેતનના સંયોગમાંથી; **સર્વભૂતાનાં** - સર્વ પ્રાણીઓનો; **સંભવઃ ભવતિ** - ઉદ્ભવ થાય છે;

**ભાવાર્થ :** હે ભારત ! મારી મહત્ બ્રહ્મ સ્વરૂપ મૂળ પ્રકૃતિ તમામ પ્રાણીઓની યોનિ (ગર્ભાધાન)નું સ્થાન છે અને હું તે યોનિમાં ચેતન (જીવ) સમુદાય રૂપી ગર્ભને સ્થાપું છું; તે જડ ચેતનના સંયોગમાંથી સર્વ પ્રાણીઓનો ઉદ્ભવ (જન્મ) થાય છે. (૩)

**સર્વયોનિષુ કૌન્તેય મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।**
**તાસાં બ્રહ્મ મહદ્યોનિરહં બીજપ્રદઃ પિતા ॥૪॥**

**સંધિવિગ્રહ : મહદ્યોનિરહં** - મહત્ + યોનિઃ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે અર્જુન; **સર્વયોનિષુ** - અનેક પ્રકારની તમામ યોનિઓમાં; **યા** - જે; **મૂર્તયઃ** - મૂર્તિઓ (શરીરધારી પ્રાણીઓ); **સંભવન્તિ** - ઉદ્ભવે છે; **મહત્ બ્રહ્મ** - પ્રકૃતિ તો; **તાસાં** - તે સર્વની; **યોનિઃ** - ગર્ભધારણ કરનારી માતા છે; (અને); **અહં** - હું; **બીજપદઃ** - બીજ સ્થાપનાર; **પિતા** - પિતા છું;

**ભાવાર્થ :** હે અર્જુન ! અનેક પ્રકારની યોનિઓમાં જે શરીરધારી પ્રાણીઓ જન્મે છે, પ્રકૃતિ તો તે સર્વની ગર્ભધારણ કરનારી માતા છે અને હું બીજ સ્થાપનાર પિતા છું; (૪)

**સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ ।**
**નિબધ્નન્તિ મહાબાહો દેહે દેહિનમવ્યયમ્ ॥૫॥**

**સંધિવિગ્રહ : રજસ્તમ ઈતિ** - રજઃ + તમઃ + ઈતિ; **દેહિનમવ્યયમ્** - દેહિનં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ; **સત્ત્વં રજઃ તમઃ** - સત્ત્વ ગુણ, રજો ગુણ અને તમો ગુણ; **ઈતિ** - જે; **પ્રકૃતિસંભવાઃ** - પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલા; **ગુણાઃ** - (આ) ત્રણેય ગુણો; **અવ્યયં** - અવિનાશી; **દેહિનં** - જીવાત્માને; **દેહે** - શરીરમાં; **નિબધ્નન્તિ** - બાંધે છે;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! સત્ત્વ ગુણ, રજો ગુણ અને તમો ગુણ જે પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલા છે તે ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને શરીરમાં બાંધે છે; (૫)

**તત્ર સત્ત્વં નિર્મલત્વાત્પ્રકાશકમનામયમ્ ।**
**સુખસંગેન બધ્નાતિ જ્ઞાનસંગેન ચાનઘ ॥૬॥**

**સંધિવિગ્રહ : નિર્મલત્વાત્પ્રકાશકમનામયમ્** - નિર્મલત્વાત્ + પ્રકાશકં + અનામયં; **ચાનઘ** - ચ + અનઘ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનઘ** - હે નિષ્પાપ; **તત્ર** - તે ત્રણે ગુણોમાં; **સત્ત્વં** - સત્ત્વ ગુણ (તો); **નિર્મલત્વાત્** - નિર્મળ હોવાને કારણે; **પ્રકાશકં** - પ્રકાશ ફેલાવનારો (અને); **અનામયં** -

વિકાર રહિત છે; (છતાં) (તે); **સુખસંગેન** - સુખના સંગથી; **ચ** - અને; **જ્ઞાનસંગેન** - જ્ઞાનનાં સંગથી; **બધ્નાતિ** - (જીવાત્માને) બાંધે છે. (૬)

**રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસંગસમુદ્ભવમ્ ।**
**તન્નિબધ્નાતિ કૌન્તેય કર્મસઙ્ગેન દેહિનમ્ ॥૭॥**

**સંધિવિગ્રહ : રજો રાગાત્મકં** - રજઃ + રાગાત્મકં; **તન્નિબધ્નાતિ** - તત્ + નિબધ્નાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે કૌન્તેય; **રાગાત્મકં** રાગ સ્વરૂપના; **રજઃ** - રજોગુણને; (તું); **તૃષ્ણાસંગસમુદ્ર-ભવમ્** - તૃષ્ણા અને આસક્તિમાંથી ઉદ્‌ભવેલો; **વિદ્ધિ** - જાણ; **તત્** - તે; **દેહિનં** - (આ) જીવાત્માને; **કર્મસંગેન** - કર્મોના તથા તેમના ફળોના સંગથી; **નિબધ્નાતિ** - બાંધે છે;

**ભાવાર્થ :** હે કૌન્તેય ! રાગ સ્વરૂપના રજોગુણને તું તૃષ્ણા અને આસક્તિમાંથી ઉદ્‌ભવેલો જાણ; તે આ જીવાત્માને કર્મોના તથા તેમના ફળોના સંગથી બાંધે છે. (૭)

**તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।**
**પ્રમાદાલસ્યનિરાભિસ્તન્નિબધ્નાતિ ભારત ॥૮॥**

**સંધિવિગ્રહ : તમસ્ત્વજ્ઞાનજં** - તમઃ + તુ + અજ્ઞાનજં; **પ્રમાદાલસ્ય નિદ્રાભિસ્તન્નિબધ્નાતિ** - પ્રમાદ +

આલસ્યનિદ્રાભિઃ + તત્ + નિબધ્નાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; **સર્વદેહિનાં** - સર્વ દેહાભિમાનીઓને; **મોહનં** - મોહિત કરનાર; **તમઃ** - તમોગુણને; **તુ** - તો; (તું) **અજ્ઞાનજં** - અજ્ઞાનમાંથી ઉદ્ભવેલો; **વિદ્ધિ** - જાણ; **તત્** - તે; **દેહિનાં** - આ જીવાત્માને; **પ્રમાદાલસ્યનિદ્રાભિઃ** - પ્રમાદ, આળસ અને નિદ્રા વડે; **નિબધ્નાતિ** - બાંધે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! સર્વ દેહાભિમાનીઓને મોહિત કરનાર તમોગુણને તો તું અજ્ઞાનમાંથી ઉદ્ભવેલો જાણ; તે આ જીવાત્માને પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બાંધે છે. (૮)

**સત્ત્વં સુખે સંજયતિ રજઃ કર્મણિ ભારત ।**
**જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સંજયત્યુત ॥૯॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનમાવૃત્ય** - જ્ઞાનં + આવૃત્યં; **સંજયત્યુત** - સંજયતિ + ઉત;

**ભાવાર્થ, અન્વાયર્થ : ભારત** - હે અર્જુન; **સત્ત્વં** - સત્ત્વ ગુણ; **સુખે** - સુખમાં; **સંજયતિ** - જોડે છે; (અને) **રજઃ** - રજોગુણ; **કર્મણિ** - કર્મમાં (તથા) **તમઃ** - તમો ગુણ; **તુ** - તો; **જ્ઞાનં** - જ્ઞાનને; **આવૃત્ય** - ઢાંકી દઈને; **પ્રમાદે** - પ્રમાદમાં; **ઉત** - પણ; **સંજયતિ** - જોડે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! સત્ત્વ ગુણ સુખમાં અને રજોગુણ

કર્મમાં જોડે છે (જ્યારે) તમોગુણ તો જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદમાં પણ જોડે છે. (૯)

**રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત।**
**રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્તથા ॥૧૦॥**

**સંધિવિગ્રહ : રજસ્તમશ્ચાભિભૂય** - રજઃ + તમઃ + ચ + અભિભૂય; **તમશ્ચૈવ** - તમઃ + ચ + એવ; **રજસ્તથા** - રજઃ + તથા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; **રજઃ ચ તમઃ** - રજોગુણ અને તમોગુણને; **અભિભૂય** - દબાવીને; **સત્ત્વં** - સત્ત્વ; **સત્ત્વં** - સત્ત્વગુણ; **ચ** - અને; **તમઃ** - તમોગુણને; (દબાવીને); **રજઃ** - રજોગુણ; **તથા** - તેમ; **એવ** - જ; **સત્ત્વં** - સત્ત્વગુણ (અને); **રજઃ** - રજોગુણને (દબાવીને); **તમં** - તમોગુણ; **ભવતિ** - બને છે; (વૃદ્ધિ પામે છે);

**ભાવાર્થ :** હે અર્જુન ! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ, સત્ત્વગુણ અને તમોગુણને દબાવીને રજોગુણ, તેમજ સત્ત્વગુણ અને રજોગુણને દબાવીને તમોગુણ વૃદ્ધિ પામે છે. (૧૦)

**સર્વદ્વારેષુ દેહેઽસ્મિન્પ્રકાશ ઉપજાયતે।**
**જ્ઞાનં યદા તદા વિદ્યાદ્વિવૃદ્ધં સત્ત્વમિત્યુત ॥૧૧॥**

**સંધિવિગ્રહ : દેહેઽસ્મિન્** - દેહે + અસ્મિન્; **પ્રકાશ ઉપજાયતે** - પ્રકાશઃ + ઉપજાયતે; **વિદ્યાદ્વિવૃદ્ધં** - વિદ્યાત્ +

વિવૃદ્ધં; **સત્ત્વમિત્યુત** - સત્ત્વં + ઈતિ + ઉત;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી) **યદા** - જ્યારે; **અસ્મિન્ દેહે** - આ દેહમાં; (તથા) **સર્વદ્વારેષુ** - અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં; **પ્રકાશઃ** - ચેતના (અને); **જ્ઞાનં** - વિવેકશક્તિ; **ઉપજાયતે** - ઉત્પન્ન થાય છે; **તદા** - ત્યારે; **ઈતિ** - એમ; **વિદ્યાત્** - જાણવું (સમજવું) જોઈએ; **ઉત** - કે; **સત્ત્વં** - સત્ત્વગુણ; **વિવૃદ્ધં** - વધ્યો છે;

**ભાવાર્થ :** તેથી આ દેહમાં અને અંતઃકરણ અને ઈન્દ્રિયોમાં ચેતના અને વિવેકશક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે એમ સમજવું જોઈએ કે સત્ત્વગુણ વધી રહ્યો છે. (૧૧)

**લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામશમઃ સ્પૃહા ।**
**રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : પ્રવૃત્તિરારમ્ભઃ** - પ્રવૃત્તિઃ + આરંભઃ; **કર્મણામશમઃ** - કર્મણાં + અશમઃ; **રજસ્યેતાનિ** - રજસિ + એતાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે અર્જુન; **રજસિ** - રજોગુણ; **વિવૃદ્ધે** - વધતાં; **લોભઃ** - લોભ; **પ્રવૃત્તિ** (સ્વાર્થ બુદ્ધિથી); **કર્મણાં** - (સકામ ભાવથી) કર્મો કરવાનો; **આરંભઃ** - આરંભ થાય; (તેમજ); **અશમઃ** - અશાંતિ (અને); **સ્પૃહા** - વિષયભોગની લાલસા; **એતાનિ** - આ સૌ; **જાયન્તે** - ઉત્પન્ન થાય છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! રજોગુણ વધતાં લોભ, પ્રવૃત્તિ-સ્વાર્થ બુદ્ધિથી સકામ ભાવથી કર્મો કરવાનો આરંભ તેમજ અશાંતિ અને વિષયો ભોગવવાની લાલસા આ સૌનો આરંભ થાય છે. (૧૨)

**અપ્રકાશોઙપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।**
**તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનંદન ॥૧૩॥**

**સંધિવિગ્રહ : અપ્રકાશોઙપ્રવૃત્તિશ્ચ** - અપ્રકાશઃ + અપ્રવૃત્તિઃ + ચ; **પ્રમાદો મોહ એવ** - પ્રમાદઃ + મોહઃ + એવ; **તમસ્યેતાનિ** - તમસિ + એતાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કુરુનંદન** - હે અર્જુન; **તમસિ** - તમોગુણ; **વિવૃદ્ધે** - વધતાં; (અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં); **અપ્રકાશઃ** - નિસ્તેજપણું (ચેતનાનો અભાવ); **અપ્રવૃત્તિ** - કર્તવ્ય કર્મોમાં પ્રવૃત્ત ન થવું; **ચ** - અને; **પ્રમાદઃ** - પ્રમાદ; **ચ** - અને; **મોહઃ** - નિદ્રા જેવી અંતઃકરણની મોહમાં નાખનારી વૃત્તિઓ; **એતાનિ** - આ સૌ; **એવ** - પણ; **જાયન્તે** - ઉત્પન્ન થાય છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! તમોગુણ વધતાં અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં નિસ્તેજપણું (ચેતનાનો અભાવ) કર્તવ્ય કર્મોમાં પ્રવૃત્ત ન થવું અને પ્રમાદ અને નિદ્રા જેવી અંતઃકરણની મોહમાં નાખનારી વૃત્તિઓ આ સૌ પણ ઉત્પન્ન થાય છે. (૧૩)

**યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।**
**તદોત્તમવિદાં લોકાનમલાન્પ્રતિપદ્યતે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : તદોત્તમવિદાં** - તદા + ઉત્તમવિદાં; **લોકાનમલાન્** - લોકાન્ + અમલાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદા** - જ્યારે; **સત્ત્વે પ્રવૃદ્ધે** - સત્ત્વગુણ વધે; **તદા** - ત્યારે; **દેહભૃત્** - (આ) દેહધારી મનુષ્ય; **પ્રલયં યાતિ** - મૃત્યુ પામે છે; **તુ** - તો; **ઉત્તમવિદાં** - ઉત્તમ કર્મ કરનારાઓ; **અમલાન્** - નિર્મળ દિવ્ય સ્વર્ગ વગેરે; **લોકાન્** - લોકોને; **પ્રતિપદ્યતે** - પામે છે;

**ભાવાર્થ :** જ્યારે સત્ત્વગુણ વધે (ત્યારે) આ દેહધારી મનુષ્ય મૃત્યુ પામે છે તો ઉત્તમ કર્મ કરનારાઓ નિર્મળ, દિવ્ય, સ્વર્ગ વગેરે લોકોને પામે છે. (૧૪)

**રજસિ પ્રલયં ગત્વા કર્મસંગિષુ જાયતે ।**
**તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥૧૫॥**

**સંધિવિગ્રહ : પ્રલીનસ્તમસિ** - પ્રલીનઃ + તમસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રજસિ** - (જ્યારે) રજોગુણ વધતાં; **પ્રલયં** - મૃત્યુ; **ગત્વા** - પામીને; ... **કર્મસંગિષુ** - કર્મોમાં આસક્તિ રાખનારા મનુષ્યોમાં; **જાયતે** - જન્મે છે; **તથા** - તેમજ; **તમસિ** - તમોગુણ વધતાં; **પ્રલીનઃ** - મૃત્યુ પામેલો માણસ (જંતુ,

પશુ, આદિ જેવી); **મૂઢયોનિષુ** - મૂઢ યોનિઓમાં; **જાયતે** - જન્મે છે;

**ભાવાર્થ :** રજોગુણ વધતાં મૃત્યુ પામીને કર્મોમાં આસક્તિ રાખનારા મનુષ્યોમાં જન્મે છે તેમજ તમોગુણ વધતાં મૃત્યુ પામેલો મનુષ્ય જંતુ, પશુ, આદિ જેવી મૂઢ યોનિઓમાં જન્મે છે; (૧૫)

**કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્ત્વિકંનિર્મલં ફલમ્ ।**
**રજસસ્તુ ફલં દુઃખમજ્ઞાનં તમસઃ ફલમ્ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : સુકૃતસ્યાહુ** - સુકૃતસ્ય + આહુઃ; **રજસસ્તુ** - રજસઃ + તુ; **દુઃખમજ્ઞાનં** - દુઃખં + અજ્ઞાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સુકૃતસ્ય** - શ્રેષ્ઠ; **કર્મણઃ** - કર્મોનું (તો); **સાત્ત્વિકં** - સાત્ત્વિક (સુખ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે); **નિર્મલં ફલં** - નિર્મળ ફળ; (તત્ત્વજ્ઞાનીઓએ); **આહુઃ** - કહ્યું છે; **તુ** - પરંતુ; **રજસઃ** - રાજસ કર્મનું; **ફલં** - ફળ; **દુઃખં** - દુઃખ (તેમજ); **તમસઃ** - તામસ કર્મનું; **ફલં** - ફળ; **અજ્ઞાનં** - અજ્ઞાન (કહ્યું છે);

**ભાવાર્થ :** શ્રેષ્ઠ કર્મોનું તો સાત્ત્વિક (સુખ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે) નિર્મળ ફળ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, પરંતુ રાજસ કર્મનું ફળ દુઃખ તેમજ તામસ કર્મનું ફળ અજ્ઞાન કહ્યું છે. (૧૬)

**સત્ત્વાત્સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।**
**પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : સત્ત્વાત્સંજાયતે** - સત્ત્વાત્ + સંજાયતે; **રજસો લોભ એવ** - રજસઃ + લોભઃ + એવ; **ભવતોઽજ્ઞાનમેવ** - ભવતઃ + અજ્ઞાનં + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સત્ત્વાત્** - સત્ત્વગુણમાંથી; **જ્ઞાનં** - જ્ઞાન; **સંજાયતે** - જન્મે છે; **ચ** - અને; **રજસઃ** - રજોગુણમાંથી; **એવ** - નિઃસંદેહપણે; **લોભઃ** - લોભ; **ચ** - તથા; **તમસઃ** - તમોગુણમાંથી; **પ્રમાદમોહૌ** - પ્રમાદ અને મોહ; **ભવતઃ** - (ઉત્પન્ન) થાય છે; (અને) **અજ્ઞાનં** - અજ્ઞાન; **એવ** - પણ; (જન્મે છે);

**ભાવાર્થ :** સત્ત્વગુણમાંથી જ્ઞાન જન્મે છે અને રજોગુણમાંથી નિઃસંદેહપણે લોભ તથા તમોગુણમાંથી પ્રમાદ અને મોહ જન્મે છે; અને અજ્ઞાન પણ જન્મે છે. (૧૭)

**ઉર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।**
**જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : સત્ત્વસ્થા મધ્યે** - સત્ત્વસ્થાઃ + મધ્યે; **જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ** - જઘન્યગુણવૃત્તિસ્થાઃ + અધઃ + ગચ્છન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સત્ત્વસ્થાઃ** - સત્ત્વગુણમાં સ્થિત મનુષ્યો; **ઊર્ધ્વં** - સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકોને; **ગચ્છન્તિ** - પામે છે; (રજોગુણમાં સ્થિત); **રાજસાઃ** - રાજસ મનુષ્યો; **મધ્યે** - મધ્યમાં, મનુષ્ય લોકમાં જ; **તિષ્ઠન્તિ** - રહે છે; (તથા)

**જઘન્યગુણવૃત્તિસ્થાઃ** - તમોગુણના કાર્ય એવા નિદ્રા, પ્રમાદ, આળસ આદિમાં સ્થિત; **તામસાઃ** - તામસી મનુષ્યો; **અધઃ** - અધોગતિ (જંતુ, પશુ, આદિ નીચ યોનિઓને તથા નરકોને); **ગચ્છન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** સત્ત્વગુણમાં સ્થિત મનુષ્યો સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકને પામે છે; રજોગુણમાં સ્થિત મનુષ્યો મધ્યમાં (મનુષ્ય લોકમાં) જ રહે છે; તથા તમોગુણના કાર્ય એવા નિદ્રા, પ્રમાદ, આળસ આદિમાં સ્થિત તામસી મનુષ્યો અધોગતિ (જંતુ, પશુ, આદિ નીચ યોનિઓને તથા નરકોને)ને પામે છે. (૧૮)

**નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાનુપશ્યતિ ।**
**ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : નાન્યં** - ન + અન્યં; **દ્રષ્ટાનુપશ્યતિ** - દ્રષ્ટા + અનુપશ્યતિ; **ગુણેભ્યશ્ચ** - ગુણેભ્યઃ + ચ; **સોઽધિગચ્છતિ** - સઃ + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યદા** - જ્યારે; **દ્રષ્ટા** - દ્રષ્ટા (સાક્ષી મનુષ્ય); **ગુણેભ્યઃ** - ત્રણે ગુણો (સિવાય); **અન્યં** - અન્ય કોઈને; **કર્તારં** - કર્તારૂપે; **ન અનુપશ્યતિ** - જોતો નથી; **ચ** - અને; **ગુણેભ્યઃ** - ત્રણે ગુણોથી; **પરં** – સાવ પર (એવા સચ્ચિદાનંદઘન સ્વરૂપ મને પરમાત્માને); **વેત્તિ** - તત્ત્વથી જાણે છે; (તે વખતે); **સઃ** - તે; **મદ્ભાવં** - મારા સ્વરૂપને; **અધિગચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** જ્યારે દ્રષ્ટા (સાક્ષી મનુષ્ય) ત્રણે ગુણો સિવાય અન્ય કોઈને કર્તારૂપે જોતો નથી અને ત્રણે ગુણોથી સાવ પર એવા સચ્ચિદાનંદઘન સ્વરૂપ મને, પરમાત્માને તત્ત્વથી જાણે છે. (૧૯)

**ગુણાનેતાનતીત્ય ત્રીન્દેહી દેહસમુદ્ભવાન્ ।**
**જન્મમૃત્યુજરાદુઃખૈર્વિમુક્તોઽમૃતમશ્નુતે ॥૨૦॥**

**સંધિવિગ્રહ : ગુણાનેતાનતીત્ય** - ગુણાન્ + એતાન્ + અતીત્ય; **ત્રીન્દેહી** - ત્રીન્ + દેહી; **જન્મમૃત્યુજરાદુઃખૈ-ર્વિમુક્તોઽમૃતમશ્નુતે** - જન્મમૃત્યુજરાદુઃખૈઃ + વિમુક્તઃ + અમૃતં + અશ્નુતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દેહસમુદ્ભવાન્** - દેહની ઉત્પત્તિના કારણરૂપ; **એતાન્** - એવા (આવા); **ત્રીન્ ગુણાન્** - ત્રણે ગુણોને; **અતીત્ય** - પાર કરીને; **જન્મમૃત્યુજરાદુઃખૈ** - જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને સર્વ પ્રકારનાં દુઃખોથી; **વિમુક્તઃ** - છૂટેલો; **દેહી** - (આ) પુરુષ; **અમૃતં અશ્નુતે** - પરમાનંદને પામે છે;

**ભાવાર્થ :** દેહની ઉત્પત્તિના કારણરૂપ આવા ત્રણે ગુણોને પાર કરીને જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને સર્વ પ્રકારનાં દુઃખોથી છૂટેલો આ પુરુષ પરમાનંદને પામે છે. (૨૦)

**અર્જુન ઉવાચ** ।અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**કૈર્લિંગૈસ્ત્રીન્ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।**
**કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ગુણાનતિવર્તતે ॥૨૧॥**

**સંધિવિગ્રહ : કૈલિંગૈસ્ત્રીન્ગુણાનેતાનતીતો ભવતિ** - કૈઃ + લિંગૈઃ + ત્રીન્ + ગુણાન્ + એતાન્ + અતીતઃ + ભવતિ; **ચૈતાંસ્ત્રીન્ગુણાનતિવર્તતે** - ચ + એતાન્ + ત્રીન્ + ગુણાન્ + અતિવર્તતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એતાન્** - આ; **ત્રીન્** - ત્રણે; **ગુણાન્** - ગુણોથી; **અતીત** - અતીત પુરુષ; **કૈ** - કયા કયા; **લિંગૈઃ** - લક્ષણોથી યુક્ત; **ભવતિ** - હોય છે; **ચ** - અને; **કિમાચારઃ** - કેવું આચરણ કરનાર હોય છે; (તથા) **પ્રભો** – હે પ્રભુ; (મનુષ્ય); **કથં** - કયા ઉપાયથી; **એતાન્ ત્રીન્ ગુણાન્** - આ ત્રણે ગુણોથી; **અતિવર્તતે** - અતિત થઈ શકે છે ?

**ભાવાર્થ :** આ ત્રણે ગુણોથી અતીત પુરુષ ક્યાં ક્યાં લક્ષણોથી યુક્ત હોય છે અને કેવું આચરણ કરનાર હોય છે તથા હે પ્રભુ ! મનુષ્ય કયા ઉપાયથી આ ત્રણે ગુણોથી અતીત થઈ શકે છે ? (૨૧)

**શ્રીભગવાન ઉવાચ** । ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ ।**
**ન દ્વેષ્ટિ  સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાંક્ષતિ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : મોહમેવ** - મોહં + એવં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાંડવ** - હે પાંડુપુત્ર અર્જુન; **પ્રકાશં** - સત્ત્વગુણના કાર્યરૂપ પ્રકાશનો; **(ચ** - અને); **પ્રવૃત્તિં** - રજોગુણના કાર્યરૂપ પ્રવૃત્તિનો; **ચ** - તથા; **મોહં** - તમોગુણના કાર્યરૂપ મોહનો; **એવ** - પણ; **ન સમ્પ્રવૃત્તાનિ** - ન (તો) પ્રવૃત્ત થતાં; **દ્વેષ્ટિ** - દ્વેષ કરવો; **ન નિવૃત્તાનિ** - નથી તો નિવૃત્ત થતાં; (તેમની) **કાંક્ષતિ** - આકાંક્ષા કરતો;

**ભાવાર્થ :** હે પાંડુપુત્ર અર્જુન ! સત્ત્વગુણના કાર્યરૂપ પ્રકાશનો, રજોગુણના કાર્યરૂપ પ્રવૃત્તિનો તથા તમોગુણના કાર્યરૂપ મોહનો પણ પ્રવૃત્ત થતાં દ્વેષ કરતો નથી તો નિવૃત્ત થતાં તેમની આકાંક્ષા સેવતો નથી. (૨૨)

**ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।**
**ગુણા વર્તન્ત ઈત્યેવ યોઽવતિષ્ઠતિ નેંગતે ॥૨૩॥**

**સંધિવિગ્રહ : ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન** - ઉદાસીનવત્ + આસીનઃ + ગુણૈઃ + યઃ + ન; **ગુણા વર્તન્ત ઈત્યેવ** - ગુણાઃ + વર્તન્તે + ઈતિ + એવ; **યોઽવતિષ્ઠતિ** - યઃ + અવતિષ્ઠતિ; **નેંગતે** - ન + ઈંગતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **ઉદાસીનવત્** - સાક્ષીની પેઠે; **આસીનઃ** - સ્થિર થયેલો; **ગુણૈઃ** - ગુણો વડે; **ન વિચાલ્યતે** - વિચલિત કરી શકાતો નથી; (તથા); **ગુણાઃ એવ** - ગુણો જ; (ગુણોમાં); **વર્તન્તે** - વર્તે છે; **ઈતિ** - એમ (સમજીને); **ય** -

જે; (સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે); **અવતિષ્ઠતિ** - સ્થિત રહે છે; (તેમજ); **ન ઇંગતે** - (એ સ્થિતિથી) વિચલિત થતો નથી;

**ભાવાર્થ :** જે સાક્ષીની પેઠે સ્થિત થયેલો ગુણો વડે વિચલિત કરી શકાતો નથી તથા ગુણો જ ગુણોમાં વર્તે છે એમ સમજીને જે સચ્ચિદાનંદઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત રહે છે તેમ જ એ સ્થિતિથી વિચલિત થતો નથી. (૨૩)

**સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાંચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : સમલોષ્ટાશ્મકાંચનઃ** - સમ + લોષ્ટ + અશ્મ + કાંચનઃ; **તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિન્દાત્મ-સંસ્તુતિઃ** - તુલ્યપ્રિયાપ્રિયઃ + ધીરઃ + તુલ્યનિન્દા + આત્મસંસ્તુતિઃ; (**લોષ્ટ** - માટી, **અશ્મ** - પથ્થર);

**શબ્દાર્થ, અન્વયાર્થ : સ્વસ્થઃ** - જે (નિરંતર) આત્મભાવમાં સ્થિત છે; **સમદુઃખસુખઃ** - દુઃખ સુખને સમાન સમજે છે; **સમ લોષ્ટ અશ્મ કાંચનઃ** - માટી, પથ્થર તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે; **ધીરઃ** - જ્ઞાની છે; **તુલ્યપ્રિયાપ્રિયઃ** - પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે; (અને); **તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ** - પોતાની નિંદા થાય કે સ્તુતિ થાય તેમાં પણ સમાન ભાવ રાખે છે;

**ભાવાર્થ :** (જે) નિરંતર આત્મભાવમાં સ્થિત છે, દુઃખ સુખને સમાન સમજે છે, માટી, પથ્થર તેમજ સોનામાં (પણ) સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા થાય કે સ્તુતિ થાય તેમાં પણ સમાન ભાવ રાખે છે. (૨૪)

**માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥૨૫॥**

**સંધિવિગ્રહ : માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ** - માન + અપમાનયોઃ + તુલ્યઃ + તુલ્યઃ + મિત્ર + અરિપક્ષયો; **સ ઉચ્યતે** - સઃ + ઉચ્યતે; **ગુણાતીતઃ** - ગુણ + અતીતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (અને જે); **માનાપમાનયો** - માન અને અપમાનમાં; **તુલ્યઃ** - સમાન (ભાવવાળો) છે; **મિત્રારિપક્ષયોઃ તુલ્યઃ** - મિત્ર અને વેરી પક્ષમાં પણ સમાન ભાવવાળો છે; **સર્વારંભપરિત્યાગી** - તેમજ સર્વકર્મોમાં કર્તાપણાના અભિમાનરહિત છે; **સઃ** - તે પુરુષ; **ગુણાતીતઃ** - ગુણાતીત; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** અને જે માન અને અપમાનમાં પણ સમાન ભાવવાળો છે, મિત્ર અને વેરી પક્ષમાં પણ સમાન ભાવવાળો છે તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાનરહિત છે તે પુરુષ ગુણાતીત કહેવાય છે. (૨૫)

**માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।**
**સ ગુણાન્સમતીત્યૈતાન્બ્રહ્મભૂયાય કલ્પતે ॥૨૬॥**

**સંધિવિગ્રહ : યોઽવ્યભિચારેણ** - યઃ + અવ્યભિચારેણ; **સ ગુણાન્સમતીત્યૈતાન્બ્રહ્મભૂયાય** - સઃ + ગુણાન્ + સમતીત્યા+ એતાન્ + બ્રહ્મભૂયાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - અને; **યઃ** - જે પુરુષ; **અવ્યભિચારેણ** - અવ્યભિચારી; **ભક્તિયોગેન** - ભક્તિયોગથી; **માં** - મને (નિરંતર); **સેવતે** - ભજે છે; **સઃ** - તે (પણ); **એતાન્** - આ; **ગુણાન્** - ત્રણે ગુણોને; **સમતીત્ય** - સારી પેઠે પાર કરીને; **બ્રહ્મભૂયાય** - સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામવા; **કલ્પતે** - યોગ્ય બની જાય છે;

**ભાવાર્થ :** અને જે પુરુષ અવ્યભિચારી ભક્તિયોગથી મને ભજે છે તે પણ આ ત્રણે ગુણોને સારી પેઠે પાર કરીને સચ્ચિદાનંદઘન બ્રહ્મને પામવા યોગ્ય બને છે. (૨૬)

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : બ્રહ્મણો હિ** - બ્રહ્મણઃ + હિ; **પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય** - પ્રતિષ્ઠા + અહં + અમૃતસ્ય + અવ્યયસ્ય; **સુખસ્યૈકાન્તિકસ્ય** - સુખસ્ય + ઐકાન્તિકસ્ય;

**ભાવાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; (તે) **અવ્યયસ્ય** - અવિનાશી; **બ્રહ્મણઃ** - પરબ્રહ્મનું; **ચ** - અને; **અમૃતસ્ય** - અમૃતનું; **શાશ્વતસ્ય ધર્મસ્ય** - શાશ્વત ધર્મનુ; **ચ** - તેમજ; **ઐકાન્તિકસ્ય** - અખંડ એકરસ; **સુખસ્ય** - આનંદનું; **પ્રતિષ્ઠા** - આશ્રયસ્થાન રહેઠાણ; **અહં** - હું છું;

**ભાવાર્થ :** કારણ કે તે અવિનાશી પરબ્રહ્મનું, અમૃતનું, શાશ્વત ધર્મનું તેમ જ અખંડ એકરસ આનંદનું આશ્રયસ્થાન-રહેઠાણ હું છું. (૨૭)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**ગુણત્રયવિભાગયોગો ચતુર્દશોડધ્યાયઃ ॥૧૪॥**

**॥ ગુણત્રયવિભાગયોગ નામનો**
**ચૌદમો અધ્યાય સમાપ્ત ॥**

•

# પંચદશ અધ્યાય (પંદરમો અધ્યાય)

## પુરુષોત્તમ યોગ

**અથ પંચદશોઽધ્યાયઃ ।** **અથ પંચદશઃ + અધ્યાયઃ ।**

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**ઉર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્ ॥૧॥**

**સંધિવિગ્રહ : ઉર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં** - ઊર્ધ્વમૂલં + અધઃશાખં + અશ્વત્થં; **પ્રાહુરવ્યયમ્** - પ્રાહુઃ + અવ્યયં; **યસ્તં** - યઃ + તં; **સ વેદવિત્** - સઃ + વેદવિત્; (**ઊર્ધ્વ** - ઊંચું; ઉપરનું)

**શબ્દાર્થ, અન્વાયર્થ : ઉર્ધ્વમૂલં** - જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ મૂળ છે; (અને); **અધઃ શાખં** - જેની નીચે રહેલી બ્રહ્મારૂપી (મુખ્ય) શાખા છે; (તથા) **અશ્વત્થં** - સંસારરૂપી પીપળાના વૃક્ષને; **અવ્યયં** - અવિનાશી; **પ્રાહુઃ** - કહે છે; (તથા) **છંદાસિ** - વેદો; **યસ્ય** - જેનાં; **પર્ણાનિ** - પાંદડાઓ છે; **તમ્** - તેને; **યઃ** – જે પુરુષ (મૂળ સહિત); **વેદ** - તત્ત્વથી જાણે છે; **સઃ** - તે; **વેદવિત્** - વેદના તાત્પર્યને જાણે છે;

**ભાવાર્થ :** જેનું આદિપુરુષ પરમેશ્વરરૂપી ઊર્ધ્વ મૂળ છે, જેની નીચે રહેલી બ્રહ્મારૂપી (મુખ્ય) શાખા છે તથા સંસારરૂપી પીપળાના વૃક્ષને અવિનાશી કહે છે તથા વેદો જેનાં પાંદડાઓ

છે તેને જે પુરુષ મૂળ સહિત તત્ત્વથી જાણે છે તે વેદના તાત્પર્યને જાણે છે. (૧)

**અધોશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા**
**ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ**
**કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ॥૨॥**

**સંધિવિગ્રહ : અધશ્ચોર્ધ્વં** - અધઃ + ચ + ઊર્ધ્વં; **પ્રસૃતાસ્તસ્ય** - પ્રસૃતાઃ + તસ્ય; **ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ** - ગુણપ્રવૃદ્ધાઃ + વિષયપ્રવાલાઃ; **અઘશ્ચ** - અધઃ + ચ; **મૂલાન્યનુસન્તતાનિ** - મૂલાનિ + અનુસન્તતાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્ય** - તે સંસારવૃક્ષની; **ગુણપ્રવૃદ્ધાઃ** - ત્રણે ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ પામેલી; (તેમજ) **વિષયપ્રવાલાઃ** - વિષયોરૂપી કૂંપળો ધરાવતી; શાખાઃ-દેવ; મનુષ્ય અને તિર્યક; (પશુ-પક્ષી) આદિ યોનિરૂપી શાખાઓ; **અધઃ** - નીચે; **ચ** - અને; **ઊર્ધ્વં** - ઉપર આમતેમ; **પ્રસૃતા** - ફેલાયેલી છે; (તથા) **મનુષ્યલોકે** - (એ શાખાઓનાં) મનુષ્ય લોકમાં; **કર્માનુબંધીનિ** - કર્માનુસાર બાંધનારાં; **મૂલાનિ** - અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં (પણ); **અઘઃ ચ (ઊર્ધ્વં) ચ** - નીચે અને ઉપર; **અનુસંતતાનિ** - બધા જ લોકમાં ફેલાયેલાં છે;

**ભાવાર્થ :** તે સંસારવૃક્ષની ત્રણે ગુણોરૂપી જળ વડે વૃદ્ધિ

પામેલી તેમજ વિષયોરૂપી કૂંપળો ધરાવતી દેવ, મનુષ્ય અને તિર્યક્ (પશુ-પક્ષી) આદિ યોનિરૂપી શાખાઓ નીચે અને ઉપર આમતેમ (સર્વત્ર) ફેલાયેલી છે; તથા એ શાખાઓમાં મનુષ્યલોકમાં કર્માનુસાર બાંધનારાં અહંતા, મમતા તથા વાસનારૂપી મૂળિયાં પણ નીચે અને ઉપર બધા જ લોકમાં ફેલાયેલાં છે. (૨)

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન**
**ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।**
**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમસંગશસ્ત્રેણ**
**દૃઢેન છિત્વા ॥૩॥**

**સંધિવિગ્રહ : રૂપમસ્યેહ** - રૂપં + અસ્ય + ઈહ; **તથોપલભ્યતે** - તથા + ઉપલભ્યતે; **નાન્તો ન** - ન + અન્તઃ + ન; **ચાદિર્ન** - ચ + આદિઃ + ન; **અશ્વત્થમેનં** - અશ્વત્થં + એનં; **સુવિરૂઢમૂલમસંગશસ્ત્રેણ** - સુવિરૂઢમૂલં + અસંગશસ્ત્રેણ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પરંતુ) **અસ્ય** - આ સંસારવૃક્ષનું; **રૂપં** - સ્વરૂપ જેવું કહ્યું છે; **તથા** - તેવું; **ઈહ** - અહીં (વિચાર કાળમાં); **ન ઉપલભ્યતે** - મળી આવતું નથી; (કારણ કે); **ન આદિઃ** - ન તો આનો પ્રારંભ; **ચ** - અને; **ન અન્તઃ** - ન તો આનો અંત; **ચ** - તેમ જ; **ન સંપ્રતિષ્ઠા** - નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ; (તેથી) **એનં** - આ; **સુવિરૂઢમૂલં** - અહંતા,

મમતા અને વાસનારૂપી અત્યંત દઢ થયેલાં મૂળ ધરાવતા; **અશ્વત્થં** - સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને; **દઢેન** - દઢ; **અસંગશસ્ત્રેણ** - વૈરાગ્યરૂપી શસ્ત્ર દ્વારા; **છિત્વા** - કાપી નાંખીને; (શ્લોક ૪માં અનુસંધાન);

**ભાવાર્થ :** પરંતુ આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે તેવું અહીં વિચારકાળમાં મળી આવતું નથી; કારણ કે આનો નથી તો પ્રારંભ યા તો આનો અંત તેમ જ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ, તેથી આ અહંતા, મમતા અને વાસનારૂપી અત્યંત દઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને દઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર દ્વારા નાંખીને; (શ્લોક ૪માં અનુસંધાને). (૩)

**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ।**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિ પ્રસૃતા પુરાણી ॥૪॥**

**સંધિવિગ્રહ : તત્પરિમાર્ગિતવ્યં** - તત્ + પરિમાર્ગિતવ્યં; **યસ્મિન્ગતા ન** - યસ્મિન્ + ગતાઃ + ન; **તમેવ** - તં + એવ; **ચાદ્યં** - ચ + આદ્યં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તતઃ** - તે પછી; **તત્** - તે; **પદં** - પરમપદ રૂપ પરમેશ્વરને; **પરિમાર્ગિતવ્યં** - સારી પેઠે શોધવા જોઈએ; **યસ્મિન્** - જેને; **ગતાઃ** - પામી ચૂકેલા પુરુષ; **ભૂયઃ** - ફરી પાછા; **ન નિવર્તન્તિ** - સંસારમાં આવતા નથી; **ચ** - અને; **યતઃ** - જે પરમેશ્વરથી; (આ); **પુરાણી** - પુરાતન; **પ્રવૃત્તિઃ** -

સંસારવૃક્ષની પ્રવૃત્તિ; **પ્રસૃતા** - વિસ્તાર પામી છે; **તમ્ એવ** - તે જ; **આદ્યં પુરુષં** - આદિ પુરુષ નારાયણને; **પ્રપદ્યે** - શરણે છું; (આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને પરમેશ્વરનું મનન અને નિદિધ્યાસન (નિરંતર ચિંતન) કરવું જોઈએ);

**ભાવાર્થ :** તે પછી તે પરમપદસ્વરૂપ પરમેશ્વરને સારી પેઠે શોધવા જોઈએ; જેને પામી ચૂકેલા પુરુષ ફરી પાછા સંસારમાં આવતા નથી અને જે પરમેશ્વરથી આ પુરાતન સંસારવૃક્ષની પ્રવૃત્તિ વિસ્તાર પામી છે તે જ આદિ પુરુષ નારાયણને (હું) શરણે છું; (આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને પરમેશ્વરનું મનન અને નિરંતર ચિંતન કરવું જોઈએ. (૪)

**નિર્માનમોહા જિતસંગદોષા અધ્યાત્મનિત્યા**
**વિનિવૃત્તકામાઃ ।**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્યમૂઢાઃ**
**પદમવ્યયં તત્ ॥૫॥**

**સંધિવિગ્રહ : નિર્માનમોહા જિતસંગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ** - નિર્માનમોહાઃ + જિતસંગદોષાઃ + અધ્યાત્મનિત્યાઃ + વિનિવૃત્તકામાઃ; **દ્વન્દ્વૈર્મિમુક્તાઃ** - દ્વન્દ્વૈઃ + વિમુક્તાઃ; **સુખદુઃખ-સંજ્ઞૈર્ગચ્છન્ત્યમૂઢાઃ** - સુખદુઃખસંજ્ઞૈઃ + ગચ્છન્તિ + અમૂઢાઃ; **પદમવ્યયં** - પદં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નિર્માનમોહાઃ** - જેમનાં માન અને

મોહ નષ્ટ થઈ ગયા છે; **જીતસંગદોષાઃ** - જેમણે સંગ (આસક્તિ) રૂપ દોષોને જીતી લીધા છે; **અધ્યાત્મનિત્યાઃ** - જેમની પરમાત્માનાં સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે; **વિનિવૃત્તકામાઃ** - (અને) જેમની કામનાઓ સંપૂર્ણપણે નાશ પામી ચૂકી છે (એવા); **દ્વન્દ્વૈઃ** - સુખદુ:ખ રૂપી દ્વન્દ્વોથી; **વિમુક્તાઃ** - છૂટેલા; **અમૂઢાઃ** - જ્ઞાનીજનો; **તત્** - તે; **અવ્યયં** - અવિનાશી; **પદં** - પરમ પદને; **ગચ્છન્તિ** - પામે છે;

**ભાવાર્થ :** જેમનાં માન અને મોહ નષ્ટ થઈ ગયાં છે, જેમણે આસક્તિ રૂપ દોષોને જીતી લીધા છે, જેમની પરમાત્માનાં સ્વરૂપમાં નિત્ય સ્થિતિ છે અને જેમની કામનાઓ સંપૂર્ણપણે નાશ પામી ચૂકી છે તેવા સુખદુ:ખરૂપી દ્વન્દ્વોથી છૂટેલા જ્ઞાનીજનો તે અવિનાશી પરમ પદને પામે છે. (૫)

**ન તદ્ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।**
**યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૬॥**

**સંધિવિગ્રહ : તદ્ભાસયતે** - તત્ + ભાસયતે; **સૂર્યો ન** - સૂર્યઃ + ન; **શશાંકો ન** - શશાંક + ન; **યદ્ગત્વા** - યત્ + ગત્વા; **તદ્ધામ** - તત્ + ધામ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્** - જે પરમ પદને; **ગત્વા** - પ્રાપ્ત કરીને (પામી ને); (મનુષ્ય); **ન નિવર્તન્તે** - પાછા ફરીને સંસારમાં આવતા નથી; **તત્** - તે; (સ્વપ્રકાશિત પરમપદને); **ન સૂર્યઃ**

- ન તો સૂર્ય; **ભાસયતે** - પ્રકાશિત કરી શકે છે; **ન શશાંકઃ** - ન તો ચન્દ્રમા; **ન પાવકઃ** - (કે) ન તો અગ્નિ; **તત્** - તે (જ); **મમ** - મારું; **પરમં ધામ** - પરમ ધામ છે;

**ભાવાર્થ :** જે પરમ પદને પામીને મનુષ્ય પાછા ફરીને સંસારમાં આવતા નથી તે સ્વપ્રકાશિત પરમપદને ન તો સૂર્ય કે ન તો ચન્દ્રમા કે ન તો અગ્નિ પ્રકાશિત કરી શકે છે એ જ મારું પરમ ધામ છે. (૬)

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**
**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥**

**સંધિવિગ્રહ : મમૈવાંશો જીવલોકે** - મમ + એવ + અંશઃ + જીવલોકે; **મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ** - મનઃષષ્ઠાનિ + ઇંદ્રિયાણિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જીવલોકે** - આ દેહમાં (રહેલો); **સનાતનઃ** - સનાતન; **જીવભૂતઃ** - જીવાત્મા; **મમ એવ** - મારો જ અંશ છે; (અને તે જ); **પ્રકૃતિસ્થાનિ** - આ પ્રકૃતિમાં રહેલી; **મનઃષષ્ઠાનિ** - મન સહિતની પાંચે; **ઈન્દ્રિયાણિ** - ઈન્દ્રિયોને; **કર્ષતિ** - ખેંચે છે;

**ભાવાર્થ :** આ દેહમાં રહેલો સનાતન જીવાત્મા મારો જ અંશ છે અને તે જ આ પ્રકૃતિમાં રહેલી મન સહિતની પાંચે ઈન્દ્રિયોને ખેંચે છે. (૭)

**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥૮॥**

**સંધિવિગ્રહ : યદવાપ્નોતિ** - યત્ + અવાપ્નોતિ; **યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ** - યત્ + ચ + અપિ + ઉત્ક્રામતિ + ઈશ્વરઃ; **ગૃહીત્વૈતાનિ** - ગૃહીત્વા + એતાનિ; **વાયુર્ગન્ધાનિવાશયાત્** - વાયુઃ + ગન્ધાન્ + ઈવ + આશયાત્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અયં** - આ (જીવાત્મા); **શ્રોત્રં** - કાન; **ચક્ષુઃ** - આંખ; **ચ** - અને; **સ્પર્શનં** - ત્વચા; **ચ** - તથા; **રસનં** - રસના; **ઘ્રાણં** - નાક; **ચ** - અને; **મન** - મનનો; **અધિષ્ઠાય** - આશ્રય કરીને, તેમની સહાય લઈને; **એવ** - જ; **વિષયાન્** - વિષયોને; **ઉપસેવે** - સેવે છે;

**ભાવાર્થ :** આ જીવાત્મા કાન, આંખ, ત્વચા, રસના, નાક અને મનનો આશ્રય કરીને (તેમની સહાય લઈને) જ વિષયોને ભોગવે છે. (૯)

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ।**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : વાપિ** - વા + અપિ; **વિમૂઢા નાનુપશ્યન્તિ** - વિમૂઢાઃ + ન + અનુપશ્યન્તિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પરંતુ) **ઉત્ક્રામન્તઃ** - શરીર

છોડીને જતો; **સ્થિતં કે** - સ્થિત થયેલો (રહેલો); **વા** - અથવા; **ભુંજાનં** - વિષયોને ભોગવતો (કે); (આ રીતે); **ગુણાન્વિતં** - ત્રણે ગુણોવાળો હોવા; **અપિ** - છતાં પણ; **વિમૂઢાઃ** - અજ્ઞાની જનો; **ન અનુપશ્યતિ** - નથી જાણતા; (કેવળ) **જ્ઞાનચક્ષુષઃ** - જ્ઞાનરૂપી નેત્રોવાળા વિવેકશીલ જ્ઞાનીજનો જ; **પશ્યન્તિ** - તત્ત્વથી જાણે છે;

**ભાવાર્થ :** પરંતુ શરીર છોડીને જતો કે (શરીરમાં) સ્થિત થયેલો, અથવા વિષયોને ભોગવતો કે ત્રણે ગુણોથી જોડાયેલો હોવા છતાં પણ અજ્ઞાની જનો (જીવાત્માના યથાર્થ સ્વરૂપને) જાણતા નથી, કેવળ જ્ઞાનરૂપી નેત્રોવાળા વિવેકશીલ જ્ઞાનીજનો જ તત્ત્વથી જાણે છે. (૧૦)

**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ।**
**યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : યતન્તો યોગિનશ્ચૈનં** - યતન્તઃ + યોગિનઃ + ચ + એનં; **પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્** - પશ્યન્તિ + આત્મનિ + અવસ્થિતં; **યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં** - યતન્તઃ + અપિ + અકૃતાત્માનઃ + ન + એનં; **પશ્યન્ત્યચેતસઃ** - પશ્યન્તિ + અચેતસઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (કારણ કે) **યતન્તઃ** - યત્ન કરનારા; **યોગિનઃ** - યોગિજનો (પણ); **આત્મનિ** - પોતાના (હૃદયમાં);

**અવસ્થિતં** - રહેલા; **એનં** - આ; (આત્માને); **પશ્યન્તિ** - તત્ત્વથી જાણી (ઓળખી) શકે છે; **ચ** - પરંતુ; **અકૃતાત્માનઃ** - જેમણે પોતાના અંતઃકરણને શુદ્ધ નથી કર્યું તેવા; **અચેતસઃ** - અજ્ઞાની (જનો); (તો) **યતન્તઃ** - યત્ન કરતાં રહેવા; **અપિ** - છતાં પણ; **એનં** - આ આત્માને; **ન પશ્યન્તિ** - જાણી શકતા નથી;

**ભાવાર્થ :** કારણ કે યત્ન કરનારા યોગિજનો પણ પોતાના હૃદયમાં રહેલા આ આત્માને તત્ત્વથી જાણી (ઓળખી) શકે છે, પરંતુ જેમણે પોતાના અંતઃકરણને શુદ્ધ નથી કર્યું તેવા અજ્ઞાનીજનો તો યત્ન કરતાં રહેવા છતાં પણ આ આત્માને જાણી શકતા નથી. (૧૧)

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : યદાદિત્યગતં** - યદા + આદિત્યગતં; **તેજો જગદ્ભાસયતેઽખિલમ્** - તેજો + જગત + ભાસયતે + અખિલં; **યચ્ચન્દ્રમસિ** - યત્ + ચન્દ્રમસિ; **યચ્ચાગ્નૌ** - યત્ + ચ + અગ્નૌ; **તત્તેજો વિદ્ધિ** - તત્ + તેજઃ + વિદ્ધિઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આદિત્યગતં** - સૂર્યમાં રહેલું; **યત્** - જે; **તેજઃ** - તેજ; **અખિલં જગત્** - સમસ્ત જગતને; **ભાસયતે** - ઊજાળે છે; **ચ** - અને; **યત્** - જે (તેજ) **ચન્દ્રમસિ** - ચંદ્રમામાં છે (અને); **યત્** - જે; **અગ્નૌ** - અગ્નિમાં છે; **તત્** - તે (તેજને);

**મામકં** - મારું જ; **તેજઃ** - તેજ; **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** સૂર્યમાં રહેલું જે તેજ સમસ્ત જગતને ઊજાળે છે, જે તેજ ચન્દ્રમામાં છે અને જે તેજ અગ્નિમાં છે તે તેજને તું મારું જ તેજ જાણ. (૧૨)

**ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।**
**પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : ગામાવિશ્ય** - ગાં + આવિશ્ય; **ધારયામ્યહમોજસા** - ધારયામિ + અહં + ઓજસા; **ચૌપધીઃ** - ચ + ઔષધીઃ; **સોમો ભૂત્વા** - સોમઃ + ભૂત્વા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ચ** - તથા; **અહં** - હું (જ); **ગાં** - પૃથ્વીમાં; **આવિશ્ય** - પ્રવેશીને; **ઓજસા** - પોતાની શક્તિથી; **ભૂતાનિ** - (સર્વ) પ્રાણીઓને; **ધારયામિ** - ધારણ કરું છું; **ચ** - અને; **રસાત્મકઃ** - રસરૂપ (અમૃતમય); **સોમ** - ચંદ્રમા; **ભૂત્વા** - બનીને; **સર્વાઃ** - તમામ; **ઔષધીઃ** - ઔષધીઓ (વનસ્પતિઓ) ને; **પુષ્ણામિ** - પોષું છું;

**ભાવાર્થ :** તથા હું જ પૃથ્વીમાં પ્રવેશીને પોતાની શક્તિથી સર્વ પ્રાણીઓને ધારણ કરું છું અને રસસ્વરૂપ (અમૃતમય) ચંદ્રમા બનીને ઔષધીઓ (વનસ્પતિઓ)ને પોષું છું. (૧૩)

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : વૈશ્વાનરો ભૂત્વા** - વૈશ્વાનરઃ + ભૂત્વા; **દેહમાશ્રિતઃ** - દેહં + આશ્રિતઃ; **પચામ્યન્નં** - પચામિ + અન્નં; (ચાર પ્રકારના અન્ન - ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય) (**લેહ્ય** - ચાટી શકાય તેવું; **ચોષ્ય** - ચૂસી શકાય તેવું);

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું (જ); **પ્રાણિનાં** - (સર્વ) પ્રાણીઓનાં; **દેહં** - શરીરમાં; **આશ્રિતઃ** - સ્થિત રહેલો; **પ્રાણાપાનસમાયુક્તઃ** - પ્રાણ અને અપાનથી સંયુક્ત (જોડાયેલ); **વૈશ્વાનરઃ** - વૈશ્વાનર, અગ્નિસ્વરૂપ; **ભૂત્વા** - થઈને; **ચતુર્વિધં અન્નં** - ચાર પ્રકારના અન્નને; **પચામિ** - પચાવું છું;

**ભાવાર્થ :** હું જ સર્વ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત રહેલો પ્રાણ અને અપાનથી સંયુક્ત વૈશ્વાનર અગ્નિસ્વરૂપ થઈને ચાર પ્રકારનાં અન્ન પચાવું છું. (૧૪)

**સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિ-ર્જ્ઞાનમપોહનં ચ ।**
**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : ચાહં** - ચ + અહં; **સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં** - સન્નિવિષ્ટઃ + મત્તઃસ્મૃતિઃ + જ્ઞાનં + અપોહનં; **વેદૈશ્ચ** - વેદૈઃ + ચ; **સર્વૈરહમેવ** - સર્વૈઃ + અહં + એવ; **વેદ્યો વેદાન્તકૃદ્વેદવિદેવ** - વેદ્યઃ + વેદાન્તકૃત્ + વેદવિત્ + એવ; **ચાહં** – ચ + અહં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહં** - હું (જ); **સર્વસ્ય** - સર્વ

(પ્રાણીઓ)નાં; **હૃદિ** - હૃદયમાં; **સન્નિવિષ્ટઃ** - અંતર્યામી સ્વરૂપે રહેલો છું; **ચ** - અને; **મત્તઃ** - મારાથી (જ); **સ્મૃતિઃ** - સ્મૃતિ; **જ્ઞાનં** - જ્ઞાન; **ચ** - અને; **અપોહનં** - દોષો દૂર કરવા; (થાય છે); **ચ** - અને; **સર્વૈઃ વેદૈઃ** - સર્વ વેદો વડે; **અહં એવ** - હું જ; **વેદ્યઃ** - જાણવા યોગ્ય છું; (તેમજ); **વેદાન્તકૃત્** - વેદાન્તના કર્તા; **ચ** - અને; **વેદવિત્** - વેદોને જાણનાર; (પણ); **અહં એવ** - હું જ છું;

**ભાવાર્થ :** હું જ સર્વ પ્રાણીઓનાં હૃદયમાં અંતર્યામી સ્વરૂપે રહેલો છું અને મારાથી જ સ્મૃતિ – જ્ઞાનં અને; અપોહન થાય છે અને સર્વ વેદો વડે હું જ જાણવા યોગ્ય છું તેમજ વેદાન્તના કર્તા અને વેદોને જાણનાર પણ હું જ છું. (૧૫)

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥૧૬॥**

**સંધિવિગ્રહ : દ્વાવિમૌ** - દ્વૌ + ઈમૌ; **ક્ષરશ્ચાક્ષર એવ** - ક્ષરઃ + ચ + અક્ષરઃ + એવ; **કૂટસ્થોઽક્ષર ઉચ્યતે** - કૂટસ્થઃ + અક્ષરઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : લોકે** - (આ) સંસારમાં; **ક્ષરઃ** - નાશવંત; **ચ** - અને; **અક્ષર** - અવિનાશી; **એવ** - પણ; **ઈમૌ** - આ; **દ્વૌ પુરુષૌ** - બે પ્રકારના પુરુષો છે; (તેમાં) **સર્વાણિ ભૂતાનિ** - સર્વ પ્રાણીઓનાં શરીર (તો); **ક્ષરઃ** - નાશવંત; **ચ** - અને;

**કૂટસ્થઃ** - જીવાત્મા; **અક્ષરઃ** - અવિનાશી; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** આ સંસારમાં નાશવંત અને અવિનાશી પણ આ બે પ્રકારના પુરુષો છે તેમાં સર્વ પ્રાણીઓનાં શરીર તો નાશવંત છે અને જીવાત્મા અવિનાશી કહેવાય છે. (૧૬)

**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।**
**યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : પુરુષસ્ત્વન્યઃ** - પુરુષઃ + તુ + અન્યઃ; **પરમાત્મેત્યુદાહૃતઃ** - પરમાત્મા + ઈતિ + ઉદાહૃતઃ; **યો લોકત્રયમાવિશ્ય** - યઃ + લોકત્રયં + આવિશ્ય; **બિભર્ત્યવ્યય ઈશ્વરઃ** - બિભર્તિ + અવ્યયઃ + ઈશ્વરઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેમજ આ બેથી) **ઉત્તમઃ પુરુષઃ** - ઉત્તમ પુરુષ; **તુ** - તો; **અન્યઃ** - અન્ય (જ છે); **યઃ** – જે; **લોકત્રયં** - ત્રણેય લોકોમાં; **આવિશ્ય** - પ્રવેશ કરીને; **બિભર્તિ** - (સૌનું) ભરણ પોષણ કરે છે (તેમજ); **અવ્યયઃ** - અવિનાશી; **ઈશ્વરઃ** - પરમેશ્વર (અને); **પરમાત્મા** - પરમાત્મા; **ઈતિ** - આ પ્રકારથી; **ઉદાહૃત** - કહેવામાં (ઓળખવામાં) આવે છે;

**ભાવાર્થ :** તેમજ આ બેથી પણ ઉત્તમ પુરુષ તો અન્ય જ છે જે ત્રણેય લોકોમાં પ્રવેશ કરીને સૌનું ભરણ પોષણ કરે છે તેમજ અવિનાશી, ઈશ્વર અને પરમાત્મા આ પ્રકારથી ઓળખવામાં આવે છે. (૧૭)

**યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ** - યસ્માત્ + ક્ષરં + અતીતઃ + અહં + અક્ષરાત્ + અપિ; **ચોત્તમઃ** - ચ + ઉત્તમઃ; **અતોઽસ્મિ** - અતઃ + અસ્મિઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યસ્માત્** - કેમ કે; **અહં** - હું; **ક્ષરં** - નાશવંત જડ સમુદાય ક્ષેત્રથી; (તો સર્વ રીતે); **અતીતઃ** - અતીત છું; **ચ** - અને; **અક્ષરાત્** - અવિનાશી જીવાત્માથી; **અપિ** - પણ; **ઉત્તમઃ** - ઉત્તમ છું; **અતઃ** - તેથી; **લોકે ચ વેદે** - લોકમાં તેમજ વેદમાં; **પુરુષોત્તમઃ** - પુરુષોત્તમ (નામથી); **પ્રથિતઃ** - પ્રસિદ્ધ; **અસ્મિ** - છું;

**ભાવાર્થ :** કેમ કે નાશવંત જડ સમુદાય ક્ષેત્રથી તો સર્વ રીતે હું અતીત છું અને અવિનાશી જીવાત્માથી પણ ઉત્તમ છું તેથી લોકમાં તેમજ વેદમાં પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ છું. (૧૮)

**યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**
**સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥૧૯॥**

**સંધિવિગ્રહ : યો મામેવમસમ્મૂઢો જાનાતિ** - યઃ + માં + એવં + અસંમૂઢઃ + જાનાતિ; **સ સર્વવિદ્ભજતિ** - સઃ + સર્વવિત્ + ભજતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે ભરતવંશી અર્જુન; **યઃ** - જે; **અસંમૂઢ** - જ્ઞાની પુરુષ; **માં** - મને; **એવં** - આ રીતે; (તત્ત્વથી); **પુરુષોત્તમં** - પુરુષોત્તમ રૂપે; **જાનાતિ** - જાણે છે; **સઃ** - તે; **સર્વવિત્** - સર્વજ્ઞ પુરુષ; **સર્વભાવેન** - સર્વ રીતે નિરંતર; **માં** - મને; **ભજતિ** - (જ) ભજે છે;

**ભાવાર્થ :** હે ભરતવંશી અર્જુન ! જે જ્ઞાની પુરુષ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમ રૂપે જાણે છે તે સર્વજ્ઞ પુરુષ સર્વ રીતે નિરંતર મને જ ભજે છે. (૧૯)

**ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુકતં મયાનઘ ।**
**એતદ્બુદ્ધવા બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ ભારત ॥૨૦॥**

**સંધિવિગ્રહ : શાસ્ત્રમિદમુક્તં** - શાસ્ત્રં + ઈદં + ઉક્તં; **મયાનઘ** - મયા + અનઘ; **એતદ્બુદ્ધવા** - એતત્ + બુદ્ધવા; **બુદ્ધિમાન્સ્યાત્કૃતકૃત્યશ્ચ** - બુદ્ધિમાન્ + સ્યાત્ + કૃતકૃત્યઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અનઘ ભારત** - હે નિષ્પાપ અર્જુન; **ઈતિ** - આમ; **ઈદં** - આ; **ગુહ્યતમં** - અત્યંત રહસ્યમય અને ગુપ્ત રાખવા જેવું (ગોપનીય); **શાસ્ત્રં** - શાસ્ત્ર; **મયા** - મારા દ્વારા; **ઉક્તં** - કહેવાયું (મેં કહ્યું); **એતત્** - આને; **બુદ્ધવા** - તત્ત્વથી જાણીને (મનુષ્ય); **બુદ્ધિમાન્ ચ** - બુદ્ધિમાન અને; **કૃતકૃત્યઃ** - કૃતાર્થ; **સ્યાત્** - થાય છે;

**ભાવાર્થ :** હે નિષ્પાપ અર્જુન ! આમ આ અત્યંત રહસ્યમય અને ગોપનીય એવું શાસ્ત્ર મેં કહ્યું - આને (જેને) તત્ત્વથી જાણીને મનુષ્ય બુદ્ધિમાન અને કૃતાર્થ થાય છે; (૨૦)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**પુરુષોત્તમયોગો પઞ્ચદશોઽધ્યાયઃ ॥૧૫॥**

**॥ પુરુષોત્તમયોગ નામનો**
**પંદરમો અધ્યાય સમાપ્ત ॥**

•

# ષોડશ અધ્યાય (સોળમો અધ્યાય)

## દૈવાસુરસમ્પદ્વિભાગયોગ

**અથ ષોડશોઽધ્યાયઃ ।** **અથ ષોડશઃ + અધ્યાયઃ ।**

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**અભયં સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ ।**
**દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ॥૧॥**

**સંધિવિગ્રહ : સત્ત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ** - સત્ત્વસંશુદ્ધિં + જ્ઞાનયોગ + વ્યવસ્થિતિઃ; **દમશ્ચ** - દમઃ + ચ; **યજ્ઞશ્ચ** - યજ્ઞઃ + ચ; **સ્વાધ્યાયસ્તપ આર્જવમ્** - સ્વાધ્યાયઃ + તપઃ + આર્જવં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અભયં** - ભયનો સર્વથા અભાવ; **સત્ત્વસંશુદ્ધિઃ** - અંતઃકરણ પૂર્ણરૂપે નિર્મળ હોવું; **જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ** - તત્ત્વજ્ઞાન માટે ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ હોવી; **દાનં** - સાત્ત્વિક દાન કરવું; **દમઃ** - ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખવી; **યજ્ઞઃ** - ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ કરવું; **સ્વાધ્યાયઃ** - વેદશાસ્ત્રોનું પઠન, પાઠન અને ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન કરવું; **તપઃ** - સ્વધર્મપાલન માટે કષ્ટ સહેવું; **ચ** - તથા; **આર્જવં** - શરીર અને ઈન્દ્રિયો સહિત અંતઃકરણમાં ઋજુભાવ (સરલતા, નિર્મલતા) હોવો;

**ભાવાર્થ :** ભયનો સર્વથા અભાવ, અંતઃકરણ પૂર્ણ રૂપે નિર્મળ હોવું, તત્ત્વજ્ઞાન માટે ધ્યાનયોગમાં નિરંતર દઢ સ્થિતિ હોવી, સાત્ત્વિક દાન કરવું, ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખવી, ભગવાન, દેવતા અને વડીલોની પૂજા કરવી તેમજ અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મો કરવાં, વેદશાસ્ત્રોનું પઠન પાઠન અને ભગવાનનાં નામ અને ગુણોનું કીર્તન કરવું, સ્વધર્મપાલન માટે કષ્ટ સહેવું તથા શરીર અને ઈન્દ્રિયો સહિત અંતઃકરણમાં ઋજુભાવ (સરલતા, નિર્મલતા) હોવો. (૧)

**અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ ।**
**દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ॥૨॥**

**સંધિવિગ્રહ : સત્યમક્રોધસ્ત્યાગઃ** - સત્યં + અક્રોધઃ + ત્યાગઃ; **શાન્તિરપૈશુનમ્** - શાંતિઃ + અપૈશુનં; **ભૂતેષ્વલોલુપ્ત્વં** - ભૂતેષુ + અલોલુપ્ત્વં; **હ્રીરચાપલમ્** - હ્રીઃ + અચાપલં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહિંસા** - મન, વાણી અને શરીરથી કોઈપણ પ્રકારનું કોઈને પણ કષ્ટ ન આપવું; **સત્યં** - યથાર્થ અને પ્રિય બોલવું; **અક્રોધઃ** - પોતાના પર અપકાર કરનાર ઉપર પણ ક્રોધ ન હોવો; **ત્યાગઃ** - કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ; **શાંતિઃ** - ઉપરતિ એટલે ચિત્તની ચંચળતા ન હોવી; **ઐપશુનં** - કોઈની પણ નિંદા ઈત્યાદિ ન કરવી; **ભૂતેષુ દયા** - સર્વ પ્રાણીઓ પર કશાયે હેતુ વિના દયાભાવ રાખવો;

**અલોલુપ્ત્વં** - ઇન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આસક્તિ ન હોવી; **માર્દવં** - સ્વભાવ મૃદુ હોવો; **હ્રીઃ** - લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરણ કરવામાં લજ્જા થવી; (અને) **અચાપલં** - વ્યર્થ ચેષ્ટાઓ ન કરવી;

**ભાવાર્થ :** મન, વાણી અને શરીરથી કોઈપણ પ્રકારનું કોઈને પણ કષ્ટ ન આપવું, યથાર્થ અને પ્રિય બોલવું, પોતાના પર અપકાર કરનાર પર પણ ક્રોધ ન હોવો, કર્મોમાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ, ઉપરતિ એટલે ચિત્તની ચંચળતા ન હોવી, કોઈની પણ નિંદા ઇત્યાદિ ન કરવી, સર્વ પ્રાણીઓ પર કશાયે હેતુ વિના દયાભાવ રાખવો, ઇન્દ્રિયોનો વિષયો સાથે સંયોગ થવા છતાં પણ વિષયો પ્રત્યે આસક્તિ ન રાખવી, સ્વભાવ મૃદુ હોવો, લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ આચરણ કરવામાં લજ્જા થવી અને વ્યર્થ ચેષ્ટાઓ ન કરવી. (૨)

**તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાતિમાનિતા ।**
**ભવન્તિ સમ્પદં દૈવીમભિજાતસ્ય ભારત ॥૩॥**

**સંધિવિગ્રહ : શૌચમદ્રોહો નાતિમાનિતા** - શૌચં + અદ્રોહઃ + ન + અતિમાનિતા; **દૈવીમભિજાતસ્ય** - દૈવીં + અભિજાતસ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તથા) **તેજઃ** - તેજ; **ક્ષમાઃ ધૃતિઃ** - ધૈર્ય; **શૌચં** - બાહ્યશુદ્ધિ; **અદ્રોહઃ** - કોઈના પ્રત્યે પણ શત્રુ ભાવ ન હોવો; **ન અતિમાનિતા** - પોતાનામાં પૂજ્યતાનું અભિમાન

ન હોવું; (આ સર્વ તો); **ભારત** - હે અર્જુન; **દૈવીં સંપદં અભિજાતસ્ય** - દૈવી સંપદાને લઈને જન્મેલા પુરુષનાં (લક્ષણ); **ભવન્તિ** - છે;

**ભાવાર્થ :** તેજ, ક્ષમા, ધૈર્ય, બાહ્યશુદ્ધિ, કોઈના પ્રત્યે પણ શત્રુભાવ ન હોવો અને પોતાનામાં પૂજ્યતાનું અભિમાન ન હોવું. આ સર્વ તો હે અર્જુન ! દૈવી સંપદાને લઈને જન્મેલા પુરુષનાં લક્ષણ છે. (૩)

**દમ્ભો દર્પોઽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।**
**અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ સમ્પદમાસુરીમ્ ॥૪॥**

**સંધિવિગ્રહ : દમ્ભો દર્પોઽભિમાનશ્ચ** - દંભઃ + દર્પઃ + અભિમાનઃ + ચ; **પારુષ્યમેવ** - પારુષ્યં + એવ; **ચાભિજાતસ્ય** - ચ + અભિજાતસ્ય; **સમ્પદમાસુરીમ્** - સંપદં + આસુરીં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **દંભઃ** - દંભ; **દર્પઃ** - ઘમંડ; **ચ** - અને; **અભિમાનઃ** - અભિમાન; **ચ** - અને; **ક્રોધઃ** - ક્રોધ; **પારુષ્યં** - કઠોરતા; **ચ** - અને; **અજ્ઞાનં** - અજ્ઞાન; **એવ** - પણ (આ સૌ); **આસુરીં** - આસુરી; **સંપદં** - સંપદાને; **અભિજાતસ્ય** - લઈને જન્મેલા; **પુરુષં** - પુરુષનાં (લક્ષણ) છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! દંભ, ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને વળી અજ્ઞાન – આ સૌ આસુરી સંપદાને લઈને જન્મેલા પુરુષનાં લક્ષણ છે. (૪)

**દૈવી સમ્પદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા ।**
**મા શુચઃ સમ્પદં દૈવીમભિજાતોઽસિ પાણ્ડવ ॥૫॥**

**સંધિવિગ્રહ : સંપદ્વિમોક્ષાય** - સંપત્ + વિમોક્ષાય; **નિબન્ધાયાસુરી** - નિબંધાય + આસુરી; **દૈવીમભિજાયતોઽસિ** - દૈવીં + અભિજાતઃ + અસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દૈવી સંપત્** - દૈવી સંપદા; **વિમોક્ષાય** - મુક્તિ માટે; (અને) **આસુરી** - આસુરી સંપદા; **નિબંધાય** - બાંધવા માટે; **મતા** - માનવામાં આવેલી છે; **દૈવીં સંપદં** - (તું) દૈવી સંપદાને; **અભિજાતઃ અસિ** - લઈને જન્મ્યો છે; (તેથી) **પાંડવ** - હે અર્જુન; **મા શુચઃ** - તું શોક મા કર;

**ભાવાર્થ :** દૈવી સંપદા મુક્તિ માટે અને આસુરી સંપદા બંધન માટે છે એમ માનવામાં આવે છે, તું દૈવી સંપદાને લઈને જન્મ્યો છે તેથી હે અર્જુન ! તું શોક મા કર. (૫)

**દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્દૈવ આસુર એવ ચ ।**
**દેવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ મે શ્રુણુ ॥૬॥**

**સંધિવિગ્રહ : લોકેઽસ્મિન્દૈવ આસુર એવ** - લોકે + અસ્મિન્ + દૈવઃ + આસુરઃ + એવ; **પ્રોક્ત આસુરં** - પ્રોક્તઃ + આસુરં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે અર્જુન; **અસ્મિન્ લોકે** - આ લોકમાં; **ભૂતસર્ગઃ** - પ્રાણીઓની સૃષ્ટિ એટલે કે મનુષ્ય

સમુદાય; **દ્વૌ એવ** - બે જ પ્રકારના છે (એક તો) **દૈવઃ** - દૈવી પ્રકૃતિનો; **ચ** - અને (બીજો); **આસુરઃ** - આસુરી પ્રકૃતિનો; (તેમાંથી) **દૈવઃ** - દૈવી પ્રકૃતિના સમુદાય વિશે તો; **વિસ્તરશઃ** - વિસ્તારપૂર્વક; **પ્રોક્તં** - કહ્યું; (હવે તું) **આસુરં** - આસુરી પ્રકૃતિવાળા મનુષ્ય સમુદાય વિશે પણ વિસ્તારપૂર્વક; **મે** - મારી પાસેથી; **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ લોકમાં પ્રાણીઓની સૃષ્ટિ એટલે કે મનુષ્ય સમુદાય બે જ પ્રકારના છે - એક તો દૈવી પ્રકૃતિનો અને બીજા આસુરી પ્રકૃતિનો; તેમાંથી દૈવી પ્રકૃતિના સમુદાય વિશે તો વિસ્તારપૂર્વક કહ્યું; હવે તું આસુરી પ્રકૃતિવાળા મનુષ્ય સમુદાય વિશે પણ મારી પાસેથી વિસ્તારપૂર્વક સાંભળ. (૬)

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ ।**
**ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ॥૭॥**

**સંધિવિગ્રહ : જના ન** - જનાઃ + ન; **વિદુરાસુરા** - વિદુરઃ + આસુરા; **નાપિ** - ન + અપિ; **ચાચારો ન** - ચ + આચારઃ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આસુરઃ જનઃ** - આસુરી સ્વભાવવાળો માનવી; **પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ** - પ્રવૃત્તિ અને નિવૃત્તિ (આ બંનેને); **ન વિદુઃ** - (પણ) જાણતા નથી; (તેથી) **તેષુ** - તેમનામાં; **ન શૌચં** - ન તો બાહ્ય કે આંતરિક શુદ્ધિ હોતી નથી; **ન આચારઃ** - નથી શ્રેષ્ઠ આચરણ હોતું; **ન સત્યં અપિ** - અને સત્યભાષણ

પણ હોતું નથી;

**ભાવાર્થ :** આસુરી સ્વભાવવાળા માનવી પ્રવૃત્તિ અને નિવૃત્તિ આ બન્નેને પણ જાણતા નથી, તેથી તેમનામાં ન તો બાહ્ય કે આંતરિક શુદ્ધિ હોતી નથી, શ્રેષ્ઠ આચરણ હોતું નથી અને સત્યભાષણ પણ હોતું નથી. (૭)

**અસત્યમપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।**
**અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્કામહૈતુકં ॥૮॥**

**સંધિવિગ્રહ : અસત્યમપ્રતિષ્ઠં** - અસત્યં + અપ્રતિષ્ઠં; **જગદાહુરનીશ્વરમ્** - જગત્ + આહુઃ + અનીશ્વરં; **કિમન્યકામહૈતુકમ્** - કિં + અન્યત્ + કામહૈતુકં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે** - તે; (આસુરી પ્રકૃતિવાળા મનુષ્યો); **આહુઃ** - કહ્યા કરે છે (કે); **જગત્** - જગત; **અપ્રતિષ્ઠં** - આશ્રય વિનાનું; **અસત્યં** - સાવ અસત્ય (અને); **અનીશ્વરં** - ઈશ્વર વિના; **અપરસ્પરસમ્ભૂતં** - આપમેળે માત્ર સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પન્ન થયું છે; (આથી જ); **કામહૈતુકં** - કેવળ કામ જ એનું કારણ છે; **અન્યત્** - એ કામ સિવાય બીજું; **કિમ્** - શું છે;

**ભાવાર્થ :** તે આસુરી (સ્વભાવવાળા) મનુષ્યો કહ્યા કરે છે કે જગત આશ્રય વિનાનું, સાવ અસત્ય અને ઈશ્વર વિના આપમેળે માત્ર સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પન્ન થયું છે, આથી જ કેવળ કામ જ એનું કારણ છે - એ કામ સિવાય બીજું શું છે? (૮)

**એતાં દૃષ્ટિમવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ ।**
**પ્રભવન્ત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોઽહિતાઃ ॥૯॥**

**સંધિવિગ્રહ : દૃષ્ટિમવષ્ટભ્ય** - દૃષ્ટિં + અવષ્ટભ્ય; **નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ** - નષ્ટાત્માનઃ + અલ્પબુદ્ધયઃ; **પ્રભવન્ત્યુગ્રકર્માણઃ** - પ્રભવન્તિ + ઉગ્રકર્માણઃ; **જગતોઽહિતા** - જગતઃ + અહિતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એતાં** - આ; **દૃષ્ટિં** - મિથ્યા દૃષ્ટિ (જ્ઞાન) ને; **અવષ્ટભ્ય** - અવલંબન કરીને (આધારે); **નષ્ટાત્માનઃ** - નાશ પામેલા સ્વભાવના; **અલ્પબુદ્ધયઃ** - મંદ બુદ્ધિના; **અહિતાઃ** - સૌનો અપકાર કરનારા; **ઉગ્રકર્માણઃ** - ક્રૂર કર્મીઓ (માત્ર); **જગતઃ** - જગતનો; **ક્ષયાય** - નાશ કરવા માટે જ; **પ્રભવન્તિ** - સમર્થ હોય છે;

**ભાવાર્થ :** આ મિથ્યા દૃષ્ટિને આધારે નાશ પામેલા સ્વભાવના, મંદ બુદ્ધિના, સૌનો અપકાર કરનારા, ક્રૂર કર્મીઓ માત્ર જગતનો નાશ કરવા માટે જ સમર્થ હોય છે. (૯)

**કામમાશ્રિત્ય દુષ્પૂરં દમ્ભમાનમદાન્વિતાઃ ।**
**મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : કામમાશ્રિત્ય** - કામં + આશ્રિત્ય; **મોહાદ્ ગૃહીત્વાસદ્ગ્રાહાન્પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ** - મોહાત્ + ગૃહીત્વા + અસદ્ગ્રાહાન્ + પ્રવર્તન્તે + અશુચિવ્રતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દમ્ભમાનમદાન્વિતાઃ** - દંભ, માન અને મદથી ભરેલા મનુષ્યો; **દુષ્પૂરં** - કોઈપણ પ્રકારે પૂર્ણ ન થનારી; **કામં** - કામનાઓનો; **આશ્રિત્ય** - આશરો લઈને; **મોહાત્** - અજ્ઞાનને લીધે; **અસદ્ગ્રાહાન્** - મિથ્યા સિદ્ધાંતોને; **ગૃહીત્વા** - પકડીને (અને); **અશુચિવ્રતાઃ** - ભ્રષ્ટ આચરણો ધારણ કરીને; (સંસારમાં) **પ્રવર્તન્તે** - વિચરે છે;

**ભાવાર્થ :** દંભ, માન અને મદથી ભરેલા મનુષ્યો કોઈપણ પ્રકારે પૂર્ણ ન થનારી કામનાઓનો આશરો લઈને અજ્ઞાનને લીધે મિથ્યા સિદ્ધાંતોને પકડીને ભ્રષ્ટ આચરણો કરીને સંસારમાં વિચરે છે. (૧૦)

**ચિન્તામપરિમેયાં ચ પ્રલયાન્તામુપાશ્રિતાઃ ।**
**કામોપભોગપરમા એતાવદિતિ નિશ્ચિતાઃ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : ચિન્તામપરિમેયાં** - ચિંતાં + અપરિમેયાં; **પ્રલયાન્તામુપાશ્રિતાઃ** - પ્રલયાન્તાં + ઉપાશ્રિતાં; **કામોપભોગપરમા એતાવદિતિ** - કામોપભોગપરમાઃ + એતાવત્ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પ્રલયાન્તાં** - મૃત્યુપર્યંત રહેનારી; **અપરિમેયાં** - અસંખ્ય; **ચિંતાં** - ચિંતાઓનો; **ઉપાશ્રિતાઃ** - આશરો લેનારા; **કામોપભોગપરમાઃ** - વિષય ભોગોને ભોગવવામાં તત્પર રહેનારા; **ચ** - તથા; **એતાવત્** - આટલું જ સુખ છે;

**ઈતિ** - એમ; **નિશ્ચિતાઃ** - માનનારા હોય છે;

**ભાવાર્થ :** મૃત્યુપર્યંત રહેનારી અસંખ્ય ચિંતાઓનો આશરો લેનારા, વિષય ભાગોને ભોગવવામાં તત્પર રહેનારા તથા આટલું જ સુખ છે એમ માનનારા હોય છે. (૧૧)

**આશાપાશશતૈર્બદ્ધાઃ કામક્રોધપરાયણાઃ ।**
**ઈહન્તે કામભોગાર્થમન્યાયેનાર્થસંચયાન્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : આશાપાશશતૈર્બદ્ધાઃ** - આશાપાશશતૈઃ + બદ્ધાઃ; **કામભોગાર્થમન્યાયેનાર્થસંચયાન્** - કામભોગાર્થ + અન્યાયેન + અર્થસંચયાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આશાપાશશતૈઃ** - આશાના સેંકડો ફંદાઓથી; **બદ્ધાઃ** -બંધાયેલા; (તે મનુષ્યો); **કામક્રોધપરાયણાઃ** - કામ અને ક્રોધને પરાયણ થઈને; **કામભોગાર્થં** - વિષયો ભોગવવા માટે; **અન્યાયેન** - અન્યાયથી; **અર્થસંચયાન્** - ધન વગેરે પદાર્થોનો સંગ્રહ કરવા; **ઈહન્તે** - પ્રયત્નો કર્યા કરે છે;

**ભાવાર્થ :** આશાના સેંકડો ફંદાઓથી બંધાયેલા તે મનુષ્યો કામ અને ક્રોધને પરાયણ થઈને વિષયો ભોગવવા માટે અન્યાયથી ધન વગેરે પદાર્થોનો સંગ્રહ કરવા પ્રયત્નો કર્યા કરે છે. (૧૨)

**ઈદમદ્ય મયા લબ્ધમિમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।**
**ઈદમસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ધનમ્ ॥૧૩॥**

**સંધિવિગ્રહ : ઈદમદ્ય** - ઈદં + અદ્ય; **લબ્ધમિમં** - લબ્ધં + ઈમં; **ઈદમસ્તીદમપિ** - ઈદં + અસ્તિ + ઈદં + અપિ; **પુનર્ધનં** - પુનઃ + ધનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેઓ વિચાર્યા કરે છે કે) **મયા** - મેં; **અદ્ય** - આજે; **ઈદં** - આ; **લબ્ધં** - પ્રાપ્ત કર્યું (અને હવે); **ઈમં મનોરથં** - આ મનોરથને; **પ્રાપ્સ્યે** - પ્રાપ્ત કરીશ; **મે** - મારી પાસે; **ઈદં** - આટલું; **ધનં** - ધન; **અસ્તિ** - છે; **પુનઃ** - હજી; **અપિ** - પણ; **ઈદં** - આ; **ભવિષ્યતિ** - થઈ જશે;

**ભાવાર્થ :** તેઓ વિચાર્યા કરે છે કે મેં આજે આ પ્રાપ્ત કર્યું અને હવે આ મનોરથને પૂર્ણ કરીશ; મારી પાસે આટલું ધન છે, હજી પણ આ થઈ જશે. (૧૩)

**અસો મયા હતઃ શત્રુર્હનિષ્યે ચાપરાનપિ ।**
**ઈશ્વરોઽહમહં ભોગી સિદ્ધોઽહં બલવાન્સુખી ॥૧૪॥**

**સંધિવિગ્રહ : શત્રુર્હનિષ્યે** - શત્રુઃ + હનિષ્યે; **ચાપરાનપિ** - ચ + અપરાન્ + અપિ; **ઈશ્વરોઽહમહં** - ઈશ્વરઃ + અહં + અહં; **સિદ્ધોઽહં** - સિદ્ધઃ + અહં; **બલવાન્સુખી** - બલવાન્ + સુખી;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તથા) **અસૌ** - તે; **શત્રુઃ મયા હતઃ** - મારા વડે હણાયો; **ચ** - અને; **અપરાન્ અપિ** - બીજા (શત્રુ)ઓને પણ; **અહં** - હું; **હનિષ્યે** - હણીશ; **અહં** - હું; **ઈશ્વરઃ** -

ઈશ્વર છું; **ભોગી** - (એશ્વર્યને) ભોગવનારો છું; **અહં** - હું; **સિદ્ધઃ** - સર્વ સિદ્ધિઓવાળો છું; **બલવાન્** - બળવાન; (અને) **સુખી** - સુખી છું;

**ભાવાર્થ :** તે શત્રુ મારા વડે હણાયો અને બીજા શત્રુઓને પણ હું હણીશ, હું ઈશ્વર છું, ઐશ્વર્યને ભોગવનારો છું, બળવાન અને સુખી છું. (૧૪)

**આઢ્યોઽભિજનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદૃશો મયા ।**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ॥૧૫॥**

**અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ।**
**પ્રસકતાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : આઢ્યોઽભિજનવાનસ્મિ** - આઢ્યઃ + અભિજનવાન્ + અસ્મિ; **કોઽન્યોઽસ્તિ** - કઃ + અન્યઃ + અસ્તિ; **સદૃશો મયા** - સદૃશઃ + મયા; **મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ** - મોદિષ્યે + ઈતિ + અજ્ઞાનવિમોહિતાઃ; (૧૫) **અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ** - અનેકચિત્તવિભ્રાન્તાઃ + મોહજાલ-સમાવૃતાઃ; **નરકેઽશુચૌ** - નરકે + અશુચૌ; (૧૬)

**શબ્દાર્થ, અન્વયાર્થ : આઢ્યાઃ** - હું ઘણો ધનવાન; (અને) **અભિજનવાન્ અસ્મિ** - મોટો કુટુંબવાળો છું; **મયા સદૃશઃ** - મારા જેવો; **અન્યઃ કઃ અસ્તિ** - બીજો કોણ છે; **યક્ષ્યે** - હું યજ્ઞ કરીશ; **દાસ્યામિ** - દાન દઈશ; **મોદિષ્યે** - મોજ-મજા કરીશ;

**ઈતિ** - આમ; **અજ્ઞાનવિમોહિતાઃ** - અજ્ઞાનને કારણે મોહમાં પડેલા; **અનેકચિત્તભ્રાન્તાઃ** - અનેક રીતે ભ્રમિત ચિત્ત, (તથા) **મોહજાલસમાવૃતાઃ** - મોહરૂપી જાળથી વીંટળાયેલા; (અને) **કામભોગેષુ** - વિષયભોગોમાં; **પ્રસક્તાઃ** - રચ્યા પચ્યા રહેનારાં; (આસુરી લોકો); **અશુચૌ** - સાવ અપવિત્ર; **નરકે પતન્તિ** - નરકમાં પડે છે;

**ભાવાર્થ :** હું ઘણો ધનવાન અને મોટા કુટુંબવાળો છું, મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ કરીશ, દાન દઈશ, મોજમજા કરીશ, આમ અજ્ઞાનને કારણે મોહમાં પડેલા અનેક રીતે ભ્રમિત ચિત્તવાળા, મોહરૂપી જાળથી વીંટળાયેલા અને વિષયભોગોમાં રચ્યા પચ્યા રહેનારા આસુરી લોકો સાવ અપવિત્ર નરકમાં પડે છે. (૧૫) (૧૬)

**આત્મસંભાવિતાઃ સ્તબ્ધા ધનમાનમદાન્વિતાઃ ।**
**યજન્તે નામયજ્ઞૈસ્તે દમ્ભેનાવિધિપૂર્વકમ્ ॥૧૭॥**

**સંધિવિગ્રહ : સ્તબ્ધા ધનમાનમદાન્વિતાઃ** - સ્તબ્ધાઃ + ધનમાનમદાન્વિતાઃ; **નામયજ્ઞૈસ્તે** - નામયજ્ઞૈઃ + તે; **દમ્ભેનાવિધિપૂર્વકમ્** - દંભેન + અવિધિપૂર્વકં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે આત્મસમ્ભાવિતાઃ** - તેવા પોતાને જ શ્રેષ્ઠ માનનારા; **સ્તબ્ધાઃ** - ઘમંડી મનુષ્યો; **ધનમાનમદાન્વિતાઃ** - ધન અને માનના મદથી ચૂર થઈને; **નામયજ્ઞૈઃ** - કેવળ

નામ માત્રના યજ્ઞો વડે; **દંભેન** - દંભથી (ઢોંગ કરવા ખાતર) **અવિધિપૂર્વકં** - શાસ્ત્રવિધિ કર્યા વિના; **યજન્તે** - યજ્ઞ કરે છે;

**ભાવાર્થ :** તેવા પોતાને જ શ્રેષ્ઠ માનનારા ઘમંડી મનુષ્યો ધન અને માનના મદથી ચૂર થઈને કેવળ નામ માત્રના યજ્ઞો વડે દંભથી શાસ્ત્રવિધિ કર્યા વિના યજ્ઞ કરે છે. (૧૭)

**અહંકાર બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ ।**
**મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : મામાત્મપરદેહેષુ** - મામ્‌ + આત્મપરદેહેષુ; **પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ** - પ્રદ્વિષન્તઃ + અભ્યસૂયકાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અહંકારં બલં દર્પં કામં ક્રોધં** - અહંકાર, બળ, ઘમંડ, કામના (અને) ક્રોધને; **સંશ્રિતાઃ** - પરાયણ રહેનારા; **ચ** - અને; **અભ્યસૂયકાઃ** - બીજાઓની નિંદા કરનારા મનુષ્ય; **આત્મપરદેહેષુ** - પોતાના અને બીજાના દેહમાં રહેલા; **મામ્‌** - મને; મુજ અંતર્યામીનો (જ); **પ્રદ્વિષન્તિ** - દ્વેષ કરે છે;

**ભાવાર્થ :** અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધને પરાયણ રહેનારા અને બીજાઓની નિંદા કરનારા મનુષ્ય પોતાના અને બીજાના દેહમાં રહેલા મુજ અંતર્યામીનો જ દ્વેષ કરે છે. (૧૮)

**તાનહં દ્વિષતઃ ક્રૂરાન્સંસારેષુ નરાધમાન્‌ ।**
**ક્ષિપામ્યજસ્રમશુભાનાસુરીષ્વેવ યોનિષુ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : તાનહં** - તાન્ + અહં; **ક્રૂરાન્સંસારેષુ** - ક્રૂરાન્ + સંસારેષુ; **ક્ષિપામ્યજસ્રમશુભાનાસુરીષ્વેવ** - ક્ષિપામિ + અજસ્રં + અશુભાન્ + આસુરીષુ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેવા) **દ્વિષતઃ** - દ્વેષ કરનારા; **અશુભાન્** - પાપાચારી (અને); **ક્રૂરાન્** - ક્રૂરકર્મી; **નરાધમાન્** - નરાધમોને; **અહં** - હું; **સંસારેષુ** - સંસારમાં; **અજસ્રં** -વારંવાર; **આસુરીષુ યોનિષુ** - આસુરી યોનિઓમાં; **એવ** - જ; **ક્ષિપામિ** - નાંખું છું;

**ભાવાર્થ :** તેવા દ્વેષ કરનારા, પાપાચારી અને ક્રૂરકર્મી નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાંખું છું. (૧૯)

**આસુરીં યોનિમાપન્ના મૂઢા જન્મનિ જન્મનિ ।**
**મામપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : યોનિમાપન્ના મૂઢા જન્મનિ** - યોનિં + આપન્નાઃ + મૂઢાઃ + જન્મનિ; **મામપ્રાપ્યૈવ** - મામ્ + અપ્રાપ્ય + એવ; **તતો યાન્ત્યધમાં** - તતઃ યાન્તિ + અધમાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે અર્જુન ! **મૂઢાઃ** - તે મૂર્ખાઓ; **મામ્ અપ્રાપ્ય એવ** - મને પામ્યા વિના જ; **જન્મનિ જન્મનિ** - જન્મો જન્મ; **આસુરી યોનિં** - આસુરી યોનિને; **આપન્નાઃ** - પામે છે; **તતઃ** - પછી; **અધમાં ગતિં** - એનાથીય

ઘણી નીચ ગતિને; **યાન્તિ** - પામે છે (ઘોર નરકમાં પડે છે).

**ભાવાર્થ :** હે અર્જુન ! તે મૂઢ લોકો મને પામ્યા વિના જ જન્મો જન્મ આસુરી યોનિને પામે છે, પછી એનાથી ય ઘણી નીચ ગતિને પામે છે (ઘોર નરકમાં પડે છે). (૨૦)

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : નરકસ્યેદં** - નરકસ્ય + ઈદં; **નાશનમાત્મનઃ** - નાશનં + આત્મનઃ; **ક્રોધસ્તથા** - ક્રોધઃ + તથા; **લોભસ્તસ્માદેતત્ત્રયં** - લોભઃ + તસ્માત્ + એતત્ + ત્રયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કામ, ક્રોધઃ તથા લોભઃ** - કામ, ક્રોધ તથા લોભ; **ઈદં** - આ; **ત્રિવિધં** - ત્રણ પ્રકારના; **નરકસ્ય** - નરકનાં; **દ્વારં** - દ્વાર; **આત્મનઃ નાશનં** - આત્માનો નાશ કરનારા છે (અધોગતિએ લઈ જનારાં છે); **તસ્માત્** - તેથી; **એતત્ ત્રયં** - આ ત્રણેયને; **ત્યજેત્** - ત્યજવાં જોઈએ;

**ભાવાર્થ :** કામ, ક્રોધ તથા લોભ આ ત્રણ પ્રકારના નરકનાં દ્વાર છે જે આત્માનો નાશ કરનારાં (અધોગતિએ લઈ જનારાં છે) તેથી આ ત્રણેયને; ત્યજવાં જોઈએ. (૨૧)

**એતૈર્વિમુક્તઃ કૌન્તેય તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ ।**
**આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : એતૈર્વિમુક્તઃ** - એતૈઃ + વિમુક્તઃ;

**તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ** - તમોદ્વારૈઃ + ત્રિભિઃ + નરઃ; **આચરત્યાત્મનઃ** - આચરતિ + આત્મનઃ; **શ્રેયસ્તતો યતિ** - શ્રેયઃ + તતઃ + યાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે અર્જુન; **એતૈઃ ત્રિભિઃ** - આ ત્રણેય; **તમોદ્વારૈણ** - નરકના દ્વારેથી; **વિમુક્તઃ નરઃ** - મુક્ત થયેલો મનુષ્ય; **આત્મનઃ શ્રેય** - પોતાનું શ્રેય; **આચરતિ** - આચરે છે; **તતઃ** - તેનાથી તે; **પરાં ગતિં** - પરમ ગતિને (મને); **યાતિ** - પામે છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! આ ત્રણેય નરકનાં દ્વારોથી મુક્ત થયેલો મનુષ્ય પોતાનું શ્રેય આચરે (સાધે) છે; તેનાથી પણ પરમ ગતિને (મને) પામે છે. (૨૨)

**યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।**
**ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥૨૩॥**

**સંધિવિગ્રહ : શાસ્ત્રવિધિમૃત્સૃજ્ય** - શાસ્ત્રવિધિં + ઉત્સૃજ્ય; **સ સિદ્ધિમવાપ્નોતિ** - સઃ + સિદ્ધિં + અવાપ્નોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ય** - જે મનુષ્ય; **શાસ્ત્રવિધિં** - શાસ્ત્રવિધિને; **ઉત્સૃજ્ય** - છોડીને; **કામકારતાઃ** - પોતાની ઈચ્છાથી મનમાન્યું; **વર્તતે** - આચરણ કરે છે; **સઃ** - તે; **ન સિદ્ધિં અવાપ્નોતિ** - ન તો સિદ્ધિને પામે છે; **ન પરાંગતિં** - ન તો પરમ ગતિને; (કે) **ન સુખં** - ન તો સુખ પામે છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય શાસ્ત્રવિધિને છોડીને પોતાની

ઈચ્છાથી મનમાન્યું આચરણ કરે છે તે ન તો સિદ્ધિને, ન તો પરમ ગતિને કે ન તો સુખ પામે છે. (૨૩)

**તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।**
**જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : તસ્માચ્છાસ્ત્રં** - તસ્માત્ + શાસ્ત્રં; **શાસ્ત્રવિધાનોક્તં** - શાસ્ત્રવિધાન + ઉક્તં; **કર્તુમિહાર્હસિ** - કર્તું + ઇહ + અર્હસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **તે** - તારા માટે; **ઈહ** - આ; **કાર્યાકાર્યવ્યવસ્થિતૌ** - કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં; **શાસ્ત્રં પ્રમાણં** - શાસ્ત્ર જ પ્રમાણ છે; (એમ) **જ્ઞાત્વા** - જાણીને; **શાસ્ત્રવિધાનોક્તં** - શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયલું; **કર્મ** - કર્મ (જ); **કર્તું** - કરવા; **અર્હસિ** - (તું) યોગ્ય છે;

**ભાવાર્થ :** તેથી તારા માટે આ કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે એમ જાણીને શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું કર્મ કરવા તું યોગ્ય છે. (૨૪)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**દૈવાસુરસમ્પદ્વિભાગયોગો ષોડશોડધ્યાયઃ ॥૧૬॥**

**॥ દૈવાસુરસમ્પદ્વિભાગયોગ નામનો**
**સોળમો અધ્યાય સમાપ્ત ॥**

# સપ્તદશ અધ્યાય (સત્તરમો અધ્યાય)

## શ્રદ્ધાત્રયવિભાગ યોગ

**અથ સપ્તદશોઽધ્યાયઃ ।** અથ સપ્તદશઃ + અધ્યાયઃ ।

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।**
**તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ સત્ત્વમાહો રજસ્તમઃ ॥૧॥**

**સંધિવિગ્રહ : શાસ્ત્રવિધિમુત્સૃજ્ય** - શાસ્ત્રવિધિં + ઉત્સૃજ્ય; **શ્રદ્ધયાન્વિતાઃ** - શ્રદ્ધયા + અન્વિતાઃ; **સત્ત્વમાહો** - સત્ત્વં + આહો; **રજસ્તમઃ** - રજઃ + તમઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષ્ણ** - હે કૃષ્ણ; **યે** - જે મનુષ્યો; **શાસ્ત્રવિધિં** - શાસ્ત્રવિધિને; **ઉત્સૃજ્ય** - છોડીને; **શ્રદ્ધયા** - શ્રદ્ધાથી; **અન્વિતાઃ** - યુક્ત; **યજન્તે** - દેવ આદિને પૂજે છે; **તેષાં** - નિષ્ઠા, તેમની સ્થિતિ; **તુ** - તો; **કા** - કઈ (ગણાય); **સત્ત્વં** - સાત્ત્વિકી; **આહો** - કે; **રજઃ** - રાજસી; (કે) **તમઃ** - તામસી;

**ભાવાર્થ :** હે કૃષ્ણ ! જે મનુષ્યો શાસ્ત્રવિધિ છોડીને, શ્રદ્ધાથી યુક્ત થઈ દેવ આદિને પૂજે છે તેમની સ્થિતિ કઈ ગણાય ? સાત્ત્વિકી કે રાજસી કે તામસી ? (૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા




**ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।**
**સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રુણુ ॥૨॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ; **ચેતિ** - ચ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દેહિનાં** - મનુષ્યોની; **સા** - તે; (શાસ્ત્રીય સંસ્કારો વિનાની કેવળ); **સ્વભાવજા** - સ્વભાવમાં જન્મેલી; **શ્રદ્ધા** - શ્રદ્ધા; **સાત્ત્વિકી** - સાત્ત્વિકી; **રાજસી** - રાજસી; **ચ** - અને; **તામસી** - તામસી; **ઈતિ** - એમ; **ત્રિવિધા** - ત્રણ પ્રકારની; **એવ** - જ; **ભવતિ** - હોય છે; **તાં** - તેને; (મારી પાસેથી) **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** મનુષ્યોની તે શાસ્ત્રીય સંસ્કારો વિનાની કેવળ સ્વભાવમાં જન્મેલી શ્રદ્ધા, સાત્ત્વિકી રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની જ હોય છે તેને મારી પાસેથી તું સાંભળ. (૨)

**સત્ત્વાનુરૂપા સર્વસ્વ શ્રદ્ધા ભવતિ ભારત ।**
**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥૩॥**

**સંધિવિગ્રહ : શ્રદ્ધામયોઽયં** - શ્રદ્ધામયઃ + અયં; **યો યચ્છ્રદ્ધઃ** - યઃ + યત્ + શ્રદ્ધઃ; **સ એવ** - સઃ + એવ;

**શબ્દાર્થ, અન્વાયર્થ : ભારત** - હે અર્જુન; **સર્વસ્ય** - સર્વ (મનુષ્યો)ની; **શ્રદ્ધઃ** - શ્રદ્ધા; **સત્ત્વાનુરૂપા** - તેમનાં અંતઃકરણને અનુરૂપ; **ભવતિ** - હોય છે; **અયં** - આ; **પુરુષઃ** - પુરુષ;

**શ્રદ્ધામયઃ** - શ્રદ્ધામય છે; (તેથી); **યઃ** -જે મનુષ્ય; **યત્ શ્રદ્ધઃ** - જેવી શ્રદ્ધા રાખનારો છે; **સઃ** - તે પોતે; **એવ** - પણ; **સઃ** - તે (તેવા જ) સ્વભાવનો છે.

**ભાવાર્થ :** હે અર્જુન ! સર્વ મનુષ્યોની શ્રદ્ધા તેમનાં અંતકરણને અનુરૂપ હોય છે; આ પુરુષ શ્રદ્ધામય છે તેથી જે મનુષ્ય જેવી શ્રદ્ધા રાખનારો છે તે પોતે પણ તેવા જ સ્વભાવનો છે. (૩)

**યજન્તે સાત્ત્વિકા દેવાન્યક્ષરક્ષાંસિ રાજસાઃ ।**
**પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : સાત્ત્વિકા દેવાન્યક્ષરક્ષાંસિ** - સાત્ત્વિકાઃ + દેવાન્ + યક્ષરક્ષાંસિ; **પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે** - પ્રેતાન્ + ભૂતગણાન્ + ચ + અન્યે; **તામસા જનાઃ** - તામસાઃ + જનાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સાત્ત્વિકાઃ** - સાત્ત્વિક મનુષ્યો; **દેવાન્** - દેવોને; **યજન્તે** - પૂજે છે; **રાજસાઃ** - રાજસી મનુષ્યો; **યજ્ઞરક્ષાંસિ (યજન્તે)** - યક્ષ અને રાક્ષસોને પૂજે છે; **ચ** - અને; **અન્યે યે તામસાઃ જનાઃ** - અન્ય (જે) તામસી મનુષ્યો; **પ્રેતાન્ ભૂતગણાન્ યજન્તે** - પ્રેતો અને ભૂતગણોને પૂજે છે;

**ભાવાર્થ :** સાત્ત્વિક મનુષ્યો દેવોને, રાજસી મનુષ્યો યક્ષ અને રાક્ષસોને તથા અન્ય તામસી મનુષ્યો પ્રેતો અને ભૂતોને પૂજે છે. (૪)

**અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ ।**
**દમ્ભાહંકારસંયુક્તાઃ કામરાગબલાન્વિતાઃ ॥૫॥**

**સંધિવિગ્રહ : તપો જના** - તપઃ + જનાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યે** - જે મનુષ્યો; **અશાસ્ત્રવિહિતં** - શાસ્ત્ર વિધિ વિનાનું; (કેવળ મનમાન્યું); **ઘોરં તપઃ** - ઘોર તપ; **તપ્યન્તે** - આચરે છે (તથા); **દમ્ભાહંકારસંયુક્તાઃ** - દંભ અને અહંકારથી ભરેલા (તેમજ); **કામરાગબલાન્વિતાઃ** - કામના, આસક્તિ અને બળના અભિમાનથી પણ ભરેલા છે;

**ભાવાર્થ :** જે મનુષ્યો શાસ્ત્રવિધિ વિનાનું કેવળ મનમાન્યું ઘોર તપ આચરે છે તથા દંભ અને અહંકારથી ભરેલા તથા કામના, આસક્તિ અને બળના અભિમાનથી પણ ભરેલા છે; (૫)

**કર્શયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।**
**માં ચૈવાન્તઃશરીરસ્થં તાન્વિદ્ધયાસુરનિશ્ચયાન્ ॥૬॥**

**સંધિવિગ્રહ : ભૂતગ્રામમચેતસઃ** - ભૂતગ્રામં + અચેતસઃ; **ચૈવાન્તઃશરીરસ્થં** - ચ + એવ + અન્તઃશરીરસ્થં; **તાન્વિદ્ધયાસુરનિશ્ચયાન્** - તાન્ + વિદ્ધિ + આસુરનિશ્ચયાન્;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તથા જેઓ) **શરીરસ્થં** - શરીર રૂપે રહેલાં; **ભૂતગ્રામં** - ભૂતસમુદાયને; **ચ** - અને; **અન્તઃ શરીરસ્થં** - અંતકરણમાં રહેલા; **માં** - મને (પરમાત્માને); **એવ** - પણ;

**કર્શયન્તઃ** - કૃશ કરનારા છે; **તાન્** - તે; **અચેતસઃ** - અજ્ઞાનીઓને; (તું); **આસુરનિશ્ચયાન્** - આસુર સ્વભાવવાળા; **વિદ્ધિ** - જાણ;

**ભાવાર્થ :** તથા જેઓ શરીરરૂપે રહેલા ભૂતસમુદાયને અને અંતકરણમાં રહેલા મને (પરમાત્માને) પણ કૃશ કરનારા છે તે અજ્ઞાનીઓને તું આસુર સ્વભાવવાળા જાણ. (૬)

**આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।**
**યજ્ઞસ્તપસ્તથા દાનં તેષાં ભેદમિમં શ્રુણુ ॥૭॥**

**સંધિવિગ્રહ : આહારસ્ત્વપિ** - આહારઃ + તુ + અપિ; **ત્રિવિધો ભવતિ** - ત્રિવિધઃ + ભવતિ; **યજ્ઞસ્તપસ્તથા** - યજ્ઞઃ + તપઃ + તથા; **ભેદમિમં** - ભેદં + ઈમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આહારઃ અપિ** - ભોજન પણ; **સર્વસ્વ** - સૌને પોતપોતાના સ્વભાવ અનુસાર; **ત્રિવિધઃ** - ત્રણ પ્રકારનું; **પ્રિયઃ ભવતિ** - ગમતું હોય છે; **તુ** - અને; **તથા** - એ જ રીતે; **યજ્ઞઃ તપઃ દાનં** - યજ્ઞ, તપ અને દાન (પણ ત્રણ પ્રકારનાં હોય છે); **તેષાં** - તેમના; **ઈમં ભેદં** - આ ભેદને (તું મારી પાસેથી); **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** ભોજન પણ સૌને પોતપોતાના સ્વભાવ અનુસાર ત્રણ પ્રકારનું ગમતું હોય છે અને એ જ રીતે યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારનાં હોય છે તેમના આ ભેદને તું મારી પાસેથી સાંભળ. (૭)

**આયુ:સત્ત્વબલારોગ્યસુખપ્રીતિવિવર્ધનાઃ ।**
**રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારા સાત્ત્વિકપ્રિયાઃ ॥૮॥**

**સંધિવિગ્રહ : સ્થિરા હૃદ્યા આહારા** - સ્થિરાઃ + હૃદ્યાઃ + આહારાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : આયુ:સત્ત્વ** - આયુષ્ય, બુદ્ધિ; **બલ** - બલ; **આરોગ્ય** - આરોગ્ય; **સુખપ્રીતિ** - સુખ અને પ્રીતિ; **વિવર્ધનાઃ** - વધારનારા; **રસ્યાઃ** - રસવાળા; **સ્નિગ્ધાઃ** - ચીકણા; **સ્થિરઃ** - સ્થિર રહેનારા (અને); **હૃદ્યાઃ** - સ્વાભાવિક રીતે જ મનને ગમે એવા; **આહારાઃ** - આહાર (ભોજન કરવાના પદાર્થો); **સાત્ત્વિકપ્રિયાઃ** - સાત્ત્વિક મનુષ્યોને ગમતા હોય છે;

**ભાવાર્થ :** આયુષ્ય, બુદ્ધિ, બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનારા રસવાળા ચીકણા, સ્થિર રહેનારા, સ્વાભાવિક રીતે જ મનને ગમે એવા આહાર (ભોજન કરવાના પદાર્થો) સાત્ત્વિક મનુષ્યોને ગમતા હોય છે. (૮)

**કટ્‌વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ ।**
**આહારા રાજસસ્યેષ્ટા દુ:ખશોકામયપ્રદાઃ ॥૯॥**

**સંધિવિગ્રહ : કટ્‌વમ્લલવણાત્યુષ્ણતીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ** - કટુ + અમ્લ + લવણ + અતિ ઉષ્ણ + તીક્ષ્ણરુક્ષ-વિદાહિનઃ; **આહારા રાજસસ્યેષ્ટા દુ:ખશોકામયપ્રદાઃ** - આહારાઃ + રાજસસ્ય + ઈષ્ટાઃ + દુ:ખશોક + અમય + પ્રદા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કટુ** - કડવા; **અમ્લ** - ખાટા; **લવણ** - ખારા; **અતિઉષ્ણ** - ખૂબ ગરમ; **તીક્ષ્ણ** - તીખા;

**રુક્ષ** - (ભૂંજેલા) રુખા; **વિદાહિન્** - દાહ જન્માવનારા; **આહારાઃ** - આહારો; **રાજસસસ્ય** - રાજસી મનુષ્યોને; **ઈષ્ટા** - ગમતા હોય છે;

**ભાવાર્થ :** કડવા, ખાટા, ખારા, ખૂબ ગરમ, તીખા, ભૂંજેલા (રુખા), દાહ જન્માવનારા, દુઃખ શોક અને રોગો જન્માવનારા આહારો રાજસી મનુષ્યોને ગમતા હોય છે. (૯)

**યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્ ।**
**ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : ઉચ્છિષ્ટમપિ** - ઉચ્છિષ્ટં + અપિ; **ચામેધ્યં** - ચ + અમેધ્યં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ ભોજનં** - જે ભોજન; **યાતયામં** - અડધું કાચું અડધું પાકું; **ગતરસં** - રસવિહોણું; **પૂતિ** - દુર્ગન્ધી; **પર્યુષિતં** - વાસી; **ચ** - અને; **ઉચ્છિષ્ટં** - એઠું છે; **ચ** - અને; (જે) **અમેધ્યં** - અપવિત્ર; **અપિ** - પણ છે; (તે ભોજન) **તામસીપ્રિયં** - તામસી જનોને ગમતું હોય છે;

**ભાવાર્થ :** જે ભોજન અડધું કાચું–અડધું પાકું, રસવિહોણું, દુર્ગન્ધી, વાસી અને એંઠું છે અને જે અપવિત્ર પણ છે તે ભોજન તામસીજનોને ગમતું હોય છે. (૧૦)

**અફલાકાંક્ષિભિર્યજ્ઞો વિધિદષ્ટો ય ઈજયતે ।**
**યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ ॥૧૧॥**

**સંધિવિગ્રહ : અફલાકાંક્ષિભિર્યજ્ઞો વિધિદષ્ટો ય ઈજયતે** - અફલાકાંક્ષિભિઃ + યજ્ઞઃ + વિધિદષ્ટઃ + યઃ + ઈજયતે; **યષ્ટવ્યમેવેતિ** - યષ્ટવ્યં + એવ + ઈતિ; **સ સાત્ત્વિક** - સઃ + સાત્ત્વિકઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે; **વિધિદષ્ટઃ** - શાસ્ત્ર દ્વારા નિયત થયેલો; **યજ્ઞઃ** - યજ્ઞ; **યષ્ટવ્યં એવ** - કરવો એ જ કર્તવ્ય છે; **ઈતિ** - એમ; **મનઃ સમાધાય** - મનમાં નિશ્ચય કરીને; **અફલાકાંક્ષિભિઃ** - ફળની ઈચ્છા વિનાના મનુષ્યો દ્વારા; **ઈજયતે** - કરવામાં આવે છે; **સઃ** - તે; **સાત્ત્વિક** - સાત્ત્વિક છે;

**ભાવાર્થ :** જે શાસ્ત્ર દ્વારા નિયત થયેલો યજ્ઞ કરવો એ જ કર્તવ્ય છે એમ મનમાં નિશ્ચય કરીને ફળની ઈચ્છા વિનાના મનુષ્યો દ્વારા કરવામાં આવે છે તે સાત્ત્વિક છે. (૧૧)

**અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્ ।**
**ઈજયતે ભરતશ્રેષ્ઠ તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : દમ્ભાર્થમપિ** - દંભાર્થં + અપિ; **ચૈવ** - ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **ભરતશ્રેષ્ઠ** - હે અર્જુન; **દંભાર્થં એવ** - કેવળ દંભ આચરવા માટે; **ચ** - અથવા; **ફલં**

- ફળને; **અપિ** - જ; **અભિસંધાય** - લક્ષમાં રાખીને; **યત્** - જે (યજ્ઞ); **ઈજયતે** - કરાય છે; **તં** - તે; **યજ્ઞં** - યજ્ઞને; (તું) **રાજસં વિદ્ધિ** - રાજસ જાણ;

**ભાવાર્થ :** પરંતુ હે અર્જુન ! કેવળ દંભ આચરવા માટે અથવા ફળને લક્ષમાં રાખીને જે યજ્ઞ કરાય છે તે યજ્ઞને તું રાજસ જાણ. (૧૨)

**વિધિહીનમસૃષ્ટાન્નં મન્ત્રહીનમદક્ષિણમ્ ।**
**શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥૧૩॥**

**સંધિવિગ્રહ : વિધિહીનમસૃષ્ટાન્નં** - વિધિહીનં + અસૃષ્ટાન્નં; **મંત્રહીનમદક્ષિણં** - મંત્રહીનં + અદક્ષિણં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિધિહીનં** - શાસ્ત્રવિધિ વિના; **અસૃષ્ટાન્નં** - અન્નદાન વિના; **મંત્રહીનં** - મંત્રરહિત; **અદક્ષિણં** - વિના દક્ષિણાએ; **શ્રદ્ધાવિરહિતં** - શ્રદ્ધાભાવ વિના કરવામાં આવેલા; **યજ્ઞં** - યજ્ઞને; **તામસં** - તામસ યજ્ઞ; **પરિચક્ષતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** શાસ્ત્રવિધિ વિના, અન્નદાન વિના, મંત્રરહિત, વિના દક્ષિણાએ, શ્રદ્ધાભાવ વિના કરવામાં આવેલા યજ્ઞને તામસ યજ્ઞ કહેવાય છે. (૧૩)

**દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ ।**
**બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥૧૪॥**

**સંધિવિગ્રહ : શૌચમાર્જવમ્** - શૌચં + આર્જવં; **બ્રહ્મચર્યમહિંસા** - બ્રહ્મચર્ય + અહિંસા; **તપ ઉચ્યતે** - તપઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દેવ** - દેવો; **દ્વિજ** - બ્રાહ્મણ; **ગુરુ** - ગુરુજનો; **પ્રાજ્ઞ** (અને) જ્ઞાનીજનોનું; **પૂજનં** - પૂજન; **શૌચં** - પવિત્રતા; **આર્જવં** - સરળતા; **બ્રહ્મચર્યં** - **બ્રહ્મચર્ય; ચ** - તથા; **અહિંસા** - અહિંસા (આ); **શારીરં** - શરીર સંબંધી; **તપઃ ઉચ્યતે** - તપ કહેવાય છે;

**ભાવાર્થ :** દેવો, બ્રાહ્મણ, ગુરૂજનો અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય તથા અહિંસા આ શરીર સંબંધી તપ કહેવાય છે. (૧૪)

**અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।**
**સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાંગ્મયં તપ ઉચ્યતે ॥૧૫॥**

**સંધિવિગ્રહ : સ્વાધ્યાયાભ્યસનં** - સ્વાધ્યાય + અભ્યસનં; **ચૈવ** - ચ + એવ; **તપ ઉચ્યતે** - તપઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ અનુદ્વેગકરં** - જે ઉદ્વેગ ન કરાવનારું; **પ્રિયહિતં** - પ્રિય અને હિતકારક; **ચ** - તેમજ; **સત્યં** - યથાર્થ વચન છે; **ચ** - તથા (જે); **સ્વાધ્યાયાભ્યસનં** - વેદશાસ્ત્રોના વાચનનો અને (પરમેશ્વરનાં નામ-જપનો) અભ્યાસ છે; **(તત્) એવ** - તે જ; **વાંગ્મયં** - વાણીનું; **તપઃ** - તપ;

**ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** જે ઉદ્વેગ ન કરાવનારું, પ્રિય અને હિતકારક તેમજ યથાર્થ વચન છે તથા જે વેદશાસ્ત્રોના વાચનનો અને પરમેશ્વરનાં નામ-જપનો અભ્યાસ છે તે જ વાણીનું તપ કહેવાય છે. (૧૫)

**મનપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।**
**ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે ॥૧૬॥**

**સંધિવિગ્રહ : મૌનમાત્મવિનિગ્રહઃ** - મૌનં + આત્મવિનિગ્રહઃ; **ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે** - ભાવસંશુદ્ધિઃ + ઈતિ + એતત્ + તપઃ + માનસં + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મનઃપ્રસાદઃ** - મનની પ્રસન્નતા; **સૌમ્યત્વં** - શાંત ભાવ; **મૌનં** - ભગવાનનું ચિંતન કરવાનો સ્વભાવ; **આત્મવિનિગ્રહઃ** - મનનો નિગ્રહ; (અને) **ભાવસંશુદ્ધિઃ** - અંતઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા; **ઈતિ** - આ પ્રકારનું; **એતત્** - આ; **માનસં તપ** - માનસ તપઃ; **ઉચ્યતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** મનની પ્રસન્નતા, શાંત ભાવ, ભગવાનનું ચિંતન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ અને અંતઃકરણના ભાવોની સારી પેઠે પવિત્રતા - આ પ્રકારનું આ માનસ તપ કહેવાય છે. (૧૬)

**શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્તત્ત્રિવિધં નરૈઃ ।**
**અફલાકાંક્ષિભિર્યુક્તૈઃ સાત્ત્વિકં પરિચક્ષતે ॥૧૭॥**

**સંધિવિગ્રહ : તપસ્તત્ત્રિવિધં** - તપઃ + તત્ + ત્રવિધિં; **અફલાકાંક્ષિભિર્યુક્તૈઃ** - અફલાકાંક્ષિભિઃ + યુક્તૈઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અફલાકાંક્ષિભિઃ** - ફળની ઈચ્છા વિનાના; **યુક્તૈઃ** - યોગી; **નરૈઃ** - જનો દ્વારા; **પરયા શ્રદ્ધયા** - પરમ શ્રદ્ધાથી; **તપ્તં** - આચરવામાં આવેલા; **તત્** - તે; **ત્રિવિધં** - ત્રણ પ્રકારનાં (કાયિક, વાચિક, માનસિક); **તપઃ** - તપને; **સાત્ત્વિકં પરિચક્ષતે** - સાત્ત્વિક કહેવામાં આવે છે);

**ભાવાર્થ :** ફળની ઈચ્છા વિનાના, યોગીજનો દ્વારા પરમ શ્રદ્ધાથી આચરવામાં આવેલા તે ત્રણ પ્રકારનાં તપને સાત્ત્વિક કહેવામાં આવે છે. (૧૭)

**સત્કારમાનપૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્ ।**
**ક્રિયતે તેદિહ પ્રોક્તં રાજસં ચલમધ્રુવમ્ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : ચૈવ** - ચ + એવ; **તદિહ** - તત્ + ઈહ; **ચલમધ્રુવમ્** - ચલં + અધ્રુવં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ તપઃ** - જે તપ; **સત્કારમાન-પૂજાર્થં** - સત્કાર, માન અને પૂજા ખાતર; **ચ** - અને; (બીજા કોઈ સ્વાર્થ ખાતર); **દંભેન** - પાખંડથી; **ક્રિયતે** -

આચરવામાં આવે છે; **તત્** - તે; **અધ્રુવં** - અનિશ્ચિત (તેમજ); **ચલં** - ક્ષણિક ફળ આપનારું તપ; **ઈહ** - અહીં; **રાજસં પ્રોક્તં** - રાજસ કહેવાયું છે;

**ભાવાર્થ :** જે તપ સત્કાર, માન અને પૂજા ખાતર અને બીજા કોઈ સ્વાર્થ ખાતર પાખંડથી આચરવામાં આવે છે તે અનિશ્ચિત તેમજ ક્ષણિક ફળ આપનારું તપ અહીં રાજસ કહેવાયું છે. (૧૮)

**મૂઢગ્રાહેણાત્મનો યત્પીડયા ક્રિયતે તપઃ ।**
**પરસ્યોત્સાદનાર્થં વા તત્તામસમુદાહૃતમ્ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : મૂઢગ્રાહેણાત્મનો યત્પીડયા** - મૂઢગ્રાહેણ + આત્મનઃ + યત્ + પીડયા; **પરસ્યોત્સાદનાર્થં** - પરસ્ય + ઉત્સાદનાર્થં; **તત્તામસમુદાહૃતમ્** - તત્ + તામસં + ઉદાહૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ તપઃ** - જે તપ; **મૂઢગ્રાહેણ** - મૂર્ખતાપૂર્વક હઠથી; **આત્મનઃ** - મન, વાણી અને શરીરની; **પીડયા** - પીડા સહિત; **વા** - અથવા; **પરસ્ય** - બીજાનું; **ઉત્સાદનાર્થં** - અનિષ્ટ કરવા માટે; **ક્રિયતે** - આચરવામાં આવે છે; **તત્** - તે (તપ); **તામસં** - તામસ; **ઉદાહૃતં** - કહેવાય છે;

**ભાવાર્થ :** જે તપ મૂર્ખતાપૂર્વક હઠથી, મન, વાણી અને શરીરથી પીડા સહિત અથવા બીજાનું અનિષ્ટ કરવા માટે આચરવામાં આવે છે તે તપ તામસ કહેવાય છે. (૧૯)

**દાતવ્યમિતિ યદ્દાનં દીયતેઽનુપકારિણે ।**
**દેશે કાલે ચ પાત્રે ચ તદ્દાનં સાત્વિકં સ્મૃતમ્ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : દાતવ્યમિતિ** - દાતવ્યં + ઈતિ; **યદ્દાનં** - યત્ + દાનં; **દીયતેઽનુપકારિણે** - દીયતે + અનુપ્રકારિણે; **તદ્દાનં** - તત્ + દાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : દાતવ્યં** - દાન આપવું એ જ કર્તવ્ય છે; **ઈતિ** - એવા ભાવથી; **યત્ દાનં** - જે દાન; **દેશે** - યોગ્ય દેશ; **કાલે** - યોગ્ય સમય; **ચ** - અને; **પાત્રે** - યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં; **અનુપકારિણે** - પોતાના ઉપર ઉપકાર નથી કર્યો તેવા માણસને (પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં); **દીયતે** - (જે) આપવામાં આવે છે; **તત્ દાનં** - તે દાન; **સાત્ત્વિકં સ્મૃતં** - સાત્ત્વિક કહેવાયું છે;

**ભાવાર્થ :** દાન આપવું એ જ કર્તવ્ય છે એવા ભાવથી જે દાન યોગ્ય દેશ, યોગ્ય સમય અને યોગ્ય પાત્ર પ્રાપ્ત થતાં, પોતાના ઉપર ઉપકાર નથી કર્યો તેવા માણસને પ્રત્યુપકારની અપેક્ષા ન રાખતાં જે આપવામાં આવે છે તે દાન સાત્ત્વિક કહેવાયું છે. (૨૦)

**યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।**
**દીયતે ચ પરિક્લિષ્ટં તદ્દાનં રાજસં સ્મૃતમ્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : યત્તુ** - યત્ + તુ; **ફલમુદ્દિશ્ય** - ફલં +

ઉદ્દિશ્ય; **તદ્દાનં** - તત્ + દાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યત્** - જે (દાન); **પરિક્લિષ્ટં** - કલેશપૂર્વક; **ચ** - તથા; **પ્રત્યુપકારાર્થં** - પ્રત્યુપકારની અપેક્ષાથી; **વા** - અથવા; **ફલંઉદ્દિશ્ય** - ફળને દૃષ્ટિમાં રાખી; (**પુનઃ** - પછી); **દીયતે** - આપવામાં આવે છે; **તત્ દાનં** - તે દાન; **રાજસં સ્મૃતં** - રાજસ કહેવાયું છે;

**ભાવાર્થ :** પરંતુ જે દાન કલેશપૂર્વક તથા પ્રત્યુપકારની અપેક્ષા રાખી અથવા ફળને દૃષ્ટિમાં રાખી આપવામાં આવે છે તે દાન રાજસ કહેવાયું છે. (૨૧)

**અદેશકાલે યદ્દાનમપાત્રેભ્યશ્ચ દીયતે ।**
**અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : યદ્દાનમપાત્રેભ્યશ્ચ** - યત્ + દાનં + અપાત્રેભ્યઃ + ચ; **અસત્કૃતમવજ્ઞાતં** - અસત્કૃતં + અવજ્ઞાતં; **તત્તામસમુદાયહૃતમ્** - તત્ + તામસં + ઉદાહૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ દાનં** - જે દાન; **અસત્કૃતં** - સત્કાર વિના; (કે) **અવજ્ઞાતં** - તિરસ્કૃતપૂર્વક; **અદેશકાલે** - અયોગ્ય દેશકાળમાં; **ચ** - અને; **અપાત્રેભ્યઃ** - કુપાત્રને; **દીયતે** - આપવામાં આવે છે; **તત્** - તે (દાન); **તામસં ઉદાહૃતં** - તામસ કહેવાયું છે;

**ભાવાર્થ :** જે દાન સત્કાર વિના, કે તિરસ્કારપૂર્વક,

અયોગ્ય દેશકાળમાં અને કુપાત્રને આપવામાં આવે છે તે દાન તામસ કહેવાયું છે. (૨૨)

**ॐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।**
**બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥૨૩॥**

**સંધિવિગ્રહ : તત્સદિતિ** - તત્ + સત્ + ઇતિ; **નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ** - નિર્દેશઃ + બ્રહ્મણઃ + ત્રિવિધઃ; **બ્રાહ્મણાસ્તેન** - બ્રાહ્મણાઃ + તેન; **વેદાશ્ચ** - વેદાઃ + ચ; **યજ્ઞાશ્ચ** - યજ્ઞાઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ॐ તત્ સત્** - ॐ, તત્, સત્; **ઇતિ** - એમ (આ); **ત્રિવિધઃ** - ત્રણ પ્રકારનું; **બ્રહ્મણઃ** - સચ્ચિદાનંદઘન બ્રહ્મનું; **નિર્દેશઃ** - નામ; **સ્મૃતઃ** - કહેવાયું છે; **તેન** - તે જ બ્રહ્મથી; **પુરા** - સૃષ્ટિના આરંભમાં; **બ્રાહ્મણાઃ** - બ્રાહ્મણો; **વેદાઃ** - વેદો; **ચ** - તથા; **યજ્ઞાઃ** - યજ્ઞ આદિ; **વિહિતાઃ** - રચાયા;

**ભાવાર્થ :** ॐ, તત્, સત્ એમ આ ત્રણ પ્રકારનું સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નામ કહેવાયું છે તે જ બ્રહ્મથી જ સૃષ્ટિના આરંભમાં બ્રાહ્મણો, વેદો અને યજ્ઞ આદિ રચાયા. (૨૩)

**તસ્માદોમિત્યુદાહૃત્ય યજ્ઞદાનતપઃક્રિયાઃ ।**
**પ્રવર્તન્તે વિધાનોકતાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : તસ્માદોમિત્યુદાહૃત્ય** - તસ્માત્ + ઓમ્ + ઇતિ + ઉદાહૃત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તસ્માત્** - તેથી; **બ્રહ્મવાદિના** - વેદ મંત્રોનું ઉચ્ચારણ કરનારા શ્રેષ્ઠ મનુષ્યોની; **વિધાનોક્તાઃ** - શાસ્ત્રવિધિથી નિયત થયેલી; **યજ્ઞદાનતપઃક્રિયાઃ** - યજ્ઞ, દાન એન તપરૂપી ક્રિયાઓ; **સતતં** - સદાય; **ઓમ્ ઈતિ** - તે પરમાત્માના નામનું; **ઉદાહૃત્ય** - ઉચ્ચારણ કરીને; **પ્રવર્તન્તે** - શરૂ થાય છે;

**ભાવાર્થ :** તેથી વેદના મંત્રોનું ઉચ્ચારણ કરનારા શ્રેષ્ઠ મનુષ્યોની શાસ્ત્રવિધિથી નિયત થયેલી યજ્ઞ, દાન અને તપરૂપી ક્રિયાઓ સદાય તે પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને શરૂ થાય છે. (૨૪)

**તદિત્યનભિસન્ધાય ફલં યજ્ઞતપઃક્રિયાઃ ।**
**દાનક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ ॥૨૫॥**

**સંધિવિગ્રહ : તદિત્યનભિસન્ધાય** - તત્ + ઈતિ + અનભિસંધાય; **દાનક્રિયાશ્ચ** - દાનક્રિયાઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તત્** - તત્ એટલે તત્ નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સર્વકાંઈ છે; **ઈતિ** - એવા ભાવ સાથે; **ફલં** - ફળને; **અનભિસંધાય** - લક્ષમાં ન રાખતાં; **વિવિધાઃ** - અનેક પ્રકારની; **યજ્ઞતપઃક્રિયા** -યજ્ઞતપરૂપ ક્રિયાઓ; **ચ** - તથા; **દાનક્રિયાઃ** - દાનરૂપી ક્રિયાઓ; **મોક્ષકાંક્ષિભિઃ** - કલ્યાણની ઈચ્છા રાખનારા મનુષ્યો દ્વારા; **ક્રિયન્તે** - કરવામાં આવે છે;

**ભાવાર્થ :** તત્ એટલે તત્ નામથી ઓળખાતા પરમાત્માનું જ આ સર્વકાંઈ છે; એવા ભાવ સાથે ફળને લક્ષમાં ન રાખતાં અનેક પ્રકારની યજ્ઞતપરૂપ ક્રિયાઓ તથા દાનરૂપી ક્રિયાઓ કલ્યાણની ઈચ્છા રાખનારા મનુષ્યો દ્વારા કરવામાં આવે છે. (૨૫)

**સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્પ્રયુજ્યતે ।**
**પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥૨૬॥**

**સંધિવિગ્રહ : સદિત્યેતત્પ્રયુજ્યતે** - સત્ + ઈતિ + એતત્ + પ્રયુજ્યતે; **સચ્છબ્દઃ** - સત્ + શબ્દ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સત્** - સત્; **ઈતિ** - એ પ્રકારે; **એતત્** - આ (પરમાત્માનું નામ); **સદ્‌ભાવે** - સત્યભાવમાં; **ચ** - અને; **સાધુભાવે** - શ્રેષ્ઠ ભાવમાં; **પ્રયુજ્યતે** - પ્રયુક્ત થાય છે; **તથા** - તથા; **પાર્થ** - હે પાર્થ; **પ્રશસ્તે** - ઉત્તમ; **કર્મણિ** - કર્મમાં; (પણ) **સત્ શબ્દઃ** - સત્ શબ્દનો; **યુજ્યતે** - પ્રયોગ કરવામાં આવે છે;

**ભાવાર્થ :** સત્ એ પ્રકારે આ પરમાત્માનું નામ સત્યભાવમાં અને શ્રેષ્ઠ ભાવમાં પ્રયોગ કરવામાં આવે છે તથા હે પાર્થ ! ઉત્તમ કર્મમાં પણ સત્ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. (૨૬)

**યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ સદિતિ ચોચ્યતે ।**
**કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥૨૭॥**

**સંધિવિગ્રહ : સદિતિ** - સત્ + ઈતિ; **ચોચ્યતે** - ચ +

ઉચ્યતે; **ચૈવ** - ચ + એવ; **સદિત્યેવાભિધીયતે** - સત્ + ઈતિ + એવ + અભિધીયતે;

**શબ્દાર્થ, અન્વાયર્થ : ચ** - તથા; **યજ્ઞે તપસિ દાને** - યજ્ઞ, તપ અને દાનમાં (જે) **સ્થિતિઃ** - સ્થિતિ છે (તે); **એવ** - પણ; **સત્ ઈતિ** - સત્ એમ; **ઉચ્યતે** - કહેવાય છે; **ચ** - અને; **તદર્થીયં** - તે પરમાત્મા માટે કરેલું; **કર્મ** - કર્મ; **એવ** - પણ (નિશ્ચયપૂર્વક); **સત્ ઈતિ** - સત્ એમ; **અભિધીયતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** તથા યજ્ઞ, તપ અને દાનમાં જે સ્થિતિ (શ્રદ્ધા અને આસ્તિક બુદ્ધિ) છે તે પણ સત્ એમ કહેવાય છે અને તે પરમાત્મા માટે કરેલું કર્મ પણ નિશ્ચયપૂર્વક સત્ એમ કહેવાય છે. (૨૭)

**અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।**
**અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥૨૮॥**

**સંધિવિગ્રહ : તપસ્તપ્તં** - તપઃ + તપ્તં; **અસદિત્યુચ્યતે** - અસત્ + ઈતિ + ઉચ્યતે; **તત્પ્રેત્ય** - તત્ + પ્રેત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **અશ્રદ્ધયા** - વિના શ્રદ્ધાથી (કરાયેલો); **હુતં** - હવન; **દત્તં** - દીધેલું દાન; (તેમજ); **તપ્તં** - આચરેલું; **તપઃ** - તપ; **ચ** - તથા; **યત્** - જે (કાંઈપણ); **કૃતં** - કરવામાં આવેલું શુભ કર્મ છે; **તત્** - તે; (તમામ); **અસત્ઈતિ** - અસત્ એમ; **ઉચ્યતે** - કહેવાય છે; (તેથી);

**તત્** - તે; **નો** - ન તો; **ઈહ** - આ લોકમાં; (લાભદાયક છે); **ચ** - અને; **ન પ્રેત્ય** - ન તો મર્યા પછી પણ;

**ભાવાર્થ :** હે પાર્થ ! વિના શ્રદ્ધાથી કરાયેલો હવન, દીધેલું દાન તથા આચરેલું શુભ કર્મ છે તે તમામ અસત્ એમ કહેવાય છે તેથી તે ન તો આ લોકમાં કે ન તો મર્યા પછી પણ ફળતું નથી. (૨૮)

**ૐ તત્સદિતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**શ્રદ્ધાત્રયવિભાગયોગો નામ**
**સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥**

**॥ શ્રદ્ધાત્રયવિભાગયોગ નામનો**
**સત્તરમો અધ્યાય સમાપ્ત ॥**

•

# અષ્ટાદશ અધ્યાય (અઢારમો અધ્યાય)

## મોક્ષસંન્યાસ યોગ

**અથ અષ્ટાદશોઽધ્યાયઃ ।** **અથ અષ્ટદશઃ + અધ્યાયઃ ।**

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**સંન્યાસસ્ય મહાબાહો તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।**
**ત્યાગસ્ય ચ હૃષીકેશ પૃથક્કેશિનિષૂદન ॥૧॥**

**સંધિવિગ્રહ : તત્ત્વમિચ્છામિ** - તત્ત્વં + ઈચ્છામિ; **પૃથક્કેશિનિષૂદન** - પૃથક્ + કેશિનિષૂદન; (**નિષૂદન** - નાશ કરનાર)

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ; **હૃષીકેશ** - હે અંતર્યામી; **કેશિનિષૂદન** - હે કેશિ દૈત્યનો નાશ કરનાર; (હું); **સંન્યાસસ્ય** - સંન્યાસ; **ચ** - અને; **ત્યાગસ્ય** - ત્યાગના; **તત્ત્વં** - તત્ત્વને; **પૃથક્** - અલગ અલગ; **વેદિતું** - જાણવા; **ઈચ્છામિ** - જાણવા માગું છું;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! હે અંતર્યામી ! હે કેશિ દૈત્યનો નાશ કરનાર ! હું સંન્યાસ અને ત્યાગના તત્ત્વને અલગ અલગ જાણવા માગું છું. (૧)

**શ્રીભગવાન ઉવાચ ।** ભગવાન + ઉવાચ । શ્રીભગવાન બોલ્યા

**કામ્યાનાં કર્મણા ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ ।**
**સર્વકર્મફલત્યાગં પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ ॥૨॥**

**સંધિવિગ્રહ : કવયો વિદુઃ** - કવયઃ + વિદુઃ; **પ્રાહુસ્ત્યાગં** - પ્રાહુઃ + ત્યાગં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કવયઃ** - (કેટલાક) પંડિતજનો (તો); **કામ્યાનાં** - કામ્ય; **કર્મણાં** - કર્મોના; **ન્યાસં** - ત્યાગને; **સંન્યાસં વિદુઃ** - સંન્યાસ સમજે છે; (તથા બીજા) **વિચક્ષણાઃ** - વિચારકુશલ મનુષ્યો; **સર્વકર્મફલત્યાગં** - સર્વ કર્મોનાં ફળના ત્યાગને; **ત્યાગં પ્રાહુઃ** - ત્યાગ કહે છે;

**ભાવાર્થ :** કેટલાક પંડિતજનો તો કામ્ય કર્મોના ત્યાગને સંન્યાસ સમજે છે જ્યારે બીજા વિચારકુશલ મનુષ્યો સર્વ કર્મોનાં ફળના ત્યાગને ત્યાગ કહે છે. (૨)

**ત્યાંજ્યં દોષવદિત્યેકે કર્મ પ્રાહુર્મનીષિણઃ ।**
**યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યમિતિ ચાપરે ॥૩॥**

**સંધિવિગ્રહ : દોષવદિત્યેકે** - દોષવત્‌ + ઈતિ + એકે; **પ્રાહુર્મનીષિણઃ** - પ્રાહુઃ + મનીષિણીઃ; **ત્યાજ્યમિતિ** - ત્યાજ્યં + ઈતિ; **ચાપરે** - ચ + અપરે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : એકે** - કાંઈ એક (કેટલાક); **મનીષિણઃ** - વિદ્વાનો; **ઈતિ** - એમ; **પ્રાહુઃ** - કહે છે (કે);

**કર્મ** - કર્મ (માત્ર); **દોષવત્** - દોષયુક્ત છે (તેથી); **ત્યાજ્યં** - ત્યજવા યોગ્ય છે; **ચ** - અને; **અપરે** - બીજા વિદ્વાનો; **ઈતિ** - એમ (કહે છે કે); **યજ્ઞદાનતપઃકર્મ** - યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ; **ન ત્યાજ્યં** - ત્યાગ કરવા યોગ્ય નથી;

**ભાવાર્થ :** કેટલાક વિદ્વાનો એમ કહે છે કે કર્મ માત્ર દોષયુક્ત છે તેથી તે ત્યજવા યોગ્ય છે (અને જ્યારે) બીજા વિદ્વાનો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી. (૩)

**નિશ્ચયં શ્રુણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ ।**
**ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥૪॥**

**સંધિવિગ્રહ : ત્યાગો હિ** - ત્યાગઃ + હિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પુરુષશ્રેષ્ઠ** - હે પુરુષ શ્રેષ્ઠ; **ભરત-સત્તમ** - હે ભરતવંશીઓમાં ઉત્તમ; **તત્ર** - સંન્યાસ અને ત્યાગ – આ બેમાંથી પહેલાં; **ત્યાગે** - ત્યાગ વિશે (તું); **મે** - મારો; **નિશ્ચયં શ્રુણુ** - નિશ્ચય સાંભળ; **હિ** - કેમ કે; **ત્યાગઃ** - ત્યાગ (સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી); **ત્રિવિધઃ** - ત્રણ પ્રકારનો; **સંપ્રકીર્તિતઃ** - કહેવાયો છે;

**ભાવાર્થ :** હે પુરુષશ્રેષ્ઠ, હે ભરત વંશીઓમાં ઉત્તમ (અર્જુન) ! સંન્યાસ અને ત્યાગ – આ બેમાંથી પહેલાં ત્યાગ વિશે તું મારો નિશ્ચય સાંભળ, કેમ કે ત્યાગ (સાત્ત્વિક, રાજસ અને તામસ

એવા ભેદથી ત્રણ પ્રકારનો; કહેવાયો છે. (૪)

**યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।**
**યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવાનાનિ મનીષિણામ્ ॥૫॥**

**સંધિવિગ્રહ : કાર્યમેવ** - કાર્યં + એવ; **યજ્ઞો દાનં** - યજ્ઞઃ + દાનં; **તપશ્ચૈવ** - તપ + ચ + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યજ્ઞદાનતપઃકર્મ** - યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ; **ન ત્યાજ્યં** - ત્યાગ કરવા યોગ્ય નથી; (પણ) **તત્ એવ** - તે તો અવશ્ય; **કાર્યં** - કરવા જોઈએ; (કેમ કે) **યજ્ઞઃ** - યજ્ઞ; **દાનં** - દાન; **ચ** - અને; **તપઃ** - તપ (એ ત્રણેય); **એવ** - કર્મો; **મનીષિણાં** - બુદ્ધિમાન માણસોને; **પાવનાનિ** - પાવન કરનારાં છે;

**ભાવાર્થ :** યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી પણ તે તો અવશ્ય કરવાં જોઈએ કેમ કે યજ્ઞ, દાન અને તપ એ ત્રણેય કર્મો બુદ્ધિમાન માણસોને પાવન કરનારાં છે. (૫)

**એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યક્ત્વા ફલાનિ ચ ।**
**કર્તવ્યાનીતિ મે પાર્થ નિશ્ચિતં મતમુત્તમમ્ ॥૬॥**

**સંધિવિગ્રહ : એતાન્યપિ** - એતાનિ + અપિ; **કર્તવ્યાનીતિ** - કર્તવ્યાનિ + ઈતિ; **મતમુત્તમમ્** - મતં + ઉત્તમં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી) **પાર્થ** - હે પાર્થ; **એતાનિ**

- આ - યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને; **તુ** - તથા; (બીજા); **અપિ** - પણ; **કર્માણિ** - સમસ્ત કર્તવ્ય કર્મોને; **સંગં** - આસક્તિ; **ચ** - અને; **ફલાનિ** - ફળનો; **ત્યક્ત્વા** - ત્યાગ કરીને; (અવશ્ય); **કર્તવ્યાનિ** - કરવાં જોઈએ; **ઈતિ** - આ; **મે** - મારો; **નિશ્ચિતં મતં ઉત્તમં** - નિશ્ચિત કરેલો ઉત્તમ મત છે.

**ભાવાર્થ :** તેથી હે પાર્થ ! આ યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને તથા બીજાં પણ સમસ્ત કર્તવ્ય કર્મોને આસક્તિ અને ફળનો ત્યાગ કરીને અવશ્ય કરવાં જોઈએ આ મારો નિશ્ચિત કરેલો ઉત્તમ મત છે. (૬)

**નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।**
**મોહાત્તસ્ય પરિત્યાગસ્તામસઃ પરિકીર્તિતઃ ॥૭॥**

**સંધિવિગ્રહ : કર્મણો નોપપદ્યતે** - કર્મણઃ + ન + ઉપપદ્યતે; **મોહાત્તસ્ય** - મોહાત્ + તસ્ય; **પરિત્યાગસ્તામસઃ** - પરિત્યાગઃ + તામસ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **નિયતસ્ય કર્મણઃ** - નિયત કર્મનો; **સંન્યાસઃ** - સ્વરૂપથી ત્યાગ; **ન ઉપપદ્યતે** - ઉચિત નથી; (તેથી); **મોહાત્** - મોહને લીધે; **તસ્ય** - તે (નિયત) કર્મનો; **પરિત્યાગઃ** - ત્યાગ કરી દેવો; **તામસઃ પરિકીર્તિતઃ** - તામસ ત્યાગ કહેવાયો છે;

**ભાવાર્થ :** પરંતુ નિયત કર્મનો સ્વરૂપથી ત્યાગ ઉચિત

નથી; તેથી મોહને લીધે તે નિયત કર્મનો ત્યાગ કરી દેવો તામસ ત્યાગ કહેવાયો છે. (૭)

**દુઃખમિત્યેવ યત્કર્મ કાયકલેશભયાત્ત્યજેત્ ।**
**સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥૮॥**

**સંધિવિગ્રહ : દુઃખમિત્યેવ** - દુઃખં + ઈતિ + એવ; **યત્કર્મ** - યત્ + કર્મ; **કાયકલેશભયાત્ત્યજેત્** - કાયકલેશભયાત્ + ત્યજેત્; **સ કૃત્વા** - સઃ + કૃત્વા; **નૈવ** - ન + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્** - જે કાંઈ; **કર્મ** - કર્મ છે; (તે સઘળું); **દુઃખં એવ** - દુઃખરૂપ જ છે; **ઈતિ** - એમ (માનીને જો કોઈ મનુષ્ય); **કાયકલેશભયાત્** - શારીરિક કલેશના ભયથી (કર્તવ્ય કર્મોનો); **ત્યજેત્** - ત્યાગ કરી દે (તો); **સ** - તે (આવો); **રાજસં ત્યાગં** - રાજસ ત્યાગ; **કૃત્વા** - કરીને; **ત્યાગફલં** - ત્યાગના ફળને; **એવ** - કોઈપણ રીતે; **ન લભેત્** - પામતો નથી;

**ભાવાર્થ :** જે કાંઈ કર્મ છે તે સઘળું દુઃખરૂપ જ છે એમ માનીને જો કોઈ મનુષ્ય શારીરિક કલેશના ભયથી કર્તવ્ય કર્મોનો ત્યાગ કરી દે તો તે આવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને કોઈપણ રીતે પામતો નથી. (૮)

**કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ।**
**સંગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્વિકો મતઃ ॥૯॥**

**સંધિવિગ્રહ : કાર્યમિત્યેવ** - કાર્યં + ઈતિ + એવ; **યત્કર્મ** - યત્ + કર્મ; **ક્રિયતેઽર્જુન** - ક્રિયતે + અર્જુન; **ચૈવ** - ચ + એવ; **સ ત્યાગ** - સઃ + ત્યાગ; **સાત્ત્વિકો મત** - સાત્ત્વિકઃ + મત;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** અર્જુન - હે અર્જુન; **યત્** - જે; **નિયતં કર્મ** - શાસ્ત્રવિહિત કર્મ; **કાર્યં** - કરવું કર્તવ્ય છે; **ઈતિ એવ** - એવા જ ભાવથી; **સંગં** - આસક્તિ; **ચ** - અને; **ફલં ત્યક્ત્વા** - ફળનો ત્યાગ કરીને; **ક્રિયતે** - કરવામાં આવે છે; **સ એવ** - તે જ; **સાત્ત્વિકઃ ત્યાગઃ** - સાત્ત્વિક ત્યાગ; **મતઃ** - મનાયો છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! જે નિયત કર્મ શાસ્ત્રવિહિત કર્મ કરવું કર્તવ્ય છે એવા જ ભાવથી આસક્તિ અને ફળનો ત્યાગ કરીને કરવામાં આવે છે તે જ સાત્ત્વિક ત્યાગ મનાયો છે. (૯)

**ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।**
**ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥૧૦॥**

**સંધિવિગ્રહ : દ્વેષ્ટ્યકુશલં** - દ્વેષ્ટિ + અકુશલં; **નાનુષજ્જતે** - ન + અનુષજ્જતે; **સત્ત્વસમાવિષ્ટો મેધાવી** - સત્ત્વસમાવિષ્ટઃ + મેધાવી;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે મનુષ્ય) **અકુશલં** - અકુશળ; **કર્મ** - કર્મનો; **ન દ્વેષ્ટિ** - દ્વેષ નથી કરતો; (અને) **કુશલે** - કુશલ કર્મમાં; **ન અનુષજ્જતે** - આસક્ત નથી થતો; (તે) **સત્ત્વસમાવિષ્ટઃ** - શુદ્ધ સત્ત્વગુણવાળો મનુષ્ય; **છિન્નસંશયઃ**

- સંશય રહિત; **મેધાવી** - બુદ્ધિશાળી (અને); **ત્યાગી** - ખરો ત્યાગી છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો અને કુશલ કર્મમાં આસક્ત નથી થતો તે શુદ્ધ સત્ત્વગુણવાળો મનુષ્ય સંશયરહિત બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે. (૧૦)

**ન હિ દેહભૃતા શક્યં ત્યકતું કર્માણ્યશેષતઃ ।**
**યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ॥૧૧॥**

**સંધિવિગ્રહ : કર્મણ્યશેષતઃ** - કર્માણિ + અશેષત; **યસ્તુ** - યઃ + તુ; **સ ત્યાગીત્યભિધીયતે** - સઃ + ત્યાગી + ઈતિ + અભિધીયતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હિ** - કારણ કે; **દેહભૃતા** - શરીરધારી કોઈપણ મનુષ્ય દ્વારા; **અશેષતઃ** - સંપૂર્ણ રીતે; **કર્માણિ ત્યક્તું** - સર્વ કર્મનો ત્યાગ કરવો; **ન શક્યં** - શક્ય નથી (તેથી); **યઃ** - જે; **કર્મફલત્યાગી** - કર્મફલનો ત્યાગ કરનાર છે; **સઃ તુ** - તે જ; **ત્યાગી** - ત્યાગી છે; **ઈતિ** - તેમ; **અભિધીયતે** - કહેવાય છે;

**ભાવાર્થ :** કારણ કે શરીરધારી કોઈપણ મનુષ્ય દ્વારા સંપૂર્ણ રીતે સર્વ કર્મનો ત્યાગ કરવો શક્ય નથી તેથી જે કર્મફળનો ત્યાગ કરનાર છે તે જ ત્યાગી છે એમ કહેવાય છે. (૧૧)

**અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।**
**ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સંન્યાસિનાં કવચિત્ ॥૧૨॥**

**સંધિવિગ્રહ : અનિષ્ટમિષ્ટં** - અનિષ્ટં + ઈષ્ટં; **ભવત્યત્યાગિનાં** - ભવતિ + અત્યાગિનાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અત્યાગિનાં** - કર્મફળનો ત્યાગ ન કરનારા મનુષ્યોનો; **કર્મણઃ** - કર્મનું; **ઈષ્ટં અનિષ્ટં** - સારું નરસું; **ચ** - અને; **મિશ્રં** - મિશ્ર; (એમ); **ત્રિવિધં ફલં** - ત્રણ પ્રકારનું ફળ; **પ્રેત્ય** - મર્યા પછી (અવશ્ય); **ભવતિ** - હોય છે; **તુ** - પરંતુ; **સંન્યાસિનાં** - કર્મફળનો ત્યાગ કરનારા મનુષ્યોનાં; (કર્મોનું ફળ); **ન કવચિત્ (ભવતિ)** - કોઈપણ કાળે હોતું નથી;

**ભાવાર્થ :** કર્મફળનો ત્યાગ ન કરનારા મનુષ્યોનાં કર્મનું સારું નરસું અને મિશ્ર એમ ત્રણ પ્રકારનું ફળ મર્યા પછી અવશ્ય હોય છે, પરંતુ કર્મફળનો ત્યાગ કરનારા મનુષ્યોનાં કર્મોનું ફળ કોઈપણ કાળે હોતું નથી. (૧૨)

**પંચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।**
**સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ॥૧૩॥**

**સધિવિગ્રહ : પંચૈતાનિ** - પંચ + એતાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મહાબાહો** - હે મહાબાહુ; **સર્વકર્મણામ્** - સર્વ કર્મોની; **સિદ્ધયે** - સિદ્ધિ માટે; **કૃતાન્તે** - કર્મોનો અંત કરવા માટે ઉપાય બતાવનારાં; **એતાનિ** - આ; **પંચ** - પાંચ; **કારણાનિ** - કારણો; **સાંખ્યે** - સાંખ્યશાસ્ત્રમાં; **પ્રોક્તાનિ** - કહેવામાં આવ્યા છે; (**તાનિ** - તે; **ત્વં** - તું); **મે**

- મારી પાસેથી; **નિબોધ** - સારી રીતે જાણ;

**ભાવાર્થ :** હે મહાબાહુ ! સર્વ કર્મોની સિદ્ધિ માટે કર્મોનો અંત કરવા માટે ઉપાય બતલાવનારાં પાંચ કારણો સાંખ્યશાસ્ત્રમાં કહેવામાં આવ્યાં છે તે તું મારી પાસેથી સારી રીતે જાણ. (૧૩)

**અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।**
**વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્ ॥૧૪॥**

**સંધિવિગ્રહ : વિવિધાશ્ચ** - વિવિધાઃ + ચ; **પૃથક્ચેષ્ટા દૈવં** - પૃથક્ ચેષ્ટાઃ + દૈવં; **ચૈવાત્ર** - ચ + એવ + અત્ર; **અધિષ્ઠાનં** - શરીર, ભૂમિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અત્ર** - આ વિશે (કર્મોની સિદ્ધિ થવાનાં); **અધિષ્ઠાનં** - અધિષ્ઠાન; **ચ** - અને; **કર્તા** - કર્તા; **ચ** - તથા; **પૃથગ્વિધમ્** - જુદા જુદા પ્રકારના; **કરણં** - કરણો; **ચ** - તેમજ; **વિવિધાઃ** - અનેક પ્રકારની; **પૃથક્** - જુદી જુદી; **ચેષ્ટાઃ** - ચેષ્ટાઓ (અને); **તથા** - તે પ્રમાણે; **એવ** - જ; (તે જ રીતે); **પંચમં** - પાંચમું કારણ; **દૈવં** - દૈવ છે; (**દૈવ** – પૂર્વ કરેલા શુભાશુભ કર્મના સંસ્કાર);

**ભાવાર્થ :** આ વિશે કર્મોની સિદ્ધિ થવાનાં અધિષ્ઠાન અને કર્તા તથા જુદા જુદા પ્રકારના કારણો તેમજ અનેક પ્રકારની જુદી જુદી ચેષ્ટાઓ અને તે જ રીતે પાંચમું કારણ દૈવ છે. (૧૪)




**શરીરવાંઙ્મનોભિર્યત્કર્મ પ્રારભતે નરઃ ।**
**ન્યાય્યં વા વિપરીતં વા પંચૈતે તસ્ય હેતવઃ ॥૧૫॥**

**સંધિવિગ્રહ : શરીરવાંઙ્મનોભિર્યત્કર્મ** - શરીરવાઙ્મનોભિઃ + યત્ + કર્મ; **પંચૈતે** - પંચ + એતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : નરઃ** - મનુષ્ય; **શરીરવાંઙ્મનોભિ** - શરીર, વાણી અને મનથી; **ન્યાય્યં** - શાસ્ત્રને અનુકૂળ; **વા** - અથવા; **વિપરીતં** - વિપરીત; **યત્ કર્મ** - જે કાંઈ પણ કર્મ; **પ્રારંભતે** - આચરે છે; **તસ્ય** - તેનાં; **એતે** - આ; **પંચ** - પાંચે(ય); **હેતવઃ** - કારણો છે;

**ભાવાર્થ :** મનુષ્ય મન, વાણી અને શરીરથી શાસ્ત્રને અનુકૂળ અથવા વિપરીત જે કંઈ પણ આચરે છે તેનાં આ પાંચેય કારણો છે. (૧૫)

**તત્રૈવં સતિ કર્તારમાત્મનં કેવલં તુ યઃ ।**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વાન્ન સ પશ્યતિ દુર્મતિઃ ॥૧૬॥**

**સંધિવિગ્રહ : તત્રૈવં** - તત્ર + એવં; **કર્તારમાત્માનં** - કર્તારં + આત્માનં; **પશ્યત્યકૃતબુદ્ધિત્વાન્ન** - પશ્યતિ + **અકૃતબુદ્ધિત્વાત્** - પશ્યતિ + અકૃતબુદ્ધિત્વાત્ + ન; **સ પશ્યતિ** - સઃ + પશ્યતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **એવં** - આમ; **સતિ** - હોવા છતાં; **યઃ** - જે મનુષ્ય; **અકૃતબુદ્ધિત્વાત્** - અશુદ્ધ બુદ્ધિ

હોવાના કારણે; **તત્ર** - તે વિષયમાં; (કર્મોમાં થવામાં); **કેવલં** - કેવળ શુદ્ધ સ્વરૂપ; **આત્માનં** - આત્માને; **કર્તારં પશ્યતિ** - કર્તા સમજે છે; **સઃ** – તે; **દુર્મતિઃ** - મલિન બુદ્ધિનો અજ્ઞાની; **ન પશ્યતિ** - બરાબર સમજતો નથી;

**ભાવાર્થ :** પરંતુ આમ હોવા છતાં જે મનુષ્ય અશુદ્ધ બુદ્ધિ હોવાના કારણે તે વિષયમાં (કર્મોમાં થવામાં) કેવળ શુદ્ધ સ્વરૂપ આત્માને જ કર્તા સમજે છે તે મલિન બુદ્ધિનો અજ્ઞાની બરાબર સમજતો નથી. (૧૬)

**યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।**
**હત્વાપિ સ ઈમાઁલ્લોકાન્ન હન્તિ ન નિબધ્યતે ॥૧૭॥**

**સંધિવિગ્રહ : નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય** - ન + અહંકૃતઃ + ભાવઃ + બુદ્ધિઃ + યસ્ય; **હત્વાપિ** - હત્વા + અપિ; **સ ઈમાઁલ્લોકાન્ન** - સઃ + ઈમાન્ + લોકાન્ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યસ્ય** - જે મનુષ્યનાં (અંતઃકરણમાં); **અહંકૃતઃ** - હું કર્તા છું એવો; **ભાવઃ** - ભાવ; **ન** - નથી (તથા); **યસ્ય** - જેની; **બુદ્ધિઃ** - બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં; **ન લિપ્યતે** - લેપાતી નથી; **સઃ** - તે મનુષ્ય; **ઈમાન્ લોકાન્** - આ સર્વ લોકોને; **હત્વા અપિ** - હણીને પણ; (વાસ્તવમાં) **ન હન્તિ** - ન તો હણે છે (યા) **ન નિબધ્યતે** - ન તો (પાપથી) બંધાય છે;

**ભાવાર્થ :** જે મનુષ્યનાં અંતઃકરણમાં હું કર્તા છું એવો

ભાવ નથી તથા જેની બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી તે મનુષ્ય આ સર્વે લોકોને હણીને પણ વાસ્તવમાં ન તો હણે છે કે ન તો પાપથી બંધાય છે. (૧૭)

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના ।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ ॥૧૮॥**

**સંધિવિગ્રહ : કર્તેતિ** - કર્તા + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરિજ્ઞાતા** - જ્ઞાતા (જાણનારો); **જ્ઞાનં** - જ્ઞાનં (અને); **જ્ઞેયં** - જ્ઞેય; **ત્રિવિધા** - આ ત્રણ પ્રકારના; **કર્મચોદના** - કર્મના પ્રેરકો છે; (અને) **કર્તા** - કર્તા; **કરણં** - કરણ (તથા); **કર્મ** - ક્રિયા; **ઈતિ** - આ; **ત્રિવિધા** - ત્રણ પ્રકારનાં; **કર્મસંગ્રહઃ** - કર્મસંગ્રહ (કર્મના સાધનો) છે;

**ભાવાર્થ :** જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આ ત્રણ પ્રકારના કર્મના પ્રેરકો છે અને કર્તા, કરણ અને ક્રિયા આ ત્રણ પ્રકારના કર્મસંગ્રહ (કર્મનાં સાધનો) છે. (૧૮)

**જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।**
**પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવચ્છૃણુ તાન્યપિ ॥૧૯॥**

**સંધિવિગ્રહ : યથાવચ્છૃણુ** - યથાવત્ + શ્રુણુ; **તાન્યપિ** - તાનિ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ગુણસંખ્યાને** - ગુણોની સંખ્યા

કરનારા શાસ્ત્રમાં; (**સાંખ્ય** - શાસ્ત્રમાં); **ગુણભેદતઃ** - ગુણોના ભેદને લીધે; **જ્ઞાનં** - જ્ઞાન; (**ચ** - અને); **કર્મ** - કર્મ; **ચ** - તથા; **કર્તા** - કર્તા; **ત્રિધા** - ત્રણ ત્રણ પ્રકારના; **એવ** - જ; **પ્રોચ્યતે** - કહેવાયા છે; **તાનિ** - તેમને; **અપિ** - પણ; (તું મારી પાસેથી); **યથાવત્** - સારી પેઠે; **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** ગુણોની સંખ્યા કરનારા શાસ્ત્રમાં, (સાંખ્યશાસ્ત્રમાં) ગુણોના ભેદને લીધે જ્ઞાન, કર્મ તથા કર્તા એમ ત્રણ ત્રણ પ્રકારના જે કહેવાયા છે તેમને પણ તું મારી પાસેથી સારી પેઠે સાંભળ. (૧૯)

**સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે ।**
**અવિભક્તં વિભકતેષુ તજજ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ॥૨૦॥**

**સંધિવિગ્રહ : યેનૈકં** - યેન + એકં; **ભાવમવ્યયમીક્ષતે** - ભાવં + અવ્યયં + ઈક્ષતે; **તજજ્ઞાનં** - તત્ + જ્ઞાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યેન** - જે; (જ્ઞાનથી મનુષ્ય); **વિભક્તેષુ** - ભિન્ન ભિન્ન; **સર્વભૂતેષુ** - સર્વ પ્રાણીઓમાં; **એકં** - એક; **અવ્યયં** - અવિનાશી; **ભાવં** - પરમાત્મ ભાવને; **અવિભક્તં** - વિભાગ રહિત; (સમભાવે રહેલો); **ઈક્ષતે** - જુએ છે; **તત્ જ્ઞાનં** - તે જ્ઞાનને; **સાત્ત્વિકં વિદ્ધિ** - સાત્ત્વિક જાણ;

**ભાવાર્થ :** જે જ્ઞાનથી મનુષ્ય ભિન્ન ભિન્ન સર્વ પ્રાણીઓમાં એક અવિનાશી પરમાત્મભાવને વિભાગ રહિત સમભાવે

રહેલો જુએ છે તે જ્ઞાનને તું સાત્ત્વિક જાણ. (૨૦)

**પૃથક્ત્વેન તુ યજ્જ્ઞાનં નાનાભાવાન્પૃથગ્વિધાન્ ।**
**વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥૨૧॥**

**સંધિવિગ્રહ : યજ્જ્ઞાનં** - યત્ + જ્ઞાનં; **નાનાભાવાન્પૃથગ્વિધાન્** - નાનાભાવાન્ + પૃથક્ + વિધાન્; **તજ્જ્ઞાનં** - તત્ + જ્ઞાનં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યત્ જ્ઞાનં** - જે જ્ઞાન (જે જ્ઞાન દ્વારા મનુષ્ય); **સર્વેષુ ભૂતેષુ** - સકળ પ્રાણીઓમાં; **નાના ભાવાન્** - અનેક ભાવોને; **પૃથક્ વિધાન્** - જુદા જુદા સ્વરૂપે; **વેત્તિ** - જાણે છે; **તત્ જ્ઞાનં** - તે જ્ઞાનને; (તુ) **રાજસં વિદ્ધિ** - રાજસ જાણ;

**ભાવાર્થ :** પરંતુ જે જ્ઞાનને (જે જ્ઞાન દ્વારા મનુષ્ય) સકળ પ્રાણીઓમાં અનેક ભાવોને જુદા જુદા સ્વરૂપે જાણે છે તે જ્ઞાનને તું રાજસ જાણ. (૨૧)

**યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્કાર્યે સકતમહૈતુકમ્ ।**
**અતત્ત્વાર્થવદલ્પં ચ તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥**

**સંધિવિગ્રહ : યત્તુ** - યત્ + તુ; **કૃત્સ્નવદેકસ્મિન્કાર્યે** - કૃત્સ્નવત્ + એકસ્મિન્ + કાર્યે; **સકતમહૈતુકમ્** - સક્તં + અહૈતુકં; **અતત્ત્વાર્થવદલ્પં** - અતત્ત્વાર્થવત્ + અલ્પં;

**તત્તામસમુદાહૃતમ્** - તત્ + તામસં + ઉદાહૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યત્** - જે (જ્ઞાન); **એકસ્મિન્ કાર્યે** - એકલા કાર્યરૂપ શરીરમાં જ; **કૃત્સ્નવત્** - સંપૂર્ણની જેમ; **સક્તં** - આસક્ત રહેનારું છે; **ચ** - તથા (જે); **અહૈતુકં** - યુક્તિ વિનાનું; **અતત્ત્વાર્થવત્** - તાત્ત્વિક અર્થથી રહિત છે (અને); **અલ્પં** - તુચ્છ છે; **તત્** - તે; **તામસં ઉદાહૃતં** - તામસ કહેવાયું છે;

**ભાવાર્થ :** પરંતુ જે જ્ઞાન એકલા કાર્યરૂપ શરીરમાં જ સંપૂર્ણની જેમ આસક્ત રહેનારું છ તથા જે યુક્તિ વિનાનું, તાત્ત્વિક અર્થથી રહિત છે અને તુચ્છ છે તે તામસ કહેવાયું છે. (૨૨)

**નિયતં સંગરહિતમરાગદ્વેષતઃ કૃતમ્ ।**
**અફલપ્રેપ્સુના કર્મ યત્તત્સાત્ત્વિકમુચ્યતે ॥૨૩॥**

**સંધિવિગ્રહ : સંગરહિતમરાગદ્વેષતઃ** - સંગરહિતં + અરાગદ્વેષતઃ; **યત્તત્સાત્ત્વિકમુચ્યતે** - યત્ + તત્ + સાત્ત્વિકં + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્કર્મ** - જે કર્મ; **નિયતં** - શાસ્ત્રવિધિ પ્રમાણે; નિયત થયેલું હોય; (તથા) **સંગરહિતં** - કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કરવામાં આવ્યું હોય; (તથા) **અફલપ્રેપ્સુના** - ફળ ના ચાહનારા મનુષ્ય દ્વારા; **અરાગદ્વેષતઃ** - રાગદ્વેષ રાખ્યા વિના; **કૃતં** - કરવામાં આવ્યું હોય; **તત્** -

તે; **સાત્ત્વિકં ઉચ્યતે** - (કર્મ) સાત્ત્વિક કહેવાય છે;

**ભાવાર્થ :** જે કર્મ શાસ્ત્રવિધિ પ્રમાણે નિયત થયેલું હોય તથા કર્તાપણાના અભિમાનથી રહિત થઈને કરવામાં આવ્યું હોય તથા ફળ ન ચાહનારા મનુષ્ય દ્વારા રાગદ્વેષ રાખ્યા વિના કરવામાં આવ્યું હોય તે કર્મ સાત્ત્વિક કહેવાય છે; (૨૩)

**યત્તુ કામેપ્સુના કર્મ સાહંકારેણ વા પુનઃ ।**
**ક્રિયતે બહુલાયાસં તદ્રાજસમુદાહૃતમ્ ॥૨૪॥**

**સંધિવિગ્રહ : યત્તુ** - યત્ + તુ; **સાહંકારેણ** - સ + અહંકારેણ; **બાહુલાયાસં** - બહુલ + આયાસં; **તદ્રાજસમુદાહૃતમ્** - તત્ + રાજસં + ઉદાહૃતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **યત્** - જે; **કર્મ** - કર્મ; **બહુલાયાસં** - ઘણો પરિશ્રમ વેઠીને કરાય છે; **પુનઃ** - અને વળી; **કામેપ્સુના** - ભોગોને ઈચ્છતા માણસ વડે; **વા** - કે; **અહંકારેણ** - અહંકારી માણસ વડે; **ક્રિયતે** - કરવામાં આવે છે; **તત્** - તે; (કર્મ) **રાજસં ઉદાહૃતં** - રાજસ કહેવાયું છે.

**ભાવાર્થ :** પરંતુ જે કર્મ ઘણો પરિશ્રમ વેઠીને કરાય છે અને વળી ભોગોને ઈચ્છતા માણસ વડે કે અહંકારી માણસ વડે કરવામાં આવે છે તે કર્મ રાજસ કહેવાય છે. (૨૪)

**અનુબન્ધં ક્ષયં હિંસામનવેક્ષ્ય ચ પૌરુષમ્ ।**
**મોહાદારભ્યતે કર્મ યત્તત્તામસમુચ્યતે ॥૨૫॥**

**સંધિવિગ્રહ : હિંસામનવેક્ષ્ય** - હિંસાં + અનવેક્ષ્ય; **મોહાદારભ્યતે** - મોહાત્ + આરભ્યતે; **યત્તત્તામસમુચ્યતે** - યત્ + તત્ + તામસં + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ કર્મ** - જે કર્મ; **અનુબંધં** - પરિણામ; **ક્ષયં** - હાનિ; **હિંસાં** - હિંસા; **ચ** - અને; **પૌરુષં** - સામર્થ્યને; **અનવેક્ષ્ય** - ધ્યાનમાં લીધા વિના; **મોહાત્** - કેવળ અજ્ઞાનથી; **આરભ્યતે** - આરંભ કરવામાં આવે છે; **તત્** - તે (કર્મ); **તામસં ઉચ્યતે** - તામસ કહેવાય છે;

**ભાવાર્થ :** જે કર્મ પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યને ધ્યાનમાં લીધા વિના કેવળ અજ્ઞાનથી આરંભ કરવામાં આવે છે તે કર્મ તામસ કહેવાય છે. (૨૫)

**મુક્તસંગોઽનહંવાદી ધૃત્યુત્સાહસમન્વિતઃ ।**
**સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે ॥૨૬॥**

**સંધિવિગ્રહ : મુક્તસંગોઽનહંવાદી** - મુક્તસંગઃ + અનહંવાદી; **ધૃત્યુ - સાહસમન્વિતઃ** - ધૃતિ + ઉત્સાહસમન્વિતઃ; **સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ** - સિદ્ધ્યસિદ્ધ્યોઃ + નિર્વિકારઃ; **સાત્ત્વિક ઉચ્યતે** - સાત્ત્વિકઃ + ઉચ્યતે;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે) **કર્તા** - કર્તા; **મુક્તસંગઃ** - સંગરહિત; **અનહંવાદી** - અહંકારભર્યાં વચનો ન બોલનાર; **ધૃત્યુત્સાહસમન્વિતઃ** - ધૈર્ય અને ઉત્સાહ ધરાવનાર; **સિદ્ધ્ય**

**સિદ્ધયોઃ** - કાર્યના સિદ્ધિ કે અસિદ્ધિમાં; **નિર્વિકારઃ** - હર્ષ શોક વગેરે વિકારોથી રહિત છે (તે); **સાત્ત્વિકઃ ઉચ્યતે** - સાત્ત્વિક કહેવાય છે;

**ભાવાર્થ :** જે કર્તા સંગ રહિત, અહંકારભર્યાં વચનો ન બોલનાર, ધૈર્ય અને ઉત્સાહ ધરાવનાર, કાર્યના સિદ્ધિ કે અસિદ્ધિમાં હર્ષ શોક વગેરે વિકારોથી રહિત છે તે સાત્ત્વિક કહેવાય છે. (૨૬)

**રાગી કર્મફલપ્રેપ્સુર્લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ ।**
**હર્ષશોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ॥૨૭॥**

**સંધિવિગ્રહ : કર્મફલપ્રેપ્સુર્લુબ્ધો હિંસાત્મકોઽશુચિ** - કર્મફલપ્રેપ્સુઃ + લુબ્ધઃ + હિંસાત્મકઃ + અશુચિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે) **કર્તા** - કર્તા; **રાગી** - આસક્તિવાળો; **કર્મફલપ્રેપ્સુ** - કર્મોના ફળની લાલસા રાખનાર; **લુબ્ધઃ** - લોભી; **હિંસાત્મકઃ** - બીજાને કષ્ટ આપવાના સ્વભાવવાળો; **અશુચિઃ** - અશુદ્ધ આચરણ કરનાર; (તેમજ); **હર્ષશોકાન્વિતઃ** - હર્ષ શોકથી લિપ્ત છે; (તે) **રાજસઃ પરિકીર્તિતઃ** - રાજસ કહેવાયો છે;

**ભાવાર્થ :** જે કર્તા આસક્તિવાળો, કર્મોનાં ફળની લાલસા રાખનાર, લોભી, બીજાને કષ્ટ આપવાના સ્વભાવવાળો, અશુદ્ધ આચરણ કરનાર તેમજ હર્ષ શોકથી લિપ્ત છે તે રાજસ

કહેવાયો છે. (૨૭)

**અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકોઽલસઃ ।**
**વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામસ ઉચ્યતે ॥૨૮॥**

**સંધિવિગ્રહ : શઠો નૈષ્કૃતિકોઽલસઃ** - શઠઃ + નૈષ્કૃતિકઃ + અલસઃ; **તામસ ઉચ્યતે** - તામસઃ + ઉચ્યતે; **દીર્ઘસૂત્રી** - થોડા સમયમાં થનારા કામને પણ પછી કરીશું એમ મુલત્વી રાખનાર;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (જે) **કર્તાઃ અયુક્તઃ** - અયુક્ત (પોતાને વશમાં ન રાખનાર); **પ્રાકૃતઃ** - અશિક્ષિત; **સ્તબ્ધઃ** - ઘમંડી; **શઠઃ** - ધૂર્ત; **નૈષ્કૃતિકઃ** - બીજાની આજીવિકાનો નાશ કરનાર; (તથા) **વિષાદી** - શોક કરનાર; **અલસઃ** - આળસુ; **ચ** - અને; **દીર્ઘસૂત્રી** - દીર્ઘસૂત્રી (છે) (તે) **તામસઃ ઉચ્યતે** - તામસ કહેવાય છે;

**ભાવાર્થ :** જે કર્તા અયુક્ત, અશિક્ષિત, ઘમંડી, ધૂર્ત, બીજાની આજીવિકાનો નાશ કરનાર, શોક કરનાર, આળસુ અને દીર્ઘસૂત્રી છે તે તામસ કહેવાય છે. (૨૮)

**બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શ્રુણુ ।**
**પ્રોચ્યમાનમશેષેણ પૃથક્ત્વેન ધનંજય ॥૨૯॥**

**સંધિવિગ્રહ : બુદ્ધેર્ભેદં** - બુદ્ધેઃ + ભેદં; **ધૃતેશ્ચૈવ** - ધૃતેઃ + ચ + એવ; **ગુણતસ્ત્રિવિધં** - ગુણતઃ + ત્રિવિધં;

**પ્રોચ્યમાનમશેષેણ** - પ્રોચ્યમાનં + અશેષેણ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ધનંજય** - હે ધનંજય; (હવે) (તું) **બુદ્ધેઃ** - બુદ્ધિનો; **ચ** - અને; **ધૃતેઃ** - ધૃતિનો; **એવ** - પણ; **ગુણતઃ** - ગુણો અનુસાર; **ત્રિવિધં** - ત્રણ પ્રકારનો; **ભેદઃ** - ભેદ; **મયા** - મારા દ્વારા; **અશેષેણ** - સંપૂર્ણપણે; **પૃથક્ત્વેન** - વિભાગપૂર્વક; **પ્રોચ્યામાનં** - કહેવાતો; **શ્રુણુ** - સાંભળ; (**ધૃતિ** - ધૈર્ય)

**ભાવાર્થ :** હે ધનંજય ! હવે તું બુદ્ધિનો અને ધૃતિનો પણ ગુણો અનુસાર ત્રણ પ્રકારનો ભેદ મારા દ્વારા સંપૂર્ણપણે વિભાગપૂર્વક કહેવાતો સાંભળ. (૨૯)

**પ્રવૃતિં ચ નિવૃતિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।**
**બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૦॥**

સંધિવિગ્રહ :

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **યા** - જે (બુદ્ધિ); **પ્રવૃત્તિં** - પ્રવૃત્તિમાર્ગ; **ચ** - અને; **નિવૃત્તિં** - નિવૃત્તિમાર્ગને; **કાર્યાકાર્યે** - કર્તવ્ય અને અકર્તવ્યને; **ભયાભયે** - ભય અને અભયને; **ચ** - તથા; **બંધં** - બંધન; **ચ મોક્ષં** - અને મોક્ષને; **વેત્તિ** - (યથાર્થ રીતે) જાણે છે; **સા બુદ્ધિઃ** - તે બુદ્ધિ; **સાત્ત્વિકી** - સાત્ત્વિકી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! જે બુદ્ધિ પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગને, કર્તવ્ય અને અકર્તવ્યને, ભય અને અભયને તથા

બંધન અને મોક્ષને યથાર્થ રીતે જાણે છે તે બુદ્ધિ સાત્ત્વિકી છે. (૩૦)

**યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।**
**અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥૩૧॥**

**સંધિવિગ્રહ : ધર્મમધર્મં** - ધર્મં + અધર્મં; **ચાકાર્યમેવ** - ચ + અકાર્યં + એવ; **અયથાવત્પ્રજાનાતિ** - અયથાવત્ + પ્રજાનાતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; (મનુષ્ય); **યયા** - જે બુદ્ધિ દ્વારા; **ધર્મંચ અધર્મં** - ધર્મ અને અધર્મને; **ચ** - તથા; **કાર્યં ચ અકાર્યં** - કર્તવ્ય અને અકર્તવ્યને; **એવ** - પણ; **અયથાવત્** - યથાર્થ રીતે નથી; **પ્રજાનાતિ** - જાણી શકતો; **સા બુદ્ધિ** - તે બુદ્ધિ; **રાજસી** - રાજસી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! મનુષ્ય જે બુદ્ધિ દ્વારા ધર્મ અને અધર્મને તથા કર્તવ્ય અને અકર્તવ્યને પણ યથાર્થ રીતે જાણી શકતો નથી તે બુદ્ધિ રાજસી છે. (૩૧)

**અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા ।**
**સર્વાર્થાન્વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥૩૨॥**

**સંધિવિગ્રહ : ધર્મમિતિ** - ધર્મં + ઈતિ; **તમસાવૃતા** - તમસા + આવૃતા; **સર્વાર્થાન્વિપરીતાંશ્ચ** - સર્વાર્થાન્ + વિપરીતાન્ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; (**યા** - જે); **તમસા** - તમોગુણથી; **આવૃતા** - ઘેરાયેલી; **યા** - જે બુદ્ધિ; **અધર્મં** - અધર્મને (પણ); **ધર્મં** - આ ધર્મ છે; **ઈતિ** - એમ; **મન્યતે** - માની લે છે; **ચ** - તથા; (એજ પ્રમાણે બીજા); **સર્વાર્થાન્** - સર્વ પદાર્થોને પણ; **વિપરીતાન્** - અવળા; (માની લે છે); **સા બુદ્ધિઃ તામસી** - તે બુદ્ધિ તામસી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! તમોગુણથી ઘેરાયેલી જે બુદ્ધિ અધર્મને પણ આ ધર્મ છે એમ માની લે છે તથા એ જ પ્રમાણે બીજા સર્વ પદાર્થોને પણ અવળા માની લે છે તે બુદ્ધિ તામસી છે; (૩૨)

**ધૃત્યા યયા ધારયતે મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ ।**
**યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી ॥૩૩॥**

**સંધિવિગ્રહ : યોગેનાવ્યભિચારિણ્યા** - યોગેન + અવ્યાભિચારિણ્યા;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **યથા** - જે; **અવ્યાભિચારિણ્યા** - અવ્યભિચારરિણી; **ધૃત્યા** - ધારણશક્તિથી; (મનુષ્ય); **યોગેન** - ધ્યાનયોગ દ્વારા; **મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ** - મન, પ્રાણ અને ઈન્દ્રિયોને; **ધારયતે** - ધારણ કરે છે; **સા ધૃતિઃ** - તે ધૃતિ; **સાત્ત્વિકી** - સાત્ત્વિકી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! જે અવ્યભિચારિણી ધારણશક્તિથી મનુષ્ય ધ્યાનયોગ દ્વારા મન, પ્રાણ અને ઈન્દ્રિયોને ધારણ

કરે છે તે ધૃતિ સાત્ત્વિકી છે. (૩૩)

**યયા તુ ધર્મકામાર્થાન્ધૃત્યા ધારયતેઽર્જુન ।**
**પ્રસંગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ રાજસી ॥૩૪॥**

**સંધિવિગ્રહ : ધર્મકામાર્થાન્ધૃત્યા** - ધર્મકામાર્થાન્ + ધૃત્યા; **ધારયતેઽર્જુન** - ધારયતે + અર્જુન;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તુ** - પરંતુ; **પાર્થ** - અર્જુન; **હે પાર્થ** - હે અર્જુન !; **ફલાકાંક્ષી** - ફળની આકાંક્ષા રાખનાર મનુષ્ય; **યયા** - જે; **ધૃત્યા** - ધારણ શક્તિ દ્વારા; **પ્રસંગેન** - અત્યંત આસક્તિપૂર્વક; **ધર્મકામાર્થાન્** - ધર્મ, અર્થ અને કામને; **ધારયતે** - ધારણ કરે છે; **સા ધૃતિઃ** - તે ધૃતિ (ધારણશક્તિ); **રાજસી** - રાજસી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! હે અર્જુન ! ફળની આકાંક્ષા રાખનાર મનુષ્ય જે ધારણશક્તિ દ્વારા ખૂબ આસક્તિપૂર્વક ધર્મ, અર્થ અને કામને ધારણ કરે છે તે ધારણશક્તિ રાજસી છે. (૩૪)

**યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।**
**ન વિમુંચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ તામસી ॥૩૫॥**

**સંધિવિગ્રહ : મદમેવ** - મદં + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ; **દુર્મેધા** - દુષ્ટ બુદ્ધિનો મનુષ્ય; **યયા** - જે; (ધારણશક્તિ દ્વારા); **સ્વપ્નં** - નિદ્રા;

**ભયં શોકં** - ભય, ચિંતા; **ચ** - અને; **વિષાદં** - દુઃખને; **મદં** - તથા ઉન્મત્તપણાને; **એવ** - પણ; **ન વિમુંચતિ** - છોડતો નથી; (પણ પકડી રાખે છે); **સા ધૃતિઃ** - તે ધારણશક્તિ; **તામસી** - તામસી છે;

**ભાવાર્થ :** હે પાર્થ ! દુષ્ટ બુદ્ધિનો માણસ જે ધારણશક્તિ દ્વારા નિદ્રા, ભય, ચિંતા અને દુઃખ તથા ઉન્મત્તપણાને પણ છોડતો નથી તે ધારણશક્તિ તામસી છે. (૩૫)

**સુખં ત્વિદાનીં ત્રિવિધં શ્રુણુ મે ભરતર્ષભ ।**
**અભ્યાસાદ્રમતે યત્ર દુઃખાન્તં ચ નિગચ્છતિ ॥૩૬॥**

**યત્તદગ્રે વિષમિવ પરિણામેડમૃતોપમમ્ ।**
**તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તમાત્મબુદ્ધિપ્રસાદજમ્ ॥૩૭॥**

**સંધિવિગ્રહ : ત્વિદાનીં** - તુ + ઈદાનીં; **અભ્યાસદ્રમતે** - અભ્યાસાત્ + રમતે; **યત્તદગ્રે** - યત્ + તત્ + અગ્રે; **વિષમિવ** - વિષં + ઈવ; **પરિણામેડમૃતોપમમ્** - પરિણામે + અમૃતોપમં; **તત્સુખં** - તત્ + સુખં; **પ્રોક્તમાત્મબુપ્રસાદજમ્** - પ્રોક્તં + આત્મબુદ્ધિપ્રસાદજમ્

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભરતર્ષભ** - હે ભરતશ્રેષ્ઠ; **ઈદાનીં** - હવે; **ત્રિવિધં** - ત્રણ પ્રકારના; **સુખં** - સુખને; **તુ** - પણ; **મે** - મારી પાસેથી; **શ્રુણુ** - તું સાંભળ; **યત્ર** - જે સુખમાં; (સાધક

મનુષ્ય); **અભ્યાસાત્** - ભજન ધ્યાન અને સેવા આદિના અભ્યાસથી; **રમતે** - રમણ કરે છે; **ચ** - અને; **દુઃખાન્તં નિગચ્છતિ** - જેથી દુઃખોના અંતને પામી જાય છે; **યત્** - જે (આ પ્રકારનું સુખ છે); **તત્** - તે; **અગ્રે** - શરૂઆતમાં (જો કે); **વિષં ઈવ** - વિષ સમાન લાગે છે; (પરંતુ); **પરિણામે** - પરિણામે; **અમૃતોપમં** - અમૃત જેવું છે; (તેથી); **તત્** - તે; **આત્મબુદ્ધિપ્રસાદજમ્** - પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઉપજનારું; **સુખં** - સુખ; **સાત્ત્વિકં પ્રોક્તં** - સાત્ત્વિક કહેવાયું છે;

**ભાવાર્થ :** હે ભરતશ્રેષ્ઠ ! હવે ત્રણ પ્રકારના સુખને પણ મારી પાસેથી તું સાંભળ; જે સુખમાં સાધક મનુષ્ય ભજન, ધ્યાન અને સેવા આદિના અભ્યાસથી રમણ કરે છે અને જેથી દુઃખોના અંતને પામી જાય છે, જે આ પ્રકારનું સુખ છે તે શરૂઆતમાં જો કે વિષ સમાન લાગે છે, પરંતુ પરિણામે અમૃત જેવું છે તેથી તે પરમાત્મવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઉપજનારું સુખ સાત્ત્વિક કહેવાયું છે. (૩૬, ૩૭)

**વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ ।**
**પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ॥૩૮॥**

**સંધિવિગ્રહ : વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્** - વિષયેન્દ્રિયસંયોગાત્ + યત્ + તત્ + અગ્રે + અમૃતોપમં; **વિષમિવં** - વિષં + ઈવ; **તત્સુખં** - તત્ + સુખં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ સુખં** - જે સુખ; **વિષયેન્દ્રિય-સંયોગાત્** - (ભવતિ) વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી થાય છે; **તત્** - તે; **અગ્રે** - શરૂઆતમાં; (ભોગકાળમાં); **અમૃતોપમં** - અમૃત જેવું લાગવા છતાં; **પરિણામે** - પરિણામમાં; **વિષં ઈવ** - વિષ જેવું છે; (તેથી) **તત્** - તે સુખ; **રાજસં સ્મૃતં** - રાજસ કહેવાયું છે;

**ભાવાર્થ :** જે સુખ વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી ઉપજે છે તે શરૂઆતમાં ભોગકાળમાં અમૃત જેવું લાગવા છતાં પરિણામમાં વિષ જેવું છે તેથી તે સુખ રાજસ કહેવાયું છે. (૩૮)

**યદગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમાત્મનઃ ।**
**નિદ્રાલસ્યપ્રમાદોત્થં તત્તામસમુદાહૃતમ્ ॥૩૯॥**

**સંધિવિગ્રહ : યદગ્રે** - યત્ + અગ્રે; **ચાનુબંધે** - ચ + અનુબંધે; **મોહનમાત્મનઃ** - મોહનં + આત્મનઃ; **તત્તામસમુદાહૃતમ્** - તત્ + તામસં + ઉદાહૃતં; (**પ્રમાદોત્થં** - પ્રમાદ + ઉત્થં);

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્ સુખં** - જે સુખ; **અગ્રે** - ભોગકાળમાં (શરૂઆતમાં); **ચ** - તથા; **અનુબંધે** - પરિણામે; **ચ** - પણ; **આત્મનઃ મોહનં** - આત્માને મોહિત કરનારું છે; **તત્** - તે; **નિદ્રાલસ્યપ્રમાદોત્થં** - નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી જન્મેલું (સુખ) છે; **તત્** - તે; **તામસં ઉદાહૃતં** - તામસ કહેવાયું છે;

**ભાવાર્થ :** જે સુખ ભોગકાળમાં શરૂઆતમાં તથા પરિણામે પણ આત્માને મોહિત કરનારું છે તે નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી જન્મેલું સુખ તામસ કહેવાયું છે. (૩૯)

**ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।**
**સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્ત્રિભિર્ગુણૈઃ ॥૪૦॥**

**સંધિવિગ્રહ : તદસ્તિ** - તત્ + અસ્તિ; **પ્રકૃતિજૈર્મુક્તં** - પ્રકૃતિજૈઃ + મુક્તં; **યદેભિઃ** - યત્ + એભિઃ; **સ્યાત્ત્રિભિર્ગુણૈઃ** - સ્યાત્ + ત્રિભિઃ + ગુણૈ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પૃથિવ્યાં** - પૃથ્વી પર; **દિવિ** - આકાશમાં; **દેવેષુ** - દેવતાઓમાં; **વા પુનઃ** - અથવા એ સિવાય ક્યાંય પણ; **તત્** - તેવો (કોઈપણ); **સત્ત્વં** - જીવ; **ન અસ્તિ** - નથી; **યત્** - જે; **પ્રકૃતિજૈઃ** - પ્રકૃતિમાંથી જન્મેલા; **એભિઃ** - આ; **ત્રિભિઃ** - ત્રણ; **ગુણૈઃ** - ગુણોથી; **મુક્તં સ્યાત્** - મુક્ત હોય;

**ભાવાર્થ :** પૃથ્વી પર, આકાશમાં, દેવતાઓમાં અથવા એ સિવાય ક્યાંય પણ તેવો કોઈપણ જીવ નથી જે પ્રકૃતિમાંથી જન્મેલા આ ત્રણ ગુણોથી મુક્ત હોય. (૪૦)

**બ્રાહ્મણક્ષત્રિયવિશાં શૂદ્રાણાં ચ પરન્તપ ।**
**કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ ॥૪૧॥**

**સંધિવિગ્રહ : સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ** - સ્વભાવપ્રભવૈઃ + ગુણૈઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પરંતપ** - હે પરંતપ; **બ્રાહ્મણક્ષત્રિયવિશાં** - બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્યો; **ચ** - તથા; **શૂદ્રાણાં** - શૂદ્રોનાં; **કર્માણિ** - કર્મો; **સ્વભાવપ્રભવૈઃ** - સ્વભાવમાંથી ઉપજેલા; **ગુણૈઃ** - ગુણો દ્વારા; **પ્રવિભક્તનિ** - વિભક્ત કરવામાં આવ્યા છે;

**ભાવાર્થ :** હે પરંતપ ! બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્ય તથા શૂદ્રોનાં કર્મો સ્વભાવમાંથી ઉપજેલા ગુણો દ્વારા વિભક્ત કરવામાં આવ્યા છે. (૪૧)

**શમો દમસ્તપઃ શોચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।**
**જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥૪૨॥**

**સંધિવિગ્રહ : શમો દમસ્તપઃ** - શમઃ + દમઃ + તપઃ; **ક્ષાન્તિરાર્જવમેવ** - ક્ષાંતિ + આર્જવં + એવ; **વિજ્ઞાનમાસ્તિક્યં** - વિજ્ઞાનં + આસ્તિક્યં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : શમઃ** - અંતઃકરણનો નિગ્રહ કરવો; **દમઃ** - ઈન્દ્રિયોનું દમન કરવું; **તપઃ** - ધર્મપાલન માટે કષ્ટ સહન કરવું; **શૌચં** - બાહ્ય ભીતરથી શુદ્ધ રહેવું; **ક્ષાંતિઃ** - અન્યના અપરાધોને ક્ષમા આપવી; **આર્જવં** - મન, ઈન્દ્રિય તેમજ શરીરને સરળ સ્વભાવનાં કરવાં; **અસ્તિક્યં** - વેદ; શાસ્ત્ર, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી; **જ્ઞાનં** - વેદશાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન; **ચ** - અને; **વિજ્ઞાનં** - પરમાત્માના તત્ત્વને

અનુભવવું; **એવ** - તે જ; **બ્રહ્મકર્મસ્વભાવજમ્** - આ સર્વ બ્રાહ્મણોના સ્વાભાવિક કર્મો છે;

**ભાવાર્થ :** અંતઃકરણનો નિગ્રહ કરવો, ઈન્દ્રિયોનું દમન કરવું, ધર્મપાલન માટે કષ્ટ સહન કરવું, બાહ્ય ભીતરથી શુદ્ધ રહેવું, અન્યના અપરાધોને ક્ષમા આપવી, મન, ઈન્દ્રિય તેમજ શરીરને સરળ સ્વભાવવાળા કરવાં, વેદ, શાસ્ત્ર, ઈશ્વર અને પરલોક આદિમાં શ્રદ્ધા રાખવી, વેદશાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન અને પરમાત્માના તત્ત્વને અનુભવવું - તે જ; આ સર્વ બ્રાહ્મણોનાં સ્વાભાવિક કર્મો છે. (૪૨)

**શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।**
**દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ॥૪૩॥**

**સંધિવિગ્રહ : તેજો ધૃતિર્દાક્ષ્યં** - તેજઃ + ધૃતિઃ + દાક્ષ્યં; **ચાપ્યપલાયનમ્** - ચ + અપિ + અપલાયનં; **દાનમીશ્વરભાવશ્ચ** - દાનં + ઈશ્વરભાવઃ + ચ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : શૌર્યં** - શૌર્યં; **તેજઃ** - તેજ; **ધૃતિ** - ધૈર્ય; **દાક્ષ્યં** - દક્ષતા (ચતુરતા); **ચ** - અને; **યુદ્ધે અપિ** - યુદ્ધમાં પણ; **અપલાયનં** - ન ભાગવું; **દાનં** - દાન આપવું; **ચ** - અને; **ઈશ્વરભાવઃ** - સ્વામિભાવ - આ સર્વ તમામ જ; **ક્ષાત્રં** - ક્ષત્રિયનાં; **સ્વભાવજં કર્મ** - સ્વાભાવિક કર્મો છે;

**ભાવાર્થ :** શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષતા અને યુદ્ધમાં પણ

ન ભાગવું, દાન આપવું અને સ્વામિભાવ - આ સર્વ તમામ જ ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે. (૪૩)

**કૃષિગૌરક્ષ્યવાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।**
**પરિચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપિ સ્વભાવજમ્ ॥૪૪॥**

**સંધિવિગ્રહ : શૂદ્રસ્યાપિ** - શૂદ્રસ્ય + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૃષિ** - ખેતી; **ગૌરક્ષ્ય** - ગૌપાલન; **વાણિજ્યં** - ખરીદવા વેચવારૂપી સત્યવ્યવહાર; (આ) **વૈશ્યકર્મસ્વભાવજં** - વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે; **પરિચર્યાત્મકં** - સર્વ વર્ણોની સેવા કરવી; **શૂદ્રસ્ય અપિ** - શૂદ્રનું પણ; **સ્વભાવજં કર્મ** - સ્વભાવિક કર્મ છે;

**ભાવાર્થ :** ખેતી, ગૌપાલન, ખરીદવા વેચવારૂપી સત્યવ્યવહાર - આ વૈશ્યના સ્વાભાવિક કર્મો છે; સર્વ વર્ણોની સેવા કરવી તે શૂદ્રનું પણ સ્વાભાવિક કર્મ છે. (૪૪)

**સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।**
**સ્વકર્મનિરતઃ સિદ્ધિં યથા વિન્દતિ તચ્છૃણુ ॥૪૫॥**

**સંધિવિગ્રહ : કર્મણ્યભિરતઃ** - કર્મણિ + અભિરતઃ; **તચ્છૃણુ** - તત્ + શ્રુણુ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સ્વે સ્વે** - પોત પોતાના (સ્વાભાવિક); **કર્મણિ** - કર્મમાં; **અભિરતઃનરઃ** - તત્પરતાથી જોડાયેલો

મનુષ્ય; **સંસિદ્ધિં** - ભગવાનની પ્રાપ્તિરૂપ પરમ સિદ્ધિને; **લભતે** - પામે છે; **સ્વકર્મનિરતઃ** - પોતાના સ્વાભાવિક કર્મમાં તત્પર મનુષ્ય; **યથા** - જે પ્રકારે કર્મ કરીને; **સિદ્ધિં વિન્દતિ** - પરમ સિદ્ધિ પામે છે; **તત્** - તે / વિધિને; (તું); **શ્રુણુ** - સાંભળ;

**ભાવાર્થ :** પોતપોતાના સ્વાભાવિક કર્મમાં તત્પરતાથી જોડાયેલો મનુષ્ય ભગવાનની પ્રાપ્તિરૂપ પરમ સિદ્ધિને પામે છે, પોતાના સ્વાભાવિક કર્મમાં તત્પર મનુષ્ય જે પ્રકારે કર્મ કરીને પરમ સિદ્ધિ પામે છે; તે વિધિ, ઉપાય તું સાંભળ. (૪૫)

**યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ॥૪૬॥**

**સંધિવિગ્રહ : પ્રવૃત્તિર્ભૂતાનાં** - પ્રવૃત્તિઃ + ભૂતાનાં; **સર્વમિદં** - સર્વં + ઈદં; **તમભ્યર્ચ્ય** - તં + અભ્યર્ચ્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યતઃ** - જે પરમેશ્વરથી; **ભૂતાનાં** - સર્વ પ્રાણીઓની; **પ્રવૃત્તિઃ** - ઉત્પત્તિ થઈ (અને); **યેન** - જેનાથી; **ઈદં** - આ; **સર્વં** - સમસ્ત (જગત); **તતં** - વ્યાપ્ત છે; **તમ્** - તે પરમેશ્વરની; **સ્વકર્મણા** - પોતાનાં સ્વાભાવિક કર્મો વડે; **અભ્યર્ચ્ય** - પૂજા કરીને; **માનવઃ** - મનુષ્ય; **સિદ્ધિં** - પરમ સિદ્ધિ(ને); **વિન્દતિ** - પામે છે;

**ભાવાર્થ :** જે પરમેશ્વરથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થઈ છે અને જેનાથી આ સમસ્ત જગત વ્યાપ્ત છે તે પરમેશ્વરની

પોતાનાં સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને મનુષ્ય પરમ સિદ્ધિ પામે છે. (૪૬)

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥૪૭॥**

**સંધિવિગ્રહ : શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ** - શ્રેયાન્ + સ્વધર્મઃ + વિગુણ; **પરધર્માત્સ્વનુષ્ઠિતાત્** - પરધર્માત્ + સુ + અનુષ્ઠિતાત્; **કુર્વન્નાપ્નોતિ** - કુર્વન્ + ન + આપ્નોતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સુ અનુષ્ઠિતાત્** - સારી રીતે આચરવામાં આવેલા; **પરધર્માત્** - બીજાના ધર્મ કરતાં (શ્રેષ્ઠ ધર્મ કરતાં); **વિગુણઃ** - ગુણ વિનાનો છતાં; **અપિ** - પણ; **સ્વધર્મઃ** - પોતાનો ધર્મઃ **શ્રેયાન્** - શ્રેષ્ઠ છે; (કારણ કે) **સ્વભાવનિયતં** - સ્વભાવથી નિયત થયેલું; **કર્મ** - સ્વધર્મરૂપી કર્મ; **કુર્વન્** - કરતો (મનુષ્ય); **કિલ્બિષં** - પાપ (ને); **ન આપ્નોતિ** - પામતો નથી;

**ભાવાર્થ :** સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વિનાનો છતાં પણ પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે કારણ કે સ્વભાવથી નિયત થયેલું સ્વધર્મરૂપી કર્મ કરતો મનુષ્ય પાપ માનતો નથી. (૪૭)

**સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત ।**
**સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ ॥૪૮॥**

**સંધિવિગ્રહ : સદોષમપિ** - સદોષં + અપિ; **સર્વારમ્ભા**

**હિ** - સર્વારંભાઃ + હિ; **ધૂમેનાગ્નિરિવાવૃતાઃ** - ધૂમેન + અગ્નિઃ + ઈવ + આવૃતાઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : હે કૌંતેય** - હે અર્જુન; **સદોષંઅપિ** - દોષયુક્ત હોવા છતાં પણ; **સહજં કર્મ** - સહજ કર્મને; **ન ત્યજેત્‌** - ત્યજવું ન જોઈએ; **હિ** - કારણ કે; **ધૂમેન** - ધૂમાડાથી; **અગ્નિઃ ઈવ** - અગ્નિની પેઠે; **સર્વારંભાઃ** - સર્વકર્મો (કોઈને કોઈ); **દોષેણ આવૃતાઃ** - દોષથી યુક્ત છે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! દોષયુક્ત હોવા છતાં પણ સહજ કર્મને ત્યજવું ન જોઈએ કારણ કે ધૂમાડાથી અગ્નિની પેઠે સર્વકર્મો કોઈને કોઈ દોષથી યુક્ત હોય છે. (૪૮)

**અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ ।**
**નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સંન્યાસેનાધિગચ્છતિ ॥૪૯॥**

**સંધિવિગ્રહ : સંન્યાસેનાધિગચ્છતિ** - સંન્યાસેન + અધિગચ્છતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વત્ર** - સર્વત્ર; **અસક્તબુદ્ધિઃ** - અસક્તિ રહિત બુદ્ધિ ધરાવનાર; **વિગતસ્પૃહઃ** - સ્પૃહા (આકાંક્ષા) વિનાનો (તેમજ); **જિતાત્મા** - જેણે અંતઃકરણને જીત્યું છે એવો મનુષ્ય; **સંન્યાસેન** - સાંખ્યયોગ દ્વારા; **પરમાં** - તે પરમ; **નૈષ્કર્મ્યસિદ્ધિં** - નૈષ્કર્મ્યસિદ્ધિ; **અધિગચ્છતિ** - પામે છે;

**ભાવાર્થ :** સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિ ધરાવનાર,

સ્પૃહા વિનાનો તેમજ જેણે અંતઃકરણને જીત્યું છે એવો મનુષ્ય સાંખ્યયોગ દ્વારા તે પરમ નૈષ્યર્મ્યસિદ્ધિ પામે છે. (નૈષ્કર્મ્ય - નિષ્કર્મપણું) (૪૯)

**સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાપ્નોતિ નિબોધ મે ।**
**સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥૫૦॥**

**સંધિવિગ્રહ : પ્રાપ્તો યથા** - પ્રાપ્તઃ + યથા; **તથાપ્નોતિ** - તથા + આપ્નોતિ; **સમાસેનૈવ** - સમાસેન + એવ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યા** - જે; **જ્ઞાનસ્ય** - જ્ઞાનયોગની; **પરાનિષ્ઠા** - પરાનિષ્ઠા છે; **સિદ્ધિં** - તે નૈષ્કર્મ્યસિદ્ધિને; **યથા** - જે રીતે; **પ્રાપ્તઃ** - પામીને (મનુષ્ય); **બ્રહ્મ આપ્નોતિ** - બ્રહ્મને પામે છે; **તથા** - તે પ્રકારને; **કૌંતેય** - હે કૌંતેય; **સમાસેન** - સંક્ષેપમાં; **એવ** - જ; **મે** - મારી પાસેથી; **નિબોધ** - સાંભળ (જાણ);

**ભાવાર્થ :** જે જ્ઞાનયોગની પરાનિષ્ઠા છે તે નૈષ્કર્મ્યસિદ્ધિને જે પ્રકારે પામીને મનુષ્ય બ્રહ્મને પામે છે તે પ્રકારને હે કૌંતેય ! સંક્ષેપમાં જ મારી પાસેથી સાંભળ (જાણ). (૫૦)

**બુદ્ધયા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ ।**
**શબ્દાદીન્વિષયાંસ્ત્યકત્વા રાગદ્વેષો વ્યુદસ્ય ચ ॥૫૧॥**

**વિવિકતસેવી લધ્વાશી યતવાક્કાયમાનસઃ ।**
**ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ॥૫૨॥**

**અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।**
**વિમુચ્ય નિર્મમ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે ।।૫૩।।**

**સંધિવિગ્રહ : યુક્તો ધૃત્યાત્માનં** - યુક્તઃ + ધૃત્યા + આત્માનં; **શબ્દાદીન્વિષયાંસ્ત્યકત્વા** - શબ્દાદીન્ + વિષયાન્ + ત્યકત્વા; **લઘ્વાશી** - લઘુ + આશી (**આશીન્** - ખાનાર); **યતવાક્કાયમાનસઃ** - યત્ વાક્ કાય માનસ; **ધ્યાનયોગપરો નિત્યં** - ધ્યાનયોગપરઃ + નિત્યં; **શાન્તો બ્રહ્મભૂયાય** - શાંતઃ + બ્રહ્મભૂયાય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વિશુદ્ધયા બુદ્ધયા** - વિશુદ્ધ થયેલી બુદ્ધિથી; **યુક્તઃ** - યુક્ત; (તથા) **લઘ્વાશી** - પચવામાં હલકો (ઓછો) સાત્ત્વિક અને નિયમિત ભોજન કરનાર; **શબ્દાદીન્** - શબ્દાદિ; **વિષયાન્ ત્યત્કત્વા** - વિષયોને ત્યજીને; **વિવિકતસેવી** - એકાન્ત તેમજ શુદ્ધ સ્થાનનું સેવન કરનાર; **ધૃત્વા** - સાત્ત્વિક ધારણ શક્તિ દ્વારા; **આત્માનં** - અંતઃકરણ અને ઈન્દ્રિયોને; **નિયમ્ય** - સંયમિત કરીને; **યતવાક્કાયમાનસઃ** - મન, વાણી તથા કાયાને વશમાં રાખનાર; **રાગદ્વેષૌ** - રાગ અને દ્વેષને; **વ્યુદસ્ય** - સંપૂર્ણપણે નષ્ટ કરીને; **વૈરાગ્યં** - યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો; **સમુપાશ્રિતઃ** - આશરો લેનાર; **ચ** - તથા; **અહંકાર બલં દર્પં કામં ક્રોધં** - અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ; **ચ** - અને; **પરિગ્રહં** - પરિગ્રહને; **વિમુચ્ય** - ત્યજીને; **નિત્યં** - નિરંતર; **ધ્યાનયોગપરઃ** - ધ્યાનયોગમાં પરાયણ રહેનારો;

**નિર્મમઃ** - મમત્વ વિનાનો (અને); **શાંત** - શાંત મનુષ્ય; **બ્રહ્મભૂયાય** - સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્ન ભાવે સ્થિત રહેવાને; **કલ્પતે** - પાત્ર બને છે;

**ભાવાર્થ :** વિશુદ્ધ થયેલી બુદ્ધિથી યુક્ત તથા પચવામાં હલકો-ઓછો સાત્ત્વિક અને નિયમિતપણે ભોજન કરનાર, શબ્દાદિ વિષયોને ત્યજીને, એકાન્ત તેમજ શુદ્ધ સ્થાનનું સેવન કરનાર, સાત્ત્વિક ધારણશક્તિ દ્વારા અંતઃકરણ અને ઈન્દ્રિયોને સંયમિત કરીને મન, વાણી તથા કાયાને વશમાં રાખનાર, રાગ અને દ્વેષને સંપૂર્ણપણે નષ્ટ કરીને, યોગ્ય રીતે દૃઢ વૈરાગ્યનો આશરો કરનાર તથા અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને પરિગ્રહને ત્યજીને, નિરંતર ધ્યાનયોગમાં પરાયણ રહેનાર, મમત્વ વિનાનો અને શાંત મનુષ્ય સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં અભિન્ન ભાવે સ્થિત રહેવાને પાત્ર બને છે. (૫૧, ૫૨, ૫૩)

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥૫૪॥**

**સંધિવિગ્રહ : મદ્ભક્તિં** - મત્ + ભક્તિં;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (પછી તે) **બ્રહ્મભૂતઃ** - સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં એકાત્મભાવે સ્થિત; **પ્રસન્નાત્મા** - પ્રસન્નમન યોગી; **ન શોચતિ** - ન તો (કોઈના માટે); શોક કરે છે; (કે) **ન કાંક્ષતિ** - ન તો કશાયની આકાંક્ષા કરે છે; (તેવો) **સર્વેષુ ભૂતેષુ** - સર્વ

પ્રાણીઓમાં; **સમઃ** - સમભાવ રાખનાર (યોગી); **મદ્‌ભક્તિં પરાં** - મારી પરાભક્તિને; **લભતે** - પામે છે;

**ભાવાર્થ :** પછી તે સચ્ચિદાનંદઘન બ્રહ્મમાં એકાત્મભાવે સ્થિત, પ્રસન્નચિત્ત યોગી ન તો કોઈના માટે શોક કરે છે કે ન તો કશાયની આકાંક્ષા કરે છે તેવો, સર્વ પ્રાણીઓમાં સમભાવ રાખનાર યોગી મારી પરા ભક્તિને પામે છે. (૫૪)

**ભકત્યા મામભિજાનાતિ યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥૫૫॥**

સંધિવિગ્રહ : મામભિજાનાતિ - **માં + અભિજાનાતિ;** યાવાન્યશ્ચાસ્મિ - **યાવાન્ + યઃ + ચ + અસ્મિ;** તતો માં - **તતઃ + માં;** તત્ત્વતો જ્ઞાત્વા - **તત્ત્વતઃ + જ્ઞાત્વા;**

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે) **ભકત્યા** - પરા ભક્તિ દ્વારા; (તે) **માં** - મને (પરમાત્માને); **યઃ** - જે હુ (અને); **યાવાન્** - જેવા પ્રભાવનો; **અસ્મિ** - છું; **તત્ત્વતઃ અભિજાનાતિ** - બરાબર તેવોને તેવો તત્ત્વથી જાણી લે છે (તથા); **તતઃ** - તે ભક્તિના પ્રભાવે; **મામ્** - મને; **તત્ત્વતઃ જ્ઞાત્વા** - તત્ત્વથી જાણીને; **તદન્તરં** - તરત જ; **વિશતે** - મારામાં પ્રવેશે છે;

**ભાવાર્થ :** તે પરા ભક્તિ દ્વારા તે મને પરમાત્માને જે હું અને જેવા પ્રભાવનો છું બરાબર તેવોને તેવો તત્ત્વથી જાણી લે છે તથા તે ભક્તિના પ્રભાવે મને તત્ત્વથી જાણીને તરત જ

મારામાં પ્રવેશે છે. (૫૫)

**સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્‌વ્યપાશ્રયઃ ।**
**મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥૫૬॥**

**સંધિવિગ્રહ : સર્વકર્માણ્યપિ** - સર્વકર્માણિ + અપિ; **કુર્વાણો મદ્‌વ્યપાશ્રયઃ** - કુર્વાણઃ + મદ્‌વ્યપાશ્રયઃ; **મત્પ્રસાદાદવાપ્રોતિ** - મત્પ્રસાદાત્ + અવાપ્નોતિ; **પદમવ્યયં** - પદં + અવ્યયં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મદ્‌વ્યપાશ્રયઃ** - મને પરાયણ થયેલો કર્મયોગી; **સર્વકર્માણિ** - સમસ્ત કર્મોને; **સદા** - સદા; **કુર્વાણઃ અપિ** - કરતો હોવા છતાં પણ; **મત્પ્રસાદાત્** - મારી કૃપાથી; **શાશ્વતં અવ્યયં** - સનાતન અવિનાશી; **પદં** - પરમ પદ; **અવાપ્નોતિ** - પામે છે;

**ભાવાર્થ :** મને પરાયણ થયેલો કર્મયોગી સમસ્ત કર્મોને સદા કરતો હોવા છતાં પણ મારી કૃપાથી સનાતન અવિનાશી પરમ પદને પામે છે. (૫૬)

**ચેતસા સર્વકર્માણિ મયિ સંન્યસ્ય મત્પરઃ ।**
**બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિત્તઃ સતતં ભવ ॥૫૭॥**

**સંધિવિગ્રહ : બુદ્ધિયોગમુપાશ્રિત્ય** - બુદ્ધિયોગં + ઉપાશ્રિત્ય;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે પ્રમાણે) **સર્વકર્માણિ** - સર્વ

કર્મોને; **ચેતસા** - મનથી; **મયિ** - (મને) મારામાં; **સંન્યસ્ય** - અર્પણ કરીને; (તથા) **બુદ્ધિયોગં** - સમ બુદ્ધિરૂપી યોગને; **ઉપાશ્રિત્ય** - આશ્રયે રહીને; **મત્પરઃ** - (તુ) મને પરાયણ થઈને (અને); **સતતં** - નિરંતર; **મચ્ચિત્તઃ ભવ** - મારામાં ચિત્ત પરોવનાર થા;

**ભાવાર્થ :** તે પ્રમાણે સર્વ કર્મોને મનથી મને અર્પણ કરીને તથા સમબુદ્ધિરૂપી યોગને આશ્રયે રહીને તું મને પરાયણ થઈને અને નિરંતર મારામાં ચિત્ત પરોવનાર થા. (૫૭)

**મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્તરિષ્યસિ ।**
**અથ ચેત્ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનઙ્‌ક્ષ્યસિ ॥૫૮॥**

**સંધિવિગ્રહ : મત્પ્રસાદાત્તરિષ્યસિ** - મત્પ્રસાદાત્‌ + તરિષ્યસિ; **ચેત્ત્વમહંકારાન્ન** - ચેત્‌ + ત્વં + અહંકારાત્‌ + ન;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તે પ્રકારે) **મચ્ચિત્તઃ** - મારામાં ચિત્ત પરોવનાર; **ત્વં** - તું; **મત્પ્રસાદાત્‌** - મારી કૃપાથી; **સર્વદુર્ગાણિ** - સકલ સંકટોને (વિના પ્રયાસે જ); **તરિષ્યસિ** - પાર કરી જશે; **અથ** - અને; **ચેત્‌** - જો; **અહંકારાત્‌** - અહંકારને લીધે; (મારા વચનો); **ન શ્રોષ્યસિ** - નહીં સાંભળે (તો); **વિનઙ્‌ક્ષ્યસિ** - નાશ પામીશ (પરમાર્થથી ભ્રષ્ટ થઈશ);

**ભાવાર્થ :** તે પ્રકારે મારામાં ચિત્ત પરોવનાર થઈ તું મારી કૃપાથી સકલ સંકટોને પાર કરી જશે અને જો અહંકારથી

મારાં વચનો નહીં સાંભળે તો નાશ પામીશ (પરમાર્થથી ભ્રષ્ટ થઈશ). (૫૮)

**યદહંકારમાશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે ।**
**મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ॥૫૯॥**

**સંધિવિગ્રહ : યદહંકારમાશ્રિત્ય** - યત્ + અહંકારં + આશ્રિત્ય; **યોત્સ્ય ઈતિ** - યોત્સ્યે + ઈતિ; **મિથ્યૈષ વ્યવસાયસ્તે** - મિથ્યા + એષઃ + વ્યવસાયઃ + તે; **પ્રકૃતિસ્ત્વાં** - પ્રકૃતિઃ + ત્વાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યત્** - જે (જો) (તું); **અહંકારં આશ્રિત્ય** - અહંકારનો આશરો લઈને; **ઈતિ** - એમ; **મન્યસે** - માનતો હોય કે; **ન યોત્સ્યે** - હું યુદ્ધ નહીં કરું; (તો) **એષઃ વ્યવસાયઃ** - (તારો) આ નિશ્ચય; **મિથ્યા** - મિથ્યા છે; (કારણ કે); (તારો) **પ્રકૃતિઃ** - સ્વભાવ (જ); **ત્વાં** - તને; **નિયોક્ષ્યતિ** - (બળજબરીથી) યુદ્ધમાં પ્રવૃત્ત કરશે;

**ભાવાર્થ :** જો તું અહંકારનો આશરો લઈને એમ માનતો હોય કે 'હું યુદ્ધ નહીં કરું' તો આ તારો નિશ્ચય મિથ્યા છે કારણ કે તારો સ્વભાવ જ તને બળજબરીથી યુદ્ધમાં પ્રવૃત્ત કરશે. (૫૯)

**સ્વભાવજેન કૌન્તેય નિબદ્ધઃ સ્વેન કર્મણા ।**
**કર્તું નેચ્છસિ યન્મોહાત્કરિષ્યસ્યવશોઽપિ તત્ ॥૬૦॥**

**સંધિવિગ્રહ : નેચ્છસિ** - ન + ઈચ્છસિ;

**યન્મોહાત્કરિષ્યસ્યવશોઽપિ** - યત્ + મોહાત્ + કરિષ્યસિ + અવશઃ + અપિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌન્તેય** - હે કૌંતેય; **યત્** - જે (કર્મને તું); **મોહાત્** - મોહને લીધે; **કર્તું** - કરવા; **ન ઈચ્છસિ** - નથી ઈચ્છતો; **તત્** - એને; **અપિ** - પણ; **સ્વેન** – પોતાના; **સ્વભાવજેન** - સ્વાભાવિક; **કર્મણા** - કર્મથી; **નિબદ્ધઃ** - બંધાયેલો; **અવશઃ** - પરવશ થઈને; **કરિષ્યસિ** - કરશે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! જે કર્મને તું મોહને લીધે કરવા નથી ઈચ્છતો એને પણ પોતાના સ્વાભાવિક કર્મથી બંધાયેલો પરવશ થઈને કરશે. (૬૦)

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।**
**ભ્રામયન્સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥૬૧॥**

**સંધિવિગ્રહ : હૃદ્દેશેઽર્જુન** - હૃદ્ + દેશે + અર્જુન; **ભ્રામયન્સર્વભૂતાનિ** - ભ્રામયન્ + સર્વભૂતાનિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : કૌંતેય** - હે કૌંતેય; **યન્ત્રારૂઢાનિ** - શરીરરૂપી યંત્ર પર આરૂઢ થયેલા; **સર્વભૂતાનિ** - સર્વ પ્રાણીઓને; **ઈશ્વરઃ માયયા** - અંતર્યામી પરમેશ્વર પોતાની માયાથી; (તેમના કર્મો પ્રમાણે); **ભ્રામયન્** - ભ્રમણ કરાવતા; **સર્વ ભૂતાનાં** - સર્વ પ્રાણીઓનાં; **હૃદ્દેશે** - હૃદયમાં; **તિષ્ઠતિ** - સ્થિત છે;

**ભાવાર્થ :** હે કૌંતેય ! શરીરરૂપી યંત્ર પર આરૂઢ થયેલાં

સર્વ પ્રાણીઓને પોતાની માયાથી તેમનાં કર્મો પ્રમાણે ભ્રમણ કરાવતા અંતર્યામી પરમેશ્વર સર્વ પ્રાણીઓનાં હૃદયમાં રહેલો છે. (૬૧)

**તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ।**
**તત્પ્રસાદાત્પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ॥૬૨॥**

**સંધિવિગ્રહ : તમેવ** - તમ્ + એવ; **તત્પ્રસાદાત્પરાં** - તત્ + પ્રસાદાત્ + પરાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ભારત** - હે અર્જુન; (તું) **સર્વભાવેન** - સર્વ પ્રકારે; **તમ્ એવ** - તે પરમેશ્વરના જ; **શરણં ગચ્છ** - શરણે જા; **તત્ પ્રસાદાત્** - તે પરમાત્માની કૃપાથી (જ તું); **પરાં શાંતિં** - પરમ શાંતિને (તથા) **શાશ્વતં સ્થાનં** - શાશ્વત પરમ ધામને; **પ્રાપ્સ્યસિ** - પામીશ;

**ભાવાર્થ :** હે અર્જુન ! તું સર્વ પ્રકારે તે પરમેશ્વરના જ શરણે જા; તે પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત પરમ ધામને પામીશ. (૬૨)

**ઈતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્ગુહ્યતરં મયા ।**
**વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ ॥૬૩॥**

**સંધિવિગ્રહ : જ્ઞાનમાખ્યાતં** - જ્ઞાનં + આખ્યાતં; **ગુહ્યાદ્ગુહ્યતરં** - ગુહ્યાત્ + ગુહ્યતરં; **વિમૃશ્યૈતદશેષેણ** -

વિમૃશ્ય + એતત્ + અશેષેણ; **યથેચ્છસિ** - યથા + ઇચ્છસિ; (**ગોપનીય** - ગુપ્ત રાખવા જેવું)

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈતિ** - આમ; (આ) **ગુહ્યાત્ ગુહ્યતરં** - ગોપનીયથીયે વધારે ગોપનીય; **જ્ઞાનં** - જ્ઞાન; **મયા** - મેં; **તે** - તને; **આખ્યાતં** - કહ્યું (હવે તું); **એતત્** - આ રહસ્યમય જ્ઞાનને; **એશેષણ** - સંપૂર્ણપણે; **વિમૃશ્ય** - યોગ્ય રીતે વિચારીને; **યથા ઈચ્છસિ** - જેમ ઈચ્છે; **તથા કુરુ** - તેમ જ કર;

**ભાવાર્થ :** આમ આ ગોપનીયથી યે વધારે ગોપનીય ક્ષાન મેં તને કહ્યું, હવે તું આ રહસ્યમય જ્ઞાનને સંપૂર્ણપણે યોગ્ય રીતે વિચારીને જેમ ઇચ્છે તેમ જ કર. (૬૩)

**સર્વગુહ્યતમં ભૂયઃ શ્રૃણુ મે પરમં વચઃ ।**
**ઈષ્ટોડસિ મે દઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્ ॥૬૪॥**

**સંધિવિગ્રહ : ઈષ્ટોડસિ** - ઈષ્ટઃ + અસિ; **દઢમતિ** - દઢં + ઈતિ; **તતોવક્ષ્યામિ** - તતઃ + વક્ષ્યામિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : સર્વગુહ્યતમં** - સઘળાં ગોપનીય વચનોથીય અતિ ગોપનીય; **મે** - મારાં; **પરમં** - પરમ રહસ્યમય; **વચઃ** - વચનને; **ભૂયઃ** - હજીપણ; **શ્રૃણુ** - તું સાંભળ; (તું) **મે** - મારો; **દઁઢ** - અતિશય; **ઈષ્ટઃ અસિ** - પ્રિય છે; **તતઃ** - તેથી; **ઈતિ** - આ; **હિતં** - પરમ હિતકારી વચન; **તે** - તને; **વક્ષ્યામિ** - કહીશ;

**ભાવાર્થ :** સઘળાં ગોપનીય વચનોથીય અતિ ગોપનીય મારાં પરમ રહસ્યમય વચનને હજી પણ તું સાંભળ; તું મારો અતિશય પ્રિય છે તેથી આ પરમ હિતકારી વચન તને કહીશ. (૬૪)

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે ॥૬૫॥**

**સંધિવિગ્રહ : મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી** - મન્મનાઃ + મદ્ભક્તઃ + મત્ + યાજી; **મામેવૈષ્યસિ** - મામ્ + એવ + એષ્યસિ; **પ્રિયોઽસિ** - પ્રિયઃ + અસિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે અર્જુન); (તું) **મન્મનાઃ** - મારામાં મનવાળો જ; **ભવ** - થા; **મદ્ભક્તઃ** - મારો ભક્ત થઈ જા; **મદ્યાજી** - મારું પૂજન કર; **માં નમસ્કુરુ** - મને પ્રણામ કર; **એવ** - આમ કરવાથી; **મામ્ એવ** - મને જ; **એષ્યસિ** - પામીશ; **તે** - તારી સામે; **સત્યં પ્રતિજાને** - સત્ય પ્રતિજ્ઞા કરું છું; (કારણ કે); તું; **મે** - મારો, મને; **પ્રિયઃઅસિ** - અતિ પ્રિય છે;

**ભાવાર્થ :** હે અર્જુન ! તું મારામાં જ મનવાળો થા, મારો ભક્ત થઈ જા, મારું પૂજન કર, મને પ્રણામ કર, આમ કરવાથી તું મને જ પામીશ – તારી સામે આ સત્ય પ્રતિજ્ઞા કરું છું કારણ કે તું મારો અતિ પ્રિય છે. (૬૫)

**સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥૬૬॥**

**સંધિવિગ્રહ : સર્વધર્માન્પરિત્યજ્ય** - સર્વધર્માન્ + પરિત્યજ્ય; **મામેકં** - મામ્ + એકં; **સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ** - સર્વપાપેભ્યઃ + મોક્ષયિષ્યામિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (તેથી) **સર્વધર્માન્** - સર્વ ધર્મો (કર્તવ્ય કર્મો)ને (મારામાં); **પરિત્યજ્ય** - ત્યજીને (તું કેવળ); **એકં** - એક માત્ર; **મામ્** - મને સર્વશક્તિમાન સર્વાધાર પરમેશ્વરના જ; **શરણં વ્રજ** - શરણે જા (આવ); **અહં** - હું; **ત્વા** - તને; **સર્વપાપેભ્યઃ** - સર્વ પાપોમાંથી; **મોક્ષયિષ્યામિ** - મુક્ત કરીશ; (તું) **મા શુચઃ** - શોક કર મા;

**ભાવાર્થ :** સર્વ ધર્મોને મારામાં ત્યજીને તું કેવળ એક માત્ર મને સર્વશક્તિમાન, સર્વાધાર પરમેશ્વરને જ શરણે આવ, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ, તું શોક કર મા. (૬૬)

**ઈદં તે નાતપસ્કાય નાભકતાય કદાચન ।**
**ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોડભ્યસૂયતિ ॥૬૭॥**

**સંધિવિગ્રહ : નાતપસ્કાય** - ન + અતપસ્કાય; **નાભકતાય** - ન + અભક્તાય; **ચાશુશ્રૂષવે** - ચ + અશુશ્રૂષવે; **યોડભ્યસૂયતિ** - યઃ + અભ્યસૂયતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : તે** - તારે; **ઈદં** - આ ગીતારૂપી રહસ્યમય ઉપદેશ; **કદાચન** - કોઈપણ કાળે; **ન** - ન (તો); **અતપસ્કાય** - તપરહિત માણસને; **વાચ્યં** - કહેવો; **ન**

**અભકતાય** - ન તો ભક્તિરહિતને; **ચ** - અને; **ન** - ન તો; **અશુશ્રૂષવે** - સાંભળવા ન ઈચ્છતા માણસને કહેવો; **ચ** - અને; **યઃ** - જે; **માં** - મારામાં; **અભ્યસૂયતિ** - દોષદૃષ્ટિ રાખે છે; **ન** - તેને તો કદીયે ન કહેવો ?

**ભાવાર્થ :** તારે આ ગીતારૂપી રહસ્યમય ઉપદેશ કોઈપણ કાળે ન તો તપરહિત માણસને, ભક્તિરહિતને અને ન તો સાંભળવા ન ઈચ્છતા માણસને કહેવો; અને જે મારામાં દોષદૃષ્ટિ રાખે છે તેને તો કદીયે ન કહેવો. (૬૭)

**ય ઈમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।**
**ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્વત્યસંશયઃ ॥૬૮॥**

**સંધિવિગ્રહ : ય ઈમં** - યઃ + ઈમં; **મદ્ભકતેષ્વભિધાસ્યતિ** - મદ્ભક્તેષુ + અભિધાસ્યતિ; **મામેવૈષ્વત્યસંશયઃ** - મામ્ + એવ + એષ્યતિ + અસંશય;

**શબ્દાર્થ, અન્વયાર્થ : જે** - મનુષ્ય; **મયિ** - મારામાં; **પરાં ભક્તિં** - પરમ પ્રેમ; **કૃત્વા** - રાખીને; **ઈમં** - આ; **પરમં ગુહ્યં** - પરમ રહસ્યમય (**ગીતાશાસ્ત્રને** - ગીતાના ઉપદેશને); **મદ્ભક્તેષુ** - મારા ભક્તોમાં; **અભિધાસ્યતિ** - કહી સંભળાવશે (તે); **મામ્** - મને; **એવ** - જ; **એષ્યતિ** - પામશે; **અસંશયઃ** - તેમાં કોઈ સંદેહ નથી;

**ભાવાર્થ :** જે મનુષ્ય મારામાં પરમ પ્રેમ રાખીને આ

પરમ રહસ્યમય (ગીતાના ઉપદેશને) મારા ભક્તોમાં કહી સંભળાવશે તે મને જ પામશે તેમાં કોઈ સંદેહ નથી. (૬૮)

**ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ ।**
**ભવિતા ન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિ ॥૬૯॥**

**સંધિવિગ્રહ : તસ્માન્મનુષ્યેષુ** - તસ્માત્ + મનુષ્યેષુ; **કશ્ચિન્મે** - કશ્ચિત્ + મે; **તસ્માદન્યઃ** - તસ્માત્ + અન્યઃ; **પ્રિયતરોભુવિ** - પ્રિયતરઃ + ભુવિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : મનુષ્યેષુ** - મનુષ્યોમાં; **તસ્માત્** - તેનાથી વધીને; **મે** - મારું; **પ્રિયકૃતમઃ** - પ્રિય કાર્ય કરનારો; **કશ્ચિત્** - કોઈ; **ચ** - પણ; **ન** - નથી; **ચ** - તથા; **ભુવિ** - પૃથ્વી પર; **તસ્માત્** - તેનાથી વધીને; **મે** - મારો; **પ્રિયતરઃ** - પ્રિય; **અન્યઃ** - બીજો કોઈ; **ભવિતા ન** - ભવિષ્યમાં પણ થશે નહીં;

**ભાવાર્થ :** મનુષ્યોમાં તેનાથી વધીને મારું પ્રિય કાર્ય કરનારો કોઈ પણ નથી તથા પૃથ્વી પર તેનાથી વધીને મારો પ્રિય બીજો કોઈ ભવિષ્યમાં પણ થશે નહીં. (૬૯)

**અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદમાવયોઃ ।**
**જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥૭૦॥**

**સંધિવિગ્રહ : ય ઈમં** - યઃ + ઈમં; **સંવાદમાવયોઃ** - સંવાદં + આવયો; **તેનામિષ્ટઃ** - તેન + અહં + ઈષ્ટ; **સ્યામિતિ** -

સ્યામ્ + ઈતિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ** - જે મનુષ્ય; **ઈમં** - આ; **ધર્મ્યં** - ધર્મમય; **આવયોઃ** - આપણા બેના; **સંવાદં** - સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું; **અધ્યેષ્યતે** - અધ્યયન કરશે; **તેન** - તેના દ્વારા; **ચ** - પણ; **અહં** - હું; **જ્ઞાનયજ્ઞેન** - જ્ઞાનયજ્ઞથી; **ઈષ્ટઃ** - પૂજાયેલો; **સ્યામ્** - થઈશ; **ઈતિ** - એવો; **મે** - મારો; **મત** - મત છે;

**ભાવાર્થ :** જે મનુષ્ય આ ધર્મમય, આપણા બેના સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું અધ્યયન કરશે તેના દ્વારા પણ હું જ્ઞાનયજ્ઞથી પૂજાયેલો થઈશ એવો મારો મત છે. (૭૦)

**શ્રદ્ધાવાનનસૂયશ્ચ શ્રુણુયાદપિ યો નરઃ।**
**સોઽપિ મુક્તઃ શુભાંલ્લોકાન્પ્રાપ્નુયાત્પુણ્ય-કર્મણામ્ ॥૭૧॥**

**સંધિવિગ્રહ : શ્રદ્ધાવાનનસૂયશ્ચ** - શ્રદ્ધાવાન્ + અનસૂયઃ + ચ; **શ્રુણુયાદપિ** - શ્રુણુયાત્ + અપિ; **યો નર** - યઃ + નરઃ; **સોઽપિ** - સઃ + અપિ; **શુભાંલ્લોકાન્પ્રાપ્નુયા-ત્પુણ્યકર્મણામ્** - શુભાન્ + લોકાન્ + પ્રાપ્નુયાત્ + પુણ્યકર્મણાં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : યઃ નરઃ** - જે મનુષ્ય; **શ્રદ્ધાવાન્** - શ્રદ્ધાયુક્ત; **ચ** - અને; **અનસૂયઃ** - દોષ દૃષ્ટિ વિનાનો થઈને (આ ગીતાશાસ્ત્રનું); **શ્રુણુયાત્ અપિ** - શ્રવણ પણ કરશે; **સઃ અપિ** - તે પણ; (પાપોથી); **મુક્તઃ** - મુક્ત થઈને; **પુણ્યકર્મણાં** - ઉત્તમ કર્મ કરનારાઓનાં; **શુભાન્** - શ્રેષ્ઠ; **લોકાન્** - લોકને;

**પ્રાપ્નુયાત્** - પામશે;

**ભાવાર્થ :** જે મનુષ્ય શ્રદ્ધાયુક્ત અને દોષદૃષ્ટિ વિનાનો થઈને આ ગીતાશાસ્ત્રનું શ્રવણ પણ કરશે તે પણ પાપોથી મુક્ત થઈને ઉત્તમ કર્મ કરનારાઓના શ્રેષ્ઠ લોકને પામશે. (૭૧)

**કચ્ચિદેતચ્છ્રુતં પાર્થ ત્વયૈકાગ્રેણ ચેતસા ।**
**કચ્ચિદજ્ઞાનસમ્મોહઃ પ્રનષ્ટસ્તે ધનંજય ॥૭૨॥**

**સંધિવિગ્રહ : કચ્ચિદેતચ્છ્રુતં** - કસ્ચિત્ + એતત્ + શ્રુતં; **ત્વયૈકાગ્રેણ** - ત્વયા + એકાગ્રેણ; **કચ્ચિદજ્ઞાનસમ્મોહઃ** - કચ્ચિત્ + અજ્ઞાનસંમોહઃ; **પ્રનષ્ટસ્તે** - પ્રનષ્ટઃ + તે;

**શબ્દાર્થ, અન્વયાર્થ : પાર્થ** - હે પાર્થ ! **કચ્ચિત્** - શું; **એતત્** - આ ગીતાશાસ્ત્રને; **ત્વયા** - તે; **એકાગ્રેણ ચેતસા** - એકાગ્ર ચિત્તથી; **શ્રુતં** - સાંભળ્યું (અને); **ધનંજય** - હે ધનંજય; **કચ્ચિત્** - શું; **તે** - તારો; **અજ્ઞાનસંમોહઃ** - અજ્ઞાનમાંથી ઉપજેલો મોહ; **પ્રનષ્ટઃ** - નાશ પામ્યો;

**ભાવાર્થ :** હે પાર્થ ! શું આ ગીતાશાસ્ત્રને તેં એકાગ્ર ચિત્તથી સાંભળ્યું અને હે ધનંજય ! શું તારો અજ્ઞાનમાંથી ઉપજેલો મોહ નાશ પામ્યો ? (૭૨)

**અર્જુન ઉવાચ ।** અર્જુનઃ + ઉવાચ । અર્જુન બોલ્યા ।

**નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।**
**સ્થિતોડસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥૭૩॥**

**સંધિવિગ્રહ : નષ્ટો મોહઃ** - નષ્ટઃ + મોહ; **સ્મૃતિર્લબ્ધા** - સ્મૃતિઃ + લબ્ધા; **ત્વત્પ્રસાદાન્મયાચ્યુત** - ત્વત્ + પ્રસાદાત્ + મયા + અચ્યુત; **સ્થિતોઽસ્મિ** - સ્થિતઃ + અસ્મિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : અચ્યુત** - હે અચ્યુત; **ત્વત્ પ્રસાદાત્** - આપની કૃપાથી; (મારો); **મોહઃ નષ્ટઃ** - મોહ નાશ પામ્યો છે; **મયા** - મે; **સ્મૃતિઃ** - સ્મૃતિ; **લબ્ધા** - મેળવી છે; (હવે હું) **ગતસંદેહઃ** - સંશયરહિત થઈને; **સ્થિતઃ અસ્મિ** - સ્થિત છું; (તેથી) **તે** - આપની; **વચનં** - આજ્ઞાનું; **કરિષ્યે** - પાલન કરીશ;

**ભાવાર્થ :** હે અચ્યુત ! આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, મેં સ્મૃતિ મેળવી છે હવે હું સંશયરહિત થઈને સ્થિત છું; તેથી આપની આજ્ઞાનું પાલન કરીશ. (૭૩)

**સંજય ઉવાચ ।** સંજયઃ + ઉવાચ । સંજય બોલ્યા ।

**ઈત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।**
**સંવાદમિમમશ્રોષમદ્ભુતં રોમહર્ષણમ્ ॥૭૪॥**

**સંધિવિગ્રહ : ઈત્યહં** - ઈતિ + અહં; **સંવાદમિમમશ્રોષમદ્ભુતં** - સંવાદં + ઈમં + અશ્રોષં + અદ્ભુતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : ઈતિ** - આમ; **અહં** - મેં; **વાસુદેવસ્ય** - શ્રીવાસુદેવ; **ચ** - અને; **મહાત્મનઃ** - મહાત્મા; **અર્જુનસ્ય** - અર્જુનનાં; **ઈમં** - આ; **અદ્ભુતં** - રહસ્યમય; **રોમહર્ષણં** - રોમાંચકારક; **સંવાદં** - સંવાદ; **અશ્રૌષમ્** - સાંભળ્યો;

**ભાવાર્થ :** આમ મેં શ્રીવાસુદેવ અને મહાત્મા અર્જુનનો આ અદ્ભુતં રહસ્યમય અને રોમાંચકારક સંવાદ સાંભળ્યો. (૭૪)

**વ્યાસપ્રસાદાચ્છ્રૃતવાનેતદ્ગુહ્યમહં પરમ્ ।**
**યોગં યોગેશ્વરાત્કૃષ્ણાત્સાક્ષાત્કથયતઃ સ્વયમ્ ॥૭૫॥**

**સંધિવિગ્રહ : વ્યાસપ્રસાદાચ્છ્રુવાનેતદ્ગુહ્યમહં** - વ્યાસપ્રસાદાત્ + શ્રુતવાન્ + એતત્ + ગુહ્યં + અહં; **યોગેશ્વરાત્કૃષ્ણાત્સાક્ષાત્કથયતઃ** - યોગેશ્વરાત્ + કૃષ્ણાત્ + સાક્ષાત્ + કથયતઃ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : વ્યાસપ્રસાદાત્** - શ્રી વ્યાસજીની કૃપાથી; (દિવ્ય દૃષ્ટિ પામીને); **અહં** - મેં; **એતત્** - આ; **પરં** - પરમ; **ગુહ્યં** - ગોપનીય; **યોગં** - યોગને; (અર્જુન પ્રત્યે); **કથયતઃ** - કહેતા; **સ્વયં** - સ્વયં; **યોગેશ્વરાત્** - યોગેશ્વર; **કૃષ્ણાત્** - ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી; **સાક્ષાત્** - પ્રત્યક્ષ; **શ્રુતવાન્** - સાંભળ્યો છે;

**ભાવાર્થ :** શ્રીવ્યાસજીની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પામીને મેં આ પરમ ગોપનીય યોગને અર્જુન પ્રત્યે કહેતા સ્વયં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી પ્રત્યક્ષ સાંભળ્યો છે. (૭૫)

**રાજન્યસંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિમમદ્ભુતમ્ ।**
**કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥૭૬॥**

**સંધિવિગ્રહ : રાજન્યસંસ્મૃત્ય** - રાજન્ + સંસ્મૃત્ય; **સંવાદમિમમદ્ભુતમ્** - સંવાદં + ઈમં + અદ્ભુતં;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રાજન્** - હે રાજા ! **કેશવાર્જુનયોઃ** ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનાં; **ઈમં** - આ (રહસ્યમય); **પુણ્યં** - કલ્યાણકારક; **ચ** - અને; **અદ્ભુતં** - અદ્ભુત; **સંવાદં** - સંવાદને; **સંસ્મૃત્ય સંસ્મૃત્ય** - (વારંવાર) સ્મરણ કરીને કરીને; **મુહુર્મુહુઃ** - વારંવાર; **હૃષ્યામિ** - હરખાઉં છું;

**ભાવાર્થ :** હે રાજા ! ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનાં આ રહસ્યમય, કલ્યાણકારક અને અદ્ભુત સંવાદને સ્મરણ કરીને હું વારંવાર હરખાઉં છું. (૭૬)

**તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમત્યભ્દુતં હરેઃ ।**
**વિસ્મયો મે મહાન્ રાજન્હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥૭૭॥**

**સંધિવિગ્રહ : તચ્ચ** - તત્ + ચ; **રૂપમત્યદ્ભુતં** - રૂપં + અતિ + અદ્ભુતં; **વિસ્મયો મે** - વિસ્મયઃ મે; **રાજન્હષ્યામિ** - રાજન્ + હૃષ્યામિ;

**શબ્દાર્થ, અન્વયાર્થ : રાજન્** - હે રાજા; **હરેઃ** - શ્રી હરિના; **તત્** - તે; **અતિ અદ્ભુતં** - અત્યંત અદ્ભુત; **રૂપં** - રૂપનું; **ચ** - પણ; **સંસ્મૃત્ય સંસ્મૃત્ય** - વારંવાર સ્મરણ કરીને; **મેં** - મારા; (ચિત્તમાં); **મહાન્ વિસ્મયઃ** - ખૂબ જ આશ્ચર્ય થાય છે; **ચ** - અને; (હું); **પુનઃપુનઃ** - વારંવાર; **હૃષ્યામિ** - હરખાઉં છું;

**ભાવાર્થ :** હે રાજા ! શ્રી હરિના અત્યંત અદ્ભુત રૂપનું પણ વારંવાર સ્મરણ કરીને મારા ચિત્તમાં ખૂબ જ આશ્ચર્ય

થાય છે અને હું વારંવાર હરખાઉં છું; (૭૭)

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥૭૮॥**

**સંધિવિગ્રહ : કૃષ્ણો યત્ર** - કૃષ્ણઃ + યત્ર; **પાર્થો ધનુર્ધરઃ** - પાર્થઃ + ધનુર્ધરઃ; **શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા** - શ્રીઃ + વિજયઃ + ભૂતિઃ + ધ્રુવા; **નીતિર્મતિર્મમ** - નીતિઃ + મતિઃ + મમ;

**શબ્દાર્થ, અન્વયાર્થ :** (હે રાજા) **યત્ર** - જ્યાં; **યોગેશ્વરઃ** - યોગેશ્વર; **કૃષ્ણઃ** - ભગવાન શ્રીકૃષ્ણ છે; (અને) **યત્ર** - જ્યાં; **ધનુર્ધરઃ** - ગાંડીવ ધનુષ્યધારી અર્જુન છે; **તત્ર** - ત્યાં; **શ્રીઃ** - (જ) શ્રી; **વિજયઃ** - વિજય; **ભૂતિઃ** - વિભૂતિ (અને); **ધ્રુવા** - દૃઢ (અચળ); **નીતિઃ** - નીતિ છે; (એવો) **મમ** - મારો; **મતિઃ** - મત છે;

**ભાવાર્થ :** જ્યાં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે અને જ્યાં ગાંડીવ ધનુષ્યધારી અર્જુન છે ત્યા શ્રી, વિજય, વિભૂતિ તેમજ અચળ નીતિ છે એવો મારો મત છે. (૭૮)

**ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ**
**બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે**
**મોક્ષસંન્યાસયોગો નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥**

**॥ મોક્ષસંન્યાસયોગ નામનો અઢારમો અધ્યાય સમાપ્ત ॥**




Shrinathdham
Maryland - D.C - U.S.A
Vaishnav Sangh Academy
Vrajdham Haveli - Florida
Shrinathdham
London - UK
Vrajdham Haveli
Leicester - UK
Shree Vallabhdham Haveli
Nairobi - Kenya
Bhaktidham Haveli
Ahmedabad - India
Nathdwara Haveli
Melbourne - Australia
Shrinathdham
Haveli Perth
Vallabhdham
Haveli
Adelaide
Krishnadham Haveli
West Melbourne
Vraj Haveli
Sydney
International Vaishnav Sangh
Global Headquarters
Founder: Vaishnavacharya Shri Dwarkeshlalji Mahoday Shri (Kadi - Amd)



# વૈષ્ણવાચાર્ય શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રી

-: સંસ્થાપક :-

## આંતરરાષ્ટ્રીય વૈષ્ણવસંઘ